
# પ્રવચન સુધા

ભાગ-૧૧



ॐ

શ્રી વીતરાગાય નમઃ

# પ્રવચન સુધા

(ભાગ-૧૧)

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના 'પ્રવચનસાર'

ઉપરના પ્રવચનો

(પંચ રત્ન ગાથા તથા પરિશિષ્ટ)

પ્રકાશક

વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

ભાવનગર

**પ્રાપ્તિ સ્થાન**

**વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
૫૮૦, જૂની માણેકવાડી,
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭


**શ્રી પંકજભાઈ પ્રાણભાઈ કામદાર**
૩૨, કહાનનગર
૨૭૧/૨૯૧ એન. સી. કેલકર રોડ
દાદર (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૨૮
ફોન : (૦૨૨) ૨૪૩૦૭૪૮૯

**શ્રી કુંદકુંદ કહાન જૈન સાહિત્ય કેન્દ્ર,**
**ગુરુ ગૌરવ, સોનગઢ**
**ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧**
**ડોલરભાઈ હેમાણી (કલકત્તા) : (૦૩૩) ૨૪૭૫૨૬૯૭**
**અમી અગ્રવાલ (અમદાવાદ) : (૦૭૯) R-૨૫૪૫૦૪૯૨, ૯૩૭૭૧૪૮૯૬૩**
**શ્રી આદિનાથ કુંદકુંદ કહાન દિગંબર જૈન ટ્રસ્ટ**
'વિમલાંચલ' હરિનગર, અલીગઢ.
ફોન : (૦૫૭૧) ૪૧૦૦૧૦/૧૧/૧૨

**પ્રથમાવૃત્તિ : ૧૭-૧૨-૨૦૦૭ (પૂજ્ય ભાઈશ્રીની ૭૫મી જન્મજયંતિ)**
**પ્રત : ૭૫૦**
**પૃષ્ઠ સંખ્યા : ૩૮૪ + ૮ = ૩૯૨**
**પડતર કિંમત : ૧૧૦/-**
**મૂલ્ય : ૨૦/-**

**લેસર ટાઈપ સેટિંગ :**
**પૂજા ઇમ્પ્રેશન્સ**
**પ્લોટ નં. ૧૯૨૪/B**
**૬, શાંતિનાથ બંગલોઝ,**
**શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે**
**ભાવનગર-૩૬૪૦૦૧**
**ફોન : (૦૨૭૮) ૨૫૬૧૭૪૯**

**મુદ્રક :**
**ભગવતી ઑફસેટ**
**૧૫/C, બંસીધર મિલ કંપાઉન્ડ**
**બારડોલપુરા,**
**અમદાવાદ-૩૮૦૦૦૪**
**ફોન : ૯૮૨૫૩૨૬૨૦૨**



# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

**(હરિગીત)**

સંસાર સાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુકહાન તું નાવિક મળ્યો.

**(અનુષ્ટુપ)**

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

**(શિખરિણી)**

સદા દ્રષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઇ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઇ ન મળે.

**(શાર્દૂલવિક્રીડિત)**

હૈયું 'સત્ સત્ જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
-રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

**(વસંત તિલકા)**

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું,
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

**(સ્ત્રગ્ધરા)**

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું-મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

# પ્રસ્તાવના

શ્રીમદ્ ભગવત્ કુંદકુંદઆચાર્યદેવ પ્રણીત પંચ પરમાગમોમાં 'પ્રવચનસાર' શાસ્ત્ર 'દ્વિતીય શ્રુતસ્કંધ'નાં સર્વોત્કૃષ્ટ આગમોમાંનું એક છે. ભગવાન કુંદકુંદઆચાર્યના મહિમા દર્શાવતાં અનેક શીલાલેખો આજે પણ મોજૂદ છે. તેમનાં લખેલાં શાસ્ત્રો સાક્ષાત્ ગણધરદેવનાં વચનો જેટલાં જ પ્રમાણભૂત મનાય છે.

મહાવિદેહક્ષેત્રમાં વિદ્યમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમ દેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની પ્રત્યક્ષ દિવ્ય દેશના સાંભળી ભરતમાં આવીને ભગવાન કુંદકુંદઆચાર્યદેવે અનેક શાસ્ત્રોની રચના કરી છે. જિનશાસનના અનેક મુખ્ય સિદ્ધાંતોનાં બીજ આ 'પ્રવચનસાર' શાસ્ત્રમાં રહેલાં છે. પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ શાસ્ત્રના પ્રવચનોમાં ફરમાવે છે – 'પ્ર + વચન + સાર. પ્ર નામ દિવ્યવચનો. જે દિવ્યધ્વનિ – ત્રણલોકના નાથ પરમાત્માની દિવ્યધ્વનિ – જે ૐ ધ્વનિ – તે અહીંયા કહે છે.' અતઃ આ 'પ્રવચનસાર' ગ્રંથ છે એ ભગવાન શ્રી સીમંધરસ્વામીના દિવ્ય સંદેશા જ છે. ત્રણ વિભાગમાં વિભાજીત થયેલ આ ગ્રંથમાં વસ્તુ સ્વરૂપને સમજાવતાં મૂળભૂત સિદ્ધાંતોનું પ્રતિપાદન થયેલ છે. જે મુમુક્ષુજીવને મહા મિથ્યાત્વરૂપી અંધકારને નષ્ટ કરવા માટે દિવ્ય પ્રકાશ સમાન જ છે.

મહા મિથ્યાત્વથી પ્રભાવિત આ દુષમકાળમાં આવા સર્વોત્કૃષ્ટ પરમાગમોનાં સિદ્ધાંતો સમજવાનું અજ્ઞાનીજીવોનું ક્યાં સામર્થ્ય હતું ? પરંતુ ભરતક્ષેત્રના અહોભાગ્યે તથા ભવ્યજીવોને તારવા, આ મિથ્યાત્વના ઘોર તિમિરને નષ્ટ કરવા એક દિવ્ય પ્રકાશ થયો ! એ છે કહાન ગુરુદેવ !! પૂજ્ય ગુરુદેવશ્રી આ કાળનાં એક અજોડ રત્ન છે ! જેમણે સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા ગૂઢ પરમાગમોના રહસ્યોને ઉકેલ્યા. જેમનાં ઘરમાં આગમો ઉપલબ્ધ હતાં તેમને પણ આગમો ઉકેલવાની શિ ત નહોતી, એવા આ દુષમકાળમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પરમ પ્રભાવના યોગે ઘરે ઘરે મૂળભૂત પરમાગમોનાં સ્વાધ્યાયની પ્રણાલિકા શરૂ થઈ. દ્રવ્ય, ગુણ, પર્યાય, ઉત્પાદ્, વ્યય, ધ્રૌવ્ય, નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત ઇત્યાદિ અનેકાનેક વસ્તુસ્વરૂપને સ્પષ્ટ કરતાં સિદ્ધાંતોનો પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રકાશ કર્યો.

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં વચનાનુસાર 'પૂજ્ય ગુરુદેવશ્રી આ કાળનો એક અચંબો જ છે. પૂજ્ય ગુરુદેવશ્રીને શ્રુતની લબ્ધિ હતી. પંચમકાળે નિરંતર અમૃતઝરતી ગુરુદેવની વાણી ભગવાનનો વિરહ ભુલાવે છે.' ઇત્યાદિ અનેકાનેક બહુમાનસૂચક વાક્યો પૂજ્ય ગુરુદેવશ્રીની

અસાધારણ પ્રતિભાને વ્ય  ત કરે છે.

એવાં ભવોદધિતારણહાર, નિષ્કારણ કરુણાશીલ, અધ્યાત્મમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક મૂળ પરમાગમો ઉપર પ્રવચનો આપી દિવ્ય અમૃતધારા વરસાવી છે. તે અનેક શાસ્ત્રોમાંના એક 'પ્રવચનસાર' જેવાં ગૂઢ પરમાગમ ઉપરનાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો પ્રકાશિત કરવાનું મહાન સૌભાગ્ય 'વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ'ને સંપ્રાપ્ત થયું છે. 'પ્રવચનસાર' શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં કુલ ૨૭૪ પ્રવચનો થયાં છે. મૂળ પરમાગમ ત્રણ અધિકારમાં વિભાજીત છે. તેની અંદર બીજા અધિકારોના વિભાગ કરવામાં આવેલ છે. જે 'પ્રવચનસાર' શાસ્ત્રની અનુક્રમણિકામાં આપવામાં આવેલ છે. તદ્‌અનુસાર ૨૭૪ પ્રવચનોને આવરી લેવા અર્થે કુલ ૧૧ ભાગમાં આ પ્રવચનોને પ્રકાશિત કરવામાં આવ્યા. અગિયારમા ભાગના આ પ્રવચનોમાં કુલ ૨૪ પ્રવચનો છે. જેમાં ૨૭૧થી ૨૭૫ ગાથા તથા પરિશિષ્ટનો સમાવેશ થાય છે.

પ્રસ્તુત ગ્રંથના સ્વાધ્યાયમાં સરળતા રહે તે અર્થે મૂળ સૂત્રકાર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદઆચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ, સૂત્ર ટીકાકાર આચાર્ય ભગવાન શ્રીમદ્ ભગવત્ અમૃતચંદ્રઆચાર્યદેવની 'તત્ત્વદીપિકા' ટીકા તથા શ્રીમદ્ ભગવત્ જયસેનઆચાર્યદેવની 'તાત્પર્યવૃતિ' ટીકા સંસ્કૃતમાં આપવામાં આવેલ છે. તદ્‌ઉપરાંત ગુજરાતી હરિગીત તથા ટીકા પણ આપવામાં આવેલ છે.

સમાદરણીય, સિદ્ધાંતનિષ્ઠ, જિનવાણી રહસ્યજ્ઞ પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના માર્ગદર્શન નીચે આ પહેલાં 'પ્રવચન નવનીત' (ભાગ ૧ થી ૪) પ્રકાશિત કરવામાં આવ્યા છે. તે જ પ્રમાણે આ પ્રવચનોનાં સંકલનમાં પણ પૂર્ણ ચીવટ રાખી પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી અક્ષરશઃ જળવાઈ રહે તથા ભાવોનો પ્રવાહ પણ યથાવત જળવાઈ રહે તેનો પ્રયાસ કરવામાં આવ્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીના બધા જ પ્રવચનો પ્રકાશિત થાય તેવી તેઓશ્રીની ભાવના હતી. તદર્થ બધા જ પ્રવચનો કમ્પ્યુટરમાં પુસ્તકાકારરૂપે આવી જાય તેવી પણ તેઓશ્રીની શોધ ચાલતી હતી. આ વાત તેઓશ્રીની પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યેની ભ  તભાવનાને પ્રદર્શિત કરે છે. માટે આ ભાવનાને અનુસરીને આ કાર્ય કરવામાં આવી રહ્યું છે. અતઃ આ પ્રસંગે તેમના ઉપકારને સ્મરણમાં લઈ તેઓશ્રીના ચરણોમાં વંદન કરીએ છીએ.

'વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ'ની નીતિ અનુસાર આ પ્રવચનોને સી.ડી.માંથી સાંભળતા-સાંભળતા સંપાદન કરવામાં આવે છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે કૌંસ પણ ભરવામાં આવેલ છે. **જ્યાં-જ્યાં વ્ય  તગ સંબોધન કરવામાં આવેલ છે અથવા વ્ય  તગત વાત કરવામાં આવી છે તે લેવામાં નથી આવી.** પૂર્ણરૂપે પ્રવચનો તૈયાર થયાં બાદ ફરી એકવાર અન્ય મુમુક્ષુ દ્વારા તેને કેસેટ સાથે મેળવી લેવામાં આવે છે. જેથી કોઈપણ પ્રકારની ભૂલ રહી જવા ન

પામે. તેના ફળસ્વરૂપે 'પ્રવચન સુધા' ભાગ–૧૧ પ્રકાશિત કરતા અમોને અત્યંત હર્ષ થાય છે.

પ્રસ્તુત પુસ્તકના પ્રકાશન અર્થે મે. હેવિકા ફાઉન્ડેનશ, લંડન તરફથી રૂ. ૨૫,૦૦૦/- મળેલ છે, જેમનો અત્રે હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે. તદ્ઉપરાંત વીસ હજાર રૂપિયાથી નીચે આવેલ દાનરાશિનું સાભાર વિવરણ અન્યત્ર આપવામાં આવેલ છે. આ પ્રવચનોના પ્રકાશનાર્થ અન્ય જે જે મુમુક્ષુઓનો સહકાર મળેલ છે તેમનો પણ અત્ર આભાર માનવામાં આવે છે.

ટાઈપ સેટિંગ માટે 'પૂજા ઇમ્પ્રેશન્સ' ભાવનગરનો તથા સુંદર મુદ્રણ કાર્ય કરી આપવા બદલ મે. 'ભગવતી ઑફસેટ' અમદાવાદનો આભાર માનવામાં આવે છે.

આ પ્રવચનોનાં પ્રકાશનમાં પ્રમાદવશ અથવા અજાગૃતિવશ કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો સર્વ જિનેન્દ્રભગવાનની, આચાર્યભગવંતોની, જિનવાણી માતાની તથા સર્વ સત્પુરુષોની શુદ્ધ અંતઃકરણ પૂર્વક ક્ષમા યાચીએ છીએ.

અંતતઃ આ પ્રવચનોની દિવ્ય દેશનાને અંતરંગમાં ગ્રહણ કરી સર્વ જીવો આત્મહિતને શીઘ્ર પ્રાપ્ત થાય, એવી ભાવના સાથે અત્ર વિરામ પામીએ છીએ.

તા. ૦૯-૧૧-૨૦૦૭<br>(વીર નિર્વાણકલ્યાણક દિન)

ટ્રસ્ટીગણ<br>**વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**<br>ભાવનગર

**પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રવચનોનો મુમુક્ષુસમાજ અધિક લાભ લે તે હેતુથી એક મુમુક્ષુ પરિવાર, મુંબઈ તરફથી વિશેષ આર્થિક સહયોગ પ્રાપ્ત થવાથી આ પુસ્તકની કીંમત ઓછી રાખવામાં આવેલ છે.**

# અનુક્રમણિકા



| સળંગ પ્રવચન ક્રમાંક | ગાથા | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| પ્રવચન-૨૫૦ | શ્લોક-૧૮, ગાથા-૨૭૧ | ૦૦૨ |
| પ્રવચન-૨૫૧ | ગાથા-૨૭૨ | ૦૦૯ |
| પ્રવચન-૨૫૨ | ગાથા-૨૭૩ | ૦૨૫ |
| પ્રવચન-૨૫૩ | ગાથા-૨૭૩-૨૭૪ | ૦૪૦ |
| પ્રવચન-૨૫૪ | ગાથા-૨૭૧ | ૦૫૭ |
| પ્રવચન-૨૫૫ | ગાથા-૨૭૧ | ૦૭૧ |
| પ્રવચન-૨૫૬ | ગાથા-૨૭૨ | ૦૮૫ |
| પ્રવચન-૨૫૭ | ગાથા-૨૭૪ | ૦૯૯ |
| પ્રવચન-૨૫૮ | ગાથા-૨૭૫ | ૧૧૬ |
| પ્રવચન-૨૫૯ | **પરિશિષ્ટ** | ૧૩૧ |
| પ્રવચન-૨૬૦ | નય-૧ થી ૪ | ૧૪૬ |
| પ્રવચન-૨૬૧ | નય-૫ થી ૧૪ | ૧૬૩ |
| પ્રવચન-૨૬૨ | નય-૧૫ થી ૨૦ | ૧૭૮ |
| પ્રવચન-૨૬૩ | નય-૨૧ થી ૨૪ | ૧૯૧ |
| પ્રવચન-૨૬૪ | નય-૨૫ થી ૨૭ | ૨૦૬ |
| પ્રવચન-૨૬૫ | નય-૨૭ થી ૩૧ | ૨૨૧ |
| પ્રવચન-૨૬૬ | નય-૩૧ થી ૩૩ | ૨૩૬ |
| પ્રવચન-૨૬૭ | નય-૩૪ થી ૩૯ | ૨૫૩ |
| પ્રવચન-૨૬૮ | નય-૪૦ થી ૪૨ | ૨૬૮ |
| પ્રવચન-૨૬૯ | નય-૪૩ થી ૪૫ | ૨૮૪ |
| પ્રવચન-૨૭૦ | નય-૪૬, ૪૭ | ૩૦૦ |
| પ્રવચન-૨૭૧ | શ્લોક-૧૯ | ૩૧૫ |
| પ્રવચન-૨૭૨ | શ્લોક-૧૯ | ૩૩૨ |
| પ્રવચન-૨૭૩ | શ્લોક-૧૯ | ૩૪૭ |
| પ્રવચન-૨૭૪ | શ્લોક-૨૦, ૨૧, ૨૨ | ૩૬૪ |

**श्री सर्वज्ञवीतरागाय नमः**

# શાસ્ત્ર સ્વાધ્યાયનું પ્રારંભિક મંગલાચરણ

ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः।
कामदं मोक्षदं चैव ॐकाराय नमोनमः।।१।
अविरलशब्दघनौघप्रक्षालितसकलभूतलकलङ्का।
मुनिभिरुपासिततीर्था सरस्वती हरतु नो दुरितान्।।२।।
अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया
चक्षुरुन्मीलितं येन तस्मै श्रुगुरुवे नमः।।३।।

## ।। श्रीपरमगुरुवे नमः, परम्पराचार्यगुरवे नमः।।

सकलकलुषविध्वंसकं, श्रेयसां परिवर्धकं, धर्मसम्बन्धकं, भव्यजीवमनःप्रतिबोधकारकं, पुण्यप्रकाशकं, पापप्रणाशकमिदं शास्त्रं श्री समयसारनामधेयं, अस्य मूलग्रन्थकर्तारः श्रीसर्वज्ञदेवास्तदुत्तरग्रन्थकर्तारः श्रीगणधरदेवाः प्रतिगणधरदेवास्तेषां वचनानुसारमासाद्य आचार्यश्रीकुन्दकुन्दाचार्यदेवविरचितं, श्रोतारः सावधानतया श्रृणवन्तु।।

मंगलं भगवान वीरो मंगलं गौतमो गणी।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।
सर्वमंगलमांगल्यं सर्वकल्याणकारकं
प्रधानं सर्वधर्माणां जैनं जयतु शासनम्।

ॐ

नमः श्रीसिद्धेभ्यः

# પ્રવચન સુધા

(ભાગ-૧૧)

## પંચ-રત્ન ગાથા
## તથા
## પરિશિષ્ટ

**अथ पञ्चरत्नम् ।**

**तन्त्रस्यास्य शिखण्डमण्डनमिव प्रद्योतयत्सर्वतो-**
**ऽद्वैतीयीकमथार्हतो भगवतः संक्षेपतः शासनम् ।**
**व्याकुर्वञ्जगतो विलक्षणपथां संसारमोक्षस्थितिं**
**जीयात्सम्प्रति पञ्चरत्नमनघं सूत्रैरिमैः पञ्चभिः ।।१८ ।।**

હવે પાંચ રત્નો છે (અર્થાત્ હવે પાંચ રત્નો જેવી પાંચ ગાથાઓ કહેવામાં આવે છે).

[ ત્યાં પ્રથમ, શ્લોક દ્વારા તે પાંચ ગાથાઓનો મહિમા કરવામાં આવે છે : ]

[ અર્થ :– ] હવે આ શાસ્ત્રને કલગીના અલંકાર જેવા (અર્થાત્ આ શાસ્ત્રના ચૂડામણિ–

મુગટમણિ જેવાં) આ પાંચ સૂત્રોરૂપ નિર્મળ પાંચ રત્નો–કે જેઓ સંક્ષેપથી અર્હંતભગવાનના સમગ્ર અદ્વિતીય શાસનને સર્વતઃ પ્રકાશે છે તેઓ–વિલક્ષણ પંથવાળી સંસાર–મોક્ષની સ્થિતિને જગત સમક્ષ પ્રગટ કરતાં થકાં જયવંત વર્તો.

---

**વીર સંવત ૨૪૯૫, અષાઢ વદ ૧૧, શુક્રવાર**
**તા. ૦૮-૦૮-૧૯૬૯**
**શ્લોક–૧૮. ગાથા–૨૭૧ પ્રવચન નં. ૨૫૦**

---

હવે પાંચ રત્નો છે, પાંચ ગાથા (છે). ગાથાને રત્ન કીધી ! પાંચ રત્ન ! સંસારતત્ત્વની ગાથાને રત્ન કહ્યું ! સાર છે, રત્ન એટલે સાર છે.

'હવે પાંચ રત્નો છે (અર્થાત્ હવે પાંચ રત્નો જેવી...' રત્નો જેવી 'પાંચ ગાથાઓ કહેવામાં આવે છે).' એ પાંચ રત્ન જેવી પાંચ ગાથા કહેવામાં આવે છે. 'નિયમસાર'માં 'શુદ્ધભાવ અધિકાર'માં પણ આવે છે ને ? પાંચ રત્ન જેવી ગાથા (છે). ત્યાં પણ પાંચ રત્ન લીધા છે. પાંચ રત્ન કીધા છે. અહીં પાંચ રત્ન (જેવી) ગાથા છે. આખા બાર અંગ ને ચૌદ પૂર્વના સારની પાંચ રત્ન ગાથા છે. વીતરાગી શાસનના દોહનમાંથી કાઢેલી (ગાથાઓ છે). '(ત્યાં પ્રથમ, શ્લોક દ્વારા તે પાંચ ગાથાઓનો મહિમા કહેવામાં આવે છે :)' લ્યો, કળશ છે ને ?

**तन्त्रस्यास्य शिखण्डमण्डनमिव प्रद्योतयत्सर्वतो-**
**ऽद्वैतीयीकमथार्हतो भगवतः संक्षेपतः शासनम्।**
**व्याकुर्वञ्जगतो विलक्षणपथां संसारमोक्षस्थितिं**
**जीयात्सम्प्रति पञ्चरत्नमनघं सूत्रैरिमैः पञ्चभिः।।१८।।**

'હવે આ શાસ્ત્રને કલગીના અલંકાર જેવાં...' કહો, રાજા હોય છે ને મોટા ? આમ કલગી નાખતા ? છોગું. મુગટ.. મુગટમાં કલગી નાખે. 'આ શાસ્ત્રને કલગી...' 'પ્રવચનસાર' (એટલે) ભગવાનની દિવ્યધ્વનિનો સાર. સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્માએ જે વાણી

આવી એને અહીં પ્રવચન કહે છે, એનો આ સાર હતો. એમાં પણ આ શાસ્ત્રના કલગી સમાન, મુગટ સમાન 'અલંકાર જેવાં (અર્થાત્ આ શાસ્ત્રના ચૂડામણિ–મુગટમણિ જેવાં)...' લ્યો. 'આ પાંચ સૂત્રોરૂપ નિર્મળ પાંચ રત્નો–કે જેઓ સંક્ષેપથી...' પાંચ રત્નો કે જેઓ ટૂંકામાં 'અર્હંતભગવાનના સમગ્ર અદ્વિતીય શાસનને સર્વતઃ પ્રકાશે છે...' આ દીવો છે, આ સૂર્ય. પાંચ ગાથા વડે આખા શાસ્ત્રનું રહસ્ય શું છે, એ બધું ત્યાં જાણવામાં આવે છે.

'સંક્ષેપથી અર્હંતભગવાનના...' અર્હંત પરમાત્મા વીતરાગી કેવળજ્ઞાની પરમેશ્વર, એના 'સમગ્ર અદ્વિતીય શાસનને સર્વતઃ...' આ વડે 'પ્રકાશે છે...' પાંચ રત્નમાં બધું આવી ગયું, કહે છે. બાર અંગ ને ચૌદ પૂર્વનો સાર (આવી ગયો). કહો, સમજાણું ? 'અમૃતચંદ્રાચાર્ય'માં છે ને ? પાંચ રત્ન કહીને ગોઠવ્યા છે ને ? 'તેઓ વિલક્ષણ પંથવાળી સંસાર-મોક્ષની સ્થિતિને જગત સમક્ષ પ્રગટ કરતાં થકાં જયવંત વર્તો.' કહે છે કે, ભગવાને કહેલા શાસ્ત્ર અને એનું શાસન, એના સારરૂપ પાંચ ગાથાને 'વિલક્ષણ પંથવાળી...' દેખો ! ભિન્ન ભિન્ન. સંસારની સ્થિતિ અને મોક્ષની સ્થિતિ ભિન્ન ભિન્ન પંથવાળી છે. જે માર્ગે સંસાર મળે તે માર્ગે મોક્ષ નહિ અને જે માર્ગે મોક્ષ મળે એ માર્ગે સંસાર નહિ. બેયની જાત તદ્દન જુદી છે. સમજાણું કાંઈ ? 'વિલક્ષણ પંથવાળી સંસાર-મોક્ષની સ્થિતિ જગત સમક્ષ...' દુનિયાની સમક્ષ 'પ્રગટ કરતાં થકાં જયવંત વર્તો.' આ..હા..હા...!

'હવે સંસારતત્ત્વ પ્રગટ કરે છે :–' સંસારતત્ત્વ પ્રગટ કરે છે. નવ તત્ત્વમાં સંસારતત્ત્વ ક્યું હશે ? નવ તત્ત્વો તો સાંભળ્યા છે, કહે છે, ભાઈ ! નવ તત્ત્વ તો સાંભળ્યા છે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. સંસારતત્ત્વ શું ? સંસારતત્ત્વ (એટલે) મિથ્યાત્વ, આસ્રવ, બંધભાવ તે સંસારતત્ત્વ (છે). એ નવમાં આવી જાય છે. સમજાણું કાંઈ ? મિથ્યાત્વના પરિણામ તે આસ્રવ અને એ જ પોતે મિથ્યાત્વના પરિણામ બંધ – અટકવા જેવો. એ રૂપે પરિણમેલો જીવ, તેને સંસારતત્ત્વ કહેવામાં આવે છે. સમજાણું ? સંસારતત્ત્વ એ આત્માની વિકારી દશાના ભાવને સંસારતત્ત્વ કહે છે.

જીવની સંસાર દશા જીવથી જુદી ન રહે, એમ સિદ્ધ કરે છે. આ બાયડી, છોકરા, કુટુંબ, પૈસો, શરીર એ સંસાર નહિ, એ સંસારતત્ત્વ નહિ, એ તો પરવસ્તુ છે. ત્યાં ક્યાં સંસારતત્ત્વ છે ? સંસારતત્ત્વ ભગવાનઆત્માના સ્વભાવથી વિરુદ્ધ અયથાર્થ પદાર્થની પ્રતીતિ, એનો જે મિથ્યાત્વ ભાવ, એને સેવનારો જીવ તે સંસારતત્ત્વી અને એને સંસારતત્ત્વ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? લોકો કહે ને, એ સંસાર છોડીને બેઠા છે. સંસાર કોને કહેવો

**अथ संसारतत्त्वमुद्धाटयति-**

**जे अजधागहिदत्था एदे तच्च त्ति णिच्छिदा समये।**
**अच्चंतफलसमिद्धं भमंति ते तो परं कालं।।२७१।।**

**ये स्वयमविवेकतोऽन्यथैव प्रतिपद्यार्थानित्थमेव तत्त्वमिति निश्चयमारचयन्तः सततं समुपचीयमानमहामोहमलमलीमसमानसतया नित्यमज्ञानिनो भवन्ति, ते खलु समये स्थिता**

---

इतः परं पञ्चमस्थले संक्षेपेण संसारस्वरूपस्य मोक्षस्वरूपस्य च प्रतीत्यर्थं पञ्चरत्नभूतगाथापञ्चकेन व्याख्यानं करोति। तद्यथा-अथ संसारस्वरूपं प्रकटयति-**जे अजधागहिदत्था** वीतरागसर्वज्ञ-प्रणीतनिश्चयव्यवहाररत्नत्रयार्थपरिज्ञानाभावात् येऽयथागृहीतार्थाः

---

હવે સંસારતત્ત્વ પ્રગટ કરે છે :–

સમયસ્થ હો પણ સેવી ભ્રમ અયથા ગ્રહે જે અર્થને,
અત્યંતફળસમૃદ્ધ ભાવી કાળમાં જીવ તે ભમે. ૨૭૧.

અન્વયાર્થ :– **[ ये ]** જેઓ, **[ समये ]** ભલે તેઓ સમયમાં હોય તોપણ (–ભલે તેઓ દ્રવ્યલિંગીપણે જિનમતમાં હોય તોપણ), **[ एते तत्त्वम् ]** 'આ તત્ત્વ છે (અર્થાત્ આમ જ વસ્તુસ્વરૂપ છે)' **[ इति**

---

એ તો તને ખબર નથી (તો) તેં શું છોડ્યો ?

મુમુક્ષુ :– બીજાને છોડાવવા માટે બેઠા છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બીજાને છોડાવવા માટે બેઠા છે. ભાઈ ! એણે તો એવું બધું સાંભળ્યું છે, આવું ઘણું સાંભળ્યું છે. બીજાને દીક્ષા લેવા માટે, ધર્મ કરાવવા આવો, જુઓ ! આ વિરતિ છે, વિરતિ લ્યો. તમારા કપાળમાં દેવલોક તો નક્કી. દેવલોક ને ? એમાં દેવલોક એટલે સંસાર થયો, સાંભળને ! સમજાય છે કાંઈ ?

અહીં કહે છે, ભગવાન ! સંસારતત્ત્વ એ આત્માની મિથ્યાત્વ દશા (છે). એને સંસારતત્ત્વ

**अप्यनासादितपरमार्थश्रामण्यतया श्रमणाभासाः सन्तोऽनन्तकर्मफलोपभोगप्राग्भारभयंकरमनन्तकाल-मनन्तभावान्तरपरावर्तैरनवस्थितवृत्तयः संसारतत्त्वमेवावबुध्यताम् ।।२७१।।**

---

विपरीतगृहीतार्थाः । पुनरपि कथंभूताः । **एदे तच्च त्ति णिच्छिदा** एते तत्त्वमिति निश्चिताः, एते ये मया कल्पिताः पदार्थास्त एव तत्त्वमिति निश्चिताः, निश्चयं कृतवन्तः । क्व स्थित्वा। **समये** निर्ग्रन्थरूपद्रव्यसमये। **अच्चंतफलसमिद्धं भमंति ते तो परं कालं** अत्यन्तफलसमृद्धं भ्रमन्ति ते

---

**निश्चिताः ]** એમ નિશ્ચયવંત વર્તતા થકા **[ अयथागृहीतार्थाः ]** પદાર્થોને અયથાતથપણે ગ્રહે છે (–જેવા નથી તેવા સમજે છે), **[ ते ]** તેઓ **[ अत्यन्तफलसमृद्धम् ]** અત્યંતફળસમૃદ્ધ (અનંત કર્મફળોથી ભરેલા) એવા **[ अतः परं कालं ]** હવે પછીના કાળમાં **[ भ्रमन्ति ]** પરિભ્રમણ કરશે.

ટીકા :– જેઓ સ્વયં અવિવેકથી પદાર્થોને અન્યથા જ અંગીકૃત કરીને (–બીજી રીતે જ સમજીને) 'આમ જ તત્ત્વ (વસ્તુસ્વરૂપ) છે' એમ નિશ્ચય કરતા થકા, સતત એકત્રિત કરવામાં આવતા મહા મોહમળથી મલિન મનવાળા હોવાને લીધે નિત્ય અજ્ઞાની છે, તેઓ ભલે સમયમાં (–દ્રવ્યલિંગીપણે જિનમાર્ગમાં) સ્થિત હોય તોપણ પરમાર્થ શ્રામણ્યને પામેલા નહિ હોવાથી ખરેખર શ્રમણાભાસ વર્તતા થકા, અનંત કર્મફળના ઉપભોગરાશિથી ભયંકર એવા અનંત કાળ સુધી અનંત ભાવાંતરરૂપ પરાવર્તનો વડે અનવસ્થિત વૃત્તિવાળા રહેવાને લીધે, તેમને સંસારતત્ત્વ જ જાણવું. ૨૭૧.

---

કહેવામં આવે છે. એ નવ તત્ત્વમાં આસ્રવ ને બંધ ને પુણ્ય ને પાપ, એ સંસારતત્ત્વ છે. સમજાણું કાંઈ ? એ સંસારતત્ત્વી ઉત્કૃષ્ટ જીવો કોણ હોય, એની વાત વાત કરે છે.

**जे अजधागहिदत्था एदे तच्च त्ति णिच्छिदा समये।**
**अच्चंतफलसमिद्धं भमंति ते तो परं कालं।।२७१।।**

સમયસ્થ હો પણ સેવી ભ્રમ અયથા ગ્રહે જે અર્થને,
અત્યંતફળસમૃદ્ધ ભાવી કાળમાં જીવ તે ભમે. ૨૭૧.

अतः परं कालम्। द्रव्यक्षेत्रकालभवभावपञ्चप्रकारसंसारपरिभ्रमणरहितशुद्धात्मस्वरूपभावनाच्युताः सन्तः परिभ्रमन्ति। कम्। परं कालं अनन्तकालम्। कथंभूतम्। नारकादिदुःखरूपात्यन्तफलसमृद्धम्। पुनरपि कथंभूतम्। अतो वर्तमानकालात्परं भाविनमिति। अयमत्रार्थः- इत्थंभूतसंसारपरिभ्रमणपरिणतपुरुषा एवाभेदेन संसारस्वरूपं ज्ञातव्यमिति।।२७१।।

---

આ..હા..હા...! આ રત્ન જેવી ગાથા કહે છે. પહેલા થોડો શબ્દાર્થ લ્યો. 'જેઓ,...' **'समये'** 'ભલે તેઓ સમયમાં હોય...' એટલે દ્રવ્યલિંગી જિનમતમાં હોય, એમ. જૈનનો નિર્ગ્રંથ દિગંબર સાધુ, વસ્ત્ર વિનાનો એવો હોય. જૈનમાં રહેલો, વાડાના સંપ્રદાયમાં (રહેલો હોય). સમજાણું કાંઈ ? **'समये'** એટલે જૈન વાડામાં, જૈનનો સાધુ દ્રવ્યલિંગીપણે હો. કહો, સમજાણું કાંઈ ? વસ્ત્ર વિના, નગ્ન દશા અને એની પંચ મહાવ્રતાદિની ક્રિયા બરાબર સરખી હોય, એવો દ્રવ્યલિંગી. એમ લીધું છે ને ?

'તોપણ...' **'एते तत्त्वम्'** 'આ તત્ત્વ છે (અર્થાત્ આમ જ વસ્તુસ્વરૂપ છે) એમ નિશ્ચયવંત વર્તતા થકા...' પુણ્યને પવિત્રતામાં ખતવે, પવિત્રતાને પુણ્યમાં ખતવે, વ્યવહારથી નિશ્ચય માને, નિશ્ચયને વ્યવહારને જરૂર છે એમ માને. સમજાય છે ? નિમિત્તથી જીવની પર્યાય બદલે એમ માને. જીવની પર્યાય બીજાને બદલાવે એમ માને. એ આમ જ (છે), એમ માનીને એ રીતે (વર્તે કે), આમ જ હોય છે. સમજાણું કાંઈ ? હવે, અહીં ઠંડી પ્રત્યક્ષ હોય લ્યો અને અગ્નિ હોય અગ્નિ (ત્યાં હાથ મૂકે તો) ટાઢ ઊડી જાય, ઠીક ! આમ ઊડી જાય, લ્યો. હાથ અડાડો તો ઠંડી ઊડી જાય, પ્રત્યક્ષ છે. એ રીતે વિપરીત માન્યતાવાળો જીવ, એમ કહે (છે). આવો પદાર્થ એણે નિર્ણય કર્યો છે. પરથી ઊનું થાતું નથી. સમજાણું કાંઈ ?

એમ પોતાની કલ્પનાથી 'આ આમ જ છે' એમ વસ્તુનું સ્વરૂપ (છે), 'એમ નિશ્ચયવંત વર્તતા થકા પદાર્થોને અયથાતથપણે ગ્રહે છે...' જુઓ ! જેવા નથી તેવા માને છે, સમજે છે. ભગવાન એક સમયની પર્યાયવાળો ત્રિકાળી ધ્રુવ, એમાં રાગ અને નિમિત્ત જે રીતે વસ્તુનું સ્વરૂપ છે એથી વિપરીત માને છે. ક્યાંક પણ એને એમાં વિપરીતનું શલ્ય રહે છે. **'अयथागृहीतार्थः'** જેવા પદાર્થનું ધ્રુવ સ્વરૂપ, નિર્મળ પર્યાયનું સ્વરૂપ, વિકારી રાગનું સ્વરૂપ, નિમિત્તની હાજરીનું સ્વરૂપ જે રીતે છે (તેનાથી) ઊલટી રીતે માનનારા. સમજાણું કાંઈ ?

**'अयथागृहीतार्थः'** જેવા પદાર્થો નથી એવું એને માન્યતામાં આવ્યું છે, પકડ્યું છે. નહિ, અમે માનીએ (છીએ) તેમ છે, તેમ છે. વ્યવહાર હોય તો નિશ્ચય થાય. નિશ્ચયને પ્રગટ

કરવા માટે વ્યવહારની જરૂર છે, પહેલો વ્યવહાર હોય, પહેલો રાગ હોય તો પછી વીતરાગતા થાય.

મુમુક્ષુ :– માંદો હોય ઇ સાજો થાય ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– માંદો સાજો થાય. માંદાપણું મુકીને સાજો થાય કે માંદાપણું રાખીને ?

એ પદાર્થના સ્વરૂપને અયથાતથ '(જેવા નથી તેવા સમજે છે), તેઓ...' '**अत्यन्तफलसमृद्धम्** ' 'અત્યંતફળસમૃદ્ધ...' એને મહાફળ મળશે. '(અનંત કર્મફળોથી ભરેલા) એવા...' '**अतः परं कालं** ' 'હવે પછીના કાળમાં પરિભ્રમણ કરશે.' ચોરાશીના અવતારમાં નિગોદાદિમાં જશે. આહા..હા...! વસ્ત્રનો એક ધાગો રાખીને મુનિપણું માને તો નિગોદ જાશે. આ તો અનેક પદાર્થની વિપરીતતાની માન્યતા (રાખે છે), એ તો નિગોદમાં જાય. વિશેષ વાત કહેવાશે, લ્યો !

શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !

**अथ मोक्षतत्त्वमुद्घाटयति-**

**अजधाचारविजुत्तो जधत्थपदणिच्छिदो पसंतप्पा।**
**अफले चिरं ण जीवदि इह सो संपुण्णसामण्णो।।२७२।।**

अयथाचारवियुक्तो यथार्थपदनिश्चितः प्रशान्तात्मा।
अफले चिरं न जीवति इह स सम्पूर्णश्रामण्यः।।२७२।।

**यस्त्रिलोकचूलिकायमाननिर्मलविवेकदीपिकालोकशालितया यथावस्थितपदार्थनिश्चयनिवर्तितौत्सुक्यस्वरूपमन्थरसततोपशान्तात्मा सन् स्वरूपमेकमेवाभिमुख्येन चरन्नयथाचारवियुक्तो नित्यं ज्ञानी स्यात्, स खलु सम्पूर्णश्रामण्यः साक्षात् श्रमणो हेलावकीर्णसकलप्राक्तनकर्मफलत्वादनिष्पादितनूतनकर्मफलत्वाच्च पुनः प्राणधारणदैन्यमनास्कन्दन् द्वितीयभावपरावर्ताभावात् शुद्धस्वभावावस्थितवृत्तिर्मोक्षतत्त्वमवबुध्यताम्।।२७२।।**

---

अथ मोक्षस्वरूपं प्रकाशयति-**अजधाचारविजुत्तो** निश्चयव्यवहारपञ्चाचारभावनापरिणतत्वादयथाचारवियुक्तः, विपरीताचाररहित इत्यर्थः, **जधत्थपदणिच्छिदो** सहजानन्दैकस्वभावनिजपरमात्मादिपदार्थपरिज्ञानसहितत्वाद्यथार्थपदनिश्चितः, **पंसतप्पा** विशिष्टपरमोपशमभावपरिणतनिजात्मद्रव्यभावनासहितत्वात्प्रशान्तात्मा, **जो** यः कर्ता **सो संपुण्णसामण्णो** स संपूर्णश्रामण्यः सन् **चिरं ण जीवदि** चिरं बहुतरकालं न जीवति, न तिष्ठति। क्व। **अफले** शुद्धात्मसंवित्तिसमुत्पन्नसुखामृतरसास्वादरहितत्वेनाफले फलरहिते संसारे। किन्तु शीघ्रं मोक्षं गच्छतीति। अयमत्र भावार्थः- इत्थंभूत मोक्षतत्त्वपरिणतपुरुष एवाभेदेन मोक्षस्वरूपं ज्ञातव्यमिति।।२७२।।

---

હવે મોક્ષતત્ત્વ પ્રગટ કરે છે :–

અયથાચરણહીન, સૂત્ર–અર્થસુનિશ્ચયી ઉપશાંત જે,
તે પૂર્ણ સાધુ અફળ આ સંસારમાં ચિર નહિ રહે. ૨૭૨.

અન્વયાર્થ :– [ **यथार्थपदनिश्चितः** ] જે જીવ યથાતથપણે પદોના અને અર્થોના (પદાર્થોના) નિશ્ચયવાળો હોવાથી [ **प्रशान्तात्मा** ] પ્રશાંતાત્મા છે અને [ **अयथाचारवियुक्तः** ] અયથાચાર રહિત

છે, **[ सः सम्पूर्णश्रामण्यः ]** તે સંપૂર્ણ શ્રામણ્યવાળો જીવ **[ अफले ]** અફળ (–કર્મફળ રહિત થયેલા) એવા **[ इह ]** આ સંસારમાં **[ चिरं न जीवति ]** ચિરકાળ રહેતો નથી (–અલ્પ કાળમાં મુક્ત થાય છે).

ટીકા :– જે (શ્રમણ) ત્રિલોકની કલગી સમાન નિર્મળ વિવેકરૂપી દીવીના પ્રકાશવાળો હોવાને લીધે યથાસ્થિત પદાર્થનિશ્ચય વડે ઉત્સુકતા નિવર્તાવીને (ટાળીને) સ્વરૂપમંથર રહેવાથી સતત 'ઉપશાંતાત્મા' વર્તતો થકો, સ્વરૂપમાં એકમાં જ અભિમુખપણે ચરતો (વિચરતો–રમતો) હોવાથી 'અયથાચાર રહિત' વર્તતો થકો, નિત્ય જ્ઞાની હોય, તે ખરેખર સંપૂર્ણશ્રામણ્યવાળા સાક્ષાત્ શ્રમણને મોક્ષતત્ત્વ જાણવું, કારણ કે પહેલાંનાં સકળ કર્મનાં ફળ તેણે લીલાથી નષ્ટ કર્યાં હોવાથી અને નૂતન કર્મફળને તે નિપજાવતો નહિ હોવાથી, ફરીને પ્રાણધારણરૂપ દીનતાને નહિ પામતો થકો દ્વિતીય ભાવરૂપ પરાવર્તનના અભાવને લીધે શુદ્ધ સ્વભાવમાં અવસ્થિત વૃત્તિવાળો રહે છે. ૨૭૨.

**આસો વદ ૧૪, શુક્રવાર**
**તા. ૧૯-૧૦-૧૯૭૯**
**ગાથા–૨૭૨ પ્રવચન નં. ૨૫૧**

'પ્રવચનસાર' ૨૭૨ (ગાથા) ચાલે છે, થોડી બાકી છે, ફરીને લઈએ. મોક્ષતત્ત્વની વ્યાખ્યા છે. પહેલી ગાથામાં સંસારતત્ત્વની વ્યાખ્યા આવી. સંસારતત્ત્વ એટલે શું ? સંસારતત્ત્વ આત્માની પર્યાયથી કોઈ જુદું નથી. શરીર, વાણી, કર્મ, સ્ત્રી, કુટુંબ, પરિવાર એ કોઈ સંસાર નથી, એ તો પર ચીજ છે. સંસારતત્ત્વ, નવ તત્ત્વમાં વળી સંસારત્ત્વ દસમું ક્યાંથી આવ્યું ? દસમું નથી. એ પુણ્ય-પાપ, આસ્રવ, બંધ પર્યાય છે એ સંસારતત્ત્વ છે. એને એકત્વ માનવું એ. સમજાય છે કાંઈ ? કેમકે આત્મા જ્ઞાયક સ્વરૂપ ચૈતન્ય સ્વરૂપ શુદ્ધ જ્ઞાનમય, આવ્યું હતું ને ? શુદ્ધ જ્ઞાનમયમાં ઘણું કહેવાનું હતું. કહેવાનો આશય તો અહીં પણ ઇ છે.

જે કોઈ શ્રમણ, આપણે આમાંથી થોડું લઈએ. 'ત્રિલોકની કલગી સમાન નિર્મળ વિવેકરૂપ દીવીના પ્રકાશવાળો હોવાથી...' આહા..હા...! અહીં તો મોક્ષમાર્ગી જીવને મોક્ષતત્ત્વ કહ્યું છે. પછી મોક્ષના સાધનનું તત્ત્વ પછી કહેશે. પણ આ તો મોક્ષતત્ત્વ (એટલે) જે મોક્ષને માર્ગે છે તે જ મોક્ષ છે. આ..હા...! કેમકે આત્મા મુક્ત સ્વરૂપ છે. આહા..હા...! એમાં જે પર્યાયનો ભેખ છે... રાગાદિ તો ભિન્ન છે, પરવસ્તુ તો પર્યાયમાં નથી, રાગાદિ, મિથ્યાત્વાદિ એની

પર્યાયમાં છે. પરવસ્તુનો તો એની પર્યાયમાં અભાવ છે. એની પર્યાયમાં ભ્રમણા અને રાગ-દ્વેષ એની પર્યાયમાં છે, પણ એ પર્યાય છે એ મલિન છે. એથી એને જ્યારે.. અહીં નિત્ય જ્ઞાનમય કહેશે, નિત્ય જ્ઞાની કહેશે. છે ને ? નિત્ય જ્ઞાની. ઓલી કોર છે.

નિત્ય જ્ઞાની એટલે ? આહા..હા...! જેને મતિ-શ્રુત-અવધિ એવા પર્યાયભેદ છે એ પણ અશુદ્ધ છે. આહા..હા...! એ અશુદ્ધનયનો વિષય છે. અહીંયાં તો એમ કહ્યું હતું ને, સવારમાં ચાલતું હતું ત્યાં, કે પરાશ્રિત તે વ્યવહાર. નહિતર ખરેખર તો પર્યાય પોતે જ વ્યવહાર છે, પણ એમ અહીં નથી લેવું. 'સમયસાર' ૨૭૨ ગાથા. દ્રવ્ય પોતે ત્રિકાળ તે નિશ્ચય છે અને પર્યાય છે તે વ્યવહાર, પણ એ પર્યાય સદ્ભુત વ્યવહાર છે. એથી એને ન લેતા પરાશ્રિત વ્યવહાર એટલે કે દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ ઉત્પન્ન થાય તેને વ્યવહાર કહ્યો છે. ખરેખર એ અસદ્ભુત વ્યવહારનયના વિષયને વ્યવહાર કહ્યો છે. ઝીણી વાત છે. નહિતર તો પર્યાય પોતે છે એ વ્યવહાર છે. સંવર, નિર્જરાની પર્યાય કે કેવળજ્ઞાનની પર્યાય વ્યવહાર છે. ભેદ છે ને ? આ..હા...! અને તેથી પર્યાયને તો, એ લીધું છે ને ? 'પ્રવચનસાર'માં છેલ્લી ૪૬ અને ૪૭ નય. કે જેમ માટી છે એ માટીમાં એના ઠામ આદિ ભિન્ન ભિન્ન પર્યાય છે એ માટીની અશુદ્ધતા છે. માટીનું માટીપણું જે છે તે શુદ્ધ છે. આહા..હા...! ઝીણી વાત છે.

એમ આત્મામાં પુણ્ય અને પાપના ભાવ, જેને ૨૭૨ ગાથા 'સમયસાર'માં વ્યવહાર કહ્યો, એ તો વ્યવહાર પરાશ્રય રાગની ક્રિયા અને વિકારની ક્રિયાને વ્યવહાર કહ્યો. નહિતર તો પર્યાય પોતે વ્યવહાર છે પણ એ પર્યાયની વાત ત્યાં ન લેતા, પરાશ્રય વ્યવહાર લીધો. જેટલો દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ થાય... આ..હા..હા...! એ બધો વ્યવહાર છે એનો ત્યાં નિષેધ કરાવ્યો છે અને સ્વનો આશ્રય કરાવ્યો છે. ન્યા પર્યાય છે એ ખરેખર તો પર્યાય વ્યવહાર છે, પણ એ પર્યાય સદ્ભુત વ્યવહાર છે. કારણ કે એ પર્યાય વિષય કરે છે દ્રવ્યને. શું કહ્યું સમજાય છે કાંઈ ? નિર્મળ પર્યાય જે છે એ વિષય કરે છે દ્રવ્યને તેથી તે પર્યાયને પરાશ્રય ન કહેતા, એને પરાશ્રયે જેટલા દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય એને પરાશ્રય કહીને નિષેધ કર્યો છે કે, એ બંધના કારણ છે, એ કોઈ ધર્મ નહિ અને ધર્મનું સ્વરૂપ નહિ. આહા..હા...! આકરી વાતું, ભાઈ ! વીતરાગ માર્ગ સર્વજ્ઞ પરમેશ્વર, એના અંતરના માર્ગના અભિપ્રાય કોઈ અલૌકિક છે. આ..હા...!

કહે છે કે, પરને આશ્રયે (ભાવ થાય) એને ત્યાં વ્યવહાર કહ્યો. અહીં એ કહે છે,

નિત્ય જ્ઞાની આત્મા છે. જે ધર્મી જીવ છે, અહીં મુખ્ય મુનિની વ્યાખ્યા છે, પણ ધર્મી જીવ છે એની નિત્ય ત્રિકાળી જ્ઞાયકભાવની દૃષ્ટિ છે. એ દૃષ્ટિ છે સમ્યક્, તે સમ્યગ્દર્શનની પર્યાય દૃષ્ટિનો વિષય નહિ. સમજાય છે કાંઈ ? આહા..હા...! સમ્યગ્દર્શન જે છે એ પર્યાય છે પણ એ પર્યાય સદ્ભુત વ્યવહારનયમાં જાય છે, પણ એ પર્યાયનો વિષય પર્યાય નથી. આહા..હા...! આવી વાતું, આમાં ક્યાં...? ઓલા વ્રત કરો ને અપવાસ કરો ને મરી જાઓ. સામાયિક કરી ને પોસા કર્યા ને... બધું મિથ્યાત્વ છે. હજી તત્ત્વની તો ખબર ન મળે. સમજાય છે કાંઈ ?

એ પર્યાયમાં જેટલો પરનો આશ્રય છે, દયા, દાન, તેનો નિષેધ કર્યો પણ વર્તમાન પર્યાયનો નિષેધ ન કર્યો. ત્યાં ૨૭૨ ગાથા અને આ પણ ૨૭૨ ને ? આ..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! શુદ્ધ જ્ઞાનમય ચેતનપ્રભુ ત્રિકાળ, શુદ્ધ જ્ઞાનમય આત્મા એટલે કે શુદ્ધ શબ્દ કેમ વાપર્યો ? કે પર્યાયમાં મતિ, શ્રુતાદિના ભેદો છે એ અશુદ્ધનય છે, અશુદ્ધ છે, ભેખ છે. ભાઈ ! આહા..હા...! રાગ ને દયા, દાનના પરિણામ એ તો મલિન છે જ, એ તો રાગ છે, વિકાર છે, ઝેર છે, દુઃખ છે. ઝીણી વાત છે, પ્રભુ ! વીતરાગમાર્ગ કોઈ જુદો છે. અત્યારે તો ગડબડ એવી ચાલી છે ને વાણિયાને વખત પણ ન મળે. આખો દિ' પાપના ધંધા. ભાઈ ! સાંભળ્યું છે ને એ ?

'જાપાન'નો એક માણસ (છે). છાપામાં આવ્યું છે. મોટો ઇતિહાસિક છે. ૬૭ વર્ષની ઉંમર (છે). જૈનના, અન્યના અનેક હજારો શાસ્ત્રો વાંચ્યા છે. મોટો ઇતિહાસિક છે એને એક છોકરો છે એ પણ ઇતિહાસિક છે. એમાં આ જૈનનું પણ વાંચ્યું અને બધાનું વાંચ્યું, ઘણું વાંચ્યું, પછી એણે એમ કહ્યું કે, જૈનધર્મ એટલે અનુભૂતિ તે ધર્મ છે. 'જાપાન'નો માણસ કહે છે. આ આત્મા જે શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન (છે), એનું એટલું બધું લાંબુ તો નથી, પણ પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એનો અનુભવ કરવો, રાગની ક્રિયા રહિત વીતરાગી પર્યાયમાં વેદન અને અનુભવ કરવો એ જૈનધર્મ છે. એમ એણે લખ્યું છે, છાપામાં આવ્યું છે, પણ આ માર્ગ વાણિયાને મળ્યો. એમ એણે લખ્યું છે. વાણિયા ધંધા આડે સત્યનો નિર્ણય કરવા નવરા નથી. જે વાડામાં પડ્યા એ પડ્યા અને એમાં એ (ધર્મ) માનીને જિંદગી (પૂરી કરે છે). આહા..હા...!

જાપાની માણસ કહે છે, આ તમારા વાણિયાની પોલ ! આખો દિ' ધંધો, પછી નવરો થાય (તો) બાયડી, છોકરા સાથે રાજી થાય, છ-સાત કલાક ઊંઘમાં જાય, એમાં કલાક

મળે (અને) કદાચિત્ સાંભળવા જાય તો કુગુરુ એને લૂંટી લ્યે. એને ધર્મ મનાવે. વ્રત ને તપ ને ભક્તિ કરતાં ધર્મ થાય. મિથ્યાત્વ કરીને એનો કલાક લૂંટી લ્યે. એથી એણે કહ્યું કે, વાણિયાને મળ્યું (પણ) માળાને નવરાશ નથી. ફુરસદ નહીં મિલતી. સત્ય શું છે ? સમ્યગ્દર્શન શું છે ? સમ્યગ્દર્શનનો વિષય શું છે ? એ વસ્તુ છે પોતે ભગવાન એ કોણ, કેવડો છે ? એના નિર્ણય કરવાને વખત, ફુરસદ દેતો નથી. આહા..હા...! જિંદગી ચાલી જાય, ઘણા તો મરીને ઢોર આદિ થવાના. કેમકે રાગ ને પુણ્ય ને પાપના ભાવના કષાય, એનું સેવન છે એ સ્વરૂપથી વિપરીત આડોડાઈ છે. માંસ ને દારૂ (ખાતા નથી) એટલે એ મરીને નરકે ન જાય. ઘણા ઢોર થવાના.

બાકી જેને આત્મા શું ચીજ છે, એનું જ્ઞાનથી વિરુદ્ધ જેનું રાગ ને દ્વેષ કષાયમાં જેનું ઘૂંટણ છે, કષાય તો વિકાર છે, એમાં જેનું ઘૂંટણ છે એ સ્વરૂપથી આડોડાઈ છે અને આડોડાઈના ફળમાં... સવારમાં કહ્યું હતું, મનુષ્ય આમ ઊભા ઊંચા છે. ગાય, ભેંસ, ઘોડા, ખીસકોલી, નોળ, કોળ આમ આડા છે, એ કેમ આડા થયા ? પ્રભુ કહે છે, 'ગોમટસાર'માં લેખ છે, એ આડા શરીર કેમ થયા ? કે પૂર્વે રાગ ને દ્વેષની કષાયની આડોડાઈ બહુ કરેલી એટલે આત્મા તો આડો ને અવળો પડેલો પણ (આડાં) શરીર એના અવળા ફળમાં આવ્યું. આડાં શરીર મળ્યા, આ માણસ આમ ઊભા (છે), ઓલા આડાં છે. ખીસકોલી, નોળ, કોળ, હાથી, ઘોડા.. આહા..હા...! પ્રભુ આકરી વાત છે જરી, દુનિયાને તો જાણીએ છીએ ને, બાપુ ! કંઈ નથી જાણતા ? અહીં તો ૯૧ વર્ષ થયા છે. દુનિયાને સીત્તેર વર્ષથી તો બરાબર જાણીએ છીએ. વેપાર-ધંધામાં પાંચ વર્ષ હતા, ત્યારથી બધું જાણતા. આ..હા...! અરે..રે...! દુનિયાને નિવૃત્તિ ન મળે કે સત્ય શું છે ? અસત્ય શું છે ? હું માનું છું એ સત્ય છે ? કે ન માનું એ સત્ય છે ? શું છે ? એનો કાંઈ નિર્ણય ન મળે.

અહીં એ કહે છે, જેને ભેદજ્ઞાન થયું છે... આ..હા..હા...! 'ત્રિલોકની કલગી સમાન નિર્મળ વિવેક...' ભાષા દેખો ! આ..હા...! એ દયા, દાન ને વ્રત, ભક્તિના વિકલ્પ રાગ છે, એનાથી જેણે ભિન્ન કરીને આત્માનું જ્ઞાન કર્યું છે. વિવેકની દીવડી જેણે પ્રગટ કરી છે. આ..હા..હા...! 'ધર્મ વિવેકે નિપજે જો કરીએ તો થાય' એમ ભાષા તો બહુ બોલે. પણ વિવેક એટલે શું એની ખબરું ન મળે.

એ અહીં કહે છે, 'ત્રિલોકની કલગી સમાન નિર્મળ વિવેકરૂપી દીવીના પ્રકાશવાળો હોવાને લીધે યથાસ્થિત પદાર્થનિશ્ચય વડે...' ઇ તો કાલે કહ્યું હતું. પાઠમાં – ગાથામાં પદ ને અર્થ

બે છે. સૂત્ર અને અર્થ બે છે. સૂત્રના પદો અને પદાર્થ – બે છે. ટીકામાં એકલો પદાર્થ લીધો છે. સમજાય છે કાંઈ આમાં ? પાઠમાં છે ને ? '**जधत्थपदणिच्छिदो**' પદ અને પદાર્થ. પદ એટલા શાસ્ત્રના વાક્યો શું છે તેનું જ્ઞાન યથાર્થ જોઈએ અને એમણે કહેલો જે આત્મા, જડ, ચૈતન્ય, પુણ્ય-પાપ એ શું છે, એ પદાર્થનો નિશ્ચય જોઈએ. આગમના શબ્દોનો નિશ્ચય જોઈએ (અને વાચ્યનો નિશ્ચય જોઈએ). (તમે) કાલે નહોતા ? હતા ? કાલે બપોરે આવ્યું હતું. પાઠમાં બે શબ્દ છે પણ ટીકાકારે એક કરી નાખ્યું છે. જેમ પંદરમી ગાથામાં '**जो पस्सदि अप्पाणं**' દ્રવ્યસૂત્ર ન લેતાં સીધું (ભાવ લીધું). નહિતર દ્રવ્યશ્રુત '**अपदेससंतमज्झं**'માં આવી ગયું. ઓલા એક 'દિલ્હી'વાળા વિદ્વાન હતા, એ ના પાડે છે કે, એમાં દ્રવ્યસૂત્રની ક્યાં વાત છે ? ત્રણ જ બોલ છે, એમાં પાંચ બોલની વાત ક્યાં છે ? એવી મોટી ચર્ચા આવી હતી. (એક વિદ્વાન હતા) એ ગુજરી ગયા. ઘણા વર્ષ (પહેલાની) વાત છે. ચૌદની સાલની વાત છે. ચૌદની સાલમાં 'લાઠી'માં હતા ત્યાં આવ્યું હતું. અરે... ભગવાન ! આહા..હા...!

અહીં તો કહે છે, ભગવાનના શ્રીમુખે જે વાણી નીકળી, પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકર તો બિરાજે છે, મહાવિદેહક્ષેત્રમાં પરમાત્મા મોજૂદ છે, પાંચસો ધનુષનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે, એક પૂર્વમાં સીત્તેર લાખ કરોડ ને છપ્પન હજાર કરોડ વર્ષ જાય એટલું એક પૂર્વ, એવા કરોડ પૂર્વનું પ્રભુનું આયુષ્ય છે. મહાવિદેહમાં અત્યારે મનુષ્યપણે બિરાજે છે. આ એની વાણી છે. ત્યાં આગળ સંવત ૪૯માં 'કુંદકુંદાચાર્ય' દિગંબર સંતા ત્યાં ગયા હતા, આઠ દિ' ત્યાં રહ્યા હતા અને ત્યાંથી આવીને આ શાસ્ત્રો રચ્યા. ભગવાનનું આમ કથન છે.

અહીં એ કહ્યું કે, વિવેક કેવો છે ? કે, 'ત્રિલોકની કલગી સમાન...' આ મુગટ હોય ને ? એમાં કલગી લગાવે છે ને ? એમ 'ત્રિલોકની કલગી સમાન નિર્મળ વિવેકરૂપી દીવી...' આ..હા..હા...! ચાહે તો દયા, દાન, વ્રતનો વિકલ્પ હો પણ એ રાગ છે. એ રાગથી ભગવાન અંદર ભિન્ન છે. નવ તત્ત્વ છે ને ? નવ તત્ત્વમાં રાગતત્ત્વ ભિન્ન છે, જ્ઞાયકતત્ત્વ ભિન્ન છે. આહા..હા...! એવા 'નિર્મળ વિવેકરૂપી દીવીના પ્રકાશવાળો હોવાને લીધે યથાસ્થિત પદાર્થનિશ્ચય વડે...' એટલું લીધું, ત્યાં પદ ન લીધું, પદાર્થ લીધો છે. 'યથાસ્થિત પદાર્થનિશ્ચય વડે...' એમ એટલું લીધું. પાઠમાં પદ અને અર્થ બેય છે પણ પદ છે એ શબ્દો છે એટલે એને ન લીધું. એમાં આવી જાય છે. પદાર્થનો નિર્ણય કરતાં જે આગમના શબ્દો છે એનો

પણ નિર્ણય ભેગો આવી જાય છે. એટલે 'યથાસ્થિત પદાર્થનિશ્ચય વડે ઉત્સુકતા નિવર્તાવીને...' ઇ શું કહે છે ? આ શું હશે ને કેમ હશે ? એવી જે ઉત્સુકતા, એ સમ્યક્‌દૃષ્ટિ જીવ, એ ઉત્સુકતાને નિવર્તાવે છે. યથાર્થ ચીજ છે તેનો અંતર અનુભવમાં નિર્ણય કરે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? સમજાય છે કાંઈ, એટલે ? કઈ પદ્ધતિથી કહેવાય છે એટલું. સમજાય તો તો ન્યાલ થઈ જાય. પણ કઈ પદ્ધતિથી કહેવાય છે ? એટલે સમજાય છે કાંઈનો અર્થ.

વીતરાગ ત્રણલોકનો નાથ સર્વજ્ઞ જિનેશ્વરની વાણી એમ કહે છે કે, વિવેકરૂપી દીવીના પ્રકાશ વડે યથાસ્થિત પદાર્થ જેણે નિશ્ચય કર્યો છે. આત્મા જ્ઞાયક સ્વરૂપ છે, જ્ઞાનમય – શુદ્ધ જ્ઞાનમય છે, એવો નિર્ણય કર્યો છે. દયા, દાનના પરિણામ પુણ્ય મેલાં છે અને રાગ છે એમ નિર્ણય કર્યો છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગના પાપના પરિણામ મેલ છે, પાપ છે એમ નિર્ણય કર્યો છે. આહા..હા...! શરીર, વાણી, મન આ તો માટી ધૂળ છે. આ વાણી જડ છે, આ શરીર જડ માટી – ધૂળ છે. એવો જેણે નિર્ણય કર્યો છે કે આ તો જડ છે, માટી છે, આ કંઈ આત્મા નથી અને આત્મા એનું – શરીરનું કાંઈ કરી શકે (એમ) ત્રણકાળમાં નહિ. આ હાલવું-ચાલવું આ બધી ક્રિયા છે એ જડની જડથી થાય છે. પણ જેણે એમ માન્યું કે મારાથી થાય છે. (એણે) જડ અને આત્મા બેને એક માન્યા. એવો જેનો નિર્ણય છૂટી ગયો છે અને યથાર્થ નિશ્ચય વડે 'ઉત્સુકતા નિવર્તાવીને...' આ.હા...! ઝીણી વાત, પ્રભુ ! શું કહીએ ? જેને સમ્યક્‌જ્ઞાનમાં યથાર્થ નિશ્ચય થયો છે એને આ કેમ હશે ? એવી ઉત્સુકતા જેને નિવર્તી ગઈ છે. હવે એને સમજવાનું કંઈ બાકી રહેતું નથી.

'સ્વરૂપમંથર રહેવાથી...' આ..હા..હા...! શું કહે છે ? સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એને રાગથી ભિન્ન પાડીને જેણે પદાર્થનો અનુભવ કર્યો છે એ સ્વરૂપમાં મંથર – લીન છે. એ અંતરમાં લીન છે. સ્વરૂપમંથર છે ને ? સ્વરૂપમાં જામી ગયેલો. આહા..હા...! એનું નામ ચારિત્ર છે. ચારિત્ર ઝીણી વાત છે, ભગવાન ! એ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય જ્ઞાનઘન આત્મા છે, એનો નિર્ણય કરીને પછી એમાં જામી ગયો છે. સ્વરૂપમાં જામી ગયો છે, રમી ગયો છે, ઠરી ગયો છે એનું નામ ચારિત્ર. આ..હા...! કોઈ નગ્નપણું ને વસ્ત્રનો ત્યાગ ને કોઈ પંચ મહાવ્રતના પરિણામ ને કોઈ ચારિત્ર નથી. સમજાય છે કાંઈ ? આ..હા..હા...! આવી વાતું હવે, બિચારાને કાને પડે નહિ (તો) નિર્ણય ક્યારે કરે ? ભાઈ ! જિંદગી ચાલી જાય છે.

'સ્વરૂપમંથર રહેવાથી સતત 'ઉપશાંતાત્મા' મોક્ષતત્ત્વનું વર્ણન છે ને ? મોક્ષતત્ત્વ. સ્વરૂપ જે અંદર મુક્ત સ્વરૂપ છે. શુભ-અશુભ પુણ્ય-પાપના રાગથી ભિન્ન છે. એવું અંતર ભાન કરીને અંદર ઠર્યો છે, જામી ગયો છે એ ઉપશાંત છે, ઠરી ગયેલો છે, અંતરમાં જામી ગયો છે. આ..હા..હા...! જેમ બરફ જામી જાય. બરફની પાટ હોય છે ને પચાસ પચાસ મણની ? તમારા 'મુંબઈ'માં બહુ હોય છે. પચાસ પચાસ મણની પાટના ખટારા નીકળે. નજરે જોયા હોય છે ને ! એમ આ ભગવાનઆત્મા ઉપશમરસની અંદર પાટ છે. પ્રભુ ઉપશાંતરસની પાટ અંદર છે. જામી ગયેલું, ઠંડું... ઠંડું... શીતળ.. શીતળ... શીતળ... શાંત... શીતળ એટલે આ (પુદ્ગલની) અવસ્થા નહિ. આ તો ઉપશાંતરસનો શીતળ. આ..હા...! એમાં મંથર રહેવાથી 'સતત 'ઉપશાંતાત્મા' વર્તતો થકો,...' પોતે વર્તતો થકો એમ કહ્યું. કર્મ ઘટ્યું માટે વર્તે છે, એમ નહિ. સમજાય છે કાંઈ ? કર્મનો અભાવ થાય છે માટે અહીં સ્વરૂપમાં વર્તે છે એણ નહિ. કેમ ?

ભગવાનઆત્મામાં એક અભાવ નામનો ગુણ છે. જે અભાવગુણને કારણે રાગના અભાવસ્વરૂપે પરિણમે એવો એનો ગુણ છે. પરનો અભાવ થાય તો અહીંયાં ભાવ થાય એમ નહિ. શું કીધું ? સમજાય છે કાંઈ ? ઝીણી વાત છે, પ્રભુ ! આત્મામાં જેમ એક જ્ઞાનગુણ છે, એક દર્શનગુણ છે, આનંદગુણ છે એમ એક અભાવ નામનો ગુણ છે. અનાદિઅનંત પરમાત્મા ત્રિલોકનાથે કહ્યો છે. એ અભાવ, કર્મનો અભાવ થયો માટે અહીં અભાવ થાય છે એમ નહિ. પોતામાં અભાવ નામનો ગુણ છે તેથી પરના અભાવ સ્વરૂપે પરિણમે છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! ઓલુ વાંચ્યું છે ? ભાઈ ! સહજાનંદનું. અવિરોધ નિર્ણય. વાંચ્યું છે ? અહીં પુસ્તક નથી ? અવિરોધ નિર્ણય. આમેય હોય ને આમેય હોય, એમ વીસ બોલ લખ્યા છે. વાંચ્યું નથી ? નહિ. છે, બે પુસ્તક છે. આમેય હોય ને આમેય હોય. રાગથી પણ થાય અને વીતરાગપણાથી પણ થાય. આ..હા...!

અહીં તો એક જ વાત. એ રાગને કારણે તો નહિ પણ રાગનો અભાવ થાય એને કારણે નહિ. એમાં પોતાનો સ્વભાવ જ રાગના અભાવરૂપે પરિણમવું એવો એનો સ્વભાવ છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! ભગવાનઆત્મા પરમેશ્વર સ્વરૂપ જ એનું છે, ભાઈ ! જો પરમેશ્વર સ્વરૂપ ન હોય તો પરમેશ્વરપણું આવશે ક્યાંથી ? કંઈ બહાર લટકે છે ? બહારથી કંઈ આવે છે ? આ..હા...! એ અંદર પરમાત્મ સ્વરૂપ (બિરાજે છે). બાપુ ! બહુ કઠણ વાત છે. વીતરાગમાર્ગને સમજવો એ કોઈ અલૌકિક વાત છે. જેના જન્મ-મરણના

અંત આવવાના હોય એને આ વાત સમજાય અને બેસે એમ છે. બાકી તો થોથાં રખડી મરશે. ચાર ગતિમાં ચોરાશીના અવતારમાં રખડી મરશે. આહા..હા...!

અહીં કહે છે, 'ઉપશાંતાત્મા' વર્તતો થકો,...' ભાઈ ! કર્મનો અભાવ થયો છે માટે વર્તતો થકો, (એમ) નહિ. એ પોતાનો જ સ્વભાવ છે. આ..હા..હા...! પરના અભાવ સ્વભાવપણે ઉપશાંતપણે વર્તવું એ જ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ ? આહા..હા...! 'સ્વરૂપમાં એકમાં જ...' હવે અહીં વજન છે. 'સ્વરૂપમાં એકમાં જ અભિમુખપણે...' જુઓ ! એ આવ્યું. પર્યાયના ભેદો છે એમાં પણ નહિ. જે મતિ, શ્રુત, અવધિ આદિ પર્યાયના ભેદ છે એમાં વર્તતો થકો, એમ પણ નહિ. કારણ કે પર્યાયના ભેદ છે તે અશુદ્ધનયનો વિષય છે. પર્યાય પોતે અશુદ્ધનયનો વિષય ! આ..હા..હા...! ૪૭ નય, 'પ્રવચનસાર', ૪૬ અને ૪૭ નય છે ને છેલ્લી ? એમાં આ બોલ છે. અહીં તો બધું વંચાઈ ગયું છે ને ! ઘણા વર્ષ થયા. અહીં તો ૪૫મું વર્ષ ચાલે છે. અહીં ૪૫ વર્ષે આવ્યા છીએ અને ૪૫ વર્ષ થયા. નેવુ થયા, એકાણુ ચાલે છે. આહા..હા...!

અહીં કહે છે, એકવાર તું સાંભળને પ્રભુ ! અંતરમાં જ્યારે અંતરનો અનુભવ કરીને જામી જાય છે ત્યારે એ ઉપશાંતપણે પોતે વર્તે છે. કર્મનો અભાવ થયો માટે વર્તે છે, એમ નહિ. આહા..હા...! શું કહેવું છે, સમજાણું ? પરની અપેક્ષા નથી, એમ કહેવું છે. આહા..હા...! કર્મનો નાશ થાય છે, અભાવ થાય છે, માટે વર્તે છે એવી અપેક્ષા આમાં નથી. આહા..હા...! પોતે જ ઉપશાંતાત્માપણે વર્તતો થકો, 'સ્વરૂપમાં એકમાં જ અભિમુખપણે...' ઇ શું કહે છે ? જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ એકરૂપ વસ્તુ જે નિત્યાનંદ પ્રભુ, એ સ્વરૂપમાં એકમાં જ અભિમુખ છે. રાગમાં નહિ, ભેદમાં પણ નહિ. આહા..હા....! આવી વાતું હવે. ઓલું તો કહે, સામાયિક કરો, પોસા કરો. ણમો અરિહંતાણં.. તિક્ખુત્તો.. છ પાઠ બોલ્યા તો સામાયિક થઈ ગઈ. ઇચ્છામિ પડિકમ્મા.. તસ્સસૂતરી.. ધૂળેય નથી. સામાયિક નથી, ત્યાં મિથ્યાત્વ છે. આ..હા...!

અહીં કહે છે કે, 'સ્વરૂપમાં એકમાં જ અભિમુખપણે...' ભેદ કાઢી નાખ્યો. રાગમાં તો નહિ, પણ પર્યાયનો ભેદ છે તેના ઉપર પણ લક્ષ નથી. આહા..હા...! સમજાણું ? એ વાંચતા કંઈ દરરોજ એક જ જાત આવે એવું કાંઈ નથી. આહા..હા...! 'સ્વરૂપમાં એકમાં જ...' આ એકાંત કીધો. જ્ઞાયક સ્વરૂપ પરમાત્મ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન, એવું જે સ્વરૂપ ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ, એમાં એકમાં, નિત્યમાં, એકમાં જ વર્તતો થકો. અભિમુખ – એની

સન્મુખ વર્તતો થકો. રાગ ને નિમિત્તથી તો ઠીક, પણ પર્યાયથી પણ વિમુખ અને સ્વભાવથી સન્મુખ. ધીમેથી સમજાય એવું છે, બાપુ ! આ તો ત્રણલોકના નાથની વાત છે. જેને ગણધરો અને ઇન્દ્રો સાંભળવા આવે છે. મહાવિદેહમાં અત્યારે પ્રભુ બિરાજે છે. આહા..હા...! એકાવતારી એક ભવતારી મોક્ષ જનારા ઇન્દ્રો જેને સાંભળવા આવે, બાપુ ! એ વાતું કેવી હોય ! આ દયા પાળો ને વ્રત કરો (એવી હોય) ? હવે એ તો કુંભાર પણ કહે છે. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– ત્યાં પણ સાંભળવાની વસ્તુ તો આ જ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ત્યાં માર્ગ આ જ છે. ત્યાં કહે છે ઇ આ છે. આહા..હા...! સમજાય છે ?

સ્વરૂપમાં, 'સ્વરૂપમાં એકમાં જ...' સ્વરૂપે જે જ્ઞાયક ચિદાનંદ નિત્યાનંદ પ્રભુ, તેના ધ્રુવના ધ્યાનમાં એકાકાર થઈને, એ સ્વરૂપમાં એકાકાર થઈને વર્તે છે. સન્મુખ (વર્તે છે). છે ને ? ભાષા છે – 'એકમાં જ...' કથંચિત્ સ્વરૂપમાં એકમાં અને કથંચિત્ ભેદમાં અને રાગમાં, એમ નહિ. વ્યવહારથી પણ હોય છે અને નિશ્ચયથી પણ હોય છે, એમ નહિ. આહા..હા...! ઝીણી વાતું, પણ શું થાય ? 'સ્વરૂપમાં એકમાં જ...' સ્વ-રૂપમાં. સ્વરૂપ એવું જે જ્ઞાયક ચૈતન્ય આનંદનો નાથ પ્રભુ, 'એકમાં જ અભિમુખપણે...' (અર્થાત્) એની સન્મુખ થયો છે. વસ્તુનો ત્રિકાળી સ્વભાવ છે તેની સન્મુખ થઈને એકાકાર છે. આહા..હા...!

એમ 'ચરતો (વિચરતો–રમતો) હોવાથી...' એકમાં રમતો હોવાથી, છે ને ? 'અભિમુખપણે ચરતો (વિચરતો–રમતો) હોવાથી...' આ..હા..હા...! 'અયાથાચાર રહિત' છે. હવે વ્યાખ્યા સમજાવી. વિપરીત અયાથાચાર છે એનાથી રહિત છે. યથાચારથી સહિત છે, અયથાચારથી રહિત છે. જ્ઞાન કરાવ્યું. આહા..હા...! ઝીણું છે, ભાઈ ! વીતરાગમાર્ગ, બાપા ! ત્રણલોકના નાથ જિનેન્દ્ર, જેના ઇન્દ્રો તળિયાં ચાટે, ઇન્દ્રો સાંભળવા જાય તો ત્યાં ગળુડિયાની જેમ સાંભળવા બેસે. ઇન્દ્ર, પહેલા દેવલોકના ઇન્દ્ર. એકભવતારી છે. સૌધર્મ ઇન્દ્ર છે અત્યારે એ એકભવતારી છે. ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જવાનો છે. એની ઇન્દ્રાણી છે એ પણ મનુષ્ય થઈને મોક્ષ જવાની છે. સુધર્મ દેવલોક છે, બત્રીસ વિમાન છે. એ ત્યાં સાંભળવા આવે, એકભવતારી, મતિ-શ્રુત-અવધિજ્ઞાની, સમકિતી (સાંભળવા આવે), એ વાણી કેવી હોય ! બાપા ! આ..હા...!

એ અહીં કહે છે, 'અયાથાચાર રહિત' વર્તતો થકો, નિત્ય જ્ઞાની હોય,...' શું કહ્યું ? નિત્ય જ્ઞાની હોય (અર્થાત્) ત્રિકાળી જ્ઞાન ઉપર તેની દૃષ્ટિ કાયમ પડી છે. કોઈ વખતે

જ્ઞાની અને કોઈ વખતે અજ્ઞાની, કોઈ વખતે પર્યાયબુદ્ધિ ને કોઈ વખતે (દ્રવ્યદૃષ્ટિ), એમ નહિ.

મુમુક્ષુ :– ... કરવું પડતું નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ક્યાં કીધું ? અહીં તો નિત્ય જ્ઞાની હોય, બસ ! નિત્ય જ્ઞાની હોય જ છે. એને હવે રાગથી ભિન્ન કરવું પડતું નથી. એ તો એ વખતે કઈ ભાષા (આવે)... આ..હા...!

'નિત્ય જ્ઞાની હોય,...' કાયમ નિત્ય જ્ઞાની. ધ્રુવ ત્રિકાળી પરમાત્મા ઉપર જેની અંતર દૃષ્ટિ પડી છે એ ત્રિકાળી નિત્ય જ્ઞાની જ છે. શાસ્ત્રનું જ્ઞાન ભલે ઓછુંવત્તું હોય. એ તો સવારમાં આવી ગયું. અગિયાર અંગ ભણ્યો હોય એની સાથે સંબંધ નથી. આહા..હા...! તિર્યંચ છે, પશુ છે ઇ અસંખ્ય સમકિતી છે. અઢી દ્વિપ બહાર પશુઓ છે. સિંહ, વાઘ, મગરમચ્છ, હજાર જોજનના મોટા લાંબા મચ્છ આત્મજ્ઞાની તિર્યંચ છે, ભગવાને શાસ્ત્રમાં (કહ્યું) છે. ઠામણામાં પણ આવે છે, અઢી દ્વિપ બહાર અસંખ્યાતા તિર્યંચ સમકિતી, અનુભવી, આત્માના આનંદના અનુભવી. પાંચમા ગુણસ્થાનવાળા અસંખ્ય પડ્યા છે. આ..હા..હા...! તિર્યંચ હો (તો) એ તો શરીર છે. આત્મા તિર્યંચ નથી અને આત્માના ભેદની પર્યાય પણ એ નથી. આહા..હા...!

'નિત્ય જ્ઞાની હોય, તે ખરેખર સંપૂર્ણ શ્રામણ્યવાળા...' એને સાધુપણું કીધું. જેને આત્મજ્ઞાનમાં સ્થિરતા જામી ગઈ છે અને ધ્રુવતામાં રમી રહ્યો છે એને સંપૂર્ણ સાધુપણું કહેવામાં આવે છે. આહા..હા...! લૂગડાં છોડીને નગ્ન થઈ ગયો માટે સાધુ છે, બાયડી, છોકરા, કુટુંબ, ધંધો છોડ્યા માટે સાધુ છે, એમ નથી. એવું દ્રવ્યલિંગ તો અનંતવાર ધારણ કર્યું છે. આહા..હા...! અંતરમાં પૂર્ણ શ્રામણ્ય પ્રગટ થઈ ગયું છે. આહા..હા...! 'ખરેખર સંપૂર્ણ શ્રામણ્યવાળા સાક્ષાત્ શ્રમણને...' સાક્ષાત્ શ્રમણ છે એટલે દ્રવ્ય નિક્ષેપે નહિ, ભાવ નિક્ષેપે સાક્ષાત્ શ્રમણ છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! આવી વાતું છે, બાપુ ! બેસતા વરસની વીતરાગની બોણી તો આ છે, ભાઈ ! આ..હા...!

મુમુક્ષુ :– બારમા ગુણસ્થાન ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ નહિ, નહિ. અહીં તો મોક્ષમાર્ગ સાધે છે એને મોક્ષતત્ત્વ કહ્યું.

મુમુક્ષુ :– સાધન તત્ત્વ ..

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ સાધન તત્ત્વ પછી કહેશે. પણ અહીં તો ઇ સાધન તત્ત્વ

થયું છે એને, એમાં વર્તે છે એને મોક્ષતત્ત્વ કહ્યું છે. આહા..હા...! બીજી રીતે કહીએ તો ભગવાન મુક્તસ્વરૂપ જ છે. ત્રિકાળ નિરાવરણ છે, અખંડ એકસ્વરૂપે પ્રભુ અંદર છે. અરે..રે...! કેમ બેસે ? કોઈ દિ' સાંભળ્યું નથી. પામર થઈને ફરે. એક પાંચ-પચીસ લાખ પૈસા મળે ત્યાં એમ થઈ જાય કે, ઓ..હો..હો...! અમે તો જાણે શું કર્યું ને શું થયા ! ભાઈ ! કરોડો અને અબજો રૂપિયા, ધૂળ અનંત વાર મળી છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– અત્યારે હતો એ પણ ધૂળ છે, શું છે ? આહા..હા...! ભાઈની વાત નહોતી કરી ? 'ગોવા'માં (એક મુમુક્ષુ) છે ને ? બે અબજ ચાલીસ કરોડ રૂપિયા છે. અત્યારે છે, એ પોતે હમણાં મરી ગયો. આ ભાઈ બેઠા છે, એના સાળા. આમના સાળા. બે અબજ, ચાલીસ કરોડ ! 'લીમડીવાળા'. મૂળ તો 'પણનાળા'ના છે. 'પણનાળા' છે ત્યાંના છે. અને આ ક્યાંના છે ? 'પાણસણા' નહિ ? 'પાણસણા'ના. છે ને, 'પાણસણા' જોયું છે, 'પાણસણા' ગયા છીએ. બે અબજ ચાલીસ કરોડ ! મરીને હાય.. હાય...! બૈરાંને આ થયેલું... હેમરેજ ! 'મુંબઈ' આવેલો. દોઢ વર્ષ, પોણા બે વર્ષ (પહેલાની) વાત છે. ત્રણ-ચાર દિ' એ એકદમ ઊઠ્યો (અને કહ્યું), મને દુઃખે છે. બૈરાંને હેમરેજ (થયેલું એટલે) અસાધ્ય હતા. દુઃખે છે, બોલાવો ડૉક્ટરને ! ડૉક્ટર જ્યાં આવે ત્યાં... જાઓ.. રખડવા...! આ..હા..હા...!

મુમુક્ષુ :– ડૉક્ટર થોડા મોડ્યા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો ડૉક્ટરને કહે છે. ડૉક્ટર આવે તો એને શાલ નાખત, એમ કહે છે. એ ડૉક્ટર છે ને !

મુમુક્ષુ :– એણે તો સેંકડોને બચાવી લીધા છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કોઈને ધૂળનેય બચાવ્યા નથી. આ ચારે ડૉક્ટર રહ્યા. ચાર ડૉક્ટર 'રાજકોટ'ના મોટા ડૉક્ટર છે. આહા..હા...! ડૉક્ટર પણ મરી જાય છે કે નહિ ? અહીં 'ભાવનગર'માં એક ડૉક્ટર નહોતો ? મોટો ડૉક્ટર, સર્જન. મોટી હોસ્પિટલ છે. અહીં આવ્યા હતા, બે-ત્રણ વાર આવ્યા હતા. અહીં તો મોટા મોટા બધા સાંભળવા આવી તો ગયા. ઇ કો'કનો ઑપરેશન કરતા હતા, એમાં (કહ્યું), 'અરે...! મને કાંઈક થાય છે.' ખુરશીએ બેઠો ત્યાં દેહ છૂટી ગયો. આહા..હા...! શું કરે ? ભાઈ ! દેહની સ્થિતિ જે ક્ષણે, જે ક્ષેત્રે પડવાની તે પડવાની જ. એમાં એક સમય ફેરફાર ત્રણકાળમાં ન થાય. ઇન્દ્ર ઊતરે તોપણ એ પર્યાયને એક સમયની વધારી શકે (એમ) ત્રણકાળ ત્રણલોકમાં નહિ. જે સમયે ભગવાને

જોયું છે કે આ સમયે, આ ક્ષેત્રે દેહ છૂટશે તે છૂટશે. આ..હા..હા...!

મુમુક્ષુ :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- ઇ તો એની અંદર યોગ્યતાની વાત છે. ઇ તો (બીજા એક મુમુક્ષુને) નહોતું થયું ? ઇ તો આપણા 'વઢવાણવાળા'. છ ભાઈઓ. એક એક પાસે એક કરોડ. (એમ) છ કરોડ છે. (એમના પિતાજી) અહીં રહે છે ને ? તમારા વેવાઈ. છે ને, ખભર છે. અહીં રહેતા, મકાન છે અહીં. આવે છે, પ્રેમ છે, છએ છોકરાને પ્રેમ છે. એક એક છોકરાને એક એક કરોડ રૂપિયા, છ કરોડ છે. (એમનો એક દીકરો) માંદો પડ્યો હતો, એટલો માંદો પડ્યો હતો, એવો માંદા પડ્યો કે તાકડે એમાં 'મુંબઈ'. (કહ્યું), મહારાજના દર્શન કરવા છે. હું ગયો. 'મહારાજ ! એવા સપના આવે છે કે, કાપી નાખે છે, છેદી નાખે છે, આમ થાય છે. માઠાં સપના બહુ આવે છે.' કુદરતે જ્યાં એ થયું ત્યાં સવળું થઈ ગયું. એ તો પુણ્યના ઉદયને લઈને, આને લઈને નહિ.

મુમુક્ષુ :- નિમિત્ત તો કોઈ હોય ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ નિમિત્ત કહેવાય પણ ત્યાં કાંઈ નિમિત્તથી થાય છે ? બિલકુલ નહિ. આહા..હા...! એવી વાતું છે, ભઈ !

'નિત્ય જ્ઞાની હોય, તે ખરેખર સંપૂર્ણ શ્રામણ્યવાળા સાક્ષાત્ શ્રમણને મોક્ષતત્ત્વ જાણવું,...' લ્યો ! સાધુ છે તેને મોક્ષતત્ત્વ જાણવું. અરે... ભાઈ ! સાધુ કોને કહીએ ? ભાઈ ! અત્યારે તો હિન્દુસ્તાનમાં સાધુપણું નજરે પડવું મુશ્કેલ છે. એને હજી સમકિતી કોને કહેવા, એની ખબરું નથી. આહા..હા...! આવો જે અંદર આત્મજ્ઞાની ને આત્મ અનુભવી અને સ્વરૂપમાં લીન મંથર થઈ ગયેલો. આહા..હા...! જેમ બ્રાહ્મણ ચાર ચુરમાના લાડવા ઊડાવે અને જેમ લઢ્ઢ (થઈને) ચાલે, એમ અંદરમાં લસપસ ચાલે. લીન, લીન, લીનતા. આહા..હા...! બહાર નીકળવું જેને આળસ લાગે. આવ્યું હતું ને આપણે ત્યાં ? આહા..હા...! આ માર્ગ આ છે. એને પહેલું જ્ઞાન તો કરવું પડશે ને ? આહા..હા...!

'સંપૂર્ણ શ્રામણ્યવાળા...' તે સાધુ જે હોય એને બાહ્ય વસ્ત્ર-પાત્ર હોય નહિ. વસ્ત્ર-પાત્ર હોય ઇ સાધુ જ નથી, એ તો દ્રવ્યલિંગ પણ નથી. વસ્ત્ર-પાત્ર (સહિત) સાધુ માને એ તો મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. જૈનની એને શ્રદ્ધાની ખબર નથી. સમજાણું કાંઈ ? ત્રણલોકના નાથ પરમાત્માનો આ મહાવિદેહનો પોકાર છે કે, વસ્ત્રનો ટુકડો રાખીને પણ સાધુપણું માને, મનાવે (તો) નિગોદમાં જશે. છે ? 'સૂત્ર પાહુડ'ની અઢારમી ગાથા. 'સૂત્ર પાહુડ'માં છે. નાનો

દોષ નથી. ઓલું આપણે કહે છે ને ? કાકડીનો ચોર... ભાષા અમારે ચીભડાનો ચોર. 'ચીભડાના ચારને ફાંસી' ચીભડાનો ચોર નથી. મૂળમાં ચોર છે. ઘા પાડે છે અંદર આત્માનો વિરોધ (છે). આહા..હા...! જેને અંદર નવે તત્ત્વની ભૂલ છે. જેને જડની ખબર નથી કે, કેટલું મુનિ(પણું) હોય ને સંયોગ કેટલો હોય, વિયોગ કેટલો હોય, એને રાગ કેટલા પ્રકારનો હોય, એને વીતરાગ દશા કેવી હોય ? એકેય તત્ત્વની ખબર નથી એટલે એ નવ તત્ત્વનો વિરોધી છે. આહા..હા...! 'નિગોદમ્ ગચ્છઈ' એવો પાઠ છે. એ લીલ, ફૂગ, ડુંગળી ને લસણમાં જવાના. નિરાંતે (રહેશે). અનંત કાળે પછી માણસપણું નહિ મળે, બાપા ! આ તો વીતરાગમાર્ગ છે. ત્યાં પક્ષ અને સફારશ કામ આવે એવું નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? આકરી વાતું કહેવી ને વળી (પૂછવું) સમજાય છે કાંઈ ?!

અહીં તો અમારે તો (સંવત) ૧૯૭૪ની સાલથી આ ચાલે છે. ૬૧ વર્ષથી. સીત્તેરમાં દીક્ષા ને ચુમોત્તેરથી તો હજારો માણસોમાં વ્યાખ્યાન અપાય છે. સંપ્રદાયમાં 'બોટાદ'માં તો અપાસરામાં સમાય નહિ. ૭૬ની સાલ, ૭૭ની સાલ, ૮૦ની સાલ. 'બોટાદ'. ઘણું માણસ, અપાસરામાં માય નહિ (એટલે) શેરીમાં ભરાય, એટલું માણસ. ૭૭ની સાલ, ૭૯ની સાલ. આ તો સંપ્રદાયમાં હતા ત્યારે. માર્ગ પણ બીજો, બાપા ! આહા..હા...!

અહીં તો શ્રમણ સાધુને 'મોક્ષતત્ત્વ જાણવું,...' બારમું કે તેરમું, એમ અહીં લીધું નથી. સંપૂર્ણ સાધુપણું અંદર લીન થયેલો છે. આહા..હા...! મુનિને બાહ્યમાં તો નગ્નદશા જ હોય, ત્રણકાળ ત્રણલોકમાં બીજી દશા હોય નહિ. સમજાય છે કાંઈ ? એમ ત્રણલોકના નાથનો હુકમ છે. 'સીમંધર' ભગવાન, એ કહે છે કે, સાક્ષાત્ 'મોક્ષતત્ત્વ જાણવું,...' આહા..હા...! 'કારણ કે...' મોક્ષતત્ત્વ કેમ કહ્યું ? કે, 'પહેલાંના સકળ કર્મનાં ફળ તેણે લીલાથી નષ્ટ કર્યાં હોવાથી...' હવે શું કહે છે ? એમ કે, બહુ પરિષહ સહન કર્યાં માટે કર્મ (નષ્ટ થયા), એમ નથી. આહા..હા...! આનંદમાં રમતા રમતા કર્મનો ક્ષય થઈ ગયો, કહે છે. લીલા કરતાં. છે ને ? 'કર્મના ફળ તેણે લીલાથી...' રમતમાત્રથી નાશ કર્યાં છે. અતીન્દ્રિય આનંદમાં રમતા.. રમતા... રમતા... કર્મ નાશ થઈ ગયા છે. એને દુઃખ સહન કરવું પડે છે ને પરિષહ (સહન કરવા પડે છે), એ છે નહિ. આહા..હા...! દુઃખ સહને કરવું પડે તો (એ) તો આર્તધ્યાન ને રાગ છે, વિકાર છે. આહા..હા...!

કહે છે કે, એને મોક્ષતત્ત્વ કેમ કહેવું ? કે, જેણે રમતું.. આનંદમાં રમતા રમતા જેને કર્મનો નાશ થઈ ગયો છે. 'પહેલાનાં સકળ કર્મનાં ફળ...' રમતમાત્રથી 'નષ્ટ કર્યાં હોવાથી...'

આહા..હા...! 'નિજપદ રમે સો રામ કહીએ' સર્વજ્ઞનું વચન છે કે, નિજપદ જે આત્માનો નાથ પ્રભુ પોતે તેમાં આનંદમાં રમે, અતીન્દ્રિય આનંદમાં રમે તેને આત્મા કહીએ. આહા..હા...! રાગમાં રમે તેને હરામ કહીએ. આહા..હા...! અરે..રે...! આવી વાતું હવે. બાપા ! માર્ગ તો આ છે, ભાઈ ! ભલે લોકોએ ગમે એ રીતે અવળા ચડાવી દીધા, પણ માર્ગ આ છે. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ' એક વાત કીધી.

પૂર્વના કર્મ તો આનંદમાં, અતીન્દ્રિય આનંદમાં રમતા, અતીન્દ્રિય આનંદના સ્વાદ લેતા.. આ..હા...હા...! સાધુપણું એટલે પ્રચુર અતીન્દ્રિય આનંદનો સ્વાદ. અતીન્દ્રિય આનંદનો દરિયો ભગવાન સાગર છે આત્મા. એની પર્યાયમાં અતીન્દ્રિય આનંદના સ્વાદ(ની) ભરતી આવી છે. જેમ દરિયાને કાંઠે પાણીની ભરતી આવે, એમ સંતની દશામાં અતીન્દ્રિય આનંદની પર્યાયમાં ભરતી આવે. હવે પર્યાય શું ને ભરતી શું ? સમજે નહિ કાંઈ બિચારા. એની વર્તમાન પર્યાય જે દશા છે, એ કાંઠો છે. એ અતીન્દ્રિય આનંદનો સાગર અંદર ઉછળ્યો (તો) પર્યાયમાં અતીન્દ્રિય આનંદ આવે છે. માટે તેને અમે મોક્ષતત્ત્વ કહીએ છીએ, એમ કહે છે. આહા..હા...! એક વાત.

'નૂતન કર્મફળને તે નિપજાવતો...' નથી. જૂના કર્મને લીલામાત્રથી નાશ કર્યા છે અને નવા કર્મ બાંધતો નથી. આ..હા..હા...! છે ? 'નૂતન કર્મફળને તે નિપજાવતો નહિ હોવાથી, ફરીને પ્રાણધારણરૂપ દીનતાને નહિ પામતો...' આ..હા..હા...! શરીર ધારણ કરવું એ તો દીનતા, ભિખારાપણા છે, કલંક છે. આ માટી, માંસ, હાડકાના ચામડામાં અવતાર લેવો...! આ..હા..હા...! સડેલાં ગધેડાનાં ચામડામાં મેસૂભને વીંટવો, એમ આ પ્રભુ અંદર અતીન્દ્રિય આનંદનો નાથ, એને આ ભવ છે એ તો દીનતાનો ભવ છે. આહા..હા...! એ દીનતા નહિ પામતો થકો. આહા..હા...! કર્મફળમાં હવે એને દીનતા રહી નહિ, કર્મફળ તો નાશ કર્યો છે. આહા..હા...! આવો કઈ જાતનો ઉપદેશ આ ! આ તે વીતરાગનો જૈનનો ઉપદેશ હશે ? બાપુ ! વીતરાગનો માર્ગ આ છે, ભાઈ ! ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ અનંત તીર્થંકરોનું આ કથન છે. દુનિયાએ ન સાંભળ્યું હોય અને બીજે રસ્તે ચડી ગયા હોય એથી કંઈ સત્ય આવી જાય ? આહા..હા...!

'દીનતાને નહિ પામતો થકો...' શું કહે છે હવે ? 'દ્વિતીય ભાવરૂપ પરાવર્તનના અભાવને લીધે...' દ્વિતીય એટલે શુદ્ધ સિવાયનો બીજો ભાવ હવે છે નહિ. શુદ્ધની રમતુંમાં રમતા હવે શુભ ને અશુભ ભાવ છે નહિ. આહા..હા...! ઓલામાં આવ્યું હતું ? બીજા ભાવમાં

પરાવર્તન. ભાવાંતરમાં પરાવર્તન. જે શુભથી ભાવાંતર – અનેરો ભાવ, પુણ્ય-પાપમાં અનાદિથી મિથ્યાદૃષ્ટિ રખડે છે. ભલે જૈનનો સાધુ થયો હોય, દિગંબર મુનિ થયો હોય, હજારો રાણી છોડી હોય, પણ એ રાગને ધર્મ માને ને પુણ્યને ધર્મ માને, શરીર ક્રિયા હું કરી શકું છું, એમ માને એ મિથ્યાદૃષ્ટિ મૂઢ ચાર ગતિમાં નરક ને નિગોદમાં રખડશે. આહા..હા...! શુભાશુભ ભાવના પરાવર્તનને અનંતવાર પામશે, એમ આવ્યું હતું.

અહીં કહે છે, 'દ્વિતીય ભાવરૂપ પરાવર્તનના અભાવને લીધે...' આ..હા..હા...! 'શુદ્ધ સ્વભાવમાં અવસ્થિત વૃત્તિવાળો રહે છે.' (મૂળ ગ્રંથમાં નીચે ફૂટનોટ આપી છે). (અવસ્થિત એટલે) સ્થિર. આ..હા...! જામી ગયો છે આનંદમાં. 'આ સંપૂર્ણ શ્રામણ્યવાળઆ જીવને બીજા ભાવરૂપ પરાવર્તન (પલટાવું) થતું નથી,...' શુભભાવ એને થતો નથી. 'તે સદા એક જ ભાવરૂપ રહે છે...' આ..હા..હા...! અતીન્દ્રિય આનંદના શુદ્ધના પરિણમનમાં જ રહે છે. 'શુદ્ધ સ્વભાવમાં સ્થિર પરિણતિરૂપે રહે છે,...'

ઓલો શુદ્ધ ઉપયોગ ભાઈ આવ્યો જરી, 'સંવર અધિકાર'માં પણ.. 'સંવર અધિકાર' છે ને ? ત્યાં ટીકામાં લીધું છે. શુદ્ધ ઉપયોગ પણ હવે એને ચોથે ગુણસ્થાને ઉપાડવો કે નહિ એ જરી.. ટીકા છે ને ? 'સંવર અધિકાર'માં ટીકા છે. પહેલા ગાથા થઈ જાય પછી ટીકા છે, ટીકા. શુદ્ધ ઉપયોગ છે. અહીં છે ને ? લાવો. આ સંવર છે લ્યો ! ટીકા છે. પહેલા એક કળશ છે, ત્રણ ગાથાનો પછી કળશ છે, કળશ પછી ભાવાર્થ છે પછી પાછી ટીકા છે. 'આ રીતે આ ભેદવિજ્ઞાન જ્યારે જ્ઞાનને અણુમાત્ર પણ (રાગાદિવિકારરૂપ) વિપરીતતા નહિ પમાડતું થકું અવિચળપણે રહે છે, ત્યારે શુદ્ધ-ઉપયોગમયાત્મકપણા વડે જ્ઞાન કેવળ જ્ઞાનરૂપ જ રહેતું થકું...' ત્યાં શુદ્ધઉપયોગ (શબ્દ) વાપર્યો છે. અહીં એ શુદ્ધઉપયોગને આગળ મુનિને લીધો. બાકી તો સમ્યગ્દર્શન થતાં એ શુદ્ધઉપયોગમાં જ થાય છે. અહીં તો ઊંચી દશા લીધી છે. અંદર 'શુદ્ધ-ઉપયોગમયાત્મકપણા વડે જ્ઞાન કેવળ જ્ઞાનરૂપ જ રહેતું...' એકલું જ્ઞાન. જ્ઞાતા-દૃષ્ટાપણે પરિણમતો. આહા..હા...! એને સંવર કહેવાય છે. અહીંયાં હાથ જોડીને (કહે) ... કરાવો. ધૂળમાંય નથી. મિથ્યાત્વ છે ત્યાં આસ્રવનો ત્યાગ ક્યાંથી આવ્યો ?

અહીં કહે છે, 'દ્વિતીય ભાવરૂપ પરાવર્તનના અભાવને લીધે શુદ્ધ સ્વભાવમાં અવસ્થિત વૃત્તિવાળો રહે છે.' સ્થિર છે. તેથી તે જીવ મોક્ષતત્ત્વ છે. એ જીવને મોક્ષતત્ત્વ કહેવામાં આવે છે. ભલે હજી મોક્ષ થયો નથી, પણ મોક્ષની સન્મુખ થઈ ગયો છે. માટે તે આવા આત્માને મોક્ષતત્ત્વ કહેવામાં આવે છે.

શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !

**अथ मोक्षतत्त्वसाधनतत्त्वमुद्घाटयति-**

**सम्मं विदिदपदत्था चत्ता उवहिं बहित्थमज्झत्थं।**
**विसयेसु णावसत्ता जे ते सुद्ध त्ति णिद्दिट्ठा।।२७३।।**

सम्यग्विदितपदार्थास्त्यक्त्वोपधिं बहिस्थमध्यस्थम्।
विषयेषु नावसक्ता ये ते शुद्धा इति निर्दिष्टाः।।२७३।।

**अनेकान्तकलितसकलज्ञातृज्ञेयतत्त्वयथावस्थितस्वरूपपाण्डित्यशौण्डाः सन्तः समस्त-बहिरङ्गान्तरङ्गतिपरित्यागविविक्तान्तश्चकचकायमानानन्तशक्तिचैतन्यभास्वरात्मतत्तवस्वरूपाः स्वरूपगुप्तसुषुप्तकल्पान्तस्तत्त्ववृत्तितया विषयेषु मनागप्यासक्तिमनासादयन्तः समस्तानुभाववन्तो भगवन्तः शुद्धा एवासंसारघटितविकटकर्मकवाटविघटनपटीयसाध्यवसायेन प्रकटीक्रियमाणावदाना मोक्षतत्त्वसाधनतत्त्वमवबुध्यताम्।।२७३।।**

---

अथ मोक्षकारणमाख्याति-**सम्मं विदिदपदत्था** संशयविपर्ययानध्यवसायरहितानन्तज्ञानादिस्वभाव-निजपरमात्मपदार्थप्रभृतिसमस्तवस्तुविचारचतुरचित्तचातुर्यप्रकाशमानसातिशयपरमविवेकज्योतिषा सम्यग्विदितपदार्थाः। पुनरपि किंरूपाः। **विसयेसु णावसत्ता** पञ्चेन्द्रियविषयाधीनरहितत्वेन निजात्मतत्त्वभावनारूपपरमसमाधिसंजातपरमानन्दैकलक्षणसुखसुधारसास्वा-दानुभवबलेन विषयेषु मनागप्यनासक्ताः। किं कृत्वा। पूर्वं स्वस्वरूपपरिग्रहं स्वीकारं कृत्वा, **चत्ता** त्यक्तवा। कम्। **उवहिं** उपधिं परिग्रहम्। किंविशिष्टम्। **बहित्थमज्झत्थं** बहिस्थंक्षेत्रवास्त्वाद्यनेकविधं मध्यस्थं मिथ्यात्वादिचतुर्दशभेदभिन्नम्। **जे** एवंगुणविशिष्टाः ये महात्मानः **ते सुद्ध त्ति णिद्दिट्ठा** ते शुद्धाः शुद्धोपयोगिनः इति निर्दिष्टाः कथिताः। अनेन व्याख्यानेन किमुक्तं भवति-इत्थंभूताः परमयोगिन एवाभेदेन मोक्षमार्ग इत्यवबोद्धव्यम्।।२७३।।

---

હવે મોક્ષતત્ત્વનું સાધનતત્ત્વ પ્રગટ કરે છે :–

**જાણી યથાર્થ પદાર્થને, તજી સંગ અંતર્બાહ્યને,**
**આસક્ત નહિ વિષયો વિષે જે, 'શુદ્ધ' ભાખ્યા તેમને. ૨૭૩.**

અન્વયાર્થ :– [ **सम्यग्विदितपदार्थाः** ] સમ્યક્ (યથાતથપણે) પદાર્થોને જાણતા થકા [ **ये** ] જેઓ [ **बहिरस्थमध्यस्थम्** ] બહિરંગ તથા અંતરંગ [ **उपधिं** ] પરિગ્રહને [ **त्यक्त्वा** ] છોડીને [ **विषयेषु न अवसक्ताः** ] વિષયોમાં આસક્ત નથી, [ **ते** ] તેમને [ **शुद्धाः इति निर्दिष्टाः** ] 'શુદ્ધ' કહેવામાં આવ્યા છે.

ટીકા :– અનેકાંત વડે જણાતું જે સકળ જ્ઞાતૃતત્ત્વનું અને જ્ઞેયતત્ત્વનું યથાસ્થિત સ્વરૂપ તેના પાંડિત્યમાં જેઓ પ્રવીણ છે, અંતરંગમાં ચકચકાટ કરતા અનંતશક્તિવાળા ચૈતન્યથી ભાસ્વર (તેજસ્વી) આત્મતત્ત્વના સ્વરૂપને જેમણે સમસ્ત બહિરંગ તથા અંતરંગ સંગતિના પરિત્યાગ વડે વિવિક્ત (ભિન્ન) કર્યું છે, અને (તેથી) અંતઃતત્ત્વની વૃત્તિ (–આત્માની પરિણતિ) સ્વરૂપગુપ્ત અને સુષુપ્ત સમાન રહેવાને લીધે જેઓ વિષયોમાં જરા પણ આસક્તિ પામતા નથી,–એવા જે સકળ–મહિમાવંત ભગવંત 'શુદ્ધો' (–શુદ્ધોપયોગીઓ) તેમને જ મોક્ષતત્ત્વનું સાધનતત્ત્વ જાણવું (અર્થાત્ તે શુદ્ધોપયોગીઓ જ મોક્ષમાર્ગરૂપ છે), કારણ કે તેઓ અનાદિ સંસારથી રચાયેલા–બંધ રહેલા વિકટ કર્મકપાટને તોડવાના–ખોલવાના અતિ ઉગ્ર પ્રયત્ન વડે પરાક્રમ પ્રગટ કરી રહ્યા છે. ૨૭૩.

---

**આસો વદ ૧૫, શનિવાર**
**તા. ૨૦-૧૦-૧૯૭૯**
**ગાથા–૨૭૩ પ્રવચન નં. ૨૫૨**

---

'પ્રવચનસાર' ૨૭૩ ગાથા. 'હવે મોક્ષતત્ત્વનું સાધનતત્ત્વ...' જોયું, બેય (જગ્યાએ) 'તત્ત્વ' શબ્દ વાપર્યો છે. મોક્ષસ્વભાવ છે એનું સાધન સ્વભાવ. 'તત્ત્વાર્થ સૂત્ર'માં આવે છે ને ? 'તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનં'. એની વ્યાખ્યા શું કરી છે ટીકામાં જોઈ છે ? અર્થ એટલે દ્રવ્ય-ગુણ ને પર્યાય અને તત્ત્વ એટલે એનો ભાવ. તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનં. અર્થ એટલે દ્રવ્ય, ગુણ ને પર્યાય અને તત્ત્વ એટલે તેનો સ્વભાવ. દ્રવ્યનો સ્વભાવ, ગુણનો સ્વભાવ, પર્યાયનો સ્વભાવ. એ તત્ત્વાર્થશ્રદ્ધાનં. એ અહીં કહે છે.

જાણી યથાર્થ પદાર્થને, તજી સંગ અંતર્બાહ્યને,
આસક્ત નહિ વિષયો વિષે જે, 'શુદ્ધ' ભાખ્યા તેમને. ૨૭૩.

આ 'શુદ્ધ' શબ્દે શુદ્ધઉપયોગ છે. ટીકા :– 'અનેકાંત વડ જણાતું જે સકળ જ્ઞાતૃતત્ત્વ...'

આખું જ્ઞાયકતત્ત્વ ભગવાન સ્વથી છે, પરથી નથી, દ્રવ્યપણે છે, પર્યાયપણે નથી, પર્યાયપણે છે, દ્રવ્યપણે નથી, એમ સકળ જ્ઞાતૃતત્ત્વ – આખું જ્ઞાયકતત્ત્વ, જ્ઞાયકનો જે ભાવ – સ્વભાવ એનું 'યથાસ્થિત સ્વરૂપ...' 'અને જ્ઞેયતત્ત્વનું યથાસ્થિત સ્વરૂપ...' બેય લીધું. જ્ઞાયકતત્ત્વ, એનો યથાસ્થિત (અર્થાત્) જે રીતે છે તેવા તેના સ્વરૂપનો નિશ્ચય અને જ્ઞેયતત્ત્વ, એનો પણ યથાસ્થિત (અર્થાત્) જે રીતે છે તેની રીતે, 'તેના પાંડિત્યમાં જેઓ પ્રવીણ છે,...' ભાષા દેખો !

એ દ્રવ્ય સ્વભાવ જ્ઞાયકતત્ત્વ અને જ્ઞેયસ્વભાવ પર, બેયનું યથાસ્થિત જેને જ્ઞાન છે તેને અહીંયાં પંડિત કહ્યાં છે. આહા..હા...! 'પાંડિત્યમાં જેઓ પ્રવીણ છે,...' આહા..હા...! દરેક દ્રવ્યની પર્યાય સમયે સમયે નિશ્ચયથી થાય છે એવું જ્ઞાતૃતત્ત્વ અને જ્ઞેયતત્ત્વનું સ્વરૂપ છે અને જ્ઞાયકતત્ત્વ તે જાણકસ્વભાવ, આદિ અનંત સ્વભાવનો પિંડ પ્રભુ છે, તેનું યથાસ્થિત જેવો છે તેવો અંતર નિશ્ચય થવો અને જ્ઞેયતત્ત્વનો જેવો છે તેવો યથાસ્થિત નિશ્ચય થવો, એના 'પાંડિત્યમાં જેઓ પ્રવીણ છે,...' આહા..હા...!

૨૭૨ (ગાથામાં) આવ્યું હતું ને ? આગમ અને પદાર્થનું, એમ આવ્યું હતું. આગમ પદો, તેનો ભાવ શું છે તેવો યથાર્થ નિશ્ચય અને આગમે કહેલા પદાર્થોનો યથાસ્થિત નિશ્ચય, એમ બે આવ્યું હતું. પદો અને પદાર્થો. અહીં એક જ લીધું. કારણ કે ટીકામાં એક લીધું.

આગમ જે રીતે સર્વજ્ઞની વાણી છે, પરમાત્મા ત્રિલોકનાથની દિવ્યધ્વનિ, 'ૐકાર ધ્વનિ સુણી, અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશ ભવિક જીવ સંશય નિવારે' એ ભગવાનની દિવ્યધ્વનિમાં જે ૐમાં આવ્યું એને ગણધરો – ચાર જ્ઞાનના ધણી ગણધર સંત અથવા ગણ નામ સાધુના ધરનારા, એનો અર્થ વિચારી. સૂત્ર તો ભગવાને કીધું (તેનો) અર્થ વિચારી, એનો ભાવ વિચારીને જે આગમની રચના કરે, એ આગમે કહેલા પદાર્થો અને આગમના ભાવ. આહા..હા...! યથાસ્થિત જેમ છે તેમ નિર્ણય કરે.

ભગવાન તો આત્મા જ્ઞાયકસ્વરૂપ છે. દયા, દાનના પરિણામ એ રાગ ને વિકાર ને પુણ્ય તત્ત્વ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, વાસના પાપતત્ત્વ છે. બે થઈને આસ્રવતત્ત્વ છે અને તેમાં રોકાવું તે બંધતત્ત્વ છે. આહા..હા...! અને રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાન થવું તે સંવરતત્ત્વ છે. અને સંવરતત્ત્વ પૂર્વક અંતરમાં એકાગ્રતા થતા જે શુદ્ધિની વૃદ્ધિ થાય તે નિર્જરાતત્ત્વ છે. નિર્જરાના ત્રણ પ્રકાર છે. એક – જડ કર્મની નિર્જરા. એક – અશુદ્ધની નિર્જરા – એ પોતાના ઉપયોગની. અને એક – શુદ્ધિની વૃદ્ધિ. એ ત્રણેને નિર્જરા કહેવામાં

આવે છે. સમજાય છે કાંઈ ? એને જે રીતે છે તે રીતે એને સમજે. આહા..હા...! અને મોક્ષતત્ત્વ. બધું આવી ગયું ને ? મોક્ષ જે છે પૂર્ણ પરમાત્મ દશા, એને પણ જે રીતે છે તે રીતે (જાણે). **'जो जाणदि अरहंतं'** આવે છે ને ? **'दव्वत्तगुणत्तपज्जयत्तेहिं'** અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે એ આત્મા પોતાના આત્માની સાથે મેળવીને આત્માને જાણે. આહા..હા...!

એવા યથાસ્થિત 'પાંડિત્યમાં જેઓ પ્રવીણ છે,...' એક વાત. 'અંતરંગમાં ચકટકાટ કરતા...' આ..હા..હા...! ચૈતન્યનો પ્રકાશ ચકચકાટ કરતો અંદરમાં ભર્યો છે. આહા..હા...! એ જેને દૃષ્ટિમાં અને જેની પર્યાયમાં પ્રગટ થયો છે. 'અંતરંગમાં ચકચકાટ કરતા અનંતશક્તિવાળા ચૈતન્યથી ભાસ્વર (તેજસ્વી)...' આ..હા..હા...! જેનો જ્ઞાનચેતન પ્રકાશ અનંત છે. સ્વભાવ છે તેને અંત ન હોય. આ..હા..હા...! એવો જે અનંત ચૈત્યનો સ્વભાવ, એના પ્રકાશમાં પ્રવીણ છે.

'(તેજસ્વી) આત્મતત્ત્વના સ્વરૂપને...' આ..હા..હા...! જેણે આવું જે ચૈતન્યતત્ત્વ છે, તેના 'આત્મતત્ત્વના સ્વરૂપને જેમણે...' પહેલો નિર્ણય, અનુભવ તો થયો. હવે વિશેષ કરે છે. સાધુપદ લેવું છે ને ? શુદ્ધઉપયોગ લેવો છે ને ? જ્ઞાયકતત્ત્વ અનંત જ્ઞાનના ચકચકાટ પ્રકાશથી ભરેલો ભગવાન, એના પાંડિત્યમાં પ્રવીણ. શાસ્ત્રમાં પ્રવીણ કે એ વાત અહીં ન લીધી. આહા..હા...! વસ્તુ જે છે અંદર ભગવાન ચૈતન્યચમત્કાર પ્રભુ, એના પાંડિત્યમાં પ્રવીણ અને 'અંતરંગમાં ચકચકાટ કરતા અનંતશક્તિવાળા... આત્મતત્ત્વના સ્વરૂપને જેમણે...' હવે આગળ વધે છે. 'સમસ્ત બહિરંગ તથા અંતરંગ સંગતિના પરિત્યાગ વડે...' હવે મુનિપણું કહે છે. પહેલા ત્યાં સમ્યગ્દર્શન અને જ્ઞાન કહ્યું. આ..હા...!

'બહિરંગ...' દસ પ્રકારનો બહિરંગ પરિગ્રહ, ચૌદ પ્રકારનો અંતરંગ પરિગ્રહ. છે ને ચોવીસ પ્રકાર ? દસ પ્રકાનો બાહ્ય પરિગ્રહ. ખેતર, વસ્તુ, ધન, ધાન્ય, સુવર્ણ આદિ. અને અંતરંગમાં ચૌદ પ્રકારનો પરિગ્રહ. મિથ્યાત્વ, અવ્રત, રાગાદિ, હાસ્ય આદિ. આહા..હા...! એ બહિરંગ દસ, અંતરંગ ચૌદ. એવા સંગતિ નામ પરિગ્રહના 'પરિત્યાગ વડે...' આહા..હા...! એનો સંગ જ છોડ્યો છે હવે, કહે છે. અસંગ ભગવાનઆત્મા, એની રમણતામાં રમતા. આહા..હા...! એ ચોવીસ પ્રકારના પરિગ્રહની સંગતિ, સંબંધ જ છોડ્યો છે. આહા..હા...! મુનિપણું વર્ણવવું છે ને ! શુદ્ધઉપયોગ લેવો છે ને ! આહા..હા...!

'બહિરંગ તથા અંતરંગ સંગતિના પરિત્યાગ વડે...' સંગતિ એટલે સંબંધ. એના સંગના

સંબંધથી ત્યાગ વડે. એકલો ત્યાગ નહિ, પરિત્યાગ વડે. સમસ્ત પ્રકારના પરના ત્યાગ વડે. આહા..હા...! અંતરંગમાં સ્વરૂપની પકડ વડે, એમ કહે છે. જુઓ ! છે એમાં ? ટીકામાં છે. 'જયસેનાચાર્ય'ની ટીકામાં (એમ છે). **'संशयविपर्ययानध्यवसायरहितानन्तज्ञानादिस्वभाव-निजपरमात्मपदार्थप्रभृति'** આદિ. **'प्रभृति'** એટલે આદિ. **'समस्तवस्तुविचारचतुरचित्तचातुर्य'** આહા..હા...! સમસ્ત પદાર્થમાં વિચારમાં ચતુર ચિત્ત ચાતુર્ય. ત્રણ શબ્દ વાપર્યા છે. ચિત્ત, ચતુર, ચાતુર્ય. આ..હા...! દરેક પદાર્થમાં ચતુર છે, કહે છે. આહા..હા...! દરેક નવ તત્ત્વ છે, જ્ઞાયક આદિ નવ પદાર્થ, જ્ઞાયકતત્ત્વ અને જ્ઞેયતત્ત્વમાં જેનું ચતુર ચિત્ત છે. એની જે વાસ્તવિકતા છે તેને પકડી શકે છે. આહા..હા...! સંસ્કૃતમાં છે. **'प्रकाशमानसातिशयपरमविवेकज्योतिषा सम्यग्विदितपदार्थाः ।'** ત્યાં સુધી તો સમ્યક્ પ્રકારે જાણ્યા છે પદાર્થ જેણે. આહા..હા...!

હવે **'विसयेषु णावसत्ता'** છે ને ? **'पञ्चेन्द्रियविषयाधीनरहितत्वेन निजात्मतत्त्वभावनारूपपरमसमाधिसंजातपरमानन्दैकलक्षणसुखसुधारसास्वादानुभवबलेन'** આ..હા..હા...! કહે છે કે, એ વિષયનો સંગનો ત્યાગ કર્યો છે, કઈ રીતે ? અંતરના સુધાભિમુખ અમૃતના સ્વાદના બળ વડે કરીને પરનો ત્યાગ થયો છે. આહા..હા...! જેને દૂધપાકના સ્વાદ આવ્યા એને ધોળી જ્વારના ફોતરાના રોટલા, એને ત્યાગ જ છે. ધોળી જુવાર સમજાય છે ? ધોળી જુવારમાં મીઠાશ ઓછી હોય છે. એના ફોતરા સાધારણ હોય છે. એ જેને આત્માના અતીન્દ્રિય આનંદના સ્વાદના બળે. અતીન્દ્રિય આનંદના સ્વાદના બળે, જેને વિષયનો એટલે બહિર અને અભ્યંતરનો ત્યાગ થઈ ગયો છે. આહા..હા...! અસ્તિથી આ વાત કરી. **'निजात्मतत्त्वभावनारूप'** આ ભાવના શબ્દે ઓલા કહે છે ને ? ભાવના એટલે ભાવના, એમ નહિ. નિજાત્મતત્ત્વની ભાવના (એટલે) આનંદના એકાગ્રતા. એ અહીં ભાવનાના અર્થમાં છે.

'જયસેનાચાર્ય'ની ટીકામાં શ્રાવકને સામાયિકમાં 'શુદ્ધઉપયોગની ભાવના' એવો શબ્દ છે. એનો અર્થ કેટલાક એવો કરે છે કે, એ ભાવના એટલે શુદ્ધઉપયોગની વિચારણા કરે છે. (પરંતુ) એમ નથી. ટીકામાં છે. સામાયિક કાળમાં એને શુદ્ધઉપયોગ આવે છે. આ ભાવના શું કીધી ? અરે..રે...! દુનિયા ક્યાંની ક્યાં કલ્પના કરે ? અહીં શું કહ્યું ? **'निजात्मतत्त्वभावनारूपपरमसमाधि'** ભાવનારૂપ પરમસમાધિ. આહા..હા...! વાત ઇ છે કે સમ્યગ્દર્શન વિના સામાયિક માનવી છે અને સામાયિકવાળાને શુદ્ધઉપયોગ થાય એ એને માનવું નથી. કારણ કે સમ્યગ્દર્શન જ નથી ત્યાં શુદ્ધઉપયોગ ક્યાંથી હોય ? આહા..હા...!

જે સમ્યગ્દર્શનમાં આત્મપદાર્થ, જ્ઞાન અને જ્ઞેયનું જેને યથાર્થ ભાન થયું છે, અનુભવ (થયો છે), એ જ્યારે સામાયિકમાં બેસે છે ત્યારે સ્વરૂપમાં શુદ્ધઉપયોગ થઈ જાય છે. આહા..હા...! એને ત્યાં શુદ્ધઉપયોગની ભાવના શબ્દ વાપર્યો છે. 'જયસેનાચાર્ય'ની સંસ્કૃત ટીકા (છે). એનો અર્થ કેટલાક કરે છે કે, ભાવના એ તો ફક્ત, શુદ્ધઉપયોગ નહિ, એની ભાવના છે. પણ ભાવના એટલે શું ? આ શું કીધું ભાવના ? **'निजात्मतत्त्वभावनारूपपरमसमाधिसंजात'**

મુમુક્ષુ :– આતમભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઇ આ. 'આત્મભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન', ઇ આ ભાવના. અંતર આનંદનો નાથ અતીન્દ્રિય આનંદનો જેણે જાગૃત સ્વભાવનો જેને અનુભવ થયો છે, હવે એનો ઉપયોગ જ્યાં અંદર જોડાય જાય છે, ભાવના એટલે નિજાત્મ તત્ત્વમાં ઉપયોગ જોડાઈને **'संजात'** (અર્થાત્) એનાથી ઉત્પન્ન થતો. ભાવનાથી ઉત્પન્ન થતો **'परमसमाधिसंजातपरमानन्द'** આ..હા..હા...! અંતરમાં પરમાનંદની દશા પ્રગટ થાય છે. શ્રાવકને, સાચા શ્રાવક. આ ક્યાં શ્રાવક છે કોઈ ? આ તો બધા વાડાના સાવજ છે. જેને આત્મદર્શન છે, જેને દેહની ક્રિયાનો એક પણ પરમાણુની પર્યાયનો હું કર્તા નથી, દયા, દાનના પરિણામનું પણ કર્તવ્ય મારું નથી, હું તો જ્ઞાયકતત્ત્વ છું, રાગનો ભાવ આવે તેનો પણ સ્વમાં રહીને, તેને ભિન્ન રાખીને (તેનો) જાણનારો છું... આ..હા..હા...! એવું જેને અંદર સમ્યગ્દર્શન થયું છે એ જ્યારે સામાયિકમાં બેસે છે... સામાયિક એને (કહેવાય), અત્યારે તો સામાયિક આઠ વર્ષની છોડીને બે-પાંચ સામાયિક જોડી દીધી. સામાયિક થઈ ગઈ ને પછી રૂપિયો-બે રૂપિયો શેઠિયાઓ ભેગા થઈને આપે. ભાઈ ! બધે એમ જ અત્યારે તો વાડામાં વર્તે છે. આહા..હા...!

ભાઈ ! ભાવનાનો અર્થ શું છે ? અહીંયાં આપણે આવ્યું છે એટલે કહ્યું. ભાવના એટલે શુદ્ધ ભાવની, શુદ્ધઉપયોગની ભાવના એટલે કલ્પના કરવી એમ નથી. પરિણમન અંદર શુદ્ધઉપયોગનું છે. આહા..હા...! ઝીણી વાત, ભાઈ ! આહા..હા...! શાસ્ત્રોના અર્થ કરવામાં પણ એના આગમના અર્થથી (સમજે). ૨૭૨માં આવી ગયું છે. આગમને કહેવું છે તે રીતે આગમના ભાવને સમજે અને પછી આગમે કહેલા પદાર્થ – વાચ્ય, વાચકને અને વાચ્યને, બેયને જેમ છે તેમ સમજે. આહા..હા...! સમજાણું કાંઈ ? અહીં એકલા પદાર્થની વાત લીધી. આગમ એમાં આવી ગયું છે. આહા..હા...!

જેવો ભગવાને કહેલું જ્ઞાયકતત્ત્વ પ્રભુ, એ દયા, દાન ને વ્રતનો વિકલ્પ રાગ છે, એનાથી

પણ પ્રભુ તો ચૈતન્ય ભિન્ન છે. એવા જ્ઞાયકતત્ત્વનો જેને અનુભવ થયો છે એ જીવ પોતાના નિજાત્માની ભાવનાથી ઉત્પન્ન થયેલો અતીન્દ્રિય આનંદના સ્વાદના બળે પરિગ્રહને અને રાગને છોડે છે. છોડે છે એ પણ કથન છે. આહા..હા...! સમજાવવું છે ને ? બાકી તો ૩૪ ગાથામાં એમેય કહ્યું ને ? કે, રાગનો ત્યાગ પણ નામમાત્ર છે. 'સમયસાર' ! પરના ત્યાગ-ગ્રહણ તો આત્મામાં છે જ નહિ. કેમકે આત્મા ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ (સ્વરૂપ છે). પરના ત્યાગ અને ગ્રહણથી તો શૂન્ય છે. કદી પરમાણુ ગયો નથી, એની પર્યાયમાં પરદ્રવ્ય કોઈ દિ' આવ્યું નથી. આવ્યું નથી એટલે છોડવું નથી. આહા..હા...! ગ્રહણ-ત્યાગ નથી.

એક ગ્રહણ-ત્યાગ ૧૮૯માં રાગનો લીધો છે. 'પ્રવચનસાર' ૧૮૯ ગાથા. રાગનો ગ્રહણ-ત્યાગ છે. ત્યાં આગળ એની પર્યાય સિદ્ધ કરવી છે ને ? જ્ઞેય અધિકાર છે ને ? ૧૮૯, 'પ્રવચનસાર'. જ્ઞેય અધિકાર છે એટલે ત્યાં આગળ એ લીધું છે. ૨૦૦ ગાથા પહેલા છે. ૨૦૦ સુધી જ્ઞેય અધિકાર છે. એટલે ત્યાં એમ લીધું છે કે, રાગ-વિકારના ગ્રહણ-ત્યાગથી રહિત છે. વિકારના ગ્રહણ-ત્યાગથી રહિત છે. ગ્રહણ અને ત્યાગ કરતો હતો, એનાથી રહિત છે. છે ? ૧૮૯માં આવી ગયું છે. આ 'પ્રવચનસાર' છે ને ? ૧૮૯. જુઓ ! ૧૮૯ ગાથા.

'રાગપરિણામ જ આત્માનું કર્મ છે,...' ૧૮૯. વિકાર પરિણામ એ જ આત્માનું કાર્ય છે. 'તે જ પુણ્યપાપરૂપ દ્વૈત છે, રાગપરિણામનો જ આત્મા કર્તા છે,...' જ્ઞેય સિદ્ધ કરવું છે ને ? ટીકા છે, ટીકા. 'રાગપરિણામનો જ આત્મા કર્તા છે,...' પરથી ભિન્ન જ્ઞેય સિદ્ધ કરવું છે ને ? અને 'તેનો જ ગ્રહનાર અને છોડનાર છે;...' છે ? આવ્યું ? 'તેનો જ ગ્રહનાર અને છોડનાર છે;....' કોનો ? વિકારનો. પરનો નહિ. કર્મનું ગ્રહણ અને કર્મનો ત્યાગ. પરદ્રવ્યનું ગ્રહણ-ત્યાગ એ તો અહીં વસ્તુમાં છે જ નહિ. ફક્ત જ્ઞેયસ્વરૂપ છે, એની પર્યાયમાં રાગનું ગ્રહણ થાય છે અને રાગનો ત્યાગ એટલો વ્યવહાર અશુદ્ધનય છે. જોકે અહીં તો એને શુદ્ધદ્રવ્ય કીધું છે. છે ?

'ગ્રહનાર અને છોડનાર છે; આ, શુદ્ધદ્રવ્યના નિરૂપણસ્વરૂપ નિશ્ચયનય છે.' આહા..હા...! કેમ કહ્યું ઇ ? કે, એના દ્રવ્યની પોતાની પર્યાય છે એને શુદ્ધ દ્રવ્ય તરીકે કહ્યું અને પરને લઈને થાય એમ કહેવું એ અશુદ્ધનય છે. આહા..હા...! છે ? 'શુદ્ધદ્રવ્યના નિરૂપણસ્વરૂપ નિશ્ચયનય છે.' વિકારને જીવ ગ્રહણ કરે અને વિકારને છોડે એ નિશ્ચયનય છે. એ શુદ્ધદ્રવ્યની

વસ્તુ છે. લે ! જ્ઞેય સિદ્ધ કરવું છે ને ? પરથી ભિન્ન. પરની સાથે શું સંબંધ છે. પરદ્રવ્યનો તો અંતર અભાવ છે. હવે એના ભાવમાં જે રાગ છે તેનું ગ્રહણ-ત્યાગ છે, એ શુદ્ધદ્રવ્યના નિરૂપણનું કથન છે, નિશ્ચયનયનું એ કથન છે.

મુમુક્ષુ :– કભી આપ ઐસા કહતે હો, કભી વૈસા કહતે હો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અત્યારે કઈ વાત ચાલે છે ? અત્યારે દ્રવ્ય જે વસ્તુ છે, એમાં રાગનો ગ્રહણ અને ત્યાગ, એ શુદ્ધદ્રવ્યનું કથન છે. એમાં પરની અપેક્ષા નથી એથી એને શુદ્ધદ્રવ્ય કહેવામાં આવ્યું છે. આહા..હા...! નિશ્ચયનયથી વિકારનો ગ્રહણ-ત્યાગ છે એ શુદ્ધદ્રવ્યનું કથન છે. અહીં જ્ઞેયને જ્ઞાનપ્રધાન કથનમાં તેની દશામાં થતો વિકાર તેને ગ્રહે છે અને તેને છોડે છે એવું જ્ઞેયનું સિદ્ધપણું કરવું છે. જ્યારે દૃષ્ટિપ્રધાન કથન આવે ત્યારે તો જ્ઞાયકભાવ છે એ રાગને ગ્રહણ કરતો નથી અને છોડતો નથી, એ તો જ્ઞાયક છે (એમ આવે). ઝીણી વાત છે, ભાઈ ! વીતરાગમાર્ગ ઘણો સૂક્ષ્મ છે, ઝીણો છે, અપૂર્વ છે. આ..હા..હા...! તેથી કહ્યું ને ?

'પુદ્‌ગલપરિણામ આત્માનું કર્મ છે, તે જ પુણ્યપાપરૂપ દ્વૈત છે, પુદ્‌ગલપરિણામનો આત્મા કર્તા છે, તેનો ગ્રહનાર અને છોડનાર છે;—આવો જે નય તે અશુદ્ધદ્રવ્યના...' કથન છે. અશુદ્ધનયનું કથન છે. નિમિત્તનો ગ્રહણ-ત્યાગ કહેવો એ અશુદ્ધદ્રવ્યનું કથન છે અને પોતામાં ગ્રહણ-ત્યાગ કરવો એ શુદ્ધદ્રવ્યનું કથન છે. આહા..હા...! અરે...! ભગવાનની શૈલી તો જુઓ !

મુમુક્ષુ :– બપોરના વ્યાખ્યાનમાં આત્મા રાગનો ગ્રહણ-ત્યાગ કરે, સવારમાં ન કરે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઇ અમારે એક (ભાઈ) કહેતા. બુદ્ધિ જાડી, બિચારા સાધારણ. બહુ સાદી બુદ્ધિ. અત્યારે છોકરો કરોડપતિ થઈ ગયો છે, પણ એ વખતે બધું બહુ સાધારણ હતુ. અમસ્તી પણ ખોટ ગઈ હતી તો પૈસા (બીજા ભાઈએ) આપ્યા હતા. સટ્ટામાં ગયા હતા ને ? સોળ હજાર આપ્યા હતા. ત્યારે એમાં સટ્ટામાંથી નીકળ્યા કે, ભઈ ! તારે લઈને અમે આવ્યા છે અને તારું નામ નીકળી જાય. ભાઈએ સોળ હજાર રૂપિયા આપ્યા હતા. આ તો ઘણા વર્ષની વાત છે. અત્યારે તો કરોડપતિ થઈ ગયો છે. હમણા અકસ્માત થયો છે. નહિ ? અકસ્માત થઈ ગયો છે. સાંભળ્યું છે. કાંઈક લાગી ગયું છે. રૂપિયા – ધૂળ ત્યાં શું કરે ? ઇ એના બાપ હતા. ઇ આવે, અમારા સગાવહાલા હતા ને બધા ? આવે ખરા. ત્યાં 'પાલેજ'માં ભેગા રહેતા. સાંભળવા આવે. સવારમાં મહારાજ કાંઈક કહે, બપોરે કાંઈક કહે, અમારે નિર્ણય શું કરવો ? ભાઈ !

સવારમાં એમ કહે, 'સમયસાર' વાંચે ત્યારે એમ કહે કે, આત્મા શુદ્ધ ત્રિકાળ આનંદનો નાથ (છે), જેમાં રાગનું ગ્રહવું, રાગનું છોડવું વસ્તુમાં છે જ નહિ. એ તો દ્રવ્યની દૃષ્ટિ કરાવવા દૃષ્ટિનો વિષય ધ્રુવ છે, એ ધ્રુવની દૃષ્ટિએ રાગની પર્યાયનું ગ્રહવું કે છોડવું એમાં છે નહિ. અને તે પાછું ૩૪મી ગાથામાં કહ્યું કે, રાગનો ત્યાગ આત્મા કરે છે, સ્વરૂપમાં ઠરતા તે રાગનો ત્યાગ કરે છે એ નામમાત્ર કથન છે. પરમાર્થે રાગના ત્યાગનો કર્તા આત્મા નથી. અહીં કહે છે, ગ્રહનાર અને છોડનાર આત્મા છે.

મુમુક્ષુ :- શુદ્ધનય કા કથન હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી :- શુદ્ધનય કા કથન હૈ, નિશ્ચયનય કા કથન હૈ. સ્વદ્રવ્યને અહીં નિશ્ચય કહેવો છે. એનો પર્યાય એનો છે એ નિશ્ચય કહેવો છે. પરનો પર્યાય કહેવો એ વ્યવહારનય અને અશુદ્ધનય છે. આહા..હા...! (ઇ) ભાઈ એમ કહેતા. બહુ બુદ્ધિ જાડી હતી ને આની બુદ્ધિ પણ સમજવા જેવી, પણ પુણ્યને લઈને પૈસા થાય. આ ધૂળ એવી મળી છે. પૂર્વના પુણ્યના હોય તો પૈસા ભેગા થઈ જાય પછી માણસ માને કે, આ બુદ્ધિવાળા થયા. ઇ તો બધું સમજવા જેવું છે. અહીં તો બધું જોયું છે ને ! દુનિયા આખી (જોઈ છે). આહા..હા...!

અહીં કહે છે કે, કર્મનો છોડે અને ગ્રહે, એ અશુદ્ધદ્રવ્યનું કથન છે, વ્યવહારનય છે અને રાગને ગ્રહે ને છોડે એ શુદ્ધદ્રવ્યનું નિશ્ચયનયનું કથન છે. અહીંયાં બાપુ ! આ જ્ઞેય અધિકાર છે. અને છ દ્રવ્યના જ્ઞેયમાં આત્મા જ્ઞેય છે એ પરથી તદ્દન ભિન્ન છે, એમ બતાવીને રાગને ગ્રહે અને છોડે, ઇ કહે છે. પણ પરમાર્થની દૃષ્ટિએ જ્યારે જોવામાં આવે ત્યારે રાગનો ત્યાગકર્તા પણ નામમાત્ર છે, પરમાર્થે રાગનો કર્તા છે છે જ નહિ. એ જ્ઞાનસ્વરૂમાં ઠરે છે, અંદરમાં આનંદમાં ઠરે છે, રાગ ઉત્પન્ન થતો નથી તેને નામમાત્ર કથનથી રાગનો ત્યાગ કર્યો, એમ કહેવામાં આવે છે. આ..હા...! ગજબ વાત છે, બાપુ ! વીતરાગમાર્ગ...

મુમુક્ષુ :- એ પરમાર્થ કથન અને આ ૧૮૯માં..

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ પરમાર્થ, સ્વજ્ઞેયનું પરમાર્થ કથન. ઓલું દ્રવ્યનું – ધ્રુવનું પરમાર્થ કથન (છે). આહા..હા...! કહો, ભાઈ ! આવી છે પ્રવીણતા. ઘડીકમાં આમ ને ઘડીકમાં આમ. બાપુ ! આહા..હા...!

અહીં લોકમાં પણ નથી કહેવાતું ? સાળાને સાળો પણ કહેવાય અને એને બનેવી

પણ કહેવાય. બેને આપી હોય તો એ બનેવી કહેવાય અને પાછી એની બેન લીધી હોય તો સાળો કહેવાય. (એવું) છે કે નહિ ? આહા..હા...! અમારે (ભાઈને) એમ છે. સાળાની બેન છે અને એની પોતાની બેન આપી છે એટલે બનેવી કહેવાય. આહા..હા...! કઈ અપેક્ષા ?

અહીં કહે છે, પ્રભુ ! પદાર્થનું જેવું વાસ્તવિક સ્વરૂપ છે તે રીતે તેનો નિર્ણય હોવો જોઈએ. આગમમાં જે ઠેકાણે કઈ અપેક્ષા કહી છે તે અપેક્ષાનું એને યથાર્થ જ્ઞાન હોવું જોઈએ. એકાંત તાણ્યા જ કરે કે અહીં રાગનો ગ્રહણ-ત્યાગ કીધો છે અને બીજે રાગનો ત્યાગ કહેવો એ તો નામમાત્ર કહ્યું છે. કેમકે રાગરૂપ જ્ઞાયક થયો નથી. ત્યાં એમ લીધું છે. જ્ઞાયકસ્વરૂપ છે એ રાગરૂપ થયો નથી. થયો નથી તો રાગને છોડે ક્યાંથી ? આહા..હા...! સમજાય છે કાંઈ ? ઝીણી વાત, બાપુ ! વાણિયાને (આ) મળ્યું પણ વાણિયાને નિર્ણય કરવાનો વખત મળે નહિ. જે વાડમાં પડ્યા એ વાડાની વાત સાંભળીને બિચારા જિંદગી ગાળે, થઈ રહ્યું ! વીતરાગ સાચું તત્ત્વ શું કહે છે ? આહા..હા...!

અહીં એનો (રાગનો) ગ્રહણ-ત્યાગ કીધો અને ૩૪ (ગાથામાં) પચ્ચખાણના અધિકારમાં એમ કહ્યું કે, સ્વરૂપમાં જ્યાં ઠરે છે ત્યાં રાગની ઉત્પત્તિ થતી નથી અને વ્યય કર્યો, નાશ કર્યો એવું નામમાત્ર કથન છે. આ..હા..હા...! બીજી અપેક્ષાએ લઈએ તો 'પ્રવચનસાર'ની ૧૦૧ ગાથામાં તો એમ કહ્યું કે, ઉત્પાદ્ જે થાય છે એને વ્યયની અને ધ્રુવની અપેક્ષા નથી. શું કીધું ? આત્મામાં રાગની ઉત્પત્તિ થાય કે સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થાય, એ ઉત્પત્તિને પરની અપેક્ષા તો નથી પણ વ્યયની અપેક્ષા નથી, ધ્રુવની અપેક્ષા નથી. સ્વતંત્ર ષટ્કારકરૂપે પરિણમે છે. આ..હા..હા...! આવી વાતું છે, ભાઈ ! બહુ ઝીણી.

પ્રશ્ન :– ઇ કેવી રીતે બને ?

સમાધાન :– સત્ છે ને ? ઉત્પાદ પણ સત્ છે ને ? એ સમયનું સત્ છે ને ? સત્ત છે તેને હેતુ હોઈ શકે નહિ. ઉત્પાદ-વ્યય ને ધ્રુવ ત્રણે સત્ છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્. એ સત્ – દ્રવ્ય સત્, ગુણ સત્ અને પર્યાય સત્. એ સત્નો વિસ્તાર (છે). પર્યાય પણ સત્ છે અને છે એને હેતુ ન હોઈ શકે. દરબાર ! ઝીણી વાતું, બાપુ !

મુમુક્ષુ :– સત્ કા વિસ્તાર હૈ ઇસલિયે ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ વિસ્તાર તો ત્રણ થઈને કીધું, પણ ઉત્પાદ સત્ને ધ્રુવની અપેક્ષા છે નહિ. એ જ મોટી ચર્ચા ચાલી હતી ને ? (સંવત) ૧૯૧૩ની સાલ. બાવીસ વર્ષ થયા. વિકાર કર્મને લઈને થાય, નહિતર જો વિકાર પોતાનો થઈ જાય તો સ્વભાવ થઈ જાય

છે. કીધું, કર્મના કારકની વિકાર થવામાં અપેક્ષા નથી. આ ૬૨મી ગાથા જુઓ. 'પંચાસ્તિકાય'ની ૬૨ ગાથા તે દિ' કીધી હતી. બાવીસ વર્ષ પહેલા. તેરની સાલમાં ચર્ચા થઈ હતી. બધા પંડિત બેઠા હતા. આત્મામાં વિકાર થાય એ વિકારની પર્યાય કર્તા, વિકારની પર્યાય કાર્ય, વિકારની પર્યાય સાધન, વિકારની પર્યાયથી વિકાર થયો, વિકારને આધારે વિકાર થયો. વિકાર થઈને વિકાર રહ્યો. એ વિકારની એક સમયની પર્યાયના ષટ્કારકનું સ્વતંત્ર પરિણમન છે. જેને વ્યય અને ધ્રુવની અપેક્ષા નથી. (આમ કહ્યું) તો ન રુચ્યું. (કારણ કે) નવી વાત લાગી. આવું ? તો તો વિકાર સ્વભાવ થઈ જાય. પર્યાયનો સ્વભાવ છે. વિરુદ્ધ પડ્યા. આ..હા...! પછી તો 'કલકત્તા' કાગળ પણ આવ્યો. આ લોકો મૂળમાં ભૂલ્યા છે. મૂળમાં ભૂલ્યા છે આ લોકો. કર્મ વિના વિકાર થાય ? કર્મ વિના વિકાર થાય ? કર્મથી થાય એમ નિમિત્તથી કથન હો, પણ વિકાર એનાથી થાય છે એમ નથી. પરદ્રવ્ય જેને અડતું નથી, પરદ્રવ્ય અને સ્વદ્રવ્યની પર્યાય વચ્ચે અત્યંત અભાવ છે, એના અભાવમાં અંદર આને લઈને ભાવ થાય એ વાત ત્રણ કાળમાં સાચી નથી. કહો, સમજાય છે કાંઈ ?

મુમુક્ષુ :- ઇ વખતે આવી સિંહગર્જના કરતા હતા ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- કહ્યું હતું ને, કહ્યું હતું. ત્યાં બધા બેઠા હતા અને કહ્યું હતું. (એક વિદ્વાન બોલ્યા), મધ્યસ્થ માણસ (હતા), 'સ્વામીજી કહે છે, વિકાર થવામાં પરકારકની અપેક્ષા નિશ્ચયથી નથી.' બીજા બધા હતા. હવે તો (બીજા એક વિદ્વાન) પણ કહે છે કે, 'સોનગઢવાળા' નિમિત્તને માનતા નથી એમ નહિ, પણ નિમિત્તથી થાય છે એમ માનતા નથી. એ લેખ આવી ગયો છે. અરે... પ્રભુ !

ખરેખર તો એવી વાત છે, પ્રભુ ! સત્ – ઉત્પાદ પણ સત્, વ્યય પણ સત્, ધ્રુવ પણ સત્. પરના નાશની અપેક્ષામાં આત્માની તો અપેક્ષા નહિ, પણ પોતામાં રાગનો નાશ થાય એમાં ઉત્પત્તિની અપેક્ષા નહિ અને રાગ ઉત્પન્ન થાય એને વ્યયની અપેક્ષા નહિ અને રાગ ઉત્પન્ન થાય તેને ધ્રુવની અપેક્ષા નહિ. ધ્રુવ તો શુદ્ધ છે. પર્યાયમાં વિકાર થાય તો ધ્રુવનો આશ્રય હોય તો વિકાર થાય નહિ. આહા..હા...! ઝીણી વાતું બહુ.

'પ્રવચનસાર'માં દસમી ગાથામાં પાછુ કહ્યું છે, હોં ! કિ, વિકારનો આશ્રય દ્રવ્ય છે. (એવો) પાઠ છે. ભાઈ ! પાઠ છે. વિકારનો આશ્રય દ્રવ્ય છે એનો અર્થ કે એ પર્યાય એની છે એમાં થાય છે, એમ. આહા..હા...! છે ને આમાં ? ગાથા છે ને કે નહિ ? જુઓને ! 'પ્રવચનસાર' છે ને આ ? દસમી ગાથા, આમાં પાનું છે સોળ. 'કારણ કે વસ્તુ સ્વરૂપ

આશ્રય વિના પરિણામ કોના આધારે રહે ?' છે (ભાવાર્થની) અંદર ? ટીકામાં જુઓ તો. 'સ્વ-આશ્રયભૂત વસ્તુના અભાવમાં નિરાશ્રય પરિણામને શૂન્યપણાનો પ્રસંગ આવે છે.' ટીકાના (પહેલા પેરેગ્રાફની) છેલ્લી (પંક્તિ). સ્વઆશ્રય વિના... છે ? 'સ્વઆશ્રયભૂત વસ્તુના અભાવમાં (અર્થાત્ પોતાને આશ્રયરૂપ જે વસ્તુ તે ન હોય તો) નિરાશ્રય પરિણામને શૂન્યપણાનો પ્રસંગ આવે છે.' એટલે વિકાર પરિણામનો આશ્રય દ્રવ્ય છે. એમ અહીં કહેવું છે. દ્રવ્ય (આશ્રય) છે એનો અર્થ કે એની પર્યાયમાં થાય છે. આ તો ઘણી વાર વંચાઈ ગયું છે, ઘણી વાર કહેવાય ગયું છે.

જેમ જે રીતે જ્યાં કહ્યું તે રીતે તેને સમજવું જોઈએ. પોતાની કલ્પાથી આડુઅવળું ખેંચીને માનવું એ વસ્તુનું સ્વરૂપ નથી. સંતોનો પોકાર આ છે. અને અહીં વિકારના પરિણામની અપેક્ષા છે. વિકારનો પરિણામ દ્રવ્યના આશ્રય વિના થાય નહિ, એમ અહીં છે. દ્રવ્ય છે તો પર્યાયમાં વિકાર થાય છે, એમ. અહીં કહે કે, ઉત્પાદને દ્રવ્યનો આશ્રય નથી – આધાર નથી. આહા..હા...! ત્રીજી રીતે કહે કે, રાગ જે થાય છે એ આત્માના સ્વભાવમાં નથી, એ તો કર્મનું કાર્ય છે. કર્મ વ્યાપક અને રાગ તેનું વ્યાપ્ય છે. સ્વભાવદષ્ટિ છે એને સ્વભાવનું કાર્ય થયું તે સ્વભાવનું કાર્ય વ્યાપ્ય છે, સ્વભાવ વ્યાપક છે. આવું બધું હવે ક્યાં યાદ રાખવું ? અહીં તો આ આવ્યું છે ને એટલે જરી (લીધું). ઘણી ગડબડ ચાલે છે ને !

(અહીંયાં કહે છે), 'સમસ્ત બહિરંગ તથા અંતરંગ સંગિતના પરિત્યાગ...' અહીં તો આ 'પરિત્યાગ' શબ્દ આવ્યો ને ? એ ઉપરથી (લીધું). એક કોર અહીં તો કહે છે કે, અંતરંગ રાગના પરિત્યાગ વડે. વળી એક કોર કહે કે, રાગનો ત્યાગ કથનમાત્ર છે. પણ એને સમજાવવું છે તો શું સમજાવે ? સમજાય છે કાંઈ ? પરિત્યાગ (શબ્દ) વાપર્યો છે. એક કોર રાગનો ત્યાગ નામમાત્ર છે. કારણ કે જ્યાં જ્ઞાનમાં ઠર્યો ત્યાં જ્ઞાનસ્વરૂપમાં રાગ હતો જ ક્યાં ? એટલે રાગ ઉત્પન્ન થયો નહિ. માટે રાગનો નાશકર્તા (નામમાત્ર છે). કર્તા તો નહિ, પણ નાશકર્તા પણ આત્મા નથી. આવી વાતું છે. કહો, ભાઈ ! હવે આમાં ક્યાં લોઢા આડે નવરાશ (મળે છે) ?

મુમુક્ષુ :– લેવી પડે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– લેવી પડે ? આહા..હા...! અરે.. ભાઈ ! માર્ગ વીતરાગ છે. આ તો સર્વજ્ઞ પરમેશ્વરનું કહેલું છે. આ કાંઈ કોઈ આલીદુઆલીની વાત નથી. આહા..હા...!

અહીં એ કહે છે કે, બહિરંગ અને અંતરંગ સંગતિ. સંગતિ એટલે સંબંધ, તેના 'પરિત્યાગ

વડે **વિવિક્ત (ભિન્ન)** કર્યું છે,...' આત્માને. આહા..હા...! પહેલો તો આત્મા યથાર્થ જેવું જ્ઞાન-આનંદ સ્વરૂપ છે, રાગ ભિન્ન છે, એવું જાણ્યું – જ્ઞાન કર્યું છે. હવે કહે છે કે, રાગના ત્યાગથી આત્માને ભિન્ન કર્યો છે. પહેલો રાગથી ભેદજ્ઞાન કર્યું હતું પણ રાગ હતો. હવે રાગના ત્યાગથી – 'પરિત્યાગ વડે **વિવિક્ત (ભિન્ન)** કર્યું છે,...' આહા..હા...! સમજાય છે કાંઈ ? આવી વાતું કરવી ને સમજાય છે કાંઈ (પૂછવું) ! આ..હા...! અરે..રે...! એણે વાસ્તવિક તત્ત્વ પરમેશ્વર સર્વજ્ઞદેવ કહે છે એ રીતે કોઈ દિ' જાણવાનો પ્રયત્ન કર્યો નથી. એમને એમ જિંદગી મજૂરી કરી કરીને (ગાળી). મજૂરી.. મજૂરી બધી (કરી). વ્રત ને અપવાસ ને દાન ને દયાના પરિણામ બધા મજૂર છે, મજૂરી છે, વિકાર છે. આહા..હા...!

અહીં કહે છે કે, પહેલું વિકારથી ભિન્ન (છે એવું) ભેદજ્ઞાન કર્યું પછી વિકારથી ત્યાગથી વિવિક્ત – આત્માને ભિન્ન કર્યો. આહા..હા...! છે ? 'અને **(તેથી) અંતઃતત્ત્વની વૃત્તિ (– આત્માની પરિણતિ) સ્વરૂપગુપ્ત**...' આ..હા..હા...! જે સ્વરૂપને આત્મા આનંદ, જ્ઞાનસ્વરૂપ પ્રભુ, એને પુણ્ય-પાપના રાગથી તો ભિન્ન કર્યો, જાણ્યો એ સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન. પછી અસ્થિરતાનો જે રાગ હતો તેને ત્યાગ કરી, છોડીને વિવિક્ત આત્માને ભિન્ન કર્યો. એનું નામ ચારિત્ર થયું. એ અંતર સ્વરૂપમાં વૃત્તિ ઠરી. આહા..હા...!

આમાં (લૌકિક) ચોપડામાં ક્યાંય આવે નહિ. બે ભાઈઓ વાંચવા બેસે એમાં આ આવે છે ? ઓલો નાનો ત્યાં લાખો રૂપિયા પેદા કરે છે. 'હોંગકોંગ' ! લાખ રૂપિયા આપ્યા હતા ને આમાં ? 'ભાવનગર'. લાખ આમાં આપ્યા છે. આ પાંચમનું મૂહુર્ત થાય છે ને ? એમાં લાખ આપ્યા છે. પૈસા ઘણા પેદા થાય, લાખો પેદા કરે છે. પણ એ તો પુણ્યની વાતું છે – ધૂળની વાતું છે.

મુમુક્ષુ :– આવડત તો જોઈએ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– જરીયે આવડતની (વાતમાં) માલ ન મળે. (આ ભાઈ) હોશિયાર હતા માટે ત્યાં વકીલાત ચાલતી હતી, એમાં કાંઈ માલ ન મળે.

મુમુક્ષુ :– આવડત નહિ તો કાંઈ નહિ પણ આપની લાકડી ફરે..

પૂજ્ય ગુરુદેવશ્રી :– લોકો એમ માને. આહા..હા...!

અહીં કહે છે, જેણે આત્મસ્વભાવ ભગવાનઆત્માને વિકલ્પનો દયા, દાનના રાગથી જેણે ભેદજ્ઞાન કરી, જેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે અને પછી અસ્થિરતાનો જે રાગ છે હજી એને છોડીને સ્થિરતા (કરી છે). વિવિક્ત નામ ભિન્ન કર્યું છે. રાગથી ભિન્ન કરીને

સ્વરૂપમાં ઠર્યો છે. આહા..હા...! મોક્ષસાધન કહેવું છે ને ? મોક્ષનું આ સાધન છે. દયા, દાન ને વ્રત ને એ સાધન-ફાધન નથી. આહા..હા...!

'અંતઃતત્ત્વની વૃત્તિ...' અંતઃતત્ત્વ જે જ્ઞાયક સ્વરૂપ, એની વૃત્તિ એટલે પરિણતિ. સ્વરૂપગુપ્ત થઈ. જે રાગમાં અસ્થિરતા થતી તેના ત્યાગથી સ્વરૂપમાં સ્થિર થયો. 'સ્વરૂપગુપ્ત અને સુષુપ્ત સમાન...' આ..હા..હા...! (સુષુપ્ત એટલે) જાણે પરિણતિ સૂઈ ગઈ હોય. જેને હવે બહાર નીકળવું નથી. આહા..હા...! અતીન્દ્રિય આનંદમાં ઠરી ગયો એનું નામ ચારિત્ર છે. આહા..હા...! અંતરવૃત્તિને અંદર ઠારી. સ્વરૂપગુપ્ત થઈ ગયો. આ..હા...! 'સ્વરૂપગુપ્ત અને સુષુપ્ત સમાન...' જાણે કે પરિણતિ સૂઈ ગઈ હોય એટલે કે રાગમાં આવે નહિ. એવી વીતરાગ પરિણતિ સંતોને પ્રગટે છે એ મોક્ષનું સાધન છે. આ..હા..હા...! એ મોક્ષનો ઉપાય છે, એ મોક્ષનું કારણ છે. આહા..હા...! હવે આમાં નવરાશ ક્યાં ? ધંધાના પાપ આડે નવરાશ ન મળે. ઓલો સાથે હતો ત્યારે વળી નવરા થાતા, હવે બેય જુદા પડ્યા તે છોકરાની મદદમાં રહેવું. આરે.. આરે...! દુનિયા તે ક્યાંકને ક્યાંક સલવાય છે. આ દેહ છોડીને ક્યાં જઈશ ? અને હું તો અનંત કાળ રહેવાનો છું તો અનંત કાળ ક્યાં રહીશ ? આહા..હા...!

મુમુક્ષુ :– વેપાર..

પૂજ્ય ગુરુદેવશ્રી :– વેપાર વેપારને ઠેકાણ હોય પણ આ સ્થાનમાં આ વિચાર એને હોય કે નહિ ? અરે...! આ બધું પાપ છે. મારી ચીજ અંદરથી જુદી છે, એનાથી – રાગથી તો હું રખડું છું.

મુમુક્ષુ :– મોટો શેઠ છે..

પૂજ્ય ગુરુદેવશ્રી :– શેઠ છે, હેઠ છે. કીધું હતું ને એક ફેરી ? 'ચૂડા'માં (એક ભાઈ) હતા. વીસાશ્રીમાળી હતા ને ? બહુ વૃદ્ધ હતા એક ફેરી એના અપાસરામાં (કોઈ) આવ્યું. આ માણસ કડક હતો. આવ્યા તો કોઈ ઊભા ન થાય. 'ચૂડાવાળા' કેટલાક માનનારા આકરા હતા. ઊભા ન થાય એટલે કહે કે, ઊભા થાઓ. એ..ઇ...! (ઇ) થાંભલા (પાસે) બેસતા. વ્યાખ્યાનની પાટ છે ને ? પહેલો થાંભલો ત્યાં બેસતા. અમે ત્યાં ઘણી વાર જાતા. એટલે કહે, ઊભા થાવ. પછી આ કહે, જેઠી બેસને હેઠી ! કડક માણસ હતો. ઊભો કરે તો કહે, બેસને હેઠ ! 'ચૂડા'ના અપાસરામાં (થયેલું). એમ આ બધા શેઠ છે એ બધા હેઠ છે. આહા..હા...! હેઠે તળિયે બેઠા છે. આહા..હા...! શ્રેષ્ઠ તો આત્મજ્ઞાન અને આત્મામાં સ્થિરતા થાય એ મોટો શેઠિયો છે. આહા..હા...!

(અહીંયાં કહે છે), 'સુષુપ્ત સમાન રહેવાને લીધે...' એમ. એટલે કારણ આપે છે કે, અંતઃતત્ત્વ જે આનંદપ્રભુ, એને રાગથી ભિન્ન કરીને તો સમ્યગ્દર્શનમાં, જ્ઞાનમાં જાણ્યો છે, હવે એ ઉપરાંત રાગનો ત્યાગ થઈને સ્વરૂપમાં અંતરવૃત્તિમાં ઠર્યો છે, એમાંથી નીકળવામાં હવે આળસુ થઈ ગયો. સ્વરૂપમાં સ્થિર થવામાંથી નીકળવાનો આળસુ થયો. આહા..હા...! એ આવે છે, 'સમયસાર'માં આવે છે ને ? ઓલો બ્રાહ્મણનો દાખલો. લાડવા ખાય ને ચાલે તો આમ જાણે અલમસ્ત ! એમ અજ્ઞાની રાગમાં અલમસ્ત થઈ ગયો. અલમસ્ત થઈ ગયો, એમાંથી નીકળવું એને ગોઠતું નથી. અહીં સ્વરૂપમાં અલમસ્ત થઈ ગયો એમાંથી નીકળવું ગોઠતું નથી. આહા..હા...! અરે...!

એને લીધે 'જેઓ વિષયોમાં જરા પણ આસક્તિ પામતા નથી,...' આમ કહેવું છે. સ્વરૂપ આનંદસ્વરૂપ પ્રભુ, એની જેને સમ્યગ્દર્શન દશા થઈ છે એને અંદરમાં ઠરતા રાગનો ત્યાગ થઈને ઠરે છે એથી તેના બળ વડે (તેઓ) વિષયમાં આસક્તિ પામતા નથી. ચાહે તો ઇન્દ્રની ઇન્દ્રાણી ઉપરથી ઊતરે તોપણ તેને આસક્તિ થતી નથી. આહા..હા...! આ..હા..હા...! સમજાણું કાંઈ ?

એકવાર નાટક જોયું હતું. (સંવત) ૧૯૬૮ની સાલની વાત હશે. ૧૯૬૬ની સાલની (વાત હશે). 'ભાવનગર' 'ધ્રુવ'નું નાટક થાય છે. 'ધ્રુવ' અન્યમતમાં આવે છે ને ? 'ધ્રુવ અને પ્રહ્લાદ' મોટું નાટક હતું એની મા મરી ગયેલા. એનો બાપ નવી પરણેલો. રાજા હતો અને આ રાજકુમાર હતો, અન્યમતિની દીક્ષા લીધેલી. પાવડી હોય ને પાવડી કાળી ? જંગલમાં બેઠેલો. બધા પડદા તોડ્યા હોય ને. એમ જંગલ લાગે, ઊંડા જંગલમાં બેઠો. એમાં ઇન્દ્રાણીઓ ચળાવવા આવે છે. બે બાજુથી (આવીને કહે છે), 'જુઓ ! અમારું શરીર, જુઓ આ પગ, જુઓ અમારા ગાલ, જુઓ આ શરીર.' એમ બહુ લલચાવે છે. પણ એણે જવાબ આપ્યો. આ તો એની દૃષ્ટિની અપેક્ષાએ (વાત છે). તે દિ'ની વાત છે, આ તો (સંવત) ૧૯૬૯ની સાલની વાત છે, દીક્ષા પહેલાની વાત છે. નાટક જોવા ગયેલા. (એ કહે છે), 'માતા ! મારે બીજો અવતાર લેવો હોય તો માતા ! તારી કૂંખે આવીશ, બાકી બીજી વાત રહેવા દે.' 'ધ્રુવ' એમ કહે છે. એમ આ ધ્રુવનું જેને ધ્યાન થઈ ગયું છે. આહા..હા...! એ 'ધ્રુવ'નું નાટક (હતું). 'જનેતા ! માતા ! તારું શરીર સુંદર, રૂપાળું ઘણું. કેળના ગર્ભ જેવું શરીર. માતા ! એકાદ અવતાર – ભવ લેવો પડે તો તારી કૂંખે આવીશ, માતા ! બીજી વાત રહેવા દે.'

એમ અહીંયાં ધ્રુવમાં જેને લીનતા જામી છે. ઓલો 'ધ્રુવ' તો બહારની વાત છે. આહા..હા...! એ એને લલચાવવા કોઈ આવે.. આ.હા..હા...! આવે કોઈ, લલચાવવા આવે છે. 'રામચંદ્રજી'ને 'સીતાજી' લલચાવવા આવ્યા. 'રામચંદ્રજી' ! જે 'સીતાજી'ને વૈરાગ્ય થઈને દીક્ષા લઈને છોડી છે. (એ 'સીતાજી') સ્વર્ગમાં ગયા. (અહીંયાં 'રામચંદ્રજી') ધ્યાનમાં હતા. 'સીતા'નું રૂપ લઈને ચળાવવા આવ્યા. હે 'રામચંદ્રજી' ! તમે આવો. આપણે સાથે રહીએ. આમ કરીએ, તેમ કરીએ. અર..ર..ર....! એ પણ સમકિતી છે. ઇન્દ્ર છે. 'રામચંદ્રજી' ધ્યાનમાં હતા, ચળ્યા નહિ, સ્થિર થઈને કેવળજ્ઞાન લઈ લીધું છે. ઠરી ગયા છે અંદર. 'રામચંદ્રજી' મહા પુરુષોત્તમ પુરુષ, એના ધ્યાનમાં હતા અને 'સીતા'નો વેશ લઈને ડગાવવા – ચળાવવા આવ્યા. આહા..હા...! આપણે અહીંથી ભેગા જઈએ, સ્વર્ગમાં જઈએ, આમ કરીએ, તેમ કરીએ, ફલાણું (કરીએ). સાંભળે કોણ ? આતમરામ નિજપદમાં રમતા, રમતા રામ બહાર નીકળ્યા નહિ. સ્વરૂપમાં ઠરતા કેવળ લઈને મોક્ષ પધાર્યા. આહા..હા...!

એ અહીં કહે છે, 'વિષયોમાં જરા પણ આસક્તિ પામતા નથી, — એવા જે સકળ મહિમાવંત...' આ..હા..હા...! એ શુદ્ધઉપયોગી. આ શુદ્ધઉપયોગી મુનિ ! જેને રાગનો વેપાર નથી એને શુદ્ધ આનંદના નાથનો વેપાર અંદર છે. એવો શુદ્ધઉપયોગી ! આહા..હા...! 'સકળ મહિમાવંત ભગવંત 'શુદ્ધો' (શુદ્ધોપયોગીઓ) તેમને જ મોક્ષતત્ત્વનું સાધનતત્ત્વ જાણવું...' લ્યો ! એને મોક્ષતત્ત્વનો ઉપાય સાધનતત્ત્વ જાણવું, બીજા મોક્ષતત્ત્વનું સાધન છે નહિ. વિશેષ કહેશે...

શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !

## આસો વદ ૧૫, રવિવાર
## તા. ૨૧-૧૦-૧૯૭૯
## ગાથા–૨૭૩, ૨૭૪ પ્રવચન નં. ૨૫૩

'પ્રવચનસાર' ૨૭૩ (ગાથા). અહીં સુધી આવ્યું છે, જુઓ ! જેઓ 'વિષયોમાં આસક્તિ પામતા નથી,...' કેમકે આત્મા પરમાનંદ સ્વરૂપ, એનો જ્યાં અંદર અતીન્દ્રિય પ્રચુર સ્વાદ આવ્યો.. અહીં મુનિની મુખ્યતાથી (વાત) છે ને ? સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય આનંદ પ્રચુર નથી. મુનિને પ્રચુર સ્વસંવેદન છે. ('સમયસાર') પાંચમી ગાથા(માં) 'કુંદકુંદાચાર્ય' કહે છે, હું મારા નિજ વૈભવથી કહીશ. એ જ્ઞાન વૈભવ. બે આવે છે ને ? 'નિર્જરા (અધિકાર)'માં આવે છે ને ? જ્ઞાન વૈભવ અને વૈરાગ્ય બળ. શ્લોકમાં આવે છે. જ્ઞાન વૈભવ, વૈરાગ્ય બળ. 'નિર્જરા અધિકાર'માં કળશ (આવે છે). એમ જ્ઞાન વૈભવ અંતરમાં જ્ઞાન સ્વરૂપનો આનંદ આવ્યો એ જ્ઞાન વૈભવ છે, પણ સમ્યગ્દર્શનમાં એ આનંદનું વેદન અલ્પ છે. મુનિને પ્રચુર સ્વસંવેદન છે. તેથી પાંચમી ગાથામાં 'કુંદકુંદાચાર્યે' આ શબ્દ વાપર્યો – પ્રચુર સ્વસંવેદન. (પોતે) મુનિ છે ને ? એટલે ઘણું જ સ્વસંવેદન અતીન્દ્રિય આનંદનું વેદન છે. આ..હા...! એ એનો નિજ વૈભવ છે. આ તમારા પૈસા-બૈસાનો વૈભવ ને ધૂળ નહિ. આ બધા પૈસાવાળા બેઠા છે. ધૂળ... ધૂળવાળા !

મુમુક્ષુ :– ..

પૂજ્ય ગુરુદેવશ્રી :– એક દ્રવ્યને બીજા દ્રવ્ય વિના અનાદિકાળથી ચાલે છે. નહિતર પરના અભાવસ્વરૂપે રહી શકે નહિ. શું કહ્યું ઇ ? એક આંગળી છે પોતાના ભાવસ્વરૂપ છે અને આનાથી અભાવ સ્વરૂપ છે, ત્યારે તે ટકી રહી છે. એમ સ્વ તત્ત્વ જે છે એ સ્વભાવથી છે અને પર અનંતથી નથી, એ રીતે જ એ ટકી રહ્યું છે. પરને લઈને ટકી રહ્યું છે, એમ નથી. આહા..હા...! સિદ્ધાંત તો જુઓ ! સ્વ વસ્તુ ચૈતન્ય સ્વરૂપ પરમાનંદ સ્વરૂપ સ્વથી છે અને પરથી નથી. પરથી નથી ત્યારે તેનું સ્વથી અસ્તિત્વ ટકી રહ્યું છે.

આહા..હા...! એટલે પર વિના ચાલે નહિ એમ કહેવું એ તદ્દન વિપરીત છે. આહા..હા...!

અહીં કહે છે કે જેને 'સકળ મહિમાવંત ભગવંત 'શુદ્ધો' (–શુદ્ધોપયોગીઓ)...' જોયું ? મુનિપણાની વાત છે ને મૂળ ? મોક્ષનું સાધન – સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ સાધન. એટલે કહે છે કે, 'સકળ મહિમાવંદ ભગવંત 'શુદ્ધો' (–શુદ્ધોપયોગીઓ)...' શુદ્ધની વ્યાખ્યા શુદ્ધઉપયોગી કરી. આહા..હા...! શુદ્ધ ઉપયોગ સમ્યગ્દર્શન થતાં પણ હોય છે. પંચમ ગુણસ્થાનની દશા પણ પ્રગટ થતા હોય છે પણ મુનિપણાની દશા સપ્તમ ગુણસ્થાનનો શુદ્ધઉપયોગ તે ઉત્કૃષ્ટ છે, નીચલા (ગુણસ્થાનની) અપેક્ષાએ. આમ તો ચારિત્રની અપેક્ષાએ ખરો પૂરો શુદ્ધઉપયોગ તો બારમે થાય છે. આત્મચારિત્રની અપેક્ષાએ ચૌદમાના છેલ્લે સમયે પૂર્ણ ચારિત્ર થાય છે. આહા..હા...!

અહીં તો મુનિપણાની વાત છે. (જેઓ) 'વિષયોમાં જરા પણ આસક્તિ પામતા નથી,...' કેમ ? માથે આવી ગયું છે. 'સ્વરૂપગુપ્ત અને સુષુપ્ત સમાન રહેવાને લીધે...' માથે એ કારણ આવી ગયું છે. આનંદ સ્વરૂપ ભગવાન, એમાં ગુપ્ત છે અને સુષુપ્ત છે. ત્યાંથી નીકળવાને આળસુ છે. આહા..હા...! મુનિપણાની ઉત્કૃષ્ટ વાત છે. ચૈતન્ય સ્વરૂપ એ અતીન્દ્રિય આનંદનો સાગર એનો જ્યાં અનુભવ થયો ત્યારે એને અતીન્દ્રિય આનંદનો અંશ આવ્યો. એ તો આવ્યો પણ અનંતા ગુણનો વ્યક્તનો અંશ પ્રગટ થયો. સમ્યગ્દર્શનમાં સમ્યક્ નામ સત્યદર્શનના અનુભવમાં જેટલા ગુણોની સંખ્યાએ દ્રવ્ય છે એ અનંત ગુણોની સંખ્યા શક્તિરૂપે છે, એની પર્યાયમાં અનંતા ગુણનો અંશ વ્યક્તરૂપે પ્રગટ થાય છે. ત્યારે તેને સમ્યગ્દર્શન કહેવાય છે. આહા..હા...! 'સર્વ ગુણાંશ તે સમકિત'. 'શ્રીમદ્'નું વાક્ય છે. 'સર્વ ગુણાંશ તે સમકિત'. 'શ્રીમદ્'નું વાક્ય છે. આપણે 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'નું એ વાક્ય છે કે, 'જ્ઞાનાદિ એકદેશ વ્યક્ત.' 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી' છે ને ? પણ એ તો એનું એ થયું. 'સર્વ ગુણાંશ તે સમકિત' કહો કે 'જ્ઞાનાદિ અનંત ગુણનો એક અંશ વ્યક્તરૂપે છે એ સમકિત છે.' આહા..હા...!

એનાથી અહીં તો આગળ વધીને સ્વરૂપમાં એટલા બધા લીન છે, સ્વરૂપગુપ્ત છે. આ..હા..હા...! એ તો પોતે ટીકાકારે પાછળ કહ્યું છે ને ? કે, અમે તો સ્વરૂપગુપ્ત છીએ, આ ટીકા અમે કરી નથી. છેલ્લો શ્લોક છે, છેલ્લો. સ્વશક્તિએ, પરમાણુની સ્વશક્તિએ ટીકા થઈ ગઈ છે. હું તો સ્વરૂપગુપ્ત છે. હું કંઈ રાગમાં આવતો નથી, તેમ તેના પ્રત્યેના વિકલ્પ જે ઊઠ્યો તેમાં હું આવતો નથી. આહા..હા...! જ્ઞાનાનંદ સ્વરૂપમાં.. અહીંયાં એ

આવ્યું ને ? અહીં કીધું ને ? 'સ્વરૂપગુપ્ત...' એ છેલ્લો શબ્દ છેલ્લા કળશમાં છે. દરેકમાં (છે) – 'સમયસાર', 'પ્રવચનસાર', 'નિયમસાર' દરેકમાં (છે). છે ને છેલ્લો ? છેલ્લો કળશ છે ને ? છે ? નથી આમાં ? આમાં નથી. બીજામાં નાખ્યું છે. સ્વશક્તિએ કીધેલું છે, એમ કીધું છે. સ્વશક્તિથી એ થયું છે. મારું કંઈ (કરેલું નથી), હું તો સ્વરૂપગુપ્ત છું.

મુમુક્ષુ :– ઇ 'સમયસાર'માં છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– 'સમયસાર'માં છે, 'સમયસાર'માં. 'નિયમસાર'માં પણ છે ને ? નથી છેલ્લે ? 'પંચાસ્તિકાય'માં છે.

અહીં તો ઓલો 'સ્વરૂપગુપ્ત' શબ્દ આવ્યો છે ને ? રાગથી રહિત સ્વરૂપમાં હું તો જ્ઞાનાનંદમાં ગુપ્ત છું. આહા..હા...! જુઓ ! આ મુનિપણું ! આ મોક્ષનું સાધન. મોક્ષનું કારણ અને ઉપાય. 'સ્વરૂપગુપ્ત અને સુષુપ્ત સમાન રહેવાને લીધે...' આનંદમાં એટલો લીન છું. ભલે લખતા વિકલ્પ છે. સમજાય છે ? પણ છતાં મારો ઉપયોગ અંદર, શુદ્ધઉપયોગમાં જવામાં તત્પરતા છે. વિકલ્પ આવ્યો છતાં હું શુદ્ધઉપયોગમાં જવાને તત્પર છું. ઉત્સર્ગમાર્ગમા જવાને (તત્પર છું), વિકલ્પ આવ્યો છે એ તો અપવાદ આવ્યો. છે ને ઉત્સર્ગ અને અપવાદ ? 'પ્રવચસાર'. આહા..હા...! વિકલ્પ આવ્યો એ તો અપવાદ છે પણ મારો ઉત્સર્ગ તો શુદ્ધઉપયોગમાં અંદર રહેવું તે મારી ચીજ છે. આ..હા...! એને અહીંયાં 'સુષુપ્ત સમાન રહેવાને લીધે...' આ..હા..હા...! જાણે સૂઈ ગયો હોય. અતીન્દ્રિય આનંદમાં પોઢી ગયો હોય ! આ..હા..હા...! સોડ તાણીને સૂવે એમ આ અતીન્દ્રિય આનંદની સોડ તાણીને અંદર સૂતો છે !! આ..હા..હા...! જુઓ ! ઓ મોક્ષનું સાધન ! આ મોક્ષનો ઉપાય ! આ..હા..હા...!

મુમુક્ષુ :– ..

પૂજ્ય ગુરુદેવશ્રી :– સૂઈ ગયો છે ને ? શેમાં પણ ? આનંદમાં. અતીન્દ્રિય આનંદમાં લીન થઈ ગયો છું. એ સુષુપ્ત છે. આહા..હા...!

એવો જે વિષયોમાં પણ આસક્તિ પામતો નથી. કેમ ? કે, અતીન્દ્રિય આનંદના સ્વાદમાં જ્યાં લીન છે ત્યાં વિષયની આસક્તિ ત્યાં હોતી નથી. એમ અસ્તિ-નાસ્તિ કરી છે. 'એવા જે સકળ મહિમાવંત ભગવંત 'શુદ્ધો' (–શુદ્ધોપયોગી)....' આ..હા..હા...! જુઓ ! એવા જે ભગવંત સંતો શુદ્ધઉપયોગીઓ 'તેમને જ મોક્ષતત્ત્વનું સાધનતત્ત્વ જાણવું...' તેમને જ મોક્ષતત્ત્વનું ઉપાયતત્ત્વ તેને જાણવું. આહા..હા...! એકલા સમ્યક્દૃષ્ટિને નહિ. આહા..હા...! ત્રણે ભેગા થઈને ચારિત્ર થયું છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર અને જેમાં લીનતા અંદર વર્તે છે એવો

શુદ્ધઉપયોગી. એને મોક્ષતત્ત્વનું સાધનતત્ત્વ જાણવું.

'(અર્થાત્ તે શુદ્ધોપયોગીઓ જ મોક્ષમાર્ગરૂપ છે),...' કહો, હવે આવી તો અહીં વ્યાખ્યા છે ! હવે અત્યારે એમ કહે છે કે, અત્યારે તો શુભજોગ જ હોય. આવું કરે, પ્રભુ ! શું કરે ? (એક મુનિ) છે ને ? ઇ એમ કહે છે, છાપામાં લખ્યું છે કે, અત્યારે તો શુભજોગ જ હોય. છાપામાં આવ્યું છે. આરે...! પ્રભુ ! શું કરે છે તું આ ? અહીં તો કહે છે કે, શુદ્ધઉપયોગી એ મોક્ષનું સાધન છે.

મુમુક્ષુ :- કહતે હૈં કિ, કપડેવાલે કો નહીં હોતા.

પૂજ્ય ગુરુદેવશ્રી :- કપડેવાલે કો નહીં હોતા. શુદ્ધઉપયોગ નહીં હોતા વહ તો બરાબર હૈ. કપડે છોડ દિયે ઇસલિયે હો ગયા, ઐસા નહીં હૈ.

મુમુક્ષુ :- નાગાને થઈ જાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :- નાગા થઈ જાય તે અંદરમાં નાગા થઈ જાય. એ બહારનો નાગો તો અનંત વાર થયો. એ તો ચાલ્યું નહિ ? સવારમાં ઘણું ચાલ્યું. નવમી ગ્રૈવેયકે ગયો તો નગ્ન મુનિ (થઈને) હજારો રાણી ત્યાગી, પંચ મહાવ્રત (પાળ્યા), ચામડા ઉતરડીને ખાર છાંટે તો પણ ક્રોધ ન કરે, એવી ક્ષમા (પાળી), પણ એ બધું કૃત્રિમ છે. સમ્યગ્દર્શન નથી. આત્મજ્ઞાન વિના એ બધી ક્રિયાઓ સંસાર ખાતે છે. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ !

અહીં કહે છે કે, મોક્ષતત્ત્વનું સાધન જાણવું. '(અર્થાત્ તે શુદ્ધપોયગીઓ જ મોક્ષમાર્ગરૂપ છે),...' છે ? 'તેમને જ...' એમ શબ્દ પડ્યો છે. ચોથે, પાંચમે નહિ, એમ કહે છે. મુનિઓ જે શુદ્ધઉપોયગી છે... આ..હા..હા...! 'તેમને જ મોક્ષતત્ત્વનું સાધનતત્ત્વ જાણવું...' આહા..હા...! '(અર્થાત્ તે શુદ્ધોપયોગીઓ જ મોક્ષમાર્ગરૂપ છે), કારણ કે તેઓ અનાદિ સંસારથી રચાયેલા...' આહા..હા...! અનાદિ સંસારથી રચાયેલો કર્મબંધન. એવા 'બંધ રહેલા – વિકટ કર્મકપાટને તોડવાના–ખોલવાના અતિ ઉગ્ર પ્રયત્ન વડે...' આ..હા..હા...! કર્મના કપાટના બારણા જેણે ખોલી નાખ્યા છે અને આત્માના કપાટ જેણે ખોલી નાખ્યા છે, અંદરથી ખીલી ગયા છે. આ..હા...!

શુદ્ધ સ્વભાવનો ઉપયોગ એ જ મોક્ષનું સાધન છે. કેમકે અનાદિ કર્મથી બંધન છે તેને તેણે 'બંધ રહેલા વિકટ કર્મકપાટ...' ભાષા છે ? આકરો કર્મનો કપાટ છે. એને 'તોડવાના–ખોલવાના અતિ ઉગ્ર પ્રયત્ન વડે...' નિમિત્તથી કથન છે. બાકી તો અશુદ્ધતાનો નાશ કરતા એ કપાટ નિમિત્ત છે, અસદ્ભુતવ્યવહારનયે ખુલી જાય છે. એ કંઈ કર્મને તોડવાનો, પરદ્રવ્યને

તોડવાને પ્રયત્ન આત્મામાં અધિકાર નથી. પણ અહીંયાં અશુદ્ધતાનો નાશ થઈ જાય છે એ ભાવકર્મ તૂટી જાય છે ત્યારે તે દ્રવ્યકર્મમાં તૂટવાની, છૂટવાની એની યોગ્યતાથી તે છૂટી જાય છે એને પોતે તોડી નાખ્યું એમ કહેવામાં આવે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? કર્મ જડ છે, એ તો પરપદાર્થ છે. પરપદાર્થને બાંધે એ આત્મા નહિ, એને છોડે એ અધિકાર (આત્માનો) નથી, પણ અશુદ્ધ ઉપયોગની રચનામાં રમ્યો ત્યારે અશુદ્ધ ઉપયોગ તૂટી ગયો. એટલે ત્યાં જડકર્મ પણ તૂટી ગયું એને કારણે, એની યોગ્યતાથી એને આણે તોડ્યું એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

કર્મકપાટને તોડવો (મૂળ ગ્રંથમાં ફૂટનોટમાં) લખ્યું છે. (કર્મકપાટ અર્થાત્) કર્મરૂપી બારણા, કર્મરૂપી કમાડ. (એને) 'તોડવાના-ખોલવાના અતિ ઉગ્ર પ્રયત્ન વડે...' આ..હા..હા...! વળી કહે કે, ક્રમે મોક્ષ થાય અને આ અતિ ઉગ્ર પ્રયત્ન વડે થાય, એ બે કેમ મેળ ખાય ? ક્રમમાં અતિ ઉગ્ર પ્રયત્ન આવ્યો છે. સમજાય છે કાંઈ ? અને શાસ્ત્રમાં એમ પણ આવે 'अचिरम्' (અર્થાત્) અલ્પકાળમાં મોક્ષ થશે. એટલે કે એ ક્રમ છૂટી જાય છે, એમ નહિ. પણ જેનો શુદ્ધઉપયોગ આમાં જામી ગયો છે એને અલ્પકાળે જ કેવળજ્ઞાન થવાનો ક્રમ છે. આવી વાત છે. આહા..હા...! શાસ્ત્રમાં એવી ગાથા ઘણી આવે. 'अचिरम्' અલ્પ કાળમાં મોક્ષ થશે. અલ્પકાળમાં મોક્ષ થાશે તો ઓલું ક્રમબદ્ધ ક્યાં ગયું ? એ ક્રમબદ્ધમાં જ અલ્પકાળ આવ્યો. એના ક્રમમાં જેને આત્મા તરફના શુદ્ધઉપયોગની જમવટ જામી ગઈ છે એને અલ્પકાળમાં જ ક્રમબદ્ધમાં કેવળજ્ઞાન થવાનો કાળ છે, એમ કહે છે. એ ઉગ્ર પુરુષાર્થનો જે કાળ આવ્યો, એ જ એને ક્રમમાં કેવળજ્ઞાન થવાનો એને કાળ છે. આહા..હા...! ઝીણી વાતું બહુ આવી. આહા..હા...!

'કર્મકપાટને તોડવાના-ખોલવાના અતિ ઉગ્ર પ્રયત્ન વડે...' શબ્દ જુઓ તો કર્મરૂપી કપાટને તોડવાનો અતિ ઉગ્ર પ્રયત્ન - શબ્દ એમ છે. તો કર્મ તો જડ છે. જડને તોડવાનો અતિ ઉગ્ર પ્રયત્ન છે ? ઉગ્ર પ્રયત્ન તો સ્વભાવ સન્મુખ થયો છે એથી અશુદ્ધ પરિણમનનો નાશ થાય છે અને તે વખતે કર્મનો નાશ થવાની યોગ્યતાના ક્રમે એ ક્રમબદ્ધમાં કર્મનો અભાવ થવાનો જ ત્યાં પ્રસંગ હતો. એ પણ ક્રમબદ્ધમાં હતું. આ વાત... આહા..હા...! સમજાય છે કાંઈ ?

'અતિ ઉગ્ર પ્રયત્ન વડે...' એકલો નથી, 'અતિ ઉગ્ર પ્રયત્ન વડે...' (એમ છે) એમાં ક્રમ ક્યાં રહ્યો ? પણ એ જ ક્રમ આવ્યો એમાં. કે ક્રમમાં જેણે શુદ્ધઉપયોગને અંતરમાં

લીધો છે એણે અતિ ઉગ્ર પ્રયત્ન કર્યો છે એ ક્રબમદ્ધમાં પર્યાય એ પ્રગટ થઈ છે. અરે..રે...! સમજાય છે કાંઈ ? 'પરાક્રમ પ્રગટ કરી રહ્યા છે.' 'અતિ ઉગ્ર પ્રયત્ન વડે પરાક્રમ પ્રગટ કરી રહ્યા છે.' પુરુષાર્થ પ્રગટ કરી રહ્યા છે. આહા..હા...! એના ક્રમમાં જ અંતર્મુખમાં પ્રયત્ન કરવાનો પુરુષાર્થ છે. આ..હા..હા...! સમજાણું કાંઈ ? મોટા વાંધા, ક્રમબદ્ધના એટલા વાંધા (કાઢે) કે, ક્રબમદ્ધમાં જાઓ તો નિયત થઈ જશે, એકાંત થઈ જશે. અરે...! એ બધું જેમ છે તેમ છે. આહા..હા...!

'પરાક્રમ પ્રગટ કરી રહ્યા છે.' એ મોક્ષના સાધનની વ્યાખ્યા કરી. મોક્ષના સાધનમાં આ ભાષા લીધી. શુદ્ધઉપયોગમાં અતિ ઉગ્ર પ્રયત્ન વડે પરાક્રમ કરી રહ્યા છે. સ્વભાવ સન્મુખનો એકદમ ઉગ્ર પ્રયત્ન કરી રહ્યા છે. એ ક્રમમાં એ જ આવ્યું છે. સમજાય છે કાંઈ ? કારણ કે ક્રમબદ્ધનો અર્થ કે, પરનો કર્તા તો નથી પણ રાગના નાશનો પણ કર્તા નથી, તેમ પર્યાયને ઉત્પન્ન કરનારનો કર્તા નથી. એવા દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે એટલે ક્રમબદ્ધમાં એને આવો જ પુરુષાર્થ આવે. આહા..હા...! આકરું કામ ઘણું, ભાઈ ! વીતરાગના માર્ગની શૈલી કઠણ ઘણી. પણ તેના ફળ પણ કેવા !! આ..હા..હા...! વીતરાગી પુરુષાર્થ સ્વ તરફનો વળેલો છે. એ ક્રમમાં એ જ રીત આવી છે અને તેથી તે શુદ્ધઉપયોગી જ મોક્ષનું સાધન છે, એ જ મોક્ષનું કારણ છે. આહા..હા...! જે કાળે મોક્ષ થશે એમ તો અહીં કહ્યું નથી. અને ૪૭ નયમાં તો એમ લીધું છે કે, કાળે પણ મોક્ષ થાય અને અકાળે પણ મોક્ષ થાય એવું લીધું છે. આના પછી (આવશે).

એ પ્રશ્ન ઘણા વર્ષ પહેલા શ્વેતાંબરના (એક મુનિ) હતા, પછી દિગંબર થયા હતા. ક્યું ગામ કીધું ? 'ગજપંથા'. 'નાસિક... નાસિક' ? ત્યાં હતા ? અહીંનું વાંચન કરીને પછી શ્વેતાંબર પંથ છોડી દીધેલો. હતા ક્ષયોપશમવાળા, પણ પછી અહીંનું વાંચીને (છોડી દીધું). પછી અમે ગયા ત્યારે આવ્યા, પગે લાગ્યા, ઉઠ-બેસ કરીને પગે લાગ્યા પણ વાતચીત નહિ. અમે સાંજે ગયેલા અને એ રાત્રે આવ્યા અને સવારમાં દર્શન કરવા વહેલા આવેલા પણ વાતચીત થઈ નહિ અને ઘણા માણસો એની પાસે સાંભળવા બેસતા. બપોરે ઉઠવાનું હતું. કીધું, આની સાથે વાતચીત કંઈ થઈ નહિ. આનું હૃદય ન લેવાણું. એટલે એ અંદર બેઠા હતા. બપોરે જોઈએ છીએ તો બારણું બંધ હતું, ઉઘાડ્યું. (પોતે) હેઠે ઉતરી ગયા, પાટે (અમને) બેસાડ્યા અને પગે લાગ્યા. જુઓ ! શાસ્ત્રમાં તો એમ કહ્યું છે કે, કાળે મોક્ષ થાય અને અકાળે મોક્ષ થાય, તો એમાં ક્રમબદ્ધ ક્યાં રહ્યું તમારું ? કાળે મોક્ષ થાય અને

અકાળે મોક્ષ થાય, આ ૪૭ નયમાં છે. ત્યારે એ સમજી ગયો કે, મને ક્યાંક પકડશે. એટલે (કીધું), મેં વિચાર્યું નથી. એમ કરીને છૂટી ગયા.

કાળે તો મોક્ષ કાળે જ છે, પણ અકાળેનો અર્થ સ્વભાવ ને પુરુષાર્થ ને જે ભેગા છે તેને અકાળ કહેવામાં આવ્યો છે. કાળ સિવાય પુરુષાર્થ, સ્વભાવ (આદિ) જે ચાર સમવાય ભેગા છે એને અકાળ કહેવામાં આવ્યો છે. છે તો સમય તે જ. એને અકાળ કહેવામાં આવ્યો, એકલો કાળ નહિ, એમ. આહા..હા...! પછી બિચારાએ સાંભળ્યું હતું. કીધું, ભઈ ! આ તો વાતચીત કરતા બધાને વાતું કરે છે (તો લાઓ આનું હૃદય તો લઉં).

મુમુક્ષુ :- એવો અર્થ તો આપ જ કાઢી શકો.

પૂજ્ય ગુરુદેવશ્રી :- વસ્તુસ્થિતિ જ એ છે. તેથી આ વાત ત્યાં થઈ હતી. ભાઈ હતા ને ? અંદર હતા ? તે દિ' કઈ સાલ ? (સંવત) ૧૯૧૪ની સાલ ? ૧૯૧૩ની સાલ. જુઓ... જુઓ ! કાઢો, ભઈ ! આમાં જ છે. કેટલામું આવ્યું ? ૩૧. આ..હા..હા...! 'અકાળનયે જેની સિદ્ધિ...' છે. જોયું ? ૩૦માંમાં એમ આવ્યું કે, 'આત્મદ્રવ્ય કાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખે છે એવું છે. ઉનાળાના દિવસ અનુસાર પાકતા આમ્રફળની માફક. (કાળનયે આત્મદ્રવ્યની સિદ્ધિ સમય પર આધાર રાખે છે, ઉનાળાના દિવસ અનુસાર પાકતી કેરની માફક).' 'આત્મદ્રવ્ય અકાળનયે જેની સિદ્ધિ...' છે. લ્યો !

મુમુક્ષુ :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ પણ એનો પાકવાનો કાળ જ હતો.

'સમય પર આધાર રાખતી નથી...' એટલે કે એકલા કાળ ઉપર આધાર રાખતી નથી, એમ કહેવું છે. ભેગો પુરુષાર્થ, સ્વભાવ, ભવિતવ્ય, કાળલબ્ધિ અને નિમિત્તનો અભાવ એ બધું પાંચે એક સમયમાં છે. એટલે એકલો કાળ નહિ પણ પાંચે છે એને અકાળ કહેવામાં આવે છે. સમય તો તે જ છે. આહા..હા...! આકરી વાતું બહુ. આ ચર્ચા થઈ હતી, મોટી ચર્ચા હતી. 'અકાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખતી નથી એવું છે, કૃત્રિમ ગરમીથી પકવવામાં આવતા આમ્રફળની માફક.' પણ એ કૃત્રિમ ગરમીથી પાકવાનો એનો કાળ જ એ હતો. ઓલું ગરમીનું નિમિત્ત ગણીને એને પાકી એમ કહેવામાં આવ્યું, બાકી તો કાળે છે, જે સમયે કાળે મોક્ષ તે જ કાળે છે પણ તેની પુરુષાર્થ, સ્વભાવ, ભવિતવ્યતા, કાળલબ્ધિ આદિ પાંચેય છે એને અકાળમાં ગણીને અકાળે મુક્તિ થાય એમ કીધું છે. ભાઈ !

મુમુક્ષુ :- અકાળ મૃત્યુમાં પણ એવી જ રીતે...

પૂજ્ય ગુરુદેવશ્રી :- અકાળે આ જ છે. મૃત્યુ અકાળે આ વ્યવહાર છે.

મુમુક્ષુ :- બાકીના ચાર સમવાયમાં અકાળ મૃત્યુ કેમ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- અકાળ મૃત્યુ એ સમયે થવાનું છે પણ કર્મના પરમાણુઓ પૂર્વે એવા બંધાયેલા હતા કે તે સમયે એકદમ એકસાથે ખરી ગયા એને અકાળ મૃત્યુ કહેવામાં આવ્યું. એ વ્યવહાર છે, વસ્તુસ્થિતિ એમ નથી. 'પદ્મનંદિ પંચવિંશતિકા'માં અધિકાર છે. 'અનિત્ય પંચાશત' અધિકાર (છે). 'પદ્મનંદિ પંચવિંશતિકા'. જે સમયે તેના આયુષ્યની (સ્થિતિ) પૂરી થવાની તે જ સમયે થવાની, આઘોપાછો એક સમય નહિ. શું થાય પણ હવે ? વસ્તુની સ્થિતિ છે એને એ રીતે ન સમજે.

અહીં તો અકાળે લીધું, જુઓ ! એને પૂછ્યું હતું, અકાળ છે ને ? અહીંનું વાંચી વાંચીને બધી વાતું કરતા. વાંચીને કરે છે પણ આ સમજે છે કે નહિ ? કીધું, અકાળ મોક્ષ કીધો છે (એનું શું) ? ત્યારે સમજી ગયા કે, આ ગમે તે કહીશ તો આમાંથી મારી ભૂલ કાઢશે. (કહ્યું), મેં વિચાર્યું નથી. આહા..હા...! ભાઈ ! ઇ તો 'તત્ત્વાર્થ રાજવાર્તિક'માં છે ને ? એ બોલ કાઢે છે કે, કોઈ જીવનો એક જ કાળ જ છે એવું નથી. એવો શબ્દ 'તત્ત્વાર્થ રાજવાર્તિક'માં છે. પણ એ એક જીવને માટે નથી. બધા જીવને માટે છે. કોઈ જીવનો કાળ એક જ છે, એમ નથી. કોઈનો કાળ અમુક કે અસંખ્ય કાળે મોક્ષ જાય, કોઈ અનંત કાળે જાય, કોઈ સંખ્યાત કાળે જાય એમ વાત છે.

મુમુક્ષુ :- અનેક જીવની અપેક્ષા...

પૂજ્ય ગુરુદેવશ્રી :- અનેક જીવની અપેક્ષાએ (વાત છે). એક જ જીવને આ કાળે થાય, આ કાળે થાય એમ નથી. એ ચર્ચા મોટી થઈ ગયેલી. 'તત્ત્વાર્થ રાજવાર્તિક'માં છે. આહા..હા...!

અહીં તો આપણે આ લેવું છે કે, 'અતિ ઉગ્ર પ્રયત્ન વડે પરાક્રમ પ્રગટ કરી રહ્યા છે.' છતાં તે સમય તો તે જ છે. આ..હા...! એને પુરુષાર્થની પ્રધાનતાથી કથન કર્યું છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? ભાઈ ! આવી વાતું ઝીણી ! અરે...! લોકોને નવરાશ ન મળે, ફૂરસદ ન મળે. આ..હા...! નહિતર તો ભગવાન કેવળીએ જે દીઠું, વીતરાગે દીઠું તેનો અર્થ શું ? દીઠું માટે થશે એમ નહિ પણ થવાને કાળે થાય છે તેમ ભગવાને દીઠું છે. આહા..હા...! પણ એનો નિર્ણય કરનારની દૃષ્ટિ ક્યાં હોય ? એને પરના રાગનું કર્તાપણું છૂટે, પરનું કર્તાપણું છૂટે અને પર્યાય ઉપરની દૃષ્ટિ છૂટીને પર્યાયનું કર્તાપણું છૂટે ત્યારે અકર્તા

દ્રવ્ય છે એવો અનુભવ થાય. આહા..હા...! આટલું બધી લાંબી વાત. વાણિયાને નવરાશ નહિ ને ઝીણી વાતું.

અહીં તો (કહે છે), 'અતિ ઉગ્ર પ્રયત્ન વડે...' તમે એમ કહો કે, તે જ કાળે મોક્ષ જાય તો અહીં તો અતિ ઉગ્ર પુરુષાર્થ વડે મોક્ષ થાય, એમ કીધું છે. સમજાણું કાંઈ ? પણ એ તો અતિ પુરુષાર્થ તે સમયે જ છે. જે સમયે મોક્ષ થવાનો છે તે કાળે જ તેનો અતિ પુરુષાર્થ છે. એ કાળ ફેર નથી. આહા..હા...! શું થાય ?

મુમુક્ષુ :- ભગવાનના જ્ઞાનમાં આવી નોંધ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- નોંધ છે, જ્ઞાનમાં એમ છે. 'કળશટીકા'માં છે. કેવળજ્ઞાનીએ દીઠું તેને તે થશે એવી કેવળજ્ઞાનમાં નોંધ છે. આ..હા...! આમેય કહેવાય છે, 'શ્રીમદ્'માં આવે છે, 'કરુણા હમ પાવત હૈ તુમકી વહ બાત રહી ગુરુગમ કી' હે પ્રભુ ! આપની કરુણા (છે). કરુણાનો અર્થ કે, આપના જ્ઞાનમાં હું આવ્યો કે હું સમકિતી છું અને અલ્પકાળે મોક્ષ જવાનો છું, એવું તમારા જ્ઞાનમાં આવ્યું એ જ મારા ઉપર આપની કરુણા છે. 'શ્રીમદ્રે' કહ્યું છે, 'કરુણા હમ પાવત હૈ તુમકી' આ..હા..હા...! ઇ કેવળજ્ઞાનમાં ભાસ્યું છે (કે), આ જીવ આ કાળે મોક્ષ પામશે, એ જ કેવળજ્ઞાનીની કરુણા છે, બસ ! આહા..હા...! આવી વાતું છે. અકષાય કરુણા.

પ્રશ્ન :- કરુણાનો ગમે તે અર્થ થઈ જાય ?

સમાધાન :- ગમે તેમ નહિ, જેમ હોય તેમ થાય. જેમ વસ્તુની - પદાર્થની સ્થિતિ હોય એમ અર્થ થાય કે નહિ ?

અહીં એ જ કહે છે, કર્મના કપાટને ખોલી નાખ્યા. ત્યારે (કોઈ કહે કે), કર્મના કપાટ ખોલવાના નહોતા ને ખોલી નાખ્યા ? સમજાણું કાંઈ ? એ કર્મ તો એ કાળે છૂટવાનો એનો પર્યાયનો એનો ધર્મ જ હતો પણ આણે આ બાજુ પુરુષાર્થ કર્યો તેથી કર્મના કપાટ ખોલ્યા એમ કહેવામાં આવે છે. એવું છે. એ ૨૭૩ ગાથા પૂરી થઈ. ૨૭૪ (ગાથા).

'હવે મોક્ષતત્ત્વના સાધનતત્ત્વને (અર્થાત્ શુદ્ધોપયોગીને) સર્વ મનોરથના સ્થાન તરીકે અભિનન્દે (પ્રશંસે) છે :-' આ..હા...! શુદ્ધઉપયોગીને જ સર્વ મનોરથ સિદ્ધ થાય છે. શુદ્ધઉપયોગીને મોક્ષ, શુદ્ધઉપયોગીને દર્શન, શુદ્ધઉપયોગીને જ્ઞાન, શુદ્ધઉયોગીની ચારિત્ર આહા..હા...! એ અહીં સિદ્ધ કરવું છે. થોડું ઝીણું છે. હમણા ચર્ચા બંધ છે, નહિતર રાત્રે તો પ્રશ્ન થાય. આમાં થોડું વિશેષ સમજી લેવું.

**अथ मोक्षतत्त्वसाधनतत्त्वं सर्वमनोरथस्थानत्वेनाभिनन्दयति-**

**सुद्धस्स य सामण्णं भणियं सुद्धस्स दंसणं णाणं।**
**सुद्धस्स य णिव्वाणं सो च्चिय सिद्धो णमो तस्स।।२७४।।**

शुद्धस्य च श्रामण्यं भणितं शुद्धस्य दर्शनं ज्ञानम्।
शुद्धस्य च निर्वाणं स एव सिद्धो नमस्तस्मै।।२७४।।

**यत्तावत्सम्यग्दर्शनज्ञानचारित्रयौगपद्यप्रवृत्तैकाग्रयलक्षणं साक्षान्मोक्षमार्गभूतं श्रामण्यं तच्च शुद्धस्यैव। यच्च समस्तभऊतभवद्भाविव्यतिरेकरम्बितानन्तवस्त्वन्वयात्मकविश्वसामान्य-**

---

अथ शुद्धोपयोगलक्षणमोक्षमार्गं सर्वमनोरथस्यानत्वेन प्रदर्शयति-**भणियं** भणितम्। किम्। **सामण्णं** सम्यग्दर्शनज्ञानचारित्रैकाग्रयलक्षणं शत्रुमित्रादिसमभावपरिणतिरूपं साक्षान्मोक्षकारणं

---

હવે મોક્ષતત્ત્વના સાધનતત્ત્વને (અર્થાત્ શુદ્ધોપયોગીને) સર્વ મનોરથના સ્થાન તરીકે **અભિનન્દે (પ્રશંસે)** છે :–

**રે ! શુદ્ધને શ્રામણ્ય ભાખ્યું, જ્ઞાન દર્શન શુદ્ધને,**
**છે શુદ્ધને નિર્વાણ, શુદ્ધ જ સિદ્ધ, પ્રણમું તેહને. ૨૭૪.**

અન્વયાર્થ :– **[ शुद्धस्य च ]** શુદ્ધને (–શુદ્ધોપયોગીને) **[ श्रामण्यं भणितं ]** શ્રામણ્ય કહ્યું છે, **[ शुद्धस्य ]** શુદ્ધને **[ दर्शनं ज्ञानं ]** દર્શન અને જ્ઞાન કહ્યું છે, **[ शुद्धस्य च ]** શુદ્ધને **[ निर्वाणं ]**

---

'મોક્ષતત્ત્વના...' ઉપાયતત્ત્વને '(અર્થાત્ શુદ્ધોપયોગીને)...' શુદ્ધઉપયોગીમાં સર્વ મનોરથનું સ્થાન છે, શુદ્ધઉપયોગીને બધું પ્રગટ થાય છે. એને અભિનંદે છે, પ્રશંસા કરે છે. શુદ્ધઉપયોગીને અભિનંદે છે ! આ..હા..હા...! જુઓ ! ભાષા શુદ્ધ છે. પણ શુદ્ધનો અર્થ અહીં શુદ્ધઉપયોગ છે. શુદ્ધનો અર્થ ત્યાં શુદ્ધ દ્રવ્ય એમ નથી. '**सुद्धस्स य सामण्णं भणियं**' ભગવાને કહ્યું. ભગવાને એમ કહ્યું.

**विशेषप्रत्यक्षप्रतिभासात्मकं दर्शनं ज्ञानं च तत् शुद्धस्यैव। यच्च निःप्रतिघविजृम्भितसहजज्ञानानन्दमुद्रितदिव्यस्वभावं निर्वाणं तत् शुद्धस्यैव। यश्च टङ्कोत्कीर्णपरमानन्दावस्थासुस्थितात्मस्वभावोपलम्भगम्भीरो भगवान् सिद्धः स शुद्ध एव। अलं वाग्विस्तरेण, सर्वमनोरथस्थानस्य**

---

यच्छ्रामण्यम्। तत्तावत्कस्य। **सुद्धस्स य** शुद्धस्य च शुद्धोपयोगिन एव। **सुद्धस्स दंसणं णाणं** त्रैलोक्योदर-विवरवर्तित्रिकालविषयसमस्तवस्तुगतानन्तधर्मैकसमयसामान्यविशेषपरिच्छित्तिसमर्थं यद्दर्शनज्ञानद्वयं तच्छुद्धस्यैव। **सुद्धस्स य णिव्वाणं** अव्याबाधानन्तसुखादिगुणाधारभूतं पराधीनरहितत्वेन स्वायत्तं यन्निर्वाणं तच्छुद्धस्यैव। **सो च्चिय सिद्धो** यो लौकिकमायाञ्जनरसदिग्विजयमन्त्रयन्त्रादिसिद्धविलक्षणः स्वशुद्धात्मोपलम्भलक्षणः टङ्कोत्कीर्णज्ञायकैकस्वभावो

---

નિર્વાણ હોય છે, [ **सः एव** ] તે જ (–શુદ્ધ જ) [ **सिद्धः** ] સિદ્ધ હોય છે; [ **तस्मै नमः** ] તેને નમસ્કાર હો.

ટીકા :– પ્રથમ તો, સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રના યુગપદપણારૂપે પ્રવર્તતી એકાગ્રતા જેનું લક્ષણ છે એવું જે સાક્ષાત્ મોક્ષમાર્ગભૂત શ્રામણ્ય, તે 'શુદ્ધ'ને જ હોય છે; સમસ્ત ભૂત–વર્તમાન–ભાવી વ્યતિરેકો સાથે મિલિત (મિશ્રિત), અનંત વસ્તુઓના અન્વયાત્મક જે વિશ્વ તેના (૧) સામાન્યના અને (૨) વિશેષના પ્રત્યક્ષ પ્રતિભાસસ્વરૂપ છે (૧) દર્શન અને (૨) જ્ઞાન, તે 'શુદ્ધ'ને

---

**सुद्धस्स य सामण्णं भणियं सुद्धस्स दंसणं णाणं।**
**सुद्धस्स य णिव्वाणं सो च्चिय सिद्धो णमो तस्स।।२७४।।**

રે ! શુદ્ધને શ્રામણ્ય ભાખ્યું, જ્ઞાન દર્શન શુદ્ધને,
છે શુદ્ધને નિર્વાણ, શુદ્ધ જ સિદ્ધ, પ્રણમું તેહને. ૨૭૪.

'શુદ્ધને શ્રામણ્ય ભાખ્યું,' આહા..હા...! હવે અહીં તો કહે કે, શુભઉપયોગ હોય તે સાધુ છે, બસ ! અહીં તો કહે છે કે, શુદ્ધઉપયોગીને સાધુપણું ભગવાને કહ્યું છે. જેવી ચીજ શુદ્ધ છે, તેનો જે ઉપયોગ, જે શુદ્ધઉપયોગ તેને ભગવાને નિર્વાણ કહ્યું છે. આ..હા...!

**मोक्षतत्त्वसाधनतत्त्वस्य शुद्धस्य परस्परमङ्गाङ्गाभिवपरिणतभाव्यभावकभावत्वात्प्रत्यस्तमित-स्वपरविभागो भावनमस्कारोऽस्तु।।२७४।।**

---

ज्ञानावरणाद्यष्टविधकर्मरहितत्वेन सम्यक्त्वाद्यष्टगुणान्तर्भूतानन्तगुणसहितः सिद्धो भगवान् स चैव शुद्धः एव। **णमो तस्स** निर्दोषिनिजपरमात्मन्याध्याराधकसंबन्धलक्षणो भावनमस्कारोऽस्तु तस्यैव। अत्रैतदुक्तं भवति-अस्य मोक्षकारणभूतशुद्धोपयोगस्य मध्ये सर्वेष्टमनोरथा लभ्यन्त इति मत्वा शेषमनोरथपरिहारेण तत्रैव भावना कर्तव्येति।।२७४।।

---

જ હોય છે; **નિર્વિઘ્ન**–ખીલેલાં સહજ જ્ઞાનાનંદની મુદ્રાવાળો (–સ્વાભાવિક જ્ઞાન અને આનંદની છાપવાળો) **દિવ્ય** જેનો સ્વભાવ છે એવું જે **નિર્વાણ**, તે **'શુદ્ધ'**ને જ હોય છે; અને **ટંકોત્કીર્ણ** પરમાનંદ–અવસ્થારૂપે સુસ્થિત આત્મસ્વભાવની ઉપલબ્ધિથી ગંભીર એવા જે ભગવાન **સિદ્ધ, તે 'શુદ્ધ'** જ હોય છે (અર્થાત્ શુદ્ધોપયોગી જ સિદ્ધ થાય છે). વચનવિસ્તારથી બસ થાઓ; સર્વ મનોરથના સ્થાભૂત, મોક્ષતત્ત્વના સાધનતત્ત્વરૂપ **'શુદ્ધ'**ને, જેમાંથી પરસ્પર અંગ–અંગીપણે પરિણમેલા ભાવક–ભાવ્યપણાને લીધે સ્વપરનો વિભાગ અસ્ત થયો છે એવો ભાવનમસ્કાર હો. ૨૭૪.

---

'જ્ઞાન દર્શન **શુદ્ધને**,' લ્યો ! જ્ઞાન, દર્શન શુદ્ધઉપયોગીને (છે એમ કહ્યું).

ટીકા :– **'तावत्'** શબ્દ છે ને ? **'यत्तावत्'** એમ સંસ્કૃત શબ્દ છે. 'પ્રથમ તો,...' **'तावत्'** નામ મુખ્ય વાત તો એ છે કે, 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના યુગપદપણારૂપે પ્રવર્તતી એકાગ્રતા જેનું લક્ષણ છે એવું જે સાક્ષાત્ મોક્ષમાર્ગભૂત શ્રામણ્ય, તે **'શુદ્ધ'**ને જ હોય છે;...' આ..હા..હા...! સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રનું યુગપદ્પણું (એટલે) ત્રણેની એકસાથે પ્રવર્તતી એવી જે એકાગ્રતા. એવી જે આત્મામાં શુદ્ધઉપયોગની એકાગ્રતા. આ..હા..હા...! 'જેનું લક્ષણ છે...' 'યુગપદ્પણારૂપે પ્રવર્તતી એકાગ્રતા જેનું લક્ષણ છે...' આહા..હા...! 'એવું જે સાક્ષાત્ મોક્ષમાર્ગભૂત...' નિશ્ચય, સાક્ષાત્. 'શ્રામણ્ય,...' સાધુપણું 'તે **'શુદ્ધ'**ને જ હોય છે;...' એ શુદ્ધઉપયોગીને સાધુપણું હોય છે. આહા..હા...! મહાવ્રત પાળનારને અને પાંચ સમતિ, ગુપ્તિ પાળનારને સાધુ(પણું) હોય છે એ વાત અહીં કરી નથી. આહા..હા...! સાધુ આવા હોય.

શુદ્ધ, વસ્તુ શુદ્ધ છે. પૂર્ણાનંદ પ્રભુ (છે), તેનો જેને શુદ્ધ ઉપયોગ દર્શન, જ્ઞાન, ચારિત્રની એકતાનો શુદ્ધ ઉપયોગ થયો છે. યુગપત્ ત્રણેની એકાતનો ઉપયોગ થયો છે. પ્રથમ સમ્યક્ અને પછી દર્શન, જ્ઞાન એમ નહિ. અહીં તો એકસાથે દર્શન, જ્ઞાન ને ચારિત્રની યુગપદ્‌ની પ્રવૃત્તિ થઈ છે. આહા..હા...! એવી 'એકાગ્રતા જેનું લક્ષણ છે એવું જે સાક્ષાત્ મોક્ષમાર્ગભૂત શ્રામણ્ય...' એ સાક્ષાત્ મોક્ષમાર્ગભૂત શ્રામણ્યનું લક્ષણ દર્શન, જ્ઞાન, ચારિત્રની યુગપદ્‌પણારૂપે પ્રવર્તતી એકાગ્રતા તે તેનું લક્ષણ. આહા..હા...! પંચ મહાવ્રત પાળે ને પાંચ સમિતિ રાખે ને ગુપ્તિ કરે માટે એ શ્રામણ્યનું લક્ષણ (છે), એમ નથી. આકરી વાત, ભાઈ ! આહા..હા...! સાધુપદ એટલે ઓ..હો..હો....! ગજબ ! શ્રામણ્યપણું એટલે ભાઈ ! બાહ્યમાં તો વસ્ત્રનો તાણો ન હોય પણ અંદરમાં શુભરાગનો ભાવ હોય. આહા..હા...!

શુદ્ધ ઉપયોગની એકાગ્રતા. દર્શન, જ્ઞાન ને ચારિત્રની યુગપદ્ એકાગ્રતા જેનું લક્ષણ. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની એકાગ્રતા એવી પ્રવૃત્તિની એકાગ્રતા. છે ? 'યુગપદ્‌પણારૂપે પ્રવર્તતી...' (અર્થાત્) એકસાથે ત્રણનું પરિણમન, એમ. એવી 'એકાગ્રતા જેનું લક્ષણ છે...' જેનું લક્ષણ છે 'એવું જે સાક્ષાત્ મોક્ષમાર્ગભૂત શ્રામણ્ય...' સાક્ષાત્ મોક્ષના કારણભૂત સાધુપણું તે શુદ્ધઉપયોગીની હોય છે. આહા..હા...! અને કોઈ એમ કહે કે, જુઓ ! સાતમે શુદ્ધ ઉપયોગ થાય. પણ એ સાતમે શુદ્ધઉપયોગ થાય એ આગળ તો જઈ શકતો નથી. અત્યારે આ કાળ એવો છે. એટલે ઇ શુદ્ધઉપયોગ છે ઇ (ત્યાંથી બહાર આવી) પાછો હેઠે છઠ્ઠે તો આવે. હેઠે છઠ્ઠે આવે એને વિકલ્પ હોય, ઓલામાં (સાતમામાં) નિર્વિકલ્પ શુદ્ધઉપયોગ હોય. એટલે શુદ્ધ ઉપયોગ છે એને અહીં વિકલ્પવાળું છઠ્ઠું ગુણસ્થાન આવે. પણ જેને શુદ્ધઉપયોગ જ નથી એને છઠ્ઠું ગુણસ્થાન વિકલ્પવાળું આવે નહિ. શું કહ્યું સમજાણું ?

કોઈ એમ અત્યારે સિદ્ધ કરવા માગે કે, ભઈ ! શુદ્ધ ઉપયોગરૂપી ચારિત્ર તો સાતમે હોય. બરાબર છે. પણ સાતમે હોય ઇ સાતમે રહે કેટલો કાળ ? સાતમેથી શ્રેણી માંડે એ તો અત્યારે કાળ છે નહિ. ક્ષપક શ્રેણિ કે ઉપશમ શ્રેણિ માંડે એ તો છે નહિ. ત્યારે હવે સાતમે શુદ્ધઉપયોગ છે એમ ભલે સિદ્ધ કરો, તોપણ એને ત્યાંથી હટીને છઠ્ઠે તરત વિકલ્પ આવે અને છઠ્ઠે વિકલ્પ ન આવે તો એ શુદ્ધઉપયોગ જ એને નહોતો. આહા..હા...! અને શુદ્ધઉપયોગ સાતમે ગણે તો એની સ્થિતિ જ અલ્પકાળની છે. એ શુદ્ધઉપયોગ આગળ જાય એવો તો કાળ અત્યારે છે નહિ. ક્ષપણ શ્રેણિ માંડે એ કાળ તો છે નહિ. ત્યારે શુદ્ધઉપયોગી મુનિ છે એમ જો તમે સિદ્ધ કરવા માગો તો એનો અર્થ કે, શુદ્ધઉપયોગમાં રહેનારો તરત

જ અલ્પકાળમાં એને વિકલ્પ આવ્યા રહે નહિ. તો જેને શુદ્ધઉપયોગ જ નથી તેને છઠ્ઠા ગુણસ્થાનનો વિકલ્પ પણ આવતો નથી, એથી એને છઠ્ઠું-સાતમું ગુણસ્થાન છે જ નહિ.

પ્રશ્ન :– એને છઠ્ઠું પણ નથી ?

સમાધાન :– છઠ્ઠું પણ નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? આ..હા...!

મુમુક્ષુ :– પાંચમુ તો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પાંચમું પણ ક્યાં છે ? ઇ એને મુનિપણઉં માને છે ને ? અને પ્રરૂપણા તો એ કરે છે કે, આ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા મોક્ષનો માર્ગ છે. પ્રરૂપણા તો એ કરે છે. એ તો મિથ્યાત્વની પ્રરૂપણા છે. આહા..હા...! આ 'પ્રવચનસાર'નો છેલ્લો શ્લોક (–ગાથા) છે. પછી ૨૭૫માં તો છેલ્લો સરવાળો કરશે. આહા..હા...!

'તે 'શુદ્ધ'ને જ હોય છે;...' એમ ભાષા છે. શુદ્ધઉપયોગીને જ શ્રામણ્યપણું – મોક્ષનું સાધન હોય. ત્યારે શુદ્ધઉપયોગી જો થયો તો એને સાતમું હોય જ હોય અને સાતમું હોય ઇ આ કાળ છે માટે આગળ જઈ શકે નહિ. એટલે એ હેઠે ઊતરીને છઠ્ઠે આવે જ તે. ત્યારે છઠ્ઠે આવે ઇ ક્ષણમાં રહીને વળી ક્ષણમાં સાતમે જાય. તો જે સાતમે શુદ્ધઉપયોગમાં જતો નથી તેને છઠ્ઠું પણ નથી. આહા..હા...! ભાઈ ! વસ્તુ આવી છે પણ હવે શું થાય ? આ તો વસ્તુનું સ્વરૂપ છે, ભાઈ !

અહીં તો અવાયવિજયમાં કહ્યું ને કે, વસ્તુનું આવું સ્વરૂપ છે પ્રભુ ! તું પણ પામ, પામીને તું પણ મુક્તિ પામ ! બાપુ ! ભાવના પણ આ જ છે. પણ વસ્તુસ્થિતિ આ છે. આહા..હા...! અવાયવિજયમાં કીધું ને ? 'દ્રવ્યસંગ્રહ'માં અવાયવિજય. અમે અને તમે બધા શુદ્ધઉપયોગમાં આવી મોક્ષને પામો ! આ..હા..હા...! ગમે તે તમારી શ્રદ્ધા વિપરીત હો પણ પ્રભુ ! એને છોડી દે ! આહા..હા...! તારો પણ મોક્ષ થાઓ ! એવી સમકિતીની અવાયવિજયમાં ભાવના હોય છે. આહા..હા...! તું મરીને નરકે જા ને નિગોદમાં જા (એવી ભાવના ન હોય). આહા..હા...! કારણ કે પોતાને પણ અલ્પકાળમાં મોક્ષ છે એ ચોક્કસ છે. સિદ્ધપદ થવાને થોડો કાળ બાકી છે એટલે સિદ્ધપદ જ થવાનું છે. તો એ રીતે બધા સિદ્ધપદને પામો, પ્રભુ ! આ..હા..હા...!

૩૮મી ગાથામાં એમ કહ્યું છે ને ? ૩૮માં કળશ લીધો છે. સમસ્ત જીવો નિમગ્ન થઈ જાઓ. આખો લોક સ્વરૂપમાં નિમગ્ન થઈ જાઓ. ૩૮માં છે. જીવનો અધિકાર જ્યાં પૂરો કર્યો ત્યાં પૂર્ણ જીવનું સ્વરૂપ છે એ બધાને પ્રાપ્ત થઈ જાઓ. આ..હા..હા...! પંચમ

આરાના સંતો પોતાને મોક્ષ નથી એમ ખબર છે છતાં કહે છે કે, અમારો પણ મોક્ષ અને તારો પણ મોક્ષ થઈ જાઓ, ભાઈ ! આ..હા..હા...! તું ગમે તેટલી વિપરીતતા કર એના ઉપર અમારી નજર નથી, કહે છે. આહા..હા...! કારણ કે વિપરીતતા એ વસ્તુનું સ્વરૂપ જ નથી. તેથી વસ્તુના સ્વરૂપની દૃષ્ટિ અને એનો સાધક જીવ પોતાને પણ અલ્પકાળમાં મક્તિ થાઓ, બધા જીવો – લોકો (પણ મુક્તિને પામો). ૩૮માં આવે છે ને ? ભાઈ ! સમસ્ત લોક મગ્ન થઈ જાઓ. આ 'પ્રચનસાર' છે, 'સમયસાર'માં આવે છે, મગ્ન થઈ જાઓ. આ..હા..હા...! અરે...! પંચમઆરાના સંત તમે એક કોર કહો કે, અત્યારે કેવળજ્ઞાન નથી અને એક કોર આવી ભાવના કરો ! બાપુ ! ભાવના તો એ જ છે. આહા..હા...! અમારો પણ અલ્પ કાળમાં મોક્ષ થાઓ અને તારો પણ અલ્પ કાળમાં મોક્ષ થાઓ ! (આવે) છે ને ઇ ? ઓલું (લખાણ) 'દ્રવ્ય સંગ્રહ'માં 'બ્રહ્મદેવ'નું છે અને આ 'અમૃતચંદ્રાચાર્ય'નું છે. છે ? એ નીકળ્યું, લ્યો ! ૩૨મો કળશ.

**मज्जन्तु निर्भरममी सममेव लोका**
**आलोकमुच्छलति शान्तरसे समस्ताः ।**
**आप्लाव्य विभ्रमतिरस्करिणीं भरेण**
**प्रोन्मग्न एष भगवानबोधसिन्धुः ।।३२।।**

'**एष भगवान अवबोधसिन्धुः**' 'આ જ્ઞાનસમુદ્ર ભગવાન આત્મા વિભ્રમરૂપ આડી ચાદરને સમૂળગી ડુબાડી દઈને (દૂર કરીને) પોતે સર્વાંગ પ્રગટ થયો છે; તેથી હવે આ સમસ્ત લોક...' આ..હા..હા...! 'અમૃતચંદ્રાચાર્ય' સંત કહે છે, 'સમસ્ત લોક...' આ..હા..હા...! 'તેના શાંત રસમાં...' '**समम् एव**' 'એકીસાથે જ...' બધો લોક આખો 'અત્યન્ત મગ્ન થાઓ.' શ્લોક છે.

મુમુક્ષુ :– સંસારમાં કોઈ ન રહો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સંસાર, અહીં સંસાર રહેવાનો નથી પછી બીજાને સંસાર રહે એવો ભાવ શું કરવા આવે ? અહીં અલ્પ કાળમાં પરમાત્મા થવાનું છે. આહા..હા...! બધા પરમાત્મા થાઓ ! આ..હા..હા...! આ 'અમૃતચંદ્રાચાર્ય'નું (લખાણ છે). ધર્મની ભાવના, અવાય ભાવના, વળી 'બ્રહ્મદેવ'નું (લખાણ છે).

(અહીંયાં ૩૨મા કળશમાં) છે ને ઇ ? 'સમસ્ત લોકમાં રહેલા પદાર્થો એકવીવખતે જ જ્ઞાનમાં આવી ઝળકે છે તેને સર્વ લોક દેખો.' આ..હા..હા...! અહીં તો મોળીપાણી વાત

જ નથી. પડી જશે ને ફડી જશે ને, એ વાત જ અહીં નથી. ૩૮મી ગાથામાં તો ત્યાં સુધી કીધું. આમાં આ આવ્યું. (ત્યાં) ટીકામાં (કહે છે કે), ગુરુએ વારંવાર અપ્રતિબુદ્ધને સમજાવ્યો. અપ્રતિબુદ્ધ સમજ્યો અને એ બોલે છે, કહે છે, અમે જે આ પામ્યા છીએ એમાંથી પડવાના નથી. અમે પાચમાઆરાના સમકિતી પણ અમે પડવાના નથી ! છે ? ૩૮.

મુમુક્ષુ :– દ્રવ્ય પડે તો પર્યાય પડે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– દ્રવ્ય પડે તો પર્યાય પડે. દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય સમજી શકાય છે. 'શ્રીમદ્દે' કહ્યું છે ને ? તીવ્ર વચનો. દિગંબર સંતોની વાણી.. આ..હા..હા...! ત્યાં એમ કહ્યું, સાક્ષાત્ શાંતરસમાં (નિમગ્ન થાઓ). અર્થમાં કહ્યું છે ને કે, દેખનારા મિથ્યાદષ્ટિ છે અને દેખાડનારા સમકિતી છે. અર્થમાં છે, નાટક તરીકે (લીધું છે). દેખનારાઓ છે, એ દેખનારને દેખનારા કહે છે કે, તમે પણ મુક્તિને પામો, શાંતરસને પામી જાઓ ! આ..હા..હા...! અને તે પણ શ્રોતા પણ પાછો એમ કહે છે કે, અમે જે આ પામ્યા, ફરવાના નથી, અમને મિથ્યાત્વનો અંકુર ફરીને ઉત્પન્ન થવાનો નથી. આ..હા..હા...! છે કે નહિ એમાં ? પંચમ આરાનો સાધુ કે સમકિતી એમ કહે. આરો-ફારો ક્યાં હતો અંદર ? આ..હા..હા...!

મુમુક્ષુ :– શ્રોતા તરીકે...

પૂજ્ય ગુરુદેવશ્રી :– શ્રોતા એવા જ અહીં લીધા છે. ભલે કોઈ વ્યક્ત ઓછુ (કરી શકે) પણ શ્રોતા એવા જ અહીં લીધા છે. પાંચમી ગાથામાં ન કહ્યું ? **'जदि दाएज्ज पमाणं'** એકત્વ નિશ્ચયની વાત મારા સ્વભાવથી કરીશ તો પ્રમાણ કરજે. **'जदि दाएज्ज पमाणं'** જો તને યથાર્થ દેખાડું તો અનુભવ કરીને પ્રમાણ કરજે. એમ નથી કહ્યું કે, તું વાતને ધારી રાખજે. ગાથા છે કે નહિ ? મૂળ પાઠ છે ને ? **'तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।'** મારા (વૈભવથી) સ્વથી એકત્વ અને પરથી વિભક્ત એ વાત કહીશ, પણ જો કીધી, ફરીને લીધું **'जदि दाएज्ज'** જો વાત ચાલી આવી અને તને કાને પડી (તો) પ્રમાણ કરજે, અનુભવ કરીને પ્રમાણ કરજે. આ..હા..હા...! આવી ગાથા છે.

એ અહીં કહ્યું, (મોક્ષમાર્ગભૂત) 'શ્રામણ્ય, તે 'શુદ્ધ'ને જ હોય છે;...' શુદ્ધઉપયોગીને એવું સાધુપણું હોય છે. આ..હા..હા...! હવે અહીં તો કહે કે, મારે શુભઉપયોગ છે અને એ અમારું સાધન છે, એ સાધનથી નિશ્ચય સાધ્ય થાશે. આહા..હા...! 'શ્રીમદ્' કહે છે, વસ્તુને વસ્તુ તરીકે રાખજે. વસ્તુને વસ્તુ તરીકે રાખજે. ફેરફાર કરીશ નહિ. આહા..હા...! એ અહીં કહે છે, આવું જે સાધુપણું 'તે 'શુદ્ધ'ને જ હોય છે;...' 'અમૃતચંદ્રાચાર્ય'નો પોકાર

આ છે.

'સમસ્ત **ભૂત-વર્તમાન-ભાવી**...' ત્રણ કાળ '**વ્યતિરેકો**...' એટલે પર્યાયો 'સાથે **મિલિત (મિશ્રિત)**, અનંત વસ્તુઓના અન્વયાત્મક...' સંબંધવાળા વિશ્વ આખું 'તેના **(૧)** સામાન્યના અને **(૨)** વિશેષના પ્રત્યક્ષ **પ્રતિભાસસ્વરૂપ**...' આ..હા..હા...! સામાન્ય અને વિશેષના '**પ્રતિભાસસ્વરૂપ** જે **(૧)** દર્શન અને **(૨)** જ્ઞાન...' આ..હા..હા...! 'તે '**શુદ્ધ**'ને જ હોય છે;...' એ **શુદ્ધ**ઉપયોગીની હોય છે. ત્રણકાળ ત્રણલોકને જાણવાનો ઉપયોગ.. આ..હા...! સામાન્ય અને **વિશેષ શુદ્ધ**ઉપયોગીને જ હોય છે. આહા..હા...! કહો, ભાઈ ! આમાં ઢીલા-ફીલાની વાતું, વાણિયાવાદ અહીં નથી, કહે છે. તીર્થંકરો બધા ક્ષત્રિયો હતા.

એ દર્શન ને જ્ઞાન, સામાન્ય અને **વિશેષ** ઉપયોગ, ત્રણકાળ ત્રણલોકના પદાર્થને એક સમયમાં દેખે અને જાણે એવો જે સામાન્ય અને દર્શન **વિશેષ** ઉપયોગ તે **શુદ્ધ**ને જ હોય છે. **શુદ્ધ**ઉપયોગી જીવને આ **શુદ્ધ** હોય છે. **શુભ**ઉપયોગીને સામાન્ય, **વિશેષ** દર્શન હોતું નથી. આ..હા..હા...! **વિશેષ** કહેશે...

શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !

## કારતક સુદ ૧, સોમવાર
## તા. ૨૨-૧૦-૧૯૭૯
## ગાથા–૨૭૧ પ્રવચન નં. ૨૫૪

'પ્રવચનસાર' ૨૭૧ ગાથા. એનો પહેલો કળશ છે. પહેલી શરૂઆત તો એ કરી હતી કે, દ્રવ્યની શુદ્ધિની પ્રમાણે ચરણની શુદ્ધિ અને ચરણની શુદ્ધિ પ્રમાણે દ્રવ્યની શુદ્ધિ. એટલે શું ? કે, જે દ્રવ્ય છે ચૈતન્ય વસ્તુ, એનો આશ્રય લઈને જે શુદ્ધ પરિણતિ જેટલા પ્રમાણમાં પ્રગટ થઈ તેટલા પ્રમાણમાં એને કષાયની મંદતા હોય.

'द्रव्यस्य शुद्धि, चरणस्य शुद्धि' એટલે દ્રવ્ય શબ્દે અહીં પરિણતિ છે. વસ્તુ જે છે ચૈતન્ય જ્ઞાયક સ્વરૂપ, એનો આશ્રય લઈને જે શુદ્ધ પરિણતિ પ્રગટ થઈ છે, જેટલા પ્રમાણમાં શુદ્ધ પરિણતિ પ્રગટ થઈ એટલા પ્રમાણમાં કષાયની મંદતાનો શુભ ભાવ ત્યાં હોય. જેમ કે છઠ્ઠે ગુણસ્થાને ત્રણ કષાયના અભાવની શુદ્ધ પરિણતિ છે તો એને કષાયની મંદતાનો, પંચ મહાવ્રતાદિનો ભાવ જ હોય. એ બેને મેળ છે. સમજાય છે કાંઈ ? ત્રણ કષાયના અભાવની શુદ્ધ પરિણતિ પ્રગટી હોય અને વસ્ત્ર ને પાત્રને લેવાનો ભાવ રહે, એ ભાવનો મેળ નથી એમ કહે છે. આહા..હા...! જેટલી દ્રવ્યની શુદ્ધિ પ્રગટેલી છે તેના પ્રમાણમાં એને કષાયની મંદતાનો ભાવ તે ભૂમિકાને યોગ્ય હોય. પછી ચરણનું જ્ઞાન કરો એટલે કષાયની મંદતાનું જ્ઞાન કરો કે શુદ્ધ પરિણતિનું જ્ઞાન કરો, પણ બેયને યથાર્થપણે જાણવું. આહા..હા...!

જેને શુદ્ધ પરિણતિ સમ્યગ્દર્શન, જ્ઞાનની પ્રગટી છે, એને કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધાનો રાગ અને મિથ્યાત્વ (હોય) એ મેળ (નથી). એ ચરણની શુદ્ધિનો મેળ નહિ. આ..હા...! સમજાય છે કાંઈ ? જેને દ્રવ્યની શુદ્ધિ એટલે સમ્યગ્દર્શન પ્રગટ્યું ઇ શુદ્ધિ. એના પ્રમાણમાં એને કુદેવ, કુગુરુ ને કુશાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ હોય એમ ન હોય. એ દ્રવ્યની શુદ્ધિના પ્રમાણમાં એને ચારિત્રના પરિણામની શુદ્ધિ વ્યવહારની હોય. આહા..હા...! સમજાય છે કાંઈ ? કોઈ એમ કહે કે, અમને સમ્યગ્દર્શન થયું છે પણ વ્યવહારમાં અમે હજી કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને

માનીએ તો એની સાથે શુદ્ધિના પ્રમાણમાં જે કષાયની મંદતાનો ભાવ જોઈએ તે નથી. તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? ત્યાંથી ઉપાડ્યું. છેલ્લો શ્લોક પણ ત્યાંથી ઉપાડ્યો છે. જ્ઞેય અધિકારનો છેલ્લો શ્લોક પણ ઇ છે અને શરૂઆતનો શ્લોક પણ ઇ છે. આ..હા...! હવે આ તો એનો સરવાળો લ્યે છે.

**तन्त्रस्यास्य शिखण्डमण्डनमिव प्रद्योतयत्सर्वतो-**
**ऽद्वैतीयीकमथार्हतो भगवतः संक्षेपतः शासनम् ।**
**व्याकुर्वञ्जगतो विलक्षणपथां संसारमोक्षस्थितिं**
**जीयात्सम्प्रति पञ्चरत्नमनघं सूत्रैरिमैः पञ्चभिः ।।१८।।**

આ '(શ્લોક દ્વારા તે પાંચ ગાથાઓનો મહિમા કરવામાં આવે છે :)' પાંચ રત્નો જેવી ગાથાઓ છે. 'હવે આ શાસ્ત્રને કલગીના અલંકાર જેવા..' મુગટ હોય ને મુગટ ? (એની) કલગી. 'આ શાસ્ત્રને કલગીના અલંકાર જેવાં (અર્થાત્ આ શાસ્ત્રના ચૂડામણિ-મુગટમણિ જેવાં) આ પાંચ સૂત્રોરૂપ નિર્મળ પાંચ રત્નો–કે જેઓ સંક્ષેપથી અર્હંતભગવાનના સમગ્ર અદ્વિતીય શાસન...' સારા બાર અંગના શાસ્ત્રના શાસનને. આ..હા..હા...! 'અર્હંતભગવાનના સમગ્ર અદ્વિતીય શાસન...' આગમ અને પરમાગમ. આગમ અને અધ્યાત્મ, એ સમગ્ર શાસન. એ આગળ કહેશે, હોં !

'સંક્ષેપથી અર્હંતભગવાનના સમગ્ર અદ્વિતીય શાસનને...' વીતરાગનું અજોડ શાસન. સર્વજ્ઞે કહેલું તત્ત્વ નિશ્ચય-વ્યવહાર, દ્રવ્ય-પર્યાય, અભેદ-ભેદ એ અદ્વિતીય શાસન છે. આહા..હા...! એ સર્વતઃ પ્રકાશે છે. જૈનશાસનમાં સર્વતઃ સત્ય પ્રકાશે છે. બાર અંગમાં સત્યને (પ્રકાશે છે). બાર અંગ એટલે પણ અમુક વાત છે, સ્થૂળ કથન છે. શું કહ્યું સમજાણું ? બાર અંગમાં ત્રીજા ભાગમાં પૂર્વ આવે છે. ચૌદ પૂર્વ ઉપરાંત બે ભાગ આવે છે. છતાં એ હજી સ્થૂળ કથન છે. આહા..હા...! કારણ કે વાણી છે ઇ જડ છે, વસ્તુ ચૈતન્યમૂર્તિ ભિન્ન છે. આહા..હા...! ચૈતન્યમાં સ્વપરપ્રકાશનો સ્વભાવ છે અને વાણીમાં સ્વપર કથન કહેવાનો સ્વભાવ છે. આહા..હા...! એમાં જેવું એનું સ્વરૂપ છે તેવું જ જાણે છે અને તેવું જ વાણી દ્વારા કહેવાય છે. આહા..હા...! એ સર્વજ્ઞ સિવાય એ વાત બીજે ક્યાંય હોઈ શકે નહિ. આહા..હા...! કેમકે ધર્મનું મૂળ સર્વજ્ઞ છે.

'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા'માં ધર્માનુપ્રેક્ષા લીધી છે. ધર્મનું મૂળ સર્વજ્ઞ છે. આ..હા..હા...! અને સર્વજ્ઞે જે જોયું અને કહ્યું તે જ પ્રમાણે વસ્તુનો સ્વભાવ છે. એ રીતે જે રીતે છે...

આહા..હા...! બાર અંગની વ્યાખ્યા 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'માં આવી ને ? ક્રમ.. ક્રમ. ક્રમસર શું કીધું ? ક્રમનિયમિત. એ આખા જૈનદર્શનનો અકર્તાપણાનું શાસન છે. અકર્તા ! આહા..હા...! ક્રમનિયમિત – જે સમયે જે પર્યાય ક્રમે થવાની તે નિયમિત નિશ્ચય છે. એમાં અકર્તાપણું સિદ્ધ કરવું છે. ક્રમનિયમિત સિદ્ધ નથી કરવું. ક્રમનિયમિત તો અકર્તાપણામાં તેનો સિદ્ધાંત આવી જાય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? ઝીણી વાત છે, ભાઈ ! એ અકર્તાપણું ત્યાં સુધી (છે કે એ) જૈનશાસનની કલગી આખું તત્ત્વ (છે). આહા..હા...! પરનો તો કર્તા નહિ, વ્યવહાર રત્નત્રયના રાગનો પણ કર્તા આત્મા નહિ પણ એની નિર્મળ પર્યાયનો પણ દ્રવ્ય કર્તા નહિ. ત્યાં સુધી ક્રમબદ્ધમાં – ક્રમનિયમિતમાં અકર્તાપણાનો સિદ્ધાંત અહીં સુધી લઈ ગયા છે. આહા..હા...! એ કહેશે. શુદ્ધ જ સમકિત હોય, શુદ્ધને જ્ઞાન હોય, શુદ્ધને ચારિત્ર હોય, શુદ્ધને નિર્વાણ (હોય). છેલ્લી ગાથા (છે), આ તો એની પહેલી શરૂઆત છે. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! આજે ધનતેરસ છે. કાલે દિવાળી ગણે છે. આપણે દિવાળી કાલે ગણી છે, આ લોકો રવિવારે (ગણે છે), સોમવારે બેસતુ વર્ષ ગણે છે ને ? આહા..હા...! ધનતેરસનો અર્થ ધન જે આત્માનું સ્વરૂપ. આહા..હા...! જ્ઞાનલક્ષ્મી ને આનંદની પ્રાપ્તિ (થાય) એનું નામ ધનતેરસ છે. ધૂળના ધનની પ્રાપ્તિ અહીં નહિ. ધનતેરસને દિ' પૂજા કરે ને પૈસાની ? આહા..હા...!

મુમુક્ષુ :– ચાંદલો કરે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ચાંદલો આને કરે.

સચ્ચિદાનંદ પ્રભુ ત્રિકાળ.. અર્થમાં છે. ઓલા આગમની અંદરમાં છે. ૨૩૨ ગાથા છે ને ? 'મોક્ષમાર્ગ પ્રજ્ઞાપન'ની શરૂઆત થઈ છે ને ? ૨૩૨ (ગાથાથી) 'મોક્ષમાર્ગ પ્રજ્ઞાપન'ની શરૂઆત કરી છે. ત્યાં આગમ અને પરમાગમ બે નાખ્યા છે. **'आगमचेट्ठा तदो जेट्ठा'** ભગવાને કહેલા આગમો અને ભગવાને કહેલા પરમાગમો, સિદ્ધાંતો, અધ્યાત્મ, એની ચેષ્ટા, એનું સર્વ જેષ્ઠા. ૨૩૨ (ગાથા) છે. મોક્ષમાર્ગ ત્યાંથી શરૂ થાય છે. છે ? હાથ ન આવ્યું ? ૨૩૨ છે.

**एयग्गगदो समणो एयग्गं णिच्छिदस्स अत्थेसु।**
**णिच्छित्ती आगमदो आगमचेट्ठा तदो जेट्ठा।।२३२।।**

છે ? એમાં આગમના બે પ્રકાર નાખ્યા છે. એક આગમ જીવ અને કર્મ આદિની વ્યાખ્યા કરે તે આગમ અને એક – આત્માને જ મુખ્ય કરે તે પરમાગમ – અધ્યાત્મ.

ઇ બધું ટીકામાં છે, હોં ! અંદર સંસ્કૃત ટીકામાં છે. સમજાણું ? આહા..હા...! ઓલી કોર છે. **'जीवभेदकर्मभेदप्रतिपादकागमाभ्यासाद्भवति'** 'જયસેનાચાર્ય'ની ટીકામાં સંસ્કૃતમાં છે. **'न केवलमागमाभ्यासात्तथैवागमपदसारभूताच्चिदानन्दैकपरमात्मतत्त्वप्रकाशकादध्यात्माभिधानात्परमागसाच्च पदार्थपरिच्छित्तिर्भवति।।'** એકલું આગમ નહિ, પણ આગમ ઉપરાંત (અધ્યાત્મ).

ભાઈએ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહ્યું છે ને ? જીવ-અજીવ જ્યાં પહેલી ભૂલ બતાવી (ત્યાં કહ્યું કે), આગમમાં કહ્યું પણ અધ્યાત્મમાં જે કહ્યું છે એને એ સમજતો નથી. આગમમાં કર્મ અને જીવના ભેદની વ્યાખ્યાને જાણે પણ પરમાનંદનો નાથ પ્રભુ, સચ્ચિદાનંદ પ્રભુ, એવું જે અધ્યાત્મતત્ત્વ કહ્યું છે તેને જાણતો નથી અને એને જાણે તો અજીવનો એક અંશ જીવમાં ભેળવે નહિ અને જીવનો એક અંશ અજીવમાં ભેળવે નહિ. એમાં છે ? છે ને, ખબર છે. આહા..હા...! ત્યાં બે વાત લીધી છે. આગમનો અભ્યાસ પણ એ ઉપરાંત આ અધ્યાત્મનો અભ્યાસ. એમાં કહ્યું છે અને આમાં સંસ્કૃતમાં પણ બે લીધું છે – આગમ અને અધ્યાત્મ બે. **'आगमचेट्ठा तदो जेट्ठा'** આગમ ને પરમાગમનું જે યથાર્થ જ્ઞાન છે, ચેષ્ટા તે જ્ઞાન, તે શ્રેષ્ઠ છે, તે સર્વોત્કૃષ્ટ છે. આ..હા...! સમજાણું કાંઈ ? આવી વાતું છે. આહા..હા...! આગમચક્ષુ કહ્યું છે ને ? આગમચક્ષુ. મુનિ આગમચક્ષુ છે. અવધિજ્ઞાન ચક્ષુ દેવ છે, સિદ્ધ છે એ સર્વ ચક્ષુ છે. સર્વ ચક્ષુ છે.

હવે અહીં કહેવું છે કે આગમ એટલે.. આહા..હા...! 'સૂત્રોરૂપ નિર્મળ પાંચ રત્નો...' છે ? 'અર્હંતભગવાનના સમગ્ર અદ્વિતીય શાસનને સર્વતઃ પ્રકાશે છે તેઓ—વિલક્ષણ પંથવાળી...' આહા..હા...! (વિલક્ષણ એટલે) ભિન્ન ભિન્ન. '(સંસારની સ્થિતિ અને મોક્ષની સ્થિતિ ભિન્નભિન્ન પંથવાળી છે...)' આહા..હા...! રાગ ને દયા, દાનના, વ્રતના પરિણામ (થાય) એ સંસારસ્થિતિ છે. આહા..હા...! અને ભગવાનઆત્મા આનંદસ્વરૂપ, તેની શુદ્ધ પરિણતિ (થાય) તે મોક્ષતત્ત્વ છે. રાગની એકતાબુદ્ધિ અને રાગથી મને લાભ થશે, એવો જે મિથ્યાત્વ ભાવ એ અહીં કહેશે ઇ સંસારતત્ત્વ છે. સંસારતત્ત્વ આત્માની પર્યાયથી ભિન્ન હોઈ શકે નહિ.

પ્રશ્ન :– સાત તત્ત્વ આવ્યા એમાં સંસારતત્ત્વ આઠમું (તત્ત્વ) ?

સમાધાન :– સંસારતત્ત્વ એટલે એની વિકારી પર્યાય એ અજીવતત્ત્વ છે. એ પુણ્યતત્ત્વ છે, એ પાપતત્ત્વ છે, એ આસ્રવતત્ત્વ છે, બંધતત્ત્વ છે. એ સંસારતત્ત્વ છે. આહા..હા...!

અહીં ઇ કહે છે, આ ગાથામાં સંસારતત્ત્વની વ્યાખ્યા છે. આ..હા...! સંસાર એટલે

શું ? કોઈ સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસો, બાયડી, છોકરા (છે) ઇ સંસાર (છે) ? ઇ સંસાર નહિ. આહા..હા...! સ્વરૂપમાંથી સંસરીને – ખસીને રાગ ને દયા, દાન ને વ્રતાદિના પરિણામની એકતાબુદ્ધિ કરવી એ મિથ્યાત્વ એ સંસાર છે. આહા..હા...! સંસાર એ આત્માની પર્યાયથી ભિન્ન ન હોય. ભિન્ન હોય તે સંસાર નહિ. સ્ત્રી, કુટુંબ, પરિવાર એ સંસાર નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? આવી બધી આકરી વાતું છે. આ..હા...! આખો દિ' ઓલામાં રચ્યાપચ્યા રહે એને કહે કે, ઇ કોઈ તારા નહિ. આહા..હા...! તું એનો નહિ, એમ જૈનશાસનનો પોકાર છે. અને જેણે એ રીતે ન માન્યું અને તે રાગાદિ તત્ત્વને પોતાનું માન્યું એ સંસારતત્ત્વ ચાર ગતિમાં રખડવાનું સાધન છે. આહા..હા...! સંસારતત્ત્વ એ આત્માની પર્યાયમાં રહે છે, મોક્ષતત્ત્વ પણ આત્માની પર્યાયમાં હોય છે. શું કહ્યું ?

સંસારતત્ત્વ કહો કે મોક્ષમાર્ગની પર્યાયનું તત્ત્વ કહો કે મોક્ષતત્ત્વ કહો, એ પર્યાયમાં છે. પરવસ્તુ પર્યાયમાં નથી. શું કીધું ઇ ? પરવસ્તુ જે શરીર, કર્મ એ આત્માની પર્યાયમાં નથી. આહા..હા...! એની પર્યાયમાં તો એ હું છું અને એ મારા છે, એવી માન્યતા એની પર્યાયમાં છે. આ.હા...! તેથી ૧૮૯ ગાથામાં કહ્યું ને કે, એનો ગ્રહણત્યાગ છે એ જીવતત્ત્વ છે, એના પર્યાયમાં. ઉત્પાદ-વ્યય. મિથ્યાત્વનો ઉત્પાદ થવો અને મિથ્યાત્વનો નાશ થવો – વ્યય થવો. વ્યય થવો એટલે પાછુ બીજું ઉત્પન્ન થાય. પણ એ મિથ્યાત્વનો ગ્રહણત્યાગ એ સંસારતત્ત્વ છે. એ જીવની પર્યાય છે. એ શુદ્ધદ્રવ્યના નિરૂપણમાં નિશ્ચયનય એ મિથ્યાત્વ તે જીવ છે અને જીવના પરિણામ છે, જીવનું કાર્ય છે (એમ કહેવામાં આવે છે). આહા..હા...! ૧૮૯ (ગાથા). સમજાણું કાંઈ ? ઝીણી વાત છે, બાપુ ! આહા..હા...!

કહે છે કે, 'અદ્વિતીય શાસન...' 'અર્હંતભગવાનનું સમગ્ર અદ્વિતીય...' અજોડ શાસન. એનું કોઈપણ કથન... આ.હા..હા...! અજોડ છે. અદ્વિતીય ચક્ષુ. 'સમયસાર'ને અદ્વિતીય ચક્ષુ કહ્યું છે ને ? અહીં અદ્વિતીય શાસન (કહ્યું છે). 'સર્વતઃ પ્રકાશે છે...' વીતરાગની વાણી સર્વતઃ યથાર્થતાને પ્રકાશે છે. આહા..હા...! દ્રવ્ય, ગુણ, પર્યાય, વિકાર, પર આદિ જેમ છે તેમ જે રીતે (છે તે રીતે) પ્રકાશે છે. તેથી 'વિલક્ષણ પંથવાળી સંસાર-મોક્ષની સ્થિતિને જગત સમક્ષ પ્રગટ કરતાં...' સંસારની સ્થિતિ પણ પ્રગટ કરતાં અને મોક્ષની સ્થિતિ પણ પ્રગટ કરતાં. એ 'જગત સમક્ષ પ્રગટ કરતાં થકાં જયવંત વર્તો.' એ જૈનશાસનની વાણી અને અદ્વિતીય જૈનશાસનના આગમ એ જયંવત વર્તો ! આહા..હા...!

'હવે સંસારતત્ત્વ પ્રગટ કરે છે :–' સંસારતત્ત્વ પ્રગટ કરે છે. ૨૭૧ (ગાથા).

**जे अजधागहिदत्था एदे तच्च त्ति णिच्छिदा समये।**
**अच्चंतफलसमिद्धं भमंति ते तो परं कालं।।२७१।।**

સમયસ્થ હો પણ સેવી ભ્રમ અયથા ગ્રહે જે અર્થને,
અત્યંતફળસમુદ્ધ ભાવી કાળમાં જીવ તે ભમે. ૨૭૧.

'સમયસ્થ હો...' ભલે કહે છે કે, જૈન સંપ્રદાયમાં જન્મ્યો હો અને જૈનનો દિગંબર સાધુ થયો હો.. આહા..હા...! પંચ મહાવ્રતને પાળતો હો. એવો સમયસ્થ. જૈનમાં રહેલો હોવા છતાં 'પણ સેવી ભ્રમ અયથા ગ્રહે જે અર્થને,...' પણ ભ્રમણા સેવીને 'અયથા ગ્રહે જે અર્થને,' પુણ્ય તે ધર્મ છે અને ધર્મ તે પુણ્યથી થાય છે, વ્યવહાર કરતા કરતા ધર્મ થાય, એવી રીતે જે ભ્રમણા જૈનશાસનમાં સંપ્રદાયમાં રહીને પણ જૈનનો સાધુ થઈને પણ (સેવે છે). આહા..હા...! 'અત્યંતફળસમૃદ્ધ ભાવી કાળમાં...' વર્તમાન તો છે પણ ભાવી કાળમાં 'જીવ તે ભમે.' ભવિષ્યમાં અનંત કાળ એ ભમશે. આહા..હા...!

ટીકા :- 'જેઓ સ્વયં અવિવેકથી પદાર્થોને અન્યથા જ અંગીકૃત કરીને...' પોતાની મેળાએ કલ્પનાથી, વીતરાગને જે કહેવું છે તેના વિરુદ્ધ. આહા..હા...! ક્રમબદ્ધનો સિદ્ધાંત તોડવા માટે તો કેવળજ્ઞાનને પણ અત્યારે તોડી નાખે છે, માળા ! કારણ કે કેવળજ્ઞાની જાણે તે થાય (એમ સ્વીકારીશું તો) ક્રમબદ્ધ સિદ્ધ જશે. (એટલે એમ કહે છે કે), કેવળજ્ઞાનીએ તો ભૂતનું જાણ્યું, ભવિષ્યનું તો થાશે ત્યારે જાણશે. અહીં એમ નથી, ભાઈ ! આહા..હા...!

ભગવાન તો સર્વજ્ઞની પર્યાયમાં ભૂત, ભવિષ્ય, વર્તમાન પ્રત્યક્ષ (જાણે છે). વર્તમાન ભવિષ્યની પર્યાય નથી છતાં તેને પ્રત્યક્ષ છે તેમ ભાસે છે. હવે આ જ્ઞાને કેવું ? જ્ઞાનનો એવો કોઈ સ્વભાવ છે કે ભવિષ્યની અનંતી પર્યાયો દ્રવ્યમાં વર્તમાન થઈ નથી છતાં કેવળજ્ઞાન(માં) તો આમ પ્રત્યક્ષ ભાસે છે. આ પર્યાય આ રહી છે, એવું જે કેવલજ્ઞાન, એણે કહેલા તત્ત્વોને ન માનતા, 'સ્વયં અવિવેકથી...' પોતાના અવિવેકથી. આહા..હા...!

કોઈ એમ કહે છે કે, શું કરીએ ? અમને ઉપદેશક મળ્યા એવું અમે માન્યું. (એક શેઠ) એમ કહે છે. અહીં કહે છે, 'સ્વયં અવિવેકથી...' તેં તારા અવિવેકથી માન્યું છે, તેં કહેનારને માન્યા નથી. સમજાણું કાંઈ ? અમને માથે મળ્યા એવું માન્યું. પણ માન્યું છે કોણે ? એ અહીં પહેલું સિદ્ધ કરે છે.

'જેઓ સ્વયં અવિવેકથી...' એક વાત. બીજી વાત કે, કર્મના જોરને લઈને પણ મિથ્યાત્વ

છે એમ નથી લીધું. અવિવેકથી પદાર્થને યથાર્થ માનતો નથી. સમજાય છે કાંઈ ? આહા..હા...! દર્શનમોહ તો જડ કર્મ છે. એ તો આત્માની પર્યાયમાં પણ નથી. પર્યાયથી બહાર છે. કર્મ અને આત્માની પર્યાય વચ્ચે તો અત્યંત અત્યંત અભાવ છે. અત્યંત અત્યંત અભાવ છે. સમજાણું ? માટે કર્મને લઈને અવિવેક છે એમ સિદ્ધ ન કરતા, 'સ્વયં અવિવેકથી...' એમ કહ્યું છે. આ..હા...! પોતે જ અંદરમાં ભગવાન ત્રિલોકનાથ સચ્ચિદાનંદ પ્રકાશની મૂર્તિ પ્રભુ, એને એમ ન માનતા એ રાગ ને અંધારું જે અજ્ઞાન, એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ અજ્ઞાન-અંધકાર છે (તેને પોતાના માને છે).

'સંવર અધિકાર'માં આવી ગયું છે. 'સંવર અધિકાર'માં. આધારઆધેય નથી, અત્યંત સ્વરૂપ વિપરીત છે અને અજ્ઞાન ને જ્ઞાનમાં ભેદ છે. રાગાદિ અજ્ઞાન છે અને ભગવાન જ્ઞાન સ્વરૂપ છે. છેલ્લો શબ્દ છે. સંવરનો છેલ્લો (શબ્દ છે). આ તો 'પ્રવચનસાર' છે. સમજાણું કાંઈ ? આહા..હા...! એ રાગ જે અજ્ઞાન, જે અજીવ ને જડ. ભગવાન ચૈતન્યસ્વરૂપ ને જીવ આત્મા, એ બેને એક માને છે. એનાથી મને લાભ થાય. ભલે એ જૈન સંપ્રદાયમાં દિગંબર જૈન સાધુ હો, પંચ મહાવ્રત પાળતો હોય.. આ..હા...! પણ 'સ્વયં અવિવેકથી...' પોતાના જ અજ્ઞાનના કારણે. આહા..હા...! 'પદાર્થોને અન્યથા જ અંગીકૃત કરી...' જેમ છે એમ ન માનતા અન્યથા અંગીકાર કરી. '(–બીજી રીતે જ સમજીને)...' આહા..હા...!

ભગવાનનો સ્યાદ્વાદ માર્ગ છે માટે રાગથી પણ લાભ થાય. અહીં તો કહે છે કે, રાગથી લાભ થાય એ માન્યતા મિથ્યાત્વ અને સંસારતત્ત્વ છે. ભલે જૈનશાસનમાં રહેલો હોય અને સાધુપણું પાળતો હોય, પંચ મહાવ્રત, અઠ્ઠાવીસ મૂળગુણ (પાળતો હોય). શ્રાવક મિથ્યાદૃષ્ટિ હોય અને બાર વ્રત પાળતો હોય. આહા..હા...! પણ એ રાગની ક્રિયા એ વિકાર છે, દુઃખ છે. તે આત્માના કલ્યાણનું કારણ છે એમ જે 'સ્વયં અવિવેકથી પદાર્થોને...' અહીં નવ પદાર્થ લીધા છે. ઓલા સાત તત્ત્વ છે ને ? 'અન્યથા જ અંગીકૃત કરી...' પાંચ અસ્તિકાય, છ દ્રવ્ય, સાત તત્ત્વ, નવ પદાર્થ એમ શાસ્ત્રમાં છે. એ નવ પદાર્થોમાં.. આ..હા...! પુણ્યને ધર્મ માને, ધર્મને પુણ્યને કારણે માને, અજીવની ક્રિયા તે સમયે તેની તેનાથી થાય તેને મારાથી થાય એમ માને. આહા..હા...! એવા 'સ્વયં અવિવેકથી પદાર્થોને અન્યથા જ...' અન્યથા 'જ' (કહ્યું છે).

'(–બીજી રીતે જ સમજીને) 'આમ જ તત્ત્વ (વસ્તુસ્વરૂપ) છે' એમ નિશ્ચય કરતા થકા,...' આહા..હા...! આમ જ છે, વ્યવહાર પણ ધર્મનું કારણ છે, રાગ પણ ધર્મનું કારણ છે.

શાસ્ત્રમાં કહ્યું છે. હસ્તાવલંબ કહ્યું છે. અગિયારમી ગાથામાં નથી કહ્યું ? રાગ વ્યવહારરત્નત્રય હસ્તાવલંબ છે. નિમિત્તના કથન શાસ્ત્રમાં છે. હસ્તાવલંબ જાણી કહ્યું છે પણ એનું ફળ સંસાર છે. છે એમાં ? અગિયારમી ગાથા. આ..હા..હા...! વીતરાગે કહ્યો વ્યવહાર જે દયા, દાન, વ્રતાદિ એનું નિમિત્ત દેખીને, હસ્તાવલંબ દેખીને વાત કરી પણ એનું ફળ તો સંસાર છે. આ..હા..હા...! આકરું કામ બહુ, ભાઈ ! જન્મ-મરણ રહિત થવાની વાતું (અલૌકિક છે), બાપા ! આ..હા...!

અહીં કહે છે, 'આમ જ તત્ત્વ (વસ્તુસ્વરૂપ) છે' એમ નિશ્ચય કરતા થકા,...' આહા..હા...! નિશ્ચય અને વ્યવહાર બેય છે. તો વ્યવહારથી પણ થાય છે અને નિશ્ચયથી પણ થાય છે. આહા..હા...! તેમ જગતના પદાર્થોની ક્ષણે ક્ષણે પર્યાય થાય તે સ્વતંત્ર છે એમ નહિ, તે નિમિત્ત હોય તો થાય, નિમિત્ત ન હોય તો ન થાય. એમ પદાર્થની અવિવેકપણે સ્થિતિને ગ્રહણ કરીને. 'એમ નિશ્ચય કરતા થકા, સતત એકત્રિત કરવામાં આવતા...' આહા..હા...! (એકત્રિત એટલે) એકઠો, ભેગો. શું ?

'મહા મોહમળ...' આહા..હા...! મિથ્યાત્વ. આકરું કામ છે, ભાઈ ! મહા મોહમળ. ઓલામાં આવે છે ને ? ભાઈ ! 'આસ્રવ અધિકાર'માં. ધનુર્ધર. ઓલાએ બાણાવળી કીધો, ઓલાએ યોદ્ધો અર્થ કર્યો છે. કળશ ટીકાકારે ધનુર્ધર એનો યોદ્ધો અર્થ કર્યો છે અને આમાં અર્થકારે બાણાવળી એટલે એક પછી એક બાણ છૂટે (એવો અર્થ કર્યો છે). 'બાણાવળી' એવો શબ્દ છે. 'સમયસાર'માં 'આસ્રવ અધિકાર'નો પહેલો શ્લોક છે ને ? એમાં છે. બાણાવળીનો અર્થ – બાણ-આવલી. આમ છૂટે. એવો અર્થ છે આમાં ? કીધું. આ કળશ જોયો એમાં એ અર્થ નથી. એણે જ્ઞાનરૂપી જોદ્ધો લીધો છે, એટલું. આ કળશટીકાકારે. એમ આ મિથ્યાત્વરૂપી બાણાવળી. મહામોહમળ. આહા..હા...! સૂક્ષ્મ વાત છે, ભાઈ !

દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ રાગ છે, દુઃખ છે, આસ્રવ છે, એને ધર્મના કારણ માનવા અને એ કરતા કરતા થશે, એ કહે છે કે, મિથ્યાત્વરૂપી મહા મોહમળ જેણે એકઠો કર્યો છે. ચારે કોરથી શાસ્ત્રમાંથી વ્યવહારથી થાય એવી વાત એકઠી કરી છે. સમજાણું કાંઈ ? શાસ્ત્રમાં ઇ છે. હસ્તાવલંબ જાણીને કહ્યું (છે), પણ તેનું ફળ સંસાર છે એમ એણે જાણ્યું નથી. આહા..હા...! કહ્યું છે કે નહિ અંદર ? ઝીણી વાત છે, ભાઈ !

આહા..હા...! અનાદિકાળથી રખડે છે, મહાદુઃખી છે. આહા..હા...! ભ્રમણા... ભ્રમણા... ભ્રમણા... (એક મુમુક્ષુને) જ્યારે રોગ હતો ને ? તે દિ' અમે ત્યાં હતા. અંદર ગયા ત્યારે

એવા પીડાતા હતા. (એ કહે) એવા અંદર ઘા મારે છે ને આમ થાય છે, સપના એવા આવે છે. ઘા મારે છે, કટકા કરે ને આમ કરે, એવા સપના આવે છે. કુદરતે એવું બન્યું કે, અમે ગયા ને એકદમ અનુકૂળ થઈ ગયું. એ તો પુણ્યના ઉદયને લઈને, હોં ! બહુ કહેતા હતા બિચારા, બધા ઊભા હતા, રાત્રે એવા સપના આવે છે, કોણ જાણે આમ ઘા વાગે છે, પ્રહાર થાય છે, આમ કટકા કરે છે ને આવા આવા સપના આવે છે. અરે..રે...! જુવાન માણસ. પછી તો એને બિચારને એકદમ સવળું થઈ ગયું. બહુ પ્રેમ છે, રુચિ ઘણી છે. આહા..હા...! અરે...! બાપુ ! એ તો જગતની ચીજ છે. ભમણામાં ચડી જાય. આ..હા...! સિદ્ધાંતમાં તો ત્યાં સુધી કહ્યું છે, મુનિ પ્રમત્ત દશામાં છે, ત્રણ કષાયનો જેને અભાવ છે... આહા..હા...! એને પણ માઠાં સપના આવે. છે, 'દ્રવ્ય સંગ્રહ'માં છે, 'દ્રવ્ય સંગ્રહ'માં છે, બતાવ્યું હતું, નહિ ? દુઃસપના.

મારે તો બીજું કહેવું છે કે, ત્રણ કષાયનો અભાવ... આ..હા..હા...! અને જ્યાં વીતરાગતા વર્તે છે પણ જરી પ્રમાદમાં જ્યારે આવે છે... આહા..હા...! નિંદ્રામાં જરી થોડો કાળ (આવે છે) એમાં સ્વપન – દુઃસ્વપ્ન આવે, એવો પાઠ છે. આહા..હા...! એ..ઇ...! બતાવ્યું હતું ને ભાઈને ? છે ને આમાંથી, કાઢોને ! તે દિ' બતાવ્યું હતું. અહીં તો બધું કંઈ તરત હાથ આવે છે ? છઠ્ઠા ગુણસ્થાનની વાત છે ને ? ઓલી ચૌદ ગુણસ્થાનની (વાત છે) ત્યાં છે. અહીં તો બીજું કહેવું છે. આકરી વાત અહીં કહે છે ને ? છઠ્ઠા ગુણસ્થાન સુધી આવી દશા (છે), જેની નિંદ્રા પોણી સેકંડની અંદર (છે).. આહા..હા...! જાગતો જીવ.. આહા..હા...! ઊભો છે ને તેને પકડ્યો છે ને ! અને તે ચારિત્રથી પકડ્યો છે પાછો, (એકલી) દૃષ્ટિથી પકડ્યો છે (એમ નહિ), એને પણ સાતમી ભૂમિકામાંથી હેઠે ઊતરી જાય, તરત જ ઊતરે એ તો છઠ્ઠુ-સાતમું, છઠ્ઠુ-સાતમું સેંકડો વાર અંતર્મૂહુર્તમાં આવે, એમાં કોઈ વખતે દુઃસપના આવી જાય. આહા..હા...! અર..ર..ર...! એવું આવે કે એ બહારથી ન કહેવાય. એ..ઇ...! મુનિને ભાવલિંગી સંતને છઠ્ઠા ગુણસ્થાનની દશાએ ! આ સંસાર એવો છે, બાપુ ! આહા..હા...! છે ગુણસ્થાનની વ્યાખ્યા છે. આ બાજુના પાને છે, આ બાજુના પાને. તે દિ' બતાવ્યું હતું. આહા..હા...!

કહે છે કે, આ તો મિથ્યાત્વને એકઠું કર્યું છે. ઓલું તો ત્રણ કષાયનો અભાવ (છે), વીતરાગતાની લ્હેરમાં ફરે છે પણ જરી પ્રમત્તભાવ જ્યાં છઠ્ઠે ગુણસ્થાને આવે... આહા..હા...! ત્યાં કોઈ પૂર્વના સંસ્કારને લઈને માઠું સપનું આવી જાય કે આમ કરું છું કે આમ કરું

છું. આહા..હા...! અહીં તો કહે છે કે, ત્યાં સુધી દશા આવી તો આ તો મિથ્યાત્વ – રાગની એકતાબુદ્ધિવાળાએ તો મોહને એકઠો કર્યો છે. સમજાણું કાંઈ ? ક્ષણે ને પળે રાગથી લાભ થાય, જડને હું કરી શકું, પરનું કરી શકું, પરની સહાયથી મારામાં પણ કાંઈક થાય (એમ મોહને એકઠો કર્યો છે).

('દ્રવ્ય સંગ્રહ'માં) છે ને અહીં ? આ બાજુ છે ખ્યાલ છે. આ..હા...! 'નિજ શુદ્ધાત્મા કા જ્ઞાન હૈ ઉસસે ઉત્તમ સુખામૃત કા અનુભવ લક્ષણ કે ધારક, બાહ્ય વિષયો મેં સંપૂર્ણરૂપ સે હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ કે ત્યાગરૂપ લક્ષણ કે ધારક, પંચ મહાવ્રતો મેં પ્રવર્તતા હૈ તબ બૂરે સપને આદિ પ્રગટ તથા અપ્રગટ પ્રમાદસહિત હોતા હુઆ...' આહા..હા...! અહીં તો એ સિદ્ધ કરવું છે કે, છઠ્ઠે ગુણસ્થાને પ્રમત્તમાં પણ જ્યાં આવી દશા ત્યાં મિથ્યાત્વની શું વાત કરવી ? સમજાણું કાંઈ ? આહા..હા...! જેના સપના પણ મિથ્યાત્વના આવે, રાગથી મને લાભ થાય, આનાથી આમ થયું, આનાથી આમ થયું, પુણ્ય કરતા કરતા મને ધર્મ થઈ ગયો. આહા..હા...! એવો જે અવિવેક. 'એકત્રિત કરવામાં આવતા મહા મોહમળ...' એ કહે છે કે, એકનો એક અભિપ્રાય, વારંવાર એ અભિપ્રાયની પુષ્ટિ કરતો થકો. આહા..હા...!

મુમુક્ષુ :– આ તો જાગૃત અવસ્થામાં કરે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ જાગૃતની વાત છે. ઓલું તો એક બતાવ્યું કે, આવી દશામાં પણ પ્રમત્ત દશા એવી કોઈ ચીજ છે કે, એમાં આવું થઈ જાય ! આ..હા..હા...! કોઈ વખતે, હર વખતે નહિ, કોઈ વખતે. આ..હા...!

આ તો જાગૃત 'સતત એકત્રિત કરવામાં આવતા મહા મોહમળ...' મહા મોહમળ – મિથ્યાત્વ. આહા..હા...! સ્થૂળપણે અસંખ્ય પ્રકાર છે અને સૂક્ષ્મપણે મિથ્યત્વના, વિપરીત અભિપ્રાયના અનંત પ્રકાર છે. 'બંધ અધિકાર'માં લીધું છે કે, આને હું જીવાડું છું, આને મારુ છું. એના અધિકારમાં લીધું કે, મિથ્યાત્વનો આ એક ભાગ છે. એમ લીધું છે. આખા મિથ્યાત્વના તો ઘણ પ્રકાર છે, પણ આ એક મિથ્યાત્વનો એક ભાગ છે. એમ લીધું છે. છે, ટીકામાં છે, ખબર છે ને બધી. આહા..હા...! હું પરને જીવાડી શકું, સ્ત્રી, કુટુંબનું પોષણ કરી શકું, છોકરાઓને ભણાવીને તૈયાર કરું. આહા..હા...! અરે...! કહે છે કે, મહા મોહને એકઠો કર્યો. આ..હા...! ત્રિલોકના નાથને ભૂલીને મહા મોહને એકઠો કર્યો. 'મહા મોહમળ...' કેટલી ભાષા (કરી છે), જોઈ ? બધા 'મમા' જોયા ? 'મમા' કેટલા (કર્યા છે), જોયા ?

મહા મોહ મળ મલિન મનવાળા. 'મ..મ' આવ્યા બધા, 'મમા' ! મહા (એમાં) મ આવ્યો. મોહ – મ, મળ – મ, મલિન – મ, મનવાળા – મ. પાંચ 'મ' આવ્યા. આહા..હા...!

ત્રણલોકનો નાથ ચૈતન્ય ભગવાન જ્ઞાતા-દૃષ્ટાપણાનો સ્વભાવ, એને ભૂલી અને મહા મિથ્યાત્વના મોહમળને એકઠો કરી અને ઘૂંટી રહ્યો છે, કહે છે. આહા..હા...! કારખાના ચલાવી દઉં, આ કરાવી દઉં, બીજાને આમ મદદ આપું, સહાય આપું તો આમ થાય, ઢીંકણું થાય. આહા..હા...!

મુમુક્ષુ :– પ્રત્યક્ષ થાય અને આપ ના પાડો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પ્રત્યક્ષ થાય એ વાત સાચી. પ્રત્યક્ષ દેખાય છે એ સંયોગને દેખે છે. પાણી અગ્નિથી ઊનું થયું એ સંયોગથી દેખે છે પણ પાણીથી દેખે તો પાણી ઊનું થયું છે, કંઈ અગ્નિથી નથી થયું, પાણી ઊનું થયું છે. ભાઈ ! સમજાય છે ? આમ દેખે, આમથી દેખે તો આ આંગળીથી ઊંચું થયું. પણ આમાંથી દેખે તો એ પોતે ઊંચું થયું છે. આહા..હા...! જગતને આવી વાતમાં ભ્રમણા છે. આહા..હા...!

મુમુક્ષુ :– દિવાળીના દિવસો છે અમારી ભ્રમણા મટે...

પૂજ્ય ગુરુદેવશ્રી :– કીધું શું વાંચવું ? (એક મુમુક્ષુએ) આવીને પૂછ્યું. (ત્યારે બીજા ભાઈએ) કહ્યું, આ પાંચ ગાથા ઠીક છે. આહા..હા...!

દિ-વાળી – એણે દિવસને વાળ્યો, કાળને વાળ્યો. આહા..હા...! પર તરફ છે એને સ્વ તરફ વાળ્યો એનું નામ દિવાળી કહેવાય છે. એ..ઇ...! આહા..હા...! દિવાળીને દિવસે ભગવાન ત્રિલોકના નાથ મોક્ષ પધાર્યા. આ..હા..હા...! 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં'. 'સાદિ અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો' આ..હા...! ભગવાન તો મોક્ષ પધાર્યા. અનાદિસાંત સંસાર કરી નાખ્યો અને સાદિ અનંત મોક્ષ કર્યો. આ..હા...! અનંત ગુણની દશા છે. ભૂતકાળ કરતા અનંતગુણી પર્યાય ભવિષ્યની છે. સંસારની પર્યાય જેટલી સંખ્યામાં (થઈ) તેથી મોક્ષના માર્ગની, મોક્ષની પર્યાય થઈ એ અનંતગુણી પર્યાય છે. આહા..હા...! અહીં મહા મોહને એકઠો કર્યો એની સામે લેવું છે. આહા..હા...!

પૂર્ણાનંદના નાથને એકઠો કરીને અનંત આનંદને પ્રાપ્ત કરવો જોઈએ, એને ઠેકાણે કહે છે કે, ભ્રમણામાં 'સમયસ્થ' છે, પાઠમાં છે, હોં ! જૈનદર્શનમાં રહેલો, વાડામાં રહેલો દિગંબર નામ ધરાવનારા, આહા..હા...! ઝીણી વાત છે, હોં ! શ્વેતાંબરને તો અન્યમતમાં નાખ્યા છે. સ્થાનકવાસી, શ્વેતાંબરને તો 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં (અન્યમતમાં નાખ્યા છે).

પણ આ તો દિગંબરમાં રહેલા. સાતમા અધ્યાયમાં (વાત) આવી છે ને ? દિગંબરમાં જન્મ્યા એને મિથ્યાત્વનું શલ્ય શું રહી જાય છે ? આહા..હા...! ઊંડે ઊંડે...

એક સિદ્ધાંત એવો છે કે, મતિ ને શ્રુતનો ઉપયોગ સૂક્ષ્મ કરીને જે પકડવો જોઈએ એ પકડતો નથી, તેનો અર્થ જ કે, ત્યાં સ્થૂળ ઉપયોગ છે. આહા..હા...! ('સમયસાર') ૧૪૪ ગાથા. મતિ-શ્રુત સ્વસન્મુખમાં સૂક્ષ્મ છે. ત્યાં સૂક્ષ્મ ઉપયોગ, ઘણો પાતળો સૂક્ષ્મ થઈને અંદર સન્મુખ થાય છે અને સન્મુખ નથી થતો એનો અર્થ કે, એ સ્થૂળ ઉપયોગ છે. આહા..હા...! એ અટક્યો છે કેમ ? કે, સ્થૂળમાંથી સૂક્ષ્મ કરતો નથી. એ સૂક્ષ્મમાંથી સ્થૂળમાં અટકીને પડ્યો છે, કહે છે. આહા..હા...! ભાઈ ! છે ને એમાં ઇ ? ગંભીર છે. 'સમયસાર'ની ગાથાઓ, ટીકાઓ બહુ ગંભીર, ઘણી ગંભીર ! ઓ..હો..હો...! મતિજ્ઞાનને જેણે સન્મુખ કર્યું છે, શ્રુતજ્ઞાનને જેણે સન્મુખ કર્યું છે, જેને શ્રુતજ્ઞાનમાં વિકલ્પ હતા. આહા..હા...! એને સન્મુખ કર્યું છે, આમ વિમુખ હતું. વિમુખમાં મિથ્યાત્વને એકત્રિત કર્યું હતું. આહા..હા...! સૂક્ષ્મ પ્રકાર ઘણા, ભાઈ ! સ્થૂળ ઉપયોગ છે તે સૂક્ષ્મને પકડી શકતો નથી. સ્થૂળ ઉપયોગમાં કંઈપણ અંદર શલ્ય છે. આહા..હા...! તેમાં એણે શલ્યને એકઠું કરીને મહા મોહમળને પુષ્ટિ આપી છે, કહે છે. આહા..હા...! બહુ ગજબ વાત છે ! આ..હા..હા...!

'સતત એકત્રિત કરવામાં આવતા...' નિરંતર. આહા..હા...! સમયે સમયે જેમ જ્ઞાનધારા પ્રગટ થાય છે, તેમ આ સમયે સમયે મિથ્યાત્વની ધારા પુષ્ટ કરે છે, એમ કહે છે. એક પરમાણુ બીજા પરમાણુને અડે નહિ. એક જીવદ્રવ્ય પરમાણુને અડે નહિ, એક જીવ બીજા જીવને અડે નહિ. આહા..હા...! એમાં સંયોગની દૃષ્ટિથી મિથ્યાત્વની પુષ્ટિ કરે. આણે આ કર્યું ને આણે આ કર્યું, પ્રત્યક્ષ છે ને ? એમ કહે છે. પ્રત્યક્ષ છે, પણ શું પ્રત્યક્ષ છે તને ? તું તો સંયોગને જોવે છો. એની પર્યાય એનાથી થઈ છે એને તો તું જોતો નથી. આહા..હા...! એ સંયોગથી દેખનાર સમયે સમયે મિથ્યાત્વના મહા મળને પુષ્ટિ કરે છે. આહા..હા...!

'મહા મોહમળથી મલિન મનવાળા હોવાને લીધે...' આ..હા..હા...! 'નિત્ય અજ્ઞાની છે,...' એ કાયમ અજ્ઞાની છે, કહે છે. આહા..હા...! નિમિત્તથી આત્મામાં કંઈક થાય, નિમિત્તમાં દ્રવ્યમાં પણ મારાથી કંઈક થાય. આહા..હા...! ઇ બહારના નિમિત્તની અપેક્ષાએ, વ્યવહાર અંતર નિમિત્તની અપેક્ષા છે. ભાઈ ! આહા..હા...! અભ્યંતરમાં રાગનો વ્યવહાર એ નિમિત્ત

છે, એનાથી અહીં થાય... આહા..હા...! એવા મિથ્યાત્વ મોહમળને એકઠો કર્યો હોવાથી મલિન મનવાળા 'અજ્ઞાની છે,...' કાયમ અજ્ઞાની છે. ભલે શાસ્ત્ર વાંચતો હોય, ભણતો હોય, કહેતો હોય, પણ આ રીતે મિથ્યાત્વની પુષ્ટિમાં અજ્ઞાની છે એ તો. આહા..હા...! આવી વાતું છે.

'તેઓ ભલે...' હવે પાઠમાં છે એ આવ્યું. પાઠમાં છે ને ? 'સમયસ્થ' ભલે તે સમયમાં હોય, એમ કહે છે. છે ? **'समये'** છે ને ? બીજી લીટીનો છેલ્લો શબ્દ (છે). ભલે એ જૈન સિદ્ધાંતમાં, શાસ્ત્રમાં, જૈનના સંપ્રદાયમાં હોય, જૈન વાડામાં હોય, દિગંબર જૈન વાડો, હોં ! શ્વેતાંબરમાં તો ઇ થોડું આકરું પડે, હોં ! એનો બધાનો .... વસ્તુસ્થિતિ તો આવી છે. આહા..હા...! અરે..રે...! કહે છે કે, દિગંબર જૈન કહેવાય. એ 'સમયસ્થ.' એ 'સમયસ્થ'. શ્વેતાંબર છે એ તો 'સમયસ્થ' નથી.

મુમુક્ષુ :– પરસમય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પરસમયમાં છે. ઝીણી વાત છે, પ્રભુ ! કોઈને નુકસાન-લાભ એમ નહિ. ભગવાન છે. સવારે કહ્યું હતું ને ? સવારે એ કહ્યું હતું, બધાની મુક્તિ થાઓ, પ્રભુ ! ગમે તેટલો વિરોધ હોય. આ..હા...!

'પદ્મનંદિઆચાર્ય' તો ત્યાં સુધી કહે. અધિકાર છવીસ છે, છતાં પચીસ નામ છે.

બ્રહ્મચર્યનો અધિકાર ખુબ વર્ણવ્યો. વર્ણવીને એમ કહ્યું કે, હે જુવાનો ! તમારા શરીરની પુષ્ટિ ને સ્ત્રીની જુવાની. એમાં અમે આવી બ્રહ્મચર્યની વાત કરીએ છીએ, પ્રભુ ! તમને ન રુચે તો માફ કરજો. આહા..હા...! અમારી પાસેથી તમે શું આશા રાખશો ? આહા..હા...! 'પદ્મનંદિ' મુનિ, આચાર્ય ભાવલિંગી સંત ! બાપુ ! સત્ય તો આમ છે, ભાઈ ! બ્રહ્મ નામ આત્માના આનંદમાં રમણતા (થવી) એ બ્રહ્મચર્ય છે. શરીરથી બ્રહ્મચર્ય છે એ તો શુભભાવ છે. આહા..હા...! અને તે શરીરની ક્રિયા વિષયની ન થઈ માટે મેં એને રોકી એ મિથ્યા ભાવ છે. આહા..હા...! અને શરીરની ક્રિયા થઈ, મારાથી થઈ એ મિથ્યાત્વરૂપી મહા મોહ મલિન છે, ભાઈ ! આહા..હા...! ગજબ વાત છે ! જૈન સંપ્રદાયમાં રહેલા અને શરીરથી બ્રહ્મચર્ય પાળનારા, છતાં એ શરીરની ક્રિયા મેં ન કરી માટે થઈ, એમ નથી. આહા..હા...! એવો સૂક્ષ્મ ભાવ છે, ભાઈ ! આહા..હા...! વીતરાગ ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના પંચમઆરામાં વિરહ પડ્યા, સર્વજ્ઞદેવના પંચમઆરામાં વિરહ પડ્યા, કેવળજ્ઞાનના વિરહ પડ્યા, વસ્તુ આ રહી ગઈ. આ..હા..હા...!

કહે છે, 'તેઓ ભલે સમયમાં (–દ્રવ્યલિંગીપણે જિનમાર્ગમાં) સ્થિત હોય...' છે ?

આહા..હા...! ભલે દ્રવ્યલિંગી (હોય). દ્રવ્યલિંગ એટલે દિગંબર લિંગ, એ દ્રવ્યલિંગ. શ્વેતાંબર તો દ્રવ્યલિંગ પણ નથી. અર..ર..ર...! આકરું લાગે, પ્રભુ ! માર્ગ તો આ છે. આહા..હા...! '(દ્રવ્યલિંગીપણે જિનમાર્ગમાં) સ્થિત હોય...' જોયું ? આ..હા..હા...! 'તોપણ પરમાર્થ શ્રામણ્યને પામેલા...' નથી. આહા..હા...! તોપણ ખરેખર શ્રામણ્યને પામેલા નહિ હોવાથી... આહા..હા...! સાધુપણાને પામ્યા નથી. સમકિત જ પામ્યા નથી ત્યાં સાધુપણાને (ક્યાંથી પામ્યા હોય ?) દિગંબર જૈન સાધુ પંચ મહાવ્રત પાળે. કહે છે ને, આ બધું છોડ્યું અને એક શરીર હવે રહી ગયું છે. પણ એ છોડ્યું છે, એ છૂટેલા જ છે એને છોડ્યું છે એમ માનવું એ જ મિથ્યાત્વ છે. પરના ગ્રહણત્યાગથી તો શૂન્ય આત્મા છે. ફક્ત અજ્ઞાનભાવમાં અથવા જ્ઞાનભાવમાં રાગનો ત્યાગ અને ગ્રહણ વ્યવહારથી કહેવામાં આવે છે. આ..હા..હા..હા...! પરનો ત્યાગ અને ગ્રહણ તો આત્મામાં છે જ નહિ. કારણ કે એ તો પરવસ્તુ ક્યાં ગ્રહી છે કે તેને છોડે ?

એથી અહીં કહે છે, 'પરમાર્થ શ્રામણ્યને પામેલા નહિ હોવાથી ખરેખર શ્રમણાભાસ વર્તતા થકા,...' વિશેષ કહેશે...

શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !

**કારતક સુદ ૨, મંગળવાર**
**તા. ૨૩-૧૦-૧૯૭૯**
**ગાથા–૨૭૧ પ્રવચન નં. ૨૫૫**

'પ્રવચનસાર', ૨૭૧ ગાથા. પહેલા થોડું લીધું છે. ફરીને લઈએ. સંસારતત્ત્વ કોને કહેવું ? બાકી તો એમ આવે છે ને, મિથ્યાત્વ તે સંસાર છે. ઘણે ઠેકાણે આવે છે. ખરેખર તો મિથ્યાત્વ એ બહુ ઝીણી – સૂક્ષ્મ ચીજ છે. એના ત્યાગ વિના એને સમ્યગ્દર્શન ન હોય તો મુનિપણું પણ હોઈ શકે નહિ. આહા..હા...!

'જેઓ સ્વયં અવિવેકથી...' પોતાના સ્વભાવના ભાન વિના. નિશ્ચયથી... કહ્યું ને ? એ પ્રશ્ન તો કોઈએ મૂક્યો હતો. કાલે મૂક્યું હતું ને ? સૂક્ષ્મ ઉપયોગ, પ્રશ્ન કો'કે મૂક્યો હતો. તમારો છે ? તમારો પત્ર છે ને ? કો'કનો છે. એમ કે, આ સૂક્ષ્મ ઉપયોગ જે કહ્યો છે એ શું છે ? એનો અર્થ એવો છે, આ આત્મા જ્ઞાયકસ્વરૂપ છે, એની વર્તમાનમાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની પ્રગટ દશા છે, એ મન અને ઇન્દ્રિયથી તેનું પ્રવર્તન છે. એ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન, મતિજ્ઞાન ભલે મન અને ઇન્દ્રિય અને શ્રુતજ્ઞાન પણ ઇન્દ્રિયના નિમિત્તથી (થાય), એમાં નિમિત્ત તરફનું મતિ અને શ્રુતનું વલણ છે, એને... ત્યાં છે ને ? મતિ-શ્રુતજ્ઞાનને મર્યાદામાં લાવીને. ઝીણી વાત છે, ભાઈ ! મુંઝાવાનું નથી, મુંઝવણ કરવાની નથી કે આ કેમ પ્રગટે ? શાંતિનું કામ છે. નિભ્રત પુરુષોનું કામ, આવે છે ? 'નિભ્રત' શબ્દ આવે છે. મુંઝવણનું કામ (નથી), મુંઝાવાનું નથી કે, અરે...! આવી વાત ? ભાઈ ! શાંતિથી (સમજ), બાપુ !

મતિ અને શ્રુતજ્ઞાનનો જે પ્રગટ – વ્યક્ત પર્યાય છે તે ઇન્દ્રિય અને મન દ્વારા પ્રવર્તે છે. એ સ્થૂળ ઉપયોગ છે. એ ઉપયોગને – મતિ અને શ્રુતજ્ઞાનની દશાને પહેલું એણે જાણવું તો જોઈએ ને ? વસ્તુ શું છે ? એનો ગુણ ત્રિકાળ છે, એની મતિ અને શ્રુતની પ્રગટ પર્યાય છે. દ્રવ્ય-ગુણ અને પર્યાય. હવે એ પર્યાયનું વલણ મન અને ઇન્દ્રિય દ્વારા પર તરફના

જાણવામાં રોકાયેલું છે, એને મર્યાદામાં લાવીને. એક શબ્દ એમ છે. આપણે એમ લીધું, હિન્દીમાં એમ લીધું છે, ગૌણ કરીને. મૂળ હિન્દી છે ને ? એટલે શું ? કે, જે મતિ અને શ્રુતજ્ઞાનની પર્યાય જે પર તરફ વળેલી છે, તેને ગૌણ કરી દે. અને મતિ અને શ્રુતજ્ઞાનની પર્યાયને અંતરમાં વાળ. આરે...! આવી વાતું છે. આમાં બીજો કોઈ ઉપાય છે જ નહિ. આહા..હા...! સમજાય છે ? જેણે ચૈતન્યની પર્યાયમાં એનો વિષય કર્યો નથી અને એ પર્યાય પરનો વિષય કરે છે. છે તેની પર્યાય અને વિષય કરે પરનો. આહા..હા...! ઝીણી વાત છે, પ્રભુ ! આ..હા...!

દિવાળીનો દિવસ છે. ભગવાન મોક્ષ પધાર્યા છે. 'પાવાપુરી'ને ક્ષેત્રે ઉપર બિરાજે છે. જ્યાંથી મોક્ષ થાય ત્યાંથી સીધા ક્ષેત્રે જાય છે ને ! અહીંથી પણ અનંત સિદ્ધ થયેલા છે. અહીં માથે સમશ્રેણીએ અનંત સિદ્ધ છે. આહા..હા...! એક જણો વખત પહેલા 'મુંબઈ'(માં) એમ પૂછતો હતો. 'બરવાળા'વાળા હતા ને ? અહીં આવતા હતા, બિચારા સાંભળતા હતા. એણે એમ પ્રશ્ન કર્યો કે, 'આ જાત્રાનો અર્થ શું ?' બાપુ ! જાત્રાનો અર્થ એવો છે કે, જે સ્થાનથી પરમાત્મા થયા તે સ્થાનમાં જઈને તેને યાદ કરવા કે, અહીં પરમાત્મા છે. સમજાય છે ? મારે માથે પરમાત્મા છે. જ્યાં હું બેઠો છું તેને માથે પરમાત્મા, અનંત સિદ્ધ છે. એવા વિકલ્પને માટે જાત્રા છે. સમજાણું ? આહા..હા...! ભાઈ ! આ..હા...! એણે બિચારાએ હા પાડી હતી. 'બરવાળા'વાળા હતા, નામ ભૂલી ગયા. ...ભાઈ ! પ્રેમ હતો, ખરેખર સાંભળવા આવ્યા ત્યારે પૂછ્યું કે, આ જાત્રાનું શું ? મેં કીધું, બાપુ ! મધ્યસ્થથી સાંભળવું. જાત્રાનો અર્થ એ છે કે, તે સ્થાનથી જે અનંત સિદ્ધ થયા છે તેની મુખ્યતા ખ્યાલમાં છે. બાકી તો અહીં બધેથી સિદ્ધ થયા છે. પણ ત્યાં આગળ જે મુખ્યતાથી વર્તમાનમાં ખ્યાલમાં છે કે, પાંડવો અહીંથી – 'શેત્રુંજય'(થી મોક્ષમાં) ગયા, 'ગિરનાર'(થી) 'નેમિનાથ' ગયા, 'પાવાપુરી'થી 'મહાવીર' ગયા. એવા ક્ષેત્રથી તાજા ગયેલાઓને ત્યાં જઈને યાદ કરવા કે, આ પરમાત્મા માથે છે. એ..ઇ...! આહા..હા...! એ માટે (જાત્રા) છે. છે તો વિકલ્પ. પરદ્રવ્યને યાદ કરવા એ છે તો વિકલ્પ, પણ એ જાત્રાનો હેતુ આ છે. આ..હા...!

બાકી પરમાર્થે જાત્રા તો ભગવાનઆત્મા... સિદ્ધ સ્વરૂપ (-ભગવાન) જેમ માથે બિરાજે છે, એમ આ સિદ્ધસ્વરૂપી અંદર બિરાજે છે. આહા..હા...! એને વર્તમાનમાં મતિ અને શ્રુતજ્ઞાનની પર્યાયને, એ પર્યાય પણ એણે જાણવી પડશે ને ? પ્રગટ છે તે પર્યાય છે. શક્તિ છે તે ગુણ છે. શક્તિવાન છે તે દ્રવ્ય છે. એ પ્રગટ પર્યાય જેની છે એ પર્યાય મન અને

ઇન્દ્રિય દ્વારા વર્તમાન પ્રવર્તે છે, એને શાંતિથી પર તરફના વલણને ગૌણ કરી દઈ. એટલે કે પર તરફના વલણને મર્યાદામાં લાવી દઈ, જ્યાં પોતે છે ત્યાં લાવી દઈ. છે ને ૧૪૪ (ગાથામાં) ? ૧૪૪માં છે. કોઈએ પ્રશ્ન પૂછ્યો છે. એમ કે, આ તમે શું કહ્યું ? સ્થૂળ-સૂક્ષ્મ. કાલે કહ્યું હતું ને ?

કહેવાનો આશય તો એવો હતો કે, જ્યારે અંદર પકડાતું નથી ત્યારે એનો ઉપયોગ કંઈક સ્થૂળમાં છે. સમજાય છે ? ગમે તે રીતે કોઈ બાહ્ય જ્ઞાનમાં, બાહ્ય રાગમાં પણ ક્યાંક એ અટકેલો છે. તેથી તે સ્થૂળ ઉપયોગને અંદરમાં લઈ શકતો નથી અને સ્થૂળ ઉપયોગથી તે પકડાય એવો નથી. આહા..હા...! આ એકાંત નિયમ છે. એમાં વળી અનેકાંત – આમેય હોય અને આમેય હોય, એમ નથી. આ પણ તથ્ય છે અને વ્યવહાર વિકલ્પ છે એ તથ્ય છે. તથ્ય છે એટલે છે એમ બરાબર છે, પણ એનાથી પમાય છે એમ એકાંત નથી. એકાંતે એમ છે કે, સ્વ તરફના વલણથી જ પમાય છે. આ..હા...! સમજાય છે કાંઈ ? આહા..હા...! ભાઈ ! આપણે (ગુજરાતીમાં) મર્યાદામાં લીધું છે. મતિ-શ્રુતને મર્યાદમાં લાવીને (એમ લીધું છે). હિન્દીમાં એને ગૌણ કરીને એટલે પર તરફનું લક્ષ છે એને ગૌણ કરીને, જે મુખ્ય લક્ષમાં હતું તેને ગૌણ કરીને, અહીં મુખ્ય બનાવવું (એમ લીધું છે). આહા..હા...!

એ મતિ અને શ્રુતજ્ઞાનની પર્યાયના ઉપયોગને અંતરમાં વાળવો. આહા..હા...! એ આ કળા – રીત આ છે. બાકી તો શું કહેવું ? 'કળશટીકા'માં કહ્યું છે કે, આ કેમ શું કહેવું ? આમ કહેવું કે, જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમે છે. એટલું કહેવું, બીજું શું કહેવું ? એ 'કળશટીકા'માં છે. બાકી તો શું કહેવું ? અનુભવની વાતું કેમ કરવી ? એમ 'કળશટીકા'માં (છે). આહા..હા...! ભાઈ ! આ તો અપૂર્વ વાતું છે, પ્રભુ ! આહા..હા...!

અહીંયાં તો બહારના... સવારમાં એક આવ્યું હતું ને એમાં એક વાત જરી રહી ગઈ હતી કે, સવારમાં હતું પરાશ્રિત વ્યવહાર. એ અસદ્‌ભુત વ્યવહારનો વિષય છે અને પર્યાય છે એ સદ્‌ભુત વ્યવહાર છે પણ એની વાત અહીંયાં નથી કરવી. ભાઈ ! અહીં મતિ-શ્રુતની સાથે મેળ છે. શું કહ્યું ઇ ? કે, મતિ-શ્રુતજ્ઞાનની પર્યાયને... આહા..હા...! છે એની, એને અંતરમાં વાળવી. એ અંતરમાં ક્યારે વળે ? પ્રભુ !

મુમુક્ષુ :– પર્યાય એક સમયની ઉપયોગ ઘણા સમયમાં પકડે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો એ એક સમયમાં થાય ત્યારે ઉપયોગમાં ખ્યાલમાં આવે છે. બાકી થાય તો એક સમયમાં જ તે. આહા..હા...! આ એકાંત છે, હોં ! બીજી રીત

પણ છે, આમેય થાય ને આમેય થાય, એમ આમાં નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? ભાઈ ! આવી વાતું છે. પરની ભક્તિ તરફનું વલણ તો રાગ છે, એ તો છોડી દે પણ પર તરફના વલણમાં મતિ-શ્રુત જે મતિ દ્વારા શાસ્ત્રનું જ્ઞાન કરે છે,... આહા..હા...! તેને ગૌણ કરી દે અથવા તેને પર્યાયમાં જાણવાનું તો રહેશે પણ એને ગૌણ કરી દે. ઉપયોગ ત્યાં ચોંટ્યો છે એને ગૌણ કરી દે. પર્યાયમાં પરનું જાણપણું તો રહેશે. અહીં વલણ થતાં ઉપયોગ ભલે આ બાજુ જાય પણ પર્યાયમાં પરનું જે જાણપણું છે એ કાંઈ ચાલ્યું જતું નથી. ઉપયોગ અહીં લાગ્યો છે. આહા..હા...! આવો માર્ગ ! ભાઈ !

પ્રશ્ન :- ધ્યાન ઉપાય ખરો ?

સમાધાન :- આ કીધું ને, ધ્યાન એટલે આ ધ્યાન. ધ્યાન એટલે શું ? ધ્યાનમાં મતિ-શ્રુતની પર્યાયને અંતરમાં વાળવી એ ધ્યેય અને આ પર્યાય છે તે ધ્યાન.

મુમુક્ષુ :- ... આર્તધ્યાન હોય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- અત્યારે ક્યાં (એનું) કામ છે.

અહીં તો ધર્મધ્યાન કેમ થાય ? આહા..હા...! મતિ અને શ્રુતજ્ઞાનની પર્યાયને મર્યાદામાં લાવી, એટલે કે જે બહારમાં પ્રવૃત્તિ જાય છે... આહા..હા...! એને મર્યાદામાં લાવી એટલે કે એને પર તરફના વલણના જ્ઞાનને મુખ્યતા ન આપતા, ગૌણ કરી દઈ. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! પણ મૂળ વાત છે આ, બાકી બધી વાતું છે. આહા..હા...! તે જ્ઞાનની પર્યાયને મતિ-શ્રુતમાં, મતિને અંદર વાળવી પછી શ્રુતના વિકલ્પો છે, એમ કહ્યું છે ને ? શ્રુતના વિકલ્પ છે ત્યાં દુઃખ છે, અસમાધિ છે, એમ કહેવું છે. એ શ્રુતજ્ઞાનની પર્યાય જ્યારે આમ વળે છે ત્યારે ત્યાં સુખનું વેદન થાય છે. આહા..હા...! શ્રુતજ્ઞાનમાં જ્યાં સુધી રાગના વિકલ્પો છે ત્યાં સુધી તે પર્યાયમાં દુઃખ છે, તે દુઃખી છે. ભલે તે અબજોપતિ હોય, રાજા હોય કે ઇન્દ્ર હોય પણ એ દુઃખી છે. આહા..હા...!

ભાઈનો પ્રશ્ન હતો ને ? ભાઈનો પ્રશ્ન હતો. આહા..હા...! 'સુખી જગતમાં સંત, દુરીજન દુઃખીયા' આ.હા..હા...! જેણે પોતાની મતિ અને શ્રુતની પર્યાય(માં) અનાદિનું પર તરફનું વલણ છે એ વલણને જેણે અંતર તરફ ઝુકાવ્યું. એ મતિ અને શ્રુતના ઉપોયગને... આ..હા..હા...! આમાં તો એ પણ આવે છે, ભાઈ ! શુદ્ધ ઉપયોગ. બધું આવે છે પણ હવે એને ભાષા શુદ્ધઉપયોગ(નું) પકડવું ન મળે. એમ કે, સમ્યગ્દર્શન થતાં શુદ્ધ ઉપયોગ ક્યાં આવ્યો ? બાપુ ! પ્રભુ ! તું ન્યાયથી મધ્યસ્થ થઈને પકડ ને ! પકડેલી વાતને લક્ષમાંથી

છોડી દે. સત્ય કેમ છે અને સત્ય કઈ રીતે પકડાય ? એ રીતે સમજવાની સરળતા કર ને, પ્રભુ ! આહા..હા...! આ મુંઝવણનો પંથ નથી કે આવુ બધું ઝીણું ! બાપુ ! આ તો મુંઝવણ ટાળવાનો પંથ છે. આ..હા..હા...! સમજાય છે કાંઈ ? એ મતિ અને શ્રુતને મર્યાદામાં એટલે ગૌણ કરીને આ બાજુ વાળી દેવું. અરે... પ્રભુ ! એ તે કાંઈ વાત છે ?

બીજા રીતે કહીએ તો, પર્યાયદષ્ટિ છે તને છોડી દઈને દ્રવ્યદષ્ટિ કરવી. એ એક શબ્દ અને શૈલી બીજી કરી છે. આહા..હા...! ત્યારે તેને સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન થાય. ૧૪૪ (ગાથામાં) કહ્યું છે ને ? વ્યપદેશ. ત્યારે તે સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાનનું નામ પામે. આહા..હા...! વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા અને નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા, એ કોઈ સમકિત નથી. આહા..હા...! સમ્યક્ એટલે સત્ય વસ્તુ જે પૂર્ણાનંદનો નાથ, એ પર્યાયમાં વિષયમાં આવે, ધ્યેયમાં આવીને વિકલ્પ રહિત નિર્વિકલ્પ દષ્ટિ થાય ત્યારે તેના વિષયમાં ધ્યેય આવ્યું અને ત્યારે તેને સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન નામ પમાય છે. 'વ્યપદેશ' શબ્દ છે. આહા..હા...! આ તો મુદ્દાની રકમની વાત છે, બાપુ ! એ..ઇ...!

એ 'ગાયકવાડ'નું અમારે 'દામનગર'માં થયું હતું. 'દામનગર' છે ને ? (એકના) ઘરે ગામ છે. તે દિ' ગામ હતું. દસ હજારની ઉપરનું આખું ગામ ઘરે (હતું). 'મૂળિયાપાટ' (ગામ). ચાલીસ હજારની ઊપજ, તે દિ' હોં ! પૈસાવાળા તો હવે આ બધા થયા. તે દિ' પૈસાવાળા નહોતા, ઇ એક જ દસાશ્રીમાળીમાં વાણિયો હતો. સીત્તેર વર્ષ પહેલા દસ લાખ રૂપિયા. પછી એણે ઘણાના પૈસા ખાધેલા. સરકાર તરફથી 'ગાયકવાડે' કાયદો કર્યો કે, જે વાણિયા વીસ વર્ષથી ખાતા હોય એ જેની જમીન છે એને આપી દ્યો, તમારો કંઈ હક નહિ. મુદ્દાની રકમ એને આપી દ્યો. જેણે વીસ વર્ષ ખાધું હોય એ જમીન જ આપી દ્યો, હવે તમારો હક જ નહિ. એ મુદ્દાની રકમ ઉપર વાત હતી. શેઠ 'ગાયકવાડ' સરકાર પાસે ગયા હતા કારણ કે મોટો ધક્કો લાગ્યો. પછી 'ગાયકવાડ' સરકારે જવાબ આપ્યો કે, આ કાંઈ તમારા એક માટે 'દામનગર' માટે નથી કર્યું. આખા 'ગાયકવાડ'ના રાજનો નિયમ – કાયદો છે.

એમ અહીં પરમાત્મા કહે છે... આહા..હા...! મતિ અને શ્રુતજ્ઞાનને અંદર વાળ. મહાધામ નિધાન પડ્યું છે ! આ..હા..હા...! એ મૂળ રકમને પકડ ને ! સમજાય છે કાંઈ ? આ તમારા પૈસા-બૈસા ને મૂળ રકમની ધૂળની તો વાતેય અહીં ન મળે.

મુમુક્ષુ :– ઇ બજારમાં હોય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઇ બજારમાં – પાગલમાં બધું હોય. આહા..હા...!

અહીંયાં એ કહે છે કે, (જેઓ) અવિવેકથી. જે અંતરમાં જવું જોઈએ ત્યારે દૃષ્ટિ (સમ્યક્ થાય). એને ઠેકાણે રાગથી (સમકિત) માને, વિકલ્પ થયો એનાથી સમકિત થાય એમ માને કાં નિમિત્તનું જોર સારું મળે, ભગવાનનું જોર મળે તો સમકિત થાય કે રાગની મંદતા (થાય), ખુબ શાસ્ત્રનો અભ્યાસ કરીને રાગની મંદતા કરે તો એનાથી થાય, એ બધી એકતાબુદ્ધિને તોડી નાખ. આહા..હા...! આવી વાતું છે. પરમસત્ય તો આ છે, પ્રભુ ! આહા..હા...!

એ અહીંયાં કહે છે, 'સ્વયં અવિવેકથી પદાર્થોને અન્યથા જ અંગીકૃત કરીને...' એ જાણે કે, વિકલ્પથી લાભ થશે, કોઈ સારું નિમિત્ત મળી જાય તો મને સમકિત થશે, સારા દેવ અને ગુરુ મળે તો મને સમકિત થશે. એ અવિવેકને પકડ્યો છે એને છોડી દે. આકરું કામ છે.

મુમુક્ષુ :– એવું હોય તો પછી ઘર મુકીને આવવું શું કામ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો (એક ભાઈએ) કીધું નહોતું ? એને બીજાએ કહ્યું કે, નિમિત્તથી કાંઈ ન થાય અને તમે 'સોનગઢ' વારંવાર જાઓ એનું કારણ શું ? (ત્યારે એણે કહ્યું કે), બાપુ ! નિમિત્તથી ન થાય એનો વિશેષ નિર્ણય કરવા માટે ત્યાં જઈએ છીએ.

મુમુક્ષુ :– નિર્ણય કરવા માટે તો અહીં તો આવવું ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ ઇ તો પોતાનો નિર્ણય કરવો છે ને ! એ નિમિત્તથી ન થાય એવો નિર્ણય તો મારે પોતાને કરવાનો છે ને ! સમજાણું ? એવો એ ભાઈએ જવાબ આપ્યો હતો. ઓલાએ પૂછ્યું, નિમિત્તથી થાય નહિ, નિમિત્તથી થાય નહિ અને આ ચાલો 'સોનગઢ', આ ચાલો 'સોનગઢ' (એમ દોડો છો શું કરવા ?) ભાઈ ! નિમિત્તથી પરથી ન થાય અને સ્વથી થાય, એનો વિશેષ નિર્ણય પોતાને ત્યાં થવા માટે (જઈએ છીએ). નિમિત્તથી થાય માટે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? ભાઈ ! એવો જવાબ આપ્યો. વેપારીએ, હોં ! આહા..હા...! આકરું કામ, ભાઈ !

અહીં કહે છે, 'સ્વયં અવિવેકથી...' એટલે ક્યાંક પણ પકડાય ગયો છે. કાં વિકલ્પથી થાય, કાં નિમિત્તથી થાય, આ..હા...! ખુબ જાત્રાઓ કરીએ તો સમકિત થાય, પૂર્વે નવ્વાણુ વાર ભગવાન અહીં 'પાલીતાણા' ગયા હતા તો ત્યાં જાત્રા કરીએ. બાપુ ! એ બધા વિકલ્પ શુભરાગ છે. એની તો અહીં વાતેય નથી પણ અહીં તો જે શ્રુતજ્ઞાનનો વિકલ્પ, પર તરફના વલણનું જ્ઞાન છે... આહા..હા...! એને અંતર્મુખ કર, સન્મુખ કર. કેમ કરવું ? કરવું તો

એને છે. જે મતિજ્ઞાન સ્વથી વિમુખ છે અને પરથી સન્મુખ છે, એને પરથી વિમુખ કરીને સ્વથી સન્મુખ કર. આવી વાત છે, ભાઈ ! મુદ્દાની રકમ આ છે. આહા..હા...! તેથી ‘છ ઢાળા’માં કહ્યું ને ? ‘લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ્વ ફંદ, નિજ આતમ ઉર ધ્યાવો’ આવી વાત છે, ભાઈ ! આહા..હા...!

પૂર્ણાનંદના નાથને લક્ષમાં, ધ્યેયમાં ન લેતા, ધ્યેયને બીજું બનાવે. ‘દ્રવ્ય સંગ્રહ’માં તો ધ્યેયના ઘણા પ્રકાર લીધા છે. ધ્યેયના બોલ એમાં ઘણા લીધા છે. એનો અર્થ ઇ કે, પહેલું પરનું લક્ષ છે, વિચાર કરીને આ બાજુ ઢળે છે, એના ધ્યેયમાં એક આત્મા ધ્યેય નથી લીધો, ત્યાં ઘણા બોલ લીધો છે. ‘દ્રવ્ય સંગ્રહ’માં છે. પણ એનો અર્થ એ કે, એનું લક્ષ પહેલું હતું કે, આ જ્ઞાનસ્વરૂપ છે, આ આનંદ છે એવું જે લક્ષ વિકલ્પમાં હતું... આહા..હા...! એને અંતરમાં વાળ. એનું નામ સૂક્ષ્મ ઉપયોગ છે.

બેનના વચનામૃતમાં આવ્યું છે – સૂક્ષ્મ ઉપયોગ. ઇ આ શૈલીનું – ૧૪૪ની શૈલીનું આવ્યું છે, ખબર છે ને ! આહા..હા...! એની રીતની પણ પકડ ન મળે અને બીજી રીતે કરવા જાય. આહા..હા...! જાવું છે ઉગમણે અને દોડે આથમણે, પત્તો નહિ ખાય. એ સૂરજની સમીપે નહિ જઈ શકે. આહા..હા...! એમ ચૈતન્યસૂર્ય ભગવાનઆત્મા એકલા પ્રકાશના નૂરનું પુરનું તેજ, મતિ-શ્રુત જ્ઞાનનો અંશ એનો છે તેને ત્યાં વાળ. એનું નામ સૂક્ષ્મ ઉપયોગ છે. આમાં લખાણમાં કોઈએ પ્રશ્ન કર્યો છે. ‘કલકે પ્રવચન મેં ઐસા આયા થા કિ, સૂક્ષ્મ ઉપયોગ હી સૂક્ષ્મ આત્મા કો પકડ સકતા હૈ. સ્થૂળ ઉપયોગ નહીં પકડ સકતા. કઇ શલ્યો મેં અટકા હૈ. ઐસા ૧૪૪ ગાથા કા પ્રમાણ દેકર આપને સમજાયા. વિષય વિશેષ વિસ્તાર સે સમજાને કી હમ કૃપા કરે.’ હિન્દી છે કો’ક. આહા..હા...! આ એનો ઉત્તર આપ્યો.

એ અહીં આવ્યું છે. આહા..હા...! અહીં પ્રશ્ન વિશેષ શું છે ? ‘સમયસ્થ’. સમય છે ને ? ‘સમય’ શબ્દે સંસ્કૃત ટીકામાં તો નિર્ગ્રંથરૂપ દ્રવ્યસમય. ‘જયસેનાચાર્ય’ની ટીકામાં પહેલો શબ્દ છે. છે ત્યાં ટીકા ? ‘જયસેનાચાર્ય’ ટીકા. એ જ પદમાં પહેલો શબ્દ. **‘समये’** એટલે **‘निर्ग्रंथरूपद्रव्यसमये’**. છે ? એટલે શું કહે છે ? કે, વસ્ત્ર સહિત છે એ તો દ્રવ્યલિંગ પણ નથી. પહેલો **‘निर्ग्रंथ’** શબ્દ પડ્યો છે. **‘निर्ग्रंथरूपद्रव्यसमये’** સંસ્કૃતમાં છે, પહેલો શબ્દ છે. છે ને ? દિગંબર નગ્ન મુનિ. દ્રવ્યલિંગ દિગંબર. વસ્ત્ર સહિત છે એ તો દ્રવ્યલિંગ પણ નથી. આહા..હા...!

મુમુક્ષુ :- ઇ તો પરપદાર્થ છે, ઇ ક્યાં આડું આવે છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- પરપદાર્થ (ખરું), પણ મમતા તો એની છે કે નહિ ? વસ્ત્ર રાખવાની મમતા – મૂર્છા કોની છે ? એ પ્રશ્ન થઈ ગયેલો. એક સાધુ અહીં હતો ને ? વાત તો સાચી લાગે છે તમારી. હવે મારે કરવું શું ? ઇ કહે. ચોમાસુ (અહીં) રહ્યા હતા. બ્રાહ્મણ હતા, બે સાધુ હતા. એનામાં ચોથ-પાંચમની તકરાર હતી ને ? ઘણા વર્ષ થઈ ગયા. ચોમાસુ રહ્યા હતા, વ્યાખ્યાન સવાર-બપોર સાંભળવા આવ્યા હતા. પછી અંદર બે વાર આવ્યા (આવીને કહ્યું), વાત તો બરાબર સાચી છે. પણ અમારે શું (કરવું) ? એને (એમ હતું કે), તમે કાંઈક કહો. અમે કોઈને કહેતા નથી કે આ વસ્ત્ર છોડો ને અહીં રહો. અહીં અમે એવી ઉપાધિ કરતા નથી. અહીં કોઈને કહેતા નથી.

આજે (એક જણનો) પત્ર આવ્યો છે. દિગંબર સાધુ, વીસ વર્ષની દીક્ષા (છે), એનો પત્ર આવ્યો છે. એમ કે, (તમારા એક વિદ્વાનને) અહીં મોકલો. અહીંયાં (બીજા સાધુ હતા) તે બધું વિરુદ્ધ કરી ગયા છે. 'સોનગઢ'ની વિરુદ્ધ શ્રદ્ધા (કરાવી ગયા છે), મેં કેટલાકને ઠેકાણે પાડ્યા છે અને કેટલાક હજી કઠણ છે. એમ લખ્યું છે, કાગળ આવ્યો છે. (એ વિદ્વાન) પરમ દિ' આવવાના છે. 'અમે સમકિત વિના મુનિપણું લઈને બેઠા' એમ બિચારાએ લખ્યું છે. વીસ વર્ષની દીક્ષા છે. 'પણ હવે અમને સમકિત પામવાની ધગશ થઈ છે. કોઈ રીતે અમને સારું સાંભળવાનું મળે.' નગ્ન દિગંબર થઈ ગયા, પંચ મહાવ્રત (પાળવા માંડ્યા). એણે પોતે પંચ મહાવ્રતનું લખ્યું છે કે, 'અમારા પંચમહાવ્રત પણ ક્યાં ચોખ્ખા છે ?' એને માટે આહાર ચોકા કરીને લ્યે છે. ઠેકાણા ક્યાં છે ? અહીં તો દ્રવ્યલિંગી. જેને માટે આહાર (કર્યો હોય) એ ન લે અને જે વસ્ત્ર વિનાનો નગ્ન દિગંબર મુનિ (હોય), એ સમયમાં એટલે જૈનસમયમાં રહેલો (હોય એની વાત કરે છે).

મુમુક્ષુ :- હવે તો બાયડી એના પગ ધોવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- બૈરાં પગ ધોવે. સ્ત્રીનો પરિચય (ન હોય), નવ વાડે બ્રહ્મચર્ય જોઈએ. સ્ત્રી જ્યાં બેઠી હોય ત્યાં બેસવું નહિ, સંગ ન કરવો. આણે બિચારાએ લખ્યું છે, હોં ! કાગળ આવ્યો છે. એમ કે, 'અત્યારે સાધુઓ અર્જિકામાતા – અર્જિકા વિના રહી શકતા નથી. પણ એ બહુ વિરુદ્ધ છે, ખરાબ છે.' એમ લખ્યું છે. અર્જિકા હોય તો બાયું ... એકલો સાધુ નહિ, અર્જિકા (સાથે હોય). પણ એ ખરાબ છે. મેં 'જ્ઞાનાર્ણવ' વાંચ્યું એમાં આ લેખ છે. 'જ્ઞાનાર્ણવ' છે ને ? સ્ત્રીનો પરિચય ન કરવો. આ..હા...! 'શ્રીમદ્દે' ત્યાં સુધી કહ્યું, 'જે નવ વાડ વિશુદ્ધથી પાળે શીળ સુખદાયી, ભવ તેનો નવ પછી રહે, તત્ત્વચન...'

પણ એ સમ્યગ્દર્શન પછીની વાત છે, હોં ! નવ વાડે વિશુદ્ધ કહ્યું ને ? બ્રહ્મચારી મુનિને સ્ત્રીનો સંગ કેવો ? સ્ત્રીને સમજાવવું ને સ્ત્રીને ભણાવવું ને સ્ત્રીના પરિચયમાં આવવું ને એના ટોળામાં બેસવું (એ ન હોય). આ..હા..હા...! બિચારાએ લખ્યું છે, 'માતા..'. 'માતાજી' શબ્દ વાપર્યો છે. અર્જિકા – માતાજી વિના કોઈ સાધુ રહેતા નથી, એ બહુ ખરાબ છે. સ્ત્રીનો પરિચય સારો નથી. આહા..હા...! ભાઈ ! આ..હા...! પ્રમાદનો ભાવ તને ઘણો. આહા..હા...!

અહીં તો કહે છે કે, જેને સ્વ અને પરના વિવેકની ખબર નથી. પરથી લાભ થાય, રાગથી થાય, વ્યવહારથી થાય, નિમિત્તથી થાય (એમ જે માને છે). આહા..હા...!

મુમુક્ષુ :– એક અપવાદ ગુરુનો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ ગુરુ પોતે છે. 'ઇષ્ટોપદેશ'માં કહ્યું છે, પોતે ગુરુ. પોતે પોતાને સમજાવે માટે પોતે ગુરુ. પછી બાહ્યના ગુરુને નિમિત્ત કહેવામાં આવે છે. વાત તો આવી છે. એ..ઇ...!

મુમુક્ષુ :– ... ખરું ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એકેય નહિ. ઇ પોતે અહીં કરે ત્યારે ઓલાને વ્યવહાર કહેવામાં આવે. આ..હા...! 'ઇષ્ટોપદેશ'માં છે. ગુરુ પોતે પોતાનો છે. પોતે પોતાને સમજાવે છે કે, અ..હો...! જીવ પૂર્ણાનંદનો નાથ તું, અને રાગમાં રોકાઈ ગયો. એ છોડ હવે. એ પોતે પોતાને સમજાવે માટે પોતે પોતાનો ગુરુ છે.

મુમુક્ષુ :– ગુરુ વિના જ્ઞાન નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ વ્યવહારથી વાતું (કરી છે). ગુરુ આત્માના જ્ઞાન વિના જ્ઞાન નહિ. આ..હા...! આત્મા સ્વ અને પરને પૂર્ણ જાણવાના સ્વભાવવાળો (છે), એને જેણે જાણ્યો એણે બધું જાણ્યું. આહા..હા...! (જે પરથી થાય એમ માને એણે) દેવ-ગુરુ અને શાસ્ત્ર પણ યથાર્થપણે જાણ્યા નથી. આ..હા...! કેમકે દેવ-ગુરુ અને શાસ્ત્રની આજ્ઞા શું ? વીતરાગતા (પ્રગટ કરવાની) છે. 'પંચાસ્તિકાય' ૧૭૨ ગાથા. ચારે અનુયોગનો સાર તો વીતરાગતા છે. ત્યારે વીતરાગતા ક્યારે પ્રગટે ? કે, ત્રિકાળી જ્ઞાયકભાવ સન્મુખ થાય ત્યારે વીતરાગતા પ્રગટે. કેમકે જ્યાં વીતરાગભાવ પડ્યો છે એની સન્મુખ થાય તો વીતરાગભાવ, સમ્યગ્દર્શન થાય. આહા..હા...! આવી વાત છે. ગુરુભક્તિવાળાને આકરું લાગે. (વ્યક્તિગત વાત) નથી, બાપા ! તને લાભનો હેતુ તો આ છે, ભાઈ ! આ..હા..હા...!

અહીં કહે છે કે, 'અન્યથા જ અંગીકૃત કરીને...' આમ જ તત્ત્વ છે, એમ પોતે માનીને. રાગથી થાય, વ્યવહારથી થાય, નિશ્ચયથી થાય, નિમિત્તથી થાય, ઉપાદાનથી થાય. આહા..હા...! 'એમ નિશ્ચય કરતા થકા, સતત એકત્રિત કરવામાં આવતા મહા મોહમળથી મલિન મનવાળા...' મિથ્યાત્વને ઘણું એકઠું કર્યું છે, કહે છે. પુષ્ટિ ... વાળ્યો. આહા..હા...! મિથ્યા અભિપ્રાયની ખુબ પુષ્ટિ કરી. આહા..હા...! જે આત્માના આનંદની પુષ્ટિ કરવી જોઈએ (તે ન કરતા મિથ્યાત્વની પુષ્ટિ કરી). આહા..હા...! ઝીણી વાત પડે, ભાઈ ! શું થાય ? આ..હા...! સમજવા માટે થોડી તૈયારી એની જોઈએ. આવો સમય કે દિ' મળે ? પ્રભુ ! આહા..હા...! આજે તો દિવાળીનો દિવસ છે. પરમાત્મા મોક્ષ પધાર્યા. મોક્ષ જવાની વાતું જ આજની છે.

મોક્ષ એટલે પોતે મોક્ષસ્વરૂપ છે. એ 'પુણ્ય-પાપ અધિકાર'માં આવે છે ? ભાઈ ! પોતે મોક્ષસ્વરૂપ છે તે મોક્ષસ્વભાવને આશ્રયે તે થાય છે. રાગ છે તે બંધસ્વરૂપ છે (તેથી) બંધને આશ્રયે બંધ જ થાય છે. પરદ્રવ્ય-સ્વદ્રવ્ય. આહા..હા...! પરદ્રવ્યને આશ્રયે પણ લાભ થાય એવા અવિવેકથી. 'મહા મોહમળથી મલિન મનવાળા હોવાને લીધે નિત્ય અજ્ઞાની છે, તેઓ ભલે સમયમાં...' હો. 'સમય' શબ્દે નિર્ગ્રંથ મુનિ હો. નગ્ન મુનિની અહીં વાત છે. સંસ્કૃતમાં છે ને ? કીધું ને ? વસ્ત્રસહિત મુનિ દ્રવ્યલિંગી પણ નથી. આહા..હા...! આકરી વાતું બહુ. લંગોટી રાખીને મુનિ માને એ મુનિ નથી. અહીં તો નિર્ગ્રંથ મુનિ જે વ્યવહારે બરાબર (હોય), એવો નિર્ગ્રંથ મુનિ '(-દ્રવ્યલિંગીપણે જિનમાર્ગમાં) સ્થિત હોય તોપણ પરમાર્થ શ્રામણ્યને પામેલાં નહિ હોવાથી...' પરમાર્થે સંતપણું જે શુદ્ધ છે એવા ભગવાનને તો પ્રાપ્ત કર્યો નથી. આ..હા...! રાગની ક્રિયામાં ધર્મ માનીને બેઠો. આહા..હા...!

'પરમાર્થ શ્રામણ્યને પામેલાં નહિ હોવાથી...' (અર્થાત્) ખરેખરું સાધુપણું છે તેને નહિ પામેલા. નિર્ગ્રંથ થયો, અઠ્યાવીસ મૂળગુણ પાળે, એને માટે પ્રાણ જાય તોપણ આહાર કરેલો લે નહિ, પાણીનું બિંદુ લે નહિ, એવો દ્રવ્યલિંગી પણ પ્રતીતમાં શ્રદ્ધા વિપરીત (છે). આહા..હા..! કોઈપણ રીતે જ્ઞાયક ભાવને પુણ્યવાળો માનવો, પુણ્યતત્ત્વને આત્માના લાભ માટે માનવું, પરદ્રવ્યને સ્વભાવના આશ્રયની મદદથી લાભ થાય એમ માનવું... આહા..હા...! એવા '(-દ્રવ્યલિંગીપણે જિનમાર્ગમાં) સ્થિત હોય તોપણ પરમાર્થ શ્રામણ્યને પામેલાં નહિ હોવાથી ખરેખર...' એ સાધુપણું પામ્યો નથી. આહા..હા...!

બિચારાએ કાગળમાં લખ્યું છે, 'અમને સાધુપણું નથી. હવે અમારે તો સમકિત પામવાની તલ્લીનતા છે.' કાગળ આવ્યો હતો એમાં નહોતું લખ્યું ? (અહીંના વિદ્વાનને) બોલાવ્યા છે.

અહીં આવે ને ગામમાં ભાષણ આપે. ત્યાં સુધી લખ્યું છે કે, અમે નમસ્કાર નહિ કરીએ. તો કહ્યું કે, નમસ્કારની જરૂર નથી. અમે નમસ્કારને યોગ્ય છીએ જ નહિ. એમ લખ્યું છે. કાગળ છે, હોં ! ઇ તો અહીંથી કહેવડાવ્યું હતું, ત્યાં આવીને કોઈ પગે નહિ લાગે, આહાર-પાણી કોઈ (ન આપે). (તો કહ્યું કે), એ તો થઈ રહેશે. પગે ન લાગે તો કાંઈ નહિ. ઠીક ! અહીં આવવાનો ભાવ છે. અમે તો કોઈને કહેતા નથી. સાધુ હોય કે ગૃહસ્થ આવો ને રહો કે જાઓ. જેની મરજી હોય એમ આવે અને મરજી ન હોય એ ન આવે. એ પાછા અહીં રહે ક્યાં ? રાખવા ક્યાં ? એને (માટે) મકાન(ની વ્યવસ્થા માટે કહેવું પડે) એટલી ઉપાધિ કોણ કરે ? એના આહાર-પાણી ન થાય તો પાછુ ધ્યાન રાખવું પડે.

મુમુક્ષુ :– એક કોઈ શ્રાવકને સાથે લઈ આવે તો વાંધો ન આવે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ ગમે એમ કહે પણ અહીંયાં અમે કોઈ દિ' અમારે માટે નથી કહેતા. એ પણ એણે કહ્યું હતું કે, 'તમારી માટે થઈ રહેશે.' આમાં (–કાગળમાં) લખ્યું છે, '(તમારા વિદ્વાન) પગે ન લાગે તો એ અવિનય નથી. અમે નમન કરવાને લાયક છીએ જ નહિ.' એમ બિચારાએ લખ્યું છે. ત્રીસ વર્ષની દીક્ષા છે. દિગંબર મુનિ, નગ્ન મુનિ છે પણ મધ્યસ્થતાથી (કહ્યું કે), માર્ગ કોઈ બીજો (છે, અમે) બીજે રસ્તે ચડી ગયા છીએ.

અહીં કહે છે કે, દ્રવ્યલિંગીપણે એટલે જિનમાર્ગ એટલે નગ્ન મુનિ, હોં ! ભલે નગ્નપણામાં હોય, અઠ્યાવીસ મૂળગુણ પાળતો હોય 'તોપણ પરમાર્થ શ્રામણ્યને પામેલા નહિ હોવાથી ખરેખર શ્રમણાભાસ વર્તતા થકા,...' સાધુનો લેબાસ, 'શ્રમણાભાસ વર્તતા થકા, અનંત કર્મફળના ઉપભોગરાશિથી ભયંકર...' આ..હા..હા...! એ મિથ્યાદૃષ્ટિ રાગથી ધર્મ માનનારા, પુણ્યથી ધર્મ માનનારા, વ્યવહારથી નિશ્ચય માનનારા, નિમિત્તથી ઉપાદાનમાં (કાર્ય) માનનારા. આહા..હા...! આકરું કામ છે. ભાઈ ! આવી વાતું ક્યાં (છે) ? આહા..હા...! કણબીમાં આવી વાત ક્યાં હતી ? ભાઈ ! આ..હા...! જોયું ?

(ઉપભોગરાશિ એટલે) ઢગલો, સમૂહ. આહા..હા...! એણે કર્મફળનો ઢગલો ભેગો કર્યો. અર..ર..ર....! 'ભયંકર એવા અનંત કાળ સુધી...' આહા..હા...! નરક ને નિગોદ ને એકેન્દ્રિય તિર્યંચ ને ઉંદર ને કીડી ને કાગડા, આવા ભવ કરવામાં (કાળ જાશે). નગ્ન દિગંબર મુનિ અઠ્યાવીસ મૂળગુણ પાળતો હોય છતાં દૃષ્ટિ મિથ્યાત્વ છે (કે), રાગને લઈને લાભ થાય, નિમિત્તને લઈને થાય. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! અહીંયાં કંઈ બાળક કે યુવાન, વૃદ્ધ કોઈ છે નહિ. બધા આત્માઓ છે ભગવાન અંદર. બાળક તો એને કહે કે, આ અવિવેકનો

અજ્ઞાનભાવ છે તે બાળક છે. અંતરાત્માનું જ્ઞાન થાય તે યુવાન છે અને કેવળજ્ઞાન થાય તે વૃદ્ધ છે. શરીરની અવસ્થા તો જડની છે. એને આત્માની સાથે કાંઈ મેળ નથી. આહા..હા...!

અહીં કહે છે, અરે..રે...! 'અમૃતચંદ્રાચાર્ય'નો પોકાર છે, અરે..રે...! એવા એકાંત માનનારા, મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી સાધુ પણ એ સંસારતત્ત્વ છે. અઠ્યાવીસ મૂળગુણ પાળે.. આહા..હા...! પણ એ ધર્મ છે, એનાથી આત્માને લાભ થાય, આપણે નિવૃત્તિ તો લીધી છે. શેની નિવૃત્તિ ? રાગની નિવૃત્તિ વિના નિવૃત્તિ કેની ? આહા..હા...! એવા જીવો 'અનંત કર્મફળના ઉપભોગરાશિ...' ભાષા જોઈ ઓલામાં ? ઓલામાં (એમ હતું), 'મહા મોહમળથી મલિન મનવાળા...' એને અહીંયાં લીધો કે, ઉપભોગ કર્મના ફળવાળા. એનું ફળ કેવું છે ? ઉપભોગરાશિ (એટલે) ઢગલો. દુઃખના કર્મના ફળના ઢગલામાં એ પેસવાના છે. આહા..હા...! અરે..રે...! નિર્ગ્રંથ મુનિ, દિગંબર મુનિ, પંચ મહાવ્રતધારી નિર્દોષ આહાર-પાણી લેનારા પણ દૃષ્ટિમાં મિથ્યાત્વ છે, એકાંતબુદ્ધિ છે, રાગથી લાભ થાય, નિમિત્તથી લાભ થાય. આ..હા...! અને બાહ્યના ત્યાગમાં ત્યાગી છું, એમ મનાવે છે. આહા..હા...! એ મિથ્યાદૃષ્ટિ... આહા..હા...! અનંત કર્મફળના ઉપભોગરાશિનો ઢગલો

'ભયંકર એવા અનંત કાળ...' આહા..હા...! ક્યાં જઈને ઊપજશે ? કોઈ સિંહ ને વાઘ ને વરુ ને કીડી ને.. આ..હા...! કાગડા, કૂતરા, સાતમી નરકના નારકીના ભવ. આ..હા...! એવો નિર્ગ્રંથ મુનિ પણ, દ્રવ્યલિંગી પણ... ઓલામાં આવે છે ને ? 'અષ્ટપાહુડ'માં 'લિંગપાહુડ'માં આવે છે ને ? અનંતવાર દ્રવ્યલિંગ ધારણ કર્યું છે અને અનંતવાર પછી પણ દરેક ક્ષેત્રે અનંતવાર જન્મ્યો છે. આ..હા...! દ્રવ્યલિંગ એવું મુનિપણું દ્રવ્યલિંગ અનંતવાર ધાર્યું છે. આહા..હા...! પણ અંદર મિથ્યાત્વને કાઢ્યું નથી. આહા..હા...! અને મિથ્યાત્વ ટળે તેની રીતની પણ અંદર પકડ નથી. આહા..હા...! આવ્યું છે ને ? કર્મનય, જ્ઞાનનય એષિણો. કર્મના ભોગનારા જીવો, એ રખડનારા છે. અને જ્ઞાનનય એષિણો (અર્થાત્) એકલા જ્ઞાનની ભાષા કરનારાઓ. આવે છે ને બેય ? 'શ્રીમદ્'માં ઇ આવે છે – 'કોઈ ક્રિયાજડ થઈ રહ્યા'. આપણે છેલ્લે આ આવે છે, જ્ઞાનનયના એષિણા. એકલી વાતું કરનારા, જાણવાની વાતું કરનારા, પણ અંતરમાં જ્ઞાનને વાળ્યા વિના ધર્મ માનનારા. આહા..હા...! આકરું કાબ બહુ લાગે. મુંઝાવું નહિ, હોં ! આ તો મુંઝવણ ટાળવાની વાત છે. આહા..હા...! ગમે તે ક્ષેત્રમાં કાઢો. આ..હા...!

કહે છે કે, ભવિષ્યમાં 'અનંત કાળ સુધી અનંત ભાવાંતરરૂપ પરાવર્તનો વડે...' અનંત

ભાવાંતર, જોયું ? આ શુભાશુભ રાગ. અનંત ભાવાંતરમાં રખડતા. શુભ અને અશુભ અનંતવાર કરશે. આહા..હા...! આકરું કામ. ભવના અંતની વાતું, બાપા ! અને એના વિના ભવભ્રમણની વાતું આકરી બહુ. અહીં મોટો છ ખંડનો ધણી હોય અને દીક્ષા લીધી હોય, મુનિ નિર્ગ્રંથ થયો હોય પણ દૃષ્ટિમાં વિપરીતતા છે. આહા..હા...! જોકે ચક્રવર્તી થયો હોય છે એ પહેલા સમકિત પામેલો હોય છે પછી ભલે પડી ગયેલો હોય છે. એ મરીને નરકે જાય. આહા..હા...! એક ડાફોળિયો જરી નડે તો આમ થઈ જાય, એ નરકની પીડા, બાપા ! ભયંકર કર્મના ફળને ભોગવશે, કહે છે. આહા..હા...!

'અનંત ભાવાંતરરૂપ...' ભાવાંતર શબ્દે પોતાના સ્વભાવ સિવાયના શુભ-અશુભ ભાવ. એના 'પરાવર્તનો વડે...' શુભ-અશુભ ભાવ અનંતવાર કરશે. આહા..હા...! મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે, રાગથી લાભ માનનારા, બહારના ત્યાગમાં ત્યાગી માનનારા મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...! એ ભવિષ્યમાં 'અનંત કાળ સુધી અનંત ભાવાંતરરૂપ પરાવર્તનો વડે...' પોતાના સ્વભાવથી અનેરો શુભાશુભ ભાવ, બેય ભાવ ભલે હો, બેય સંસાર છે. આહા..હા...!

'ભાવાંતરરૂપ પરાવર્તનો વડે અનવસ્થિત વૃત્તિવાળા રહેવાને લીધે,...' અનવસ્થિત. છે નીચે ? (અનવસ્થિત એટલે) અસ્થિર. '(મિથ્યાદૃષ્ટિઓએ ભલે દ્રવ્યલિંગ ધારણ કર્યું હોય તોપણ તેમને અનંત કાળ સુધી અનંત ભિન્નભિન્ન ભાવોરૂપે—ભાવાંતરરૂપ પરાવર્તન...' શુભ-અશુભ '(પલટવું) થયા કરવાથી તેઓ અસ્થિર પરિણતિવાળા રહેશે...' આહા..હા..! શુભ કરશે, અશુભ પણ કરશે, શુભ પણ કરશે અને અશુભ પણ કરશે. આહા..હા...! એવી સંસારની પરિવર્તનની દશા (ચાલુ રહેશે). 'તેમને સંસારતત્ત્વ જ જાણવું.' આ સરવાળો લીધો. આ જીવને સંસારતત્ત્વ છે. નિર્ગ્રંથ છે, દિગંબર છે, નિગ્ન મુનિ છે, અઠ્યાવીસ મૂળગુણ પાળે છે પણ દૃષ્ટિમાં મિથ્યાત્વ છે. રાગથી લાભ થાય, બાહ્ય ત્યાગથી લાભ થાય, પુણ્ય કરતા કરતા કલ્યાણ થાય એવી જે મિથ્યા દૃષ્ટિ છે, એ જીવ સંસારતત્ત્વ છે. સંસારતત્ત્વ કોઈ બાયડી, છોકરા, કુટુંબ, પૈસા, દુકાન એ સંસારતત્ત્વ નથી. એ તો પરતત્ત્વ છે. સંસારતત્ત્વ તો એની પર્યાયમાં છે.

મુમુક્ષુ :– સાત તત્ત્વથી બીજું સંસારતત્ત્વ ક્યાંથી આવ્યું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– આસ્રવતત્ત્વ અને બંધતત્ત્વમાં આ આવી ગયું. એ પુણ્ય, પાપ, આસ્રવ, બંધમાં એ આવી ગયું. આહા..હા...! એ સંસારતત્ત્વી જીવ છે. અમે સંસાર તો છોડ્યો છે ને બાયડી, છોકરા છોડ્યા, દુકાન છોડી, ધંધા છોડ્યા, ભાઈ ! એ મિથ્યા અભિપ્રાય

(છે). આહા..હા...! બહારના ત્યાગનું અભિમાન, મિથ્યા અભિપ્રાય (ચાલુ રહેતા) આહા..હા...! અનંતા અનંતા ભવમાં પરિવર્તન પામી દુઃખી થશે. એને 'સંસારતત્ત્વ જ જાણવું.' એ જીવ સંસારતત્ત્વી છે. આહા..હા...! ભલે પોતે નગ્ન થઈને બેઠો હોય, એની તો વાત છે. '**निर्ग्रंथरूपद्रव्यसमये**' આ..હા...! છતાં એ સંસારતત્ત્વ છે. આહા..હા...! ઊંડે ઊંડે એને (એમ રહે છે કે), રાગની મંદતા તો અમે કરીએ છીએ ને ! બાહ્યનો ત્યાગ તો કર્યો છે ને ! એવો જે મિથ્યાત્વ ભાવ એ સંસારતત્ત્વ છે. એણે સંસારને છોડ્યો નથી, એણે સંસારને ગ્રહ્યો છે. અર..ર..ર...! હજારો રાણી છોડે, કુટુંબ-કબીલા છોડે, દુકાન, ધંધા છોડે પણ કહે છે કે, મિથ્યાત્વ છોડ્યું નથી. આહા..હા...! એથી એ સંસારતત્ત્વ છે.

હવે મોક્ષતત્ત્વ(ની વાત કરે છે). એની સામે (લ્યે છે). એ મોક્ષમાર્ગી એ મોક્ષતત્ત્વ (છે). આહા..હા...! જે મિથ્યાદૃષ્ટિ છે એ સંસારતત્ત્વ (છે) અને મોક્ષમાર્ગમાં જે છે એ મોક્ષતત્ત્વ (છે). મોક્ષમાર્ગમાં છે એ મોક્ષતત્ત્વ. આહા..હા...! 'હવે મોક્ષતત્ત્વ પ્રગટ કરે છે :–'

**अजधाचारविजुत्तो जधत्थपदणिच्छिदो पसंतप्पा।**
**अफले चिरं ण जीवदि इह सो संपुण्णसामण्णो।।२७२।।**

અયથાચરણહીન, સૂત્ર–અર્થસુનિશ્ચયી ઉપશાંત જે,
તે પૂર્ણ સાધુ અફળ આ સંસારમાં ચિર નહિ રહે. ૨૭૨.

એ સાધુને ફળ નહિ મળે. આવા સાધુને ફળ નહિ મળે. શેનું ? સંસારનું. અફળ – એને સંસારનું ફળ નહિ મળે. જેણે ભગવાનઆત્મા પૂર્ણાનંદના નાથને અનુભવીને આનંદના સ્વાદ લીધા છે... આહા..હા...! અને જેની રમતું... આહા..હા...! અંતરમાં વળી વળીને અંદરમાં રમે છે. એવા સાધુ. કહે છે કે, એ મોક્ષતત્ત્વ છે, એ મોક્ષતત્ત્વ છે. હજી થયો નથી છતાં મોક્ષતત્ત્વ છે એમ કીધું. એ વિશેષ કહેવાશે...

શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !

## કારતક સુદ ૩, બુધવાર
## તા. ૨૪-૧૦-૧૯૭૯
## ગાથા–૨૭૨ પ્રવચન નં. ૨૫૬

'પ્રવચનસાર' ૨૭૨ ગાથા. ૨૭૧માં સંસારતત્ત્વની વ્યાખ્યા કરી. સંસારતત્ત્વ એટલે શું ? આત્માની પર્યાયથી સંસારતત્ત્વ કોઈ જુદું છે એમ નહિ. જેમ આત્મામાં શરીર, કર્મ અને પરપદાર્થનો તેના પ્રદેશમાં અભાવ છે, એમ આ સંસારતત્ત્વ છે એની પર્યાયમાં એનો અભાવ નથી. શું કીધું સમજાણું ? આત્મા જે અસંખ્ય પ્રદેશી અનંત ગુણનું ધામ, એની પર્યાયમાં શરીર, વાણી, કર્મ, સ્ત્રી, કુટુંબ-પરિવાર, પૈસો, લક્ષ્મી, મકાન એની પર્યાયમાં નથી, એ તો બાહ્ય છે. હવે એની પર્યાયમાં કાં સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગ હોય અને કાં પર્યાયમાં મિથ્યાત્વ હોય. આહા..હા...!

હવે પહેલી અહીં સંસારતત્ત્વ મિથ્યાત્વવાત કરી છે. દિગંબર જૈન સાધુ હોય, દિગંબર મુનિ, નિર્ગ્રંથ નગ્ન દિગંબર (હોય) પણ જે કોઈ પદાર્થના અયથાર્થ નિર્ણયમાં રહે છે એટલે કે પુણ્ય અને પાપ તત્ત્વ જુદું છે, જ્ઞાયકતત્ત્વ જુદું છે (એમ યથાર્થ નિર્ણયમાં રહેતો નથી). એની પર્યાયમાં શુભ અને અશુભ હોવા છતાં એ અજીવ ને બીજા તત્ત્વો તો એની પર્યાયમાં નથી. એમ જ્યારે નવ તત્ત્વની શ્રદ્ધાની વાત થાય ત્યારે એને અજીવની શ્રદ્ધા, અજીવનું જે જ્ઞાન છે એની શ્રદ્ધા (એમ કહેવું છે), એમ અહીંયાં આત્માની પર્યાયમાં પુણ્ય અને પાપના ભાવ છે. કર્મ, શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ-પરિવાર, કારખાનું-બારખાનું છે ? ઇ પર્યાયમાં નથી, એ તો બાહ્ય છે. હવે પર્યાયમાં હોય તો કાં સમ્યગ્દર્શન મોક્ષમાર્ગ (હોય) અને કાં પર્યાયમાં હોય તો મિથ્યા માર્ગ. આહા..હા...! એ મિથ્યા માર્ગ એટલે શું ? કે જે નવ તત્ત્વ છે, પુણ્ય ને પાપ, આસ્રવ ને બંધ એ ચાર ભિન્ન તત્ત્વ છે. એ ભિન્ન તત્ત્વને આત્માના જ્ઞાયકતત્ત્વ સાથે જોડવા... સમજાય છે કાંઈ ? એ અયથાર્થ નિર્ણય – પદાર્થથી

વિપરીત નિર્ણય (છે). જે જ્ઞાયક સ્વરૂપ ભગવાન એમાં, આ પુણ્ય-પાપ ને આસ્રવ, બંધ ચારે થઈને બધું એક જ છે, એને આત્માના સ્વભાવમાં જોડી દેવા, એ મારા છે, એવી માન્યતા ઊભી કરવી પછી ભલે એ નિર્ગ્રંથ મુનિ દિગંબર સંત હો, પણ એ રાગની એકતાબુદ્ધિવાળો છે એ જીવ સંસારતત્ત્વ છે. આહા..હા...!

'રત્નકરંડ શ્રાવકાચાર'માં કહ્યું છે ને ? ... અણગાર નામ ધરાવે છતાં રાગ ને પુણ્યનું તત્ત્વ ભિન્ન છે તેને પોતામાં માને કે આ મારું છું અને એ હું છું, એવું જે મિથ્યા દર્શન એ અણગાર નામ ધરાવતો હોય છતાં મોહી, મિથ્યાદષ્ટિ, મોહમાર્ગ મિથ્યાત્વમાં છે. 'રત્નકરંડ શ્રાવકાચાર'માં (છે). અને ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં જેની દૃષ્ટિમાં આત્મા જ્ઞાયક છે, રાગાદિ છે પણ એ તત્ત્વ તદ્દન ભિન્ન છે, અજીવ તો એની પર્યાયમાં પણ નથી, એ તો ભિન્ન છે, પણ એની પર્યાયમાં થતા શુભ-અશુભ દયા, દાન, વ્રતાદિના ભાવ, એ પણ આત્મતત્ત્વથી ભિન્ન છે, એમ ન માનતા આત્માની સાથે તેને એકત્વ કરવા, એનું નામ મિથ્યાદર્શન, એનું નામ સંસારતત્ત્વ (છે). એ ભલે કહે છે, અણગાર અને સાધુ નામ ધરાવતો હોય. નિર્ગ્રંથ મુનિ દિગંબર હો. આહા..હા...! તો એને સંસારતત્ત્વ કહ્યું.

હવે અહીંયાં મોક્ષતત્ત્વ કહેવું છે. મોક્ષપર્યાય ભલે પ્રગટી નથી પણ મુક્ત એવો સ્વભાવ ભગવાનઆત્મા... આહા..હા...! 'કળશટીકા'માં 'मुक्त एव' આવે છે ને ? પુણ્ય-પાપમાં પણ આવે છે. મુકત સ્વભાવ છે તેના સ્વભાવથી ધર્મ થાય. બંધ સ્વભાવ પરદ્રવ્ય સ્વભાવ (છે). બંધ સ્વભાવ એ પરદ્રવ્ય સ્વભાવ છે, એનાથી બંધ થાય. પુણ્ય ને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ પરદ્રવ્ય સ્વભાવ છે. આહા..હા...! ભલે એની પર્યાયમાં હો પણ એ પરદ્રવ્ય સ્વભાવ છે.

પરદ્રવ્યના તો ઘણા પ્રકાર છે. શરીરાદિ પરદ્રવ્ય છે, પુણ્ય-પાપ પરદ્રવ્ય છે અને સમ્યગ્દર્શન, જ્ઞાનની પર્યાય પણ દ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય છે. આહા..હા...! પણ અહીંયાં તો સદ્ભુત વ્યવહારનયની વાત અત્યારે લેવી નથી. ફક્ત અસદ્ભુત વિષય જે છે, પુણ્ય અને પાપના ભાવ એ ખરેખર આત્માની પર્યાયની અપેક્ષાએ અસદ્ભુત છે. સ્વભાવની અંદર એ ચીજ છે નહિ. અસદ્ભુત છે. એને સદ્ભુત એવો જે જ્ઞાયક ભાવ.. આ..હા..હા...! એની સાથે એને જોડી દેવો, જે જોડાણથી ભિન્ન છે, સંધિ છે, પ્રજ્ઞામાં આવે છે ને ? આહા..હા...! ઝીણી વાત છે થોડી. અહીંયાં તો તદ્દન પાંચ ગાથા રત્ન કીધાં છે. છેલ્લી પાંચ ગાથા રત્ન છે. સંસારતત્ત્વ પણ એક રખડવાનું રત્ન (કીધું). ગાથા રત્ન કીધી. આહા..હા...!

અહીં કહે છે કે, આત્મામાં જે કંઈ શુભ-અશુભ ને રાગની વૃત્તિઓ ઊઠે છે એ તત્ત્વ જ્ઞાયક સ્વભાવ હોવા છતાં, તે તત્ત્વ પર્યાયમાં હોવા છતાં એ ભિન્ન તત્ત્વ છે, એનું સ્વરૂપ જ ભિન્ન છે. એવા ભિન્ન સ્વરૂપને જ્ઞાયક ભાવની સાથે એકત્વ કરવું, પછી ભલે એ મુનિ પંચ મહાવ્રત પાળતો હોય, અઠ્યાવીસ મૂળ ગુણ નિર્દોષ પાળતો હોય, એ તો આવી ગયું છે ને ? 'સમયસ્થ' સમયમાં રહેલો નિર્ગ્રંથ મુનિ. ટીકામાં છે ને ? નિર્ગ્રંથ દિગંબર દશાની વાત છે. શ્વેતાંબર દશા જે વસ્ત્ર સહિત છે એ તો દ્રવ્યલિંગ પણ નથી. આ..હા...!

અહીંયાં તો દિગંબર નગ્ન મુનિ છે, પંચ મહાવ્રત છે, એ મહાવ્રતના પરિણામ છે એ મને લાભદાયક છે, જે ભિન્ન તત્ત્વ જ્ઞાયકથી ભિન્ન તત્ત્વ છે, તેનાથી ભિન્ન તત્ત્વથી મને લાભ થાય, પોતાનો લાભ તો પોતાના સ્વભાવથી થાય, સ્વભાવથી પ્રત્યક્ષ જ્ઞાતા એ આત્માનો સ્વભાવ. અલિંગગ્રહણનો છઠ્ઠો બોલ. સમજાણું કાંઈ ? એને ઠેકાણે જે સ્વભાવ – પુણ્ય-પાપ આત્માનો સ્વભાવ જ નથી, એ દયા, દાન, વ્રત, ભક્તિ, તપના પરિણામ જે થાય એ વિકાર તત્ત્વ છે, બંધ તત્ત્વ છે. અબંધસ્વરૂપી ભગવાન, મુક્ત સ્વરૂપમાં એ બંધતત્ત્વ છે. આહા..હા...! એ કહ્યું ને ? **'एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे। बंधकहा एयत्ते'** જ્ઞાયક સ્વરૂપમાં રાગની બંધકથા કહેવી એ વિસંવાદ, ઝઘડો ઊભો કરે છે. શું કીધું ઈ ? 'સમયસાર' ત્રીજી ગાથા. **'एयत्तणिच्छयगदो'** એકલો જ્ઞાયકભાવ, તે સમય સર્વ લોકની અંદર સુંદર (છે) પણ તેની અંદર બંધની કથા, રાગનો બંધ છે, રાગનો સંબંધ છે, એ ચૈતન્યના જ્ઞાયકની સાથે સંબંધ જોડવો એ વિસંવાદ મિથ્યાત્વની ઉત્પત્તિ કરે છે, ચાર ગતિમાં રખડવાનો ઝઘડો ઉત્પન્ન કરે છે, એમ કહે છે. છે ને ? **'विसंवादिणी'** – વિસંવાદ.

એ અહીં કહે છે કે, વિસંવાદને પોતાનો માને છે. આહા..હા...! અબંધ તત્ત્વ ભગવાન છે આત્મા. એ તો ('સમયસાર'ની) ચૌદમી, પંદરમી ગાથામાં (આવ્યું). **'जो पस्सदि अप्पाणं'** આત્માને અબદ્ધસ્પૃષ્ટ દેખે છે તે સારા જૈનશાસનને દેખે છે. એ અબદ્ધસ્પૃષ્ટને અબદ્ધસ્પૃષ્ટ તરીકે ન જાણતા તેને બંધભાવ સહિતવાળો આત્માને જાણવો (એ વિસંવાદ છે). આહા..હા...! ઝીણી છે, ભાઈ ! પણ અંદર મર્મ છે. એ અબંધતત્ત્વ જે મુક્ત સ્વરૂપ છે, એ મુક્ત સ્વરૂપ જ છે, એને રાગના સંબંધવાળો, બંધવાળો માનવો... આહા..હા...!

એક કોર ૧૮૯ ગાથામાં એમ કહેવું કે, શુદ્ધદ્રવ્યના નિરૂપણની અપેક્ષાએ રાગ ને દ્વેષ ને મિથ્યાત્વ તે જીવની પર્યાય શુદ્ધદ્રવ્યથી છે. કેમકે એની પર્યાયમાં થાય છે, એ કંઈ પરમાં થતું નથી. અને એ ૧૮૯ (ગાથામાં) જ્ઞેયનો અધિકાર છે. એટલે રાગ ને દ્વેષ છે

એ પર્યાયમાં છે, એ શુદ્ધ દ્રવ્યનું કથન છે, શુદ્ધદ્રવ્યનું નિશ્ચયનયનું કથન છે. આહા..હા...! એ શુદ્ધદ્રવ્યને જાણવાલાયક (છે) માટે કહ્યું કે તારી પર્યાયમાં છે. પણ એને ઠેકાણે રાગ અને બંધના ભાવને, સ્વભાવ અબંધ છે તેની સાથે જોડી દેવો (એ વિપરીતતા છે). પર્યાયમાં છે એ તો બરાબર છે. એ તો જ્ઞેયનું જ્ઞાન કરાવ્યું છે. પણ એ રાગ અને દ્વેષના વિકલ્પોને અબદ્ધસ્વરૂપ જે જ્ઞાયકતત્ત્વ છે તેને બંધતત્ત્વની સાથે જોડી દેવો... આહા..હા...! તે એક સંસારતત્ત્વ, મિથ્યાત્વતત્ત્વ (છે). આહા..હા...! ચાહે તો નિર્ગ્રંથ મુનિ થઈને પંચ મહાવ્રત પાળતો હો, હજારો રાણીનો ત્યાગ કર્યો હોય, નગ્ન દિગંબર હોય, વનમાં વસતો હોય, પરિષહ ને ઉપસર્ગોને ઘણા પ્રકારે સહન કરતો હોય પણ એને અંદરમાં એની દૃષ્ટિમાં વિપરીતતા છે, એ રાગ તે હું અને રાગ કરતા મને લાભ થાય એ મિથ્યાત્વતત્ત્વ તે સંસાર તત્ત્વ છે. આહા..હા...! એ કહ્યું ને છેલ્લું ? 'તેમને સંસારતત્ત્વ જ જાણવું.'

હવે અહીં મોક્ષતત્ત્વ. હવે અહીંયાં મોક્ષતત્ત્વને પ્રગટ કરે છે. ગાથા બોલાઈ ગઈ છે. ટીકા :– 'જે (શ્રમણ)...' ઉત્કૃષ્ટ છેલ્લી વાત લીધી છે ને ? સાધુની વાત છે ને ? 'ત્રિલોકની કલગી સમાન નિર્મળ વિવેકરૂપી દીવી...' આ..હા..હા...! રાગ ને સ્વભાવને ભિન્ન જાણનાર 'ત્રિલોકની કલગી સમાન નિર્મળ વિવેકરૂપી દીવી...' આહા..હા...! ચૈતન્યના પ્રકાશનો પુંજ પ્રભુ, એની જે પ્રજ્ઞાછીણી, જે દીવી.. આહા..હા...! એ દીવીના 'પ્રકાશવાળો હોવાને લીધે...' અંતરમાં જ્ઞાનનું ભાન છે કે હું તો આત્મા આનંદસ્વરૂપ છું. રાગથી ભિન્ન પડેલા દિવ્ય નિર્મળ જ્ઞાનના પ્રકાશથી... આહા..હા...! જેણે આત્માને રાગથી ભિન્ન અંદર જોયો છે, જાણ્યો છે, અનુભવ્યો છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

'ત્રિલોકની કલગી સમાન...' આ..હા..હા...! માથે મુગટમાં હોય ને કલગી ? એમ આ વિવેકરૂપી દીવી. આહા..હા...! વિકલ્પની જાત (છે), પછી જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ પણ ધર્મ નહિ, એ અધર્મ છે. એનાથી (ભિન્ન) વિવેક નિર્મળ દીવીના પ્રકાશ વડે, 'યથાસ્થિત પદાર્થનિશ્ચય વડે...' ટીકામાં આટલું લીધું છે, ભાઈ ! પહેલા કહ્યું હતું ને ? પાઠમાં એમ લીધું છે – સૂત્ર અને અર્થ, બે (લીધા છે). એટલે શું ? કે, શાસ્ત્રના પાઠના અર્થને યથાર્થ જાણવો અને પદાર્થ જે કહે છે તેને યથાર્થ જાણવો. અહીં શું કહેવું છે ? ('સમયસાર') પંદરમી ગાથામાં (એમ લીધું છે), **'जो परस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।'** ત્યાં દ્રવ્યસૂત્ર લીધું નથી. નહિતર તો દ્રવ્યસૂત્ર અને ભાવસૂત્ર બેય છે, પણ એ પોતે દ્રવ્યસૂત્ર છે. **'जो परस्सदि अप्पाणं'** એ દ્રવ્યસૂત્ર શબ્દ છે અને એનો ભાવ

રાગથી ભિન્ન એવું ભાન એ ભાવશ્રુત છે. એ ભાવશ્રુત છે તે જૈનશાસન છે. આહા..હા...! શું કહ્યું ? એની તકરાર છે.

એમ કે, ત્યાં 'અમૃતચંદ્રાચાર્યે' આ દ્રવ્યસૂત્ર કેમ નથી લીધું ? છે ને ? ભાઈ ! મોટી તકરાર છે. એણે એમ કેમ નથી લીધું ? અને 'જયસેનાચાર્યે' બેય લીધું. ઇ મોટી તકરાર છે. પણ એનો અર્થ ઇ થયો, ભાઈ ! **'जो पस्सदि अप्पाणं'** એ જ સૂત્ર, શબ્દ છે. હવે એમાં ભાવ કેવો છે, એની વાત લીધી. વાત સમજાય છે ? આહા..હા...! **'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।'** એ જ આગમ છે, એ સૂત્ર છે. એટલે પછી એને દ્રવ્યસૂત્રમાં આમ કહેવું છે એ કહેવાનો ત્યાં આશય ન રહ્યો. ભાવ છે એને ત્યાં કહ્યું કે, દ્રવ્યસૂત્રમાં ભાવ આ કહ્યો છે. શું સમજાય છે ? આહા..હા...! મોટી તકરાર છે.

(સંવત) ૨૦૧૪ની સાલમાં (આ) તકરાર આવી હતી. 'દિલ્હીવાળા' (એક વિદ્વાન કહેતા હતા), એમ કે ત્યાં આગળ પંદરમી ગાથામાં ત્રણ જ બોલ કીધા છે. **'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।'** બીજા બે બોલ લીધા નથી તો પાંચ અદ્ધરથી ક્યાં નાખવા ? 'લાઠી' હતા ત્યારે વાત આવી હતી. ૨૦૧૪ની સાલની વાત છે. ઘણા વર્ષ થઈ ગયા, કેટલા થયા ? (શ્રોતા : બાવીસ વર્ષ). સમજાણું કાંઈ ? અરે..રે...! પ્રભુ ! શું કરે છે ? સૂત્રના શબ્દોના અર્થને પણ હજી સમજવાની દરકાર નહિ. એમ કે, આમાં દ્રવ્યસૂત્રમાં ત્રણ જ બોલ લીધા છે, (બાકીના) બે તો લીધા નથી. પણ 'અમૃતચંદ્રાચાર્યે' ટીકામાં ત્રણના પાંચ કર્યા છે ને ? કારણ કે ત્યાં બીજા બોલ કહેવા છે એટલે ત્રણમાં પાંચને સમાડી દીધા છે. અને **'अपदेससंतमज्झं'** કહેવું છે. તો **'अपदेस'** એ જ દ્રવ્યસૂત્ર છે. સમજાણું ? અને એમાં કહવાનો જે ભાવ છે કે રાગથી રહિત ભગવાન ભાવશ્રુતથી આત્માને, અબદ્ધને જાણે, એણે જૈનશાસનને જોયું. આહા..હા...! સમજાણું કાંઈ ? એમાં એ મોટા વાંધા હતા કે, નહિ, આમ નહિ. ત્રણ છે ને પાંચ ક્યાંથી કાઢવા ? 'અમૃતચંદ્રાચાર્ય' પણ ત્યાં અર્થ કરવામાં મુંઝાણા છે (એમ એ કહેતા હતા). અરે..રે...! ભાઈ ! આ શું કરે છે ? એમ કહેતા હતા. 'લાઠી'માં વાત આવી હતી. ચૌદની સાલમાં નીકળ્યા હતા. ઓલા 'કસારા'માં ઉતર્યા હતા ને ? ત્યાં આ વાત તે દિ' આવી હતી. લ્યો, ત્રણ બોલ છે ને પાંચ ક્યાંથી કાઢ્યા ? પાંચ બોલ ચૌદમાં છે એ પંદરમાં લઈ લેવા. 'અમૃતચંદ્રાચાર્યે' કહ્યું છે અને દ્રવ્યસૂત્ર શબ્દ ત્યાં નથી પડ્યો તો આ **'अपदेससंतमज्झं'** (કહ્યું છે) એ દ્રવ્યસૂત્ર છે. આહા..હા...!

પ્રશ્ન :– એ આપે ક્યાંથી ગોતી કાઢ્યું ?

સમાધાન :- પણ '**अपदेससंतमज्झं**' લખ્યું છે ને ? 'જયસેનાચાર્ય'ની ટીકામાં '**अपदेस**' એટલે સૂત્ર (અર્થ કર્યો છે). આપણે નીચે અર્થ કર્યો છે. સમજાણું કાંઈ ? આવી તકરારું, તકરારું.

એમ કહીને એને એમ કહેવું હતું કે, ત્યાં પાંચ બોલ નથી. ત્યાં ત્રણ જ કહેવા. એમ નથી, પાંચેય છે, ભાઈ ! એ આગમના શબ્દોનો અર્થ જ એમ કહે છે. '**अपदेस**' – કથન એ દ્રવ્યસૂત્ર. અને મધ્યસ્થ શાંત વીતરાગતા ભાવશ્રુત એ સમ્યક્જ્ઞાન (છે). આહા..હા...! એ ભાવશ્રુત જ્ઞાન દ્વારા.

અહીંયાં એ કહ્યું કે, પદોને જેમ છે તેમ જાણવા અને પદને જાણવામાં જે વાચ્ય પદાર્થ છે તેને પણ યથાર્થ જાણવા. સમજાય છે કાંઈ ? છે ને ? પાઠમાં છે, જુઓ ! '**यथार्थपदनिश्चितः**' '**यथार्थपदनिश्चितः**' પદ અને પદાર્થ – બે. ભાઈએ તો ચોખ્ખો અર્થ કર્યો છે – 'સૂત્ર-અર્થસુનિશ્ચયી' હરિગીત. સૂત્ર અને અર્થ. આગમને જે કહેવું છે તે આગમનો અર્થ બરાબર નિશ્ચય કરવો અને એણે કહેલો જે પદાર્થ છે તેનો નિશ્ચય કરવો. આવી વાતું છે.

એ અહીં કહે છે. 'નિર્મળ વિવેકરૂપી દીવીના...' પ્રકાશથી. રાગના વિકલ્પથી ભિન્ન. નયાતિક્રાંત જે કીધું એ આ વાત છે. બીજી ઢબે, ત્રીજી ઢબે વાત કરી છે. આવો છું ને તેવો છું. પૂર્ણાનંદનો નાથ અનંત અનંત ગંભીર ગુણથી ભરેલો ભગવાન, એવા અનંત ગુણનો ભંડાર પ્રભુ, આ..હા...! એવો જે વિકલ્પ કરવો એને પણ છોડીને દિવ્ય જ્ઞાન દ્વારા અંદર જ્ઞાનથી ભિન્ન પાડ. આહા..હા...! નયાતિક્રાંત આવ્યું ને ? અતિક્રાંત છે. છતાં અહીં તો ૨૭૨માં એ કહ્યું, 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો' ત્યાં વિકલ્પવાળી નય ન લીધી. ત્યાં તો નિશ્ચય વસ્તુ જ આખી છે તેને લીધી. આહા..હા...! બાકી સિદ્ધાંતમાં તો નય, સવિકલ્પ અને નિર્વિકલ્પ બે પ્રકારની નય છે, પ્રમાણ પણ સવિકલ્પ અને નિર્વિકલ્પ પ્રમાણ પણ બે પ્રકારના છે. પણ અહીં તો એ કહેવું છે, પ્રભુ ! જે આગમને ત્રણલોકના નાથના આગમમાં દિવ્યધ્વનિના આ શબ્દો આવ્યા, એ શબ્દોને શું કહેવું છે તેનો પહેલો યથાર્થ નિર્ણય કરવો. તારી દૃષ્ટિએ નહિ પણ ભગવાનને શું કહેવું છે ? (એ દૃષ્ટિએ નિર્ણય કરવો). સમજાણું કાંઈ ? એ પદોનો નિર્ણય કરવો અને અર્થોનો નિર્ણય કરવો. પદે બતાવેલો અર્થો નવ, નવ પદાર્થ, સાત તત્ત્વ શી રીતે છે એનો યથાર્થ નિર્ણય અંદર કરવો. આહા..હા...!

એ 'વિવેકરૂપી દીવીના પ્રકાશવાળો હોવાને લીધે યથાસ્થિત પદાર્થનિશ્ચય વડે...' અહીં ઓલા પદને સમાડી દીધું. 'યથાસ્થિત પદાર્થનિશ્ચય વડે...' પદાર્થનો યથાર્થ નિશ્ચય થયો.

હું જ્ઞાયક સ્વરૂપ છું, રાગ પુણ્યતત્ત્વ છે એ ભિન્ન તત્ત્વ છે, શરીર અજીવતત્ત્વ છે. જ્ઞાનમાં આ નથી. એમ નાસ્તિથી સ્વનું જ્ઞાન થતાં આ મારામાં નથી એમ નાસ્તિથી એનું જ્ઞાન આવી જાય છે. સમજાણું કાંઈ ? અહીંયાં ચૈતન્ય સ્વરૂપ ભગવાનઆત્મા, એની દિવ્ય જ્યોતિના પ્રકાશથી... આ.હા..હા...! એના વડે કરીને વિવેકથી 'યથાસ્થિત પદાર્થનિશ્ચય વડે ઉત્સુકતા નિવર્તાવીને...' કેમ હશે ને શું હશે ? એવી ઉત્સુકતા છોડી દઈને. આમ જ છે એમ નિર્ણય કરી લીધો, કહે છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! ઉત્સુકતા એટલે એને સમજવામાં આમ હશે, આમ હશે, એવી જે ઉત્સુકતાને નિવર્તાવીને. આમ જ છે (એમ નિશ્ચય કરીને). આહા..હા...!

મુમુક્ષુ :- આગલી ગાથામાં ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- આ તો મોક્ષની વાત છે, ઓલું સંસારતત્ત્વ છે. અહીં તો મોક્ષમાર્ગી જીવને મોક્ષતત્ત્વ કહ્યું છે. મોક્ષમાર્ગી જીવને જ મોક્ષતત્ત્વ કહ્યું. મિથ્યાદર્શન તત્ત્વવાળાને જ સંસારતત્ત્વ કહ્યું. આહા..હા...! સમજાય છે કાંઈ ? સૂક્ષ્મ માર્ગ છે, ભાઈ ! અનંતકાળથી આથડ્યો છે. એ આથડ્યો એ વસ્તુના સ્વરૂપના બેભાનપણાથી આથડ્યો છે. આ..હા...! કાંઈકને કાંઈક ઊંધી ખતવણી કરી અને સ્વછંદે કલ્પનાના અર્થ કર્યા અને સ્વછંદે તત્ત્વોના નિર્ણય કર્યા. આહા..હા...! સ્વછંદે પદાર્થ જે સિદ્ધાંતના પદ છે તેની સ્વછંદે (નિર્ણય કર્યા). એને શું કહેવું છે એમ ન લેતા, પોતાની દૃષ્ટિએ તેનો અર્થ કરી નાખવો... આહા..હા...! અને પછી જે નવ પદાર્થ છે એમાં પદાર્થ ભિન્ન ભિન્ન છે. પુણ્ય ભિન્ન છે, આત્મા ભિન્ન છે, અજીવ ભિન્ન છે. એવા નવનો યથાર્થ તત્ત્વનો નિર્ણય (કરવો). એ તો આવે છે ને ? ભાઈ ! આમાં ૨૪૨માં આવે છે ને ? જ્ઞાયક તત્ત્વ અને જ્ઞાન તત્ત્વની પ્રતીતિ. જ્ઞાનપ્રધાન કથન છે ને ! જ્ઞાયકસ્વરૂપ અને જ્ઞાનસ્વરૂપ. છ દ્રવ્યનું યથાર્થ વસ્તુનું જ્ઞાન થાય અને અહીં જ્ઞાયક છે, એ બેની યથાર્થ પ્રતીતિ તેને સમ્યગ્દર્શન કીધું છે. એ જ્ઞાનપ્રધાન કથનમાં બે લીધા છે. દર્શનપ્રધાન કથનમાં એકલો ત્રિકાળી ભગવાન જ્ઞાયક સ્વભાવ પૂર્ણાનંદથી ભરેલો પ્રભુ, એનો અનુભવ, નિર્ણય (કરવો) એને સમ્યગ્દર્શન કીધું. સમજાય છે કાંઈ ? આ..હા...!

અહીં કહે છે કે, 'યથાસ્થિત પદાર્થનિશ્ચય વડે...' શું કહે છે ? જેવું જ્ઞાયક સ્વરૂપ ચૈતન્ય છે, જેવું દયા, દાનના વિકલ્પનું પુણ્યતત્ત્વ, બંધતત્ત્વ છે, એને યથાસ્થિત પદાર્થનિશ્ચય વડે ઉત્સુકતા નિવર્તાવી છે. એવા યથાર્થ નિર્ણય વડે આ આમ હશે કે આ તેમ હશે, એ ઉત્સુકતા છોડી દીધી. આહા..હા...! અરે...! આવી વાતું છે.

મુમુક્ષુ :- અલૌકિક વાતો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- વાતો તો આવી છે. આ..હા...! અનંતકાળના જન્મ-મરણના અંતની વાતું છે આ તો. ઓલામાં સંસારતત્ત્વના પરિભ્રમણની તત્ત્વની વાત હતી. આ હવે સંસારના અંતની વાત છે. આહા..હા...! સંસારતત્ત્વથી વિરુદ્ધ તત્ત્વ. આહા..હા...!

કહે છે કે, વિવેકરૂપી નિર્મળ. આહા..હા...! 'દીવીના પ્રકાશવાળો હોવાને લીધે યથાસ્થિત પદાર્થનિશ્ચય વડે...' યથાર્થ પદાર્થના નિશ્ચય વડે ઉત્સુકતા નિવર્તાવી છે. એને હવે સમજવાનું આમ છે કે તેમ, એ બધી ઉત્સુકતા છોડી દીધી. આહા..હા...! સમજાય છે કાંઈ ? માર્ગ બહુ ઝીણો, ભાઈ ! મોક્ષનો માર્ગ વીતરાગ સર્વજ્ઞદેવ, ત્રિલોકનાથ એ બહુ અલૌકિક વાતું છે ! આ..હા...! ઉત્સુકતા નિવર્તાવી છે એટલે 'સ્વરૂપમંથર રહેવાથી...' હવે આમ હશે કે તેમ હશે, એવી ઉત્સુકતા છોડી દીધી. એથી સ્વરૂપમાં મંથર થઈ ગયો. આહા..હા...! છે ? (મૂળ ગ્રંથમાં ફૂટનોટમાં અર્થ છે). (સ્વરૂપમંથર એટલે) સ્વરૂપમાં જામી ગયેલો. (મંથર = સુસ્ત). આળસુ, અંદરમાંથી નીકળવાને આળસુ. અંદરમાંથી નીકળવાનો આળસુ. એ અપ્રમાદી છે. આહા..હા...! મંથર આવે છે ને આપણે ? મંથર આવે છે. અરૂપ, અગંધ, અસ્પર્શની ગાથા છે. એમાં આ મંથર (કહ્યું છે). બ્રાહ્મણ જેમ લાડવા ખાય અને મંથર મસ્ત પડ્યો હોય એમ આ (સ્વરૂપમંથર છે). અંદર મસ્ત થઈ ગયો છે. જ્ઞાનમાં એને યથાર્થપણાનું ભાન થઈ ગયું છે, રાગથી ભિન્ન પડીને મંથર નામ મસ્ત થઈ ગયો છે. આહા..હા...! આ..હા..હા...!

'સ્વરૂપમંથર રહેવાથી...' છે ? સુસ્ત, ધીમો. '(આ શ્રમણ સ્વરૂપમાં તૃપ્ત તૃપ્ત હોવાથી, જાણે કે તે સ્વરૂપની બહાર નીકળવાનો આળસુ...)' દેખો ! બહાર નીકળવાનો આળસુ, અંદરમાં રહેવાનો પુરુષાર્થી. આહા..હા...! જ્યાં આનંદના સ્વાદ આવ્યા ત્યાં ચોંટી ગયો છે હવે, કહે છે. આહા..હા...! યથાર્થ નિશ્ચયમાં અતીન્દ્રિય આનંદનો રસ ચડતાં બીજા જ્ઞેયનો રસ ઊતરી ગયો છે. આહા..હા...! સમજાય એટલું સમજવું, બાપુ ! પરમસત્ય તો આમ છે. આહા..હા...! એ કોઈ વાતે વડા થાય એવું નથી. આહા..હા...!

'સ્વરૂપમંથર રહેવાથી સતત 'ઉપશાંતાત્મા' વર્તતો...' એનો શબ્દાર્થનો નીચે અર્થ કર્યો છે. એનો ભલે નીચે અર્થ નથી કર્યો પણ પહેલો શબ્દાર્થ કર્યો છે એમાં પ્રશાંતનો અર્થ કર્યો છે. પ્રશાંતાત્મા છે ને ? નીચે ફૂટનોટ (છે). પ્રશાંતસ્વરૂપ, પ્રશાંતમૂર્તિ, ઉપશાંત, ઠરી ગયેલો. આહા..હા...! આત્માને રાગથી ભિન્ન પાડી વિવેકજ્યોતિ વડે કરીને અંદરમાં ઠરી ગયો, કહે છે. આહા..હા...! આનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર છે. આહા..હા...! ઝીણી

વાત છે, ભાઈ ! આહા..હા...!

એ આઠ વર્ષના રાજકુમારો ચક્રવર્તીના પુત્રો પણ જ્યારે સમકિત પામે છે... આહા..હા...! મસ્ત થઈ જાય છે. અમે તો હવે માતા ! આ..હા..હા...! તમારા પાલન (પોષણમાં) અત્યાર સુધી રહ્યા, હવે અમે અમારું પાલન (પોષણ) કરવા વનમાં ચાલ્યા જઈશું. જ્યાં વાઘ ને વરુ છે ત્યાં અમે રહેશું. આ..હા...! એ સ્વરૂપમાં મંથર થઈ ગયા. ઉત્કૃષ્ટ સાધુ લીધા ને ! આહા..હા...! જનેતાને રજા માગતા (આમ કહે છે). આમાં પહેલા આવી ગયું છે, હે શરીરની જનેતા ! શરીરની જનેતા, મારી નહિ, હું તો આત્મા છું. માતા ! મને રજા આપ, બા ! અમે અમારા આનંદ સ્વરૂપમાં રમવા વનમાં ચાલ્યા જાશું. જ્યાં વાઘ ને વરુ હોય ત્યાં એકલા રહીશું, જ્યાં ગાદલા ને ગોદડા તો નથી પણ કાંકરા ને કાંટા છે ત્યાં અમે જશું. આહા..હા...! ઇ કાંકરા ને કાંટામાં નહિ પણ અમે તો અનંત આનંદમાં જશું. આહા..હા...! આનંદમાં મસ્ત થઈ ગયા છે, કહે છે.

અન્યમતમાં એક વાત આવે છે. શ્વેતાંબરમાં 'ભગવતી'માં એક (વાત) આવે છે. અતિમુક્તકુમાર. છે ને રાજકુમાર. નાની ઉંમરનો છે. વાત તો બધી સરખી જ છે. એ નાની ઉંમરમાં દીક્ષિત થાય છે. પછી સંત સાથે દિશાએ જાય છે. એમાં વરસાદ વરસે છે. બાળક છે ને એટલે એવી કલ્પિત વાત કરી છે. મારે તો એમાંથી બીજું કહેવું છે, એ વળતા નીકળે છે ત્યાં વરસાદ વરસે છે તો બાળક સાધુ ઊભો રહીને પાળ આડી કરે છે. ઓલા સાધુ જોડે છે એ ચાલ્યા જાય છે, આ શું કરે છે ? એમાં પાતરી મૂકે છે. પાળ બાંધી, પાણી ભેગુ થાય ને ? 'નાવ તરે રે મોરી નાવ તરે, એમ મુનિવર જળ શું ખેદ કરે, એ મોહની કર્મના એ ચાળા, મુનિવર દો એ નાનડિયા રે બાળા...' 'અતિમુક્ત' અને 'ગજસુકુમાર', બેય. આ..હા...! 'નાવ તરે રે મોરી નાવ તરે' એ પાણીમાં તરે છે, પણ આ જ્ઞાન-આનંદમાં તરે. આહા..હા...!

વિશ્વ ઉપર તરતો આવે છે ને ? ભાઈ ! ૧૪૪માં. વિશ્વ ઉપર તરતો, ઉપર... ઉપર... ઉપર... આહા..હા...! અંદર ચૈતન્યના આનંદના રસમાં ચડતો. આહા..હા...! ઊંચી વાત લીધી છે ને ! સમકિત સહિત ચારિત્રની વાત અહીં મોક્ષતત્ત્વની લીધી છે ને ? પછી ત્રણ થઈને મોક્ષમાર્ગ છે એને અહીં મોક્ષતત્ત્વ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! એ સ્વરૂપમાં આનંદમાં એવો મસ્ત થઈ જાય છે... આ..હા..હા...! ઉપશાંત આત્મા. પ્રશાંતસ્વરૂપ, પ્રશાંતમૂર્તિ, ઉપશાંત, ઠરી ગયેલો. એવો 'વર્તતો થકો,...' 'ઉપશાંતાત્મા' વર્તતો

થકો,...' આહા..હા...! આનંદની ધારામાં વર્તતો થકો. અતીન્દ્રિય ઉપશમના રસમાં ચડલો થકો. આહા..હા...! ડુંગરે જેમ ચડે છે એમ અંદરથી ઉપશમરસ ચડતો જાય છે. આહા..હા...! એ ઉપશમરસમાં ચડેલા. આહા..હા...! એવો 'વર્તતો થકો,...' (એટલે) પુરુષાર્થથી, એમ કહે છે. વર્તતો થકો એટલે ? પોતાના પુરુષાર્થથી અંતર ઉપશમરસમાં વર્તતો થકો. અતીન્દ્રિય આનંદના રસમાં વર્તતો થકો, આહા..હા...!

ઇ જ્યારે વૈરાગ્ય થાય છે ત્યારે માતાને કહે છે... આ..હા..હા...! ઇ આપણે પહેલું આવી ગયું છે. માતા ! રજા આપજે, જનેતા ! શરીરની જનેતા, માતા ! પણ અમે કોલકરાર કરીએ છીએ, માતા ! બીજી મા નહિ કરીએ. 'ઉત્તરાધ્યયન'નું ચૌદમું અધ્યયન છે (એમાં) એક ગાથા આવતી હતી. આ તો તે દિ' ચાલતું. 'અજૈવ ધમ્મમ્ પડિવજ્જયામો, જહિ પુવનાં પુનમ્ ભવામો, ... ' હે માતા ! 'અજૈવ ધમ્મમ્ પડિવજ્જયામો' હું આજે જ આનંદના નાથના સાગરમાં ડોલવા ચારિત્રને અંગીકાર કરશું. આહા..હા...! 'અજૈવ ધમ્મમ્ પડિવજ્જયામો, જહિ પુવના' જનેતા ! અમે કહીએ છીએ, એ સ્વરૂપની રમણતાને અમે રમવા જાઈએ છીએ. ફરીને ભવ નહિ કરીએ. 'જહિ પુવનાં પુનમ્ ભવામો' 'બોટાદ'માં ચાલતું હતું ત્યારે હજારો માણસો (ભેગું થાય). ત્રણસો એક ઘર. વ્યાખ્યાનમાં 'કાનજીસ્વામી' બેઠા છે (એમ ખબર પડે એટલે) માણસ સમાય નહિ. આ તો (સંવત) ૧૯૭૬, ૧૯૮૦ની વાત છે. આહા..હા...! એવી વાત છે.

'જહિ પુવનાં પુનમ્ ભવામો' માતા ! 'અણાગયમ્ ...' અણપામેલી શું વસ્તુ રહી ગઈ ? માતા ! અણપામેલી શું વસ્તુ રહી ગઈ છે ? કે, હવે અમે આમાં રોકાઈએ. 'ઉત્તરાધ્યય'ની ગાથા છે, એના અર્થ તે દિ' કરતા હતા. '....' માતા ! જનેતા ! શ્રદ્ધા કર અને અમારો રાગ છોડ હવે તું. અમારા પ્રત્યેનો રાગ છોડ, જનેતા ! અમે હવે અંતરની વીતરાગ દશામાં રમવા જાઈએ છીએ. બાળપણામાં રમતું કરી પણ એ રમતું હવે છોડીએ છીએ. આહા..હા...! માતા છેલ્લે કહે છે, બેટા ! તેં જે માર્ગ લીધો, બેટા ! એ માર્ગ અમને હજો ! જા, દીકરા, જા ! પણ એ માર્ગ અમને હજો ! આ..હા...! અમે વેપાર-ધંધામાં (રહીએ), તમારા બાપે કર્યો એમ નહિ. આ..હા...! દીકરા ! જે રસ્તે જા છો, ભાઈ ! આ..હા...! એ અંતરના આનંદના ઝુલે ઝુલવા તું પ્રભુ જા છો. જા, ભાઈ ! જા. અમને પણ એ રસ્તો હજો ! આહા..હા...!

અહીં કહે છે કે, જ્યાં અંદર સાધુ થાય છે... આહા..હા...! મોક્ષતત્ત્વનું વર્ણન છે

ને ! આ..હા...! સ્વરૂપમાં મંથર – મસ્ત થઈ જાય છે. જેમ ચૂરમાના ચાર-પાંચ લાડવા ખાધા હોય.. આહા..હા...! અને બ્રાહ્મણ જેમ મસ્ત થઈને ચાલી શકે નહિ, માંડ માંડ આમ (ચાલે), એમ મસ્ત થઈને અંદર રાગમાં આવી શકતો નથી, સ્થિરતામાં રમતમાં અંદર રમી ગયો છે. આહા..હા...! એ અહીં કહે છે, હોં !

'સતત 'ઉપશાંતાત્મા' વર્તતો...' શું કીધું ઇ ? સતત. નિરંતર ભગવાન શાંતરસના પીણા પીતો. આહા..હા...! જેમ શેરડીના રસને ગટક.. ગટક.. ગટક.. ગટક પીવે આમ. એમ અમે અમારા અતીન્દ્રિય આનંદને ગટક.. ગટક પીવા, માતા ! નીકળીએ છીએ. આહા..હા...! હવે આમાં તમારે ક્યાં વેપાર કરવાનું રહ્યું ? એવો 'સતત...' છે ને ? સતત. આ..હા..હા...! ધન્ય અવસર ! ધન્ય કાળ ! આહા..હા...! 'સ્વરૂપમંથર રહેવાથી...' આ..હા...! સ્વરૂપમાં ડૂબી ગયેલો, જામી ગયેલો, જામી ગયેલો. આહા..હા...! બે-ત્રણ શબ્દ ભાઈએ વાપર્યા છે. (એક વિદ્વાને) 'રમવા' શબ્દમાં બે-ત્રણ શબ્દ વાપર્યા છે, જામી ગયેલો, રમી ગયેલો, ઠરી ગયેલો એવા શબ્દો વાપર્યા છે. આ..હા...!

'સતત 'ઉપશાંતાત્મા' વર્તતો થકો, સ્વરૂપમાં એકમાં જ અભિમુખપણે...' શું કહે છે હવે ? સ્વરૂપ ભગવાન આનંદનો નાથ એમાં એકમાં જ અભિમુખ. આ..હા...! એની સન્મુખ એકલો વર્ત્યો. આહા..હા...! રાગ અને નિમિત્ત તરફથી વિમુખ થઈ ભગવાન ત્રિલોકનાથ સચ્ચિદાનંદ પ્રભુ, એની સન્મુખ થઈને હવે રમવા લાગ્યો. આહા..હા...! અભિમુખપણે... છે ? 'એકમાં જ...' શબ્દ છે. આહા..હા...! રાગનો અંશ પણ છે અને આ પણ છે, એમ નહિ. આહા..હા...!

અરે...! પંચમઆરાના સંત પંચમઆરાના શ્રોતાને, (વર્તમાન) મુક્તિ નથી અને આવી વાતું કરે ! મુક્તિ છે, છે. મુક્તિ છે, છે. સાંભળ ! કહે છે. પંચમઆરાના શ્રોતાને કહે છે કે નહિ ? આહા..હા...! અને તે ૩૮મી, ૯૨મી ગાથામાં એમ લીધું છે, સંતોએ અપ્રતિબુદ્ધને આ વાત કરી અંદરથી અને જ્યારે ઊછળી ગયો... આહા..હા...! (ત્યારે એ એમ કહે છે), હવે અમે આ રસ્તે આવ્યા ત્યાંથી પાછા પડવાના નથી. અરે...! પંચમઆરાના સંત અને પંચમઆરાના જ્ઞાની ભગવાનના ભેટા કર્યા વિના તમે આવી વાતું કરશો ! ૩૮માં કહ્યું છે. ફરીને મિથ્યાત્વનો અંકુર હવે ઉત્પન્ન થવાનો નથી. આ..હા...! અમે જે રસ્તે ગયા ત્યાંથી હવે ફરવાના નથી. આહા..હા...! અને જે અમને પ્રિય લાગ્યો છે, એ પ્રિયને અમે હવે છોડવાના નથી. આહા..હા...! (શ્રોતા :– પ્રભુ આપ પણ...) ઘણે ઠેકાણે શ્લોકમાં આવે છે.

આ થયું એટલે અપ્રતિહત થઈ ગયો છે. કળશમાં આવે છે. અપ્રતિહતની જ વાત લીધી છે. એક 'આસ્રવ અધિકાર'માં જરી જણાવ્યું છે, નયપરિહિણો. એક ગાથા લીધી છે. એ તો જણાવ્યું છે. શુદ્ધનયથી પરિભ્રષ્ટ થાય છે, એટલું. આસ્રવ (અધિકારમાં) એક (ગાથા) છે – નયપરિહિણો. આહા..હા...!

અહીં તો કહે છે કે, જે રસ્તે અમે ગયા છીએ હવે એ રસ્તો અમારે ફરે એવો નથી. અમે ભગવાનની સાક્ષીએ, આત્માની સાક્ષીએ કહીએ છીએ. આ..હા..હા...! એલા અપ્રતિબુદ્ધ શ્રોતા પંચમઆરાનો, તને ગુરુએ સમજાવ્યો અને આટલે રસ્તે તું ચાલ્યો ગયો ! પંચમઆરાના ને આ ને... અરે...! આરા-ફારા અહીં છે ક્યાં ? આરા કેવા, કાળ કેવા, રાત કેવી, દિવસ કેવા ? એ તો આનંદનો નાથ પ્રકાશની મૂર્તિ છે. એને કાળ ક્યાં લાગુ પડે છે ? એને મુક્તિ નથી એ પણ ક્યાં લાગુ પડે છે ? એ પોતે મુક્તસ્વરૂપ જ છે. આહા..હા...!

ભગવાન મુક્તસ્વરૂપ છે, પ્રભુ ! 'મુક્તએવ' આવે છે ને ? 'કળશટીકા'માં. 'પુણ્ય-પાપ અધિકાર'માં આવે છે. જે મુક્તસ્વરૂપ હોય તે મુક્તસ્વભાવથી મુક્તિ પામે. જે બંધ સ્વભાવ હોય એ બંધપણાને પામે. 'પુણ્ય-પાપ અધિકાર'માં છે. આહા..હા...! 'કુંદકુંદાચાર્યે' 'સમયસાર'માં ગજબ વાત કરી છે !

કહે છે, 'સ્વરૂપમાં એકમાં જ અભિમુખપણે...' આહા..હા...! મુનિ પોતાની વાત કરે છે, તેમ શ્રોતા પણ સમજ્યા છે ત્યારે પણ પોતાની વાત આ રીતે કરે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આ વાર્તા નથી, બાપા ! 'સ્વરૂપમાં એકમાં જ અભિમુખપણે...' શું કીધું ઇ ? અભિમુખ (અર્થાત્) સન્મુખ. સચ્ચિદાનંદ મોટો સરોવર ભગવાન આખો દરિયો ભર્યો છે, અતીન્દ્રિય આનંદનો સાગર, અતીન્દ્રિય જ્ઞાનનો પિંડ પ્રભુ, તેની અભિમુખ, એની અભિમુખ – સન્મુખ થઈને પડ્યો છું. આહા..હા...! આ પંચમઆરાના સાધુ કહે છે ? આ 'અમૃતચંદ્રાચાર્ય' તો હજી હજાર વર્ષ પહેલા થયા છે. આહા..હા...!

ભગવાન ! સત્ તો સરળ છે, સર્વત્ર છે. 'શ્રીમદ્'માં આવે છે. સત્ સત્ છે, સત્ સર્વત્ર છે, સત્ સરળ છે, બતાવનારા ગુરુ જોઈએ, એટલી વાત કરી છે. આહા..હા...! એને એંધાણ બતાવનાર જોઈએ કે, પ્રભુ ! તું અંદર અહીં જા. રમતા ત્યારે કહેતા, મામાનું ઘર કેટલું ? કે, દીવો બળે એટલું. એમ કહેતા, ખબર છે ? મામાનું ઘર કેટલું ? દીવો બળે એટલું. આત્માનું ઘર કેટલું ? કે, આ ચૈતન્યપ્રકાશ ઝળહળે તેટલું. નાની ઉંમરમાં બધું

આવતું કે નહિ ? અમારે મામાનું ઘર જોડે હતું. ગૃહસ્થ હતા, મામા ને બધા પૈસાવાળા હતા. પછી ગુજરી ગયા પછી બધું પાંજરાપોળમાં આપી દીધું. દીકરો-દીકરી ન મળે. બધા પૈસાવાળા હતા. કાકાના દીકરા પણ પૈસાવાળા હતા. ઘણા મકાન ને જમીન બધું પાંજરાપોળમાં આપી દીધું. આહા..હા...! ત્યાં એ વખતે રમતા ત્યારે કહે, મામાનું ઘર કેટલું ? કે, દીવો બળે એટલું. જો ! દીવાનો પ્રકાશ. એમ આત્માનું ઘર કેટલું ? કે, ચૈતન્યપ્રકાશ બળે તેટલું. આહા..હા...!

અહીં કહે છે, (એકમાં જ) 'અભિમુખપણે ચરતો (વિચરતો–રમતો) હોવાથી 'અયથાચાર રહિત' (અર્થાત્) વિપરીત આચાર રહિત. જ્ઞાન, દર્શન, આનંદાદિ જે નિશ્ચય આચરણ છે એનાથી રહિત (અયથાચાર છે). (એ અયથાચાર રહિત) 'વર્તતો થકો નિત્ય જ્ઞાની હોય,...' આહા..હા...! એ નિત્ય વસ્તુ છે તેનું જ્ઞાન થયું એટલે નિત્ય જ્ઞાની થઈ ગયો. આ..હા...! એને જ્ઞાન કરવું પડે ને ભેદજ્ઞાન કરવું પડે એમ નથી હવે. આ..હા...! એ 'નિત્ય જ્ઞાની હોય, તે ખરેખર સંપૂર્ણશ્રામણ્યવાળા સાક્ષાત્ શ્રમણને મોક્ષતત્ત્વ જાણવું,...' લ્યો, એને મોક્ષતત્ત્વ કહ્યું. આહા..હા...! એ... પંચમઆરાના સાધુ મોક્ષતત્ત્વ ! આ..હા..હા...! 'ખરેખર સંપૂર્ણશ્રામણ્યવાળા...' એ લીધું છે ને આમાં વધારે ? ભાઈ ! સંપૂર્ણ સાધુ. સાતમાની વિશેષ (વાત છે). એકદમ સ્વરૂપમાં ઠરી ગયો. ભલે આગળ વધી શક્યો નથી પણ એ સંપૂર્ણ સાધુ ત્યાં સાતમામાં આવી ગયો. આહા..હા...!

મુમુક્ષુ :– પંચમઆરાની...

પૂજ્ય ગુરુદેવશ્રી :– પંચમઆરા-ફારા અહીં ન મળે. અહીં કાળને કોળિયો કરી ગયો ભગવાન ! આહા..હા...!

'નિત્ય જ્ઞાની હોય,...' નિત્ય જ્ઞાની કેમ કીધું ? કે, કાયમ કાયમ એ જ્ઞાનધારા વર્તે છે હવે. કોઈ વખતે જ્ઞાતા અને કોઈ વખતે રાગમાં, એમ નથી હવે. આહા..હા...! એ પંચમઆરાના સંત દિગંબર સંત આવી વાતું કરે ! અને એક બાજુ કહે કે, મોક્ષ છે નહિ અને એક બાજુ કહે કે, આવાને અમે મોક્ષતત્ત્વ કહીએ (છીએ). ભાઈ ! આહા..હા...! 'કારણ કે પહેલાંનાં સકળ કર્મના ફળ તો તેણે લીલાથી નષ્ટ કર્યાં હોવાથી...' શું કહે છે ? અંતર સંપૂર્ણની ચારિત્રની રમણતા થઈ છે. આહા..હા...! સાતમાને યોગ્ય. આઠમું તો છે નહિ અત્યારે પંચમઆરામાં, પણ એને સંપૂર્ણ સાધુ કીધું.

એવા શ્રમણને 'સંપૂર્ણ શ્રામણ્યવાળા સાક્ષાત્ શ્રમણને મોક્ષતત્ત્વ જાણવું,...' એને તો

છે કે, અમે તો મોક્ષતત્ત્વ જ છીએ. અલ્પકાળમાં મોક્ષ થવાનો છે એને ગૌણ કરીને એ પોતે જ મોક્ષતત્ત્વ છે (એમ કહ્યું). સાક્ષાત્ મોક્ષતત્ત્વ છે, વર્તમાન, એમ કહે છે. સાક્ષાત્ શ્રમણ છે. સીધી દશા અંદર પ્રગટી છે, એમ કહે છે. વેદનમાં સીધું છે. આહા..હા...! સાક્ષાત્ શ્રમણ એટલે અનુભવ, અંદર આનંદનો અનુભવ સાક્ષાત્ થઈ ગયો છે. આહા..હા...! એવી વાતું છે. ઓલામાં એક (વાત) આવે છે ને કે, આ કાળે ધ્યાન નથી એમ કહેનારા મિથ્યાદૃષ્ટિ છે. આવે છે ? ભાઈ ! 'આત્માનુશાસન'માં આવે છે. આહા..હા...!

મુમુક્ષુ :– 'કુંદકુંદાચાર્યે' પણ કીધું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આવે છે, 'કુંદકુંદાચાર્યે' કહ્યું છે, 'અષ્ટ પાહુડ'માં કહ્યું છે. આહા..હા...! આજે પણ સ્વર્ગમાં લોકાંતિક દેવ થશે. આવે છે ને ? આહા..હા...! ત્યાંથી નીકળીને મનુષ્ય થઈને મોક્ષ જશે. આ..હા..હા...! 'અષ્ટ પાહુડ'માં પાઠ છે. એ પોતાની જાતનો છે. સમજાણું કાંઈ ?

એ (સકળ કર્મના ફળ) 'નષ્ટ કર્યાં હોવાથી...' હવે તો શું કહે છે ? આવું સાક્ષાત્ શ્રમણ – સંતપણું પ્રગટ્યું છે. 'કારણ કે પહેલાંનાં સકળ કર્મના ફળને લીલાથી નષ્ટ કર્યાં હોવાથી...' હઠથી નથી. આહા..હા...! આનંદની લહેરમાં રહેતા રહેતા કર્મનો નાશ થઈ ગયો છે. કષ્ટ સહન કરવા પડ્યા છે એમ નથી, કહે છે. આહા..હા...! વિશેષ કહેશે...

શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !

**કારતક સુદ ૪, ગુરુવાર**
**તા. ૨૫-૧૦-૧૯૭૯**
**ગાથા–૨૭૪ પ્રવચન નં. ૨૫૭**

'પ્રવચનસાર', ૨૭૪ ગાથા. ફરીને. 'પ્રથમ તો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકે યુગપદ્પનેરૂપસે પ્રવર્તમાન એકાગ્રતા જિસકા લક્ષણ હૈ ઐસા જો સાક્ષાત્ મોક્ષમાર્ગભૂત શ્રામણ્ય, 'શુદ્ધ' કે હી હોતા હૈ.' ક્યા કહતે હૈં ? કિ, સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન ઔર સમ્યક્ચારિત્ર ઇન તીનોં કી 'એકતારૂપ પ્રવર્તમાન એકાગ્રતા જિસકા લક્ષણ હૈ ઐસા જો સાક્ષાત્ મોક્ષમાર્ગભૂત શ્રામણ્ય,...' (અર્થાત્) સાધુ, વહ શુદ્ધ ઉપયોગી હોતા હૈ. શુદ્ધ ઉપયોગી સાધુ હોતા હૈ. પાઠ હૈ ન ? '**सुद्धस्स सामण्णं**'.

યહાં તો અપને અભી (એક સાધુ કે દ્વારા બનાઈ) ટીકા લી થી ન ? ભાઈ ! (ઉન્હોંને) અભી 'જયસેનાચાર્ય' કી ટીકા બનાઈ હૈ. ઉસમેં તો ઉસને ઐસા લિયા હૈ કિ, ચૌથે ગુણસ્થાન મેં ભી ટીકા કી અપેક્ષા સે શુદ્ધઉપયોગ લાગૂ હોતા હૈ. ટીકા મેં હૈ. ૨૪૧ ગાથા હૈ ન ? વહી નિકલા, દેખો ! 'અધ્યાત્મ ભાષા મેં યહી શુદ્ધાત્મા કે અભિમુખ પરિણામ...' પાઠ મેં 'શુદ્ધાત્માભિમુખ પરિણામ' હૈ ન ? આગમ ભાષા સે વહ કર્મ હૈ. અધ્યાત્મ ભાષા સે શુદ્ધાત્મ અભિમુખ પરિણામ (હૈ). વહ ટીકા મેં પાઠ હૈ. 'શુદ્ધાત્મા કે અભિમુખ પરિણામસ્વરૂપ શુદ્ધઉપયોગ નામ પાતા હૈ.' થોડી સૂક્ષ્મ બાત હૈ.

સમ્યગ્દર્શન હોતા હૈ વહ શુદ્ધઉપયોગ મેં હોતા હૈ, ઐસા ટીકાકાર સિદ્ધ કરતે હૈં. આહા..હા...! (ઉસ સાધુને) અર્થ કિયા હૈ. 'ઇસ ટીકાકાર કે ઉલ્લેખ સે...' ઉસકા વિશેષાર્થ હૈ. 'ચતુર્થ ગુણસ્થાન મેં હી...' ચતુર્થ ગુણસ્થાન મેં હી 'શુદ્ધઉપયોગ હો જાના શુદ્ધ હોતા હૈ.' સમજ મેં આયા ? સૂક્ષ્મ બાત હૈ, ભાઈ ! ન્યાય સે તો વહ બાત હૈ કિ, લોગોં કો બાહર કી વ્યવહાર કી બાત ઇતની બૈઠતી હૈ. ઇસલિયે યહ બાત ગલે ઉતરતી નહીં. શુભ-

અશુભ રાગ (હૈ વહ) અશુદ્ધઉપયોગ (હૈ), ઉસ અશુદ્ધ ઉપયોગ સે હટકર શુદ્ધાત્માભિમુખ પરિણામ હુઆ વહ શુદ્ધઉપયોગ હી હૈ. ભાઈ ! ઇન્હોંને યહ ડાલા હૈ. (વે સાધુ ને) સ્વયંને ડાલા હૈ. બાદ મેં લિખા હૈ, પંચમ ગુણસ્થાન કે ઉપર (કી બાત) ટીકા મેં લિખી હૈ. લેકિન ઇસ ટીકા કે હિસાબ સે ચૌથે ગુણસ્થાન મેં શુદ્ધઉપયોગ હૈ, ઐસા લાગૂ હોતા હૈ. આહા..હા...! વર્તમાન મેં ઇતની તકરાર ચલ રહી હૈ. શાસ્ત્ર મેં શુદ્ધાત્માભિમુખ... અધ્યાત્મ ભાષા સે ૩૨૦ ગાથા (મેં લિખા હૈ), ઇસમેં ૩૪૧ હૈ. ઉસમેં ૨૧ જ્યાદા હૈ. ધ્યાન સે, શાંતિ સે સુનો !

સમ્યગ્દર્શન જબ ચૌથે ગુણસ્થાન મેં ઉત્પન્ન હોતા હૈ, તબ શુદ્ધાત્માભિમુખ પરિણામ (હોતે હૈં, ઐસા) ટીકા મેં હૈ. આગમ ભાષા સે અધઃકરણ, અપૂર્વકરણ ઔર .... લેકિન અધ્યાત્મ ભાષા સે શુદ્ધાત્માભિમુખ પરિણામ હૈ. ઉસકા અર્થ યહાં (વે વર્તમાન સાધુ) કહતે હૈં કિ, ટીકાકાર કા આશય ઐસા લગતા હૈ કિ, સમ્યગ્દર્શન શુદ્ધઉપયોગ મેં હોતા હૈ. આહા..હા...! ક્યોં ? કિ, શુભ ઔર અશુભ રાગ વિકલ્પ હૈ, વહ અશુદ્ધ ઉપયોગ હૈ. ઉસસે હટકર શુદ્ધ ચૈતન્યમૂર્તિ કે અભિમુખ પરિણામ હોતા હૈ, અભિમુખ – શુદ્ધ પૂર્ણ સ્વરૂપ કે અભિમુખ (પરિણામ). જો પર સન્મુખ થા, શુભાશુભ રાગ મેં પરિણામ મેં (થા), ઉસ પરિણામ સે હટકર (શુદ્ધાત્મા કે) અભિમુખ – શુદ્ધ ચૈતન્ય કે અભિમુખ. (ઐસા) પાઠ હૈ. યહ કહા ન ?

ઐસે લિખા હૈ, દેખો ! 'વહી શુદ્ધાત્મા કે અભિમુખ પરિણામસ્વરૂપ શુદ્ધ ઉપયોગ નામ પાતા હૈ.' શુદ્ધાત્મા અભિમુખ પરિણામ, (ઐસા) શબ્દ ટીકા મેં બહુત હૈ. ઉસકા નામ શુદ્ધઉપયોગ નામ હોતા હૈ. સૂક્ષ્મ બાત હૈ, ભાઈ ! આહા..હા...! આત્મા જ્ઞાયક ચિદાનંદ પૂર્ણ સ્વરૂપ, ઉસકે અભિમુખ પરિણામ હુઆ, વહ શુદ્ધઉપયોગ હૈ. સમજ મેં આયા ? ઇસ શુદ્ધઉપયોગ મેં સમ્યગ્દર્શન કી પ્રતીતિ હોતી હૈ. આહા..હા...!

યહાં **'सुद्धस्स'** કહા ન ? **'सुद्धस्स सामण्णं'**. પાઠ મેં ક્યા હૈ ? શબ્દ 'શુદ્ધ' છે, લેકિન ઉસકા અર્થ શુદ્ધઉપયોગ હૈ. પાઠ મેં ઐસા પાઠ હૈ કિ, **'सुद्धस्स सामण्णं'** શુદ્ધ કો સાધુપના હોતા હૈ. ઉસકા અર્થ કિ, શુદ્ધઉપયોગી જીવ કો સાધુપના હોતા હૈ. આહા..હા...! શુદ્ધઉપયોગી કો સાધુપના હોતા હૈ ઉસમેં ૩૨૦ ગાથા મેં નિકાલા કિ, યહાં તો ૩૨૦ ગાથા મેં જો શુદ્ધ અભિમુખ પરિણામ જો ટીકાકાર લેતે હૈં, ઉસકા અર્થ હૈ કિ, શુદ્ધ સ્વરૂપ કે અભિમુખ પરિણામ શુદ્ધઉપયોગ હૈ. ભાઈ ! આહા..હા...! વર્તમાન મેં ઇસકી બડી તકરાર

(હૈ). જિસકા વ્યવહાર કા પક્ષ હૈ, ઉસે યહ બાત નહીં બૈઠે. દૃષ્ટિ અનાદિ કી વ્યવહાર કી હૈ.

યહાં તો ટીકાકાર શુદ્ધ અભિમુખ પરિણામ જબ કહતે હૈં... (વે વર્તમાન સાધુ ને) 'અમૃતચંદ્રાચાર્ય' કી ટીકા નહીં કી હૈ, ક્યોંકિ 'અમૃતચંદ્રાચાર્ય' કી ટીકા તો બહુત ગંભીર ઔર ગહરી હૈ ઔર 'જયસેનાચાર્ય' કી ટીકા સાધક-સાધ્ય, વ્યવહાર સાધક-નિશ્ચય સાધ્ય, ઐસા શબ્દ આતા હૈ તો ઇસકા અર્થ કિયા. લેકિન સાધ્ય-સાધક મેં પહલે જબ ઉપયોગ સે – શુદ્ધઉપયોગ સે આત્મા કા અનુભવ હુઆ તબ જો રાગ બાકી રહા ઉસકો વ્યવહાર સાધક કા આરોપ કહકર સાધક કહા હૈ. લેકિન મૂલ મેં તો શુદ્ધ અભિમુખ પરિણામ હોતા હૈ. આહા..હા...! સૂક્ષ્મ બાત હૈ, ભાઈ !

જો ઉપયોગ શુભ ઔર અશુભ રાગ મેં અનાદિ કા હૈ, વહ તો અશુદ્ધ ઉપયોગ હૈ. અબ, યહાં ટીકાકાર કહતે હૈં કિ શુદ્ધાત્મ અભિમુખ પરિણામ. ઉસકા અર્થ ક્યા ? શુદ્ધ આત્મા ભગવાન પૂર્ણ સ્વરૂપ, ઉસ ઓર અભિમુખ – સન્મુખ, અભિ – સન્મુખ પરિણામ, ઉસકા નામ શુદ્ધ ઉપયોગ હૈ. શુદ્ધઉપયોગ મેં સમ્યગ્દર્શન ઉત્પન્ન હોતા હૈ. પીછે વિકલ્પહોતા હૈ તબ શુદ્ધઉપયોગ નહીં રહતા, લેકિન શુદ્ધ પરિણતિ રહતી હૈ. સમજ મેં આયા ? શુદ્ધ પરિણતિ રહતી હૈ. રાગ તો લડાઈ કા ભી સમકિતી કો આતા હૈ, વિષય કા ભી રાગ આતા હૈ. છ્યાનવે હજાર સ્ત્રી કા રાગ હૈ, લેકિન ઉસ વિકલ્પ મેં દોષ હૈ, રાગ અપના સ્વરૂપ નહીં, ઐસા સમકિતી જાનતે હૈં. મેરી ચીજ નહીં, મેરી ચીજ મેં વહ નહીં, મૈં તો ઉસકો જાનને-દેખનેવાલા જ્ઞાતા-દૃષ્ટા હૂં (ઐસા જાનતે હૈં). ઐસે સમ્યક્દૃષ્ટિ (કા) શુદ્ધ આત્મા કે સન્મુખ પરિણામ હોતા હૈ, ઉસકો શુદ્ધઉપયોગ કહને મેં આતા હૈ, યહાં લિખા હૈ. સમજ મેં આયા ? દેખો !

'વહી અધ્યાત્મ ભાષા મેં...' આગમ ભાષા મેં તીન કરણ લિયે હૈં. 'અધ્યાત્મ ભાષા મેં વહી શુદ્ધાત્મા કે અભિમુખ પરિણામસ્વરૂપ શુદ્ધ ઉપયોગ નામ પાતા હૈ.' યહાં તીન કહે હૈં. વહ બાત બહુત બાર પહલે કી હૈ. ચિહ્ન કિયે હૈં, યહ પઢકર ચિહ્ન કિયે હૈં. 'ક્યોંકિ યહ ટીકાકાર કે ઉલ્લેખ સે ચતુર્થ ગુણસ્થાન મેં હી...' સમ્યગ્દર્શન 'ચતુર્થ ગુણસ્થાન મેં હી શુદ્ધઉપયોગ હો જાના...' શુદ્ધઉપયોગ હો જાના, 'સિદ્ધ હોતા હૈ.' શુદ્ધઉપયોગ હો જાના હી સિદ્ધ હોતા હૈ. આહા..હા...!

યહાં જો કહતે હૈં કિ, '**सुद्धस्स**' સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર કી એકાગ્રતા, યુગપદ્

એકાગ્રતા પ્રવૃત્તિ વહ શુદ્ધઉપયોગ (હૈ). વહ શુદ્ધઉપયોગ હૈ વહ શ્રામણ્યપના હૈ, વહ સાધુપના (હૈ). શુદ્ધઉપયોગ હૈ વહ સાધુપના (હૈ). પંચમહાવ્રત કે વિકલ્પ સાધુપના હૈ નહીં. આહા..હા...! **'सुद्धस्स सामण्णं'** પાઠ હૈ ? શબ્દ 'શુદ્ધ' હૈ. ટીકાકાર ને (અર્થ) કિયા કિ, શુદ્ધઉપયોગ હૈ વહ શ્રામણ્ય હૈ. સૂક્ષ્મ બાત હૈ, પ્રભુ !

મુમુક્ષુ :- ઇસકા અર્થ તો યહ હુઆ કિ, શ્રમણ કો શુદ્ધઉપયોગ હોતા હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી :- પહલે ચૌથે ગુણસ્થાન મેં કહા. ઇસલિયે તો પહલે યહ બતાયા. યહાં તો તીનોં કી એકતા હોતી હૈ તબ શુદ્ધઉપયોગી સાધુ કહતે હૈં. લેકિન સમ્યગ્દર્શન મેં પહલે ક્યા હૈ ? સમજ મેં આયા ? વિસ્તાર (સે લિખા હૈ).

મુમુક્ષુ :- યે સાધુ પહલે પંડિત થે, ફિર સાધુ હુએ.

પૂજ્ય ગુરુદેવશ્રી :- પહલે વે બ્રહ્મચારી થે, માલૂમ હૈ. પહલે બ્રહ્મચારી થે, માલૂમ હૈ. બાદ મેં સાધુ હુએ. ઉસે 'અમૃતચંદ્રાચાર્ય' કી કઠિન લગી, ઇસલિયે ઇસકા અર્થ કિયા. ઉસકે શિષ્ય ભી કહતે હૈં કિ, એક હજાર વર્ષ તક 'કુંદકુંદાચાર્ય' કી ટીકા નહીં હુઈ, ક્યોં ? કિ, ઉનકી કોઈ ચીજ બાહર મેં માન્ય નહીં થી. આહા..હા...! ઇસલિયે એક હજાર સાલ કે બાદ 'અમૃતચંદ્રાચાર્ય' કાષ્ઠાસંઘી થે ઉન્હોંને ટીકા બનાઈ, ઐસા કહતે હૈં. અરે..રે..રે...! પ્રભુ ! પ્રભુ ! ક્યા કરતે હો ? 'અમૃતચંદ્રાચાર્ય' કી ટીકા..

મુમુક્ષુ :- વે તો મૂલસંઘ કે થે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- આ..હા..હા...! મૂલસંઘ કે આમન્યા કે, 'કુંદકુંદાચાર્ય' કી આમન્યા કે થે. 'જયસેનાચાર્ય' કી ટીકા મેં વ્યવહાર સાધક, નિશ્ચય સાધ્ય, ઐસા આતા હૈ, વહ ઉસે બૈઠતા હૈ, રુચતા હૈ. લેકિન વહ સાધક ક્યોં કહા ? કિ, અંતર મેં રાગ સે ભિન્ન હોકર શુદ્ધઉપયોગ કા દર્શન હુઆ યા શુદ્ધઉપયોગ સે ચારિત્ર હુઆ, તબ ઉસકો જો રાગ બાકી રહા (ઉસ), વ્યવહાર કા આરોપ દેકર સાધક કહને મેં આયા. સમજ મેં આયા ?

મુમુક્ષુ :- ઐસા અર્થ આપ કરતે હો.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ઐસા હૈ. 'દ્રવ્યસંગ્રહ' કી ૪૭વીં ગાથા (હૈ). ૪૭ સમજતે હૈં ? ચાર ઔર સાત – ૪૭. ઉસમેં ઐસા હૈ કિ, **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।'** યહ ગાથા હૈ. **'दुविहं पि मोक्खहेउं'** દો પ્રકાર કા નિશ્ચય ઔર વ્યવહાર મોક્ષમાર્ગ. **'झाणे पाउणदि जं मुणी णियमा।'** ઐસા પાઠ હૈ. 'નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી'. ધ્યાન મેં પ્રાપ્ત હોતા હૈ ઉસકા અર્થ ક્યા હુઆ ? કિ, ઉપયોગ અંતર મેં ગયા તબ નિશ્ચય

સમ્યગ્દર્શન, જ્ઞાન ઔર વહાં રાગ બાકી હૈ ઉસકો વ્યવહાર મોક્ષમાર્ગ કા આરોપ આયા. સમજ મેં આયા ?

મુમુક્ષુ :- ચૌથે મેં મોક્ષમાર્ગ સિદ્ધ નહીં હુઆ.

પૂજ્ય ગુરુદેવશ્રી :- વહ ચૌથે (ગુણસ્થાન) સે શુરૂ હો ગયા હૈ. 'કળશટીકા' મેં 'રાજમલ્લજી' ને તીન બાર લિયા હૈ. આપ કહતે હો કિ, મોક્ષમાર્ગ તીન હૈં ઔર આપ તો સમ્યગ્દર્શન કી હી વ્યાખ્યા બારંબાર કરતે હો. 'રાજમલ્લજી' કી ટીકા મેં હૈ. હજારો શાસ્ત્ર દેખે હૈં. આપ કહતે હો કિ, શુદ્ધઉપયોગ સમ્યગ્દર્શન, જ્ઞાન ઔર ચારિત્ર કે સમય હોતા હૈ ઔર યહાં તો કહતે હો કિ સમ્યગ્દર્શન મેં શુદ્ધઉપયોગ (હોતા હૈ, ઐસા) કહતે હો. સમ્યગ્દર્શન મેં તીનોં માર્ગ કો કહતે હૈં. ક્યા કહા ? ટીકા મેં દો-તીન જગહ પર હૈ.

શાસ્ત્ર મેં તો નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર કો મોક્ષમાર્ગ કહા ઔર આપ તો સમ્યગ્દર્શન મેં તીનોં લગા દેતે હો. તો સમ્યગ્દર્શન મેં તીનોં કહાં સે આયા ? 'રાજમલ્લજી' કી ટીકા મેં હૈ. તીનોં આયા, સુન તો સહી. ઉપયોગ અંદર મેં ગયા તો સમ્યગ્દર્શન હુઆ, સમ્યક્જ્ઞાન હુઆ ઔર સ્વરૂપાચરણ કી સ્થિરતા ભી અનંતાનુબંધી કે અભાવ કે કારણ હુઈ. ઇસ કારણ સે ચારિત્ર કા અંશ ભી સાથ મેં આયા. સંયમ નામ પ્રાપ્ત હો, ઐસા નહીં. લેકિન સ્વરૂપાચરણ કા ચારિત્ર તો સાથ મેં આયા. આહા..હા...! ઉસકી ભી તકરાર કરતે હૈં.

મુમુક્ષુ :- 'મોક્ષમાર્ગ પ્રકાશક' કા વે આધાર દેતે હૈં.

પૂજ્ય ગુરુદેવશ્રી :- વહાં જો પીછે લિયા હૈ, વહાં લિયા હૈ, માલૂમ હૈ. વહ તો તીનોં પૂર્ણ હોતે હૈં તબ વાસ્તવિક મોક્ષમાર્ગ હૈ. ઐસા બતાયા હૈ. માલૂમ હૈ. યહાં તો સબ પઢા હૈ.

યહાં તો સમ્યગ્દર્શન હુઆ વહાં ચારિત્ર કા એક અંશ ભી આયા. સ્વરૂપાચરણ વહાં હુઆ. ક્યોંકિ અતીન્દ્રિય આનંદ કા સ્વાદ આયા. સમ્યગ્દર્શન હોનેપર શુદ્ધઉપયોગ મેં તો દ્રવ્ય સારા જો અનંત ગુણ કા પિંડ પૂર્ણ સ્વરૂપ હૈ, ઉસકા જહાં અંતર વેદન – અનુભવ મેં શુદ્ધઉપયોગ મેં પ્રતીતિ આયી તો ગુણ કી જિતની સંખ્યા હૈ, ઉન સબ ગુણ કી સંખ્યા કા પર્યાય મેં એક અંશ વ્યક્તરૂપ સે પ્રગટ હોતા હૈ. એક અંશ વ્યક્ત હોતા હૈ તો અતીન્દ્રિય આનંદ કા સ્વાદ ભી આયા, વીર્ય ભી આયા. આ..હા..હા...! સમજ મેં આયા ? પ્રભુતા

કા અંશ ભી વ્યક્ત મેં આયા. અંદર મેં ઈશ્વર ગુણ હૈ ન ? પ્રભુતા કા ગુણ ભી ઉસમેં આયા. અનંત ગુણ જો હૈં, ભાવ-અભાવ આદિ અનંત ગુણ – શક્તિ જો હૈં, ઉન સબ ગુણ – શક્તિ કી વ્યક્તતા આંશિકરૂપ સે પર્યાય મેં આયી. સમજ મેં આયા ? આ..હા...! ક્યા હો ? લોગોં ને પૂરા માર્ગ વિપરીત કર દિયા.

સત્ય તો યહ હૈ કિ, સમ્યગ્દર્શન મેં... 'શ્રીમદ્' ને ઐસા કહા કિ, 'સર્વ ગુણાંશ તે સમકિત'. ઉસકા અર્થ યહ હૈ. ઔર 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી' મેં ઐસા કહા કિ, ચૌથે ગુણસ્થાન મેં જ્ઞાનાદિ ગુણ કા એક અંશ વ્યક્ત – પ્રગટ હોતા હૈ. કેવલજ્ઞાની કો પૂર્ણ જ્ઞાનાદિ વ્યક્ત હોતા હૈ. ઐસા 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી' મેં હૈ. સમજ મેં આયા ? વહ તો વહી અર્થ હુઆ. 'શ્રીમદ્' ને કહા કિ, 'સર્વ ગુણાંશ તે સમકિત'. જિતને ગુણ હૈં ઉનકી વ્યક્તતા ઉસમેં પ્રગટ હો તબ સમ્યગ્દર્શન કહને મેં આતા હૈ. ક્યોંકિ સમ્યગ્દર્શન કી એક પર્યાય શ્રદ્ધા ગુણ કી જો પ્રગટ હુઈ, ઉસમેં ચારિત્ર ગુણ કી પર્યાય – સ્થિરતા ભી હુઈ, આનંદ ગુણ કા ભી આનંદ આયા, ચારિત્ર – શાંતિ કા અંશ ભી આયા, પ્રભુતા કા – ઈશ્વરતા કા અંશ આયા. કર્તા, કર્મ, કરણ આદિ શક્તિ કા અંશ પર્યાય મેં આયા. ક્યા હો ? લોગોં ને માર્ગ કો વિપરીત કર દિયા. પ્રભુ કા વિરહ હુઆ ઔર લોગોં ને કલ્પના સે માર્ગ ચલાયા. આહા..હા...!

યહાં (ઉસ સાધુ ને) યહ કહા કિ, ચૌથે ગુણસ્થાન મેં ટીકાકાર કહતે હૈં, ઐસા લગતા હૈ. લેકિન ફિર ફેર દિયા. ક્યોંકિ પીછે આતા હૈ ન ? યહ ટીકા પંચમ ગુણસ્થાન કે ઉપર કી યહ વ્યાખ્યા હૈ. લેકિન વહાં તો મુખ્યરૂપ સે કહા હૈ. અકેલે પંચમ ગુણસ્થાન કે ઉપર, ઐસે નહીં. મુખ્યપને પંચમ ગુણસ્થાન કે ઉપર કી યહ વ્યાખ્યા હૈ, ગૌણપને ચૌથે ગુણસ્થાન સે ભી હૈ, ઐસા વહાં હૈ. અરે..રે...! ક્યા હો ? નિશ્ચય સમ્યગ્દર્શન ક્યા ચીજ હૈ ? વહ કૈસે પ્રાપ્ત હો ઉસકી ખબર નહીં. આહા..હા...!

યહાં ટીકા મેં કહા, સંસ્કૃત મેં 'तावत्' શબ્દ લિખા હૈ ન ? સંસ્કૃત મેં 'तावत्' શબ્દ હૈ. '**यत्तावत्**' સંસ્કૃત મેં યહ શબ્દ હૈ. (અર્થાત્) મુખ્ય બાત યહ કહની હૈ કિ, 'तावत्' નામ પ્રથમ બાત યહ કહની હૈ કિ, 'સમ્યગ્દ્રશનજ્ઞાનચારિત્રકે યુગપદ્પનેરૂપસે પ્રવર્તમાન એકાગ્રતા જિસકા લક્ષણ હૈ...' કિસકા ? સાધુપના કા. 'સાક્ષાત્ મોક્ષમાર્ગભૂત શ્રામણ્ય,...' જિસકા લક્ષણ હૈ વહ 'શુદ્ધ' કે હી હોતા હૈ;...' શુદ્ધઉપયોગી કો શ્રામણ્યપના હોતા હૈ. આ..હા..હા...! યહ 'પ્રવચનસાર' (હૈ). ભગવાન કી દિવ્યધ્વનિ (હૈ). પ્ર યાની વિશેષ વચનો.

દિવ્યધ્વનિ કહો યા પ્રવચન કહો. આ..હા..હા...! સમજ મેં આયા ? સૂક્ષ્મ બાત હૈ, ભાઈ !

'જયસેનાચાર્ય' કી ટીકા કા અર્થ કરનેવાલે કો યહ કહના પડા કિ, ટીકા કા આશય તો ઐસા લગતા હૈ કિ, ચૌથે ગુણસ્થાન મેં શુદ્ધઉપયોગી સિદ્ધ હોતા હૈ. લિખના પડા. ક્યોંકિ ટીકાકાર ને ઐસા કહા કિ, શુદ્ધાત્મ અભિમુખ પરિણામ, ઐસા શબ્દ લિયા હૈ તો શુદ્ધાત્માભિમુખ પરિણામ તો શુદ્ધ હોતા હૈ. પર સે અભિમુખ પરિણામ અશુદ્ધ હૈ. શુભ ઔર અશુભ દોનોં અશુદ્ધ હૈં. આ..હા..હા...! સમજ મેં આયા ? પૂરા પન્ના ભર કે લિખા હૈ. સબ ચિહ્ન કિયે હૈં. આ..હા...!

યહાં કહતે હૈં, સાધુદ કિસકો કહતે હૈં ? કિ, શુદ્ધઉપયોગી કો સાધુ કહતે હૈં. સમ્યગ્દર્શન, શુદ્ધઉપયોગ મેં સ્વરૂપ કી પ્રતીતિ, સમ્યક્જ્ઞાન – સ્વરૂપ કા જ્ઞાન.. સ્વરૂપ કા જ્ઞાન ઔર સ્વરૂપ મેં લીનતા – સ્થિરતા – તીનોં કી એકાગ્રતા કી પ્રવૃત્તિ, ઐસા જિસકા લક્ષણ હૈ, ઐસા સાધુપના શુદ્ધઉપયોગી કો હોતા હૈ. સમજ મેં આયા ? ઉસમેં સમ્યગ્દર્શન આયા. યહાં તીન કા લિયા હૈ તો અંદર સમ્યગ્દર્શન આયા. જો ઉપયોગ તીન કા હૈ, ઐસા ઉપયોગ નહીં. લેકિન સમ્યગ્દર્શન મેં ઉપયોગ હૈ, શુદ્ધઉપયોગ હૈ. શુદ્ધઉપયોગ બિના સમ્યગ્દર્શન હોતા નહીં. સમજ મેં આયા ? ક્યોંકિ શુદ્ધ સ્વરૂપ જો ત્રિકાલ ચિદાનંદ જ્ઞાયકભાવ, ઇસ જ્ઞાયકભાવ કે સન્મુખ પરિણામ હોતા હૈ, વહી પરિણામ શુદ્ધ હૈ. અભિમુખ પરિણામ શુદ્ધ હૈ, પર કી ઓર કા પરિણામ અશુદ્ધ હૈ. શુભ યા અશુભ દોનોં અશુદ્ધ હૈં. અશુદ્ધ પરિણામ કો છોડકર, ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાયકભાવ, સચ્ચિદાનંદ પ્રભુ, ઉસકે સન્મુખ કા પરિણામ હૈ પર્યાય, દ્રવ્ય કે સન્મુખ હૈ, દ્રવ્ય કે સન્મુખ હુઆ પરિણામ, વહ પરિણામ શુદ્ધઉપયોગ હૈ. સમજ મેં આયા ? આહા..હા...!

ક્યા હો ? પ્રભુ હૈ નહીં, લોગોં ને સ્વછંદ સે જૈસી કલ્પના હુઈ, ઐસે અર્થ કરકે માર્ગ ચલાયા. ભગવાન વહાં રહ ગયે. માર્ગ તો યહ હૈ. યહાં તો અભી (દૂસરા સાધુ) કહતા હૈ કિ, વર્તમાન મેં તો શુભયોગ હી હોતા હૈ. પેપર મેં આયા હૈ. વર્તમાન મેં શુદ્ધ (ઉપયોગ) હોતા નહીં.

મુમુક્ષુ :– યદિ હોતા તો ઉનકો હોતા ન ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઉસ બેચારે કો ઇતના લગા કિ, આપ શુદ્ધ કી બાત કરતે હો, લેકિન હમે તો શુભઉપયોગ હી હૈ, દૂસરા હૈ નહીં. વર્તમાન મેં તો શુભઉપયોગ હી હૈ. જો કોઈ સાધુ હુએ, સબ શુભઉપયોગી થે. ઉસમેં શુદ્ધ (ઉપયોગી) કોઈ નહીં થે, ઐસા

કહતે હૈં. ઉસને સ્પષ્ટ બાત કી હૈ. પેપર મેં આ ગયા હૈ.

યહાં તો કહતે હૈં કિ, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તીનોં કી એકતારૂપ પરિણામ (હૈ), ઉસે શુદ્ધઉપયોગ (કહતે હૈં) ઔર વહ શ્રમણ કા લક્ષણ (હૈ). સાધુપના કા લક્ષણ યહ હૈ. તીનોં કી એકતા કા ઉપયોગ, વહ સાધુપના કા લક્ષણ (હૈ). શુભ કી બાત યહાં હૈ નહીં. આ..હા...! આખીર કી ગાથા હૈ ન ? ૨૭૪ ગાથા. આહા..હા...!

'સમસ્ત...' અબ દર્શન, જ્ઞાન લેતે હૈં. યહ સમકિત (કી બાત) નહીં. દર્શનઉપયોગ ઔર જ્ઞાનઉપયોગ (લેતે હૈં). 'સમસ્ત ભૂત-વર્તમાન-ભાવિ વ્યતિરેકો...' યાની પર્યાય. (ઉસકે) 'સાથ મિલિત (મિશ્રિત), અનન્ત વસ્તુઓંકા અન્વયાત્મક જો વિશ્વ...' દ્રવ્ય કી અનાદિઅનંત જિતની પર્યાય હૈં, ઉસસે મિલિત જો દ્રવ્ય હૈ. આ..હા...! 'જો વિશ્વ ઉસકે (૧) સામાન્ય...' સામાન્ય ઉપયોગ વહ શુદ્ધઉપયોગ હૈ. દર્શન (યાની) સમકિત કી બાત નહીં, દર્શન ઉપયોગ (કી બાત હૈ). દર્શન શુદ્ધઉપયોગ હૈ. આહા..હા...! હૈ ?

'ઔર (૨) વિશેષકે પ્રત્યક્ષ પ્રતિભાસ...' 'વિશેષકે પ્રત્યક્ષ પ્રતિભાસસ્વરૂપ...' વહ જ્ઞાન (લિયા). પહલે જો (કહા), ભૂત-વર્તમાન-ભાવિ વ્યતિરેક યાની પર્યાય, ઉસકે સાથ મિલિત ઐસા જો દ્રવ્ય, અનંત વસ્તુઓં કા અન્વયાત્મક સંબંધવાલા વિશ્વ. ઉસે જાનનેવાલા દર્શન, વહ ભી શુદ્ધઉપયોગ હૈ. 'ઔર (૨) વિશેષકે પ્રત્યક્ષ પ્રતિભાસસ્વરૂપ... જ્ઞાન વે 'શુદ્ધ' કે હી હોતે હૈં;...' શુદ્ધઉપયોગી કો હી શુદ્ધ જ્ઞાન હોતા હૈ. આ..હા..હા...! સમજ મેં આયા ? સામને (પાઠ) હૈ કિ નહીં ? **'सुद्धस्स य सामण्णं भणियं'** ઐસા શબ્દ હૈ ન ? (ઉસકા અર્થ) ભગવાન ને કહા હૈ. **'भणियं'** **'सुद्धस्स य सामण्णं भणियं'** **'सुद्धस्स दंसणं णाणं भणियं'** આ..હા...! દર્શન ઉપયોગ જો શુદ્ધ હૈ, સામાન્ય યાની લોકાલોક કો સામાન્યરૂપ સે દેખે વહ દર્શન ઉપયોગ શુદ્ધ કો હૈ. શુદ્ધઉપયોગ મેં દર્શન હૈ. ઔર ભેદ કરકે જાનના, વિશેષ કરકે, પ્રત્યેક દ્રવ્ય કે ગુણ-પર્યાય આદિ ભિન્ન કરકે, એક સમય મેં તીનકાલ તીનલોક કો જાનના, વહ ભી શુદ્ધઉપયોગ હૈ. શુદ્ધઉપયોગ દર્શન, **'सुद्धस्स'** દર્શન **'सुद्धस्स'** શુદ્ધઉપયોગી દર્શન ઔર શુદ્ધઉપયોગી જ્ઞાન. પહલે શુદ્ધઉપયોગી સાધુ લેતે થે. ફિર શુદ્ધઉપયોગ વહ દર્શન ઔર શુદ્ધઉપયોગ વહ જ્ઞાન (લિયા). આહા..હા...! હૈ કિ નહીં સામને ? દેખો ન ! પાઠ મેં હૈ, દેખો ન ! **'सुद्धस्स'** શુદ્ધ કા અર્થ હી યહાં શુદ્ધઉપયોગ હૈ. આહા..હા...! ટીકાકાર ને સ્વયં ને (અર્થ) કિયા ન ? ઉસ 'શુદ્ધ' કા અર્થ શુદ્ધઉપયોગ હી કિયા હૈ. આ..હા...! 'જ્ઞાન વે 'શુદ્ધ'કે હી હોતે હૈં;...'

અબ, (કહતે હૈં), 'નિર્વિઘ્ન-ખિલે હુએ સહજ જ્ઞાનાનન્દકી મુદ્રાવાલા...' આ..હા..હા...! ક્યા કહતે હૈં ? નિર્વાણ. નિર્વાણ કિસકો હોતા હૈ, (વહ કહતે હૈં). શદ્ધઉપયોગી કો સાધુપના, શુદ્ધઉપયોગી કો દર્શન, શુદ્ધઉપયોગી કો જ્ઞાન, શુદ્ધઉપયોગી કો નિર્વાણ હોતા હૈ. આહા..હા...! હૈ પાઠ ? અબ, ઉસકી વ્યાખ્યા કરતે હૈં. 'નિર્વિઘ્ન ખિલે હુએ સહજ જ્ઞાનાનન્દકી મુદ્રાવાલા...' સિદ્ધપદ – નિર્વાણપદ કૈસા હૈ ? 'નિર્વિઘ્ન ખિલે હુએ સહજ જ્ઞાનાનન્દકી મુદ્રાવાલા...' જ્ઞાન કે સાથ અનંત અતીન્દ્રિય આનંદ, ઉસકી જિસમેં – જ્ઞાન મેં છાપ હૈ, ઐસી મુદ્રાવાલા. '(સ્વાભાવિક જ્ઞાન ઔર આનન્દકી છાપવાલા)...' આહા..હા...! નીચે (કે ગુણસ્થાન મેં) ભી જ્ઞાન હોતા તો અકેલા જ્ઞાન નહીં (હૈ). જ્ઞાન કે સાથ અતીન્દ્રિય આનંદ કા ભી સ્વાદ આતા હૈ તો ઉસે જ્ઞાન કહને મેં આતા હૈ, નહીં તો જ્ઞાન નહીં (કહતે). મતિ ઔર શ્રુતજ્ઞાન ઉત્પન્ન હુઆ, ઉસકે સાથ અતીન્દ્રિય આનંદ કા સ્વાદ આના, તબ (ઉસે) જ્ઞાન કહને મેં આતા હૈ. યહાં પૂર્ણ મેં કહતે હૈં. પૂર્ણ નિર્વિઘ્ન ખીલી હુઈ શક્તિ. આ..હા...!

'(સ્વાભાવિક જ્ઞાન આનન્દકી છાપવાલા) દિવ્ય જિસકા સ્વભાવ હૈ...' આહા..હા...! હૈ ? 'દિવ્ય જિસકા સ્વભાવ...' અલૌકિક ! સિદ્ધપદ નિર્વાણ કી પર્યાય અલૌકિક હૈ ! નિર્વાણ.. નિર્વાણ પહલે લિયા હૈ. 'ઐસા જો નિર્વાણ, વહ 'શુદ્ધ'કે હી હોતા હૈ;...' મોક્ષ, શુદ્ધઉપયોગી કો હી હોતા હૈ. આહા..હા...! સમજ મેં આતા હૈ ? માર્ગ તો પ્રભુ કા હૈ. શુભઉપયોગ તો બંધન કા કારણ હૈ, મલિન (હૈ). શુદ્ધઉપયોગ સમ્યગ્દર્શન મેં ઉત્પન્ન હોતા હૈ. ફિર તીનોં કી એકતા ભી શુદ્ધઉપયોગ હૈ, સાધુપના ભી શુદ્ધઉપયોગ મેં હૈ. ફિર તીનકાલ, તીનલોક કા દેખના, ઐસા દર્શન ભી શુદ્ધઉપયોગી હૈ, ઔર તીનકાલ તીનલોક કે સબ ભેદ કરકે, પર્યાય, ગુણ આદિ ભેદ કરકે જાનના, વહ જ્ઞાન ભી શુદ્ધઉપયોગી કો હૈ. અબ, નિર્વાણ કિસકો કહતે હૈં ? આહા..હા...! ઐસી બાતેં હૈં. વીતરાગમાર્ગ (ઐસા હૈ).

'દિવ્ય જિસકા સ્વભાવ હૈ ઐસા જો નિર્વાણ, વહ 'શુદ્ધ'કે હી હોતા હૈ;...' શબ્દ 'શુદ્ધ' હૈ. શુદ્ધ નામ શુદ્ધઉપયોગ. શુદ્ધઉપયોગી કો હી મોક્ષ હોતા હૈ. શુભ સે મોક્ષ હોતા નહીં. આહા..હા...! શુભ ઔર અશુભ તો બંધ કા કારણ હૈ. શુભ ઔર અશુભ દશા, ઉસકી દિશા પર કી ઓર હૈ ઔર શુદ્ધઉપયોગી કી દશા, ઉસકી દિશા સ્વ કી ઓર હૈ. બાત સમજ મેં આતી હૈ ? શુભ ઔર અશુભ રાગ કી દશા, ઉસકી દિશા પર કી ઓર હૈ, પરદ્રવ્ય કી ઓર હૈ. ઔર શુદ્ધઉપયોગ કી દશા, ઉસકી દિશા (સ્વ) દ્રવ્ય પર હૈ. આહા..હા...! ઐસા માર્ગ લોગોં કો કઠિન પડે. વ્રત મેં લગા દિયા, વ્રત કરો, તપ કરો, ઉપવાસ કરો.

આહા..હા...!

'નિર્જરા અધિકાર' મેં લિયા હૈ કિ, મિથ્યાત્વ સહિત કે વ્રત ઔર તપ મિથ્યા અજ્ઞાન હૈ, બંધ કા કારણ હૈ. ૨૦૦ ગાથા મેં સ્પષ્ટ કિયા હૈ ન ? વહાં ઐસા લિયા હૈ કિ, રાગ કા કણ ભી અપના વહ મિથ્યાદષ્ટિ હૈ ઔર ઉસ મિથ્યાદષ્ટિ કા શુભઉપયોગ બંધ કા કારણ મિથ્યાત્વ સહિત હૈ. આહા..હા...! વહાં તો ઐસા કહા કિ, શુભઉપયોગ કરનેવાલા (શુભ) કો અપના માનતા હૈ ઇસલિયે પાપી હૈ. ઐસા શબ્દ હૈ. લેકિન પાપી ક્યોં કહા ? શુભભાવ કરે, વ્રત કરે, તપ કરે ઉસે પાપી ક્યોં કહા ? વહ વ્રત કા પરિણામ મેરા હૈ ઔર મુજે (ઉસસે) લાભ હોગા, ઐસા મિથ્યાત્વ (હૈ), ઉસ પાપ કે કારણ પાપી કહને મેં આતા હૈ. ૨૦૦ ગાથા મેં હૈ. પાઠ મેં હૈ. 'નિર્જરા અધિકાર' મેં હૈ. હૈ ન ? (૧૩૭) કલશ મેં હૈ.

**सम्यग्दृष्टिः स्वयमयमहं जातु बंधो न मे स्या-**
**दित्युत्तानोत्पुलकबदना रागिणोऽप्याचरन्तु।**
**आलंबंतां समतिपरतां ते यतोऽद्यापि पापाः।**

હૈ ? 'યહાં કોઈ પૂછતા હૈ કિ – વ્રત, સમિતિ શુભ કાર્ય હૈં, તબ ફિર ઉનકા પાલન કરતે હુએ ભી ઉસ જીવકો પાપી ક્યોં કહા ગયા હૈ ? ઉસકા સમાધાન યહ હૈ — સિદ્ધાન્તમેં મિથ્યાત્વકો હી પાપ કહા હૈ;...' મૂલ પાપ તો મિથ્યાત્વ કા પાપ હૈ. રાગ સે મુજે લાભ હોગા, રાગ કી ક્રિયા કરને સે મુજે લાભ હોગા વહ મહામિથ્યાત્વ – મહાપાપ હૈ. સ્પષ્ટીકરણ હૈ. ૨૦૦ ગાથા કે કલશ મેં (હૈ). આહા..હા...! 'સિદ્ધાન્તમેં મિથ્યાત્વકો હી પાપ કહા હૈ; જબતક મિથ્યાત્વ રહતા હૈ તબતક શુભાશુભ સર્વ ક્રિયાઓંકો અધ્યાત્મમેં પરમાર્થતઃ પાપ હી કહા જાતા હૈ.' આહા..હા...! વ્યવહારનય કી અપેક્ષા સે શુભ કહે, લેકિન મિથ્યાત્વ કી અપેક્ષા સે (પાપ હૈ).

(યહાં કહતે હૈં), શુદ્ધ કો નિર્વાણ હૈ. મોક્ષમાર્ગ ઉસ શુદ્ધ કો (હૈ) ઔર મોક્ષ ઉસ શુદ્ધ કો (હૈ). દો આયા ન ? મોક્ષ કા માર્ગ – સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર કી એકતા કી પ્રવૃત્તિ. વહ ભી શુદ્ધઉપયોગી કો હૈ ઔર નિર્વાણ ભી શુદ્ધઉપયોગી કો હૈ. આહા..હા...! યહ 'કુંદકુંદાચાર્ય' કે વચન હૈં. 'ઔર ટંકોત્કીર્ણ પરમાનન્દ-અવસ્થારૂપસે સુસ્થિત આત્મસ્વભાવકી ઉપલબ્ધિસે ગંભીર ઐસે જો ભગવાન સિદ્ધ, વે 'શુદ્ધ' હી હોતે હૈં...' અબ સિદ્ધ કી બાત કહી. પહલે સાધુ કી બાત કહી, વહ શુદ્ધઉપયોગી, ફિર દર્શન કી બાત કહી, વહ શુદ્ધઉપયોગી,

જ્ઞાન કી બાત કહી, વહ શુદ્ધઉપયોગી, નિર્વાણ કી બાત કહી, વહ શુદ્ધઉપયોગી, અબ સિદ્ધ (કી બાત કહી). સિદ્ધ લિયે.

મુમુક્ષુ :- નિર્વાણ લિયા.

પૂજ્ય ગુરુદેવશ્રી :- નિર્વાણ હુએ, વહ કષાય, દુઃખ કા અભાવ હો ગયા. કષાય કા અભાવ કરકે નિર્વાણ હુએ. અબ સિદ્ધ કી બાત કરતે હૈં.

મુમુક્ષુ :- કેવળજ્ઞાન, કેવળદર્શન.

પૂજ્ય ગુરુદેવશ્રી :- કેવળજ્ઞાન, કેવળદર્શન ભી અભાવ કી અપેક્ષા સે હૈ. નિર્વાણ - શાંતિ ઉત્પન્ન હુઈ, અશાંતિ કા નાશ હુઆ. યહાં તો એકદમ શાંતિ ઉત્પન્ન હુઈ, ઐસી પૂર્ણ સિદ્ધ દશા શુદ્ધઉપયોગી કો હોતી હૈ (ઐસા કહતે હૈં). આ..હા...!

પાઠ મેં દો બોલ લિયે હૈં ન ? 'ટંકોત્કીર્ણ પરમાનન્દ અવસ્થારૂપસે સુસ્થિત...' આ..હા...! શાશ્વત, ટંકોત્કીર્ણ (માને) શાશ્વત. 'પરમાનન્દ અવસ્થારૂપસે સુસ્થિત આત્મસ્વભાવકી ઉપલબ્ધિ...' આહા..હા...! આત્મસ્વભાવ કી પ્રાપ્તિ. 'ગંભીર ઐસે જો ભગવાન સિદ્ધ, વે 'શુદ્ધ'હી હોતે હૈં (અર્થાત્ શુદ્ધોપયોગી હી સિદ્ધ હોતે હૈં)...' આહા..હા...! યહાં તો ઐસા કહના હૈ કિ, પહલે તો શુદ્ધઉપયોગ હોતા હૈ ઔર યહાં સમ્યગ્દર્શન કી પરિણતિ હૈ ફિર ભી વિકલ્પ મેં અશુદ્ધઉપયોગ હોતા હૈ. યહાં તો પરિણતિ નહીં, યહાં તો શુદ્ધઉપયોગી હૈ, બસ ! શુદ્ધઉપયોગી હૈ. પરિણતિ કે દો ભાગ નિકાલ દિયે. સમજ મેં આતા હૈ ? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર હોતા હૈ, ઉપયોગ જબ હોતા હૈ તબ તો શુદ્ધ (હૈ), લેકિન ઉપયોગ નહીં હોતા તબ વિકલ્પ આતા હૈ તબ પરિણતિ શુદ્ધ હૈ, શુદ્ધ પરિણતિ મેં રાગ આયા. યહાં તો કહતે હૈં કિ, કેવલજ્ઞાન હુઆ તો શુદ્ધઉપયોગી હો ગયા. અબ પરિણતિ (મેં અશુદ્ધતા કા ભાવ નહીં હૈ). સમજ મેં આયા ? સિદ્ધ મેં તો શુદ્ધઉપયોગ હી હો ગયા. નિર્વાણ શુદ્ધઉપયોગી કો હૈ.

નિર્વાણ કા અર્થ તો ભાવમોક્ષ તેરહવેં ગુણસ્થાન મેં હોતા હૈ. ભાવમોક્ષ તેરહવેં ગુણસ્થાન મેં હોતા હૈ ઔર સિદ્ધ ચૌદહવેં ગુણસ્થાન કે અભાવ મેં હોતે હૈં. સમજ મેં આયા ? સિદ્ધ જો હૈં, વે ચૌદહવે કે બાદ હોતે હૈં. ચૌદહવેં (ગુણસ્થાન) તક અસિદ્ધ હૈં. ઉપયોગ ભલે વહાં જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ શુદ્ધ હૈં, લેકિન અભી અસિદ્ધ હૈં. આહા..હા...! સમજ મેં આયા ?

મુમુક્ષુ :- નિર્વાણ શુદ્ધ કા ફલ હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી :- યહાં નિર્વાણ યહ લેના હૈ.

મુમુક્ષુ :- નિર્વાણ અનંત કાલ તક રહા.

પૂજ્ય ગુરુદેવશ્રી :- વહ તો મોક્ષ હો ગયા, સિદ્ધ હુઆ. સિદ્ધ હુઆ યાની અનંત કાલ રહા. નિર્વાણ – ભાવમોક્ષ હુઆ, લેકિન અભી સિદ્ધ નહીં હુએ. આહા..હા...!

મુમુક્ષુ :- કેવળજ્ઞાન ઔર કેવળદર્શન હો ગયા તો ભાવમોક્ષ હુઆ.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ફિર ભી તબ તક અસિદ્ધ હૈં. વહાં અસિદ્ધ હૈં. ભલે મોક્ષ હૈ, ભાવમોક્ષ હૈ લેકિન અસિદ્ધ હૈ. ચૌદહવેં ગુણસ્થાન તક ઉદયભાવ મેં અસિદ્ધભાવ લિયા હૈ. ૨૧ બોલ હૈં ન ? ચૌદહવેં ગુણસ્થાન તક અસિદ્ધ ભાવ લિયા હૈ. ચૌદહવે ગુણસ્થાન રહિત સિદ્ધભાવ કહા હૈ. આહા..હા...! બહુત સુક્ષ્મ બાતેં હૈં, ભાઈ ! બનિયે કો ફુરસદ નહીં મિલતી. સત્ય ક્યા હૈ ? અસત્ય ક્યા હૈ ? ઉસકી તુલના કરકે નિર્ણય કરના.

ભગવાન 'વે **'શુદ્ધ'** હી હોતે હૈં **(અર્થાત્ શુદ્ધોપયોગી હી સિદ્ધ હોતે હૈં)**,...' આહા..હા...! સાધુ શુદ્ધઉપયોગી હોતા હૈ, દર્શન શુદ્ધઉપયોગી, જ્ઞાન શુદ્ધઉપયોગી, નિર્વાણ શુદ્ધઉપયોગી ઔર સિદ્ધ શુદ્ધઉપયોગી, ઇતને બોલ લિયે. 'વચનવિસ્તારસે બસ હોં !' આહા..હા...! ક્યા કહે ? વચન કા વિસ્તાર ક્યા કરેં ? આ..હા...! 'અમૃતચંદ્રાચાર્ય' ટીકા કરતે હૈં. હૈ ન ? ઇસમેં ('જયસેનાચાર્યદેવ' કી ટીકા મેં) ભી હૈ ન ? **'सुद्धस्स य तो च्चिय सिद्धो णमो तस्स' 'णमो तस्स'** લિયા હૈ. આ..હા...!

'વચનવિસ્તારસે બસ હોં ! સર્વ મનોરથોંકે સ્થાનભૂત...' સર્વ મનોરથ કે સ્થાનભૂત 'મોક્ષતત્ત્વકે સાધનતત્ત્વરૂપ...' મોક્ષતત્ત્વકે સાધનતત્ત્વ સ્વરૂપ. આહા..હા...! **'શુદ્ધ'**કો, જિસમેં પરસ્પર અંગઅંગીરૂપસે પરિણમિત...' ભાવ નમસ્કાર કરતે હૈં, ભાવ નમસ્કાર કરતે હૈં. પાઠ મેં **'णमो तस्स'** લિયા ન ? અબ **'णमो तस्स'** કી વ્યાખ્યા કરતે હૈં. 'સર્વ મનોરથોંકે સ્થાનભૂત, મોક્ષતત્ત્વકે સાધનતત્ત્વરૂપ, **'શુદ્ધ'**કો, જિસમેં પરસ્પર અંગઅંગીરૂપસે પરિણમિત ભાવક-ભાવ્યતાકે કારણ...' ભાવક **(અર્થાત્)** '(ભાવનમસ્કાર કરનેવાલા) વહ અંગ **(અંશ)** હૈ ઔર ભાવ્ય **(ભાવનમસ્કાર કરને યોગ્ય પદાર્થ)** વહ અંગી **(અંશી)** હૈ, ઇસલિયે ઇસ ભાવનમસ્કારમેં ભાવક તથા ભાવ્ય સ્વયં હી હૈ.' દો નહીં રહા. ભાવક ઔર ભાવ્ય દો નહીં રહે. 'ઐસા નહીં હૈ કિ ભાવક સ્વયં હો ઔર ભાવ્ય પર હો.' ક્યા કહા ? ભાવક સ્વયં હો ઔર ભાવ્ય પર હો, ઐસા નહીં. અપના ભાવક હી અપના ભાવ્ય ઔર અપના ભાવક ઔર અપના ભાવ્ય. આહા..હા...! ઉસકો યહાં ભાવનમસ્કાર કહતે હૈં. નિર્વિકલ્પ

(નમસ્કાર) ! આહા..હા...!

‘શુદ્ધ’કો, જિસમેં પરસ્પર અંગઅંગીરૂપસે પરિણમિત ભાવક-ભાવ્યતાકે કારણ સ્વ-પરકા વિભાગ અસ્ત હુઆ હૈ...’ નમસ્કાર કરને લાયક ઔર નમસ્કાર કરનેવાલા, ઐસે દો ભાગ અસ્ત હો ગયે હૈં. આહા..હા...! નમસ્કાર કરને લાયક ભી મૈં ઔર નમસ્કાર કરનેવાલા ભી મૈં. દોનોં એક હી મૈં હૂં. આહા..હા...! અપને પૂર્ણ સ્વરૂપ કી ઓર ઝુક ગયે હૈં. નમઃ સમયસારાય. શુરૂઆત કી હૈ ન ? નમઃ સમયસારાય. સમયસાર કો નમઃ – ઝુક ગયે હૈં, પરિણમિત હો ગયે હૈં. નમઃ સમયસારાય. શુદ્ધત્મા કી ઓર નમઃ. મેરા પરિણમન ઉસ ઓર ઝુક ગયા હૈ. વહ મેરા નમસ્કાર હૈ. યહાં આખીર મેં યહ લિયા.

ભાવ્ય ઔર ભાવક. નમસ્કાર કરને લાયક અને નમસ્કાર કરનેવાલા. દો (ભેદ) જિસમેં અસ્ત હો ગયે હૈં. આહા..હા...! મૈં હી નમસ્કાર કરને લાયક, મૈં હી નમસ્કાર કરનેવાલા. અંગ-અંગી એક હો ગયે. આહા..હા...! ઐસી બાતેં ! ‘સ્વ-પર કા વિભાગ અસ્ત હુઆ હૈ...’ ભાવક ઔર ભાવ્ય, ઐસે દો ભેદ અસ્ત હો ગયે હૈં. ‘ઐસા ભાવનમસ્કાર હો.’ ઐસા ભાવ નમસ્કાર હો. વીતરાગી પરિણતિ અંદર મેં એકાકાર હુઈ, વહી ભાવનમસ્કાર હૈ. આહા..હા...! નિર્વિકલ્પ શાંતિ, સમાધિ, આનંદ જો અપને મેં એકાકાર હો ગયા, વહી નમસ્કાર હૈ. ભગવાન કો નમસ્કાર ઔર મૈં નમસ્કાર કરનેવાલા, ઐસા ભેદ નહીં. સિદ્ધ નમસ્કાર કરને લાયક ઔર મૈં નમસ્કાર કરનેવાલા, ઐસા ભેદ નહીં. મૈં હી નમસ્કાર કરને લાયક પૂર્ણાનંદ સ્વરૂપ પ્રભુ ઔર મૈં હી નમસ્કાર કરનેવાલા, દોનોં એક હી હૈ. આહા..હા...! ઐસા સૂક્ષ્મ !

યહ તો ‘કુંદકુંદાચાર્ય’ કી ગાથા હૈ. દો હજાર વર્ષ પહલે (હુએ) ઔર ટીકા એક હજાર સાલ બાદ હુઈ. ઐસી ગંભીર થી કિ, ટીકા તો થી, ઉસકા ભાવ તો કંઠસ્થ થા લેકિન ટીકા કરને મેં તો ‘અમૃતચંદ્રાચાર્ય’ હુએ. ઐસી કિમતી ચીજ થી, ઐસા માહાત્મ્ય બતાતે હૈં. ઐસા નહીં હૈ કિ, હજાર વર્ષ પહલે હુએ તો કિમતી નહીં થી, ઇસલિયે ટીકા નહીં કી. ‘નિયમસાર’ મેં તો ઐસા કહા, ‘પદ્મપ્રભમલ્લધારીદેવ’ ને ‘નિયમસાર’ કી ટીકા કી, ઐસા કહા કિ, મૈં ટીકા કરનેવાલા કૌન ? ગણધરદેવ સે ટીકા ચલી આ રહી હૈ, ઐસા કહા હૈ. ‘નિયમસાર’ મેં હૈ.

મુમુક્ષુ :– ‘સમયસાર’ કે બાદ ‘નિયમસાર’ લિખા ગયા...

પૂજ્ય ગુરુદેવશ્રી :– વહ ભાવ તો તબ સે ચલા આ રહા હૈ ન ? ભાવ તો તબ

સે ચલા આ રહા હૈ. વિસ્તાર કા ભાવ તો તબસે ચલા આ રહા હૈ. મૈં ટીકા કરનેવાલા કૌન ? ઐસે લિખા હૈ. હૈ ? મૈં ટીકા કરનેવાલા કૌન ? આહા..હા...! હૈ કિ નહીં ? 'નિયમસાર' હૈ કિ નહીં ? દેખો !

'ગુણકે ધારણ કરનેવાલે ગણધરોંસે રચિત ઔર શ્રુતધરોંકી પરમ્પરાસે અચ્છી તરહ વ્યક્ત કિયે ગયે ઇસ પરમાગમકે અર્થસમૂહકા કથન કરનેમેં હમ મન્દબુદ્ધિ તો કૌન ?' 'પદ્મપ્રભમલ્લધારીદેવ' ભાવલિંગી સંત (વહ કહતે હૈં). આહા..હા...! 'ગુણકે ધારણ કરનેવાલે ગણધરોંસે...' પાંચવા શ્લોક હૈ. **'गुणधरगणधररचितं श्रुतधरसन्तानतस्तु सुव्यक्तम्।'** તબ સે વ્યક્ત કી ગઈ હૈ. રચના કી 'કુંદકુંદાચાર્ય' ને. વહ આયા ન ? 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો' 'કુંદકુંદાચાર્ય' ને રચના કી લેકિન ઉસકે ભાવ તો ગણધર સે હી ચલે આ રહે હૈં. આ..હા..હા...! મુનિ મહાવ્રતધારી, 'પદ્મપ્રભમલ્લધારીદેવ' (કહતે હૈં). 'ગુણકે ધારણ કરનેવાલે ગણધરોંસે રચિત ઔર શ્રુતધરોંકી પરમ્પરાસે અચ્છી તરહ વ્યક્ત કિયે ગયે...' રચના હુઈ યહાં, લેકિન પરંપરા સે આયા હુઆ. જિતને શ્રુતધરો હુએ ઉન સબ મેં યહ ભાવ થા. આહા..હા...!

ઇસ ટીકા કા ભાવ ગણધર ઔર શ્રુતધરો, દો લિયે ન ? 'શ્રુતધરોંકી પરમ્પરાસે અચ્છી તરહ વ્યક્ત કિયે ગયે...' અચ્છી તરહ વ્યક્ત – પ્રગટ સ્પષ્ટરૂપે સે ટીકા કી હૈ. ભાવ સ્પષ્ટ કિયે ગયે થે. 'ઇસ પરમાગમકે અર્થસમૂહકા કથન કરનેમેં હમ મન્દબુદ્ધિ તો કૌન ?' લેકિન હમારે મન મેં અભી વિકલ્પ ઉત્પન્ન કરતા હૈ કિ, ઇસકી ટીકા હો, ટીકા હો, ટીકા હો. ઇસકે બાદવાલા શ્લોક વહ હૈ. માલૂમ હૈ ? 'ઇસસમય હમારા મન પરમાગમકે સારકી પુષ્ટ રુચિસે પુનઃ પુનઃ અત્યન્ત પ્રેરિત હો રહા હૈ.' બારબાર વિકલ્પ આ રહા હૈ કિ, ઇસકા ભાવ અર્થ હો, ભાવ અર્થ હો. આહા..હા...! 'ઉસ રુચિસે પ્રેરિત હોનેકે કારણ 'તાત્પર્યવૃત્તિ' નામકી યહ ટીકા રચી જા રહી હૈ.' આ..હા...! હમ મંદબુદ્ધ તો કૌન ? આ..હા...! 'પદ્મપ્રભમલ્લધારીદેવ' જિન્હોંને આચાર્ય જૈસા કામ કિયા. હૈં મુનિ, મુનિ હૈં. (એક જન તો યહ કહતા હૈ કિ), આચાર્ય કે વચન લો, મુનિ કે નહીં. અરે...! ભગવાન ! સમકિતી તિર્યંચ કા સમકિત ઔર સિદ્ધ કા સમકિત, દોનોં સમાન હૈ.

મુમુક્ષુ :– આચાર્ય કા આયેગા તો કહેંગે કિ, ભગવાન કે વચન માનેંગે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– લેકિન ભગવાન કહતે હૈં, વહી આચાર્ય કહતે હૈં, વહી ગણધર કહતે હૈં, વહી મુનિ કહતે હૈં. ક્યા હો ? ભાઈ ! કિસીકો સમજાને કી તાકત નહીં હૈ.

ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' તો ઐસા કહતે હૈં ન કિ, યહ ટીકા જો બન ગઈ વહ શબ્દ સે બની હૈ, મૈંને નહીં બનાઈ. પરમાણુ કી પર્યાય ઉસ કાલ મેં, ઉસ ક્ષણ મેં હોનેવાલી થી વહ હુઈ હૈ, મૈં તો સ્વરૂપગુપ્ત હૂં. મૈં તો જ્ઞાન મેં ગુપ્ત હૂં. મૈં રાગ મેં આયા નહીં, (તો) ટીકા મેં તો આયા હી નહીં. આહા..હા...! 'અમૃતચંદ્રાચાર્ય' (કહતે હૈં). સમજ મેં આયા ? હે જીવો ! મૈંને ટીકા બનાઈ, ઐસા ન માનો. યહ શબ્દ આપકો જ્ઞાન કરાતે હૈં, ઐસા મત માનો. શબ્દ કાન મેં શ્રવણ હુએ ઇસલિયે જ્ઞાન હુઆ, ઐસા મત માનો. તેરી જ્ઞાન કી પર્યાય ઉસ કાલ મેં હોનેવાલી થી, ઇસલિયે યહ નિમિત્ત કહા ગયા. ઔર શબ્દ-જ્ઞેય તુજે જ્ઞાન કરાતે હૈં, ઐસા મત માનો. મોહ સે મત નાચો. આહા..હા...! હૈ ન ? 'અમૃતચંદ્રાચાર્ય' જૈસે ભી ઐસા કહતે હૈં ! આ..હા..હા...! બાપૂ ! વીતરાગ કા માર્ગ ગહન માર્ગ, ગંભીર માર્ગ (હૈ). ઉસકી ટીકા કરનેવાલે હમ કૌન ? આહા..હા...!

યહાં તો કહા કિ, યહ ટીકા શબ્દોં સે હુઈ હૈ. ભાષાવર્ગણા કી પર્યાય મેં ભાષારૂપ સે પરિણમિત હોને કા કાલ થા તો હુઈ હૈ, મુજ સે નહીં હુઈ. આ..હા...હા...! ફિર 'કલશટીકા' મેં લિખા હૈ, વહ તો ઉનકી નિર્માનતા કા વાક્ય હૈ. લેકિન વસ્તુ કા સ્વરૂપ હી વહ હૈ. ભાષા કૌન કરે ? બાપૂ ! વાણી કૌન કરે ? વાણી કે કાલ મેં વાણી નીકલે, ભાષા કે કારણ ભાષા હોતી હૈ, બાપૂ ! આત્મા ભાષા કરે ઔર લિખે (ઐસા હૈ નહીં). આહા..હા...! પર કે કર્તૃત્વ કી માન્યતા તો ભ્રમણા, ભ્રમણા હૈ. આહા..હા...! વિશેષ કહેંગે...

શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !

**अथ शिष्यजनं शास्त्रफलेन योजयन् शास्त्रं समापयति-**

**बुज्झदि सासणमेदं सागारणगारचरियया जुत्तो।**
**जो सो पवयणसारं लहुणा कालेण पप्पोदि।।२७५।।**

बुध्यते शासनमेतत् साकारानाकारचर्यया युक्तः।
यः स प्रवचनसारं लघुना कालेन प्राप्नोति।।२७५।।

**यो हि नाम सुविशुद्धज्ञानदर्शनमात्रस्वरूपव्यवस्थितवृत्तिसमाहितत्वात् साकारानाकारचर्यया युक्तः सन् शिष्यवर्गः स्वयं समस्तशास्त्रार्थविस्तरसंक्षेपात्मकश्रुतज्ञानोपयोगपूर्वकानुभावेन केवलमात्मानमनुभवन् शासनमेतद्बुध्यते स खलु निरवधित्रिसमयप्रवाहावस्थायित्वेन सकलार्थसार्थात्मकस्य प्रवचनस्य सारभूतं भूतार्थस्वसंवेद्यदिव्यज्ञानानन्दस्वभावमननुभूतपूर्वं भगवन्तमात्मानमवाप्नोति।।२७५।।**

**इति तत्त्वदीपिकायां श्रीमदमृतचन्द्रसूरिविरचितायां प्रवचनसारवृत्तौ चरणानुयोगसूचिका चूलिका नाम तृतीयः श्रुतस्कन्धः समाप्तः।।३।।**

---

अथ शिष्यजनं शास्त्रफलं दर्शयन् शास्त्रं समापयति-**पप्पोदि** प्राप्नोति। **सो** स शिष्यजनः कर्ता। कम्। **पवयणसारं** प्रवचनसारशब्दवाच्यं निजपरमात्मानम्। केन। **लहुणा कालेण स्तोक्कालेन।** यः किं करोति। **जो बुज्झदि** यः शिष्यजनो बुध्यते जानाति। किम्। **सासणमेदं** शास्त्रमिदं। किं नाम। **पवयणसारं** प्रवचनसारं,-सम्यग्ज्ञानस्य तस्यैव ज्ञेयभूतपरमात्मादिपदार्थानां तत्साध्यस्य निर्विकारस्व-संवेदनज्ञानस्य च, तथैव तत्त्वार्थश्रद्धानलक्षणसम्यग्दर्शनस्य तद्विषयभूतानेकान्तात्मक-परमात्मादिद्रव्याणां तेन व्यवहारसम्यक्त्वेन साध्यस्य निजशुद्धात्मरुचि रूपनिश्चयसम्यक्त्वस्य च, तथैव च व्रतसमितिगुप्त्याद्यनुष्ठानरूपस्य सरागचारित्रस्य तेनैव साध्यस्य स्वशुद्धात्मनिश्चलानुभूतिरूपस्य वीतरागचारित्रस्य च प्रतिपादकत्वात्प्रवचनसाराभिधेयम्। कथंभूतः स शिष्यजनः। **सागारणगारचरियया जुत्तो** सागारानागारचर्यया युक्तः। आभ्यन्तररत्नत्रयानुष्ठानमुपादेयं कृत्वा बहिरङ्गरत्नत्रयानुष्ठानं सागरचर्या श्रावकाचर्या। बहिरङ्गरत्नत्रयाधारेणाभ्यन्तररत्नत्रयानुष्ठानमनागारचर्या प्रमत्तसंयतादितपोधनचर्येत्यर्थः।।२७५।
।

इति गाथापञ्चकेन पञ्चरत्नसंज्ञं पञ्चमस्थलं व्याख्यातम् । एवं `णिच्छिदसुत्तत्थपदो' इत्यादि द्वात्रिंशद्गाथाभिः स्थलपञ्चकेन शुभोपयोगाभिधानश्चतुर्थान्तराधिकारः समाप्तः ।।

इति श्री**जयसेनाचार्य**कृतायां तात्पर्यवृत्तौ पूर्वोक्तक्रमेण `एवं पणमिय सिद्धे' इत्याद्येक-विंशतिगाथाभिरुत्सर्गाधिकारः । तदनन्तरं `ण हि णिरवेक्खो चागो' इत्यादि त्रिंशद्गाथाभिरपवादाधिकारः । ततः परं `एयग्गगदो समणो' इत्यादिचतुर्दशगाथाभिः श्रामण्यापरनामा मोक्षमार्गाधिकारः । ततोऽप्यनन्तरं `णिच्छिदसुत्तत्थपदो' इत्यादिद्वात्रिंशद्गाथाभिः शुभोपयोगाधिकारश्चेत्यन्तराधिकारचतुष्टयेन सप्तनवतिगाथाभि**श्चरणानुयोगचूलिका** नामा तृतीयो महाधिकारः समाप्तः ।।३ ।।

---

હવે (ભગવાન કુંદાકુંદાચાર્યદેવ) શિષ્યજનને શાસ્ત્રના ફળ સાથે જોડતા થકા શાસ્ત્ર સમાપ્ત કરે છે :–

સાકાર અણ–આકાર ચર્યાયુક્ત આ ઉપદેશને
જે જાણતો, તે અલ્પ કાળે સાર પ્રવચનનો લહે. ૨૭૫.

અન્વયાર્થ :– **[ यः ]** જે **[ साकारानाकारचर्यया युक्तः ]** સાકાર–અનાકાર ચર્યાથી યુક્ત વર્તતો થકો **[ एतत् शासनं ]** આ ઉપદેશને **[ बुध्यते ]** જાણે છે, **[ सः ]** તે **[ लघुना कालेन ]** અલ્પ કાળે **[ प्रवचनसारं ]** પ્રવચનના સારને (–ભગવાન આત્માને) **[ प्राप्नोति ]** પામે છે.

ટીકા :– સુવિશુદ્ધજ્ઞાનદર્શનમાત્ર સ્વરૂપમાં અવસ્થિત (રહેલી) પરિણતિમાં લાગેલો હોવાને લીધે સાકાર–અનાકાર ચર્યાથી યુક્ત વર્તતો થકો, જે શિષ્યવર્ગ પોતે સમસ્ત શાસ્ત્રના અર્થોના વિસ્તારસંક્ષેપાત્મક શ્રુતજ્ઞાનોપયોગપૂર્વક પ્રભાવ વડે કેવળ આત્માને અનુભવતો, આ ઉપદેશને જાણે છે, તે (શિષ્યવર્ગ) ખરેખર, ભૂતાર્થ–સ્વસંવેદ્ય દિવ્ય જ્ઞાનાનંદ જેનો સ્વભાવ છે એવા, પૂર્વે નહિ અનુભવેલા, ભગવાન આત્માને પામે છે–કે જે (આત્મા) ત્રણે કાળના નિરવધિ પ્રવાહમાં અવસ્થાયી (–ટકનારો) હોવાથી સકળ પદાર્થોના સમૂહાત્મક પ્રવચનના સારભૂત છે. ૨૭૫.

આમ (શ્રીમદ્ભગવંત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પ્રવચનસાર શાસ્ત્રની શ્રીમદ્અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત તત્ત્વદીપિકા નામની ટીકામાં ચરણાનુયોગસૂચક ચૂલિકા નામનો તૃતીય શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

## કારતક સુદ ૫, શુક્રવાર
## તા. ૨૬-૧૦-૧૯૭૯
## ગાથા–૨૭૫ પ્રવચન નં. ૨૫૮

'પ્રવચનસાર' **અંતિમ** ૨૭૫ ગાથા. 'અબ (ભગવાન કુંદકુંદાચાર્યદેવ) **શિષ્યજનકો શાસ્ત્રકે** ફલકે સાથ જોડતે હુએ...' આહા..હા...! કહતે હૈં કિ, હમ જો 'પ્રવચસાર' કહતે હૈં ઉસે **શિષ્ય** ને સુના ઔર સુનકર ઉસકા ફલ ઉસે સ્વસંવેદન આતા હૈ, વહ બાત હમ કહતે હૈં. આહા..હા...! પંચમકાલ કે **મુનિ** પંચમકાલ કે **અપ્રતિબુદ્ધ** શ્રોતા કો જબ સમજાયા; ('સમયસાર' કી) ૩૮ ગાથા મેં આયા હૈ. **અપ્રતિબુદ્ધ શિષ્ય** કો સમજાયા. પંચમકાલ કા **શિષ્ય** ઔર પંચમકાલ કે ગુરુ. (ગુરુ ને) સમજાયા **તો શિષ્ય અપ્રતિબુદ્ધ** થા, વહ સમજકર ઐસા હુઆ કિ, હમે જો યહ આત્મજ્ઞાન હુઆ હૈ, વહ આગમકૌશલ્ય (૯૨ ગાથા) ઔર સ્વસંવેદન જો હુઆ હૈ, ઉસસે હમેં ફિર સે મિથ્યાત્વ કા ઉદય નહીં હોગા. આહા..હા...! ઐસા **શિષ્ય** યહાં લિયા હૈ. આહા..હા...!

'પ્રવચનસાર' દિવ્યધ્વનિ જિસને સુની ઔર સુનકર જિસને **શાસ્ત્ર** કા ફલ, જો આત્મા સ્વસંવેદન (મેં આના) ચાહિયે, વહ જિસે હુઆ, વહ **શાસ્ત્ર** કા ફલ હૈ. સમજ મેં આયા ? સૂક્ષ્મ બાત હૈ. સંતોં કી બાત, દિગંબર સંતોં કી ગંભીરતા કા પાર નહીં. આ..હા..હા...! કહતે હૈં કિ, '**શિષ્યજનકો શાસ્ત્રકે** ફલકે સાથ...' **શિષ્યજન** કો **શાસ્ત્ર** કા ફલ જો સ્વસંવેદન – પરમાત્મસ્વરૂપ કી પ્રાપ્તિ (હુઈ), ઉસકો જોડતે હૈં. આહા..હા...! નહીં પ્રાપ્ત કર સકે, ઐસી બાત યહાં હૈ હી નહીં. આહા..હા...! મુનિરાજ ઐસા કહતે હૈં.

'કુંદકુંદાચાર્ય' ભગવાન કે પાસ ગયે થે, આઠ દિન રહે થે, વે યહાં કહતે હૈં કિ, હમ **શાસ્ત્ર** કે ફલ કે સાથ **શિષ્ય** કો જોડતે હૈં. **શિષ્ય** સુનતા હૈ તો સુનને સે ઉસે આત્મજ્ઞાન ઔર અનુભવ હોગા. યહ **શાસ્ત્ર** કા ફલ હૈ, વહ ઉસે હોગા હી. આહા..હા...! પાંચવી

ગાથા મેં વહ કહા ન ? **'त्तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।'** ભગવાન 'કુંદકુંદાચાર્ય' કહતે હૈં કિ, મૈં સ્વરૂપ સે એકત્વ ઔર રાગ સે વિભક્ત, યહ બાત કહૂંગા. **'त्तं एयत्तविहत्तं दाएहं'** બતાઉંગા. **'जदि दाएज्ज'** દર્શાઉં તો પ્રમાણ કરના, પ્રભુ ! આહા..હા...! અરે...ન પંચમકાલ કે અપ્રતિબુદ્ધ શિષ્ય કો ઐસા ફલ મિલે, ઐસા 'કુંદકુંદાચાર્ય' કહતે હૈં. આહા..હા...!

કહતે હૈં કિ, તુમકો ઐસા જ્ઞાન, દર્શન હુઆ તો ૩૮વી ગાથા મેં ઐસા કહા કિ, હમને જો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જો આત્મા કે અવલંબન સે હુઆ, અબ ઉસ દર્શન સે કભી ચ્યુત હોગા નહીં. ભગવાન કા વિરહ હૈ, તો વિરહ (થા) તો 'કુંદકુંદાચાર્યદેવ' ને (મહાવિદેહ મેં જાકર) વિરહ કો તોડા, લેકિન દૂસરે આચાર્ય ઔર શિષ્ય તો ભગવાન કે વિરહ મેં હૈં, લેકિન યહ (સ્વ) ભગવાન અંદર બિરાજતા હૈ, ઉસકા વિરહ જિસને તોડ દિયા ઔર જિસે સંતોંને કહા, રામબાણ – અમોઘ બાણ મારા.. આહા..હા...! ઐસે શિષ્ય કો 'શાસ્ત્ર કે ફલ કે સાથ જોડતે હુએ...' ઐસે હૈ ? શાસ્ત્ર કા ફલ વહ હૈ, પ્રભુ ! આત્મા પરમાનંદ સ્વરૂપ કી અનુભવ દશા, સ્થિરતા હુઈ, યહ શાસ્ત્ર કા ફલ હૈ. આ..હા..હા...! સમજ મેં આયા ? સૂક્ષ્મ બાત હૈ, ભાઈ !

યહ કહતે હૈં, દેખો ! ઔર ઐસા કહકર શાસ્ત્ર સમાપ્ત કરતે હૈં. શિષ્ય કો અંતર ફલ પ્રાપ્ત કરાકર, જોડતે શાસ્ત્ર સમાપ્ત કરતે હૈં. આહા..હા...!

**बुज्झदि सासणमेदं सागारणगारचरियया जुत्तो।**
**जो सो पवयणसारं लहुणा कालेण पप्पोदि।।२७५।।**

સાકાર અણ-આકાર ચર્યાયુક્ત આ ઉપદેશને
જે જાણતો, તે અલ્પ કાળે સાર પ્રવચનનો લહે. ૨૭૫.

આ..હા..હા...! ટીકા :- 'સુવિશુદ્ધજ્ઞાનદર્શનમાત્ર સ્વરૂપમેં અવસ્થિત પરિણતિમેં લગા હોનેસે...' આ..હા..હા...! શાસ્ત્ર સુનને સે ઔર શાસ્ત્ર ને જો ભાવ કહા, (ઉસે) અંદર પ્રગટ કરને સે. આહા..હા...! 'સુવિશુદ્ધજ્ઞાનદર્શનમાત્ર સ્વરૂપ...' કૈસા હૈ આત્મસ્વરૂપ ? (મૂલ ગ્રંથ મેં) નીચે અર્થ દિયા હૈ. 'આત્માકા સ્વરૂપ માત્ર સુવિશુદ્ધ જ્ઞાન ઔર દર્શન હૈ. (ઇસમેં, જ્ઞાન સાકાર હૈ ઔર દર્શન અનાકાર હૈ).' ક્યા કહતે હૈં ? આત્મા સાકાર જ્ઞાનસ્વભાવ હૈ, અનાકાર દર્શન સ્વભાવ હૈ. સાકાર, અનાકાર દર્શન સ્વભાવયુક્ત જો હૈ, ઉસમેં લગા હૈ. શિષ્ય સુનકર ઉસમેં લગા. આહા..હા...! સૂક્ષ્મ બાત હૈ, પ્રભુ ! યહ તો અંતિમ શ્લોક

હૈ ન ! આ..હા...!

'સુવિશુદ્ધજ્ઞાનદર્શનમાત્ર સ્વરૂપ...' આત્મા તો સુવિશુદ્ધજ્ઞાનદર્શન સ્વરૂપ (હૈ). ઉસમેં દયા, દાન, વ્રતાદિ કે રાગ હૈ નહીં, વહ ઉસકી ચીજ હૈ નહીં. આહા..હા...! સમજ મેં આયા ? 'સુવિશુદ્ધજ્ઞાનદર્શનમાત્ર સ્વરૂપ...' 'પ્રવચનસાર' મેં યહ કહા થા ઔર યહ કહતે હૈં કિ, તેરા સ્વરૂપ પ્રભુ ! સુવિશુદ્ધદર્શન. અકેલા વિશુદ્ધ નહીં, સુવિશુદ્ધદર્શન. ત્રિકાલી દર્શન ઔર જ્ઞાન, સુવિશુદ્ધદર્શનજ્ઞાનમાત્ર સ્વરૂપ. આહા..હા...! શાસ્ત્ર સુનકર, શાસ્ત્ર સમજકર ઇસમેં લગા હુઆ. 'સ્વરૂપ મેં અવસ્થિત પરિણતિ મેં લગા હોને સે...' આ..હા..હા...! સુવિશુદ્ધ દર્શન ઔર જ્ઞાનમાત્ર પ્રભુ, ઉસકી વર્તમાન પરિણતિ મેં અવસ્થિત સ્વરૂપ મેં, પરિણતિ મેં લગા હોને સે. આ..હા..હા...! ગજબ બાત કી હૈ ન ! પંચમકાલ કે સંત, પંચમકાલ કા શિષ્ય ઐસા હોતા હૈ, ઐસા કહતે હૈં. આહા..હા...! પંચમકાલ કે હૈં કિ નહીં ?

'સુવિશુદ્ધજ્ઞાનદર્શનમાત્ર સ્વરૂપમેં અવસ્થિત...' દર્શન, જ્ઞાન સ્વભાવ જો ત્રિકાલ વસ્તુ... જૈસે શક્કર કા મીઠા ઔર સફેદ સ્વભાવ (હૈ), વૈસે ભગવાનઆત્મા કા જ્ઞાન ઔર દર્શન સુવિશુદ્ધ સ્વભાવ (હૈ), ઉસમેં અવસ્થિત પરિણતિ કી પર્યાય મેં લગા હુઆ. આહા..હા...! બાત સૂક્ષ્મ હૈ. લેકિન ઉસકા ફલ યહ આના ચાહિયે, ઐસા કહતે હૈં. શાસ્ત્ર સુનને કા પરિણામ યહ આના ચાહિયે, પ્રભુ ! તો શાસ્ત્ર સુના, ઉસકે સુનને મેં આયા, ઐસા કહને મેં આતા હૈ. આહા..હા...!

મુમુક્ષુ :- ગુરુ કો ઐસા ફલ લાકર દેના ચાહિયે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- લેકર આતા હૈ વહ, શાસ્ત્ર સુનકર શિષ્ય લે આયેગા, ઐસા કહતે હૈં. શિષ્ય ઐસા હૈ. આહા..હા...! સમજ મેં આયા ?

યહ તો સિદ્ધાંત હૈ ઔર અંતર કી દૃષ્ટિ કા વિષય જો શુદ્ધ, વિશુદ્ધદર્શનજ્ઞાનમાત્ર આત્મા.. આ..હા..હા...! પ્રવચન મેં યહ કહા થા કિ, તેરા સ્વરૂપ સુવિશુદ્ધદર્શનજ્ઞાનમાત્ર હૈ. દયા, દાન, વ્રત કા વિકલ્પ તેરા સ્વરૂપ હૈ નહીં. આહા..હા...! વ્યવહાર કી બાત હૈ, વહ તેરે સ્વરૂપ મેં હૈ નહીં. આહા..હા...! બહુત ગંભીર બાત હૈ.

'સુવિશુદ્ધજ્ઞાનદર્શનમાત્ર...' પહલે જ્ઞાન લિયા હૈ. યહાં સમકિત કી બાત નહીં હૈ. સુવિશુદ્ધજ્ઞાનદર્શન (અર્થાત્) જાનના સ્વભાવ ઔર દેખના સ્વભાવ જો ત્રિકાલી શુદ્ધ, યહ લેના હૈ. આહા..હા...! ઉસ સ્વરૂપ મેં, ઐસા જો સ્વરૂપ ભગવાનઆત્મા કા (હૈ ઉસમેં) અવસ્થિત. ઇસ સ્વરૂપ મેં અવસ્થિત (હૈ અર્થાત્) અંદર સ્થિર હોતા હૈ ઔર 'પરિણતિમેં

લગા હોનેસે...' સુવિશુદ્ધ **નિર્મળ** પરિણતિ મેં લગા હોને સે. આહા..હા...! **શિષ્ય** કા યહ પુરુષાર્થ (હૈ) ! ઔર 'પ્રવચનસાર' ને કહા થા યહ. 'પ્રવચનસાર' ને કહા થા યહ, ઐસા ફલ **શિષ્ય** લાયા. આહા..હા...!

ઐસા કહે કિ, પંચમકાલ હૈ, હમેં ઐસા હોતા નહીં. વહ બાત યહાં હૈ નહીં, કાલ આત્મા મેં હૈ નહીં. આત્મા તો કાલ સે અતીત હૈ, વિકલ્પ સે અતીત હૈ ઔર દર્શનજ્ઞાન સહિત હૈ. વહ તો ત્રિકાલ દર્શનજ્ઞાન કી મૂર્તિ પ્રભુ હૈ. ઉસમેં દૃષ્ટિ લગાને સે અવસ્થિત (હુઆ). અવસ્થિત – નિશ્ચય સ્થિત (હુઆ). અવસ્થિત – દર્શનજ્ઞાનમાત્ર જો આત્મા, ઉસમે અવસ્થિત – નિશ્ચય સ્થિત કી પરિણતિ મેં લગા હુઆ. આહા..હા...! યે ટીકા ! સંતોં કી ટીકા તો દેખો ! ઓ..હો..હો...!

વહ તો ધર્મધ્યાન કે અવાયવિચય મેં કહા થા ન ? શાસ્ત્ર તો ઐસા કહતે હૈં, અવાયવિચય ધર્મધ્યાન હૈ. 'દ્રવ્યસંગ્રહ' મેં અવાયવિચય (ધર્મધ્યાન લિયા હૈ). મેરા પ્રભુ પૂર્ણાનંદ કી પ્રાપ્તિ મુજે હોગી ઔર સબકો પૂર્ણાનંદ કી પ્રાપ્તિ હો, ઐસા સમકિતી અવાયવિચય મેં વિચાર કરતા હૈ. આહા..હા...! 'દ્રવ્યસંગ્રહ' મેં હૈ. 'દ્રવ્યસંગ્રહ' હૈ ? હૈ.. હૈ. કૌન-સે નંબર કા પન્ના હૈ ? ૧૮૩. ધર્મધ્યાન કી બાત હૈ. 'ઇસીપ્રકાર ભેદ-અભેદરૂપ રત્નત્રય કી ભાવના કે બલ સે હમારે...' અવાયવિચય... અવાયવિચય. 'ભેદ-અભેદરૂપ રત્નત્રય કી ભાવના કે બલ સે હમારે અથવા અન્ય જીવોં કે કર્મોં કા નાશ કબ હોગા ? ઇસ પ્રકાર વિચારના ઉસકો અવાયવિચય નામકા દૂસરા ધર્મધ્યાન જાનના ચાહિયે.' આહા..હા...! ધર્મી તો સુનકર ઐસા વિચાર કરતે હૈં, ઐસા કહતે હૈં. આ..હા..હા...! મુજે ભી કબ પૂર્ણાનંદ કી પ્રાપ્તિ હો ઔર સબ જીવોં કો પૂર્ણાનંદ કી પ્રાપ્તિ હો. કોઈ વિરોધી નરક મેં જાઓ ઐસા હૈ નહીં. આહા..હા...!

૩૮વીં ગાથા મેં ભી યહ કહા, કલશ મેં (કહા કિ), 'समस्त लोकाः आलोकम्' સર્વ લોક અંદર મેં મગ્ન હો જાઓ. સર્વ જીવ (મગ્ન હો જાઓ). અરે...! અભવિ ભી ? યહાં અભવિ (ભી આ ગયે). સમસ્ત જીવ. આહા..હા...! પૂર્ણાનંદ કા નાથ ભંડાર જિસમેં ભરા હૈ (ઉસમેં) લીન હો જાઓ. લોકાલોક કો દેખને કી જ્ઞાનશક્તિ તુજે ખીલ જાયેગી. આહા..હા...! સમજ મેં આયા ? યહ 'દ્રવ્યસંગ્રહ' મેં અવાયવિચય (કા ભેદ હૈ). 'દ્રવ્યસંગ્રહ' મેં 'બ્રહ્મદેવ' કી ટીકા હૈ.

યહાં યહ કહતે હૈં, '**શિષ્યજનકો શાસ્ત્રકે ફલકે સાથ જોડતે હુએ**...' આ..હા..હા...!

શબ્દ થોડે પરંતુ ભાવ અપાર હૈં. ભગવાન ! ભગવાન કહકર તો બુલાતે હૈં. ૭૨ ગાથા. ભગવાનઆત્મા, શુભ ઔર અશુભ, પુણ્ય ઔર પાપ કા ભાવ મલિન હૈ, અશુચિ હૈ, મૈલ હૈ. ભગવાનઆત્મા – ઐસા શબ્દ 'અમૃતચંદ્રાચાર્ય' ને લિયા હૈ. ભગવાનઆત્મા નિર્મળાનંદ પ્રભુ અંદર હૈ. યહાં જો સુવિશુદ્ધજ્ઞાનદર્શન કહા, વહ. સુવિશુદ્ધદર્શનજ્ઞાનમાત્ર પ્રભુ આત્મા હૈ. આહા..હા...!

ઉસમેં રાગ તો હૈ નહીં, લેકિન અલ્પજ્ઞતા હૈ નહીં. ઉસકી પર્યાય મેં પરદ્રવ્ય તો હૈ નહીં. ક્યા કહા ? ઉસકી પર્યાય મેં કર્મ, શરીર, દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ અપની પર્યાય મેં હૈ નહીં, વહ તો ભિન્ન હૈં. અપની પર્યાય મેં રાગ હૈ, રાગ હૈ, તો યહાં તો કહતે હૈં કિ, તેરી ચીજ મેં રાગ હૈ નહીં. તેરી પર્યાય મેં રાગ હો. પર્યાય મેં અન્ય દ્રવ્ય તો હૈ નહીં. પર્યાય મેં અન્ય દ્રવ્ય તો અનંત અનંત દ્રવ્ય, દેવ-ગુરુ-શાસ્ત્ર ભી અપની પર્યાય મેં હૈ નહીં, હૈ તો અપની પર્યાય મેં રાગ ઔર દ્વેષ. લેકિન વસ્તુ જો હૈ, સુવિશુદ્ધદર્શનજ્ઞાનમાત્ર સ્વભાવ (જો હૈ), ઉસમેં તો રાગ-દ્વેષ હૈ નહીં. પર્યાય મેં હૈ, વસ્તુ મેં હૈ નહીં. આહા..હા...! સમજ મેં આયા ?

વિશુદ્ધદર્શનજ્ઞાનમાત્ર સ્વરૂપ 'અવસ્થિત પરિણતિ મેં લગા હુઆ...' આ..હા..હા...! અંદર મેં પુરુષાર્થ કરતે હૈં. હૈ ? 'સાકાર-અનાકાર ચર્યાસે યુક્ત...' જ્ઞાન ઔર દર્શન કી પરિણતિ સે યુક્ત, જ્ઞાન ઔર દર્શન કી દશા સે યુક્ત. આહા..હા...!

મુમુક્ષુ :– અદ્‌ભુત બાત હૈ !

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઐસી બાત હૈ. થોડા કહા હો ફિર અધિક જાનના, પ્રભુ ! ઐસી બાત સંતોં કી હૈ. આહા..હા...!

કહતે હૈં કિ, 'સાકાર-અનાકાર...' ક્યોં ? કિ, સુવિશુદ્ધજ્ઞાનદર્શનમાત્ર ચીજ હૈ. ઇસલિયે સાકાર જ્ઞાન ઔર અનાકાર દર્શન, ઐસી ઉસકી ચર્યા, પરિણતિ યુક્ત વર્તતા હુઆ. આહા..હા...! શાંતિ સે (સમજના). સ્વભાવ તો વિશુદ્ધ દર્શન ઔર જ્ઞાન હૈ. દર્શન નિરાકાર હૈ, જ્ઞાન સાકાર હૈ. દર્શનજ્ઞાનમાત્ર જો વિશુદ્ધ સ્વરૂપ હૈ, ઉસકી પરિણતિ મેં લગા હુઆ, ઇસી 'ચર્યાસે યુક્ત વર્તતા હુઆ,...' જાનન-દેખન કી પર્યાય મેં વર્તતા હુઆ. આહા..હા...! સમજ મેં આયા ?

'જો શિષ્યવર્ગ સ્વયં સમસ્ત શાસ્ત્રોંકે અર્થોંકે...' જો શિષ્યવર્ગ. આહા..હા...! ઉસકો યહાં શિષ્યવર્ગ કહા, અકેલા શિષ્ય નહીં લિયા હૈ. આહા..હા...! બહુત શિષ્યોં કા વર્ગ –

સમૂહ હૈ. જૈસે પહલી, દૂસરી કા વર્ગ કહતે હૈં ન ? વૈસે યહાં શિષ્યવર્ગ લિયા, એક શિષ્ય નહીં લિયા. આહા..હા...! શિષ્યવર્ગ – શિષ્ય કા સમૂહ. આહા..હા...! ભગવાન ત્રિલોકનાથ કી વાણી સુનકર આયે. અનુભવ, ચારિત્ર થા. વાણી ઐસી (નિકલી) ઔર ટીકાકાર 'અમૃતચંદ્રાચાર્ય' ઐસે મિલે. આ..હા...! પ્રભુ ! બાત સૂક્ષ્મ હૈ.

કહતે હૈં કિ, સુવિશુદ્ધદર્શનજ્ઞાનમાત્ર આત્મા (હૈ). ઇસ દર્શનજ્ઞાનમાત્ર કી ચર્યા યુક્ત હૈ. પહલે તો ગુણ કહા, વસ્તુ કહી. સુવિશુદ્ધદર્શનજ્ઞાનમાત્ર તો વસ્તુ હૈ. અબ ઉસકી પરિણતિ મેં લગા હોનેસે દર્શનજ્ઞાન કી ચર્યા – પરિણતિ યુક્ત હૈ. રાગ કી પરિણતિ યુક્ત હૈ, ઐસા કહા નહીં. આહા..હા...! પંચમકાલ કે શિષ્ય કો ઐસા કહતે હૈં. આહા..હા...! 'શિષ્યવર્ગ સ્વયં સમસ્ત શાસ્ત્રોંકે અર્થોંકે...' અબ કહતે હૈં કિ, હમને સુનાયા ભલે, અબ તો શિષ્ય અપને પુરુષાર્થ સે (શુદ્ધ પરિણતિ મેં લગા હૈ). સ્વયં, હૈ ? 'સ્વયં સમસ્ત શાસ્ત્રોંકે અર્થોંકે વિસ્તારસંક્ષેપાત્મક...' આહા..હા...! સમસ્ત શાસ્ત્રોં કો કોઈ વિસ્તાર સે સમજે, કોઈ સંક્ષેપ સે સમજે. સબ વિસ્તાર સે સમજે યા સબ સંક્ષેપ સે સમજે, ઐસા નહીં. કોઈ શિષ્યવર્ગ વિસ્તાર સે સમજે, કોઈ સંક્ષેપ સે સમજે.

'વિસ્તારસંક્ષેપાત્મક શ્રુતજ્ઞાનોપયોગપૂર્વક પ્રભાવ દ્વારા...' આહા..હા...! અંતર મેં ભાવશ્રુતજ્ઞાન ઉપયોગ કે પ્રભાવ દ્વારા. આહા..હા...! અંતર મેં જો જ્ઞાન ઔર દર્શન, સુવિશુદ્ધસ્વરૂપ (હૈ), ઉસકી પરિણતિ મેં લગા હુઆ, પરિણતિ યુક્ત હોતા હુઆ. આ..હા...! 'શ્રુતજ્ઞાનોપયોગપૂર્વક પ્રભાવ દ્વારા...' વિસ્તાર સે સમજા હો યા સંક્ષેપ મેં સમજે, લેકિન ઉસમેં સે નિકાલા યહ. 'શ્રુતજ્ઞાનોપયોગપૂર્વક...' મતિજ્ઞાન લિયા નહીં, અવધિજ્ઞાન લિયા નહીં. યહાં તો છદ્મસ્થ કી બાત હૈ ન ! શ્રુતજ્ઞાન ઉપયોગ દ્વારા. શ્રુતજ્ઞાન મતિપૂર્વક હોતા હૈ લેકિન યહાં શ્રુતજ્ઞાન કી બાત લી હૈ. સમજ મેં આયા ? ક્યોંકિ શ્રુતજ્ઞાનપૂર્વક અનુભવ હૈ, ઉસમેં આનંદ હોતા હૈ. આ..હા...! શ્રુતજ્ઞાન કા જો વિકલ્પ હૈ, ઉસ વિકલ્પ કો છોડકર શ્રુતજ્ઞાન ઉપયોગ લગતા હૈ તબ સમાધિ લગતી હૈ, આનંદ આતા હૈ. થોડી સૂક્ષ્મ બાત હૈ, ભાઈ ! આહા..હા...!

'શ્રુતજ્ઞાનોપયોગપૂર્વક...' ભાષા યહ લી હૈ ન ? મતિજ્ઞાન પૂર્વક નહીં લિયા. અવધિ, મનઃપર્યય ભી નહીં (લિયા). કેવલ તો હૈ નહીં. આહા..હા...! દ્રવ્યશ્રુત નહીં (લિયા). જ્ઞાનદર્શનમાત્ર ભગવાન, ઉસકી પરિણતિ મેં લગા હુઆ. વિસ્તાર યા સંક્ષેપ સે જ્ઞાન કરકે શ્રુતજ્ઞાન પૂર્વક, શ્રુતજ્ઞાન ઉપયોગ પૂર્વક, શ્રુતજ્ઞાન ઉપયોગ પૂર્વક 'પ્રભાવ દ્વારા...' પ્રભાવ

દ્વારા. શ્રુતજ્ઞાન કે ઉપયોગ કે પ્રભાવ દ્વારા. ભાવશ્રુતજ્ઞાન કે ઉપયોગ કે પ્રભાવ દ્વારા. ગાથા ઐસી આયી હૈ. આહા..હા...!

'કેવલ આત્માકો અનુભવતા હુઆ,...' કિસસે ? 'શ્રુતજ્ઞાનોપયોગપૂર્વક પ્રભાવ દ્વારા કેવલ આત્માકો અનુભવતા હુઆ...' આહા..હા...! રાગ દ્વારા આત્મા કો અનુભવતા હુઆ યા વ્યવહાર દ્વારા આત્મા કો અનુભવતા હુઆ, વહ બાત નહીં. આહા..હા...! શ્રુતજ્ઞાન ઉપયોગ. શ્રુતજ્ઞાન કા ઉપયોગ લિયા હૈ. પરિણતિ હૈ ન ? આહા..હા...! શ્રુતજ્ઞાન કા ઉપયોગ. ધ્યાતા-ધ્યાન ઔર ધ્યેય (કે ભેદ કો) ભૂલકર, જ્ઞાતા-જ્ઞાન ઔર જ્ઞેય છોડકર, અકેલે શ્રુતજ્ઞાન પ્રભાવ દ્વારા પૂર્વક આત્મા કા અનુભવ કરતે હૈં. આહા..હા...!

'કેવલ આત્માકો અનુભવતા હુઆ...' અકેલે આત્મા કો અનુભવતા હુઆ. અકેલે આત્મા કો અનુભવતા હુઆ. પુણ્ય-પાપ કો નહીં, શરીર કો નહીં, પર કો નહીં, દુઃખ કો નહીં, રાગ નહીં (અનુભવતા હુઆ). આહા..હા...! સૂક્ષ્મ બાત હૈ, લેકિન સુને તો સહી. અરે...! ઐસી બાત (કબ સુનને મિલે) ? ભાઈ ! મજદૂરી કરકે મર ગયા હૈ. જ્ઞાન ઔર દર્શન, સાકાર ઔર અનાકાર સ્વભાવ સ્વરૂપ પ્રભુ, ઉસમેં અવસ્થિત પરિણતિ મેં લગા હુઆ. આહા..હા...! ભાવશ્રુતજ્ઞાન ઉપયોગ કે પ્રભાવ દ્વારા, ભાવશ્રુતજ્ઞાન કે ઉપયોગ કે પ્રભાવ દ્વારા (કેવલ આત્મા કો અનુભવતા હુઆ).

પ્રશ્ન :– સંક્ષેપ અને વિસ્તાર ક્યોં લિયા ?

સમાધાન :– ભલે સંક્ષેપ મેં લિયા. લેકિન ભાવશ્રુત સંક્ષેપ મેં સમજા હો યા વિસ્તાર સે સમજા હો, લેકિન સમજા હૈ, ભાવશ્રુત. બહુત વિસ્તાર નહીં હો. તિર્યંચ કો નામ ભી નહીં આતે.

અંદર મેં આત્મા જ્ઞાન ઔર દર્શન સ્વરૂપ પ્રભુ, પૂર્ણ જ્ઞાન, દર્શન કા પિંડ, કંદ, પૂરા સમુદ્ર, સરોવર, અનંત જ્ઞાન, દર્શન કા પિંડ. આ..હા..હા...! ઉસમેં લગા હુઆ. શ્રુતજ્ઞાન ઉપયોગ પૂર્વક 'કેવલ આત્માકા અનુભવ કરતા હુઆ...' આ..હા..હા...! યહ તો મખ્ખન હૈ. અંતિમ ગાથા હૈ. જ્ઞાન અધિકાર કહા, બીચ મેં જ્ઞેય અધિકાર – દર્શન અધિકાર કહા, યે ચરણાનુયોગ કા અધિકાર કહા. ઉસકા ફલ યહ લિયા. આહા..હા...!

'કેવલ આત્માકા અનુભવ કરતા હુઆ...' ઇસમેં નવ તત્ત્વ નહીં લિયે. કેવલ આત્મા કો અનુભવતા હુઆ. આહા..હા...! ઉસમેં તો 'તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્' કહા હૈ. ઉસકા અર્થ યહ હૈ કિ, કેવલ આત્મા કા અનુભવ હૈ તો ઉસમેં વહ પર્યાય હૈ નહીં, ઐસા જ્ઞાન

ઉસમેં આ જાતા હૈ. કેવલ આત્મા કે અનુભવ મેં, રાગાદિ પર્યાય યા સંવર, નિર્જરા કી પર્યાય ઉસમેં હૈ નહીં, ઐસા જ્ઞાન આ જાતા હૈ. ઇસલિયે યહાં કેવલ આત્મા કા અનુભવ લિયા હૈ. આહા..હા...! સમજ મેં આયા ? સૂક્ષ્મ બાત (હૈ), ભાઈ ! જન્મ-મરણ રહિત કા માર્ગ કોઈ દૂસરા હૈ. ચૌરાસી કે અવતાર કરકે (મર ગયા). કરોડોપતિ ઔર અબજોપતિ હો, વહ મરકર મુર્ગી હો, ગાય હો, ભૈંસ હો.

પ્રશ્ન :– ઐસા સુને તો ?

સમાધાન :– સુને તો ભી ક્યા ? અંદર ન સમજે તો રાગ-દ્વેષ કરકે નીચે જાયે. સુનને મેં જ્યાદા સમય બીતાયે તો ઉસે પુણ્ય બંધે. પુણ્ય બંધે વહ નીચે કી દશા મેં નહીં જાતા. ક્યા કહા ? ભલે ધર્મ (પ્રગટ નહીં હુઆ) હો, લેકિન હમેશા દો-ચાર ઘંટે સત્‌સમાગમ – સચ્ચા સમાગમ, ચાર-પાંચ ઘંટે શ્રવણ, મનન (કરતા હો) તો ઉસમેં પુણ્ય હો, વહ મરકર પશુ નહીં હોતા. સમજ મેં આયા ? વહ નિગોદ મેં નહીં જાતા, નરક મેં નહીં જાતા. જાયે તો, યા તો કર્મભૂમિ, અકર્મભૂમિ – ભોગભૂમિ મેં મનુષ્ય, તિર્યંચ હોતા (હૈ), યા તો સ્વર્ગ મેં જાતા હૈ. આહા..હા...! લેકિન યહાં તો ધર્મ કી બાત હૈ. આહા..હા...!

ભાવશ્રુતઉપયોગ કે પ્રભાવ દ્વારા, ઐસા કહકર ક્યા કહા ? કર્મ કા અભાવ હુઆ તો આત્મા કા જ્ઞાન હુઆ, ઐસા હૈ નહીં. આત્મા મેં અભાવ નામ કા એક ગુણ હૈ. શ્રુતજ્ઞાન ઉપયોગ દ્વારા આત્મા કા અનુભવ કરતા હૈ તો પર કે અભાવસ્વરૂપ કા અનુભવ હૈ. સ્વ કા અનુભવ સ્વ કે ભાવસ્વરૂપ હૈ, પર કા અનુભવ અભાવસ્વરૂપ હૈ. પર કે કારણ સે નહીં. અપને મેં હી અભાવ નામ કા એક ગુણ હૈ. ભાવશ્રુત ઉપયોગ દ્વારા આત્મા કા અનુભવ કરતા હૈ તો રાગ કે અભાવસ્વભાવ રૂપ, અપની અભાવ શક્તિ કે કારણ પરિણમન કરતા હૈ. આહા..હા...! ઐસા યાદ કબ રહે ? મંદિર બનાઓ, ભક્તિ કરો, પૂજા કરો વહ સબ તો શુભ ભાવ (હૈ), વહ તો શુભ ભાવ હૈ. દસ લાખ, બીસ લાખ, પચાસ લાખ ખર્ચ કરે તો વહ શુભ ભાવ હૈ, વહ કોઈ ધર્મ નહીં. યહાં તો સ્પષ્ટ બાત હૈ. આહા..હા...!

ધર્મ તો પરમાત્મા ત્રિલોકનાથ કે અનુસાર કહનેવાલે 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય' (ઐસા કહતે હૈં કિ), પ્રભુ ! તુમ જ્ઞાન ઔર દર્શન ઉપયોગ સ્વરૂપ હો ન ! ઔર તેરી શક્તિ તો અંદર મેં તીનકાલ તીનલોક જાનને કી હૈ ન ! તીનકાલ તીનલોક કો દેખને કી હૈ ન ! તીનકાલ તીનલોક કા કોઈ ભાવ અપના હૈ, ઐસા માનને કી તેરી શક્તિ નહીં. આહા..હા...! તેરે અલાવા જિતની ચીજ હૈ, વહ અપની હૈ, ઐસા માનને કી તેરી

શક્તિ નહીં. તેરી શક્તિ તો તીનકાલ તીનલોક કો જાનને-દેખને કી તેરે સ્વભાવ કી શક્તિ હૈ. આહા..હા...! ઉસે યહાં સુવિશુદ્ધજ્ઞાનદર્શન કહા. સમજ મેં આયા ?

'ઇસ ઉપદેશકો જાનતા હૈ,...' ક્યા કહા ? દેખો ! ભાષા ક્યા લી હૈ ? 'કેવલ આત્માકો અનુભવતા હુઆ, ઇસ ઉપદેશકો જાનતા હૈ,...' અકેલા ઉપદેશ જાનતા હૈ, ઐસા નહીં કહા. આહા..હા...! સમજ મેં આયા ? આહા..હા...! ક્યા ટીકા ! અમૃત ! અમૃત કે ઝરને બહાય હૈં ! આહા..હા...! 'શ્રીમદ્' મેં આતા હૈ ન ? 'જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત, સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત, રે. ગુણવંતા રે જ્ઞાની, અમૃત વરસ્યા રે પંચમ કાળમાં ! એ... અમૃત વરસ્યા રે પંચમ કાળમાં...!!' યે અમૃતસાગર !

૯૬ ગાથા મેં આતા હૈ ન ? અમૃત કા સાગર મૂર્તિક મૃતક ક્લેવર મેં મૂર્છિત હો ગયા. અમૃત કા સાગર પ્રભુ ! આહા..હા...! અતીન્દ્રિય અમૃત ઔર આનંદ કા સાગર મૃતક કલેવર (મેં મૂર્છિત હો ગયા હૈ). યહ શરીર, મૂર્દા, ધૂલ, મિટ્ટી, મૂર્દા હૈ. વર્તમાન મેં, હાં ! જીવ નીકલ જાને કે બાદ, ઐસા નહીં. સચેત શરીર તો નિમિત્ત સે કહને મેં આતા હૈ. સચેત શરીર આતા હૈ ન ? એકેન્દ્રિય, દોઇન્દ્રિય (આદિ). યહ શરીર અભી મૂર્દા હૈ. ભગવાન અમૃત સાગર હૈ, શરીર મૃતક હૈ. મૃતક કલેવર મેં અમૃત સાગર... આ..હા..હા...! મૂર્છિત હો ગયા. તીનોં 'મ' (હૈં). અમૃત સાગર, મૃતક કલેવર ઉસમેં મૂર્છિત હો ગયા. લેકિન અમૃત સાગર કે ઉપયોગ મેં અંદર આયા નહીં. આહા..હા...! સારા દિન ઉસકી સંભાલ, ઇસકા ઐસા હોતા હૈ, ઇસકા યહ કરના હૈ ઔર ઉસકા વહ કરના હૈ. સબેરે ચાય-પાની, દોપહર કો દાલ, રોટી, બીચ મેં પુરી ઇત્યાદિ, ફિર શામ કો પકોડી ઇત્યાદિ. આહા..હા...! (એક વિદ્વાન ને) લિખા હૈ કિ, નાગરવેલ કા પાન ચબાયે, ઘાસ ચબાયે. પશુમેં સે આયા હોગા. પશુમેં સે આયા હોગા. મૂંહ મેં પાન ચબાયે બિના રહે નહીં. નાગરવેલ કા પાન તો વનસ્પતિ હૈ. આહા..હા...! યા તો તિર્યંચમેં સે આયા હૈ યા તિર્યંચ મેં જાનેવાલા હૈ. લિખા હૈ કિ નહીં ? આહા..હા...!

યહાં કહતે હૈં, આહા..હા...! 'ઇસ ઉપદેશકો જાનતા હૈ,...' ક્યા કહતે હૈં ? કિ, કેવલ આત્મા કા અનુભવ કરતે હૈં, ઉસ ઉપદેશ કો જાનતા હૈ. ઐસે હી અકેલે ઉપદેશ કો જાના, જાના, વહ જાના નહીં. આહા..હા...! વહ તો પરલક્ષ્યી જ્ઞાન હુઆ. ક્યા કહા વહ ? ભગવાન કી વાણી દિવ્યધ્વનિ સુની, વહ તો પરલક્ષ્યી હૈ. જ્ઞાન હુઆ હૈ અપને સે, વાણી તો નિમિત્ત હૈ. વાણી સે (જ્ઞાન) હુઆ નહીં. લેકિન વહ પરલક્ષ્યી જ્ઞાન હૈ. પરલક્ષ્યી જ્ઞાન,

પરસત્તાવલંબી જ્ઞાન બંધ કા કારણ હૈ. આહા..હા...! સમજ મેં આયા ?

યહાં તો 'ઇસ ઉપદેશકો જાનતા હૈ,...' કિસ પ્રકાર સે ? શ્રુતઉપયોગ દ્વારા, ભાવશ્રુત ઉપયોગ દ્વારા કેવલ આત્મા કો જાનતા હૈ. વહ ઉપદેશ કો જાનતા હૈ, વહ ઉપદેશ કો જાનતા હૈ. આહા..હા...! તબ ઉપદેશ કહા ઉસકા જ્ઞાન (હુઆ) ઉસે યથાર્થ વ્યવહાર કહને મેં આયા. આહા..હા...! ટીકા તો દેખો ! માત્ર ઉપદેશ સુના તો વહ તો પરલક્ષ્યી જ્ઞાન હૈ. ઉસમેં શુભ ભાવ હૈ. વહ ઉપદેશ યથાર્થ જાના નહીં. ઉપદેશ જાના ઉસે કહતે હૈં, આહા..હા...! કેવલ આત્મા કા અનુભવ કરતા હૈ, વહ ઉપદેશ કો જાનતા હૈ. આહા..હા...! હૈ કિ નહીં અંદર ? આ..હા...! યે સિદ્ધાંત ! જિસકી એક-એક પંક્તિ મેં, એક-એક શબ્દ મેં ગંભીરતા કા પાર નહીં.

'શ્રુતજ્ઞાનોપયોગપૂર્વક પ્રભાવ દ્વારા...' ઉસકે પ્રભાવ દ્વારા. આહા..હા...! 'કેવલ આત્માકો અનુભવતા હુઆ,...' અનુભવતા હુઆ 'ઇસ ઉપદેશકો જાનતા હૈ,...' આહા..હા...! સમજ મેં આયા ? સબેરે આયા થા ન ? શાસ્ત્રજ્ઞાન તો શબ્દજ્ઞાન હૈ. યે તો શબ્દજ્ઞાન હૈ. ક્યોંકિ ઉસ જ્ઞાન કા આશ્રય શબ્દ હૈ. જ્ઞાન કા આશ્રય શબ્દ હૈ તો ઉસ જ્ઞાન કો હી શબ્દજ્ઞાન કહા. આહા..હા...! 'કથા સુણીને ફૂટ્યા કાન, તોયે ન આવ્યું હરિનું ભાન' ઐસા કુછ આતા હૈ, ઉન લોગોં મેં કુછ આતા હૈ. આતા હૈ ન ? 'કથા સુણીને ફૂટ્યા કાન, તોયે ન આવ્યું હરિનું ભાન.' હરિ ઐસા યહ ભગવાન. રાગ ઔર દ્વેષ ઔર અજ્ઞાન કો હરે, ઐસા હરિ. આહા..હા...! 'પંચાધ્યાયી' મેં હૈ. 'પંચાધ્યાયી' મેં હરિ કી વ્યાખ્યા હૈ. હરિ કિસકો કહતે હૈં ? કિ, અજ્ઞાન ઔર રાગ-દ્વેષ કો હરે વહ હરિ (હૈ). હરિ કહાં રહતા હૈ ? કિ, યે આત્મા યહાં હૈ. આ..હા...! 'શ્રીમદ્' ભી કહતે હૈં, જગત કા કોઈ અધિષ્ઠાન હોના ચાહિયે. વહ અધિષ્ઠાન હરિ હૈ. ઉસ હરિ કો હમ હૃદય મેં દેખતે હૈં. ઐસા ૨૩વેં વર્ષ મેં પત્ર હૈ. ૨૩વેં વર્ષ મેં (હૈ). આહા..હા...! કોઈ અધિષ્ઠાન કર્તા હૈ નહીં. આહા..હા...! વહ હરિ યહાં હૈ. યે ભગવાન હરિ શુદ્ધઉપયોગ દ્વારા અનુભવ મેં આતા હૈ, વહ હરિ. વહ ઉપદેશ કો જાનતા હૈ.

'વહ વાસ્તવમેં,...' વહ વાસ્તવ મેં. 'ભૂતાર્થસ્વસંવેદ્ય-દિવ્ય જ્ઞાનાનન્દ...' આ.હા..હા...! ભૂતાર્થ (કા) નીચે અર્થ હૈ. 'ભૂતાર્થ પારમાર્થિક (સત્યાર્થ), સ્વસંવેદ્ય ઔર દિવ્ય ઐસે જો જ્ઞાન ઔર આનન્દ વહ ભગવાન આત્માકા સ્વભાવ હૈ.' સત્યાર્થ સ્વભાવ હૈ, ભૂતાર્થ સ્વભાવ હૈ. ક્યા ? 'ભૂતાર્થ સ્વસંવેદ્ય-દિવ્ય જ્ઞાનાનન્દ...' અકેલા જ્ઞાન નહીં લિયા. આહા..હા...! વાસ્તવ

में भूतार्थ स्वसंवेदन. विद्यमान भगवान ज्ञानदर्शन स्वरूप, उसका स्व – अपने से संवेदन और दिव्य 'ज्ञानानन्द जिसका स्वभाव है,...' आहा..हा...! दिव्य ज्ञानानंद जिसका स्वभाव है. आहा..हा...! पर्याय में ज्ञानानंद आया. जिसका स्वभाव ज्ञानानंद है, उसका अनुभव हुआ तो पर्याय में ज्ञानानंद आया. अकेला ज्ञान नहीं, इसके साथ अतीन्द्रिय आनंद आया तो उसको ज्ञानानंद कहने में आता है. आहा..हा...!

एक भाई बोल रहे थे, आये हैं कि नहीं ? (एक साधु कहते हैं), अनुभूति सातवें (गुणस्थान में) होती है. भाई वहां गये थे. अरे..रे...! क्या करते हो ? प्रभु ! आचार्य नाम धरावे और 'जयसेनाचार्य' की उनके गुरु ने की. 'अमृतचंद्राचार्य' की टीका नहीं की. क्योंकि 'जयसेनाचार्य' की टीका में व्यवहार साधन और निश्चय साध्य है, ऐसा आये (इसलिये) उसकी टीका की. भाई गये थे तो वहां की बात करते थे. ૩૩ वर्ष की उम्र है. (कहते हैं), अनुभूति सातवें में होती है. अरे..रे...! प्रभु ! ऐसी बुद्धि तुजे कहां-से आयी ? नाथ ! आ..हा...! आत्मा की अनुभूति चौथे (गुणस्थान से) होती है. भावश्रुत उपयोग द्वारा आत्मा का अनुभव चौथे से होता है. आहा..हा...! क्या हो ?

प्रभु ! सभी का कल्याण हो ! सब आत्मा आनंद को प्राप्त हो ! मार्ग यह है. आहा..हा...! कोई आत्मा दुःखी हो, ऐसा होता है ? आ..हा...! 'श्रीमद्' तो कहते हैं न ? 'कोई क्रियाजड थई रह्या, शुष्कज्ञानमां कोई' ज्ञान की बातें करे, लेकिन अंदर आनंद का अनुभव क्या चीज है, उसकी खबर नहीं. 'माने मारग मोक्षनो, करुणा ऊपजे जोई.' करुणा उत्पन्न होती है, बापू ! उसका तिरस्कार नहीं होता. भाई ! विरुद्ध प्ररूपणावाले, श्रद्धावाले का तिरस्कार नहीं होता. वह स्वयं ही तिरस्कार के दुःख का अनुभव करेगा, ऐसे दुःखी का तिरस्कार नहीं होता. आहा..हा...! समज में आता है ? कल्याण हो, प्रभु ! तेरी बुद्धि सरल हो जाओ ! आहा..हा...! प्रभु ! तुम द्रव्य से साधर्मी हो ! द्रव्य (अपेक्षा से) तो मेरा द्रव्य, तेरा द्रव्य समान हैं. ज्ञानी तो सामनेवाले के द्रव्य को साधर्मी जैसा देखते हैं. आहा..हा...! पर्याय में भूल है तो अपनी पर्यायबुद्धि निकाल दी है, तो पर की पर्याय जानने में है, आदर में उसका द्रव्य स्वभाव है.

पूर्णानंद का नाथ भगवान सभी बिराजते हैं. शरीर के मध्य, राग के मध्य में अंदर भिन्न (बिराजता है). आहा..हा...! सबको उसका अनुभव हो ! आहा..हा...! कोई दुःखी न हो, कोई दुर्गति न जाओ, प्रभु ! आहा..हा...! 'श्रीमद्' में आया है न ? 'करुणा

ઊપજે જોઈ' ભાઈ ! મિથ્યાશ્રદ્ધા ઔર જ્ઞાન કા ફલ, પ્રભુ ! કઠિન આયેગા, ભાઈ ! તેરા અનાદર કૈસે કરેં ? તિરસ્કાર કૈસે કરેં ? પ્રભુ ! આ..હા..હા...! આ..હા...!

યહાં કહતે હૈં કિ, 'ભૂતાર્થસ્વસંવેદ્ય-દિવ્ય જ્ઞાનાનન્દ જિસકા સ્વભાવ હૈ,...' પાઠ મેં ઐસા થા, '**लहुणा कालेण**' અલ્પ કાલ મેં. 'કુંદકુંદાચાર્ય' અલ્પ કાલ મેં કહતે હૈં. હજાર વર્ષ કે બાદ ટીકા હુઈ તો ઉસમેં ઐસા લિયા. આઠવી ગાથા મેં આતા હૈ ન ? ભાઈ ! અનાર્ય ભાષા. 'કુંદકુંદાચાર્ય' ને અનાર્ય કહા. હજાર વર્ષ હોને કે બાદ મ્લેચ્છ હુઆ. મ્લેચ્છ ભાષા કી. કાલ ઉતર ગયા ન ! આહા..હા...! આઠવી ગાથા. '**जह ण वि सक्कमणज्जो**' જૈસે અનાર્ય તત્ત્વ મેં સમર્થ નહીં, ઐસા 'કુંદકુંદાચાર્ય' ને કહા. ટીકા મેં 'અમૃતચંદ્રાચાર્ય' ને કહા, મ્લેચ્છ ભાષા હૈ. ભાષા ઉતર ગયી. યહાં તો મુજે દૂસરા કહના હૈ. 'કુંદકુંદાચાર્ય' ને '**लहुणा कालेण**' કહા.

'પૂર્વકાલમેં કભી જિસકા અનુભવ નહીં કિયા, ઐસે ભગવાન આત્માકો પ્રાપ્ત કરતા હૈ...' બસ '**लहुणा कालेण**' કા અર્થ યહ કિયા. સમજ મેં આયા ? ભાઈ ! યહ તો અમૃત કા શાસ્ત્ર હૈ. યહ કોઈ કથા નહીં, કહાની નહીં, પ્રભુ ! એક-એક શબ્દ કી કીંમત હૈ. આ..હા...! કહતે હૈં, 'કુંદકુંદાચાર્ય' કહતે હૈં કિ, શિષ્ય યે 'પ્રવચનસાર' સુનકર અનુભવ કરે, યહ ઉપદેશ કા ફલ હૈ. ઔર વહ લહુ કાલ મેં – અલ્પ કાલ મેં મોક્ષ પાયેગા. ઉસે વિશેષ કાલ નહીં ચાહિયે. સ્વયં કા અલ્પ કાલ મેં મોક્ષ હૈ ન ! એક ભવ મેં કેવલજ્ઞાન પ્રાપ્ત કરકે ભગવાન 'કુંદકુંદાચાર્ય' સિદ્ધ હોંગે. 'અમૃતચંદ્રાચાર્ય' કી શક્તિ ભી ઉતની હૈ, લેકિન હજાર વર્ષ કે બાદ કાલ આયા તો લહૂ કાલ કા અર્થ ઐસા કિયા. આહા..હા...!

'પૂર્વકાલમેં કભી જિસકા અનુભવ નહીં કિયા,...' આત્મા આનંદસ્વરૂપ પ્રભુ, જ્ઞાન ઔર દર્શન કા નિરાકાર ઔર સાકાર સ્વરૂપ, ઉસકા અનુભવ કભી અનંતકાલ મેં એક સેકંડ નહીં કિયા. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઊપજાયો, પર આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' મુનિવ્રત અનંત બાર ધારણ કિયા, દિગંબર સાધુ હુઆ, પંચ મહાવ્રત લિયે, અટ્ઠાઈસ મૂલગુણ પાલે, ઓ..હો..હો...! ગ્યારહ અંગ કા જાનપના હુઆ લેકિન આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયા. પંચ મહાવ્રત ઔર અટ્ઠાઈસ મૂલગુણ દુઃખ હૈ. લેશ સુખ ન પાયા, ઐસા કહા. પંચ મહાવ્રત કે પરિણામ આસ્રવ ઔર દુઃખ હૈ. આહા..હા...! 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયા' ઐસા હૈ ન ? 'છ ઢાળા' મેં હૈ. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પર આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' થોડા ભી સુખ નહીં. પંચ મહાવ્રત તો આસ્રવ

હૈ, રાગ હૈ, દુઃખ હૈ. દુઃખ કા અનુભવ હુઆ લેકિન આનંદ કા અનુભવ હુઆ નહીં. આહા..હા...!

કહતે હૈં, 'પૂર્વકાલમેં કભી જિસકા અનુભવ નહીં કિયા, ઐસે ભગવાન આત્માકો...' લો, ઠીક ! આહા..હા...! 'ભગવાનઆત્મા' ઐસા શબ્દ લિયા હૈ. સબ જીવ કા, શિષ્ય કા આત્મા ભી ભગવાનઆત્મા (હૈ). મેરા ભગવાન જાગા હૈ તો કહતે હૈં કિ, સબ ભગવાન હૈં. આહા..હા...! પર્યાય મેં ભૂલ હૈ ઉસે ક્યા દેખના ? આહા..હા...! ભગવાનઆત્મા કો પ્રાપ્ત કરતા હૈ. અલ્પકાલ મેં જો ઇસ ભગવાનઆત્મા કો, યહ પ્રવચનસાર સુનકર, ઉપદેશ કા ફલ, અનુભવ પાયા, ઉસને ઉપદેશ જાના હૈ. ઉસને ઉપદેશ જાના. આહા..હા...! ગાથા તો બહુત અચ્છી આયી હૈ.

'જો કિ (જો આત્મા) તીનોં કાલકે નિરવધિ પ્રવાહમેં...' આહા..હા...! તીનોં કાલ મેં નિરવધિ – મર્યાદા નહીં, મર્યાદા કહાં હૈ ? તીનોં કાલ મેં 'નિરવધિ પ્રવાહમેં સ્થાયી હોનેસે...' વહ તો ત્રિકાલ સ્થાયી હૈ. ધ્રુવ ! અનાદિઅનંત વર્તમાન મેં ધ્રુવ, આદિ બિના કા, નાશ બિના કા વર્તમાન મેં ધ્રુવ, ત્રિકાલ અવિનાશી ધ્રુવ ભગવાનઆત્મા હૈ. આહા..હા...! ઐસે 'નિરવધિ પ્રવાહમેં સ્થાયી હોનેસે સકલ પદાર્થોંકે સમૂહાત્મક પ્રવચનકા સારભૂત હૈ.' આ..હા..હા...! જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રાપ્ત હુઆ, વહ સકલ સમૂહાત્મક પ્રવચન કા સાર હૈ. પ્રવચન કા સાર યહ હૈ. આ..હા...! સમજ મેં આયા ? આહા..હા...!

ભગવાન કી દિવ્યધ્વિન – પ્ર-વચન કહો. પ્ર યાની વિશેષ દિવ્ય, વચન કહો, દિવ્યધ્વનિ (કહો). દિવ્યધ્વનિ કા સાર... આહા..હા...! તીનોંકાલ કે નિરવધિ – અવધિ બિના કે પ્રવાહ મેં સ્થાયી હોને સે પ્રભુ, 'સકલ પદાર્થોંકે સમૂહાત્મક પ્રવચનકા સારભૂત હૈ.' આત્મા પૂર્ણાનંદ કા નાથ પ્રાપ્ત હુઆ વહ સકલ પ્રવચન કા સાર હૈ. ઉસકે સિવા કોઈ સાર હૈ નહીં. વિશેષ કહેંગે...

શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !

**ननु कोऽयमात्मा कथं चावाप्यत इति चेत्, अभिहितमेतत् पुनरप्यभिधीयते। आत्मा हि तावच्चैतन्यसामान्यव्याप्तानन्तधर्माधिष्ठात्रेकं द्रव्यमनन्तधर्मव्यापकानन्तनयव्याप्येकश्रुतज्ञान-लक्षणप्रमाणपूर्वकस्वानुभवप्रमीयमाणत्वात्।**

---

अत्राह शिष्य :- परमात्मद्रव्यं यद्यपि पूर्वं बहुधा व्याख्यातम्, तथापि संक्षेपेण पुनरपि कथ्यतामिति। भगवानाह-केवलज्ञानाद्यनन्तगुणानामाधारभूतं यत्तदात्मद्रव्यं भण्यते। तस्य च नयैः प्रमाणेन च परीक्षा क्रियते। तद्यथा-एतावत् शुद्धनिश्चयनयेन निरुपाधिस्फटिकवत्समस्तरागादि-विकल्पोपाधिरहितम्। तदेवाशुद्धनिश्चयनयेन सोपाधिस्फटिकवत्समस्तरागादिविकल्पोपाधिसहितम्। शुद्धसद्भूतव्यवहारनयेन शुद्धस्पर्शरसगंधवर्णानामाधारभूतपुद्गलपरमाणुवत्केवलज्ञानादिशुद्धगुणा-नामाधारभूतम्। तदेवाशुद्ध-सद्भूतव्यवहारनयेनाशुद्धस्पर्शरसगन्धवर्णानामाधारभूतद्व्यणुकादिस्कन्ध-वन्मतिज्ञानादिविभावगुणानामाधारभूतम्। अनुपचरितासद्भूतव्यवहारनयेन द्व्यणुकादिस्कन्धेषु संश्लेषशबन्धस्थितपुद्गलपरमाणुवत्परमौदारिकशरीरे वीतरागसर्वज्ञवद्वा विवक्षितैकदेहस्थितम्। उपचरितासद्भूतव्यवहारनयेन काष्ठासनाद्युपविष्टदेवदत्तवत्समवसरणस्थितवीतरागसर्वज्ञवद्वा विवक्षितैकग्रामगृहादिस्थितम्। इत्यादि परस्परसापेक्षानेकनयैः प्रमीयमाणं व्यवह्रियमाणं क्रमेण मेचकस्वभावविवक्षितैकधर्मव्यापकत्वादेकस्वभावं भवति। तदेव जीवद्रव्यं प्रमाणेन प्रमीयमाणं मेचकस्वभावानामनेकधर्माणां युगपद्व्यापकत्वाच्चित्रपटवदनेकस्वभावं भवति। एवं नयप्रमाणाभ्यां तत्त्वविचारकाले योऽसौ परमात्मद्रव्यं जानाति स निर्विकल्पसमाधिप्रस्तावे निर्विकारस्वसंवेदनज्ञानेनापि जानातीति।। पुनरप्याह शिष्यः- ज्ञातमेवात्मद्रव्यं हे भगवन्निदानीं तस्य प्राप्त्युपायः कथ्यताम्। भगवानाह-सकलविमलकेवलज्ञानदर्शनस्वभावनिजपरमात्मतत्त्वसम्यक्श्रद्धान-ज्ञानानुष्ठानरूपाभेद-रत्नत्रयात्मकनिर्विकल्पसमाधिसंजातरागाद्युपाधिरहितपरमानन्दैकलक्षणसुखामृतरसास्वा-दानुभवमलभमानः सन् पूर्णमासीदिवसे जलकल्लोलक्षुभितसमुद्र इव रागद्वेषमोह-कल्लोलैर्यावदस्वस्थरूपेण क्षोभं गच्छत्यं जीवस्तावत्कालं निजशुद्धात्मानं न प्राप्नोति इति। स एव वीतरागसर्वज्ञप्रणीतोपदेशात् एकेन्द्रियविकलेन्द्रियपञ्चेन्द्रियसंज्ञिपर्याप्तमनुष्य-देशकुलरूपेन्द्रियपटुत्वनिर्व्याध्यायुष्यवरबुद्धिसद्धर्मश्रवणग्रहणधारणश्रद्धानसंयमविषयसुख-निवर्तनक्रोधादिकषायव्यावर्तनादिपरंपरादुर्लभान्यपि कथंचित्काकतालीयन्यायेनावाप्य सकलविमल-केवलज्ञानदर्शनस्वभावनिजपरमात्मतत्त्वसम्यक्श्रद्धानज्ञानानुचरणरूपाभेदरत्नत्रयात्मकनिर्विकल्प-

समाधिसंजातरागाद्युपाधिरहितपरमानन्दैकलक्षणसुखामृतरसास्वादानुभवलाभे सत्यमावास्या दिवसे जलकल्लोलक्षोभरहितसमुद्र इव राग-द्वेष-मोहकल्लोलक्षोभरहितप्रस्तावे यदा निजशुद्धात्मस्वरूपे स्थिरो भवति तदा तदैव निजशुद्धात्मस्वरूपं प्राप्नोति।।

इति श्री**जयसेनाचार्य**कृतायां तात्पर्यवृत्तौ एवं पूर्वोक्तक्रमेण `एस सुरासुर' इत्याद्येकोत्तरशतगाथापर्यन्तं सम्यग्ज्ञानाधिकारः, तदनन्तरं `तम्हा तस्स णमाइं' इत्यादि त्रयोदशोत्तरशतगाथापर्यन्तं ज्ञेयाधिकारापरनामा सम्यक्त्वाधिकारः, तदनन्तरं `एवं पणमिय सिद्धे' इत्यादि सप्तनवतिगाथापर्यन्तं चारित्राधिकारश्चेति महाधिकारत्रयेणैकादशाधिकत्रिशतगाथाभिः **प्रवचनसारप्राभृतं** समाप्तम्।।

**समाप्तेयं तात्पर्यवृत्तिः प्रवचनसारस्य।**

[ હવે ટીકાકાર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ વડે **પરિશિષ્ટ**રૂપે થોડું કહેવામાં આવે છે : ]

**'આ આત્મા કોણ છે (–કેવો છે) અને કઈ રીતે પ્રાપ્ત કરાય છે' એવો પ્રશ્ન કરવામાં આવે તો તેના ઉત્તર (પૂર્વે) કહેવાઈ ગયો છે અને (અહીં) ફરીને પણ કહેવામાં આવે છે :–**

**પ્રથમ તો, આત્મા ખરેખર ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મોનું અધિષ્ઠાતા (સ્વામી) એક દ્રવ્ય છે, કારણ કે અનંત ધર્મોમાં વ્યાપનારા જે અનંત નયો તેમાં વ્યાપનારું જે એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે (તે આત્મદ્રવ્ય) પ્રમેય થાય છે (–જણાય) છે.**

# પરિશિષ્ટ

**ભાદરવા સુદ ૧૧, રવિવાર**
**તા. ૦૨-૦૯-૧૯૭૯**
**પ્રવચન નં. ૨૫૯**

'પ્રવચનસાર', નયનો અધિકાર છે ને ? શિષ્યનો એવો પ્રશ્ન એવો હોય કે, પ્રભુ ! આપે તો ઘણી વાત કરી. પણ અમને તો આત્મા કેવો છે ? અને કેમ પ્રાપ્ત થાય ? એવી કોઈ ટૂંકી વાત કરો. ૪૭ નયમાં સમાવ્યું છે. આ..હા...! જાણવા લાયક છ દ્રવ્ય કેવા છે એમ પૂછ્યું નથી. આ..હા...! આ આત્મા કોણ છે ? એટલે કે કેવો છે ? અને તેની પ્રાપ્તિ કઈ રીતે – ઉપાયે થાય ? એ મારો પ્રશ્ન છે, પ્રભુ ! આહા..હા...! દેવ-ગુરુ કેવા છે ? એ વાત – પ્રશ્ન પૂછ્યો નથી. આ..હા...! છે ?

'આ આત્મા...' આમ કહ્યું છે ને ? 'આ' શબ્દ પડ્યો છે ને ? આહા..હા...! અલૌકિક વાતું છે, પ્રભુ ! આ..હા...! અહીં તો આત્મા ન જાણે તો બધું થોથા છે. આહા..હા...! તેથી શિષ્યનો પ્રશ્ન છે, પ્રભુ ! આ આત્મા કેવો છે ? કોણ છે એટલે કેવો છે ? 'અને કઈ રીતે પ્રાપ્ત કરાય છે ?' એની વિધિ શું છે ? એનો માર્ગ શું છે ? કઈ રીતે પ્રાપ્ત થાય ? આ..હા...! એ વિના કોઈ રીતે જન્મ-મરણ મટે એવા નથી. આહા..હા...! ચાર ગતિમાં રખડતો પ્રાણી, એને આત્મા શું ચીજ છે ? એવી અનંતકાળમાં એણે જાણવાનો પ્રયત્ન કર્યો જ નથી. આહા..હા...! બીજા સંસારના ડહાપણ કર્યા. અરે...! શાસ્ત્ર પણ ભણ્યો. પણ અહીં એ પ્રશ્ન નથી કર્યો.

અહીં તો પ્રભુ આ આત્મા કેવો છે ? એને અમારે જાણવો છે અને કયા ઉપાયે તે પ્રાપ્ત થાય ? આહા..હા...! 'એવો પ્રશ્ન કરવામાં આવે...' છે ? આ.હા..હા...! આવો જેને પ્રશ્ન કરવામાં આવે. એ જીવ સ્વતંત્ર છે. એ પોતે આવો પ્રશ્ન જો કરે. આહા..હા...! 'તો તેનો ઉત્તર (પૂર્વે) કહેવાઈ ગયો છે અને (અહીં) ફરીને પણ કહેવામાં આવે છે :–' આ..હા...! પ્રભુ ! હું કોણ છું ? આ શું છે આ તે ? એ કેવડો છે ? અને કઈ રીતે પ્રાપ્ત થાય ? પ્રભુ ! મને સુખના પંથ કેમ (છે એ) બતાવો. આ..હા...! તેને ઉત્તર (દેવામાં આવે છે). જેનો આવો પ્રશ્ન છે એને આ ઉત્તર દઈએ છીએ, કહે છે. જેને કંઈ દરકાર જ નથી (કે) આત્મા કોણ છે ? અને કેમ મળે.. આ..હા...! એવા પ્રાણીને આ ઉત્તર નથી. કારણ કે એને પ્રશ્ન જ નથી થયો. આહા..હા...! સમજાણું કાંઈ ?

'પ્રથમ તો, આત્મા...' છે ને ? '**कोऽयमात्मा कथं चावाप्यत**' એમ છે ને ? સંસ્કૃતમાં છે. '**अभिहितमेतत् पुनरप्यभिधीयते। आत्मा**' સંસ્કૃતમાં '**तावत्**' શબ્દ પડ્યો છે. તો '**तावत्**' નામ પ્રથમ. એની ચીજ કહેવામાં અમારે પ્રથમ '**तावत्**' આ જરૂર છે. આહા..હા...! 'પ્રથમ તો, આત્મા...' ભગવાન આ આત્મા. આ..હા..હા...! 'ખરેખર ચૈતન્યસામાન્ય વડે...' એટલે ચૈતન્યસામાન્ય જે દ્રવ્યસામાન્ય એ વડે, એમ નહિ. પણ આ આત્મા પરથી ભિન્ન એવું સામાન્ય તત્ત્વ. આહા..હા...! આ..હા...! ભલે પર્યાયવાળું હો, પણ એ અહીં સામાન્ય તત્ત્વને સમજવા માગે છે. આહા..હા...! અરે...! આ..હા...!

'ચૈતન્યસામાન્ય વડે...' સામાન્ય એટલે કે પરથી ભિન્ન અખંડ વસ્તુ છે, એ ચૈતન્યસામાન્ય. પર્યાય પણ ભેગી છે, ગુણો પણ છે, દ્રવ્ય આદિ. એ બધું આખું તે ચૈતન્ય સામાન્ય. જ્ઞાનપ્રધાન કથન છે ને ? આ..હા...! 'ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મોનું અધિષ્ઠાતા (સ્વામી) એક દ્રવ્ય છે,...' આહા..હા...! અનંત ધર્મોનું અધિષ્ઠાન, અનંત ધર્મોનું (અધિષ્ઠાન) એક દ્રવ્ય છે. કાલે કહ્યું હતું, ૨૬૮ ગાથા. પ્રભુ ! આપ અધિષ્ઠાન કોને કહો છો ? આ આત્માને અધિષ્ઠાન કહ્યો. ભગવાનઆત્મા સત્ વસ્તુ છે, એવો સત્, આખી દુનિયાને કહેવાવાળું શબ્દબ્રહ્મ, સત્ અને આખી દુનિયા લોકાલોકવાળું વિશ્વ. વાચક સત્ અને વાચ્ય લોકાલોક – વિશ્વ, એ સત્. એ સત્‌ને જ્ઞેયાકારપણે જ્ઞેયમાં સત્ જે વાણી છે એ એવી સત્ છે અને એવું વિશ્વ છે, એવા સત્‌ને જ્ઞેયાકારના જ્ઞાનાકારપણે પરિણમે. આહા..હા...!

શબ્દ અને લોકાલોક આખી વસ્તુ. ઓ..હો..હો...! ગજબ વાત કરી છે ને ! અનંતા

સિદ્ધો એમાં – વિશ્વતત્ત્વમાં આવી જાય, અનંતા નિગોદ આવી જાય, અનંતા ત્રણકાળના સમય આવી જાય, અનંતા અનંતા એક દ્રવ્યના ગુણો પણ એ વિશ્વતત્ત્વમાં આવી જાય છે અને એની પર્યાયો છે તે પણ વિશ્વતત્ત્વમાં આવી જાય છે. કારણ કે સત્ છે એ શબ્દમાં – શબ્દબ્રહ્મ સર્વવ્યાપક એક શબ્દે બધું જણાવ્યું. તેમ એ જણાયેલી ચીજ જે વાચ્ય છે એવા અનંત દ્રવ્ય-ગુણ-પર્યાયો બધા આવ્યા. આહા..હા...!

એમ આ શરીર અને આ આત્મા, બેયની જે વર્તતી પર્યાય છે અને અહીં જ્ઞાનની વર્તતી (પર્યાય) અને આના ગુણો અને આના (–આત્માના) ગુણો, આ દ્રવ્ય અને એ દ્રવ્ય, એ બધું વિશ્વતત્ત્વમાં આવી જાય છે. આહા..હા...! એ વિશ્વતત્ત્વને જાણવાને જ્ઞાયકપણે પરિણમનારો, જ્ઞેય આકારે જ્ઞાન પરિણમે, આવો જે જ્ઞેય લોકાલોક અને શબ્દ કહેનાર જે વાચ્ય તેના જ્ઞેયપણે જ્ઞાન પરિણમે. એ સૂત્ર એટલે શબ્દો અને અર્થ એટલે પદાર્થ, બેયને જાણનારું પદ એટલે અધિષ્ઠાન તે આત્મા છે. આહા..હા...! ૨૬૮ ગાથા છે ને ? સૂત્ર, અર્થ, પદ – ત્રણ શબ્દ છે. એક જ પદના ત્રણ શબ્દ ૨૬૮માં (છે). સૂત્ર, અર્થ અને પદ. આહા..હા...! શું કહ્યું ઇ ? એને અધિષ્ઠાન – પદને ત્યાં અધિષ્ઠાન કીધું.

સૂત્ર એટલે સત્ બ્રહ્મ શબ્દ અને સત્ સારું વિશ્વ, અનંત સિદ્ધો, પંચ પરમેષ્ઠીઓ, ત્રણ કાળના, હોં ! ત્રણકાળના આત્માઓ, એની પર્યાયો, એ જે આખું વિશ્વતત્ત્વ છે તે જ્ઞેય છે અને વાણી પણ જ્ઞેય છે, એ જ્ઞેય અને વાણી જ્ઞેય, બેને આકારે પરિણમતું, ગુંથાઈ ગયેલું જ્ઞાન, એમાં આવે છે. છે ને ? ૨૬૮માં એ છે. ૨૬૮ (ગાથા). આ..હા...!

'(૧) વિશ્વનો વાચક 'સત્' લક્ષણવાળો એવો જે આખોય શબ્દબ્રહ્મ...' ૨૬૮. ઓ..હો..હો...! શું સંબંધ ને સંતોને ટૂંકી વાતમાં પણ શું કહેવું છે ? ગજબ વાતું, ભાઈ ! અરે...! કહે છે કે, 'વિશ્વનો વાચક...' કહેવાવાળો. 'વિશ્વ' શબ્દે દ્રવ્ય-ગુણ-પર્યાય, સારા ત્રણકાળ ત્રણલોકના (દ્રવ્ય-ગુણ-પર્યાય અને) પોતાના પણ દ્રવ્ય-ગુણ-પર્યાય, એ વિશ્વમાં આવે છે. અનંતા સિદ્ધો પણ વિશ્વમાં આવે છે, અનંતા નિગોદના જીવો, ત્રણ કાળના પર્યાયો, ત્રણ કાળના સમયો, ત્રણ કાળના એક દ્રવ્યના અનંત ગુણો, એ બધું વિશ્વમાં આવી જાય છે. આખી સત્ વસ્તુ છે તેમાં આવી જાય છે અને શબ્દ સત્ છે, એ શબ્દ વાચક છે, તેમાં બધું કહેવાની તાકાતવાળો એવો સત્ શબ્દ છે. આ..હા...! સમજાય છે ? આ તો સમજાય એવી વાત છે, બાપુ ! આ તો બાળકને પણ સમજાય એવી (વાત છે), ભાઈ ! પણ આ બાળકે પ્રશ્ન કર્યો તો એને આ સમજાય એવી છે, એમ કહે છે. આહા..હા...!

પ્રભુ ! તને એમ થયું હોય, ભલે આઠ વર્ષનો બાળક હો, આઠ વર્ષની બાલિકા હો પણ ભગવાન અંદર છે આ આત્મા, એમ એણે પૂછ્યું છે. આહા..હા...! પ્રભુ ! આ.. આ.. આ.. આમ કહીને આ પ્રત્યક્ષ આત્મા છે, એવો આ આત્મા (એમ કહેવું છે). આ..હા...! એ કેવો છે ? કેવડો છે ? અને કઈ રીતે પમાય ? તો સાંભળ પ્રભુ ! આહા..હા...! એ સત્ લોકાલોક... આ..હા..હા...! એમાં શરીર, શરીરના ગુણ, શરીરની પર્યાયો બધું આવી ગયું. કર્મ, કર્મના ગુણો અને કર્મની પર્યાયો, એ બધું આવી ગયું. અનંતા સિદ્ધો, એનું દ્રવ્ય, એના ગુણ ને પર્યાય બધું આવી ગયું. પંચ પરમેષ્ઠી, એના દ્રવ્ય, ગુણ ને પર્યાય બધું આવી ગયું. ઓ..હો..હો....! એવા અનંત જ્ઞેયોને.. છે ? 'બન્નેના જ્ઞેયાકારો પોતાનામાં યુગપદ્ ગુંથાઈ જવાથી...' એક સમયમાં બેયના જ્ઞેયાકારો જાણવામાં આવતા હોવાથી. ગુંથાઈ જવાથી એટલે બેય એકસાથે જણાય છે. આ..હા...!

પોતામાં 'યુગપદ્ ગુંથાઈ જવાથી (-જ્ઞાતૃતત્ત્વમાં...)' જ્ઞાતૃતત્ત્વ (એટલે) ભગવાન જ્ઞાયકતત્ત્વ. એ '(-જ્ઞાતૃતત્ત્વમાં એકીસાથે જણાતા હોવાથી)...' શબ્દબ્રહ્મ પૂર્ણ સ્વરૂપને જણાવનાર, એનું પણ જ્ઞેયાકારનું અહીં જ્ઞાન (થાય) અને અનંતા જે પદાર્થો છે, દ્રવ્ય-ગુણ, એનું પણ જ્ઞેયાકારનું જ્ઞાન (થાય). આહા..હા...! એ અનંતા જ્ઞેયનો ને અનંતા શબ્દો જે છે એને જ્ઞાનમાં જ્ઞેયાકારપણે એકસાથે જાણનારો હોવાથી. આ..હા...! સમજાય છે ? જ્ઞાતૃતત્ત્વ ભગવાનઆત્મા, એને શબ્દબ્રહ્મ અને વસ્તુ તત્ત્વ – આવું વિશ્વ, બેયનું એકીસાથે, બન્નેના જ્ઞેયાકારો પોતામાં યુગપદ્ એકસાથે ગુંથાઈ જવાથી એટલે કે એકસાથે જણાતા હોવાથી. આહા..હા...!

'તે બન્નેના અધિષ્ઠાનભૂત...' બેયનો આધાર તે ભગવાન છે. આહા..હા...! શબ્દ અને વાચ્ય આખી દુનિયા લોકાલોક, બેયના જ્ઞાનાકારે થવું એવો જે અધિષ્ઠાન આત્મા તે પદ છે. સૂત્ર અને અર્થ. સૂત્ર એટલે સત્ શબ્દ અને અર્થ આખી દુનિયા – લોકાલોક. બેયને જ્ઞેયાકારે જ્ઞાનાકારે પરિણમે એવો તે અધિષ્ઠાન, એ બેયના આધારના જ્ઞાનને જાણવાવાળો અધિષ્ઠાન ભગવાન છે. આહા..હા...! ભાઈ ! બરાબર આવ્યા ઠીક, કાલે આવી ગયું છે. આવી વાતું, બાપા ! તું કેવડો છો ? તું એવડો છો કે લોકાલોક અને શબ્દ જે શાસ્ત્રના, બાર અંગના શબ્દો... આહા..હા...! ભગવાને શ્રુત દ્વારા વાત કરી છે, ભગવાને કેવળજ્ઞાન દ્વારા વાત નથી કરી. શું કહ્યું ઇ ?

શાસ્ત્રમાં એવો પાઠ છે કે, શ્રુત દ્વારા કથન કર્યું. કારણ કે સાંભળનારને શ્રુતજ્ઞાનમાં

આવે છે અને તે ત્યાં શ્રુત દ્વારા કથન કર્યું. છે કેવળી (પણ કથન શ્રુત દ્વારા આવ્યું). આહા..હા...! સમજાણું કાંઈ ? 'ષટ્ખંડાગમ' છે એમાં આ શબ્દ છે. 'ધવલ', 'જયધવલ'માં છે ને ? પુરાણા શાસ્ત્રો. છે અહીં બધા, ૩૫ (ગ્રંથ) છે. એક એક પુસ્તક દસ-દસ, બાર-બાર રૂપિયાનું. જૂના હોં ! અત્યારે તો એની કિંમત વધી જાય. એવા ચાલીસ પુસ્તક થવાના, એમાં ૩૫ તો અહીં આવ્યા હતા. બીજા કાંઈક કરે છે. આ..હા...! એમાં એ શબ્દ છે. સમજાણું કાંઈ ? આ..હા...! વાચક અને વાચ્ય, એને જ્ઞાનાકારે જાણે, જ્ઞેયનું જ્ઞાનાકારે થવું એને અમે અધિષ્ઠાન કહીએ છીએ.

'શ્રીમદ્'માં એક પત્રમાં આવે છે. 'શ્રીમદ્'ના એક પત્રમાં આવે છે કે, એનો અધિષ્ઠાન આત્મા છે. ઇ અધિષ્ઠાન આ. ઈશ્વર એ અધિષ્ઠાન, અહીંયાં નથી લેવું. ઇ પોતે જ ઈશ્વર છે. એક પત્રમાં છે. ઘણું કરીને ૨૩મા વર્ષમાં છે. છે ? અધિષ્ઠાન છે, એમ લખ્યું છે. એ છે, એ કાંઈ બધું યાદ રહે છે ? ભાવ લક્ષમાં રહ્યો હોય. અહીં એટલો કંઈ ક્ષયોપશમ નથી કે આ પાને (આ લખ્યું છે એમ યાદ રહે). આહા..હા...! પત્રમાં 'અધિષ્ઠાન' એવો શબ્દ છે. આ અધિષ્ઠાન એટલે કોઈ ઈશ્વર સમજી લે, એ નહિ. આ ઈશ્વર, આ ઈશ્વર છે. આહા..હા...! જેમ જગતને કરનારો ઈશ્વર છે, એમ માને છે એ વાત જૂઠી છે. પણ સારા જગતનું અને શબ્દનું જ્ઞાન કરનારો એવો ભગવાનઆત્મા, એ અધિષ્ઠાન અને ઈશ્વર છે. ક્યાંક છે, ૨૩મા વર્ષમાં છે, નીચે છે. લોકો એનો અર્થ ન સમજે એટલે અધિષ્ઠાન એટલે કોઈ ઈશ્વર અધિષ્ઠાન છે, (એમ સમજી લ્યે). આ (આત્મા) અધિષ્ઠાન.

મુમુક્ષુ :– મોટો લેખ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– લેખ છે પણ આ છેલ્લી લીટીમાં છે. છે ક્યાંક. પુસ્તક છે અહીં ? નથી લાગતું અહીં. નહિ ?

તું કેવડો છો આત્મા ? આ..હા..હા...! કે લોકાલોક અને કહેનારા બાર અંગના શબ્દો સત્. એ બેયનું જ્ઞેયાકારનું જ્ઞાન થાય, એક સમયે જ્ઞાન થાય એવડો તું છો. આહા..હા...! સમજાય છે કાંઈ ? હજી તો એને બેસે નહિ. આવડા શરીરમાં આવડો આત્મા ? ભાઈ ! તારું જ્ઞાતૃતત્ત્વ તો એવું છે, જાણનારું એ તત્ત્વ પ્રભુનું, આત્માનું એવું છે કે પંચ પરમેષ્ઠી અનંતા સિદ્ધો, અનંતા નિગોદના જીવો અને આ શરીરની સ્થિતિ – પર્યાય, એ બધાને જ્ઞેયાકારપણે જાણે એવો આત્મા જ્ઞાનાકાર છે. આહા..હા...! આહા..હા...! દિગંબર સંતોએ ગજબ કામ કર્યાં છે ! વાસ્તવિક તત્ત્વ ખડું કર્યું છે. સર્વજ્ઞોએ કહ્યું તે સિદ્ધ કર્યું છે. વીતરાગી

મુનિ હતા. આહા..હા...! અનુભવી સમકિતી જ્ઞાની (હતા).

ઓલા છોકરા આડાઅવળા થયા કરે છે અને છોકરો એક વર્ષનો હોય તો રોવે. એને ખબર નથી કે આ લગ્ન છે એમાં મારે (રોવાય નહિ). એને ખબરું નથી કે, આ મારા ભાઈના લગ્ન છે. મને તો હાલરડું નાખે તો હું રાજી થાઉં. એમ અજ્ઞાનીને રમતમાં હાલરડું છે, એની રમતની વાત કરે તો રાજી થાય. પ્રભુ ! આ તો તારા લગ્ન કરવાની વાતું છે ! આહા..હા...! લગની લગાડવાની. આહા..હા...!

શાંતિ.. શાંતિ... આ ભગવાનઆત્મા, એ જ્ઞેયો લોકાલોક.. આ..હા...! ગજબ વાત છે. ખરેખર તો આ આત્મા જે શરીરની અવસ્થા જે ક્ષણે જેવી થાય, તેના જ્ઞેયાકારે જ્ઞાન પરિણમે તેવો એ આત્મા છે. સમજાય છે ? એ શરીર રોગી હોય તો તે પ્રકારનાં જ્ઞેયપણે (જ્ઞાનાકાર થાય). રોગ એટલે જડની પર્યાયમાં રોગ કહેવો કોને ? સમજાય છે કાંઈ ? રોગ કહેવો કોને ? એ તો જ્ઞેયની પર્યાય છે. આ તો લોકો નીરોગતાની અપેક્ષાએ એને રોગ કહે છે. બાકી તો એ જ્ઞેય છે તેની તે ક્ષણે તે જ પર્યાય થવાની છે, થઈ છે, તેને આ આત્મા તે ક્ષણે પોતાના સ્વપરપ્રકાશના સામર્થ્ય વડે પરના અસ્તિત્વમાં ગયા વિના, સ્વના અસ્તિત્વમાં રહીને સ્વનું જ્ઞાન અને પરનું જ્ઞાન (થાય) એવો સ્વપરપ્રકાશક પર્યાય પ્રગટ કરે છે. આહા..હા...! ભાઈ ! આવી વાતું છે. આ..હા...!

એટલે કે જેણે જ્ઞાતૃતત્ત્વ જાણ્યું, સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન થયું એવું જ્ઞાતૃતત્ત્વ કેવું એને પ્રતીતમાં આવ્યું ? આહા..હા...! અને એને જ્ઞાનમાં તે જ્ઞાન કેવડું છે એ કેમ ખ્યાલમાં આવ્યું ? આહા..હા...! એ જ્ઞાતૃતત્ત્વ ભગવાન જ્ઞાયકતત્ત્વ એની અનુભવની દૃષ્ટિ થઈને જે જ્ઞાન સ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ, એ લોકાલોકને જાણવું અને જેટલા શબ્દો છે (એ) સત્ છે, એને જાણવાપણે પરિણમે, જ્ઞેયાકારોના જ્ઞાનપણે પરિણમે, એવું સમ્યક્દૃષ્ટિને પ્રતીતમાં આવ્યું છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? વાત તો અલૌકિક છે, બાપા !

ભગવાનના દર્શન વખતે પણ જ્ઞાનીને એનું જ્ઞાન, એ જ્ઞેય છે તેવું અહીં જ્ઞાનપણે પરિણમે છે. એ મારા છે અને હું એની ભક્તિ કરું છું માટે રાગ હું છું, એમ નહિ. એ રાગ થાય છે તેનું પણ જ્ઞેયાકાર કરીને જ્ઞાન પરિણમે છે. આગળ કહેશે, અશુદ્ધનય અને શુદ્ધનય. સમજાણું કાંઈ ? આહા..હા...! રાગ પણ હોય છે, ચૈતન્યસામાન્ય શબ્દ કીધો ને ? એમાં રાગ પણ હોય છે, વીતરાગતા પણ હોય છે, અશુદ્ધતા પણ હોય છે, શુદ્ધતા પણ હોય છે. શુદ્ધ ને અશુદ્ધ બે નય લીધી છે. શુદ્ધનયથી ત્રિકાળી જોવે તો વસ્તુ ચૈતન્યપ્રકાશની

મૂર્તિ છે. અશુદ્ધનયથી પર્યાયમાં અશુદ્ધતા છે એનાથી આમ જોવે તો એ શુદ્ધ ચૈતન્યપ્રકાશ છે. આહા..હા...! અરે..રે...! આવી વાત ! આવડો આત્મા એ એને દૃષ્ટિમાં ન આવે. આ..હા...! તે વિના સમ્યક્ – સત્ય દૃષ્ટિ, જેવું સત્ય છે તેવી દૃષ્ટિ ક્યાંથી થાય ? આ..હા...! સમજાય છે કાંઈ ? ઓ..હો...!

ભગવાનના વિરહ પડ્યા પણ ભૂલાવી દીધા, સંતોએ વિરહ ભૂલાવી દીધા. જે ભગવાનને કહેવું હતું તે જ પોતે કહી રહ્યા છે. આહા..હા...! પ્રભુ ! તું કેવડો છો ? કે, પ્રભુ ! તું કેવડો છો ? એવું જેણે પૂછ્યું એને કહે છે કે, પ્રભુ ! તું એવડો છો. આહા..હા...! કે લોકાલોક ને પંચ પરમેષ્ઠી આદિ કે નિગોદના જીવો, એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, પંચેન્દ્રિય આદિ અને અનંતા પરમાણુ અને અનંતા સ્કંધો.. આ..હા...! તે જ્ઞેય છે. કેમકે 'જ્ઞેયશક્તિ દ્વિવિધ પ્રકાશી' આ..હા...! 'તાતૈં વચનભેદ ભ્રમ ભારી' કે આ પરને પ્રકાશે છે. પણ એ પરને પ્રકાશતો નથી, પરની ચીજ જેવી છે તેવું જ્ઞાન પોતે પરિણમે છે એ પોતાને પ્રકાશે છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

જુવાનોને પણ જાણવા જેવી વાત છે, ભાઈ ! આ જુવાની વિંખાઈ જશે, પ્રભુ ! અહીં તો કહે છે કે, જુવાનીની જે શરીરની પર્યાય (છે) એ જ્ઞેયમાં – વિશ્વમાં જાય છે. તેથી તેના જ્ઞેયના આકારપણે જ્ઞાન પરિણમે, એવો એ આત્મા છે. આહા..હા...! સમજાણું કાંઈ ? ભાઈ ! આ તો જુવાનિયા (હોય કે) બાળક (હોય) બાપા ! બધાને સમજવા જેવી વાત છે. અને આત્મા બાળક પણ નથી, યુવાન ને વૃદ્ધ પણ નથી. આ શરીરની અવસ્થા છે, પણ એ શરીરની અવસ્થા જે ક્ષણે જેવી છે તેવું એ જ્ઞેય છે તેને આકારે જ્ઞાન પરિણમે એવો તું તો છો. આહા..હા...! એ રોગની અવસ્થા તું નહિ. પણ રોગની અવસ્થાનું જે જ્ઞેયપણું છે તેને જ્ઞાનાકારે જ્ઞાન પરિણમે તેવડો તું છો. આહા..હા...! ભગવાન મહાત્મા, એમ કહ્યું છે ને ભાઈએ ? એક શબ્દમાં ક્યાંક (છે). એકપણે મહાત્મા કહીએ, બેપણે ત્રસ ને સ્થાવર ને વગેરે વગેરે શબ્દ છે. આહા..હા...! એકથી દસ બોલ લીધા છે ને ? એ તો બધા થઈને એક આત્મા એમ ગણીને મહાત્મા લીધા છે.

અહીં તો એક જ મહાત્મા પ્રભુ છે. મહત્ એવડો આત્મા છે. મહ્ – મોટો કે લોકાલોક ને શબ્દને એક સમયમાં જ્ઞેયાકારને જ્ઞાનપણે પરિણમે એવો પ્રભુ પર્યાયમાં ... છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! ભગવાનના દર્શન કાળે જે શુભભાવ થાય એ એનાથી થયો નથી. એની અશુદ્ધ પર્યાયની નયે અશુદ્ધતા થઈ અને તે અશુદ્ધનયથી લક્ષ કરીને અંતરમાં

જુએ તો એ ચૈતન્યપ્રકાશ છે એમ દેખવામાં આવે, એમ કહે છે. ત્યાં ન ઊભા રહેવું. રાગમાં, અશુદ્ધતામાં, નિમિત્તમાં ન જવું પણ ત્યાંથી ખસીને ચૈતન્યને એક નયથી અંદર જોવા જાય તો ચૈતન્યપ્રકાશ (દેખાય). આગળ કહે છે ને ? ભાઈ ! નયથી જોવે તો એ અંદર ચૈતન્યપ્રકાશમય ભગવાન દેખાય, પ્રમાણથી જોવે તોપણ આખો ચૈતન્યપ્રકાશ દેખાય. આહા..હા...! આવી વાતું છે. દિગંબર સંતો સિવાય આવી વાત ક્યાંય મળે એવું નથી. શું કહીએ ? આ..હા...! પરમાત્માને ખડો કર્યો છે !

પ્રભુ ! તું પરમસ્વરૂપે (બિરાજે છે). એ લોકાલોક ને શબ્દો, તેના જ્ઞાનપણે એક સમયમાં ગુંથાઈ જાય, ભેગું જ્ઞાન થાય એવડો છો. પર્યાયમાં એવડો છો, હોં ! આહા..હા...! એ પર્યાયમાં દ્રવ્ય-ગુણનું જ્ઞાન આવી ગયું. પોતાના દ્રવ્ય-ગુણનું આવી ગયું, પરના દ્રવ્ય-ગુણનું આવી ગયું. ભલે એ પર્યાયમાં દ્રવ્ય-ગુણ આવે નહિ પણ પર્યાયમાં દ્રવ્ય-ગુણનું જ્ઞાન આવી ગયું. આહા..હા...! એ તો આપણે અલિંગગ્રહણમાં આવી ગયું ને ? અલિંગગ્રહણ. ભગવાનઆત્મા જ્યારે એને વેદનની દશામાં આવે છે, ત્રિકાળીને જોતાં, ધ્રુવને ધ્યેયમાં લેતા તેની પર્યાયમાં આનંદનું વેદન આવે છે. એ આનંદ વેદન છે તે દ્રવ્યને સ્પર્શતું નથી. આહા..હા...! એ આત્મા વેદનમાં આવ્યો એ આત્મા દ્રવ્યને સ્પર્શતો નથી, એમ કહે છે. એ આત્મા, હોં ! શબ્દ પાછો એમ છે ને ? ભાઈ ! આત્મા (કહ્યો). આહા..હા...!

આ ભગવાનઆત્મા, એના ધ્યેય ને ધ્રુવમાં જ્યાં દૃષ્ટિ પડી ત્યારે તેના પરિણમનમાં આનંદનું વેદન આવ્યું. અનંતા ગુણો વ્યક્તપણે (પરિણમ્યા). અનુભવમાં આનંદની મુખ્યતા છે. સમજાય છે કાંઈ ? 'અનુભવપ્રકાશ'માં 'દીપચંદજી'એ કહ્યું છે. અનુભવમાં આનંદની મુખ્યતા છે, ગૌણતાએ બધી પર્યાયનો અનુભવ છે. પણ આનંદની મુખ્યતા છે. આહા..હા...! જેને દ્રવ્ય આત્મા ધ્રુવ ચિદાનંદ પ્રભુ, એની જેને અંતરદૃષ્ટિ થઈ, સમ્યગ્દર્શન (થયું), આહા..હા...! તે ધ્રુવના ધ્યેયવાળાને પર્યાયમાં આનંદ આવે. એ આનંદ આવે એ આત્મા. આહા..હા...! આવી વાતું (છે). આહા..હા...! તેથી ત્યાં એમ કહ્યું છે કે, આનંદના વેદનવાળો આત્મા, સામાન્ય જે ત્રિકાળી દ્રવ્યને અડતો નથી. આત્મા, હોં ! પાછો, એમ ભાષા છે.

આ ભગવાનઆત્મા ધ્રુવના ધ્યેય અને દૃષ્ટિએ ગયો ત્યારે તેને પર્યાયમાં આનંદનું, શાંતિનું, સ્વચ્છતાનું, પ્રભુતાનું વેદન આવ્યું, એ વેદન આત્મા અને એ વેદનમાં આત્મા એ સામાન્યને અડતો નથી. આહા..હા...! આરે.. આરે...! આવી વાતું. કેમકે વેદનમાં ધ્રુવ આવતો નથી. આ..હા...! અરે...! જ્ઞાનની પર્યાયમાં પણ જ્ઞેય સારુ આવું પૂર્ણ તત્ત્વ, પર્યાયમાં લોકાલોક

ને દ્રવ્ય-ગુણ પોતે છે, એ પણ જ્ઞાનાકારમાં આવી ગયું. પોતે દ્રવ્ય જેવડું છે તેટલું જ્ઞાનાકારે (જ્ઞાનમાં આવી ગયું). એ પણ સ્વ તરીકે જ્ઞેય છે ને ? આ..હા...! એ સ્વજ્ઞેય જે દ્રવ્ય જેવડું અને ગુણ જેવડા છે, અનંત ગુણ (જેવડા છે), એવું એની જ્ઞાનની પર્યાયમાં જણાઈ ગયું, એ વસ્તુ પર્યાયમાં ન આવી. સમજાય છે કાંઈ ? પણ પર્યાયમાં કેટલી તાકાતવાળું (તત્ત્વ) છે તેવું જ્ઞાનપર્યાયમાં આવી ગયું. આહા..હા...! અને શ્રદ્ધામાં – સમ્યગ્દર્શનમાં એ ચીજ આવી નહિ, પણ એ ચીજ જેટલી છે તેટલી શ્રદ્ધા પર્યાયમાં આવી ગઈ. આહા..હા...! અને વેદન પર્યાયમાં ધ્રુવ આવ્યું નહિ, પણ આખા ધ્રુવની – શક્તિની જે તાકાત છે, એની પર્યાયમાં – વેદનમાં પર્યાય આવી ગઈ. આહા..હા...! આરે...! આવી વાતું હવે. ભાઈ ! આમાં ક્યાં તમારા વૈષ્ણવ-ફૈષ્ણવમાં ક્યાંય (આવે છે) ? આ (વાત) ક્યાં છે ? બાપુ ! આહા..હા...! બહુ આકરું લાગે લોકોને. શ્વેતાંબર અને સ્થાનકવાસીમાં જૈનપણું આવ્યું નથી. આ જૈનપણું. આહા..હા...!

જેને કહે છે કે, દયાનો ભાવ આવ્યો એને પણ જ્ઞેયાકારે આત્મા જ્ઞાનરૂપે પરિણમે તે આત્મા છે. દયાનો ભાવ છે એ તો રાગ છે. એ ખરેખર તો સ્વરૂપની હિંસા છે. પણ આને રાગ આવ્યો તે જ્ઞેયમાં જતાં એ બધા જ્ઞેયમાં લોકાલોક ને જ્ઞેયમાં રાગ આવી ગયો. આહા..હા...! એ રાગ જ્ઞેય તરીકે થઈ, (પણ) છે પોતાની પર્યાયમાં. નય પણ, અશુદ્ધનય પણ આ અશુદ્ધ છે એવું જ્ઞાન કરીને અંતરમાં જાય તો શુદ્ધ ચૈતન્યપ્રકાશવાળી છે. આહા..હા...!

એ કહે છે, વસ્તુ ભગવાનઆત્મા જ્ઞાતૃતત્ત્વ છે, જાણનારું તત્ત્વ છે, તે એની પર્યાયમાં.. આહા..હા...! એની પર્યાયમાં, હોં ! લોકાલોક અને શબ્દો ભગવાનના કહેલા જેટલા સત્ (છે) એ બધાનું જ્ઞેયાકારે પોતામાં યુગપદ્ એકસાથે જણાઈ જવાથી 'તે બન્નેના અધિષ્ઠાનભૂત...' એ બન્નેનો આધાર ભગવાન છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આ 'સંવર (અધિકાર)'માં કહ્યું છે ને ? ભાઈ ! કે, 'ઉપયોગમાં ઉપયોગ છે' જે નિર્મળ પરિણતિ થઈ છે તેમાં આત્મા છે. કારણે એના વડે જણાણો છે. સમજાય છે કાંઈ ? અહીં તો અશુદ્ધ રાગ પણ સાથે લીધો છે. એ બધું સામાન્ય દ્રવ્ય છે એમાં અશુદ્ધતા અને શુદ્ધતા, બધી પર્યાયનો સમૂહ છે. પણ એક નયે જે અશુદ્ધતા આદિ જાણવામાં આવે એ નય કોની ? એ અશુદ્ધતા ક્યાં શેમાં શેની છે ? કે, દ્રવ્યમાં. એ દ્રવ્યની પર્યાય છે. એમ પર્યાયનું લક્ષ કરીને દ્રવ્ય ઉપર જુએ તો તેને શુદ્ધ ચૈતન્યપ્રકાશ જાણવામાં આવે. આહા..હા...! સમજાય છે કાંઈ ? અરે..રે...! પ્રભુના વિરહ પડ્યા પણ વાણીએ વિરહ ભૂલાવી દીધા. આહા..હા...!

નિઃસંદેહ ચીજ આ છે, એવી અહીંયાં ખાત્રી કરાવે છે. આ..હા...! અને કરવાનું તો એ છે. ભાઈ ! (ભાઈ) સવારે કહેતા હતા, કરવાનું તો આ છે. આ..હા...! અરે...! દેહ છૂટશે, પ્રભુ ! ક્યાં જઈશ ? આવો આત્મા જો દૃષ્ટિમાં ન લીધો, તો પ્રભુ આત્માપણે નહિ રહી શકે. ચાર ગતિમાં રખડવામાં રહીશ. આહા..હા...!

એ અધિષ્ઠાન કીધો. સમજાણું ? કોણ ? ત્રણ શબ્દ છે – સૂત્ર, અર્થ અને પદ. ૨૬૮ (ગાથા). એ સૂત્ર એટલે શબ્દો, અર્થ એટલે લોકાલોક પદાર્થ, તેનું પદ. એનો આધાર – અધિષ્ઠાન ભગવાન છે. આ..હા...! ૨૬૮માં છે ને ? ભાઈ ! સૂત્ર, અર્થ અને પદ – ત્રણ શબ્દમાં આ છે. સૂત્ર એટલે શબ્દો. 'છે' એવા કહેનારા શબ્દો. આ..હા...! અને અર્થ એટલે તેમાં કહેલો વાચ્ય પદાર્થ, લોકાલોક. તેને જાણનારો અધિષ્ઠાન ભગવાનઆત્મા છે. એ પદ, પદનો અર્થ એ છે. સૂત્ર, અર્થ અને પદ – ત્રણના આ અર્થ છે. આહા..હા...! 'કુંદકુંદાચાર્યે' ગજબ કામ કર્યું છે ! પ્રભુ ! આ..હા...! ત્રણ શબ્દમાં તો કેટલું ભર્યું છે ! સૂત્રમાં શબ્દબ્રહ્મ સમાડી દીધો, અર્થમાં લોકાલોક – પરમેશ્વર, પોતાનો આત્મા, પરમેશ્વરો, અનંત જ્ઞેયો લોકાલોક સમાડી દીધા. આહા..હા...! તે લોકાલોક અને શબ્દ, તેને જાણનારું પદ એટલે આત્મા અધિષ્ઠાન છે. ઓલા કહે છે કે, કર્તા ઈશ્વર છે. આ કહે છે કે, બધાનો આધાર જાણનારો તે અધિષ્ઠાન આત્મા છે. આહા..હા...! ધન્ય અવતાર ! આહા..હા...! મુનિપણું થઈને અવતાર સફળ કર્યા. એ મુનિપણું કેવું ? બાપુ ! આહા..હા...! આ ક્રિયા કરો ને આ કરો ને તે કરો, નાગા થાઓ એ કંઈ મુનિપણું છે ? આ..હા...!

અહીં તો એ રાગનો ભાવ આવે અને નગ્નપણું દેહમાં થાય તે જ્ઞેય છે, તેના જ્ઞેયાકારપણે આત્મા પરિણમે એ આત્મા છે. સમજાણું કાંઈ ? આહા..હા...! શું વસ્તુ ! એ અધિષ્ઠાનભૂત. આપણે અત્યારે અહીં આવ્યું ને ? અધિષ્ઠાતા. આહા..હા...! 'ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મોનો અધિષ્ઠાતા...' આ ચાલતો વિષય. ઓલો તો આધાર બતાવ્યો. વિશ્વ ને શબ્દોનું સ્વરૂપ જાણનારું જ્ઞાન છે, એને કરનારું નહિ. વિશ્વની કોઈ ચીજને કરનારું નહિ. એમ શબ્દને કરનારું નહિ. આહા..હા...! ભાઈ ! આવી વસ્તુ છે. આ..હા...! ભગવાન એટલી તાકાતવાળો છે, એવડો છે કે પર્યાયમાં લોકાલોક ને શબ્દને જાણનારો, એને અડ્યા વિના, એની હયાતી છે માટે જાણે છે એમ પણ નહિ, પોતાની હયાતીમાં, ચૈતન્યની પર્યાયમાં લોકાલોકને અને શબ્દને એકસાથે જાણનારો એવો તે ભગવાન અધિષ્ઠાન છે. આહા..હા...! છે એમાં ? હિન્દીવાળાને સમજાય છે કે નહિ ? આ..હા...! ગુજરાતીમાં જેવું સ્પષ્ટ આવે એવું હિન્દીમાં

ન આવે. આવે એની વાત છે ને ? એ વાણી આવે છે તે પણ જ્ઞેય તરીકે છે એને બધા જ્ઞેયોને જાણવામાં જેમ જ્ઞેયાકાર થાય છે એને પણ જાણવામાં જ્ઞાન જ્ઞાનાકાર થાય છે. જ્ઞેયાકાર થઈને, છે ને ? આ..હા...!

'ખરેખર ચૈતન્યસામાન્ય વડે...' સામાન્યનો અર્થ અહીંયાં એકલું દ્રવ્ય (કે) ધ્રુવ, એમ ન લેવું. આખો દ્રવ્ય-ગુણ ને પર્યાય એ સામાન્ય. એમાં અનંતા ધર્મો વ્યાપેલા છે. ત્યાં તો અશુદ્ધતા પણ ધર્મી તરીકે કહેશે. આહા.હા...! ત્યાં તો વ્યવહારથી મોક્ષ થાય એવું પણ કહેશે. એવો એક ધર્મ ગણીને કહેશે. એ એકસાથે, હોં ! વ્યવહારથી કો'કને થાય અને નિશ્ચયથી (કો'કને થાય), એમ નહિ. એ ક્રિયાનયથી અને જ્ઞાનનયથી થાય એ પણ એક સમયમાં એ યોગ ગણીને દ્રવ્ય ગણ્યું છે. કોઈને ક્રિયાનયથી ધર્મ થાય અને કોઈને જ્ઞાનનયથી (થાય), એમ નહિ. કાલે આવશે. આહા..હા...!

અહીં તો એક સમયમાં જ્ઞાનની પર્યાયમાં એ બધા જે રાગાદિ ક્રિયા જે જ્ઞેય છે, આ..હા...! એને પોતાના સ્વભાવથી શબ્દોને અને એ જ્ઞેયોને જ્ઞેયાકાર થઈને જાણે એવો એ આત્મા છે. જાણે એવો આત્મા છે. ભલે અશુદ્ધતા હો, પણ અશુદ્ધતાને જાણે, જ્ઞેયાકારપણે (એવો આત્મા છે). મારામાં અશુદ્ધતા છે એમ જાણે. અને એ રાગ થાય છે તેનો કર્તા હું છું. આ દૃષ્ટિનો વિષય જુદો છે, અત્યારે જ્ઞાનનો વિષય જુદો છે. રાગ જે પરિણમે છે તે મારામાં એક ધર્મ છે, એવી યોગ્યતાવાળો (ધર્મ છે). આહા..હા...! તેને જ્ઞાન જાણે છે. આ રાગ પરિણમે છે, જીવ રાગપણે પરિણમે છે અને રાગનો ભોક્તા (છે), વેદે છે, એવો એક નય છે, એનો અધિષ્ઠાતા ભગવાન છે. આહા..હા...! આવી વાત છે. ઘણી ગૂઢ વાત ! આ..હા...! સંતોએ તો કમાલ કરી નાખી છે !! આ..હા...! જેની પાત્રતા છે, એવો એનો પ્રશ્ન હોય એને માટે આ કહેવામાં આવ્યું છે. આ..હા...!

'અધિષ્ઠાતા (સ્વામી)...' દેખો ! એ રાગ થાય એનો એ સ્વામી છે. ૪૭ શક્તિમાં એક સ્વસ્વામી (શક્તિ) લીધી. ત્યાં આગળ આ અશુદ્ધતા ન આવે. ત્યાં દૃષ્ટિપ્રધાન, શક્તિપ્રધાન, દ્રવ્યપ્રધાનના કથન છે. ત્યાં સ્વસ્વામીસંબંધશક્તિ(માં) અશુદ્ધતા ન આવે. ત્યાં તો દ્રવ્ય, ગુણ ને પર્યાય સ્વ જે શુદ્ધ, તેનો એ સ્વામી (છે), એવો એક એનામાં ગુણ છે. એમાં આ અશુદ્ધતાનો સ્વામી એ દ્રવ્યદૃષ્ટિમાં ન આવે. જ્ઞાનમાં આવે. દૃષ્ટિ થતાં સાથે જે જ્ઞાન થયું, એ જ્ઞાન અશુદ્ધતા મારામાં છે અને અશુદ્ધતાનો ધર્મ – યોગ્યતા મેં રાખી છે પણ તેનો પણ હું જ્ઞાનાકારમાં, જ્ઞાન જ્ઞેયાકારમાં જ્ઞાનપણે પરિણમે એવો હું છું. આવી

વાતું હવે. ભાઈ ! તારું પ્રભુત્વ કોઈ જુદી ચીજ છે. તારી પ્રભુતાની વાતું કોઈ અલૌકિક છે. જગતની પ્રભુતામાં પ્રભુ તું નથી આવતો. જગતની પ્રભુતાને પણ જ્ઞેય તરીકે જ્ઞાનમાં જાણે એવો એ ભગવાન છે. આહા..હા...! ચક્રવર્તીનું રાજ, ઇન્દ્રનું ઇન્દ્રાસન, કરોડો અપ્સરાઓ કહે છે કે, એ બધું જ્ઞેય છે. તે જ્ઞેયને જ્ઞાનાકારે પરિણમે તેવો ભગવાનઆત્મા છે. એ કોઈ ચીજને મારી માને અને બીજાથી મને સુખ થાય, એ આત્મા નહિ. આહા..હા...! બીજાથી મને કાંઈક સુખ થાય... આહા..હા...! અને બીજા મારા થાય, એવું આત્મામાં નથી. પણ જેને એ મારા માને છે તે જ્ઞેય તરીકે રહીને તેનો જ્ઞાનાકાર થાય એવો એ આત્મા છે. આહા..હા...! આ મારી બાયડી છે ને આ મારા છોકરા છે (એવું એમાં નથી). આહા..હા...! એ બધા જ્ઞેયમાં ગયા. લોકાલોક જે જ્ઞેય છે તેમાં ગયા. આહા..હા...!

એ બધા ધર્મોમાં વ્યાપ્ત એવો 'અધિષ્ઠાતા (સ્વામી) એક દ્રવ્ય છે,...' એક દ્રવ્ય છે. અનંતા ગુણમાં વ્યાપનારો પણ દ્રવ્ય એક છે. 'કારણ કે અનંત ધર્મોમાં...' આ સમજાય એવી સાદી ભાષા (છે), પ્રભુ ! બેનું, દીકરીયું, માતાઓને પણ પકડાય એવું છે. અરે...! એને ગરજ થાય, બાપુ ! આ ભવભ્રમણ કરીને દુઃખી છે, એ ક્યાં સુખના સડકા બાહ્યમાં લ્યે છે ? પ્રભુ ! સુખ તો પ્રભુ ! તારામાં ભર્યું છે ને ! અરે... પ્રભુ ! તને હોંશું શેની આવે છે ? પરમાં હોંશું આવે એ મસાણમાં બળી જવા જેવી હોંશ છે. આહા..હા...! અહીં તો કહે છે, કદાચિત્ જ્ઞાનીને અશુદ્ધતા પણ આવી, પણ એ ધર્મ મારો છે, વ્યાપક છે પણ એને જાણતું જ્ઞાન દ્રવ્ય ઉપર જાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

'અનંત ધર્મોમાં વ્યાપનારા જે અનંત નયો...' એટલે કે એક એક નય એક એક ધર્મને જાણે. એવા અનંત ધર્મો આત્મામાં છે. ધર્મ નામ ધારી રાખેલા ભાવ. ધર્મ એટલે ધારી રાખેલા ભાવ. પછી શુદ્ધતા હો કે અશુદ્ધતા, પણ એ ધારી રાખેલો ભાવ (છે). સમજાણું કાંઈ ? આહા..હા...! અનંત ધર્મો. ધર્મ એટલે પર્યાય તરીકે, ગુણ તરીકે, દ્રવ્ય તરીકે ધર્મ છે (એ) એના ધારી રાખેલા છે. એવા અનંત ધર્મો. ધર્મો એટલે શુદ્ધતા એક ધર્મ, અશુદ્ધતા પણ એક ધર્મ. આહા..હા...! એ બધા એના પોતામાં ધારી રાખેલા છે. અહીં પરને લઈને કોઈ વાતું નથી. આહા..હા...! અશુદ્ધતા પણ કર્મથી થઈ છે, અહીં વાત નથી. અશુદ્ધતા પણ મારામાં મેં ધારી રાખી છે, એવો એક ધર્મ મારામાં છે. આહા..હા...! આ બધી તકરારું કે, નહિ, અશુદ્ધતા થાય એ કર્મને લઈને થાય. આહા..હા...!

મુમુક્ષુ :– ભાવકર્મ પોતે...

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભાવકર્મ પણ પોતાની પર્યાયનો પોતાનો ધર્મ છે. ધર્મ એટલે આ મોક્ષનો માર્ગ, એમ ધર્મ નહિ. ધારી રાખેલી પર્યાયને એવો મારો ધર્મ છે. હવે આ વાણિયાને વખત મળે નહિ. સત્યની તુલના કરીને નિર્ણય કરવો. આહા..હા...! છોકરાઓ આવ્યા છે કે નહિ ? છોકરાઓ આવ્યા છે. બાપા ! આ તો ભારે કરી. બાપુ ! આવી વાત (છે), ભાઈ !

તું કેવડો છો ? કોણ છો ? એ લોકાલોક અને શબ્દને જ્ઞેયાકારપણે જ્ઞાન કરે તેવડો તું છો. કોઈનું કરી દ્યે અને કોઈથી લે, એવો તું નથી. આહા..હા...! ગુરુ ને દેવ ને શાસ્ત્ર, એ પણ લોકાલોકના જ્ઞેયમાં ગયા. સમજાય છે કાંઈ ? એ જ્ઞેયને જ્ઞાનાકારપણે જ્ઞાન જાણે એવડો તું છો. 'અનંત નયો તેમાં વ્યાપનારું જે એક શ્રુતજ્ઞાનસ્વરૂપ...' હવે એક એક ધર્મ છે એને જાણનારો એક નય. પણ અનંત બધા ધર્મ છે, સામાન્ય અને વિશેષ, બધાને જાણનારું 'શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ...' આખું શ્રુતજ્ઞાન પ્રમાણ. નય છે તે પ્રમાણનો એક અવયવ છે. શ્રુતપ્રમાણ છે તે અવયવી છે. જેમ આ શરીર આખું છે તે અવયવી છે અને હાથ, પગ છે એ અવયવ છે. એમ શ્રુતજ્ઞાનપ્રમાણ છે તે આખા લોકાલોક ને આખા દ્રવ્ય-ગુણ-પર્યાય બધાને એકસાથે જાણે. પર્યાયને જાણે, દ્રવ્યને જાણે, તેવું એ પ્રમાણ અનંત ધર્મોને એકસાથે જાણે એને અહીંયાં પ્રમાણ કહેવામાં આવે છે. ઝીણું છે, પ્રભુ ! તારી વાતું આકરી, ભાઈ ! આહા..હા...! એ દુર્લભ છે પણ અશક્ય નથી. બોધિદુર્લભભાવના કહ્યું છે ને ? બોધિદુર્લભ. પણ તારે માટે અશક્ય નથી, પ્રભુ ! તું કેવડો છો ? આ..હા..હા...!

'અનંત નયો તેમાં વ્યાપનારું જે એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે...' પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે '(તે આત્મદ્રવ્ય) પ્રમેય થાય છે (–જણાય છે).' એ પ્રમાણપૂર્વક આત્મદ્રવ્ય પ્રમેય (થાય છે). પ્રમાણ પોતે અને પ્રમેય દ્રવ્ય થાય છે. એ પ્રમેયમાં તો અશુદ્ધતા પણ આવી, શુદ્ધતા પણ આવી. ૪૭ નય છે એવી અનંતી નયો (એ બધી આવી ગઈ). આહા..હા...! એ શ્રુતજ્ઞાનપ્રમાણ દ્વારા. ભાવશ્રુતજ્ઞાન, હોં ! આ શબ્દો-બબ્દો નહિ, એ શબ્દો તો પરમાં ગયા. આહા..હા...! આ તો જ્યાં-ત્યાં અભિમાન (કરે), આ મેં સમજાવ્યું, મારી ભાષા, હું વક્તા, મને ઘણું કંઠસ્થ રહે છે. અરે...! પ્રભુ ! શું કરે છે તું આ ? કંઠસ્થ – અહીં ગળામાં રહે છે. તારા આત્મામાં છે નહિ. આહા..હા...!

'પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે (તે આત્મદ્રવ્ય)...' આહા..હા...! 'પ્રમેય થાય છે...' પ્ર-મેય – મેય (એટલે) જ્ઞાનમાં જણાય છે. પ્રમાણજ્ઞાન વડે આખું પ્રમેય, પ્ર–વિશેષે, મેય –

માપમાં આવી જાય છે. આખી ચીજ તેના પ્રમાણજ્ઞાનમાં માપમાં આવી જાય છે. જેમ માપમાં દસ શેર મણ માપ છે ને ? એમ આ પ્રમાણના માપમાં સારું પ્રમેય આવી જાય છે. એને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. **વિશેષ નય કહેશે...**

શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !

**तत्तु द्रव्यनयेन पटमात्रवच्चिन्मात्रम् १। पर्यायनयेन तन्तुमात्रवद्दर्शनज्ञानादिमात्रम्। २। अस्तित्वनयेनायोमयगुणकार्मुकान्तरालवर्तिसंहितावस्थलक्ष्योन्मुखविशिखवत् स्वद्रव्यक्षेत्रकालभावैरस्तित्ववत् ३। नास्तित्वनयेनानयोमयागुणकार्मुकान्तरालवर्त्यसंहितावस्थालक्ष्योन्मुखप्राक्तनविशिखवत् परद्रव्यक्षेत्रकालभावैर्नास्तित्ववत् ४।**

---

તે આત્મદ્રવ્ય દ્રવ્યનયે, પટમાત્રની માફક ચિન્માત્ર છે (અર્થાત્ આત્મા દ્રવ્યનયે ચૈતન્યમાત્ર છે, જેમ વસ્ત્ર વસ્ત્રમાત્ર છે તેમ). ૧.

આત્મદ્રવ્ય પર્યાયનયે, તંતુમાત્રની માફક, દર્શનજ્ઞાનાદિમાત્ર છે (અર્થાત્ આત્મા પર્યાયનયે દર્શનજ્ઞાનચારિત્રાદિમાત્ર છે, જેમ વસ્ત્ર તંતુમાત્ર છે તેમ). ૨.

આત્મદ્રવ્ય અસ્તિત્વનયે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું છે;-લોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા અને લક્ષ્યોન્મુખ તીરની માફક. (જેમ કોઈ તીર સ્વદ્રવ્યથી લોહમય છે, સ્વક્ષેત્રથી દોરી ને કામઠાના વચગાળામાં રહેલું છે, સ્વકાળથી સંધાન-દશામાં છે અર્થાત્ ધનુષ્ય પર ચડાવીને ખેંચાયેલી સ્થિતિમાં છે અને સ્વભાવથી લક્ષ્યોન્મુખ છે અર્થાત્ નિશાનની સન્મુખ છે, તેમ આત્મા અસ્તિત્વનયે સ્વચતુષ્ટયથી અસ્તિત્વવાળો છે) ૩.

આત્મદ્રવ્ય નાસ્તિત્વનયે પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિત્વવાળું છે;-અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને અલક્ષ્યોન્મુખ એવા પહેલાનાં તીરની માફક. (જેમ પહેલાનું તીર અન્ય તીરના દ્રવ્યની અપેક્ષાથી અલોહમય છે, અન્ય તીરના ક્ષેત્રની અપેક્ષાથી દોરી ને કામઠાના વચગાળામાં નહિ રહેલું છે, અન્ય તીરના કાળની અપેક્ષાથી સંધાયેલી સ્થિતિમાં નહિ રહેલું છે અને અન્ય તીરના ભાવની અપેક્ષાથી અલક્ષ્યોન્મુખ છે, તેમ આત્મા નાસ્તિત્વનયે પરચતુષ્ટયથી નાસ્તિત્વવાળો છે) ૪.

## ભાદરવા સુદ ૧૨, સોમવાર
## તા. ૦૩-૦૯-૧૯૭૯
## નય ૧થી ૪, પ્રવચન નં. ૨૬૦

'પ્રવચનસાર', નયનો અધિકાર છે. આત્મા છે એ અનંત ગુણ અને પર્યાયમાં વ્યાપક છે. એમાં એક એક ધર્મ એક એક નયથી જણાય, પણ એક એક નય એક એક ધર્મને જાણતા પણ એનું લક્ષ પાછું દ્રવ્ય ઉપર જાવું જોઈએ. આ..હા...! એક નયથી એક ધર્મને જોવે તોપણ તે દ્રવ્ય ઉપર દૃષ્ટિ જવી જોઈએ અને પ્રમાણથી સારા નયના સમુદાયને જોવે તોપણ તેને અંતર દ્રવ્ય ઉપર, ચૈતન્યપ્રકાશમાં જવું જોઈએ. આહા..હા...! અરે...! આ કરવાનું છે. બાકી બધી વાતું છે. આહા..હા...! સ્વસન્મુખ થવાનું છે. એ આવશે. ભાવમાં એ લક્ષમાં આવ્યું, ભાઈ ! આહા..હા...!

પહેલા બે બોલ છે. પહેલા આવી ગયું ને ? 'આત્મા ખરેખર ચૈતન્યસામાન્ય વડે...' ચૈતન્યસામાન્ય એટલે કે આખી વસ્તુ વડે. દ્રવ્ય અને પર્યાય. 'અનંત ધર્મોનું અધિષ્ઠાતા...' ભાઈએ આમાં – 'શ્રીમદ્'માંથી કાઢ્યું હતું. છે, મેં કહ્યું હતું ને એમાં છે. અધિષ્ઠાન – તે અધિષ્ઠાન આત્મા હૃદયમાં જોઉં છું એ અધિષ્ઠાન, એમ કહ્યું છે. આહા..હા...! છે ? જુઓ !

'જગતનું કોઈ 'અધિષ્ઠાન' હોવું જોઈએ,...' (૨૪મું વર્ષ, ૨૧૮ પત્ર). 'સોભાગભાઈ' ઉપરનો પત્ર છે. 'પરમ પૂજ્ય શ્રીસોભાગભાઈ' એમ શબ્દ છે. આ..હા...! 'સત્ સત્ છે, સરળ છે. સુગમ છે તેની પ્રાપ્તિ સર્વત્ર હોય છે.' અને 'સત્ છે. કાળથી તેને બાધા નથી, તે સર્વનું અધિષ્ઠાન છે.' પહેલા આવે છે. ઓલું છેલ્લું આવે છે, ઓલું પહેલા આવે છે. સર્વનું અધિષ્ઠાન છે. આહા..હા...! 'શ્રીમદ્'નો ક્ષયોપશમ ઘણો ! નાની ઉંમરમાં ઘણું લઈને આવેલા. આ..હા...! ભાષા તો જુઓ ! 'સત્ છે. કાળથી તેને બાધા નથી. તે સર્વનું અધિષ્ઠાન

છે.' અહીં કહ્યું ને ? ભાઈ ! અધિષ્ઠાન છે. કીધું ને આ ? આપણે કાલે આ હાથ નહોતું આવ્યું. (આ ભાઈએ) કાઢ્યું.

અનંત ધર્મોનું અધિષ્ઠાતા છે. આહા..હા...! ગુણ અને પર્યાયો જે અનંત છે તેનો તે આધાર – અધિષ્ઠાતા, સ્વામી છે. ચાહે તો રાગ હો કે અશુદ્ધતા હો કે શુદ્ધતા (હો), એ એનો ધર્મ છે, એનામાં છે. આહા..હા...! પરની સાથે કાંઈ સંબંધ નથી. જે ભગવાનઆત્મા અધિષ્ઠાન છે. એટલે કે વિશ્વ અને વિશ્વને કહેનાર શાસ્ત્ર સત્, તેને જ્ઞેયાકારમાં જ્ઞાનાકારરૂપે થવું, બેયનું એક સમયે જ્ઞાન (થવું), એવો તે અધિષ્ઠાન જીવદ્રવ્ય છે. આમાં ('શ્રીમદ્ રાજચંદ્ર'માં) એ લીધું છે. 'વાણીથી અકથ્ય છે. તેની પ્રાપ્તિ હોય છે; અને તે પ્રાપ્તિનો ઉપાય છે.' પછી છેલ્લે. 'જગતનું કોઈ 'અધિષ્ઠાન' હોવું જોઈએ, એમ ઘણાખરા મહાત્માઓનું કથન છે. અને અમે પણ એમ જ કહીએ છીએ કે 'અધિષ્ઠાન' છે. અને તે 'અધિષ્ઠાન' તે હરિ ભગવાન છે. જેને ફરી ફરી હૃદયદેશમાં જોઈએ છીએ.' આ અહીં છે. એમ કે, કોઈ ઈશ્વરકર્તા માનતા હોય તો ફેરવી નાખ્યું છે. આહા..હા...! આ હૃદયદેશમાં ફરી ફરીને જોઈએ છીએ.

ચૈતન્યનો નાથ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, વિકાર ભલે હો, પણ એ વિકારી પર્યાય અને ગુણ આદિ અને નિર્વિકારી પર્યાયનો એ સ્વામી – અધિષ્ઠાતા છે. આહા..હા...! જ્ઞાનપ્રધાન કથન છે ને ! દૃષ્ટિપ્રધાન કથનમાં સ્વસ્વામીસંબંધ નામનો ગુણ છે પણ એ ગુણ વિકારનો સ્વામી છે એમ નહિ. ત્યાં તો સ્વદ્રવ્ય, સ્વગુણ અને સ્વ નિર્મળ પર્યાય તે સ્વ અને તેનો સ્વામી એવો એક ગુણ અંદર છે. ગુણ ત્રિકાળની વાત કરવી છે ને ? અહીંયાં તો પર્યાય અને ગુણ બન્નેના અધિષ્ઠાતા ભગવાનઆત્મા છે. આહા..હા...! એ આત્માનો કોઈ કર્તા છે નહિ, એમ સિદ્ધ કરવું છે. આહા..હા...!

એથી તો ત્યાં શબ્દ લીધો છે (કે), સત્ સત્ છે, સરળ છે, સુગમ છે. પ્રભુ વસ્તુ ત્યાં છે. આહા..હા...! તેની પ્રાપ્તિ સર્વત્ર થાય છે. ગમે તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ (હો). નરકમાં હો, સ્વર્ગમાં હો, મનુષ્યમાં હો, એકેન્દ્રિયમાં તો જુદી વાત છે, પણ તિર્યંચ પશુમાં હો ત્યાં પણ પ્રભુ સત્ છે તેની પ્રાપ્તિ થઈ શકે છે. આહા..હા...! અહીં કહે છે કે, તે અધિષ્ઠાન હરિ ભગવાન છે. બીજાને લાગે કે, હરિ ભગવાન બીજો કો'ક હશે. તેથી અહીં કહ્યું કે, 'જેને ફરી ફરી હૃદયદેશમાં જોઈએ છીએ.' આહા..હા...! અંતરના અસંખ્યપ્રદેશી જે ભાવ, વસ્તુ, એને અમે અંદરમાં જોઈએ છીએ કે, આ હરિ ભગવાન તે અધિષ્ઠાન

છે.

એ અહીં કહ્યું, 'અનંત ધર્મોનું અધિષ્ઠાતા...' છે. 'કારણ કે અનંત ધર્મોમાં વ્યાપનારા જે અનંત નયો...' આહા..હા...! અનંત નયો. 'તેમાં વ્યાપનારું...' રહેનારું 'જે એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે (તે આત્મદ્રવ્ય) પ્રમેય થાય છે (-જણાય છે).' ભાવશ્રુતજ્ઞાનના પ્રમાણ દ્વારા ભગવાન અનંત ધર્મોનો વ્યાપક પ્રભુ, તે પ્રમેય થાય છે. પ્રમાણમાં તે જણાય છે. આ..હા..હા...! સમજાય છે કાંઈ ? રાગ છે ખરો, પણ એ જણાય છે રાગ દ્વારા, રાગથી નહિ, એમ કહે છે. એક નયે એમાં રાગ છે પણ એને જણાવવામાં તો ભાવશ્રુતજ્ઞાન દ્વારા તે પ્રમેય જણાય છે. જે દ્રવ્ય જેવડું, જેટલી પર્યાય છે એ બધું ભાવશ્રુતજ્ઞાન દ્વારા જણાય છે. આ..હા..હા...! આ પર્યુષણમાં તો કરવાનું આ છે, કહે છે. કોઈપણ કાળે, આ પર્યુષણ શું ? કોઈપણ કાળે તેને... આ..હા..હા...! પરથી વિમુખ થઈને સ્વથી સન્મુખ થવાનું છે. આ આખો એક સિદ્ધાંત છે. બાકી બધી વાતું ગમે તે હો. આ..હા...!

'તે આત્મદ્રવ્ય દ્રવ્યનયે,...' આત્મદ્રવ્ય, વસ્તુ તો આત્મદ્રવ્ય લીધી. દ્રવ્યનયે જે ત્રિકાળી દ્રવ્ય છે તેને જાણનારા જ્ઞાનના અંશે 'પટમાત્રની માફક,..' જેમ વસ્ત્ર આખું એકરૂપ છે, વસ્ત્રમાત્ર આખું જેમ એક છે એમ 'પટમાત્રની માફક, ચિન્માત્ર છે...' ભગવાન ચિન્માત્ર છે. દ્રવ્યનયે વસ્તુની દૃષ્ટિની નયે તે ચિન્માત્ર વસ્તુ છે. આહા..હા...!

મુમુક્ષુ :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- ત્રિકાળ દ્રવ્ય છે એ ચિન્માત્ર વસ્તુ છે. જ્ઞાનસ્વભાવમાત્ર છે. જ્ઞાનની સાથે અનંત ગુણ અવિનાભાવી છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! અરે...! આવી વસ્તુ અનંત કાળમાં અજાણ્યે પડી રહી છે. જાણ થતાં તે અંદર પ્રગટ છે, કહે છે.

'આત્મદ્રવ્ય...' વસ્તુ 'દ્રવ્યનયે,...' આ એક ધર્મ છે, હોં ! આ એક ધર્મ છે. દ્રવ્યનયે એટલે એ એક ધર્મ છે. એવા એવા તો અનંતા ધર્મો આત્મામાં છે. આહા..હા...! વીતરાગ ત્રણલોકના નાથ, એ આ પોકારે છે કે, પ્રભુ ! અનંત નયો છે, તારામાં અનંત ધર્મ નામ ધારી રાખેલા ભાવો અને પર્યાયો (છે). રાગ પણ ભલે તેં ધારી રાખેલો તારો ધર્મ છે. આહા..હા...! ધર્મ એટલે ? આ મોક્ષનો માર્ગ એમ નહિ. તારી ચીજમાં છે. રાગ, વિકાર એ પણ એક તારામાં ધારી રાખેલો તારો ધર્મ છે. ધર્મ એટલે કે આ મોક્ષનો માર્ગ એ અહીં અત્યારે નથી. અંદર ધારી રાખેલું તત્ત્વ (છે). આહા..હા...! આવી વાતું છે, બાપુ !

અરે...! આમાં ઝગડા... ઝગડા... ઝગડા જગતના. ઓલા કહે કે, તમારું એકાંત નય છે, તમારું આમ છે. અરે...! પ્રભુ ! સાંભળને ભાઈ !

એ ભગવાન છે એને એક નયથી જોઈએ, દ્રવ્યનયથી જોઈએ, ત્રિકાળી દ્રવ્યનયથી જોઈએ, પર્યાયનયે પછી વાત લેશે, એ પણ એક ધર્મ છે પણ અત્યારે તો એક ધર્મ જે દ્રવ્ય ત્રિકાળી ચિન્માત્ર વસ્તુથી જોઈએ. આહા..હા...! તો વસ્ત્રની માફક જ્ઞાનમાત્ર, અનંત ગુણસ્વભાવ માત્ર દ્રવ્ય (છે). અનંત ગુણસ્વભાવ માત્ર દ્રવ્ય (છે). આ..હા...! અરે...! આવો ઉપદેશ હવે. સંતો... આહા..હા...! 'અમૃતચંદ્રાચાર્ય' આ એમના કથન છે. 'પ્રવચનસાર'ની ટીકા તો કરી, માથે કળશ ચડાવ્યો ! કળશો તો અંદર થોડા હતા એમાં વળી આ મોટો કળશ ચડાવ્યો. આ..હા..હા...!

પ્રભુ ! તને એમ જિજ્ઞાસા હોય કે આત્મા કેવો છે ? અને કેમ પ્રાપ્ત થાય ? એ જો તારી જિજ્ઞાસા હોય... આહા..હા...! બીજું કેમ પમાય ? ને કેમ છૂટે ? ને લક્ષ્મી કેમ મળે ને સ્વર્ગ કેમ મળે ? પુણ્ય કેમ મળે ? ઇ પ્રશ્ન કર્યો નથી. આહા..હા...! શિષ્યની પાત્રતાની યોગ્યતાથી પ્રશ્ન ઉઠ્યો છે. આહા..હા...! પ્રભુ ! આ આત્મા કેવો છે ? અને જેવડો છે તેવડો કઈ વિધિએ પ્રાપ્ત થાય ? આહા..હા...! ભાઈ ! આહા..હા...! ભાગ્યશાળી છે, બાપા ! આવી વીતરાગની વાણી છે, ભાઈ ! આ..હા...!

પ્રભુ ! તારામાં એક દ્રવ્યનયથી જોઈએ.. આહા..હા...! દ્રવ્યનયથી જોઈએ, એમ કીધું ને ? આહા..હા...! 'દ્રવ્યનયે, પટમાત્રની માફક ચિન્માત્ર છે...' આહા..હા...! દ્રવ્યનયે એ તો જ્ઞાનસ્વભાવી વસ્તુ (છે). દ્રવ્ય એ છે. આહા..હા...! '(અર્થાત્ આત્મા દ્રવ્યનયે ચૈતન્યમાત્ર છે, જેમ વસ્ત્ર વસ્ત્રમાત્ર છે તેમ).' વસ્ત્રના ભેદ નહિ. તાણા, વાણા એ (નહિ). અત્યારે દ્રવ્યનયમાં એ નહિ. આહા..હા...! એ પર્યાયનયમાં આવશે. પર્યાયનય એ પણ એનો એક ધર્મ છે. દ્રવ્યનય પણ એક એણે ધારી રાખેલો ભાવ છે. આહા..હા...!

બીજો. 'આત્મદ્રવ્ય પર્યાયનયે,...' જુઓ ! પાછું પર્યાયનયે (એમ લીધું). જણાય તો છે શ્રુતજ્ઞાનમાં પ્રમાણ ને નયથી (જણાય છે) એ તો પર્યાય છે. શ્રુતજ્ઞાન તો પર્યાય છે અને નય પણ એક પર્યાય છે. આહા..હા...! આવી વાત ! પ્રભુ ! તને સંસારનો છેદ થઈને વસ્તુ કેમ પ્રાપ્ત થાય એ માટે આ વાત છે. આ..હા...! બાકી બધી ગમે તે ચીજ હો. આ..હા...! પર્યાયમાં રાગમાત્ર ને પર્યાયમાત્ર જોઈએ... આહા..હા...! અનંતી પર્યાય આખી લેવી. એ આત્મદ્રવ્ય, પણ દ્રવ્ય – વસ્તુ. પર્યાયમાત્રથી જોઈએ તો 'તંતુમાત્રની માફક,...' જેમ વસ્ત્રમાં

તાણાવાણા છે એમ આત્મામાં અનંતી પર્યાયો છે. આહા..હા...! દ્રવ્યનયમાં વસ્તુ વસ્તુમાત્ર છે, વસ્ત્રની માફક. પર્યાયનયે તંતુમાત્ર જેમ વસ્ત્ર છે એમ ભેદમાં બધા પર્યાયભેદો છે. આહા..હા...! આવી વ્યાખ્યા હવે. ઓલા કહે, વ્રત કરો, અપવાસ કરો. સહેલુંસટ હતું. એ રખડવાનું હતું, બાપા ! એ તો રાગની વાતું છે, ભાઈ ! આહા..હા...!

અરે...! આવું મનુષ્યપણું મળ્યું, જેને 'છ ઢાળા' તો એમ કહે, નિગોદમાંથી નીકળીને ત્રસ ઇયળ થાય (તો) ચિંતામણિ રત્ન મળ્યું, એમ કહે છે. 'છ ઢાળા' છે ને ? આહા..હા...! ચિંતામણિ ! ત્રસ, ત્રસ. નિગોદના જીવો જુઓને ! આહા..હા...! આ લીમડાના ફૂલ, એક આવડું ફૂલ એમાં અસંખ્ય તો ઔદારિક શરીર અને એક એક શરીરમાં અનંતા જીવ છે, બાપા ! આ..હા...! ત્રણલોકના નાથનું આ વચન છે. પ્રભુ ! એમાંથી નીકળીને ત્રસ થાય (તો એ ચિંતામણિ સમાન છે). અનંતા જીવો નિગોદમાં પડ્યા છે. અત્યાર સુધી અનંત કાળ થયો પણ અનંત પડ્યા છે એમાંથી થોડા ત્રસ થયા, બાકી તો અનંત ત્રસ થયા વિના પડ્યા છે. આહા..હા...! અને અનંત કાળ થશે તોપણ હજી ત્રસમાં આવશે નહિ એવા કેટલાક જીવ પડ્યા છે.

ભાઈ ! તને મનુષ્યપણું મળ્યું. અહીં તો કહે છે, ત્રસપણું મળે... આહા..હા...! બે ઇન્દ્રિય થાય, એકેન્દ્રિયમાંથી નીકળીને બે ઇન્દ્રિય થાય.. આહા..હા...! (એ) ચિંતામણિ મળ્યું. તો પ્રભુ ! તને મનુષ્યપણું મળ્યું એનું શું કહેવું ? કહે છે. આ..હા..હા...! એમાં પણ જૈનધર્મના સંપ્રદાયમાં જન્મ અને એમાં પણ જૈનવાણી સાંભળવાની દુર્લભતા. આહા..હા...! આવી દુર્લભતામાં તો આ જાણવા જેવી ચીજ છે, કહે છે. આ..હા...!

દ્રવ્યનયે દ્રવ્યમાત્ર ચિન્માત્ર છે તેમ જોઈને ચૈતન્યમાત્રનો અનુભવ કરવો. તે પ્રકાશને અંદર (જોવો). આહા..હા...! ચૈતન્યમાત્ર ભગવાન દ્રવ્ય તેનો અનુભવ કરવો, તેને જોવો. પર્યાયનયે જોતાં પણ આત્મદ્રવ્ય, પર્યાયનયે જોતાં વસ્ત્રમાં જેમ અનેક તંતુ છે, એમ પર્યાયો અનેક છે. એ નયથી જોતાં પણ જોવું છે દ્રવ્યમાં. આહા..હા...!

'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંત કેવળીના કેડાયતો છે. એક-બે ભવે કેવળ થવાના. અત્યારે સ્વર્ગમાં છે. 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય'. આહા..હા...! આ 'પદ્મપ્રભમલ્લધારીદેવ' બધા એક ભવે (મોક્ષ જશે). આ તો વળી તીર્થંકર થાવાના, એવી અંદર શૈલી છે. એવું વાંચતા થઈ ગયું હતું કે, આ તો તીર્થંકર થાય. એવી 'નિયમસાર'માં શૈલી છે. કારણ કે 'નિયમસાર' 'કુંદકુંદાચાર્યે' પોતાના ભાવ (-ભાવના) માટે બનાવ્યું અને એની એમણે ટીકા કરી. આ..હા...!

અને ટીકામાં તો અંદર એવી કેટલીક શૈલી છે... આ..હા...! અમુકમાં ભાવિ તીર્થંકર નાખ્યું છે, ભાઈ ! છે, ઇ શબ્દમાંથી આવ્યું છે. વાત બીજી છે પણ છતાં ભાવિ તીર્થંકર નાખ્યા છે. ભાઈ ! એ વખતે મગજમાં (આ આવ્યું હતું). અધિકાર કાંઈક બીજો છે, પણ ભાવિ તીર્થંકરને આમ છે, એમ (લખ્યું છે). આહા..હા...! એટલે એમાંથી મગજમાં એમ આવ્યું હતું કે, ભવિષ્યમાં આ તીર્થંકર થવાના લાગે છે. એ દિગંબર સંતોની શું વાતું, બાપા ! પરમેશ્વર ! આહા..હા...! જેને આનંદના ઊછાળા મારે છે, જેને અતીન્દ્રિય આનંદની ભરતી પર્યાયમાં આવે છે. એને મુનિ કહીએ, ભાઈ ! આ..હા...! અરે..રે...! અત્યારે ભગવાનના વિરહ પડ્યા, એવા મુનિ રહ્યા નહિ, અરે..રે...! સમજાય છે કાંઈ ?

(અહીંયાં) કહે છે કે, 'પર્યાયનયે, તંતુમાત્રની માફક, દર્શનજ્ઞાનાદિમાત્ર છે...' દર્શન, જ્ઞાન આદિ ભેદ છે, એમ (કહે છે). દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદ એ ભેદો છે. એ પર્યાયનયથી જોઈએ તો ભેદમાત્ર દેખાય છે પણ ભેદમાત્ર દેખીને પણ જાવું છે દ્રવ્ય જોવામાં. ત્યાં અટકવાનું નથી, એમ કહે છે. આહા..હા...! ભેદનું જ્ઞાન થાય છતાં તેણે ત્યાં અટકવાનું નથી. એ ભેદનું જ્ઞાન કર્યું, ભેદ છે, અસ્તિત્વ છે એમ જ્ઞાન કરી અંદર જવાનું છે. ચૈતન્ય ભગવાન બાદશાહ બિરાજે છે. આહા..હા...!

'(અર્થાત્ આત્મા પર્યાયનયે દર્શનજ્ઞાનચારિત્રાદિમાત્ર છે,...)' ભેદો. '(જેમ વસ્ત્ર તંતુમાત્ર છે તેમ).' આહા..હા...!

હવે સાત અસ્તિત્વ આદિ નય આવે છે. જરી ઝીણી વાત છે. 'આત્મદ્રવ્ય અસ્તિત્વનયે...' સત્તાના, હોવાપણાના નયે 'સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું છે;...' પોતાનું દ્રવ્યથી અસ્તિત્વવાળું, ક્ષેત્રથી સત્તાવાળું, કાળથી હોવાવાળું, ભાવથી પણ હોવાવાળું. આહા..હા...! અરે...! મુનિઓએ કરુણા કરીને આવી વાતું કરી છે. વિકલ્પ આવ્યો છે કરુણાનો (કે), અરે...! જગત.. છતાં એ વિકલ્પના કર્તા નથી, એના જ્ઞાતા-દૃષ્ટા છે. આહા..હા...! તો ટીકાના શબ્દોના તો કર્તા ક્યાંથી હોય ? આહા..હા...! એ તો પરમાણુની પર્યાય છે. આહા..હા...!

અહીં તો કહે છે કે, આત્મા અસ્તિત્વનયે છે, પોતાના અસ્તિત્વથી (છે). દ્રવ્યે અસ્તિત્વ છે, ક્ષેત્રથી અસ્તિત્વ છે, કાળથી અસ્તિત્વ છે, ભાવથી (અસ્તિત્વ છે). જેમ 'લોહમય,...' બાણ. લોહમય બાણ એ દ્રવ્ય. લોઢાનું બાણ. કો'કે (અહીં) મુક્યું છે, કો'કે મુક્યું છે. જુઓ ! આ લોઢાનું છે ને ? આ લોહમય આખું બાણ, હોં ! અને 'દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા,...' આ દોરી અને કામઠાની અંતરમાં ક્ષેત્ર છે ને ? ક્ષેત્ર. ક્ષેત્ર બતાવવું છે ને ?

આ દોરી અને કામઠું, એના અંતરમાં રહેલું આખું, તે ક્ષેત્ર. કોણે મુક્યું છે ? આ કામઠું એ દ્રવ્ય છે અને આ એનું ક્ષેત્ર છે. આ દોરી અને આ વચ્ચેનું બધું એનું ક્ષેત્ર છે. છે ને ? 'દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા,...'

'સંધાયેલી અવસ્થામાં રહેલા...' એ કાળ. આ છે ને સંધાયેલી અવસ્થા ? 'અને લક્ષ્યોન્મુખ...' જે આ દ્રવ્ય છે એનાથી જે આમ કરવાનું છે ને, જેના ઉપર એનું લક્ષ સન્મુખ છે. અહીં મારવું છે એ લક્ષની સન્મુખ છે આમ.

'(જેમ કોઈ તીર...)' ભાઈએ લખ્યું છે. '(સ્વદ્રવ્યથી લોહમય છે,...)' સ્વદ્રવ્યથી આખું લોઢામય છે. '(સ્વક્ષેત્રથી દોરી ને કામઠાના વચગાળામાં રહેલું છે,...' આહા..હા...! '(સ્વકાળથી સંધાન દશામાં છે અર્થાત્ ધનુષ્ય પર ચડાવીને ખેંચાયેલી...)' છે ને આ ? આ આમ ખેંચે છે ને ? આમ જ્યારે ખેંચે ને એ એનો કાળ છે. '(સ્વકાળથી સંધાન દશામાં છે અર્થાત્ ધનુષ્ય પર ચડાવીને ખેંચાયેલી સ્થિતિમાં છે...)' આ આમ ચડાવ્યું છે ને ? આમ જુઓ, આમ. '(અને સ્વભાવથી લક્ષ્યોન્મુખ છે...)' જ્યાં લક્ષ છે ને ત્યાં એનું આમ જાવું છે. હવે આપણે અહીં આત્મામાં ઉતારવાની વાત છે.

'(તેમ આત્મા અસ્તિત્વનયે સ્વચતુષ્ટયથી અસ્તિત્વવાળો છે).' સ્વચતુષ્ટય એટલે ? સ્વદ્રવ્ય છે તે દ્રવ્યથી અસ્તિત્વ છે. તેનું પહોળું અસંખ્યપ્રદેશી છે તે એનું ક્ષેત્ર છે. તેની વર્તમાન પર્યાય છે તે તેનો કાળ છે અને દ્રવ્યની સન્મુખમાં ભાવ રહેલો છે કે, આ આમ છે. પેલાનું (મુખ) આમ (પર તરફ) છે, આનું મુખ (અંતરમાં) છે. આહા..હા...! ભાવ છે એ લક્ષની સન્મુખ છે. ભાવ આ દ્રવ્યના અંદરમાં ભાવ (છે) ત્યાં અંદર જાય છે. આહા..હા...! મુનિઓએ પણ ગજબ કામ કર્યા છે ને ! જંગલમાં રહી તાડપત્ર ઉપર લખ્યું છે. ત્યાં જોયું છે ને ? 'સુરત'ની પાસે 'સજોદ', 'સજોદ' છે. છે ને તમારે ? ગયા હતા, બે વાર ગયા હતા. 'સજોદ'માં બે હજાર વર્ષ પહેલાની મૂર્તિ છે. દિગંબર મુર્તિ જૂની ! ઘર બહુ થોડા (છે). (તમે) કોઈ દિ' ગયા હતા ? અમે તો બે વાર જઈ આવ્યા. 'સજોદ' બહુ જુનું ગામ (છે). બે હજાર વર્ષ પહેલાની મૂર્તિ અંદર હેઠે ભોંયરામાં છે. હેઠે છે, આમ ખુલ્લું છે. ત્યાં જંગલમાં તાડપત્ર બહુ છે, ઘણા તાડપત્રો ! એમાં સંતો રહેતા અને તાડપત્ર પડ્યા હોય એમાં આ લખેલા છે. બધું જોયું છે ને !

અહીં કહે છે, ભગવાન ! તને દ્રવ્યથી જોઈએ તો વસ્તુ છે, ક્ષેત્રથી જોઈએ તો અસંખ્ય પ્રદેશમાં રહેલો છે, કાળથી જોઈએ તો વર્તમાન પર્યાયમાત્ર છે, ભાવથી જોઈએ તો દ્રવ્યના

લક્ષ સન્મુખ રહેલા ભાવો તે મય છે. આહા..હા...! બીજો પ્રશ્ન તો મગજમાં એમ આવ્યો હતો કે, આ ભાવ છે એ લક્ષ સન્મુખ છે, એમ દૃષ્ટિ થતાં પરિણતિમાં ભાવ પ્રગટ થાય એવો એ આત્મા છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? ભાવને જાણવા લક્ષ દ્રવ્ય ઉપર જાય છે ત્યારે પરિણતિમાં વીતરાગતા ઉત્પન્ન થાય છે. એ લક્ષ સન્મુખથી પરિણતિ ત્યાં ઉત્પન્ન થઈ. એ પરિણતિ છે સ્વકાળ. આહા..હા...! પૂર્ણાનંદના નાથના ભાવ ભરેલા છે એ ભાવ લક્ષનું છે, દ્રવ્યની સન્મુખમાં છે, પર સન્મુખ નથી. આહા..હા...! એ ભાવ લક્ષના સન્મુખમાં છે એમ અંદર જોતાં પરિણતિમાં સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રની વીતરાગ દશા થાય તે એનો સ્વકાળ છે. આહા..હા...! આવી વાતું છે, ભાઈ ! આ કાંઈ કથા-વાર્તા નથી, પ્રભુ ! આ..હા...! આ તો વીતરાગી કથા (છે).

એને જોવાનું સ્વમાં છે, એમ કહે છે. કારણ કે સ્વસન્મુખ ભાવ બધા ત્યાં પડ્યા છે. એ ભાવ પરસન્મુખ નથી. આહા..હા...! અને સ્વસન્મુખની ભાવની દૃષ્ટિએ જોતા તેની પરિણતિમાં વીતરાગતા ઉત્પન્ન થાય, આનંદની ધારા આવે, એવો સ્વકાળ ત્યાં પાકે. આહા..હા...! આવી વાતું છે. અરે...! આ દુનિયાના કામમાં પડીને જગતે જિંદગી ગુમાવી. કહો, શું આવ્યું આ બધું ? એ..ઇ...! એનું એકાક્ષરી નામ છે. એકાક્ષરી છે કે નહિ ? કાનો, માત્ર, મીંડું કાંઈ નહિ. એવો વિચાર પહેલો આવ્યો હતો, હોં ! આહા..હા...! ભગવાનની વાણી એકાક્ષરી છે. ૐ ધ્વનિ છૂટે છે. આહા..હા...! એમ ભગવાનની વાણી એકાક્ષરીપણું છે. એમ એક અક્ષરને ઉત્પન્ન કરનાર વિકલ્પ છે. સર્વજ્ઞને એ વિકલ્પ નથી. સર્વજ્ઞને ૐ ધ્વનિ સ્વતઃ ઉત્પન્ન થાય છે. આહા..હા...! એ વાણીના, ભાષાના કાળે તે ૐ ધ્વનિ ઉઠે છે. ભગવાન ૐમાં કારણ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...!

‘(તેમ આત્મા અસ્તિત્વનયે સ્વચતુષ્ટયથી અસ્તિત્વવાળો છે).’ આ રીતે. વસ્તુથી દ્રવ્ય છે, ક્ષેત્રથી અસંખ્ય પ્રદેશ છે. એ અસંખ્ય પ્રદેશને ‘પંચાસ્તિકાય’માં એક પ્રદેશ પણ કીધો છે, ભાઈ ! અસંખ્યપ્રદેશી એકપ્રદેશી. એક વસ્તુ છે ને એટલે એક પ્રદેશ કીધો. દ્રવ્ય જેમ એક છે એમ પ્રદેશ પણ, અસંખ્ય પ્રદેશને એક પ્રદેશી કીધો છે. ‘પંચાસ્તિકાય’માં છે. સમજાણું કાંઈ ? આહા..હા...! ત્યાં તો ત્યાં સુધી કહ્યું છે કે, નવી પર્યાય સ્વકાળ છે એ થાય છે તે સંયોગ છે અને જૂની પર્યાય જાય છે તે એનો વિયોગ છે. પર ચીજનો સંયોગ-વિયોગ આત્મામાં નથી. સમજાણું કાંઈ ? આહા..હા...! આવી વાતું છે. ભગવાનઆત્મા આનંદનો નાથ પ્રભુ, એમાં ધ્રુવપણું તો કાયમ છે પણ એની પર્યાયમાં... આહા..હા...! પર્યાય ઉત્પન્ન

થાય એ તો એને સંયોગ થયો. વસ્તુમાં નહોતી અને એને અહીંયાં સંયોગ થયો. કેવળજ્ઞાન પર્યાય ઉત્પન્ન થઈ એ સંયોગ થયો, એમ કહે છે. દ્રવ્યમાં એ પર્યાય ઉત્પન્ન થઈ એ સંયોગ થયો. અરે...! દયા, દાનના વિકલ્પના સંયોગી ભાવનું તો અહીં શું કહેવું ? પણ એમાં દ્રવ્યના લક્ષમાં જતાં જે પર્યાય ઉત્પન્ન થઈ એ પર્યાય, દ્રવ્યને – ધ્રુવને સંયોગ થયો, કહે છે. અને એ પૂર્વની પર્યાયનો વ્યય થયો, એ દ્રવ્યમાં એને વિયોગ થયો. આહા..હા...! બહારની ચીજના સંયોગ-વિયોગના તો કાંઈ ગણતરીમાં નથી. એ તો એને કારણે આવે ને જાય. આહા..હા...! સમજાણું કાંઈ ?

અહીં તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ ચાર ભાવથી દ્રવ્ય પ્રકાશમય જોવે. ચાર ભાવનું જ્ઞાન કરે પણ જોવાનું ત્યાં ચૈતન્યદ્રવ્યને છે. આહા..હા...! જ્યાં પ્રભુ પૂર્ણ પડ્યો છે ત્યાં પ્રભુ તારે જોવાનું છે. આહા..હા...! ભલે આ ચારપણાનું જ્ઞાન કરે પણ એ જ્ઞાન કરીને જાવું છે ક્યાં ? ત્રિકાળી જ્ઞાયક ભાવને જોવે ઇ. આત્મદ્રવ્ય ચારપણે અસ્તિત્વ છે એમ જે જ્ઞાન કર્યું એનું લક્ષ જાય છે દ્રવ્ય ઉપર. આહા..હા...! આવી વાતું છે, બાપુ ! વીતરાગ ત્રણલોકના નાથ પરમેશ્વર મહાવિદેહમાં ફરમાવે છે. આહા..હા...! એને અહીંયાં સંતો જાહેર કરે છે (કે), પરમાત્મા આમ કહેતા હતા. આ..હા..હા...! એ ત્રીજો બોલ થયો.

વધારે તો અહીં સ્વભાવથી લક્ષોન્મુખ છે ને ? ઓલા તીરનું કહ્યું હતું ને કે, લક્ષઉન્મુખ છે. સામી ચીજ છે તેની ઉપર (લક્ષ છે). આમ ખેંચાયેલો છે એ કાળ છે પણ જેના ઉપર નાખવું છે એનું લક્ષ છે. એમ અહીં જેના ઉપર લક્ષ કરવું છે, એના સન્મુખ ભાવ એની સન્મુખ જ પડ્યા છે. આહા..હા...! સમજાણું કાંઈ ? ત્રિકાળી ગુણને કહેવું છે ને ? પર્યાય છે, રાગાદિ ભલે હો, એને જાણીને પણ જાવાનું છે ત્યાં. અહીં તો સ્વઅસ્તિત્વપણે, સ્વચતુષ્ટયપણે છે. આ..હા...! સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવ એ પણે એ અસ્તિ છે, સ્વચતુષ્ટયપણે છે તેને જાણીને પણ એને જવાનું છે દ્રવ્ય ઉપર. આ ચાર ભેદોને જાણીને ભેદમાં ઊભા રહેવાનું નથી, એમ કહે છે. આહા..હા...! હવે આવી કથા ! અત્યારે તો આખી વાત ફેરફાર બહુ થઈ ગયો, બાપા ! સત્ય વાત બહાર આવી ત્યારે વિરોધી લોકો પોકાર કરે છે, એકાંત છે... એકાંત છે. પ્રભુ ! સાંભળ, ભાઈ !

મુમુક્ષુ :– લોકો નથી કહેતા, અજ્ઞાની કહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ અજ્ઞાની છે, એને ખબર નથી. અજ્ઞાની શું ન કરે ? આહા..હા...! કીધું હતું ને એકવાર ત્યાં 'રાજકોટ'માં ને ? ભાઈ ! જેલમાં ગયા હતા ને ? જેલમાં બધા

ચોર હતા (એણે) મોટાઓને કહેવડાવ્યું કે, મહારાજ ગામમાં આવ્યા છે એના દર્શન કરવા છે. જેલમાં ઘણા ગુનેગારોને નાખેલા. મોટી જેલ હતી. તો એને ખબર કે, હું ત્યાં જાઉં, વારંવાર જાઉં એટલે એને ખબર કે મહારાજ ગામમાં છે અને લોકો બહુ જાય છે, સાંભળે છે. અમારે દર્શન કરવા છે. એટલે એના અગ્રેસરો હોય એની (પાસે) માગ્યુ, એને છૂટ આપી. જેલના બે દરવાજા હોય એટલે જ્યારે આ ખુલે ત્યારે ઓલો બંધ રાખે અને એ ખોલે ત્યારે આ બંધ રાખે, નહિતર ઓલા ભાગી જાય તો ! બે દરવાજા હોય.

અમે ગયા. એ જુદું અને ઓલું જુદું (હતું), નહિ ? ઓલા મોટાઓ હતા, ઇ બીજે. બીજા મોટા ગુનેગાર (હતા). બહારવટિયા ! ક્યાં ? 'બેગમ' ત્યાં હતા. પણ અહીં અમે ગયા તો બિચારા સહુ સાંભળવા બેઠા હતા. ભાઈ ! ત્યાં લખેલું, અજ્ઞાન જેવો કોઈ દોષ નથી. બાપા ! અજ્ઞાનપણે આ બધું થયું. બહુ પ્રેમથી બિચારા (સાંભળતા હતા). ઘણા ગુનેગારો (હતા). બાપુ ! આ જુઓ, શું લખ્યું છે ? ભાઈ ! આત્માના અજ્ઞાનપણે દોષો થાય. સમજાણું ? આહા..હા...! ત્યાં જ ઓલો હતો ને એક (જેને) ફાંસી આપવાના હતા ? વચમાં ઇ હતો. એક જુવાન હતો (તેણે) એક બાઈને મારી નાખી, ખૂન કરી નાખ્યું. એક ઓરડી હતી અને એમાં એક નાનું લૂગડું હતું. નહિ તો ગળે ફાંસો ખાય તો ? એક લૂગડું પહેર્યું હતું. જુવાન માણસ લઠ્ઠ જેવો. આમ નીકળ્યા એટલે બિચારો પગે લાગ્યો. જેલર સાથે હતો. અરે...! જુઓને ! અજ્ઞાનપણે શું થાય છે ? ફાંસી આપવાનું નક્કી થઈ ગયેલું. ફાંસી પછી આપી. અમે ત્યાં હતા. (પછી ફાંસી આપી). જુવાન માણસ લઠ્ઠ જેવો. કીધું, બાપુ ! અરે..રે...! શું થાય ? અજ્ઞાનપણે આત્મા શું ન કરે ? જેલમાં દસ મિનિટ વ્યાખ્યાન આપ્યું. કીધું, આ લખ્યું છે ને ? એનામાં લખેલું. આમાં જુઓ ! અજ્ઞાનપણે શું ન થાય ? માટે આત્માને ઓળખવો કે જેના જ્ઞાનથી પછી દુઃખ થાય નહિ.

ત્યાં ગયા હતા. કીધું ને ? 'બેગમ'. ત્યાં બધા મોટા બહારવટિયા (હતા). મોટા લાખો લૂંટેલા, ઘણા લાખો લૂંટેલા મોટા બહારવટિયા. બહારવટિયાને ખબર પડી (કે), મહારાજ આવ્યા છે. ત્યાં અમે નજીકમાં જેલની પાસે ઉતરેલા હતા. મોટા મોટા બહારવટિયા, હોં ! નામ કાંઈ નહિ. મોટા બહારવટિયા, મોટી લૂંટફાટ, લાખોની લુંટ કરીને કેટલાયને મારી નાખેલા. પછી ગુનેગારને પકડ્યા, એણે એટલું માન્યું, છૂટ આપી કે, તમારે અમુકને જાવું હોય તો જાવું પણ પાછું અહીં જેલમાં આવવું. એ બધા જેલમાં હતા. બારણા ઉઘાડ્યા ને અંદર ગર્યાં. બિચારા બધા આવ્યા. બહારવટિયા, મોટામાં મોટા બહારવટિયા. પણ બધાને આ કહ્યું.

આ..હા...! આ ગુનાઓ થાય છે એ અજ્ઞાનથી અનાદિથી કરે છે, બાપુ ! ભગવાનને ગુનો છે નહિ. એ તો ગુણવાળો છે, ગુનાવાળો નથી. આહા..હા...! સાંભળતા હતા, બિચારા કબુલ કરતા હતા. આ..હા...! પછી કાંઈક ચડાવ્યું હતું, નહિ ? માળા આપી હતી. માળા હતી ને એ રાખી હશે. બહારવટિયાએ ઊભા થઈને (ચડાવી). મોટા બહારવિટયા, મોટા ! ઘણા પાપ કરેલા. બાયુંના, આદમીના ખૂન કરેલા, પણ પછી સરકાર પકડવા માંડ્યા તો પકડાઈ જવાની બધી તૈયારી હતી. એટલે પછી પોતે જ બહાર આવ્યા. એટલે પછી સરકાર એને જેલમાં (રાખ્યા), અમુક વખતે તમારે બહાર જાવું હોય તો જાવું. એ વખતે સાંભળતા હતા. આ વાત બિચારા (ક્યાં સાંભળે) ? મહાપાપ કરેલા. કીધું, ભાઈ ! ભગવાન અંદર આત્મા છે. એ પૂર્ણાનંદનો નાથ છે. એને આ ગુના ન હોય, એને રાગની ક્રિયા કરું છું એ ન હોય. સાંભળતા હતા.

અહીંયાં પરમાત્મા વસ્તુએ છે, ક્ષેત્રથી છે, કાળથી છે, ભાવથી છે. આહા..હા...! એ ભાવનું જ્ઞાન ક્યારે થાય ? કે દ્રવ્યના લક્ષમાં જાય ત્યારે ભાવનું જ્ઞાન થાય, એવા એ ભાવ છે. એ કાળનું પણ ભાન ક્યારે થાય ? કે, દ્રવ્યના લક્ષમાં જાય ત્યારે કાળનું ભાન થાય. ક્ષેત્રનું ભાન ક્યારે થાય ? આહા..હા...! ભગવાન ચૈતન્યમૂર્તિ, જ્ઞાયક... આહા..હા...! એને જોતાં એના ક્ષેત્ર, કાળ, ભાવનું જ્ઞાન થાય. એને જોતાં દ્રવ્યનું જ્ઞાન યથાર્થ થાય. આવી વાતું છે. અરે...! દુનિયાને દુઃખ લાગે, ભાઈ ! રસ ન ચડે. બહાર ઓલા રસ ચડી ગયા છે ને એટલે આ વાતું કઠણ પડે, પણ બાપુ ! મારગ તો આ છે. સુખને પંથે જાવું હોય તો આ છે. દુઃખને પંથે તો દોરાય ગયો છો, પ્રભુ ! આહા..હા...!

એ ભાવ નિશાનની સન્મુખ છે, એમ લીધું ને ? આહા..હા...! લક્ષ સન્મુખ છે. છે ને ? નિશાનની સન્મુખ છે. લક્ષસન્મુખનો અર્થ કર્યો. સ્વભાવથી લક્ષ સન્મુખ એટલે નિશાનની સન્મુખ છે. એમ જે (દ્રવ્યનું) લક્ષ કરવાનું છે તેમાં જ ભાવ ભર્યા છે. આહા..હા...! દ્રવ્યનું લક્ષ કરવું છે તો દ્રવ્યમાં સન્મુખપણે ભાવ પડ્યા છે. આહા..હા...! આવી વાતું હવે. અત્યારે આ વાત પડી રહી. વ્રત કરો ને અપવાસ કરો ને તપસ્યા કરો ને મંદિર બનાવો ને પૂજા ને ભક્તિ (કરો), ધમાલ ! જ્ઞાન માર્ગ રહ્યો દૂર. શું કીધું ? 'ધામધૂમે ધમાધમ ચલી, જ્ઞાનમાર્ગ રહ્યો દૂર' કાં તો મંદિરમાં પ્રતિમામાં ચમત્કાર થાય છે ને ઢીકણું થાય છે ને એમ કરીને જગતને મારી નાખ્યા !

મુમુક્ષુ :- પ્રતિમાના મુખમાંથી પાણી ઝરે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ કાંઈક પાણી નાખ્યું, એમાંથી પાણી ઝર્યું, ચમત્કાર થયો. ધૂળેય નથી હવે એમાં સાંભળને ! આત્મા આનંદના લક્ષે જાય અને આનંદ ઝરે એ ચૈતન્યની પ્રતિમાના ઝરણા છે. ઓલું પોતાની પ્રતિમા ઘરની હોય એને વિશેષ બતાવવું હોય એટલે (એમ કહે), એમાં થયું હતું ને એમાં ચમત્કાર થયો હતો ને ઢીકણું થયું હતું. આહા..હા...! આ ચમત્કાર તો ચૈતન્યચમત્કાર ભગવાન અંદર છે. આહા..હા...! એને લક્ષે પર્યાયમાં આનંદના ઝરણા, પાણી આવે એનું નામ ચમત્કાર છે. આહા.હા...!

ચોથો બોલ. 'આત્મદ્રવ્ય નાસ્તિત્વનયે...' (અર્થાત્) પરના અભાવસ્વભાવ નયે 'પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી...' નથી. એ પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ, પરભાવથી ભગવાન નથી. પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી છે પણ પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી નથી. આહા..હા...! 'અલોહમય,...' બાણ અલોઢામય નથી એમ (બાણમાં) અલોહમયપણું નથી. અલોહમય – પરના લોહમયપણું નથી. અલોહમયપણું છે. અલોહમયપણું જે પરનું લોહપણું છે એનું આમાં અલોહમયપણું છે. દ્રવ્યની નાસ્તિ (બતાવી). આહા..હા...!

'દોરી ને કામઠાના અંતરાળમાં...' એ ક્ષેત્ર (લીધું). (તેમાં) 'નહિ રહેલા...' આ..હા...! પરની અપેક્ષાએ દોરી ને કામઠાના અંતરાળમાં એનું ક્ષેત્ર નથી. પરના ક્ષેત્રની અપેક્ષાએ પોતાનું ક્ષેત્ર નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! 'સમેદશીખર' ને 'ગિરનાર' ને 'શેત્રુંજય'નું ક્ષેત્ર એ પરના ક્ષેત્રથી (સ્વ) ભગવાન નથી, કહે છે. સિદ્ધનું ક્ષેત્ર છે, લ્યોને ! એ સિદ્ધના ક્ષેત્રથી આત્મા નથી. આહા..હા...! પોતાના ક્ષેત્રથી છે અને પરના ક્ષેત્રથી નથી. આહા..હા...! સિદ્ધ જ્યાં બિરાજે છે ત્યાં નિગોદજીવ છે. શું કહ્યું ? જ્યાં સિદ્ધ બિરાજે છે ત્યાં નિગોદના જીવ સિદ્ધ ભગવાનના પેટમાં – ક્ષેત્ર(માં) છે. શું કીધું સમજાણું ?

જેમ ભગવાન 'ઋષભદેવ' પાંચસો ધનુષના (છે), 'બાહુબલી' સવા પાંચસો ધનુષના (છે), એવો આકાર ત્યાં છે. એટલા લંબાઈમાં ભગવાન પોતે આનંદમાં, આનંદના અનુભવમાં સ્વદ્રવ્યમાં છે. એ જે ક્ષેત્રમાં ભગવાન છે તે ક્ષેત્રમાં અંદર નિગોદના જીવ છે. આખા લોકપણે છે ને ? તો ત્યાં પણ છે. પણ એ ભગવાનનું ક્ષેત્ર છે એ ઓલા નિગોદના ક્ષેત્રથી અભાવપણું છે. સમજાણું કાંઈ ? પર લોઢાના ક્ષેત્રથી, પર લોઢાના બાણથી સ્વનું ક્ષેત્ર નાસ્તિરૂપ છે. આરે... આરે...! આવી વાતું છે. પછી લેશે, હોં !

'સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા...' પરની અવસ્થા છે એ પ્રમાણે આત્મામાં અવસ્થા નથી. સંધાયેલ અવસ્થામાં એ નાસ્તિ છે. 'અને અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક.'

ઓલું લક્ષોન્મુખ છે, આ અલક્ષ્યોન્મુખ છે. એવું પર જે છે એનાથી અભાવસ્વરૂપ છે. આહા..હા...! આવી વાતું હવે. આમાં કરવું શું પણ ? પણ એ કરવા માટે છે, બાપુ ! સાંભળને ! તારા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં પર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ (ભાવ નથી). ત્રિલોકનો નાથ દ્રવ્ય છે એ પણ તારામાં નથી. આહા.હા...! સિદ્ધનું ક્ષેત્ર છે એ પણ તારામાં નથી. આહા..હા...! પરના કેવળજ્ઞાનની પર્યાયનો જે પરકાળ છે એ તારામાં નથી અને પરના જે ગુણો છે તે તારામાં નથી. માટે તે ગુણનો તારામાં અભાવ છે. એ પર્યાય પરનો છે તેનો તારામાં અભાવ છે, અકાળ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આવી વાત (છે), ભાઈ !

તારા હોવાપણામાં તું છો અને પરના હોવાપણાથી તું નથી. પરના હોવાપણે, પરનું દ્રવ્ય, પરનું ક્ષેત્ર, પરનો કાળ, એના હોવાપણે તું નથી. આહા..હા...! આત્માના ક્ષેત્રે કર્મનું ક્ષેત્ર પડ્યું છે. એ કર્મના ક્ષેત્રપણે તું નથી. તું તારા ક્ષેત્રમાં અસ્તિપણે છો. કર્મના ક્ષેત્રપણાનો તારામાં અભાવ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એમ 'સમેદશીખર', 'ગિરનાર' એ પરક્ષેત્ર છે. પરક્ષેત્રનો તારામાં અભાવ છે. આહા..હા...! આપણે જાણે 'ગિરનાર' જાઈએ તો ધર્મ થઈ જાય. સાંભળને હવે ! 'ગિરનાર' જાય તો ત્યાં શુભ રાગ હોય. એ શુભ રાગ થાય. એ રાગ તારી પર્યાયમાં છે. એને જાણતા અંદરમાં છે. આને જાણતા અંદરમાં જા, એમ નહિ. આહા..હા...! 'ગિરનાર' ને 'ગિરનાર'ની પ્રતિમાઓ ને 'સમેદશીખર'ની પ્રતિમાઓ, એને જોઈને અંદરમાં જા, એમ નહિ. કારણ કે એ જે છે એ તારામાં છે નહિ. તારે તારામાં જોવાનું છે. એ ચીજ તારામાં નથી તો તેને જોવાનું નથી. આહા..હા...! આવી વાતું, લ્યો ! છે ને ?

'(જેમ પહેલાનું તીર અન્ય તીરના દ્રવ્યની અપેક્ષાથી અલોહમય છે,...)' લોહમય છે એ અસ્તિ પોતાથી (છે). બીજાની અપેક્ષાએ તો અલોહમય છે. '(અન્ય તીરના ક્ષેત્રની અપેક્ષાથી દોરી ને કામઠાના વચગાળામાં નહિ...)' અંતર જે વચગાળામાં પર છે એ અહીં નથી. '(અન્ય તીરના કાળની અપેક્ષાથી સંધાયેલી સ્થિતિમાં નહિ...)' આહા..હા...! બીજાનું તીર જે આમ સંધાયેલી અવસ્થામાં છે એનો તારામાં (આ તીરમાં) અભાવ છે. આવી વાતું છે. બાપુ ! આ તો સમ્યફ્જ્ઞાનની વાતું છે. ભાઈ ! આહા..હા...! ભગવાન અંદર છે એ પોતાના સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી છે. ચાહે તો ત્રણલોકનો નાથ સામે હોય, એ દ્રવ્યથી આ દ્રવ્ય નથી. એ ક્ષેત્રથી આ ક્ષેત્ર નથી. એના સ્વકાળથી આ કાળ નથી. એના ભાવથી આમાં ભાવ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

એકવાર 'મુંબઈ'માં પ્રશ્ન થયો હતો. સ્થાનકવાસી હતા ને ? કે, આ માણસ જાત્રા કરવા જાય (છે ને ?) કીધું, ભાઈ ! સાંભળ ! એ ત્યાં જઈને હેતુ બીજો છે. એ સિદ્ધ ભગવાન માથે બિરાજે છે. ત્યાં જાય ત્યારે યાદ કરે કે, અહીં માથે (બિરાજે છે). એવા વિકલ્પને માટે ત્યાં (જાય) છે. સમજાય છે કાંઈ ? જેમ આ 'શેત્રુંજય', તો ત્યાં જઈને અહીં ઉપર પરમાત્મા, 'ભીમ', 'અર્જુન' ને 'ધર્મરાજા (યુધિષ્ઠિર)' અહીં મારે માથે બિરાજે છે. એ માટે વાત છે. તે પણ એક વિકલ્પ છે. આ..હા...! 'મુંબઈ'માં એક સ્થાનકવાસી હતો (એણે પૂછેલું). (એને) કીધું, બાપુ ! એ જાત્રાનો હેતુ આ છે. ત્યાં આગળ સ્મરણ થાય છે (કે), પરમાત્મા મારે માથે બિરાજે છે. આ ક્ષેત્રથી મોક્ષ થયેલો છે. તેના સ્મરણને માટેનો વિકલ્પ છે. સમજાણું કાંઈ ? આ.હા...! એ ક્ષેત્ર અને તે વિકલ્પ થાય છે એ સ્વભાવમાં નથી. આહા..હા...! પર્યાયમાં વિકલ્પ છે ભલે, પણ ત્રિકાલ દ્રવ્યમાં એ નથી. જ્યાં જોવાનું છે તેમાં એ વિકલ્પ અને તે ક્ષેત્ર બેય નથી. આહા..હા...! અરે...! આવી વાતું, લ્યો !

'(તીરના કાળની અપેક્ષાથી સંધાયેલી સ્થિતિમાં નહિ રહેલું છે અને અન્ય તીરના ભાવની અપેક્ષાથી...)' અન્ય તીરનો જે ભાવ – શક્તિ, ગુણ છે તેની અપેક્ષાએ અસન્મુખ છે, એની સન્મુખ નથી. આ..હા...! '(તેમ આત્મા નાસ્તિત્વનયે પરચતુષ્ટયથી નાસ્તિત્વવાળો છે).' પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ મારામાં નથી, એવો નાસ્તિત્વ ભાવ છે. તે પણ પોતાનો ગુણ છે, એ પણ પોતાનો એક ધર્મ છે. પોતાનું અસ્તિત્વ છે એ પણ એક ધર્મ છે. ધર્મ એટલે ધારી રાખેલ ભાવ. અને પરથી નથી એવો નાસ્તિત્વ પણ એક ધર્મ છે. ધર્મ એટલે ધારી રાખેલો ભાવ. ધર્મ એટલે આ સમ્યગ્દર્શન, એમ નહિ. આહા..હા...! વિશેષ કહેવાશે...

શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !

अस्तित्वना-स्तित्वनयेनायोमयानयोमयगुणकार्मुकान्तरालवर्त्यगुणकार्मुकान्तरालवर्तिसंहिताव स्थासंहिता-वस्थलक्ष्योन्मुखालक्ष्योन्मुख प्राक्तनविशिखवत् क्रमतः स्वपरद्रव्यक्षेत्रकालभावैर - स्तित्वनास्तित्ववत् ५। अवक्तव्यनयेनायोमयानयोमयगुणकार्मुकान्तरालवर्त्य गुणकार्मुकान्तरालवर्तिसंहितावस्थासंहिता-वस्थलक्ष्योन्मुखालक्ष्योन्मुखालक्ष्योन्मुखप्राक्तनविशिखवत् युगपत्स्वपरद्रव्यक्षेत्रकालभावैरवक्तव्यम् ६ । अस्तित्वावक्तव्यनयेनायोमयगुणकार्मुकान्तराल-वर्तिसंहितावस्थलक्ष्योन्मुखायोमयानयोमयगुणकार्मुकान्तरालवर्त्यगुणकार्मुकान्तरालवर्तिसंहितावस्थासंहितावस्थलक्ष्योन्मुखालक्ष्योन्मुखप्राक्तनविशिखवत् स्वद्रव्यक्षेत्रकालभावैर्युगपत्स्वपरद्रव्यक्षेत्रकालभावैश्चास्तित्ववदवक्तव्यम् ७ । नास्तित्वावक्तव्य-नयेनानयोमयागुणकार्मुकान्तरालवर्त्यसंहितावस्थालक्ष्योन्मुखायोमयानयोमयगुणकार्मुकान्तरालवर्त्य-गुणकार्मुकान्तरालवर्तिसंहितावस्थासंहितावस्थलक्ष्योन्मुखालक्ष्योन्मुखप्राक्तनविशिखवत् परद्रव्यक्षेत्र-कालभावैर्युगपत्स्वपरद्रव्यक्षेत्रकालभावैश्च नास्तित्ववदवक्त्व्यम् ८। अस्तित्वनास्तित्वा-ववक्तव्यनयेनायोमयगुणकार्मुकान्तरालवर्त्यसंहितावस्थालक्ष्योन्मुखान-योमयागुणकार्मुकान्त-रालवर्त्यसंहितावस्थालक्ष्योन्मुखायोमयानयोमयगुणकार्मुकान्तरालवर्त्यगुणकार्मुकान्तराल-वर्तिसंहितावस्थासंहितावस्थलक्ष्योन्मुखालक्ष्योन्मुखप्राक्तनविशिखवत् स्वद्रव्यक्षेत्रकालभावैः परद्रव्यक्षेत्रकालभावैर्युगपत्स्वपरद्रव्यक्षेत्रकालभावैश्चास्तित्वनास्तित्ववदवक्तव्यम् ९ । विकल्पनयेन शिशुकुमारस्थविरैकपुरुषवत् सविकल्पम् १० । अविकल्पनयेनैकपुरुषमात्रवदविकल्पम् ११ । नामनयेन तदात्मवत् शब्दब्रह्मामर्शि १२ । स्थापनानयेन मूर्तित्ववत् सकलपुद्गलालम्बि १३ । द्रव्यनयेन माणवकश्रेष्ठिश्रमणपार्थिववदनागतातीतपर्यायोद्भासि १४ ।

આત્મદ્રવ્ય અસ્તિત્વનાસ્તિત્વનયે ક્રમશઃ સ્વપરદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી અસ્તિત્વ–નાસ્તિત્વવાળું છે;–લોહમય તેમ જ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમ જ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલાં તેમ જ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમ જ અલક્ષ્યોન્મુખ એવા પહેલાનાં તીરની માફક. (જેમ પહેલાનું તીર ક્રમશઃ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી લોહમયાદિ અને અલોહમયાદિ છે, તેમ આત્મા અસ્તિત્વનાસ્તિત્વનયે ક્રમશઃ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી અસ્તિત્વવાળો અને નાસ્તિત્વવાળો છે.) ૫.

આત્મદ્રવ્ય અવક્તવ્યનયે યુગપદ્ સ્વપરદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી અવક્તવ્ય છે;– લોહમય તેમ જ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમ જ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમ જ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમ જ અલક્ષ્યોન્મુખ એવા પહેલાનાં તીરની માફક. (જેમ પહેલાનું તીર યુગપદ્ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી યુગપદ્ લોગમયાદિ અને અલોહમયાદિ હોવાથી અવક્તવ્ય છે, તેમ આત્મા અવક્તવ્યનયે યુગપદ્ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી અવક્તવ્ય છે.) ૬.

આત્મદ્રવ્ય અસ્તિત્વ–અવક્તવ્યનયે સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી તથા યુગપદ્ સ્વપરદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી અસ્તિત્વવાળું–અવક્તવ્ય છે;–(સ્વચતુષ્ટયથી) લોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલાં, સંધાયેલી અવસ્થામાં રહેલા અને લક્ષ્યોન્મુખ એવા તથા (યુગપદ્ સ્વપરચતુષ્ટયથી) લોહમય તેમ જ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમજ દોરીને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમ જ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમ જ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. [ જેમ પહેલાનું તીર (૧) સ્વચતુષ્ટયની તથા (૨) એકીસાથે સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) લોહમયાદિ તથા (૨) ન કહી શકાય એવું છે, તેમ આત્મા અસ્તિત્વઅવક્તવ્યનયે (૧) સ્વચતુષ્ટયની તથા (૨) યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) અસ્તિત્વવાળો તથા (૨) અવક્તવ્ય છે. ] ૭.

આત્મદ્રવ્ય નાસ્તિત્વ–અવક્તવ્યનયે પરદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી તથા યુગપદ્ સ્વ–પરદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી નાસ્તિત્વાળું–અવક્તવ્ય છે;–(પરચતુષ્ટયથી) અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા એ અલક્ષ્યોન્મુખ એવા તથા (યુગપદ્ સ્વપરચતુષ્ટયથી) લોહમય તેમ જ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમ જ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમ જ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમ જ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. [ જેમ પ્રથમનું તીર (૧) પરચતુષ્ટયની તથા (૨) એકીસાથે સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) અલોહમાયાદિ તથા (૨) અવક્તવ્ય છે, તેમ આત્મા નાસ્તિત્વ–અવક્તવ્યનયે (૧) પરચતુષ્ટયની તથા (૨) યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) નાસ્તિત્વવાળો તથા (૨) અવક્તવ્ય છે. ] ૮.

આત્મદ્રવ્ય અસ્તિત્વ–નાસ્તિત્વ–અવક્તવ્યનયે સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી, પરદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી તથા યુગપદ્ સ્વપરદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી અસ્તિત્વવાળું—નાસ્તિત્વવાળું–અવક્તવ્ય છે;–(સ્વચતુષ્ટયથી) લોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા

અને લક્ષ્યોન્મુખ એવા, (પરચતુષ્ટયથી) અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને અલક્ષ્યોન્મુખ એવા તથા (યુગપદ્ સ્વપરચતુષ્ટયથી) લોહમય તેમ જ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમ જ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમ જ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા એ લક્ષ્યોન્મુખ તેમ જ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. [ જેમ પહેલાનું તીર (૧) સ્વચતુષ્ટની, (૨) પરચતુષ્ટયની તથા (૩) યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) લોહમય, (૨) અલોહમય તથા (૩) અવક્તવ્ય છે, તેમ આત્મા અસ્તિત્વ–નાસ્તિત્વ–અવક્તવ્યનયે (૧) સ્વચતુષ્ટયની, (૨) પરચતુષ્ટયની તથા (૩) યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) અસ્તિત્વવાળો, (૨) નાસ્તિત્વવાળો તથા (૩) અવક્તવ્ય છે. ] ૯.

આત્મદ્રવ્ય, વિકલ્પનયે, એક પુરુષમાત્રની માફક, અવિકલ્પ છે (અર્થાત્ અભેદનયે આત્મા અભેદ છે, જેમ એક પુરુષ, બાળક, કુમાર અને વૃદ્ધ એવા ભેદવાળો છે તેમ). ૧૦.

આત્મદ્રવ્ય અવિકલ્પનયે, એક પુરુષમાત્રની માફક, અવિકલ્પ છે (અર્થાત્ અભેદનયે આત્મા અભેદ છે, જેમ એક પુરુષ બાળક–કુમાર–વૃદ્ધ એવા ભેદો વિનાનો એક પુરુષમાત્ર છે તેમ). ૧૧.

આત્મદ્રવ્ય નામનયે, નામવાળાની માફક, શબ્દબ્રહ્મને સ્પર્શનારું છે (અર્થાત્ આત્મા નામનયે શબ્દબ્રહ્મથી કહેવાય છે, જેમ નામવાળો પદાર્થ તેના નામરૂપ શબ્દથી કહેવાય છે તેમ). ૧૨

આત્મદ્રવ્ય સ્થાપનાનયે, મૂર્તિપણાની માફક, સર્વ પુદ્ગલોને અવલંબનારું છે (અર્થાત્ સ્થાપનાનયે આત્મદ્રવ્યની પૌદ્ગલિક સ્થાપના કરી શકાય છે, મૂર્તિની માફક). ૧૩.

આત્મદ્રવ્ય દ્રવ્યનયે, બાળક શેઠની માફક અને શ્રમણ રાજાની માફક, અનાગત અને અતીત પર્યાયે પ્રતિભાસે છે (અર્થાત્ આત્મા દ્રવ્યનયે ભાવી અને ભૂત પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે, જેમ બાળક શેઠપણાસ્વરૂપ ભાવી પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે અને મુનિ રાજસ્વરૂપ ભૂત પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે તેમ) ૧૪.

## ભાદરવા સુદ ૧૩, મંગળવાર
## તા. ૦૪-૦૯-૧૯૭૯
## નય ૫ થી ૧૪, પ્રવચન નં. ૨૬૧

'પ્રવચનસાર' ચાર નયની વાત થઈ ગઈ છે. પાંચમી (નયમાં) એમ (વાત) છે કે, આત્મદ્રવ્ય અસ્તિ-નાસ્તિ ક્રમે કહેવાય છે. એવો પણ એક અંદર ધર્મ છે. પોતાથી છે અને પરથી નથી. એ એક એક બોલ તો ભિન્ન સ્વતંત્ર (છે જ). આ તો એકસાથે. સ્વથી છે અને પરથી નથી, એવું જ્ઞાન કરીને પણ દ્રવ્ય વસ્તુ છે ત્યાં એણે જાવું. આહા..હા...!

પછી પાંચમું અવ્યક્ત છે. અસ્તિ છે, નાસ્તિ છે એ એકસાથે કહેવાય નહિ (માટે) અવ્યક્ત છે. એવો પણ એક ધર્મ છે. પણ અવ્યક્ત છે એવા ધર્મનું લક્ષ કરીને દ્રવ્યમાં જાવું. આવી આકરી વાતું.

એ રીતે અસ્તિ અવક્તવ્ય. (અર્થાત્) છે અને કહી શકાય નહિ, એવો એક ભંગ છે. પછી એક નાસ્તિ અવક્તવ્ય. પરથી નથી એમ કહી શકાય નહિ, એવું છે. પછી અસ્તિ-નાસ્તિ અવક્તવ્ય. સ્વથી છે, પરથી નથી અને અવક્તવ્ય (છે), એમ કરીને સાત બોલ થયા. આ તો એણે વાંચી લેવા. બેમાં બધું આવી ગયું. હવે આપણે અહીંયાં દસમો બોલ. દસમો બોલ છે ને ? સમજાય છે કે નહિ ? આ સાત સંકેલી નાખ્યા. આહા..હા...! 'આત્મદ્રવ્ય...' આહા..હા...!

આ દસલક્ષણનું સવારમાં પુસ્તક વહેંચાણું ને ? એ પહેલા 'આત્મધર્મ'માં આવી ગયું છે. બધા લખાણો 'આત્મધર્મ'માં આવી ગયા છે અને એ બધાને ભેટ આપવાના છે. હિન્દી અને ગુજરાતી 'આત્મધર્મ'વાળાને ભેટ આપવાના છે. ક્ષયોપશમ જબરો માળાનો ! એક બ્રહ્મચર્યની વ્યાખ્યા કરી છે કે, આ શરીરથી બ્રહ્મચર્ય પાળવું એટલું જો બ્રહ્મચર્ય હોય, સ્પર્શ ઇન્દ્રિય (હોય) અને ચાર ઇન્દ્રિય અંદરથી ભિન્ન ન રહે તો એ વાસ્તવિક બ્રહ્મચર્ય નથી.

એક તો એ વાત કરી. સ્પર્શ ઇન્દ્રિય અખંડ છે અને ચાર ઇન્દ્રિય ખંડ ખંડ છે. મગજ – ક્ષયોપશમ બહુ ! ઘણા તર્ક ઉઠાવ્યા છે, એવા ઉઠાવ્યા છે અને છતાં માણસ નરમાશ, બુદ્ધિનું ઘમંડ નહિ. આ સ્પર્શ ઇન્દ્રિય આખા શરીરે અખંડ છે. સ્પર્શ ઇન્દ્રિયના ભોગને જીતે તો એનો અર્થ કે બહાર તરફનું લક્ષ છૂટીને અખંડ આત્મ દ્રવ્યમાં જાય. કહો, ભાઈ ! એકલું શરીરથી બ્રહ્મચર્ય પાળે એમ નહિ, એમ કહે છે. એ બ્રહ્મચર્ય નહિ. બ્રહ્મ નામ ભગવાનઆત્મા અખંડ ઇન્દ્રિયના લક્ષમાંથી છૂટી અને અખંડ ભગવાનઆત્માની દૃષ્ટિમાં જાય ત્યારે આત્મરમણતા થાય તેને બ્રહ્મચર્ય કહેવામાં આવે છે. કાલનો દિ' છે ને ? કાલનો બ્રહ્મચર્યનો દિ' છે. આહા..હા...! તર્ક ભારે કર્યા છે. જો એકલી રસેન્દ્રિયને જીતવાથી ધર્મ થાય તો જેને રસઇન્દ્રિય નથી એને ધર્મ થવો જોઈએ. ભાઈ ! એકેન્દ્રિયને રસેન્દ્રિય નથી. આહા..હા...!

૩૧ ગાથામાં તો એ જ કહ્યું ને ? એ તો એણે નથી નાખ્યું. પાંચ જડ ઇન્દ્રિયો, ભાવેન્દ્રિય ક્ષયોપશમ અને એનો બધો વિષય – દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ બધું, એ બધી ઇન્દ્રિયો. આહા..હા...! એટલે બધી ઇન્દ્રિયોને જીતવી. એનો અર્થ કે બધા ભાવ તરફથી લક્ષ છોડી દેવું. આહા..હા...! એકલું બ્રહ્મચર્ય પાળ્યું ને બાળ બ્રહ્મચારી છે, એમ નથી એમ કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? લોકોમાં રૂઢ વ્યવહાર એવો થઈ ગયો. પણ ઇ તો કહે (છે) કે, બાળ બ્રહ્મચારી (અર્થાત્) બ્રહ્મ એવો ભગવાનઆત્માનું જ્ઞાન હોય અને જ્ઞાન થયા પછી એમાં રમણતા હોય પણ જેને હજી આત્મજ્ઞાન નથી એને અંતરની રમણતા, ઇન્દ્રિયોને જીતીને થવી, એ હોઈ શકે નહિ. આહા..હા...! ક્ષયોપશમ ઘણો ! પાછળ જરી બીજી વાત કરી છે કે, આ સ્પર્શ છે એ અખંડ છે અને એનો વિષય કંઈ એક જ નથી, આઠ (વિષય છે). ઠંડો, ઊનો – ગરમ (એવા) આઠ (છે). આહા..હા...! એ બધાને જીતવા એટલે તેમાંથી લક્ષ છોડી દેવું. આહા..હા...! સમજાય છે કાંઈ ? પહેલા 'આત્મધર્મ'માં આવ્યું હશે, આપણે કંઈ વાંચ્યું નહોતું. કારણ કે એ ઘણા .... પણ આ થોડું આજે આવ્યું ને એક આપ્યું હતું (એટલે) જોયું. બધાને – સૌને આવવાનું છે, હોં ! 'આત્મધર્મ' જે મગાવે છે એ બધાને આવશે. બધા ઘરાકને આવશે.

અહીં તો કહેવું છે કે, આ..હા..હા...! અહીં તો આ વિષય લેશે કે, 'આત્મદ્રવ્ય વિકલ્પનયે...' આહા..હા...! 'બાળક, કુમાર અને વૃદ્ધ એવા પુરુષની માફક, સવિકલ્પ છે...' આહા..હા...! પણ તેનું લક્ષ છોડીને... આહા..હા...! બાળ, યુવાન, વૃદ્ધનું લક્ષ છોડીને, જાણવામાં લેવું કે એવો એનો એક ધર્મ છે. સમજાય છે કાંઈ ? ભેદવાળો ધર્મ. બાળ, યુવાન તો

જડની અવસ્થા છે. એમ આત્મામાં ભેદનય છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ ભેદ છે પણ ભેદનું લક્ષ છોડી દઈને. આહા..હા...!

અખંડ સ્પર્શ આ તો આખા શરીર પ્રમાણે છે, એને જીતવું એટલે અખંડ બધામાંથી લક્ષ છોડી દેવું. પાંચ ઇન્દ્રિયના વિષયોમાંથી લક્ષ છૂટી જઈ... આ.હા..હા...! એણે એક દાખલો આપ્યો છે, વ્યાકરણમાં છે ને ? 'જયસેનાચાર્ય'ની ટીકામાં (છે). કામભોગ બંધ કથા. બે ને ત્રણ, પાંચ. કામભોગ. સંસ્કૃત ટીકામાં છે, ભાઈ ! 'સમયસાર'. છે અહીં 'સમયસાર' ? સંસ્કૃત છે. ચોથી ગાથા છે ને ? કામભોગ બંધ કથા. **'कामरूपभोगाः कामभोगाः अथवा कामशब्देन स्पर्शनरसनेंद्रियं'** સ્પર્શ અને રસ ઇન્દ્રિય, ઇ બે કામ. ભોગ એટલે **'घ्राणचक्षुःश्रोत्रत्रयं'** એ પાંચને કામભોગ (કહ્યા). એટલે પાંચે તરફનું લક્ષ છોડી દઈ. આહા..હા...! અને અનિન્દ્રિય એવો જે ભગવાનઆત્મા, તેનું જ્ઞાન કરી, સમકિત – શ્રદ્ધા કરીને તેમાં રમવું. આહા..હા...! સમજાય છે કાંઈ ? એનું નામ સત્ય બ્રહ્મચર્ય કહેવામાં આવે છે. આહા..હા...! કાલે સવારમાં થોડું આવશે.

ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ, અરે...! ક્યાં ખબર છે ? બિચારા પ્રાણી અજ્ઞાન અનાદિથી, મૂઢ બાહ્યની પ્રવૃત્તિમાં રોકાય ગયા પણ અંદર શું ચીજ છે ? (તેની ખબર નથી). આ..હા...! પાંચે ઇન્દ્રિય છે એનો જે વિષય છે, તેનાથી ભગવાનઆત્મા ભિન્ન છે. પાંચ ઇન્દ્રિયોના વિષયો તરફનું લક્ષ છૂટી, પાંચ ઇન્દ્રિયોનું લક્ષ છોડી, ભાવઇન્દ્રિયનું લક્ષ છોડી, અનીન્દ્રિય એવો જે ભગવાનઆત્મા, તેનું જ્ઞાન કરીને તેની પ્રતીત કરીને તેમાં ઠરવું એનું ધર્મ છે, એનું નામ બ્રહ્મચર્ય છે. આહા..હા...! અરે...! દુનિયા ક્યાં રખડે છે ચોરાશીના અવતારમાં ? એને આ ચીજ ક્યાં છે ?

ભગવાન ત્રણલોકનો નાથ જિનેશ્વરદેવ તીર્થંકરનું ઇન્દ્રો અને ગણધરોની વચ્ચેનું આ ફરમાન છે. આ..હા...! સભામાં ઇન્દ્રો ને ગણધરો ને સિંહ ને વાઘ ને નાગ, સિંહ, વાઘ ને નાગ સભામાં બેઠા હોય છે. વર્તમાન મહાવિદેહ(માં છે). ભગવાન ત્યાં બિરાજે છે. એ વચ્ચે ભગવાનનું આ ફરમાન છે.

ભગવાન તું બાળ, યુવાન ને વૃદ્ધ જે દેહની અવસ્થા (છે), એમ તારામાં જ્ઞાન, દર્શન ને ચારિત્રના ભેદની અવસ્થા (છે), તેને જાણી અંદર જા. એ ભેદનો એક ધર્મ છે. સમજાય છે ? આહા..હા...! એની એક યોગ્યતા છે. એક અંશ છે પણ અંદર દ્રવ્ય જે સ્વભાવ છે, પરમાનંદની મૂર્તિ પ્રભુ, ત્યાં જા તો તને સમકિત થશે અને ધર્મ થશે અને જ્ઞાન થશે.

આહા..હા...! કહો, ભાઈ ! આવી વાતું છે. ઓલા પૈસા-ફૈસામાં રોકાય ગયા. આહા..હા...! અહીં તો પૈસા તો આંખનો વિષય છે. આ સ્પર્શનો વિષય છે, રૂપનો વિષય, ગંધનો વિષય આદિ પાંચે ઇન્દ્રિય તરફનું વલણ જે છે તે ભોગ ને વિકાર ને મિથ્યાત્વ ભાવ છે. આહા..હા...! એનાથી છૂટીને દ્રવ્ય સ્વભાવ (તરફ જવું). અહીં તો ભેદની વાત કરી. અહીં કામભોગની કરી. કામ શબ્દે સ્પર્શ, રસ ઇન્દ્રિય. સ્પર્શ અને રસેન્દ્રિય, બેને કામ કહેવાય. અને ભોગને ઘ્રાણ, ચક્ષુ અને સ્ત્રોત – નાક, આંખ અને કાન, એને ભોગ કહેવાય. એ કામભોગની વાર્તા છોડી દે. કામભોગ, પાંચે ઇન્દ્રિય તરફનું લક્ષ છોડી દે.

જેમ અહીં કહ્યું કે, બાળ, યુવાન ને વૃદ્ધ અવસ્થા જેમ છે, છતાં તે પુરુષની અવસ્થા છે. એમ દર્શન, જ્ઞાન, ચારિત્રની ભેદ અવસ્થા છે એ ભગવાનઆત્માની છે. એમ ભેદનું જ્ઞાન કરીને પણ અભેદ ઉપર દૃષ્ટિ (કર). આહા..હા...! ત્યારે તેને ભેદનયથી આત્માને જાણ્યો. આહા..હા...! એ અભેદ અને ભેદ નયવાળો પર્યાયમાં છે પણ એનું લક્ષ છોડીને અંતરમાં જાવું. આહા..હા...! બહુ ઝીણી વાતું. લોકોને ક્યાં બિચારાને આખો દિ' પાપ... પાપ... ને પાપ. ધંધા ને... એ..ઇ...! આખો દિ' ધંધો... ધંધો... જુદા પડ્યા એટલે ... થયું, ભેગા હતા ત્યારે (બીજો ભાઈ) કાંઈ કરતો. હવે સૌ મજુરીએ ચડી ગયા. એ..ઇ...! અહીં બેય જણા આવ્યા છે. આહા..હા...! ધંધામાં લાખોની પેદાશ થાય. એ..ઇ...! ત્યાં (રોકાય જાય). ધૂળની પેદાશ છે. આત્માની પેદાશ તો ત્યારે થાય કે, ભેદનયનું જ્ઞાન કરીને પણ અંતરમાં જા. આહા..હા...!

પાંચે ઇન્દ્રિયો આ જડ અને ભાવઇન્દ્રિય અને વિષય, તેનું જ્ઞાન કર, જાણીને અંતરમા જા. આહા..હા...! ત્યારે તને સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન થાય. ત્યારે તેને ધર્મની શરૂઆત થાય. ભાઈ ! આવી વાતું છે, બાપા ! સંતોની વાણી.. આ..હા...! 'શાંતિ પમાડે તેને સંત કહીએ, તેના દાસાનુદાસ થઈને રહીએ' આ..હા..હા...! આવે છે ને અન્યમતમાં ? પણ એની ખબર નથી. આવે છે. 'શાંતિ પમાડે તેને સંત કહીએ' સંત શાંતિ પામેલ હોય છે, અકષાય શાંતિ પામેલ હોય છે અને એવી જ વાત જગતને જાહેર કરે છે. આ..હા...!

પ્રભુ ! તને શાંતિ જોતી હોય... આહા..હા...! તો સારા સ્પર્શઇન્દ્રિયને... એમાંથી એ કહ્યું, ભાઈ ! સ્પર્શ ઇન્દ્રિયના આઠ વિષયો છે ને ? ટાઢું, ઊનું, હળવો, ભારે એનો પણ મોહ છોડી દે. આહા..હા...! આહા..હા...! ત્યારે સ્પર્શ ઇન્દ્રિય તરફનો એનો વિષય છે. આહા..હા...! એનું પણ લક્ષ છોડી દે. ત્યારે તને અનીન્દ્રિય એવો ભગવાનઆત્મા દૃષ્ટિમાં

આવશે. આહા..હા...! સમજાય છે કાંઈ ? ભાષા તો સાદી, બાપુ ! ભાવ એવા છે. લોકો તો બિચારા એકલા બહારમાં (લાગી ગયા). ધંધા આડે કલાક નવરો થાય તો પછી આ કાંઈક પૂજા કરવી કે ભક્તિ કરી કે જાત્રા કરી, થોડું વાંચી લેવું, થઈ ગયો ધર્મ ! ધૂળેય નથી. અરે...!

અહીં તો એ કહે છે, કામભોગ શબ્દ વાપર્યો છે ને ઇ એણે ત્યાં લીધું છે. સ્પર્શ, રસ એ કામ. ઘ્રાણ, આંખ અને શ્રવણ (એ ભોગ). પાંચે ઇન્દ્રિયના વિષયો તરફનું લક્ષ છોડી (દેવું). એ બધી કામભોગની કથા છે. આહા..હા...! **'सुदपरिचिदाणुभूदा'** એ વાત તેં સાંભળી પણ છે, પાંચ ઇન્દ્રિયના ભોગની, વિષયની (વાત)... આહા..હા...! સાંભળી પણ છે, પરિચયમાં પણ આવી ગઈ છે, અનુભવમાં પણ આવી છે. એક ભગવાનઆત્મા પાંચ ઇન્દ્રિયના વિષયોથી પૃથક્ અંદર ભગવાન **'एयत्तस्सुवलंभो'** એકત્વની પ્રાપ્તિ તને કદી એક સમય થઈ નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? શરીરે બ્રહ્મચર્ય પાળ્યું અને સ્ત્રીનું સેવન ન કર્યું તો થઈ ગયું બ્રહ્મચર્યને ? આહા..હા...! એ જાતનો શુભ ભાવ ભલે હો પણ એ કંઈ બ્રહ્મચર્ય નથી. આહા..હા...! પાંચે ઇન્દ્રિયો તરફના લક્ષને અને તેના વિષયના ભાવના લક્ષને છોડી દઈને અનિન્દ્રિય એવો ભગવાનઆત્મા, તેની સમીપમાં જઈને દૃષ્ટિ સમ્યક્જ્ઞાન થાય અને એમાં રમણતા થાય ત્યારે એણે પાંચ ઇન્દ્રિયોને જીતી એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આવો માર્ગ છે. અરે...! સંપ્રદાયમાં તો સાંભળવા મળે નહિ. તેથી એકાંત છે, એમ પોકાર કરે છે. 'સોનગઢ'નું એકાંત છે. કહો, બાપા ! પ્રભુ ! તું પ્રભુ છો, ભાઈ ! તને તારી પ્રભુતાની ખબર નથી. આ..હા...!

અંદર ચૈતન્યરત્નાકર અનંત ગુણનો ભંડાર ભરેલો ભગવાન છે. આહા..હા...! એની ખાણમાં અનંતા ગુણો ભર્યા છે. એવું એ આત્મતત્ત્વ, એની દૃષ્ટિ વિના, એના જ્ઞાન વિના બધું ફોગટ છે. ચાહે તો વ્રત પાળે ને ભક્તિ કરે ને શરીરથી બ્રહ્મચર્ય પાળે એ બધા એકડા વિનાના મીંડાં છે, કહે છે. આહા..હા...! શરીરથી વિષય ન સેવ્યો માટે રાજી રાજી થઈ ગયો, રાગી થયો, એ રાજી થઈને રાગી થયો. આહા..હા...! શું ભગવાનની શૈલી ! આહા..હા...! ત્રણલોકના નાથ આહા..હા...!

('નિયમસાર)'૧૨૭ (ગાથામાં) એ કહ્યું, 'जस्स संणिहिदो' જેના સંયમ ને તપ ને ઇન્દ્રિયના દમનમાં ભગવાનઆત્મા સમીપ વર્તે છે, જેના આશ્રયમાં ભગવાન વર્તે છે... આહા..હા...! જેના અવલંબનમાં પ્રભુ ધ્રુવ ચૈતન્ય વર્તે છે તેને સમતા અને સંયમ હોય

છે, તેને સામાયિક હોય છે. આ સામાયિક એને હોય છે. આ તો આઠ વર્ષની છોડી બે-ત્રણ સામાયિક કરે (એને) બધા શેઠિયાઓ રૂપિયો-રૂપિયો આપે (એટલે) રાજી રાજી થઈ જાય કે, અમે કંઈ ધર્મ કર્યો નહિ પણ ધર્મને મદદ કરી. ભાઈ ! અરે...! ક્યાં ધર્મ હતો ? બાપા ! સામાયિક કોને કહેવી એની ખબરું વિના. આહા..હા...! સામાયિક તો એ આત્મા...

અહીંયાં કહે છે કે, ભેદ વિકલ્પ જે છે કે, જ્ઞાન ને દર્શન ને ચારિત્ર, છે ? 'બાળક, કુમાર અને વૃદ્ધ એવા એક પુરુષની માફક, સવિકલ્પ છે (અર્થાત્) આત્મા ભેદનયે, ભેદ સહિત છે, જેમ એક પુરુષ, બાળક, કુમાર અને વૃદ્ધ એવા ભેદવાળો છે તેમ).' જ્ઞાન, દર્શનના ભેદવાળો છે. પણ ભેદવાળો છે એવો એક ધર્મ ગણીને લક્ષમાં લઈને જાવું છે અંદર દ્રવ્યમાં. આહા..હા...! તેના ઉતારા ત્યાં કરવા છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આવી વાતું હવે. છે ?

મુમુક્ષુ :- આપે કાઢ્યું.

પૂજ્ય ગુરુદેવશ્રી :- આમાં છે ને ઇ ? ઓલી વાત એણે ઘણી સ્પષ્ટ કરી છે ! બહુ ક્ષયોપશમ માળાનો ! દશે ધર્મનું વર્ણન એવું કર્યું છે (કે) પંડિતોએ વખાણ કર્યા છે. (બીજા મોટા વિદ્વાને) વખાણ કર્યા છે, નહિતર ઇ તો અહીંનો જરી વિરોધી છે અને એને ખબર છે કે આ તો ત્યાંનો પંડિત છે. છતાં એના વખાણ કર્યા કે, ઓ..હો..હો...! (ભાઈએ) દસલક્ષણીનું જે કથન વિસ્તારથી કર્યું એવું ક્યાંય છે નહિ. માણસને સમજવા માટે બહુ સરસ કર્યું છે, એવું કહ્યું. ઘણા પંડિતોએ વખાણ્યું. સ્પર્શ, આ એક જડ સ્પર્શ, એને સ્પર્શ ઇન્દ્રિયની સાથે ભોગ ન લીધો એથી બ્રહ્મચર્ય થઈ ગયું ? સમજાણું કાંઈ ? આ..હા...! એકેન્દ્રિયને સ્પર્શ ઇન્દ્રિય તો છે પણ સ્પર્શ ઇન્દ્રિયથી એને કોઈ સ્ત્રીનો (ભોગ) નથી, તો થઈ ગયું બ્રહ્મચર્ય ? આહા..હા...! ગજબ વાતું છે, બાપા ! ત્રણલોકના નાથ, એની વાતું સંતો દિગંબર મુનિઓ જે જાહેર કરે છે. આહા..હા...! સંતોની વાત છે. આહા..હા...! એ દસમો બોલ થયો.

અગિયાર. 'આત્મદ્રવ્ય અવિકલ્પનયે,...' જોયું ? વિકલ્પનય પણ, ભેદ પણ એક ધર્મ છે. એનો ભેદવાળો એક ધર્મ ધારી રાખ્યો છે. એમ અભેદ પણ એનો એક ધર્મ છે. 'આત્મદ્રવ્ય અવિકલ્પનયે, એક પુરુષમાત્રની માફક,...' એક પુરુષ. બાળક, યુવાન ને વૃદ્ધ નહિ. આ..હા...! ભગવાનઆત્મા કેવો છે ? એમ આવ્યું હતું ને ? પૂછ્યું હતું ને ? કેવો છે ? કેવડો છે ? કેમ પ્રાપ્તિ થાય ? પછી વાત કરશે પણ એ આમાં આવી જાય છે. પણ વિસ્તારથી પછી

કહેશે. આ ભગવાનઆત્મા અવિકલ્પનયે... આહા..હા...! અરે..રે...! 'એક પુરુષમાત્રની માફક,...' એક પુરુષ પાછો, બાળ, યુવાન ને વૃદ્ધ પણ નહિ. આહા..હા...! અવિકલ્પ છે ભગવાન.

'(અર્થાત્ અભેદનયે આત્મા અભેદ છે,...' આ..હા...! એવી પણ એક એની ધર્મની દશા ધારી રાખેલી છે. ધર્મ એટલે આ સમ્યગ્દર્શન એમ નહિ. આવો એક એનો યોગ્યતાનો ધર્મ ધારી રાખીને ભગવાન પડ્યો છે. આહા..હા...! '(જેમ એક પુરુષ બાળક-કુમાર-વૃદ્ધ એવા ભેદો વિનાનો...' એક પુરુષ.. પુરુષ.. પુરુષ બસ ! બાળક, યુવાન ને વૃદ્ધ નહિ. '(ભેદો વિનાનો એક પુરુષમાત્ર છે તેમ).' આ..હા...!

ખરેખર તો રાગ અને વિષય છે એ મારા છે (એમ માને છે) ત્યાં સુધી એ અજ્ઞાની બાળ છે. આ બાળ નહિ, શરીર (નહિ). ભાવબાળ છે. એ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ એ મારું કલ્યાણ કરશે અને એ મને ધર્મ છે, એવી દૃષ્ટિવંત એ બાળક છે. આત્માથી બાળક છે. આહા..હા...! અને જે રાગથી અને ઇન્દ્રિયોના વિષયોથી અને ઇન્દ્રિયથી ભિન્ન પડીને અંતર આત્મા આઠ કર્મના મધ્યમાં અંદર ભગવાન ભિન્ન બિરાજે છે. આ..હા...! અંતરાત્મા આઠ કર્મના રજકણોની મધ્યમાં અંદર અરૂપી ચીજ છે. અંતરાત્મા ! એનું જે જ્ઞાન અને શ્રદ્ધા કરે છે એ યુવાન છે, એ યુવાન છે. ધર્મી તે યુવાન છે. આહા..હા...! આ યુવાન, બાળ નહિ. અને જે અંતરાત્મા વડે પરમાત્માને સાધી અને પરમાત્મદશા, કેવળદશા પૂર્ણ કરે છે એ આત્મા વૃદ્ધ છે. કહો, ભાઈ ! આ વૃદ્ધ (કહે છે). શરીરની અવસ્થા સાઠ-સીત્તરે, એંસી વર્ષ (થઈ ગયા એ વૃદ્ધ નહિ). આહા..હા...! આ તો વાતું બીજી છે, બાપા ! આહા..હા...!

અંતર ભગવાનઆત્મા... આહા..હા...! અભેદ નામ એકરૂપે છે એવા એક ધર્મનું જ્ઞાન કરી અને પછી આખો આત્મા પૂર્ણાનંદનો નાથ, તેને જોવો, જાણવો એ એનું પરિણામ અને ફળ છે. ઓલા લોકો કહે કે, ભક્તિથી ધર્મ થાય. ભાઈ ! આ (સાચી) ભક્તિ છે. ઓલો તો વ્યવહાર વિકલ્પ છે, વ્યવહાર ભક્તિ પુણ્ય છે. અંતર ભગવાનઆત્મા અભેદનયનું લક્ષ કરીને પછી અંદરમાં જાવું. આહા..હા...! કારણ કે અભેદ તો એક નય છે ને ? અને ભગવાન તો અનંત ધર્મનો ધરનાર છે. આહા..હા...! એટલે અભેદને એકને જોવું એમ નહિ, કહે છે. અભેદનય એક ધર્મ છે. એ એક ધર્મનું લક્ષ કરીને પછી પૂર્ણ અભેદ છે ત્યાં જાવું. આરે.. આરે...! આવી વાતું હવે માણસે બિચારાએ સાંભળ્યું ન હોય, કર્યું ન હોય, એને

આવું સંભળાવવું. આ અપ્રતિબુદ્ધને કહે છે ને ? આહા..હા...! (કોઈ) કહે છે કે, આ 'સમયસાર' તો મુનિને હોય. અરે... ભગવાન ! શું કહે છે આ ? જે પૂછે છે કે આ આત્મા કેવડો છે ? કેમ પ્રાપ્ત થાય ? એને તો આ કહેવાય છે. 'સમયસાર' કહો, 'પ્રવચનસાર' કહો. આહા..હા...! અરે...! મૂળ ચીજની દૃષ્ટિ આવ્યા વિના... આહા..હા...! બધું થોથા, સંસાર છે. આહા..હા...!

અહીં એ કહે છે, અભેદનયે.. આહા..હા...! આત્મા એક અભેદ છે. જેમ એક પુરુષ બાળ, યુવાન, વૃદ્ધ એવા ભેદો વિનાનો પુરુષમાત્ર છે. એમ ભગવાનઆત્મા છે. એવું અભેદનયનું લક્ષ કરીને અંતરમાં અનંત ધર્મવાળો ભગવાન.. આ..હા..હા...! પાતાળમાં પ્રભુ પડ્યો (છે) એને જોવો, કહે છે. આહા..હા...! પર્યાયના પાતાળમાં દ્રવ્ય છે, ધ્રુવ છે. આહા..હા...! એ અગિયાર બોલ થયા.

'આત્મદ્રવ્ય...' ભગવાનઆત્મા વસ્તુ 'નામનયે, નામવાળાની માફક, શબ્દબ્રહ્મને સ્પર્શનારું છે...' ભાષા જુઓ ! એટલે કે શબ્દબ્રહ્મથી કહેવાય છે. બિલકુલ ન કહેવાય એમ નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ ? વચનાતીત છે છતાં પણ વક્તવ્યથી કહી શકાય છે કે, આ ચીજ આ છે, એમ. આહા..હા...! જો એવું ન હોય તો દિવ્યધ્વનિથી આત્મા જણાવ્યો, દિવ્યધ્વનિ નિમિત્ત થાય જ નહિ. અહીં તો નામનયે ભગવાનઆત્મામાં એક એવો ધર્મ છે, ધર્મ એટલે સ્વભાવભાવ, કે નામવાળાની માફક શબ્દબ્રહ્મને કહેનારું. અહીં સ્પર્શનારું (લખ્યું છે) એનો અર્થ કહેનારું છે. '(આત્મા નામનયે શબ્દબ્રહ્મથી કહેવાય છે...)' જોયું ? સ્પર્શનારું છે એટલે (આ). આહા..હા...! કથંચિત્ વક્તવ્ય છે અને કથંચિત્ અવક્તવ્ય છે. પરમાર્થે જ્યારે કહેવું ત્યારે (એમ કહે), વચનાતીત છે. જો નિમિત્ત કથનમાત્ર (પણ) ન હોય તો પછી કહેવું અને ઓલાને સમજવું કંઈ રહેતું નથી. આહા..હા...!

જેમ ફલાણાનું આમ નામ છે, ફલાણાનું આમ એમ આત્માનું શબ્દથી નામ પાડીને કહેવાય એવો છે. આત્મા.. એવો શબ્દ. એ શબ્દનયે નામવાળાની માફક આત્માને જણાવે છે. આહા..હા...! આવી વાતું. નામવાળાની માફક નામ શબ્દથી કહેવાય છે એવો એ ધર્મ છે તેનું લક્ષ કરીને એટલા નામના ધર્મમાં ન રોકાતા અંદર ચૈતન્યપ્રકાશ, જેના સમીપમાં – પર્યાયની સમીપ વર્તે છે ત્યાં જાવું. આરે...! જ્યાં પૂર્ણ બ્રહ્મ પરમાત્મા પરમેશ્વર પોતે છે. આહા..હા...! એ પરમેશ્વર છે ત્યાં જાવું. આવી વાતું છે. આ ક્રિયાકાંડીઓને તો આ એવું લાગે કે, આ તો અમારી બધી વાતું ખોટી પાડે છે. ભગવાન એમ કહે છે. તું માન કે

ન માન. આચાર્યો કહે છે, મહાસંતો દિગંબર મુનિઓ વીતરાગી... આ..હા...! વીતરાગી આનંદમાં લહેરમાં રહેનારા એ આમ કહે છે. મુનિ છદ્મસ્થ છે પણ ત્રણ કષાયના અભાવના આનંદનું વેદન છે. આહા..હા...!

મુમુક્ષુ :– મુનિમાં અને સિદ્ધમાં ક્યાં ફેર છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ જરીયે ફેર કર્યો નથી. એ 'નિયમસાર'માં કહ્યું, ભગવાનમાં અને (મુનિ) આત્મામાં રાગનો જરી ફેર છે. પછી કહે કે, કાંઈપણ ફેર માને એ જડ છે. 'નિયમસાર'માં આવે છે. આહા..હા...! પરમેશ્વરપદ જેણે પ્રગટ કર્યું. સંતોએ, આચાર્યોએ, ઉપાધ્યાયોએ શુદ્ધ ઉપયોગને ગ્રહણ કર્યો છે. એ 'પ્રવચનસાર'માં પહેલા આવે છે. આ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં (આવે છે કે), મુનિપણું અને આચાર્ય, ઉપાધ્યાય એટલે શું ? કે, જેણે શુદ્ધઉપયોગ અંગીકાર કર્યો છે. શુભ રાગ, દયા, દાન ને વ્રત અંગીકાર કર્યા છે એમ નથી લીધું. સમજાણું કાંઈ ? આના (–'પ્રવચનસાર'ના) પહેલા અધિકારમાં (આવે છે) અને આમાં 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં (છે). છે 'મોક્ષમાર્ગ પ્રકાશક' ? આ..હા..હા...!

'ટોડરમલજી' કહે છે, જુઓ ! 'આચાર્ય, ઉપાધ્યાય અને સાધુનું સ્વરૂપ' 'ટોડરમલજી' કહે છે. 'જે વિરાગી બની સમસ્ત પરિગ્રહ છોડી શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી...' પંચ મહાવ્રત અંગીકાર કરીને ઇ નહિ.

મુમુક્ષુ :– ચોથા કાળના મુનિને માટે કહ્યું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ત્રણે કાળના. કોણે કહ્યું ઇ ? વાત તો સાચી. પાંચમા આરાને માટે કહ્યું. મુનિ છે, ભલે પાંચમા આરાના હોય કે ચોથા આરાના હોય કે મહાવિદેહના હોય. મુનિ એને કહીએ... આ..હા..હા...! જેણે આચાર્ય, ઉપાધ્યાયપણું 'વિરાગી બની...' રાગ અને પુણ્યથી ભિન્ન પડી 'સમસ્ત પરિગ્રહ છોડી...' વસ્ત્રનો કટકો પણ જેને ન હોય. આ આચાર્ય, ઉપાધ્યાય, સાધુપદ ! અને 'શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ...' શુદ્ધઉપયોગરૂપ મુનિધર્મ. પંચ મહાવ્રત અને અઠ્યાવીસ મૂળગુણરૂપ મુનિધર્મ, એમ નથી કહ્યું. સમજાણું કાંઈ ? એક (સાધુ) છે (એમ કહે છે કે), 'ટોડરમલ' નહિ, 'બનારસીદાસ' નહિ, 'રાજમલ'નું નહિ. કારણ કે એ લોકોએ સ્પષ્ટ કરી નાખ્યું છે. જોકે આ શબ્દ એમના ઘરનો નથી. 'પ્રવચનસાર'ની પહેલી ગાથામાં છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ કેવા છે ? કે, પરમ શુદ્ધઉપયોગ જેણે અંગીકાર કર્યો છે. જુઓ ! અહીં પણ એમ છે ને ? 'શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી...' આહા..હા...! ઓલામાં 'પરમ' (શબ્દ) છે, આ તો આટલું કહ્યું. 'અંતરંગમાં તો એ

શુદ્ધોપયોગ વડે પોતે પોતાને અનુભવે છે,...' આહા..હા...! આ મુનિ ને આચાર્ય, ઉપાધ્યાય આને કહીએ.

અહીં તો અત્યારે (એક સાધુ) એ કહે છે કે, અત્યારે શુભઉપયોગ જ હોય. એટલે કે અત્યારે સમકિત અને મુનિપણું હોય નહિ. એનો અર્થ (એ છે). આહા..હા...! અર..ર..ર...! અહીં તો (કહે છે), 'શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી...' જોયું ? 'શુદ્ધોપયોગ વડે પોતે પોતાને અનુભવે છે, પરદ્રવ્યમાં અહંબુદ્ધિ ધારતા નથી,...' આહા..હા...! આમાં છે ને આપણે ? આ 'પ્રવચનસાર'માં છે. પહેલી પાંચ ગાથા, સાતમું પાનું, અહીં છે ચિહ્ન કર્યું છે. 'જેમણે પરમ શુદ્ધ ઉપયોગભૂમિકાને પ્રાપ્ત કરી છે...' સાતમું પાનું. છે ? આ મુનિ આને કહીયે, બાપા ! 'જેમણે પરમ શુદ્ધ ઉપયોગ...' ભાષા છે ? પરમ શુદ્ધ ઉપયોગ. 'ટોડરમલે' શુદ્ધઉપયોગ (લખ્યું છે). આ તો 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ આચાર્ય મુનિ (કહે છે).

મુનિ ને આચાર્ય, ઉપાધ્યાય એને કહીએ કે જેણે પરમ શુદ્ધ ઉપયોગ ભૂમિ – પરમ શુદ્ધ ઉપયોગ દશા 'પ્રાપ્ત કરી છે...' આહા..હા...! 'એવા શ્રમણોને-કે જેઓ આચાર્યત્વ, ઉપાધ્યાયત્વ અને સાધુત્વરૂપ વિશેષોથી વિશિષ્ટ (-ભેદવાળા) છે તેમને-પ્રણમું છું.' આ 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે. અરે...! આવી વાત લોકોએ ફેરવી નાખી. બસ ! નગ્ન થાઓ, પંચ મહાવ્રત લ્યો એ મુનિપણું. આહા..હા...! અહીં તો કહે છે કે, પરમ શુદ્ધ ઉપયોગ. શુભ તો રાગ છે, વિકાર છે, દુઃખ છે. આહા..હા...! રાગથી ભિન્ન પડી અને શુદ્ધ ઉપયોગ નિર્મળ પવિત્ર પરમાત્મા, એને પકડવાને લાયક શુદ્ધઉપયોગ છે. આ..હા...! એ શુદ્ધ ઉપયોગમાં સમ્યગ્દર્શન થાય છે, શુદ્ધ ઉપયોગમાં જ્ઞાન અને ચારિત્ર થાય છે, શુદ્ધ ઉપયોગમાં આચાર્ય, ઉપાધ્યાય અને મુનિપણું આવે છે. એ શુદ્ધઉપયોગની તો વાત જ નહિ. આ મહાવ્રત કરો ને આ કરો, રાગ ને શુભ ક્રિયા (કરો). ભાઈ ! છે ને ? પરમ શુદ્ધ ઉપયોગને અંગીકાર કર્યો એનું નામ મુનિ. આહા..હા...! એને શુદ્ધ ઉપયોગની ગંધેય નથી. આ ક્રિયા કરવી એ શુભઉપયોગ, એ અમારું મુનિપણું. આહા..હા...!

બે વાત કરી ને ? 'ટોડરમલે' પણ એમ કહ્યું કે, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ કેવા ? કે, જેણે શુદ્ધ ઉપયોગ અંગીકાર કર્યો છે. જ્યારે આ 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે, પરમ શુદ્ધ ઉપયોગ. આહા..હા...! વીતરાગી ઉપયોગ અંગીકાર કર્યો છે. અલિંગગ્રહણમાં આવે છે ને ? ભાઈ ! અલિંગગ્રહણમાં. જેને વિકાર નથી, જેને વિકાર નથી. આહા..હા...! શુદ્ધ ઉપયોગરૂપે આત્મા છે. અલિંગગ્રહણમાં છે, શુદ્ધ ઉપયોગરૂપી આત્મા છે. શુભ એ આત્મા નહિ, શુભ

રાગ એ અનાત્મા છે. આવી વાતું છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

'દ્રવ્યસંગ્રહ'માં એક લેખ છે કે, મુનિપણાના ઉપયોગના કેટલા ભેદ ? પછી વ્રત ને તપના બધા ભેદ લીધા છે પણ એ તો નિશ્ચયના છે. ટીકા છે. એ પ્રશ્ન પહેલા થઈ ગયો હતો. આમાં આમ કહ્યું છે ને ? પણ શું કહ્યું છે એ ? નિશ્ચય વ્રત, નિશ્ચય સમિતિ, નિશ્ચય ગુપ્તિ એને એમ કહ્યું છે. જુઓ, ટીકા જુઓ ! એ બધા ધર્મના ભેદને કહ્યા છે. આ પંચ મહાવ્રતના પરિણામ, દયા, દાન ને ભક્તિ એ કંઈ ધર્મના ભેદ છે જ નહિ. એ તો અધર્મ છે. આહા..હા...! આ આકરું લાગે. ભાઈએ કાઢ્યું હતું ને ? અધર્મ શબ્દ કાઢ્યો હતો ને ? ભાઈ ! (એક સાધુ) કહે છે, પુણ્યને અધર્મ ક્યાં કહ્યો છે ? અરે...! પ્રભુ ! ધર્મ નથી તે અધર્મ. આહા..હા...!

આ પોકાર તો (સંવત) ૧૯૮૫માં પોષ મહિને સંપ્રદાયમાં હતા (ત્યારે કર્યો હતો). હજારો માણસ, 'બોટાદ'(માં) મોટી સભા. ત્રણસો ઘર અને અમારું નામ તો બહુ પ્રસિદ્ધ હતું ને ? 'બોટાદ' સંપ્રદાયમાં તો જ્યાં ભાળે ત્યાં મકોડાની જેમ માણસ ભેગા થાય. અપાસરામાં માય નહિ. શેરી હોય ને શેરી ? બારી (પાસે બેસી) વાંચતો હોઉં. શેરીમાં માણસ માય નહિ. આહા..હા...! છે ને ? ભાઈ ક્યાં ગયા ? ગયા ? એની બા, આ આવડો નાનો હતો. (સંવત) ૧૯૮૦માં અમે વાંચતા (તો માણસ) અપાસરામાં માય નહિ. ઇ બેનને યાદ છે, મને યાદ છે. એટલું માણસ કે માય નહિ. તે દિ' એક ફેરી ૧૯૮૫માં કહ્યું હતું, 'મહાવ્રતના પરિણામ તે ધર્મ નથી. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે ધર્મ નથી.' એમાં (–સંપ્રદાયમાં) હતા તે વખતે. શેઠિયાઓ બધા સાંભળે. અમારાથી એક નાનો સાધુ હતો એને બેસે નહિ. ઇ કહે, વોસરે... વોસરે... વોસરે... એમ કરીને ઉઠી ગયો. કોણ સાંભળે તારું ? સાંભળ્યું છે ? સભા મોટી, પંદરસો માણસ માણસ સમાતા નહિ. મને ખબર છે. વોસરે... વોસરે એટલે અમારે ન જોઈએ. ૧૯૮૫ની વાત છે. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ ધર્મ નહિ. ભાઈ ! તે દિ' તમે ક્યાં હતા ? એના બાપ હતા. આહા..હા...! સભામાં કોઈ ખળભળાટ નહિ. એને (સાધુને) ખબર, આ શું ? તીર્થંકર ગોત્ર બંધાય એ પણ બંધનો ભાવ છે એ ધર્મ હોય ? ધર્મથી બંધ પડે ? તીર્થંકર ગોત્રનો બંધ પડે છે એ ધર્મથી પડે છે ? ધર્મથી બંધ પડે તો છૂટવું શી રીતે ? એ તો શુભ ભાવ અધર્મ છે, એનાથી તીર્થંકર પ્રકૃતિ બંધાય છે. આહા..હા...! દસાશ્રીમાળી, વીસાશ્રીમાળીના બેય શેઠ સાંભળતા હતા. ત્યારે તો (એકને) ઠીક હતું પછી બિચારાને પક્ષઘાત થઈ ગયો.

અહીં એ કહ્યું, ઓ..હો..હો...! શું કીધું ? 'જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર ને વીર્યાચાર સહિત હોવાથી જેમણે પરમ શુદ્ધ ઉપયોગભૂમિકાને પ્રાપ્ત કરી છે...' આવો તો 'પ્રવચનસાર'નો ખુલાસો છે. છે ને ? 'જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર ને વીર્યાચાર સહિત હોવાથી...' આચાર્ય, ઉપાધ્યાય મુનિ 'જેમણે પરમ શુદ્ધ ઉપયોગભૂમિકાને પ્રાપ્ત કરી છે...' આહા..હા...! શુદ્ધ ઉપયોગ ભૂમિ વિના મુનિપણું ચારિત્ર ત્રણકાળમાં હોઈ શકે નહિ. આહા..હા...! એ શુદ્ધ ઉપયોગ છે એ ધર્મ છે અને શુભ ને અશુભ પરિણામ છે તે અધર્મ છે, ધર્મ નહિ.

અહીં કહ્યું, નામનયે શબ્દબ્રહ્મને કહેનારું છે. આ..હા...! '(જેમ નામવાળો પદાર્થ તેના નામરૂપ શબ્દથી કહેવાય છે તેમ).' ભગવાનને આત્મા, પરમાત્મા, પરમેશ્વર એવા શબ્દથી એને કહેવાય છે. એવો પણ એક એનામાં ધર્મ છે. પણ તે ધર્મનું લક્ષ કરીને... આહા..હા...! અંદર ચૈતન્યપ્રકાશને જોવો. દ્રવ્ય સ્વભાવ ઉપર દૃષ્ટિ કરવી એ એનું પરિણામ છે. આ..હા...! આવી વાતું, લ્યો ! જાત્રા કરવા નીકળ્યા હોય ને એને એમ કહે કે, તારો જાત્રાનો ભાવ રાગ છે, ધર્મ નથી. 'ગિરનાર'ની જાત્રા, 'શેત્રુંજય'ની જાત્રા, 'સમેદશીખર'ની જાત્રા. આ તારો આ 'ગિરનાર' અહીં નથી પ્રભુ મોટો ? એમાં આરૂઢ (થા) ને, એ જાત્રા છે. 'ગિરનાર' (જાત્રાનો) શુભ ભાવ હોય છે. એ શુભ છે, પુણ્યનું કારણ છે, બંધનું કારણ છે. આહા..હા...! ધર્મ નહિ. આહા..હા...! અરે..રે...! આત્મા અંદર શું ચીજ છે ? કેવડો છે ? એને અહીં વર્ણવે છે. એવડો છે મોટો આવો ! આવા અનંતા ધર્મને ધારી રાખનારો ભગવાન એવડો મોટો છે. આહા..હા...! નામથી કહ્યું.

'આત્મદ્રવ્ય સ્થાપનાનયે, મૂર્તિપણાની માફક, સર્વ પુદ્ગલોને અવલંબનારું છે (અર્થાત્ સ્થાપનાનયે આત્મદ્રવ્યની પૌદ્ગલિક સ્થાપના કરી શકાય છે,...)' આહા..હા...! એ નિમિત્તનું કથન છે. 'મૂર્તિપણાની માફક, સર્વ પુદ્ગલોને અવલંબનારું છે...' બધા જેટલા પરમાણુ છે એ પરમાણુને અવલંબીને મૂર્તિ, મંદિર થાય છે. આ ભગવાનની (મૂર્તિની) પરમાણુની સ્થિતિ છે. આહા.હા...! એમ સ્થાપનાનયે આત્માને સ્થાપી શકાય છે કે, આ આત્મા આવો છે. સ્થાપનાનયે આત્મા આકારવાળો આવો છે એમ સ્થાપ્યા છતાં તેનું લક્ષ છોડીને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી. આ સિદ્ધને નથી ? સિદ્ધ... સિદ્ધ.. સિદ્ધનો આકાર. એ સ્થાપનાનયનો આકાર છે. આત્માનો, સિદ્ધનો (આકાર) છે ને આપણે ? મંદિરમાં સિદ્ધ છે. આખું પતરું પીતળનું છે પછી બે હાથનો ભાગ આમ ખાલી રાખ્યો. આમ ખાલી ભાગ રાખ્યો, ભરેલો છે એમ

નહિ. આહા..હા...! છે કે નહિ ? એમ એ આત્મા સ્થાપી શકાણો એમ કહેવાણું કે, આત્મા આવો છે, આવા આકારે છે, આવો છે પણ એનું લક્ષ કરીને જવું છે અંદરમાં, ત્યાં રોકાવાનું નથી, એમ કહે છે. આહા..હા...! જ્ઞાનપ્રધાન કથન છે ને ? જાણનાર છે ને ? સ્થાપના થાય છે એ પણ એ જાણે છે કે, આત્મા આવો છે અને આ સ્થાપે, છતાં તેનું લક્ષ છોડીને અંતર્મુખ ચૈતન્ય સ્વરૂપનો પ્રકાશને જોવો, જાણવો. આહા..હા...! આવી વાતું કોઈ દિ' સાંભળી ન હોય.

'મૂર્તિપણાની માફક, સર્વ પુદ્ગલોને...' શબ્દ કેમ લીધા છે ? અનંત વાર એવા પુદ્ગલોથી સિદ્ધ જેવો આકાર થઈને અને અનંત અનંત પુદ્ગલોથી તેવો તેને સ્થાપીને બતાવ્યો છે. સર્વ પુદ્ગલો લીધા છે ને ? એટલે કે એકવાર આત્માનો આકાર (આવો) હોય છે એમ આપણે બતાવ્યો ને ? એવો અનંત વાર એ રીતે અનંતા પુદ્ગલોના આકારે બતાવ્યો છે. આહા..હા...! એમ કહેવાનો આશય એવો છે કે, જેટલા પુદ્ગલો છે એ પુદ્ગલો દ્વારા સ્થાપના કરીને બતાવી શકાય. અનંતા અનંતા પુદ્ગલો છે. એવો આકાર અનંત વાર બતાવ્યો છે. એવી સ્થાપનાથી કહી શકાય છે પણ છતાં તેનું લક્ષ છોડીને અંદરમાં જવાનું છે. આહા..હા...! આવું છે.

'(સ્થાપનાનયે આત્મદ્રવ્યની પૌદ્ગલિક સ્થાપના કરી શકાય છે,...)' પુદ્ગલથી ખ્યાલમાં આપી શકાય છે કે, આત્મા (આવો). શરીરને આત્માનો આકાર બતાવે છે ને ? ઓલામાં આવે છે. ચોપડી નહિ ? બાળપોથી ! બાળપોથીમાં આવે છે કે, આ (આત્મા). બાળપોથીમાં આવે છે. જોયું છે ? આ શરીર અને આ આત્મા, એમ બતાવ્યું છે. બેય જુદું બતાવ્યું છે. ઇ સ્થાપનાથી બતાવ્યો. એવી સ્થાપના અનંતવાર અનંત પુદ્ગલોથી થઈ ચુકી છે. આહા..હા...! તે સ્થાપનાનું લક્ષ છોડી દઈ... આહા..હા...! અંદર ભગવાન ચૈતન્યપ્રકાશ ધ્રુવની દૃષ્ટિ કરી એને અનુભવવો. આહા..હા...! આ નયનો વિષય ગમે એટલી વાર કરે પણ વિસ્તારનો પાર નથી. આ..હા...!

ચૌદમો. 'આત્મદ્રવ્ય દ્રવ્યનયે, બાળક શેઠની માફક...' બાળક હોય એને શેઠ કહે ને ? 'શ્રમણ રાજાની માફક...' રાજા હોય એ સાધુ થયો હોય અથવા બાળક શેઠ થાય અને શ્રમણ પહેલા રાજા હતો. 'અનાગત અને અતીત..' છે ને ? પહેલો બાળક હતો એને વર્તમાન શેઠ કહેવાય. શ્રમણ પહેલા રાજા હતો એને વર્તમાન શ્રમણ કહેવાય, એને રાજા કહેવાય. અનાગતમાં બાળક આવ્યો અને અતીતમાં શ્રમણ રાજાની વાત (લીધી) કે, આ મહારાજ

રાજા હતા. એ ગયા કાળનું. એ દ્રવ્યનયે યોગ્યતા હતી. આ મુનિ રાજા હતા, આ મુનિ શેઠ હતા. આ બાળક તે શેઠ થશે. શેઠ થશે નહિ, વર્તમાન શેઠ છે એમ કહેવાય. સમજાય છે ? વર્તમાન બાળકને અનાગતની અપેક્ષાએ શેઠ કહેવાય. આહા..હા...! અને સાધુને ભૂતકાળની અપેક્ષાએ રાજા કહેવાય. આ શેઠે દીક્ષા લીધી, એમ કહેવાય ને ? એ શેઠ છે. એ ભૂતકાળનો અથવા ભવિષ્યનો આરોપ દઈને વાત કરી. આહા..હા...!

'અનાગત અને અતીત પર્યાયે પ્રતિભાસે છે...' આ તીર્થંકર છે, એમ દ્રવ્યનયે કહેવાય. સમજાણું કાંઈ ? ભવિષ્યમાં થવાના હોય એને દ્રવ્યનયે વર્તમાન તીર્થંકર કહેવાય. અને વર્તમાન હજી તીર્થંકર ન થયા હોય અને ભવિષ્યમાં થશે એને પણ તીર્થંકર તરીકે જન્મ્યા એમ કહેવાય. આહા..હા...! નહિતર તો તીર્થંકર તો તેરમે ગુણસ્થાને થાશે. પણ જન્મ્યા ત્યારથી કહેવાય કે, આ તીર્થંકર છે. તીર્થંકરનો જન્મકલ્યાણક કરે છે ને ? જન્મે ત્યારે ક્યાં તીર્થંકર છે ? તીર્થંકર તો કેવળ થાય ત્યારે હોય. નૈગમનયે એક નયે એને તીર્થંકર કહેવાય. સમજાણું કાંઈ ? ભવિષ્યમાં થવાના છે એ અપેક્ષાએ. આહા..હા...!

એથી આપણે અહીં કહ્યું ને ? કીધું ને આમાં ? ભાવિતીર્થાધિનાથ ! આ..હા..હા...! જે ભવિષ્યમાં તીર્થંકર થવાના છે એને વીતરાગતા હોય છે. એને આત્મા સમીપમાં વર્તે છે એમ કહે છે. એ આમાં આવી ગયું ને ? આહા..હા...! કેટલાં પડખાં પડે ? માણસ આમાં નિર્ણય કરવાનો વખત લ્યે નહિ. આ..હા...! વાસ્તવિક તો આ નિર્ણય કરવો. જગતના માલના ભાવ પૂછીને પૂછીને કેટલા નિર્ણય કરે ? કે, આ ઠેકાણે ઓછા ભાવે મળે છે અને આ ઠેકાણે વધારે ભાવ છે. માલ લેવા જાય ત્યારે કરે છે કે નહિ ? આમાં આ ભાવ કોનો છે ? આ પર્યાય શું છે ? આ ગુણ શું છે ? દ્રવ્ય શું છે ? એના ભાવનો એણે નિર્ણય કરવો પડશે કે નહિ ? આ..હા...!

'(આત્મા દ્રવ્યનયે ભાવી અને ભૂત...)' છે ને ? અનાગત એટલે ભાવી, ભૂત એટલે ગયો કાળ. '(જેમ બાળક શેઠપણાસ્વરૂપ ભાવી પર્યાયરૂપે ખ્યાલમાં આવે...)' જોયું ? '(બાળક શેઠપણાસ્વરૂપ ભાવી પર્યાયરૂપે...)' (અર્થાત્) આ તો શેઠ છે, શેઠ છે. '(અને મુનિ રાજાસ્વરૂપ ભૂત પર્યાયરૂપે ખ્યાલમાં આવે...)' આ તો રાજા છે. એ ભૂત અને ભવિષ્યની પર્યાયથી જાણવામાં, ખ્યાલમાં આવે. તેમ આત્મદ્રવ્ય દ્રવ્યનયે આ પ્રમાણે છે. વિશેષ કહેશે...

શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !

**भावयेन पुरुषायितप्रवृत्तयोषिद्वत्तदात्वपर्यायोल्लासि १५ । सामान्यनयेन हारस्रग्दामसूत्रवद्व्यापि १६ । विशेषनयेन तदेकमुक्ताफलवदव्यापि १७ । नित्यनयेन नटवदवस्थायि १८ । अनित्यनयेन रामरावणवदनवस्थायि १९ । सर्वगतनयेन विस्फारिताक्षचक्षुर्वत्सर्ववर्ति २० ।**

---

આત્મદ્રવ્ય ભાવનયે, પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રીની માફક, તત્કાળના (વર્તમાન) પર્યાયરૂપે ઉલ્લસે–પ્રકાશે–પ્રતિભાસે છે (અર્થાત્ આત્મા ભાવનયે વર્તમાન પર્યાયરૂપે પ્રકાશે છે, જેમ પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રી પુરુષત્વરૂપ પર્યાયરૂપે પ્રતિભાસે છે તેમ). ૧૫.

આત્મદ્રવ્ય સામાન્યનયે, હાર–માળા–કંઠીના દોરાની માફક, વ્યાપક છે (અર્થાત્ આત્મા સામાન્યનયે સર્વ પર્યાયોમાં વ્યાપે છે, જેમ મોતીની માળાનો દોરો સર્વ મોતીમાં વ્યાપે છે તેમ). ૧૬.

આત્મદ્રવ્ય વિશેષનયે, તેના એક મોતીની માફક, અવ્યાપક છે (અર્થાત્ આત્મા વિશેષનયે અવ્યાપક છે, જેમ પૂર્વોક્ત માળાનું એક મોતી આખી માળામાં અવ્યાપક છે તેમ). ૧૭.

આત્મદ્રવ્ય નિત્યનયે, નટની માફક, અવસ્થાયી છે (અર્થાત્ આત્મા નિત્યનયે નિત્ય–ટકનારો છે, જેમ રામ–રાવણરૂપ અનેક અનિત્ય સ્વાંગ ધરતો હોવા છતાં પણ નટ તેનો તે જ નિત્ય છે તેમ). ૧૮.

આત્મદ્રવ્ય અનિત્યનયે, રામ–રાવણની માફક, અનવસ્થાયી છે (અર્થાત્ આત્મા અનિત્યનયે અનિત્ય છે, જેમ નટે ધારણ કરેલા રામ–રાવણરૂપ સ્વાંગ અનિત્ય છે તેમ). ૧૯.

આત્મદ્રવ્ય સર્વગતનયે, ખુલ્લી રાખેલી આંખની માફક, સર્વવર્તી (બધામાં વ્યાપનારું) છે. ૨૦.

## ભાદરવા સુદ ૧૪, બુધવાર
## તા. ૦૫-૦૯-૧૯૭૯
## નય ૧૫ થી ૨૦, પ્રવચન નં. ૨૬૨

'પ્રવચનસાર', નય અધિકાર, ચૌદ બોલ ચાલ્યા છે. પંદર. આ એક એક નયે એક એક ધર્મ છે. અને એક એક નયનો વિષય જાણીને અંદર જ્ઞાયક ચૈતન્ય છે તેના તરફ દૃષ્ટિ કરવી એ એનો પરમાર્થભૂત (અર્થ) છે. એક એક ધર્મને જાણવો પણ એનું પાછું જોર ત્યાં અંદર દ્રવ્ય સ્વભાવમાં જાવું જોઈએ. આહા..હા...! જ્ઞાયક ભાવ ચૈતન્યબિંબ પ્રકાશ, જ્ઞાનમાં પ્રકાશનું પુર, નુર (છે) ત્યાં એની દૃષ્ટિ જવી જોઈએ. આ..હા...! ત્યારે તે નયનું ફળ એને પ્રાપ્ત થાય. આ..હા...! ઝીણી વાતું, બાપુ ! આ માર્ગ કોઈ (જુદો છે). અત્યારે તો ભાવનય આવી છે. વિષય જરી, દાખલો જરી ઓલો (કઠણ) છે. સંતોને સત્ય કહેવામાં... આહા..હા...!

'આત્મદ્રવ્ય...' વસ્તુ જે છે એ 'ભાવનયે,...' અંતરમાં જે વીતરાગી દશા પ્રગટી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર (પ્રગટ્યા), એવા ભાવનયે. આહા..હા...! 'પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રીની માફક,...' આહા..હા...! શું સંતોને વીતરાગતા છે ને ! જેમ નીચે સ્ત્રી અને ઉપર પુરુષ (હોય) પણ આ તો પુરુષ નીચે અને સ્ત્રી ઉપર. એવું પણ હોય છે. એ દૃષ્ટાંત આપ્યો છે. શાંતિથી, ધીરજથી સાંભળવું, બાપુ ! પુરુષ સ્ત્રીને વિષય કરે છે તો પુરુષ તો ઉપર હોય, સ્ત્રી નીચે હોય. આ તો પુરુષ નીચે અને સ્ત્રી ઉપર. એવા પ્રકારના સેવનમાં, ... પ્રકાર હોય તો એમ પણ બને છે. એમ. આ તો દૃષ્ટાંત (થયો). આહા..હા...!

'પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રીની માફક,...' ઓ..હો...! સંતોને દૃષ્ટાંત દઈને પણ સિદ્ધ શું કરવું છે ? 'તત્કાળના (વર્તમાન) પર્યાયરૂપે ઉલ્લસે...' છે. જે વસ્તુમાં સ્વભાવ છે તે પર્યાયમાં ઉલ્લસે છે, બહાર આવે છે. આ..હા...! સમજાય છે કાંઈ ? જે વસ્તુમાં શક્તિ

અને સ્વભાવરૂપ છે એ ભાવનયે એ શક્તિની વ્યક્તતા પ્રગટ થાય છે. એ ભાવનયે તે શક્તિ જે છે એ પર્યાયમાં ઉલ્લસે છે. છે ? '(વર્તમાન) પર્યાયરૂપે ઉલ્લસે...' છે. ઓ..હો..હો...! જેણે ભાવનયે, ભાવની પર્યાય જે છે તેનું લક્ષ કર્યું છે પણ લક્ષ કરીને દ્રવ્યમાંથી ભાવ આવ્યો છે (એમ) પાછી દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય છે. તે દ્રવ્ય ઉપર દૃષ્ટિ જતાં દ્રવ્યમાં જે સ્વભાવ છે, એ પર્યાયમાં ઉલ્લસે છે, આમ બહાર આવે છે. આહા..હા...! સમજાય છે ?

સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે મોક્ષનો માર્ગ, એ ભાવનયે વર્તમાનયે તેને જોતાં તેનો આશ્રય નથી, તેનું લક્ષ કરીને દ્રવ્ય સ્વભાવ તરફ જતાં એ સમ્યગ્દર્શન, જ્ઞાન ઉલ્લસે છે. પડ્યું છે તે બહાર આવે છે. આ..હા...! સમજાય છે કાંઈ ? આહા..હા...! સંતોને સત્ય સિદ્ધ કરવું છે. એને કંઈ આ જગતની ભાષા ન હોય. આહા..હા...! પુરુષની પેઠે સ્ત્રી ઉપર રહેતી હોય એમ આ ભાવ છે. સમજાય છે કાંઈ ? વીતરાગ.. વીતરાગ.. પ્રભુ ! વીતરાગ આ તો છે. ભાવનયે ત્રણ પર્યાય પ્રગટી છે તે એક પ્રકારનો ધર્મ છે પણ કહે છે કે, જે અંતરમાં વસ્તુ પડી હતી એ ઉલ્લસીને બહાર આવી છે. કેવળજ્ઞાન સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, ચારિત્ર (એ બહાર આવ્યા છે). આહા..હા...!

ક્ષમામાં પણ ખરેખર એમ છે કે, આત્મા ક્ષમા સ્વરૂપ છે એટલે કે ચારિત્ર સ્વરૂપ છે. એને ચારિત્ર સ્વરૂપ છે તેનો આશ્રય કરતાં પર્યાયમાં ક્ષમા નામ શાંતિ અને ચારિત્રની પર્યાય પ્રગટે છે. એને ઉત્તમ ક્ષમા કહીએ. બાકી આત્માના આશ્રય વિના જેટલી ક્રોધની મંદતા આદિ દેખાય એ કોઈ ઉત્તમ ક્ષમા નથી. ઉત્તમ ક્ષમા એ માટે વાપરી છે કે સમ્યગ્દર્શન સહિત એટલે કે જે વીતરાગમૂર્તિ પ્રભુ શાંતરસથી ભરેલો ભગવાન, એનો આશ્રય લઈને જે ક્ષમા પ્રગટે છે તેને ઉત્તમ ક્ષમા કહે છે. બાકી બહારથી આમ ક્રોધની મંદતા દેખાય, બહાર શાંત દેખાય.. આહા.હા...! એ પણ અંતરનો આશ્રય લઈને ક્રોધ ને માન આદિ ટળ્યો નથી એને ઉત્તમ ક્ષમા અને ઉત્તમ માર્દવ કહેતા નથી. આહા..હા...! જેને ચામડા ઉતરડીને ખાર છાંટે છતાં ક્રોધનો અણગમો, ગુસ્સો ન દેખાય છતાં તે ક્રોધી છે. કેમકે જેને આત્માની રુચિ નથી, અરુચિ છે તે જ ક્રોધ છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

બહારમાં આવ્યું નથી, જે ભરેલો ભગવાન છે (અંદર) વીતરાગસ્વરૂપે, ચારિત્રસ્વરૂપે, અકષાયસ્વરૂપે શાંત.. શાંત.. શાંતરસથી ભરેલો ભગવાન છે, એ શાંતરસ પર્યાયમાં ઉલ્લસીને ન આવે તો તેને ભાવનયે દશા પ્રગટી છે એમ કહેવામાં ન આવે. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! આહા..હા...! શું શૈલી ! કહે છે કે, ભાવનયે એને કહીએ, ભાવ પ્રગટ્યો

છે એને ભાવનય (કહીએ). દ્રવ્યનય તો આવી ગઈ, પર્યાયનય પણ આવી ગઈ પણ અહીં તો ભાવનયે. એ પર્યાય જે છે, પ્રગટેલી છે ભાવનયે તે એનો એક ધર્મ છે, પણ એ ધર્મ, ધર્મ એટલે ધારેલો ભાવ. એ ધર્મ દ્રવ્યમાં હતો તે ઉલ્લસીને બહાર આવ્યો છે, ફૂલ્યો છે, ફાલ્યો છે, થયો છે. આહા..હા...! જે સ્વભાવ છે પરમાનંદમૂર્તિ પ્રભુ, એનો આશ્રય લઈને જે ભાવ ફળ્યો છે તેને અહીંયાં ભાવનય કહીએ. આહા..હા...! ભરેલો ભગવાન શાંત વીતરાગ સ્વભાવથી ભરેલો પ્રભુ એનો આશ્રય લેતા પર્યાયમાં શાંતિ જે ઉછળે છે, આહા..હા...! ઉલ્લસે છે, વિલસે છે... આ..હા...! પ્રકાશે છે, પ્રતિભાસે છે.. આહા..હા...!

'(અર્થાત્ આત્મા ભાવનયે વર્તમાન પર્યાયરૂપે પ્રકાશે છે,...' જોયું ? છે તો વસ્તુ આખી ત્રિકાળ, પણ વર્તમાન પર્યાયે એ ભાવદશા પ્રગટ થાય છે. આહા..હા...! અને તે પ્રગટ કેમ થાય છે ? કે, જેની દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે અને આ નયનો વિષય લક્ષમાં લઈને પણ અંદર દ્રવ્યને જોવું છે, એમ કહે છે. આહા..હા...! ચૈતન્ય ભગવાન પરમાનંદની મૂર્તિ પ્રભુ, એ પર્યાય પ્રગટી છે એનું લક્ષ કરવા છતાં તેને જવું છે અંદરમાં, જેમાંથી આવી છે તેમાં. આહા..હા...! ભાઈ ! આવી વાતું ક્યાં હતી ? 'કલકત્તા'માં તમારે પૈસામાં છે ક્યાંય ? આહા..હા...! ઉલ્લસ્યો છે, કહે છે. જેમ સ્ત્રી ઉપરમાં રહી છે અને પુરુષ હેઠે છે, એમ ભાવ દ્રવ્ય હેઠે છે અને ભાવ ઉલ્લસ્યો છે. આહા..હા...! આ તે ગજબ વાતું છે ! ભાઈ ! પ્રસન્નતા બહાર આવી છે, કહે છે. રાગના અભાવ સ્વભાવરૂપ પ્રસન્નતા ઉલ્લસી છે એ ભાવનયે છે પણ એ ભાવનય ઉલ્લસિત થયું છે શેમાંથી ? ભર્યો ભંડાર ઉછળ્યો છે.

ઘડો ભર્યો હોય (એ) જેમ છલકાયને (બહાર આવે). આહા..હા...! ભગવાન અનંત ગુણના સ્વભાવથી ભરેલો ઘડો છે. આહા..હા...! એના ઉપર દૃષ્ટિ જતાં પર્યાયમાં જે શક્તિ છે તે ઉલ્લસે છે, પ્રકાશે છે, પ્રતિભાસે છે એને અહીંયાં ભાવનયનો વિષય વર્તમાન દશા પ્રગટ થઈ છે. દ્રવ્યમાં એ તો યોગ્યતા કીધી પણ ભગવાન જન્મ્યા તોપણ એને તીર્થંકર કહેવા એ તો ભાવી નયનો વર્તમાનમાં કહેવો અને સાધુ થયો, રાજા, મોટો શેઠિયો દીક્ષિત થયો છતાં એને શેઠ અને રાજા કહેવો એ ભૂતકાળની અપેક્ષાએ. આ તો વર્તમાનની અપેક્ષાએ (વાત છે). ઓલું ભૂત અને ભવિષ્યની યોગ્યતા ગણીને કહ્યું. આહા..હા...!

'આત્મદ્રવ્ય ભાવનયે, પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રીની માફક, તત્કાળના (વર્તમાન) પર્યાયરૂપે ઉલ્લસે...' આહા..હા...! શક્તિરૂપે સ્વભાવ છે ત્યાં દૃષ્ટિ પડતાં તત્કાળ તેની પર્યાય પ્રગટ થાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આવી આકરી વાતું (છે), ભાઈ ! લોકો બિચારા

બહારમાં પ્રવૃત્તિમાં પડ્યા, આ દયા ને વ્રત(માં પડી ગયા). અહીં તો કહેવાનો આશય એ છે કે જેને દ્રવ્યનો આશ્રય થયો નથી તેને સાચો ભાવ પ્રગટ થતો જ નથી. એ શુભાશુભ ભાવ એ તો અધ્ધરથી થયેલો (છે), એ કંઈ એની ચીજમાં નથી. દયા, દાન, વ્રતાદિ શુભ-અશુભ ભાવ એ કંઈ એનો ભાવ નથી. આ..હા...! ઓલામાં ભાઈએ જરી નાખ્યું છે. કહ્યું હતું ને ? ઓલામાં અધર્મ કહ્યો છે. દસ પ્રકારના ધર્મમાં શુભાશુભ ભાવને અધર્મ કહ્યો છે. પણ એ તો પંડિતે લખેલું છે, (એમ) કહે છે.

અહીં તો ધર્મ જે ભાવનયનો ધર્મ એનાથી વિરુદ્ધ પુણ્ય-પાપ તે અધર્મ છે. એ દ્રવ્યમાંથી પ્રગટેલો નથી. એ દ્રવ્ય ફાળ્યુ-ફૂલ્યું નથી, એ દ્રવ્ય ફળ્યું નથી. દ્રવ્ય ફળે અને ફાલે એ તો શુદ્ધતાની પર્યાયથી ફાલે એ દ્રવ્ય ફાલ્યું કહેવાય. આહા..હા...! શું શૈલી ! ગજબ વાત ! સંતોને અંતરના અભિપ્રાયથી શું કહેવું છે (એ) ગજબ છે !! આ..હા...! ઝીણી વાત છે, ભાઈ ! પણ ન સમજાય એવી નથી. આહા..હા...!

'તત્કાળના (વર્તમાન) પર્યાયરૂપે...' આહા..હા...! અંદરથી ઉપર આવી. સ્વભાવમાં જે શાંતિ, વીતરાગતા, શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર હતા એ પર્યાયમાં ઉલ્લસીને બહાર આવ્યા. આ..હા...! એને ભાવનયે તત્કાળ પ્રગટેલી દશાને ભાવનયનો વિષય કહેવામાં આવે છે. આહા..હા...! છતાં એ એક જ ધર્મ છે. એવા તો અનંતા ધર્મોનો ધરનાર દ્રવ્ય છે. અધિષ્ઠાતા કીધું છે ને ? આ એક જ પર્યાયને ધારે છે (એમ) નહિ. આહા..હા...! અનંતી અનંતી પર્યાયોને (ધારી છે). એનો સ્વામી છે ત્યાં તો રાગનો પણ સ્વામી છે એમ કહેવું છે. સમજાણું કાંઈ ? આહા..હા...! પણ રાગ છે એ કંઈ અંતરના દ્રવ્યનો ઉલ્લસિત (ભાવ) નથી પણ પર્યાયમાં જેટલી નિમિત્ત આધીન દશા થાય છે... આહા..હા...! એ પણ અહીંયાં ભાવનય ગણીને (કહ્યું છે). એ દ્રવ્ય ફાલ્યું નથી પણ પર્યાયમાં ફાલ આવ્યો છે. આ..હા...! એ તો પછી આવશે. એને જાણતા છતાં એનું લક્ષ દૃષ્ટિમાં જાવું જોઈએ. આ..હા...!

'બાહુબલીજી' અને 'ભરત'. 'ભરતે' 'બાહુબલી'ને મારવાનું ચક્ર ચલાવ્યું છતાં તેને ઉત્તમ ક્ષમા છે. કેમકે સમ્યક્ થાય એ સમકિતદૃષ્ટિ છે. તેથી તેને મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો નાશ થયો છે. એથી તેને સમ્યગ્દર્શન અને શાંતિનો અંશ ક્ષમા પ્રગટ થઈ છે. આહા..હા...! અને જૈન મુનિ અઠ્યાવીસ મૂળગુણ પાળે, પંચ મહાવ્રત પાળે નગ્નપણું (હોય), વસ્ત્રનો ટુકડો નહિ, એને માટે કરેલા આહાર-પાણી પ્રાણ જાય તોપણ ન લ્યે, પણ એ રાગની ક્રિયા દ્રવ્યમાંથી આવી નથી. એ તો નિમિત્તાધીન થઈને આવેલી છે. આહા..હા...!

સમજાણું કાંઈ ? તેથી તેને સમ્યગ્દર્શન નથી. ઓલામાં કહ્યું ને ? 'મુનિવ્રત ધાર અનંત બૈરે ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' આહા..હા...! એને ત્યાં ધર્મ નથી. ભાવનયનો જે ધર્મ છે તે ધર્મ ત્યાં નથી. આહા..હા...!

ભાવનયનો જે ધર્મ છે એ તો દ્રવ્યના આશ્રયથી, દ્રવ્ય ઉલ્લસે છે. આહા..હા...! દ્રવ્ય ફળે છે, દ્રવ્ય ફળે છે, ફાલ આપે છે. આવી વાત !

મુમુક્ષુ :– દ્રવ્ય પર્યાયાર્થિકનયે ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ પર્યાયાર્થિકમાં દ્રવ્ય ફાલે છે, દ્રવ્યમાં દ્રવ્ય ક્યાં ફાલે ? આને ભાવનય કીધો ને ? વર્તમાન ભાવ. આ..હા...! ત્રિકાળી ભાવની વાત નથી, આ તો પ્રગટ થાય એની આ વાત છે. ત્રિકાળી ભાવની વાત નથી. ત્રિકાળી ભાવ તો પર્યાયમાં ઉલ્લસે છે. અરે..રે...!

કહે છે કે, ગમે તે ક્રિયા કરતો હોય, દયા, દાન, વ્રત, ભક્તિ (કરતો હોય) છતાં તેને દ્રવ્યનો આશ્રય નથી તેથી તેને ધર્મ છે જ નથી. તે દ્રવ્યની દૃષ્ટિ થતાં જે શુદ્ધ પર્યાય ફાલે છે તે ધર્મ (છે) અને તે ભાવનયનો વિષય (છે). પણ છતાં તેના ઉપર લક્ષ રાખવાનું નથી. આ..હા...! આવો જે ધર્મ છે એ પણ એક યોગ્યતાનો ધર્મ છે. એનું લક્ષ રાખવાનું નથી. એને જાણીને તો દ્રવ્યમાં જાવાનું છે. સમજાણું કાંઈ ? આવી વાતું છે, બાપા ! ત્રણલોકના નાથ વીતરાગે આ વર્ણન કર્યું છે. એ સંતો અનુભવીને કહે છે. ચારિત્ર સહિત છે ને ? આ દસ ભેદ છે એ ચારિત્રના છે ને ! ઉત્તમ ક્ષમા આદિ ચારિત્રના ભેદ છે. અને ચારિત્ર તો સમ્યગ્દર્શન હોય અને પછી રમણતા (થાય) એ ચારિત્ર (છે). સમ્યગ્દર્શન વિના ચારિત્ર હોય નહિ. સમ્યગ્દર્શન વિના ઉત્તમ ક્ષમા આદિ ધર્મ હોય નહિ. આહા..હા...!

અહીં કહે છે, '(પુરુષત્વરૂપ પર્યાયરૂપે પ્રતિભાસે છે તેમ).' એમ ભગવાનઆત્મા પર્યાયમાં ઉલ્લસે છે, નિર્મળ પર્યાયે પરિણમે છે એ ભાવનયનો વિષય કહેવામાં આવે છે. એ પંદર(મી નય થઈ). આહા..હા...! (હવે) સોળ.

'આત્મદ્રવ્ય સામાન્યનયે,...' આ માળા છે. 'સામાન્યનયે, હાર-માળા-કંઠી...' એનો દોરો, સળંગ દોરો. સામાન્યનયે, આવી વાતું ! શું કહે છે ? 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ દિગંબર સંત છે, એ જગતને ધર્મની પ્રસિદ્ધિ કરે છે. ભાઈ ! આત્મામાં એક સામાન્ય સ્વભાવ છે એ સામાન્ય એટલે શું ? કે, જેમ હાર, માળા ને કંઠીનો દોરો (છે) એમ આત્મામાં સળંગ સામાન્ય ધ્રુવ છે એ સામાન્ય સ્વભાવ છે. આ..હા...! સળંગ દોરો જે છે, એમ ધ્રુવ અનાદિઅનંત

ધ્રુવ પડ્યું છે એ સામાન્ય છે. એ સામાન્યનયે... ભાઈ ! ધર્મની ચીજ બહુ મોંઘી છે. દુર્લભ છે પણ અશક્ય છે. ભાઈ ! જગતના જીવો ક્યાંક કાંઈ માનીને પડ્યા છે. અરે...!

અહીંયાં તો કહે છે કે, સામાન્યનય પણ એક ધર્મ ગણ્યો છે. સમજાણું ? પાછું વિશેષનય છે, ભેદનય છે, અભેદનય છે. 'સામાન્યનયે, હાર-માળા–કંઠીના દોરાની માફક,...' આખો દોરો. 'વ્યાપક છે...' દરેક પર્યાયમાં ધ્રુવ સામાન્ય વ્યાપક છે. દરેક પર્યાય છે, આ દરેક મોતી છે એમાં દોરો આખામાં વ્યાપ્યો છે. એમ અનંતી પર્યાયો જે ક્ષણે ક્ષણે (થાય છે) એમાં સામાન્ય પોતે પર્યાયમાં વ્યાપ્યું છે પણ સામાન્ય ત્રિકાળ છે. આહા..હા...!

'સામાન્યનયે, હાર-માળા-કંઠી...' એ તો ત્રણ એક જ. હાર કહો, માળા કહો, કંઠી કહો. અંદર લીટી છે ને ? એટલે હાર કહો, માળા કહો, કંઠી કહો, એના દોરાની માફક 'વ્યાપક છે (અર્થાત્ આત્મા સામાન્યનયે સર્વ પર્યાયોમાં વ્યાપે છે,...)' આહા..હા...! એકરૂપે સામાન્ય હોવા છતાં પર્યાયમાં, અનેકપણાની પર્યાયમાં વ્યાપે છે એવો એનો સામાન્ય તે ધર્મ છે. આરે..! આરે...! એ ધ્રુવ જે છે એ સામાન્ય એક ધર્મ છે. કારણ કે એમાં તો પર્યાયધર્મ વિશેષધર્મો ઘણા છે ને ! અશુદ્ધતાની યોગ્યતા, શુદ્ધતાની (યોગ્યતા એમ) ધર્મો ઘણા છે.

વ્યવહારથી મોક્ષ થાય, નિશ્ચયથી થાય એવી યોગ્યતાઓ એમાં અનંત છે. આહા..હા...! એમાં જરી વાંધા છે. વ્યવહારથી મોક્ષ થાય એનો અર્થ એવી એક યોગ્યતા ગણી. પણ નિશ્ચયથી મોક્ષ થાય એવી પણ યોગ્યતા (છે), એ એકસાથે છે. કોઈને વ્યવહારથી થાય અને કોઈને નિશ્ચયથી થાય, એમ નહિ. આ..હા...! સમજાણું કાંઈ ? આ કઈ જાતની વાતું ? બાપા ! આવો માર્ગ છે. સમજાણું કાંઈ ? આગળ કહેશે, વ્યવહારે મોક્ષ થાય, વ્યવહારનયથી મોક્ષ થાય અને નિશ્ચયથી (થાય) એમ કહેશે. વ્યવહારનયથી થાય, (કોઈને) રાગની ક્રિયાથી અને કોઈને વીતરાગથી થાય એવું છે ? એ તો એક સમયની પર્યાયમાં રાગનો ભાવ હતો અને તેનાથી થયું એમ વ્યવહારનયે યોગ્યતા એક ધર્મ ગણીને કહ્યું. પણ તે જ સમયે નિશ્ચયથી થાય તેવો યોગ્યતા(રૂપ) ધર્મ સાથે છે. નય છે ને ? નય એક એક ધર્મને લક્ષમાં લે છે. આહા..હા...! પ્રમાણ તો અનંતા ધર્મનો પિંડ પ્રભુ એને પર્યાય સહિત લક્ષમાં લ્યે છે. આ..હા...!

'(સામાન્યનયે સર્વ પર્યાયોમાં વ્યાપે છે,...)' ભગવાન ધ્રુવ સામાન્ય, કંઠી, માળા અને હારના દોરાની માફક બધામાં વ્યાપે છે. એમ ધ્રુવ સામાન્ય બધી પર્યાયમાં વ્યાપે છે. આ..હા...!

'(જેમ મોતીની માળાનો દોરો સર્વ મોતીમાં વ્યાપે છે તેમ).' છે ને ? આ માર્ગ એવો ઝીણો છે. લોકો બહારની દૃષ્ટિથી એમને એમ ક્રિયાકાંડમાં પડ્યા છે. આ વ્રત કર્યા ને એ તો બધો મિથ્યાત્વભાવ છે. મિથ્યાત્વનું પોશણ છે. એમાં ધર્મ માને છે ને (એટલે). આ..હા...! એ અશુદ્ધનયનો વિષય છે. અશુદ્ધનયનો વિષય તો અહીં ભેદ પાડવો એ અશુદ્ધનયનો વિષય છે. દ્રવ્યમાં પર્યાયનો ભેદ પાડવો અશુદ્ધનયનો વિષય છે અને દ્રવ્યને સામાન્યમાં રાખવું તે શુદ્ધનયનો વિષય છે, એ છેલ્લે આવશે. આહા..હા...!

'(જેમ મોતીની માળાનો દોરો સર્વ મોતીમાં વ્યાપે છે તેમ).' સામાન્ય એવો એ ત્રિકાળી ધ્રુવ ધર્મ છે પણ એ એક જ ધર્મ નહિ, એવા અનંતા ધર્મોનો સ્વામી ભગવાન (છે). એવો જે જ્ઞાયકભાવ છે એને સામાન્યનયે જાણીને છતાં પાછું દ્રવ્ય સ્વભાવમાં જાવું છે. એકલો સામાન્ય સ્વભાવ લક્ષમાં લઈને જાવું છે પાછું દ્રવ્યમાં. આ..હા...! સમજાણું કાંઈ ? એ સોળ(મી નય) થઈ.

મુમુક્ષુ :- સામાન્ય ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- સામાન્ય છે તો ધ્રુવ પણ એક અંશ રહ્યો ને ? નય છે ને ? નયનો વિષય એટલે અંશ છે. પ્રમાણનો વિષય આખું દ્રવ્ય છે. દ્રવ્ય અને પર્યાય એ પ્રમાણનો વિષય, એ દ્રવ્ય. અને આ દ્રવ્ય છે એ નયનો વિષય છે એટલે એક અંશ છે. ઝીણી વાત છે, ભાઈ ! નય છે એ એક અંશને જાણે છે અને પ્રમાણ છે એ આખા દ્રવ્ય અને પર્યાય બેયને જાણે છે. ભલે દ્રવ્ય છે, નિશ્ચયનયનો વિષય દ્રવ્ય છે પણ એ અંશ છે. ઝીણી વાત (છે), ભાઈ ! આ તો સંસારના અભાવ કરવાની વાતું છે. આહા..હા...!

કોઈ એમ કહે કે, સામાન્યનો આશ્રય લેવો એ તો અયથાર્થ છે. પણ સામાન્ય એ તો અહીં જ્ઞાનપ્રધાન કથન છે તે સામાન્ય પણ એક નયનો અંશ છે. એક નયનો એક અંશ – ધર્મ છે. આખો અંશી એમાં ન આવ્યો. દ્રવ્ય અને પર્યાય બે ન આવ્યા. જ્ઞાનપ્રધાન કથન છે ને ! આહા..હા...! શું કહ્યું ઇ ? કે, વસ્તુ જે છે સામાન્ય એ પોતે દરેક પર્યાયમાં વ્યાપે છે એવો એક સામાન્ય નય છે પણ એ સામાન્ય છે એ તો ધ્રુવ છે પણ ધ્રુવ છે એ નયનો અંશ છે. નિશ્ચયનય એક અંશને વિષય કરે છે. સામાન્ય પણ એક અંશ છે. અરે...! સમજાણું કાંઈ ? આવી વાતું ! વીતરાગ ત્રિલોકનાથે (કહેલું) આ 'પ્રવચનસાર' છે. ભગવાનની દિવ્યધ્વનિનું માખણ (છે). ભાઈ ! જરી શાંતિથી અભ્યાસ કરવો જોઈએ. સમજાણું કાંઈ ? આ..હા...!

ત્રિકાળી છે એ નિશ્ચયનયનો વિષય છે છતાં એ નયનો વિષય છે. નય છે તે એક અંશને પકડે છે. ધ્રુવને એક અંશને (પકડે છે). પણ વિશેષનું લક્ષ રાખીને સામાન્યમાં જાવું. એમ કહે છે. સમજાણું કાંઈ ? આ..હા...!

હવે પર્યાયનયે, વિશેષ સ્થાપ્યું. આ વિશેષનયે પણ એક અંશ છે. 'તેના એક મોતીની માફક, અવ્યાપક છે...' મોતી એક ઠેકાણે એક જ છે, સર્વવ્યાપક નથી. એમ આત્મામાં એક પર્યાય એક ક્ષણમાં એક સમયે છે. અનંતી પર્યાય સર્વ વ્યાપક નથી. સામાન્ય વ્યાપે છે એમ એક સમયની પર્યાય બધામાં વ્યાપે છે એમ નથી. આવી વાતું છે. 'વિશેષનયે,..' આત્મદ્રવ્ય, દ્રવ્ય તો પહેલું લીધું. એને વિશેષનયે. આ..હા...! 'તેના એક મોતીની માફક, અવ્યાપક છે...' મોતી આખામાં વ્યાપક નથી. '(અર્થાત્ આત્મા વિશેષનયે અવ્યાપક છે, જેમ પૂર્વોક્ત માળાનું એક મોતી આખી માળામાં અવ્યાપક છે તેમ).' આહા..હા...! વિશેષ એટલે પર્યાય, ભેદ વિશેષ, એ નયે એ વિશેષ એક જ પર્યાયમાં છે, એ વિશેષ બધી પર્યાયમાં વ્યાપતું નથી. સામાન્ય છે એ બધામાં વ્યાપે છે. વિશેષ છે તે એકમાં (વ્યાપે છે). દોરો બધામાં વ્યાપ્યો છે અને એક મોતી એક જ મોતીમાં છે. અરે...! આવી વાત. અરે...! પ્રભુ ! મારગડા એવો ઝીણા છે, ભાઈ ! સમ્યગ્દર્શન પામવાની રીત કોઈ અલૌકિક છે ! આ..હા...!

કહે છે કે, પર્યાયનયે એની એક એક સમયની જે પર્યાય છે એ બધામાં વ્યાપક નથી. મોતીનું એક એક મોતી એક એકમાં જ છે અને દોરો તો બધામાં વ્યાપક છે. સામાન્ય બધી પર્યાયમાં વ્યાપક છે અને પર્યાય એક જ સમયમાં વ્યાપક છે. એક જ સમયમાં બધામાં વ્યાપક નથી. આહા..હા...! આવી વાતું !

વાણિયાને જૈનધર્મ હાથ આવ્યો અને આવી વાતું ! ભાઈ ! એને ધંધા આડે નવરાશ ન મળે. તુલના કરવાની (નવરાશ નથી) કે, અમે જે સાંભળ્યું છે અથવા કહે છે અને આ શું કહે છે ? બેયની તુલના કરવાનો ટાઈમ જોઈએ ને ? આખો દિ' ધંધા-પાણી. આહા..હા...! આ શું કહે છે ? અને અમે શું માન્યું છે ? અને બીજા શું કહે છે ? એમાં ફેર શું ? એનો નિર્ણય કરવાનો કાળ ક્યાં (છે) ? આ..હા...! અને કરવાનું તો એ છે. સમજાણું ?

'આત્મદ્રવ્ય વિશેષનયે,...' '(માળાનું એક મોતી આખી માળામાં વ્યાપક નથી...)' એમ એક સમયની પર્યાય છે એ આખામાં વ્યાપક નથી. વિશેષનય છે. એ પણ એક ધર્મ છે. સામાન્ય પણ એક ધર્મ છે, વિશેષ પણ એક ધર્મ છે. એવા અનંત ધર્મોનો અધિષ્ઠાતા ભગવાન છે. એ અનંત ધર્મનો સ્વામી તે આત્મા છે. આહા..હા...! અહીંયાં તો વિકારી

પર્યાય છે એનો એ ધર્મ (છે અને એનો) સ્વામી આત્મા છે, દ્રવ્ય છે. ભલે એ ધર્મ નથી પણ અધર્મની પર્યાયનો સ્વામી આત્મા છે. અરર..ર...! સમજાણું ? એ અનંતા ધર્મોનો અધિષ્ઠાન – આધાર આત્મા છે. આહા..હા...!

એક કોર કહે કે, રાગ આત્માને આશ્રયે ન થાય, પરને આશ્રયે થાય. બીજી કોર કહે કે રાગ આત્માને આશ્રયે થાય. 'પ્રવચનસાર'માં આવે છે ને ? અહીં કહે કે, રાગ એ આત્માને આશ્રયે થયેલો આત્મધર્મ, આત્માની યોગ્યતાનો ધર્મ છે એ. આહા..હા...!

મુમુક્ષુ :– આત્મા રાગ કરે તો નિશ્ચયનયનો વિષય એમ આમાં કહ્યું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– નિશ્ચયનો વિષય છે, એની પર્યાય છે ને ! એની પર્યાય છે કે નહિ ? પર તે વ્યવહાર અને આ દ્રવ્ય, પોતાની પર્યાય તે નિશ્ચય છે. આહા..હા...! અગિયારમી ગાથામાં એ કહ્યું કે, વ્યવહાર અભૂતાર્થ છે, તો પર્યાયને ગૌણ કરીને અભૂતાર્થ કહ્યું. પર્યાય નથી એમ નહિ. ત્રિકાળી જ્ઞાયક ભગવાનઆત્મા એનો આશ્રય કરતા સમ્યગ્દર્શન થાય તેથી તે પર્યાયને અભૂતાર્થ કહી ખોટી (છે), ગૌણ કરીને નથી એમ કહ્યું. છતાં તે પર્યાય ભૂતાર્થનો આશ્રય લ્યે છે. આવી વાતું છે. સમજાણું આમાં કાંઈ ?

ભાઈ ! વખત લેવો જોઈએ, ભાઈ ! આ ટાણા મળ્યા છે. અરે..રે...! અનુભવ કરવાના ટાણા મળ્યા છે, ભાઈ ! એ ચીજ શું છે ? એને અનુસીરને થવાનો કાળ છે. આહા..હા...! 'પ્રવચનસાર'માં તો એમ કહ્યું ને કે, આજે જ કરો ! આહા..હા...! આચાર્યોની ભાષા તો જુઓ ! છેલ્લે છે. આ વાત કહીએ છીએ, આજે જ કરો ! પછી કરશું, પછી કરશું એમ રહેવા દે ! આ..હા...! બે ઠેકાણે (આવે છે), આજે જ. (આવે) છે ને છેલ્લે ? છેલ્લે છે. છેલ્લી બે લીટી. 'આત્મા આજે...' તદ્દન છેલ્લું અને છેલ્લી બે લિટી. છે ? 'ચૈતન્યને જ ચૈતન્ય આજે પ્રબળપણે-ઉગ્રપણે અનુભવો...' છે ? તદ્દન છેલ્લે, તદ્દન છેલ્લે. પાનાને છેલ્લે નહિ, અધિકારને છેલ્લે. ૫૦૫ (પાનું). છે ? 'તે ચૈતન્યને જ...' 'તે ચૈતન્યને જ ચૈતન્ય આજે પ્રબળપણે...' આહા..હા...! વાયદા નાખીશ નહિ, કહે છે. તને જો રુચતું હોય તો આજે જ અનુભવ કર. આહા..હા...! છે ? અને આ બાજુ,

એક આ બાજુ ૫૦૪ પાને. ત્યાં છે ? જુઓ ! 'આજે' છેલ્લો શબ્દ છે. એ શ્લોકનો છેલ્લો શબ્દ છે. 'આખા શાશ્વત સ્વ તત્ત્વને પ્રાપ્ત કરીને આજે (જનો) અવ્યાકુળપણે નાચો...' છે ? બે ઠેકાણે 'આજે' કહ્યું. તને રુચે તો આજે અંદર જા. આહા..હા...! આવી વાતું છે. છે ? આ 'અમૃતચંદ્રાચાર્ય'નો કળશ છે. આહા..હા...! સમજાણું કાંઈ જુઓ ! એમાં છે ને ?

૨૧ છે ને ? ૨૧ છે ને ઇ ? '**वल्गात्वद्य**' ત્રીજી લીટીનો શબ્દ છે, 'अद्य' છે ને ? ભાઈ ! એ ને ? ત્રીજી લીટીનો પહેલો શબ્દ – 'अद्य'. અને આમાં (૨૨ કળશમાં) '**तदुच्चैश्चिच्चिदेवाद्य**' ત્રીજી લીટીનો છેલ્લેથી પહેલો 'अद्य' શબ્દ પડ્યો છે. આજે ! આહા..હા...! હાથ આવે છે ? કળશમાં શબ્દ છે. આહા..હા...! આચાર્યોએ કેટલી કરુણા કરી છે ! ભાઈ ! (એક મુમુક્ષુ) નથી કહેતા કે, કરવાનું તો આ છે. એક જ કરવાનું છે. આહા..હા...! તે પણ આજે જ કર, કહે છે. આહા..હા...! પછી નિવૃત્તિ લેશું ને પછી દીકરા-બીકરા સરખા પડશે, છોકરાઓ આવે પછી કરશું. ભાઈ ! પછી મરી જઈશ, દેહ છૂટી ગયો તો શું કરીશ ? આ..હા...! આજે જ, કીધું, ભાઈ ! આ પંચમકાળ છે અને તમે કહો કે, સમ્યક્‌દૃષ્ટિ જીવ બહુ થોડા હોય. તો થોડા હોય એમાં જા ને, (એમાં) ભળી જા ને ! આહા..હા...!

જેમ ઓલા બધા વહાણ દરિયામાં ડૂબી ગયા, એમાં એક-બે વહાણ બહાર આવ્યા. શેઠિયાને ખબર પડી (એટલે કહ્યું કે), જુઓ ! એ વહાણ મારું હશે બહાર જુઓ ! મારા પુણ્ય છે મને દેખાય છે. એ વહાણ મારું ડૂબે નહિ. જોવે ત્યાં એનું વહાણ બહાર આવ્યું, બીજાનું ડૂબી ગયું અને એનું બહાર આવ્યું. આહા..હા...! એમ પ્રભુ ! તારો કાળ આજે જ પાકે એવો છે, કહે છે. આજે જ પાકે એમાં તું જા, ભળી જા. આહા..હા...! દિગંબર સંતોના ડંકા તો કેવા, જુઓ તો ખરા ! ડંકાની ચોટ ઉપર કહ્યું છે. દયા, દાન, વ્રત ને તપ-ફપ એ બધી ક્રિયાઓ રાગ છે. આ ચૈતન્ય સ્વરૂપ છે એમાં આજે જ અંદર જા ! ભાઈ ! જુઓ ! આ મુનિઓ ! અરે...! આ ક્યાં છે ? બાપુ ! આહા..હા...!

અહીં તો પર્યાયનયે સર્વમાં પર્યાયમાં વ્યાપક નથી (એમ કહ્યું). એ ૧૭ (નય પૂરી થઈ). ૧૮.

'આત્મદ્રવ્ય નિત્યનયે,...' લ્યો ! ઓલું સામાન્ય કહ્યું અને આ વિશેષ કહ્યું. પછી નિત્ય અને અનિત્ય (કહે છે). કાયમ રહેનારો અને ક્ષણે રહેનારો. આહા..હા...! એવો એક પાછો સામાન્ય કરતાં નિત્યનો ધર્મ એક જુદો છે. સામાન્ય એટલું છે કે વિશેષમાં વ્યાપ્યું નથી અને નિત્ય છે એ કાયમ રહેનારું છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

'આત્મદ્રવ્ય...' ભગવાનઆત્મા દ્રવ્ય – વસ્તુ, તે 'નિત્યનયે, નટની માફક, અવસ્થાયી છે...' નટની માફક સ્થિર છે, ત્રિકાળ છે. આહા..હા...! કઈ રીતે ? '(આત્મા નિત્યનયે નિત્ય–ટકનારો છે,...)' જોયું ? કાળ. નિત્ય ટકનારો છે. સામાન્ય છે (એમાં) વાત એટલી કે, પર્યાયમાં વ્યાપે છે એટલું. અને આ તો નિત્ય ટકનારું છે એ એક ધર્મ જુદો છે. આહા..હા...!

આવી વાતું ક્યાંય (સાંભળવા મળે નહિ). ક્યાં ગયા અમારા 'પાલેજવાળા' ? ક્યાં ગયો ? ધંધા આડે નવરાશ ન મળે. ક્યાં ગયો ? પાછળ (છે) ? આહા..હા...! (એમની) એક દુકાનમાં ગયા હતા ને એક ફેરી ? બધા કોથળા ભરેલા. અહીંથી (જઈને) ઓલી કોર બહાર નીકળ્યા. આહા..હા...! કીધું, આ મોટા ગોદામ ભર્યા એમાંથી નવરો ક્યાંથી થાય ? (એની) દુકાનમાં ઓલી કોર બહાર નીકળાય છે. આહા..હા...!

અહીં કહે છે, પ્રભુ ! તું તો નિત્ય છો ને ! એ નિત્ય પણ એક યોગ્યતાનો ધર્મ ગણ્યો છે. એ નિત્ય એક જ ધર્મ નહિ. એવા તો અનંત ધર્મો (છે). ધર્મ એટલે એની યોગ્યતા, લાયકાત. એ 'નિત્યનયે, નટની માફક...' '(આત્મા નિત્યનયે નિત્ય-ટકનારો છે, જેમ રામ-રાવણરૂપ અનેક અનિત્ય સ્વાંગ ધરતો હોવા છતાં...)' આહા..હા...! એકનો એક (નટ) સ્વાંગ ઘણા ધરે છતાં નટ તો નટરૂપે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! અનેક પ્રકારના રાગના સ્વાંગ ધરે, નિર્મળ પર્યાયના સ્વાંગ ધરે પણ નિત્ય તરીકે નટ તો એનો ઇ છે. ભલે રામ, રાવણના રૂપ ધારણ કરે. આહા..હા...!

અમારે 'પાલેજ'માં એક ફેરી એ બનેલું. 'ભર્તુહરિ'નું નાટક હતું. પણ ઇ અમે હતા ત્યારે. આ લોકો પછી જન્મ્યા. એમાં એનો જે નાયક હતો તે 'પીંગળા' થઈને આવવાનો હતો. 'પીંગળા' ! અને એ જ નાયક જે હતો એ પાછો 'ભર્તુહરિ' થઈને આવવાનો હતો. એમાં ત્યાં મુસલમાનનું જોર હતું. ગામ આખું 'પાલેજ'માં મુસલમાન છે. જોવા મફત ગરી જાય, બિલકુલ પૈસા આપે નહિ એવા માણસ જોરદાર. એમાં ઓલાને બહાર નીકળવું પડ્યું. સ્ત્રીનો વેશ ધારણ કરેલો (એ પહેરીને) એમને એમ બહાર નીકળ્યો. માથું ખુલ્લું અને કપડા પહેરેલા. કો'કે કીધું, આ કોણ છે ? ઇ નાયક છે. આ 'પીંગળા'નો વેશ લઈને આવે છે અને પછી 'ભર્તુહરિ'નો લઈને આવશે.

એમ આત્મા એકવાર મનુષ્યનો દેહ ધારણ કરે એવી યોગ્યતા, એકવાર દેહ ધારણ કરે, એકવાર રાગ ધારણ કરે, એકવાર દ્વેષ ધારણ કરે, એકવાર શુદ્ધપર્યાય ધારણ કરે, એકવાર અશુદ્ધપર્યાય ધારણ કરે. આહા..હા...! છતાં નિત્ય વસ્તુ તો એની એ છે. અરે...! આવી વાતું ક્યાં છે ? ભાઈ ! (હવે) ૧૯.

'આત્મદ્રવ્ય અનિત્યનયે, રામ-રાવણની માફક, અનવસ્થાયી છે...' આહા..હા...! 'રાવણ'નું રૂપ ધારણ કર્યું, વળી એનાએ પાછા તીર્થંકર થાશે. 'રાવણ' તીર્થંકર થશે અને 'સીતાજી' ગણધર થશે. આહા..હા...! ભિન્ન ભિન્ન પર્યાયો છે. હવે અહીં વ્યભિચારી. 'સીતા'ને

આળ દેવા આવતો, 'સીતા'ને ઉપાડી ગયો. હવે એ પોતે તીર્થંકર થશે. પરિણામની વિચિત્રતા છે ને ! અને આ 'સીતાજી' છે એ ગણધર થશે. તો 'સીતાજી'નો વેશ અને ગણધરનો વેશ બેય પણ વસ્તુ નિત્ય છે. એમ 'રાવણ'નો વેશ, નરકનો વેશ અને તીર્થંકરનો વેશ, પર્યાય ભિન્ન ભિન્ન હોવા છતાં વસ્તુ તો નિત્ય છે. આહા..હા...!

'આત્મદ્રવ્ય અનિત્યનયે, રામ-રાવણની માફક અનવસ્થાયી છે...' અનવસ્થાયી છે. એકરૂપ નથી, એમ. '(અર્થાત્ આત્મા અનિત્યનયે અનિત્ય છે, જેમ નટે ધારણ કરેલા રામ-રાવણરૂપ સ્વાંગ અનિત્ય છે તેમ).' એક જ સ્વાંગ છે એવું નથી, ભિન્ન ભિન્ન સ્વાંગ છે. એ બધો સ્વાંગ અનિત્ય છે. આહા..હા...! અનિત્યનયે જાણવા છતાં પર્યાય એકરૂપ નથી, ભિન્ન ભિન્ન છે એવું લક્ષમાં લેવા છતાં તેને જ્ઞાયક સ્વભાવ ઉપર જવું જોઈએ. તેનું પરિણામ આ આવવું જોઈએ. અનિત્ય છે છતાં એણે જ્ઞાયકભાવ ઉપર (જવું). અનિત્ય છે એવું લક્ષમાં રાખવું. ચૌદમી ગાથામાં નથી કહ્યું ? ચૌદમી ગાથામાં (કહ્યું કે), પર્યાય નથી એવું નહિ. પર્યાય છે તેનું જ્ઞાનમાં લક્ષ રાખવું. ચૌદમી ગાથામાં ભાવાર્થ ભર્યો છે. આહા..હા...! પર્યાય નથી એમ કીધું પણ પર્યાય છે તેમ જ્ઞાનમાં રાખવું. નથી (કહ્યું એ તો) ગૌણ કરીને દૃષ્ટિના વિષયની અપેક્ષાએ નથી એમ કહ્યું. પણ પર્યાય છે, રાગ છે, એ જ્ઞાનમાં તો લક્ષમાં રાખી અને દ્રવ્યનો આશ્રય લેવો. પર્યાય નથી એમ ભૂલીને દ્રવ્યનો આશ્રય થઈ શકશે નહિ. કારણ કે દ્રવ્યનો આશ્રય કરનાર તો પાછી પર્યાય છે. જો પર્યાય નથી જ તો દ્રવ્યનો આશ્રય કરશે કોણ ? આહા..હા...! આવા પલાખાં છે.

ત્યાં તો એમ કહ્યું કે, (પર્યાય) નથી ને ? (તો કહે છે), છે, છે. નથી તો કેમ કહ્યુ હતું ? એ તો પર્યાય ઉપરનું લક્ષ છોડાવવા, પર્યાયને ગૌણ કરીને અસત્ય કીધી, અસત્ય કીધી. પણ પર્યાય પર્યાયપણે સત્ય છે. જ્ઞાનની પર્યાય, રાગની પર્યાય એ પર્યાયપણે પર્યાય છે. એને લક્ષમાં રાખીને દ્રવ્યનો આશ્રય કરવો. પર્યાયનો આશ્રય છોડવો, પણ પર્યાય નથી એમ લક્ષ કરવા જઈશ તો નાસ્તિ થઈ જઈશ, તો નિશ્ચયાભાસી થઈ જઈશ. જેમ વેદાંત પર્યાયને માનતું નથી. (એ) નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...! આકરી વાતું, ભાઈ !

સુધરેલમાં અત્યારે વેદાંત બહુ પ્રસિદ્ધ છે. કારણ કે વાતું કરવી કે સર્વવ્યાપક છે, સર્વવ્યાપક છે. એક ચૈતન્ય, કહેતા હતા, કીધું નહિ ? 'કેમ્પ'માં .... એક રાજપુત હતો. (બધું) છોડી દીધું, એક લૂગડું પહેર્યું હતું. વ્યાખ્યાન સાંભળવા આવે, સાંભળે. એક.. એક એમ કહેતો હતો. 'સુરેન્દ્રનગર' ! .... આહા..હા...! એને ૩૬ વર્ષ થયા. .. રાજપુત હતો.

અરે... ! ભાઈ ! એક ક્યાં છે ? એક હોય તો એકપણાનો નિર્ણય કરનારો કોણ ? કોનો નિર્ણય કરવો એવો ભેદ પડી ગયો. એક છે એમ નિર્ણય નહોતો અને એક છે એવો નિર્ણય કર્યો તો એ તો પર્યાય થઈ ગઈ. એમાં એક છે, એમ કહેતાં એકનો નિર્ણય કરનાર અને એકનો નિર્ણય નહિ કરનાર, એ બે પર્યાય થઈ ગઈ. એ તો એ ના પાડે છે કે, આત્મા અને આત્માનો અનુભવ, આ બે શું ? એમ એ ના પાડે છે. દ્વૈત થઈ જાય ને ? આત્મા (અને) આત્માનો અનુભવ. અરે...! સાંભળ ! અનુભવ છે એ પર્યાય છે અને આત્મા છે તે ત્રિકાળ દ્રવ્ય છે. બેય ચીજ છે.

અનિત્યનયે પર્યાય પર્યાય પલટે છે છતાં નિત્યપણાનો નાશ નથી કરતું. નિત્ય તો નિત્ય છે. એ પણ એનો એક ધર્મ છે. અનિત્ય પણ એનો ધર્મ છે. શરીર અનિત્ય છે એ વાત અહીં નથી. શરીર અનિત્ય છે એ તો જડની વાત છે. આ તો આત્માની પર્યાય અનિત્ય છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

'પંચાધ્યાયી'માં એમ કહ્યું છે કે, સર્વગત માને તો એ મિથ્યાત્વ છે. 'પ્રવચનસાર'માં એમ કહ્યું છે કે, સર્વગત (એટલે) સર્વને જાણે છે એ અપેક્ષાએ સર્વગત કહેવાય છે. પણ ઓલું સર્વગત સર્વ વ્યાપે છે એ અપેક્ષાએ. અહીં સર્વગત એક નય લીધી છે, મારે એમ કહેવું છે. આહા..હા...! 'પંચાધ્યાયી'માં કહે છે કે, સર્વગત વ્યાપક છે (એમ માને તે) મિથ્યાત્વ છે. 'પ્રવચનસાર'માં પહેલું લીધું છે કે, આત્મા સર્વગત છે. એટલે કે સર્વને જાણે છે તેથી સર્વગત છે અને તેથી તે સર્વ ચીજો જાણે જ્ઞાનમાં પેસી ગઈ હોય એ અપેક્ષાએ એને સર્વગત કહે છે. ... નથી, એ સંબંધીનું જ્ઞાન થાય છે.

અહીં કહે છે કે, 'સર્વગતનયે, ખુલ્લી રાખેલી આંખની માફક,...' આમ ખુલ્લી આંખ હોય. 'સર્વવર્તી (બધામાં વ્યાપનારું) છે.' એટલે બધાને જાણનારું છે. સર્વગતનો અર્થ આટલો, હોં ! બધામાં વ્યાપનારું એટલે બધાને જાણનારું છે. આહા..હા...! બધામાં વ્યાપે કે બધામાં એ ચાલ્યું જાય છે ? આહા..હા...! કેટલી નયો ! આ તો વસ્તુનો ધર્મ છે, હોં ! આમ જે વિકલ્પથી નયો કરે તે ઇન્દ્રજાળ કીધી છે. પ્રભુ ! તારી વિકલ્પની નયો ઇન્દ્રજાળ છે. આ ઇન્દ્રજાળ નહિ, આ તો વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા...! સર્વવર્તી બધામાં વ્યાપે છે એટલે બધાને જાણે છે. ખુલ્લી આંખ આમ બધાને જાણે છે. જાણે છે એ પોતાની સત્તામાં જાણે છે પણ આમ બધાને જાણે છે એ અપેક્ષાએ સર્વગત કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ :–

**असर्वगतनयेन मीलिताक्षचक्षुर्वदात्मवर्ति २१। शून्यनयेन शून्यागारवत्केवलोद्भासि २२। अशून्यनयेन लोकाक्रान्तनौवन्मिलितोद्भासि २३।। ज्ञानज्ञेयाद्वैतनयेन महदिन्धनभारपरिणतधूमकेतुवदेकम् २४।**

આત્મદ્રવ્ય અસર્વગતનયે, મીંચેલી આંખની માફક, આત્મવર્તી (પોતામાં રહેનારું) છે. ૨૧.

આત્મદ્રવ્ય શૂન્યનયે, શૂન્ય (ખાલી) ઘરની માફક, એકલું (અમિલિત) ભાસે છે. ૨૨.

આત્મદ્રવ્ય અશૂન્યનયે, લોકોથી ભરેલા વહાણની માફક, મિલિત ભાસે છે. ૨૩.

આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેય–અદ્વૈતનયે (જ્ઞાન અને જ્ઞેયના અદ્વૈતરૂપ નયે), મોટા ઇંધનસમૂહરૂપે પરિણત અગ્નિની માફક, એક છે. ૨૪.

**ભાદરવા વદ ૧, ગુરુવાર**
**તા. ૦૬-૦૯-૧૯૭૯**
**નય ૨૧ થી ૨૪, પ્રવચન નં. ૨૬૩**

'પ્રવચનસાર' વીસમો બોલ થોડો ચાલ્યો છે. આ બોલ ૨૬મી ગાથામાં આવે છે. આમાં લખ્યું છે. ૨૩, ૨૬, ૩૧, ૩૫ અને ૫૦, આટલી ગાથામાં સર્વગતનું આવે છે. તે દિ' કહ્યું હતું. આમાં લખ્યું છે. શું કહે છે ? **શાંતિથી સાંભળવાની વાત છે, બાપા !**

'આત્મદ્રવ્ય સર્વગતનયે,...' 'પંચાધ્યાયી'માં સર્વગતને મિથ્યાત્વમાં નાખ્યું છે પણ એ સર્વગત તદ્દન પરમાં વ્યાપી જાય એ અપેક્ષાએ (મિથ્યાત્વ કહ્યું છે). અહીં તો સર્વગત પહેલા પાંચ ગાથામાં આવ્યું છે. ભાઈ ! કાલે એટલું નહોતું કહેવાણું. આહા..હા...! વાત એવી છે કે આત્મા જ્ઞાયક સ્વરૂપ છે. એ જ્ઞાયક સ્વરૂપમાં લોકાલોકના જ્ઞેયાકારનું જ્ઞાન થાય છે. એથી એમ પણ કહેવામાં આવે કે, આત્મા પોતે લોક-અલોકમાં વ્યાપે છે. વ્યાપે છે એનો અર્થ કે એ સંબંધીનું જ્ઞાન થાય છે એથી એમાં વ્યાપે છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આહા..હા...! તેથી પછી બીજા (બોલમાં) કાઢી નાખશે. પહેલા બોલમાં આમ છે.

ઝીણી વાત (છે), ભાઈ !

જોકે પૂર્ણ સર્વગતપણું તો કેવળજ્ઞાનીને હોય છે. જેના જ્ઞાનમાં ક્રમસર જ્ઞેયાકારાનું જ્ઞાન થાય એ તો છદ્મસ્થ છે, એ કેવળી નહિ. એમાં આવે છે, ભાઈ ! આહા..હા...! આ તો અહીં કાલે નજર જરી નહોતી. અહીં પાંચ બોલ લખ્યા છે, તે દિ'ના લખ્યા છે. આ..હા...! શું કહે છે ? કે, આત્મા જ્ઞાયક સ્વરૂપ છે પ્રભુ ! તો એ સર્વગત છે. એનો એક ધર્મ (છે). ધર્મ એટલે ? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એમ નહિ. એણે ધારી રાખેલો એક ભાવ છે. ઝીણી વાત (છે), ભાઈ ! ભગવાનઆત્મામાં એક સર્વગત નામની યોગ્યતાનો ધર્મ છે. એટલે ? કે, જે લોકાલોક છે તે જ્ઞેય છે અને આત્મા ભગવાન જ્ઞાનસ્વરૂપ છે તો જ્ઞેયાકારરૂપે જ્ઞાનનું થવું તે સર્વગત કહેવામાં આવે છે અથવા જ્ઞાનનું જ્ઞેયાકારપણે થવું (તેને સર્વગત કહેવામાં આવે છે).

ત્યાં પહેલી ગાથાઓમાં તો પહેલું એમ પણ લીધું છે, ભાઈ ! જ્ઞાનમાં જ્ઞેય આવ્યા છે અને જ્ઞાન જ્ઞેયમાં જાય છે (એ) જાણવાની અપેક્ષાએ (કહ્યું). એ પહેલા (ગાથાઓમાં) આવ્યું. અહીં લાંબું (કરતા નથી), પણ આનો સાર આપણે તો (લઈએ છીએ). આહા..હા...!

સર્વગત એટલે ભગવાનઆત્મા જ્ઞાયકસ્વરૂપ હોવાથી તેનું જ્ઞાન લોકાલોકના જ્ઞેયો છે તે જ્ઞેયાકારે જ્ઞાન થાય છે એથી તેને સર્વગત કહેવામાં આવે છે. સર્વ જ્ઞેયોમાં જાણનારું, એને જાણનારું, વ્યાપનારું એમ વ્યવહારે કહેવામાં આવે છે. આહા..હા...! ખરેખર તો સમ્યગ્દર્શનમાં પહેલી ભૂમિકાએ, ધર્મની પહેલી ભૂમિકાએ જ્ઞાયક સ્વરૂપ જે ભગવાનઆત્મા છે એનું જેને અંતરમાં જ્ઞાન થયું કે, હું તો ચૈતન્ય જ્ઞાયક ધ્રુવ નિત્યાનંદ પ્રભુ છું તો તેને પણ તેને યોગ્ય રાગાદિ કે શરીરાદિની ક્રિયા જે દેખાય, તે જ્ઞેયાકારે જ્ઞાન પોતાથી પરિણમે છે તેથી તેને સર્વગત કહેવામાં આવે છે. ભાઈ ! આવી વાતું છે, ભગવાન ! આહા..હા...!

મુમુક્ષુ :- શક્તિ અપેક્ષાએ સર્વગત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- નહિ, શક્તિ નહિ, એનો સ્વભાવ જ એવડો છે. શક્તિએ તો છે પણ આ તો પર્યાયમાં એવડો એનો સ્વભાવ છે, એમ કહેવું છે. પર્યાયમાં એટલો એનો સ્વભાવ છે કે જેટલો લોકાલોક છે તેના જ્ઞેયાકારના જ્ઞાનપણે પરિણમવું તેવો એનો સર્વગત સ્વભાવ છે. અને નીચે સમકિતને સર્વગત એક અપેક્ષાએ નહિ પણ એને ક્રમે ક્રમે... શ્રુતજ્ઞાનમાં આવે છે ને ? ભાઈ ! શ્રુતજ્ઞાન સર્વને જાણે તો છે પણ જાણવા છતાં તેમાં ક્રમ પડે છે,

કેવળીને ક્રમ પડતો નથી. ઝીણી વાત છે, ભાઈ !

પ્રભુ જ્ઞાનરસ છે, એ ચૈતન્યબિંબ છે, એ જ્ઞાનનો સાગર છે, એ તો જ્ઞાનમાં જેટલી જ્ઞેયની યોગ્યતા ત્યાં સામે હોય.. આહા..હા...! રાગ આવે કે શરીરની ક્રિયા કે સંયોગ (દેખાય), એ જે જ્ઞેય છે તે પ્રકારે જ્ઞાનનું પરિણમવું થવું તેવો તેનો એક સ્વભાવ છે. આહા..હા...! તે જ્ઞેયને મારા માનવા તેવો એનો સ્વભાવ નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? ભાઈ ! ઝીણી વાત છે, ભગવાન ! ભાઈ ! આ બધા 'વીંછીયા'થી આવ્યા છે ને ! કાલે તો ઘણા બધા આવવાના, 'રાજકોટ' ને 'ગોંડલ' ને 'ભાવનગર' પણ કાલે આવવાના ને ? બે બસ. આહા..હા...!

આત્મામાં એક સર્વગત નામનો ગુણ છે. ગુણ એટલે યોગ્યતા – ધર્મ. એટલે શું ? કે, એની પર્યાયમાં, શક્તિરૂપે છે એ જુદી વસ્તુ, પણ એની પર્યાયમાં જે પ્રકારે લોકાલોક છે તે પ્રકારનું જ્ઞેયાકારનું જ્ઞાન અહીં થાય છે. એ જ્ઞેયાકાર જ્ઞેયો છે માટે જ્ઞાન થાય છે એમ નહિ. આહા..હા...! એ જ્ઞેયાકારપણું જ્ઞાનપણે થવું એવો એનો સ્વતઃ પોતાનો સ્વભાવ છે. ઝીણી વાત છે, ભાઈ ! આહા..હા...! નીચે પણ જ્ઞાતા-દૃષ્ટા પ્રભુ છે. આહા..હા...! જે કંઈ વિકલ્પ આવે, જે કંઈ બાહ્ય સંયોગોમાં ક્રિયા થાય, તેને જાણવાના જ્ઞેયાકારે જ્ઞાન પરિણમે એવું જ એનું સ્વરૂપ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? ઝીણી વાત છે, ભાઈ !

પ્રશ્ન :– પર્યાયનું કે દ્રવ્યનું ?

સમાધાન :– અહીં પર્યાયની વાત છે, દ્રવ્ય નહિ. પર્યાયની વાત છે ને આમાં ? સર્વગત ધર્મની યોગ્યતા છે. ત્રિકાળ શક્તિની વાત અહીં નથી. શક્તિ છે તેની વ્યક્તતા. આહા..હા...! એક સમયમાં ભગવાન જ્ઞાનસ્વરૂપ હોવાથી જેની સત્તાનું હોવાપણું જ્ઞાન છે તે જ્ઞાન તેને લોકાલોક જે જગત છે તે જ્ઞેય છે અને આત્મા તેનો જ્ઞેયાકાર જાણવાના સ્વભાવવાળો છે. એ જ્ઞેયપણે છે માટે (જાણે છે એમ) નહિ પણ અહીં જ્ઞાનનો સ્વભાવ જ (એવો છે). જેટલા જ્ઞેયો છે તે પ્રકારે જ્ઞેયાકારે જ્ઞાનમાં પરિણમવું એ જ્ઞાનાકાર (સ્વભાવ છે). છે તો જ્ઞાનાકાર પણ જ્ઞેયાકારી પરિણમ્યું છે એટલે એને જ્ઞેયાકાર કહેવાય છે. આવી ઝીણી વાતું છે. અરે...! વીતરાગમાર્ગ બાપા ! જિનેશ્વર ત્રિલોકનાથ આમ ઇન્દ્રો અને ગણધરો વચ્ચે પરમાત્મા કહેતા હતા. એ વાત છે, પ્રભુ !

અહીં તો એમ કહે છે કે, પ્રભુનો – ચૈતન્યનો એવો સ્વભાવ છે કે એક વિકલ્પ, રાગ આવે એનો કર્તા એ નથી. એનું કર્તાપણું (થાય) એવો કોઈ ગુણ કે સ્વભાવ જ નથી.

આહા..હા...! એનો સ્વભાવ તો જ્ઞાયકપણે જ્ઞાતાપણે પરિણમવું. જેટલું જે પ્રકારે જ્ઞેય તેના લક્ષમાં આવે તે તે જ્ઞેયાકારપણે જ્ઞાનનું થવું તે તેનો ધર્મ છે, તે તેની યોગ્યતાનો સ્વભાવ છે. આરે..! આવી વાતું છે. સાધારણ માણસને આ કરવું, આ કરવું, આ કરવું એ ઊડાવી દ્યે છે. કહે છે, રાગને કરું (એમ થાય તો) એણે જ્ઞાયકભાવને જાણ્યો નથી. આ..હા...! હણી નાખે છે. રાગ કરતા વસ્તુ જે છે અનંત.. અનંત... અનંતને હદ નથી એટલા ગુણો પ્રભુ છે તારામાં. આહા..હા...! એક એક આત્મામાં પ્રભુ ! અનંત અનંત ગુણ છે. કોઈ એક ગુણ વિકારપણે પરિણમે એવો કોઈ ગુણ નથી. તેથી અહીં કહે છે કે, એનો એક જ્ઞાન ગુણ જે છે એ જ્ઞેયને જાણતા જ્ઞેયને જાણતું નથી. જ્ઞેયને જાણતા જ્ઞાન જ્ઞેયાકારે પરિણમે છે (એવો) જ્ઞાનનો સ્વભાવ છે. અરે...! આવી વાતું હવે. આહા..હા...! પ્રભુ ! તું મોટો છો !

એક શબ્દ (ભાઈએ) લીધો છે – 'સન્માન'. સન્માન – સ - માન. સત્ માન. અંદરના સત્નું માન કરવું. એમ ન કરતાં સત્ છોડીને એકલું માન કરવું, અભિમાન કરવું કે રાગ હું છું, આ હું છું, આ હું છું (એ મિથ્યા છે). બહુ વાત કરી. કેટલી સ્પષ્ટ કરી છે. એક એક શબ્દમાં બહુ ગંભીરતા, બહુ ક્ષયોપશમ અને વસ્તુની સ્થિતિ (વર્ણવી છે). એ સન્માનનો અર્થ કર્યો છે. સન્માન – સન્મુખ થવું સન્માન અને સન્માન ન થતાં એકલા માનમાં, અભિમાનમાં આવી જવું, તે તેનો સ્વભાવ નથી, વિકાર અને વિભાવ છે. ભાઈ ! સમજાય છે કાંઈ ? ત્યાં કોઈ દિ' કાંઈ સાંભળ્યું નથી. આહા..હા...!

પ્રભુ ! ભગવાન તરીકે તો આચાર્ય બોલાવે છે. આચાર્ય મહારાજ 'અમૃતચંદ્રાચાર્ય' સંત હજાર વર્ષ પહેલા મહા ચાલતા સિદ્ધ જેવા પ્રભુ ! એ ૭૨ ગાથામાં ભગવાન તરીકે બોલાવે છે. ભગવાન ! પામર નહિ પ્રભુ તું ભગવાન છો ! આહા..હા...! ભગ નામ આનંદ ને જ્ઞાનની લક્ષ્મીનું વાન – તારું રૂપ છે. જ્ઞાન ને આનંદનું તારું રૂપ છે. રાગ અને શરીર એ તારું રૂપ ને સ્વરૂપ નથી. ભાઈ ! જુઓ ! આ સંતોની (કથની) ! અરે...! દિગંબર મુનિ એટલે શું ? બાપુ ! અત્યારે લોકોને ખબર નથી. અત્યારે નગ્નપણું (ધારી) બહારની ક્રિયા કરે ત્યાં થઈ જાય ધર્મ ! બાપુ ! એ મુનિપણું કોઈ અલૌકિક ચીજ છે ! આ..હા...!

એક જણાનો કાગળ આવ્યો છે કે, તમારે માથે અવ્રતનું કલંક છે. થોડો સંયમ લ્યો. એમ કહે (છે). બાપુ ! સંયમ કંઈ બહારથી ક્રિયાકાંડ (પાળે) એટલે સંયમ થઈ જાય છે ? આહા..હા...! અંતર ભગવાન આનંદનો નાથ, એનો જ્યાં અનુભવ થયો છતાં એમાં લીનતા

થવાને માટે તો અનંતો પુરુષાર્થ છે. સમ્યગ્દર્શનની લીનતાની વાત જુદી (છે) પણ એ ઉપરાંત આ સંયમની લીનતા (વિશેષ પુરુષાર્થ માગે છે). એ સંયમ તેને કહીએ કે, સમ નામ સમ્યગ્દર્શન પૂર્વક યમ. સમ-યમ – સમ્યગ્દર્શન(માં) પૂર્ણાનંદના નાથને અનુભવીને પછી યમ નામ એમાં લીનતા થવી એ અનંતો પુરુષાર્થ છે. આ..હા...!

મુમુક્ષુ :– આસ્રવરૂપે ન પરિણમવું તેનું નામ સંયમ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ આસ્રવનો અભાવ એ નાસ્તિથી વાત છે. આ તો આનંદનો નાથ આનંદસ્વરૂપ પ્રભુ, ચૈતન્યસૂર્ય ચૈતન્યચંદ્રનો શીતળ સાગર ભગવાન, એને અનુભવમાં લઈ દૃષ્ટિએ એને આદર્યો, આ..હા..હા...! જ્ઞાનની પર્યાયમાં તેનો સ્વીકાર થઈ પછી તેમાં વિશેષ લીનતા જામવી એનું નામ સંયમ છે. એ સંયમ કોઈ આ ક્રિયા કરી ને આ કર્યું માટે સંયમ એમ નથી. સમજાય છે કાંઈ ?

અહીં તો બીજી જ વાત કરવી છે. ચાહે તો સમ્યક્દૃષ્ટિ હો કે ચાહે તો કેવળી હો, સમ્યગ્દર્શન અને કેવળજ્ઞાનીનું દર્શન બેય સરખું છે. સમ્યગ્દર્શનમાં ફેર નથી. 'ટોડરમલે' તો ત્યાં સુધી કહ્યું છે, ભાઈ ! તિર્યંચનું સમકિત અને સિદ્ધનું સમકિત (બેય સરખા છે). ભાઈ ! આહા..હા...! પૂર્ણાનંદનો નાથ જ્યાં પ્રતીતમાં જ્ઞાન થઈને આવ્યો એટલે એ સમકિત અને કેવળીનું સમકિત બેય સરખું છે. સ્થિરતામાં ફેર છે. (નીચે) ચારિત્રદોષ છે. આહા..હા...! પણ એ તો અલૌકિક વાતું (છે), બાપુ ! સમ્યગ્દર્શન થયું એટલે તો મુક્તિ, મુક્તિ થઈ પર્યાયમાં ! મુક્તસ્વરૂપ ભગવાન છે, આત્મા દ્રવ્ય મુક્તસ્વરૂપ જ છે. એનું જ્યાં ભાન અને પ્રતીત થાય ત્યારે પર્યાયમાં મુક્તિનો અંશ આવે છે. આહા..હા...!

એ પણ પાછળ શ્લોકમાં કહ્યું છે ને ? એક કોર મુક્તિ સ્પર્શે છે, એક કોર ભવ. દિગંબર આચાર્યે તો ગજબ કામ કર્યા છે ! 'સમયસાર'માં છેલ્લા શ્લોકમાં 'અમૃતચંદ્રાચાર્ય' મુનિરાજ એમ કહે છે કે, એક કોર આમ જોઉં તો મુક્તિ સ્પર્શે છે, આમ જોઉં તો જરી રાગ સ્પર્શે છે, ભવ સ્પર્શે છે – દેખાય છે, દેખાય છે. આહા..હા...! અરે...! ધર્મ ચીજ અલૌકિક છે, ભાઈ ! આ તો ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમાત્માએ કહ્યું, જાણ્યું તે કહ્યું છે, આ કોઈ આલીદુઆલીની વાત નથી. આ તો શાસ્ત્રો છે ઇ ભગવાનના કહેલા, સંતોના કહેલા, પરમાત્માએ કહેલા એ આ શાસ્ત્ર છે. સમજાય છે કાંઈ ? શ્વેતાંબરના શાસ્ત્રો એ ભગવાનના કહેલા છે જ નહિ. ઝીણી વાત પડે, પ્રભુ ! એને દુઃખ લાગે. આ..હા...! આ તો સત્યને જાહેર માટે છે, પ્રભુ ! એ પણ ભગવાન છે. આત્મા તો એ ભગવાન છે. એની

દૃષ્ટિએ જોતાં તો એ ભગવાન જ છે. પર્યાયમાં જેટલી વિપરીતતા છે એને જાણે, પણ દ્રવ્ય છે એ તો ભગવાન છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

અહીં તો ભગવાનને પર્યાયમાં જાણ્યો. પર્યાયમાં જાણવામાં આવે ને ? દ્રવ્યમાં તો દ્રવ્ય છે. દ્રવ્યનું જ્ઞાન દ્રવ્યમાં ન થાય, દ્રવ્યનું જ્ઞાન પર્યાયમાં થાય. આહા..હા...! એ પર્યાયે જ્યારે જ્ઞાયક સ્વભાવને સ્વીકાર્યો ત્યારે કહે છે કે, જ્ઞાનની પર્યાયમાં તેને યોગ્ય જે રાગાદિ હોય તેના જ્ઞેયાકારે જ્ઞાનનું થવું તે તેનો સ્વભાવ છે. એ રાગનું કરવું કે શરીરનું કરવું એ એનું સ્વરૂપ નથી. અરે...! આવી વાતું ! સમજાણું કાંઈ ? આ..હા...!

સર્વજ્ઞ પરમેશ્વર તો સંપૂર્ણ સર્વગત છે. અહીં તો શ્રુતજ્ઞાનની અપેક્ષાએ તો પૂર્ણ જાણનાર કહે છે, છે, પણ એ પર્યાયમાં ક્રમસર, સર્વને ક્રમે જાણે. એક સમયમાં જ પૂર્ણ જાણે એવી એ તાકાત નથી. આહા..હા...! એ આવે છે ને ? ભાઈ ! ક્રમે ક્રમે જાણનારા અમે પણ એક શ્રુતકેવળી છીએ. આહા..હા...! 'અમૃતચંદ્રાચાર્ય' (કહે છે), ભગવાન એક સમયે બધું જાણે, અમે ક્રમે ક્રમે જાણીને પણ અમે તો શ્રુતકેવળી છીએ. આહા..હા...!

મુમુક્ષુ :- આમાં છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- છે ને અંદર, પહેલાની વાત છે. આહા..હા...! ૩૪, ૩૫માં.

તત્ત્વ બહુ અલૌકિક, ભાઈ ! લોકોને સાંભળવા મળે નહિ એ ક્યારે બિચારા નિર્ધારમાં લ્યે ? પ્રભુ ! તું પરમાત્મા છો ને ! અને પરમાત્મા છે એવું જેને જ્ઞાન થયું... આહા..હા...! તેના જ્ઞાનમાં, પૂર્ણ જેને જ્ઞાન થયું તેના જ્ઞાનમાં લોકાલોક એકસાથે જ્ઞેયાકારરૂપે જ્ઞાન પરિણમે અને નીચલી દશામાં તે તે જ્ઞાનની પર્યાય તે તે પ્રકારના રાગાદિ જ્ઞેય છે તેના જ્ઞેયાકારે જ્ઞાન પરિણમે એવો એનો સ્વભાવ છે. રાગને કરવું કે પરનું કરવું કે પરને મદદ કરવી કે પરથી મદદ લેવી, પ્રભુ ! એ તારામાં સ્વભાવ જ નથી. આહા..હા...! આવી વાત ! ભાઈ ! આવી વાતું છે આ.

ઓલા થોડા પાના એને મોકલ્યા હતા ને ? ભાઈ ! (એક ભાઈના) ઓલા પાના નથી આવતા ? 'નાઈરોબી' મોકલ્યા હતા આપણે ? નહિ મોકલ્યા હોય. થોડા પાના છે. ચાર (પાના છે). પહેલા ક્યાંક મોકલ્યું હતું, બીજું મોકલ્યું હશે. (શ્રોતા : બીજા પુસ્તકો મોકલ્યા હતા). બીજા મોકલ્યા હશે. આ તો કાલે ભાઈને યાદ આવ્યું. થોડા છે એ લઈ જાય, ત્યાં આપે. (એક ભાઈ) તરફથી છપાણા છે ને ? ચાર પાના નથી આવડા ? તમે લઈ જજો. એ વખતે યાદ આવ્યા હતા કે, ભાઈ આવે તો આપી દેવા. બધાને ઝાઝા આપવા એવો

વિકલ્પ નહિ. ત્યાં નહિ હોય એટલે લઈ જજો. બધા બેનના શબ્દો છે. આહા..હા...! શું કહે છે ? પ્રભુ ! બહુ થોડી વાત પણ ઘણી ઊંચી વાત છે.

પ્રભુ ! આત્મા જ્ઞાયકસ્વરૂપ છે ને ! એ તો જાણનારો સ્વભાવ છે. તેનો તો જ્ઞાતા-દૃષ્ટા જેનો સ્વભાવ છે અને પર્યાયમાં જ્યારે જ્ઞાતા-દૃષ્ટાનું ભાન થાય છે ત્યારે પર્યાયમાં જ્ઞાતા-દૃષ્ટા રહે છે. આ..હા...! એ જ્ઞાતા-દૃષ્ટામાં રાગાદિની જે ક્રિયાદિ બહાર દેખાય છતાં તે જ્ઞેયાકારપણે જ્ઞાન પરિણમે છે, જ્ઞાનથી ચંચળ થઈને રાગમાં આવતો નથી. આહા..હા...! જ્ઞાનની હયાતી જે છે સત્તા, એના સ્વરૂપનું જ્ઞાન થયું છે તે જ્ઞાન પોતાની સત્તાને, જાણવાની સત્તાને છોડી જ્ઞેયની સત્તામાં જાતું નથી પણ જ્ઞેયની સત્તા છે તેના જ્ઞાનની પર્યાયપણે થાય છે એવી એની સત્તા છે. આહા..હા...! ભાઈ ! આ કરવાનું તમે કહેતા હતા ને ? ભાઈ કહેતા હતા. આ કરવાનું છે, બાપા ! આહા..હા...! દુનિયાની પડ મૂક. આ..હા...! (ભાઈ) ત્યાં જઈ આવ્યા. મેં કહ્યું હતું, ભઈ ! ત્યાં જાઓ. આહા..હા...! અરે...! આવામાં તકરાર ને વિરોધ શા ? બાપા ! અરે..રે...!

પ્રભુ ! તું જાણનારો છો ને ! જે કંઈ સ્થિતિ થાય તે જ્ઞેયાકારે જ્ઞાન થવું તે તારો પ્રભુ સ્વભાવ છે ને ! આહા..હા...! એ અહીં સર્વગતમાં નાખ્યું છે. સર્વ – જગતના રાગાદિથી માંડીને બધું. છે તો પૂર્ણની વાત, પણ અહીં તો પહેલેથી તારો ધર્મ આવો છે (કહે છે). આહા..હા...! પર્યાયમાં એવો સર્ગગત ધર્મ છે. આહા..હા...! બધા જેટલા જ્ઞેયો છે એમાં એક અંશ પણ રાગ અને પર મારા છે, એવો જ્ઞાતા-દૃષ્ટામાં કોઈ ગુણ નથી. આહા..હા...! ભગવાન ! એમ ન માનવું કે અમે સ્ત્રી છીએ ને અમે પુરુષ છીએ. એ નહિ, પ્રભુ ! તું સ્ત્રી નથી. તું આ શરીર નથી, આદમી નથી, નપુંસક નથી, તું તિર્યંચ નહિ, દેવ નહિ, મનુષ્ય નહિ, પ્રભુ ! આ..હા..હા...!

અહીં તો સર્વગત (કહે છે). શું કહ્યું છે આટલામાં ! આ..હા..હા...! 'અમૃતચંદ્રાચાર્ય' મૂળ પાઠમાં તો વાત હતી એમાંથી આ કાઢી. 'સમયસાર'માં જીવત્વ શક્તિ કાઢી છે ને ? જીવતર શક્તિ. એ બીજી ગાથામાં કાઢી છે. **'जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण।'** ભગવાન જ્ઞાનસ્વરૂપ પોતાના શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રથી ઠરે છે તે સ્વસમય નામ આત્મા કહેવામાં આવે છે અને જે આત્મા રાગમાં ઠરે છે, રાગમાં રોકાય છે એ પરઆત્મા, અનાત્મા કહેવાય છે. આહા..હા...! અરે...! આવો માર્ગ, પ્રભુ ! આહા..હા...! આવો હાથ આવ્યો. સાંભળવા મળ્યું ને એ ક્યાંક રોકાય જાય.

'આત્મદ્રવ્ય સર્વગતનયે, ખુલ્લી રાખેલી આંખની માફક,...' આંખ ખુલ્લી છે એમાં બધું જણાય. 'સર્વવર્તી (બધામાં વ્યાપનારું) છે.' એમ જ્ઞાન ખુલ્લું (છે), પર્યાયમાં વિકાસ થયો. આહા..હા...! શું શૈલી ! આવી વાત ! દિગંબર સંતોએ સત્યનો ઢંઢેરો પીટીને ડંકો માર્યો છે ! દુનિયાને બેસે ન બેસે એ જાણે. આહા..હા...! પ્રભુ ! તું તો આવો છો ને ! આ..હા...! રાગની ક્રિયા જે છે એમાં રોકાય એ તારું સ્વરૂપ નથી તો શરીર મારા ને આ મારા એ માનવા એ તારી ચીજ જ નથી. તારી ચીજ તો રાગાદિ માંડીને જેટલા જ્ઞેયો છે (એ) બધાને તારામાં રહીને જ્ઞેયાકારપણે જ્ઞાન પરિણમે એ તારું સ્વરૂપ છે. આહા..હા...! અરે...! ધંધા આડે નિર્ણય કરવાની નવરાશ ન મળે. અરે...! જિંદગી જાય છે, કો'કને માટે આખો દિ' હોળી ! આ બાયડી માટે ને છોકરા માટે ને ધંધા માટે ને આ કરો ને આ કરો. અરે..રે...! પ્રભુ ! તું જ્ઞાન અને એ તો જ્ઞેય છે ને ! એ જ્ઞેયનું જ્ઞાન થવાની તારી લાયકાત છે પણ એ જ્ઞેયનું કાંઈ કરું એ તારી લાયકાત નથી. એ જ્ઞેયને મારું માનવું એ તારો ધર્મ નથી, તેમ જ્ઞેયનું કાંઈ કરું એવો તારો ધર્મ નથી. આહા..હા...!

ત્યારે (કેવું સ્વરૂપ છે) ? કે, જ્ઞાન સિવાય, તારી ચીજ સિવાય જેટલા જ્ઞેયો છે, અરે...! ત્રણલોકના નાથ, દેવ-ગુરુ ને શાસ્ત્ર પણ જ્ઞેય છે એ જ્ઞાનમાં જ્ઞેયાકારે પરિણમન થવું તે તારું સ્વરૂપ છે. એ દેવ મારા ને ગુરુ મારા, એ કોઈ સ્વરૂપમાં નથી. આહા..હા...! આવો સ્વભાવ અરે...! સાંભળવો કઠણ પડે. પ્રભુ ! તારું સ્વરૂપ જ એવું છે ને ! આહા..હા..! સર્ગવતમાં તો ગજબ વાત કરી છે ! ઇ ઓલા પાંચ બોલ તે દિ' લખેલા. ભાઈએ લખ્યા હતા. આહા..હા...! એટલું બધું વાંચવા જઈએ તો (લાંબુ થઈ જાય). આમાં સાર આટલો આ છે. આંખ ખુલ્લી હોય તો એ જોવે છે. કે કરે છે કાંઈ ? એમ ભગવાન જ્ઞાનનો પર્યાય ખુલ્લો પ્રગટ થયો છે એમ વાત કરી. ભાઈ ! આહા..હા...!

એક ભગવાન જ્ઞાન ચૈતન્યદળ, ચૈતન્યના પ્રકાશનું નુરનું તેજનું પુર ! આ..હા..હા...! એવું જેને જ્ઞાનમાં જણાણું, શ્રદ્ધામાં – પ્રતીતમાં આવ્યું કે આવડી ચીજ છે. જ્ઞાનમાં ચીજ ન આવી પણ જ્ઞાનની પર્યાયમાં તે કેટલું છે તે આવ્યું. એ જ્ઞાનની પર્યાયમાં... આહા..હા...! જે જે સમયે જે પ્રકારના રાગાદિ પરજ્ઞેય હોય અને સ્વજ્ઞેય છે એ જાણતું, સ્વ-પરને જાણતું સ્વપરપ્રકાશપણે પરિણમવું એ એના સ્વરૂપનું અસ્તિત્વ છે. આ..હા...! પર્યાયના સ્વરૂપનું આ અસ્તિત્વ છે. ભાઈ ! જરી ઝીણી વાત (છે), ભાઈ ! આહા..હા...! ગહન વિષય છે, બાપુ ! પ્રભુ ! તું ગહન છો, ભાઈ ! આ..હા...!

શાસ્ત્રે તો એમ કહ્યું, બધા (આત્મ) દ્રવ્ય પરમાત્મા છે માટે તે તારા સાધર્મી છે. બેનમાં એક આવે છે ને ? અમે તો બધાને ચૈતન્યસ્વભાવી જોઈએ છીએ. એ આ વાત સિદ્ધાંત છે. પોતાની દૃષ્ટિ જ્યાં ચૈતન્ય સ્વભાવને જોવામાં પડી, નીકળી, પરિપૂર્ણ ભગવાન છે એમ જોયું તો બીજાને પણ એમ જોવે છે કે એ પરિપૂર્ણ ભગવાન છે. પર્યાયમાં ભલે (ભૂલ) છે તેનું જ્ઞાન કરે, પણ આદર આ કરે. આહા..હા...! આવી ચીજ (છે). અરે...! ભગવાનના અંતરના અભિપ્રાયોનું જે હૃદય છે એ આ છે. પ્રભુ ! તારું હૃદય જ્ઞાનસ્વરૂપે છે. આહા..હા...!

(અહીંયાં કહે છે), 'ખુલ્લી રાખેલી આંખની માફક,...' ખુલ્લી રાખેલી આંખની માફક. જાણે આંખ આમ બધે વર્તતી હોય. એ આવે છે ને ? પહેલા આવી ગયું છે. ચક્ષુ, પહેલી ગાથામાં આવી ગયું. આ..હા...! ચક્ષુ આમ બધાને દેખે છે. એ ચક્ષુ ત્યાં જાતી નથી. તેમ જેને દેખે છે તે અહીં આવતું નથી પણ તે સંબંધીનું જ્ઞાન આંખ કરે છે. આમ અગ્નિને દેખે છે. પોતાની પર્યાય છે તેને દેખે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? ઝીણું છે, બાપુ ! આ તો આઠ વર્ષના છોકરાઓ પણ કેવળજ્ઞાન પામતા ! પરિપૂર્ણ ભગવાન પડ્યો છે. આહા..હા...!

આ જેમ 'મોરબી'માં મોટું તળાવ ફાટ્યું તે ગારો થઈ ગયું. એમ ભગવાન એટલો પરિપૂર્ણ સ્વભાવથી ભરેલો છે કે જેનો પ્રવાહ એકાગ્ર થતા જે ફાટે, રાગ અને વિકાર ને પરનો તો નાશ કરી નાખે !! આહા..હા...! સમજાણું કાંઈ ? ભાઈ ! આવી વાતું ત્યાં 'નાઈરોબી'માં નથી. (એક ભાઈ) લખે છે, આ ચિઠ્ઠી આપો ને આ આપો. સાડા બારે ત્યાંથી નીકળવું. પણ ત્યાં રાત ક્યારે પડતી હશે ? એવું એણે લખ્યું છે. હવે થાય એ ખરું. શરીર અત્યારે તો સાધારણ છે. આહા..હા...! શરીર સાધારણ છે, હોં ! આહા..હા...!

ભગવાન તું પરમાત્મા છો ને, પ્રભુ ! આ..હા..હા...! એન જ્ઞાનની ખીલેલી, પ્રગટેલી જાણવાની તાકાત. ખેલેલી અહીંયાં કીધું ને ? આંખ ખુલેલી (છે), આમ બંધ છે એમ નહિ. 'ખુલ્લી રાખેલી આંખની માફક,...' પ્રભુ ! તેં બહુ ગજબ કર્યો ! આહા..હા...! શું સંતોએ, દિગંબર સંતોની કોઈ બલિહારી છે ! કેવળીના કેડાયતો ! એક-બે ભવે કેવળ લેવાના. આહા..હા...! એના પોકાર છે. પ્રભુ ! તું પણ કેવળ લેવાની તાકાતવાળો છે ને ! અરે...! કેવળજ્ઞાન તો તારા સ્વરૂપમાં પડ્યું છે. આહા..હા...! એવી ખુલ્લી આંખની માફક બધાને જાણનારું છે. વ્યાપનારું એટલે જાણનારું. એમ ભગવાનઆત્મા સર્વગતનયે બધાને જાણનારું

કહેવામાં આવે છે. આમ બધાને જાણે છે એ અપેક્ષાએ.

હવે 'આત્મદ્રવ્ય અસર્વગતનયે, મીંચેલી આંખની માફક, આત્મવર્તી...' આમ એને જાણતું જે વ્યાપક કહ્યું હતું (એમ અહીંયાં) મીંચેલી આંખની (માફક) અંદરમાં વર્તે છે. મૂળ તો એમ જ છે. આહા..હા...! બેય ધર્મ – એની યોગ્યતા છે. આમ ખુલેલું ખુલ્લી આંખની પેઠે જાણે છે. આહા..હા...! વાણી, શરીર, રાગ તેને ખુલ્લી આંખે પોતે જ્ઞાનના પ્રકાશથી તેને જાણે છે એ અપેક્ષાએ સર્વગત કહ્યું પણ બીજી અપેક્ષાએ... આહા..હા...! એ તો પોતામાં રહેલું છે ક્યાંય બહારમાં નથી ગયું. ખરેખર બહારને જાણતું નથી. આ..હા...! છે ?

'મીંચેલી આંખની માફક, આત્મવર્તી (પોતામાં રહેનારું) છે.' ઓલામાં ગયું છે એમ નહિ પણ એમાં વ્યાપેલું છે એમ વ્યવહારે કહ્યું. આ તો અંદરમાં ભગવાનઆત્મા... આહા..હા...! અરે...! ગરીબ માણસને પણ આ... ગરીબ આત્મા નથી, બાપુ ! તું ગરીબ શેનો ? ધનાવત શેનો ? ગરીબ અને ધનંવત એ તો બધી ઉપાધિના ભાવો છે. આહા..હા...! મનુષ્ય શરીર નહિ, મનુષ્યની યોગ્યતાવાળો મનુષ્ય પણ તું નથી. પર્યાયમાં એની ગતિ, અશુદ્ધતા છે પણ વસ્તુમાં એ નથી. એવો જે ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, એ અસર્વગતનયે પોતામાં જ બધું જાણવાનું વર્તે છે. સ્વનું અને પરનું જાણવાનું અંદરમાં વર્તે છે. સમજાણું કાંઈ ? આરે.. આરે...! આ તો આ કરો ને આ કરો ને વ્રત કરો ને અપવાસ કરો ને અરે...! કરે કોણ ? પ્રભુ ! સાંભળ તો ખરો !

જ્ઞાયક સ્વભાવ જેણે જાણ્યો એ રાગને કરે ત્યાં તો મૃત્યુ થઈ જાય છે. જાણનારનો અનાદર થઈ જાય છે. આહા..હા...! જાણનારનો આદર ત્યારે થાય કે રાગનો પણ કર્તા નહિ, શરીરાદિ પરની ક્રિયા થાય તેનો એ કર્તા નહિ, ત્યારે તેને જ્ઞાન સ્વભાવનો આદર થયો, તે જ્ઞાન અંદરમાં રહે છે. આ પર્યાયની વાત છે, હોં ! આ..હા...! સમજાણું કાંઈ ? આમ કહેવાનું પ્રયોજન શું ? પ્રયોજન ઇ કે, તારું જ્ઞાન તારામાં વર્તે છે. પરને જાણતું છતાં વર્તે છે તારામાં, એ કંઈ પરમાં વ્યાપેલું નથી. એ તો આમ જોવે એટલે એની અપેક્ષાએ એમ કહ્યું કે, આને જાણે છે, પણ ખરેખર તો અંદરને જોવે (છે ને) અંદરમાં વર્તે છે. આહા..હા...! એ 'અસર્વગતનયે, મીંચેલી આંખની માફક,...' (પૂરું થયું).

'આત્મદ્રવ્ય શૂન્યનયે,...' આ..હા..હા...! 'શૂન્ય (ખાલી) ઘરની માફક, એકલું (અમિલિત) ભાસે છે.' પરથી મળેલું જરીયે નથી. પરથી શૂન્ય છે. ભગવાનઆત્મા રાગાદિ, શરીરાદિ જે બધા પર, એનાથી તે શૂન્ય છે, એનાથી તે રહિત છે. આહા..હા...! અહીં તો ક્ષણે

ને પળે હું કરું છું, હું માનું છું, મારું આ છે ને મને આવું જાણવું થયું. અરે...! ભાઈ ! આ મારા છે, હું પૈસાવાળો થયો, બાહુબળે ભેગા કર્યા, કાંઈ નહોતું. (આ ભાઈને) ક્યાં હતું પહેલું ? ત્રીસ રૂપિયાનો પગાર હતો, પછી વળી વધ્યા. આ..હા...! એ પણ બિચારા બહુ પ્રેમથી એ કહેતાં ને પછી, ત્રીસ રૂપિયાના પગારવાળો હતો હવે ભલે આ બધું થયું. પણ એ થયું ને પગાર, એ બધી આત્માની ક્યાં ચીજ છે ? એ તો સંયોગની વાત છે. આ..હા...!

કહે છે કે, તારું જ્ઞાનસ્વરૂપ પ્રભુ, પરને જાણતા પરમાં જતું નથી, એ અંદર રહે છે. આત્મવર્તી કીધું ને ? એ શૂન્ય છે, પરથી તો ખાલી છે. 'એકલું (અમિલિત) ભાસે છે.' પરથી નહિ મળેલું એવું તારું સ્વરૂપ છે, એમ ભાસે છે. રાગથી નહિ મળેલું, શરીરથી નહિ મળેલું, શરીર ને રાગમાં એકપણે નહિ થયેલું. આહા..હા...! રાગ દયા, દાન, વ્રતાદિના પરિણામ છે, એનાથી તે ભગવાન શૂન્ય છે, આ..હા...! ખાલી છે. છે ? 'આત્મદ્રવ્ય શૂન્યનયે, (ખાલી) ઘરની માફક, એકલું (અમિલિત) ભાસે છે.' એકલો ભાસે છે. પર ભેગું છે એવું નહિ, એકલો આત્મા. પરથી ખાલી. ભલે પર સંબંધીનું જ્ઞાન છે એ પોતાનું જ્ઞાન છે, એ કંઈ પરને લઈને જ્ઞાન નથી. આહા..હા...! એથી પરથી શૂન્ય ભાસે છે. એવો પણ એક એનો ધર્મ છે. ધર્મ નામ ધારી રાખેલો ભાવ છે. ધર્મ એટલે આ સમ્યગ્દર્શન, જ્ઞાન એ નહિ. આહા..હા...! 'એકલું (અમિલિત) ભાસે છે.' હવે સામે (બીજી નય લ્યે છે).

પહેલું એમ કહ્યું હતું ને ? શિષ્યનો પ્રશ્ન એ હતો ને કે, પ્રભુ ! આત્મા કોણ છે ? એટલે કેવડો છે ? અને કઈ રીતે પમાય ? આ પ્રશ્ન હતો. પહેલો આ પ્રશ્ન હતો. આ દેહમાં પ્રભુ આત્મા છે તે કેવડો છે ? કોણ છે ? કેટલી તાકાતવાળો છે ? એ આત્માને પ્રભુ ! અમે જાણવા માગીએ છીએ. આહા..હા...! આ શરીર કોણ છે ? ને પરદ્રવ્ય કોણ છે ? એવો પ્રશ્ન પૂછ્યો નથી. પાધરું આ જ ઉપાડ્યું. આત્મા કેવડો છે ? પ્રભુ ! અને કઈ રીતે તેની પ્રાપ્તિ થાય ? આવો પ્રશ્ન છે. આહા..હા...! આવી જેને પ્રશ્નની અંતરથી જિજ્ઞાસા ઊઠી છે એને આ ઉત્તર દેવામાં આવે છે. સાંભળવા તરીકે સાંભળવા (આવ્યો છે) અને વેઠ તરીકે આવ્યા હોય ને આપણે સાંભળવું જોઈએ (એમ માનીને આવ્યા હોય એને ઉત્તર દેતા નથી). આહા..હા...!

પ્રભુ ! હું કોણ છું ? કેવડો છું ? ત્યારે કહે છે કે, પ્રભુ ! તું અનંત ધર્મનો ધરનાર એવડો છો. જ્ઞાન, દર્શન આદિ આ બધા ધર્મોનો અધિષ્ઠાતા – એનો સ્વામી છો. એવડો

છો તું. આ તો ૪૭ નય છે પણ અનંત નયો જે છે એવા અનંત ધર્મોનો અધિષ્ઠાન સ્વામી છે. અધિષ્ઠાન (અર્થાત્) તું એનો સ્વામી છો. ઈશ્વર અધિષ્ઠાન છે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? એ કહ્યું હતું ને 'શ્રીમદ્'નું ? 'શ્રીમદ્'માં એક લેખ છે ને ? કે, મહાન આત્માઓએ અધિષ્ઠાન કહ્યું છે તે બરાબર છે પણ એ અધિષ્ઠાન હરિ ભગવાન છે. તે અધિષ્ઠાનને અમે અંદરમાં જોઈએ છીએ. આ..હા..હા...! આમ કીધું એટલે હરિ ભગવાન કો'ક બીજા હશે ? રાગ અને અજ્ઞાનને હરે તે હરિ એવો જે ભગવાનઆત્મા. 'પંચાધ્યાયી'માં લીધું છે. અજ્ઞાન અને રાગને હરે તે હરિ આત્મા. આહા..હા...! 'હરતાં ફરતાં પ્રગટ હરિ દેખું'આ હરિ, હોં ! 'મારું જીવવું રે તવ સફળ લેખું રે, મુક્તાનંદનો નાથ વિહારી, એ ઓધા જીવનદોરી અમારી.' અમારું જ્ઞાન અને દર્શનપણે થવું, રહેવું એ અમારી જીવનદોરી છે. આહા..હા...! અહીં તો આખો દિ' આ કર્યા ને આ કર્યા ને આ કર્યા. આ..હા...! અરે..રે...! પ્રભુ ! શું કર્યું તેં ? ક્યાં ગયો તું ? રખડવામાં.

અહીં તો કહે છે, શૂન્યનયે પરથી તો બિલકુલ શૂન્ય છે. આહા..હા...! એ જ 'અશૂન્યનયે,...' પાછો એના એ જીવમાં. 'લોકોથી ભરેલા વહાણની માફક,...' જેમ વહાણમાં લોક ભર્યા હોય એમ લોકાલોકનું જ્ઞાન ભર્યું છે. જેમ વહાણ ભર્યા હોય, માણસ ભર્યા હોય, એમ આ જ્ઞાનસ્વરૂપમાં લોકાલોક ભર્યું છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? સ્ત્રી, પુત્ર, દીકરા, લક્ષ્મી, મકાન એનું અહીં જ્ઞાન થયું છે તે જ્ઞાનથી ભરેલો છે. એનાથી (–એ ચીજોથી) ખાલી છે. આવો આત્મા, આવડો આત્મા છે એમ કહે છે. એનાથી ઓછું, અધિક ને વિપરીત માનીશ તો મિથ્યાદષ્ટિ છે. આહા..હા...! પેલા છોકરાઓ ગયા ? આહા..હા...!

શું કહ્યું આમાં ? કે, 'અશૂન્યનયે, લોકોથી ભરેલા વહાણની માફક,...' આહા.હા...! વહાણમાં ખીચોખીચ માણસ ભર્યા હોય એમ ભગવાન જ્ઞાનમાં લોકાલોક ભર્યું છે. આહા..હા...! ઝીણી વાત બહુ પડે, ભાઈ ! આહા..હા...! એક તો અરૂપી, શરીરપ્રમાણ, અનંત ધર્મનો ધરનાર, જેનામાં લોકાલોક ભરેલા છે, જ્ઞાન તરીકે, હોં ! (એવા) જ્ઞાનથી ભરેલો છે, લોકાલોકના જ્ઞાનથી ભરેલો છે, લોકાલોકથી નહિ. લોકાલોકથી શૂન્ય છે. આહા..હા...! જ્ઞાન એ લોકાલોકને અડતું પણ નથી છતાં તેના જ્ઞાન સ્વભાવમાં લોકાલોક જે પ્રકારે છે તે પ્રકારે જ્ઞાન ભરેલું પોતાનું સ્વરૂપ છે. એમાં એ વર્તે છે. આહા..હા...!

અરે..રે...! અનંતકાળથી ચોરાશીના અવતારમાં રખડે છે, ભાઈ ! નરક ને નિગોદમાં

(જાય છે). અત્યારે મોટો રાજા હોય... આહા..હા...! મરીને નરકે જાય. માંસ, દારૂ ખાતા હોય તો (નરકે જાય), ન ખાતા હોય તો પશુમાં જાય. આ..હા...! તિર્યંચ, ઘણા તો તિર્યંચ – પશુમાં (જાય). કેમકે ધર્મ નથી, ધર્મ નથી પણ પુણ્ય પણ નથી કે ચાર-ચાર કલાક, વાંચન, સત્‌સમાગમ – સાચો સમાગમ (પણ નથી). વાંચન(માં) ખોટા શાસ્ત્ર વાંચે ને ખોટા સમાગમ કરે એ તો પાપ એકલા પાપ બાંધે. આ..હા...! ત્રણ-ત્રણ, ચાર-ચાર કલાક હમેશાં સત્‌સમાગમ જોઈએ, આ વાંચન જોઈએ, ભગવાનના શાસ્ત્રો, હોં !

એને જાણીને પણ જાવાનું છે અંતર દ્રવ્ય સ્વભાવમાં. ચૈતન્યમૂર્તિ પૂર્ણાનંદનો નાથ ત્યાં જવાનું છે. આહા..હા...! આ એક એક ધર્મને જાણીને, એની પર્યાયમાં આવો ધર્મ છે, છતાં તે તે જાણીને ત્યાં રોકાવાનું નથી. આહા..હા...! તેનાથી ખસી અને જ્ઞાયક સ્વરૂપી પ્રભુ પડ્યો છે, તેના ચૈતન્યના પ્રકાશને નિહાળવો છે. આ..હા...! એને જોવા જવું છે, આ જોવા રોકાવું નથી. આવી વાતું હવે. આમાં કરવું શું ? આ કરવું નથી ? પોતે જ્ઞાયકસ્વરૂપ પૂર્ણાનંદનો નાથ તેમાં સન્મુખ થઈને તેનો અનુભવ કરવો, પ્રતીત કરવી એ કરવું નથી ?

મુમુક્ષુ :– નયજ્ઞાન એ જ્ઞાન નથી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ કહે, એક એક નય શું ? વાતું તમે કરી પણ અમારે કરવું શું ?

ભાઈ ! આટલા ધર્મો છે તેમ જાણી, લક્ષમાં લઈ અને અંતર દ્રવ્ય સ્વભાવ તરફ જાવું, સન્મુખ ત્યાં થાવું છે, પર્યાયની સન્મુખ રહેવું નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? સન્મુખ – સત્ સાહેબો પ્રભુ ! એની સન્મુખ સત્ કેવડું છે એને જોવા જવું છે. એને જાણતાં તેને સમ્યગ્દર્શન અને જ્ઞાન થાય છે. આહા..હા...! આવી અણસાંભળેલી વાતું એક કલાકમાં તો કંઈ નવી નવી (વાત આવે), પણ બાપુ ! માર્ગ આ છે, ભાઈ ! આ..હા...! તારા બંધનનો છેદનો અને મોક્ષનો ઉપાય તો આ છે. આ..હા...! એ ૨૩ (નય) થઈ. (હવે) ૨૪.

'આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેય-અદ્વૈતનયે (જ્ઞાન અને જ્ઞેયના અદ્વૈતરૂપ નયે), મોટા ઇંધનસમૂહરૂપે પરિણત અગ્નિની માફક, એક છે.' આહા..હા...! 'આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેય...' બેયને જાણવાનો જે સ્વભાવ અદ્વૈત (છે). અદ્વૈત... મોટા ઇંધનસમૂહ – મોટા લાકડાના ઢગલા જેમ અગ્નિથી પરિણમે ત્યારે અગ્નિથી એક છે. મોટા લાખ લાકડા હોય અને અગ્નિ સળગે તો અગ્નિ તો એક જ છે. એમ ભગવાનઆત્મા જ્ઞાન અને જ્ઞેય અદ્વૈતનયે 'મોટા ઇંધનસમૂહરૂપે પરિણત અગ્નિની માફક, એક છે.' આત્મા જ્ઞેય અને જ્ઞાનને જાણે છતાં તે બે નથી, એક છે.

આહા..હા...! જ્ઞેયો અને જ્ઞાનસ્વરૂપ ભગવાન બેને જાણતાં તે બે નથી, અદ્વૈત એક છે. બેને જાણે માટે બે છે, એમ નથી. આ..હા...! આવું છે.

'આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેય-અદ્વૈતનયે...' અદ્વૈત એટલે આ બધું થઈને અદ્વૈત, એ આ નહિ, હોં ! વેદાંત અદ્વૈત કહે છે એ આ નહિ. આ તો જ્ઞાન અને જ્ઞેયનું એકરૂપ તે એક જ્ઞાન છે એમ. ઓલા કહે કે, તમારામાં અદ્વૈત આવ્યું કે નહિ ? પણ અદ્વૈતનો અર્થ શું ? આહા..હા...! અદ્વૈતનો અર્થ કે જે જ્ઞાન છે તે જ્ઞેયો જેટલા છે તે રૂપે થયું છે તે એકરૂપે રહ્યું છે. જ્ઞેયને જાણતાં બેરૂપે થયું છે, એમ નથી. આહા..હા...! શું કહ્યું ઇ ? પછી સામે પાછું દ્વૈત આવશે, હોં !

પરસ્પર નયોનો સમૂહ આખો, એનો વિષય આખો આત્મા છે. એક એક ધર્મને જાણતાં પણ અંદર જાવું છે અને બધા નયોને જાણનારું છે પ્રમાણ — શ્રુતપ્રમાણ, એ શ્રુતપ્રમાણ પણ અંદર દ્રવ્યને જોવા જાવું છે. આહા..હા...! અરે...! સંપ્રદાયમાં તો પર્યુષણ હોય તો માંડે, અપવાસ કરવા, આ કરો, છઠ કરો, ચોવિયાર કરો, નકોડા કરો. અરે..રે...! અધર્મની મિથ્યાત્વની (વાતો) માંડી બધી, આ કરો ને આ કરો ને આ કરો. અહીં તો કહે છે, જે તું કરવાનું કહે છે એ ચીજને અને પોતાને બેનું થઈને જે જ્ઞાન થાય છે તે એકરૂપે છે, અદ્વૈત છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આવો પણ તારો એક યોગ્યતાનો ધર્મ છે. ધર્મ એટલે દ્રવ્યે ધારી રાખેલો ભાવ છે. આહા..હા...!

જ્ઞાન અને જ્ઞેયના અદ્વૈતનયે એ એક જ અદ્વૈત છે. 'મોટા ઇંધનસમૂહરૂપે પરિણત અગ્નિ...' મોટા ઢગલા લાખ મણના લાકડાના હોય પણ અગ્નિ તો એકરૂપ છે. લાખ મણના (લાકડામાં) અગ્નિ પરિણમી તો અગ્નિ અનેક થઈ ગઈ છે ? અગ્નિ અગ્નિરૂપે રહી છે, એકરૂપે છે. એમ લોકાલોકને જ્ઞેયને જાણતા છતાં જ્ઞાન તો એકરૂપે પોતાની પર્યાયમાં રહેલું છે. આ..હા...! આવી વાતું હવે. મોટા ઇંધન, મોટા ઇંધન, હોં ! સાધારણ નહિ. લાખો મણ, કરોડો મણ લાકડા હોય પણ અગ્નિ પરિણમે છે ત્યારે એકરૂપ અગ્નિ તો અગ્નિ.. અગ્નિ... અગ્નિ છે. લાકડાના આકારે થઈ છે તે અગ્નિ થઈ છે. ત્યાં કંઈ લાકડાનો આકાર નથી. અગ્નિ એકરૂપ .... છે. એમ જ્ઞેય લોકાલોકને અને જ્ઞાન પોતાને જાણતાં એકરૂપ રહે છે. આહા..હા...! એવો પણ એનો એક ધર્મ છે પણ એ ધર્મનું લક્ષ કરીને વસ્તુનો સ્વભાવ ચૈતન્ય જ્ઞાયક છે તેમાં જવું અને ઢળવાનું છે. વિશેષ કહેશે...

શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !

**ज्ञानज्ञेयद्वैतनयेन परप्रतिबिम्बसम्पृक्तदर्पणवदनेकम् २५। नियतिनयेन नियमितौष्ण्यवह्निवन्नियतस्वभावभासि २६। अनियतिनयेन नियत्यनियमितौष्ण्यपानीयवद-नियतस्वभावभासि २७।**

---

આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેયદ્વૈતનયે, પરનાં પ્રતિબિંબોથી સંપૃક્ત દર્પણની માફક, અનેક છે (અર્થાત્ આત્મા જ્ઞાન અને જ્ઞેયના દ્વૈતરૂપ નયે અનેક છે, જેમ પર–પ્રતિબિંબોના સંગવાળો અરીસો અનેકરૂપ છે તેમ). ૨૫.

આત્મદ્રવ્ય નિયતિનયે નિયત સ્વભાવે ભાસે છે, જેને ઉષ્ણતા નિયમિત (નિયત) હોય છે એવા અગ્નિની માફક. [ આત્મા નિયતિનયે નિયતસ્વભાવવાળો ભાસે છે, જેમ અગ્નિને ઉષ્ણતાનો નિયમ હોવાથી અગ્નિ નિયતસ્વભાવવાળો ભાસે છે તેમ. ] ૨૬.

આત્મદ્રવ્ય અનિયતિનયે અનિયત સ્વભાવે ભાસે છે, જેને ઉષ્ણતા નિયતિથી (–નિયમ વડે) નિયમિત નથી એવા પાણીની માફક. [ આત્મા અનિયતિનયે અનિયતસ્વભાવવાળો ભાસે છે, જેમ પાણીને (અગ્નિના નિમિત્તે થતી) ઉષ્ણતા અનિયત હોવાથી પાણી અનિયતસ્વભાવવાળું ભાસે છે તેમ. ] ૨૭.

## ભાદરવા વદ ૧, શુક્રવાર
## તા. ૦૯-૦૯-૧૯૭૯
## નય ૨૫ થી ૨૭, પ્રવચન નં. ૨૬૪

'પ્રવચનસાર' ૨૫મો બોલ છે, ૨૪ નય થઈ ગઈ છે. પહેલો પ્રશ્નકારનો એવો પ્રશ્ન છે કે, પ્રભુ ! આ આત્મા કેવડો છે ? કોણ છે એનો અર્થ કેવડો છે. અને કઈ રીતે પદ્ધતિએ તે પામી શકાય ? આવો જેને પ્રશ્ન અંતરથી ઉઠ્યો છે તેને આ ઉત્તર દેવામાં આવે છે. બીજો કોઈ પ્રશ્ન (નથી કર્યો). ધર્મ શબ્દે અહીંયાં સમ્યગ્દર્શન એમ નહિ. ધર્મ શબ્દે એની યોગ્યતા. વિકારી પર્યાયની યોગ્યતા, અવિકારી પર્યાયની યોગ્યતા વગેરે વગેરે. સામાન્યની યોગ્યતા, વિશેષની યોગ્યતા. એવા જે અનંત ધર્મો (છે) એમાં વિકારી પર્યાય પણ એનો એક ધર્મ છે. આહા..હા...! જ્ઞાનપ્રધાન કથન છે ને ? વિકારી પર્યાય પણ એનો એક ધર્મ નામ ધારી રાખેલો ભાવ છે. એ કર્મને લઈને નહિ. એ આત્માએ વિકારી પર્યાય અને અવિકારી પર્યાય, સામાન્ય સ્વભાવ અને વિશેષ સ્વભાવ, એ ધારી રાખેલું તત્ત્વ છે.

એ વિશ્વ અને વિશ્વને કહેનારો શબ્દબ્રહ્મ. વિશ્વ સારું લોકાલોક અને શબ્દબ્રહ્મ (અર્થાત્) જે શબ્દથી સારું તત્ત્વ (આવી જાય), જેમ જગત કહેતાં આખી દુનિયા આવી જાય છે. એમ સત્ કહેતાં આખા લોકાલોક આવે છે. એ સત્ શબ્દબ્રહ્મ અને વિશ્વબ્રહ્મ – લોકાલોક. એ બેનું જેને જ્ઞાનમાં એક સમયમાં જ્ઞેયાકારરૂપે પરિણમન થાય એ એવડો છે. આહા..હા...! આવી વાતું છે ? સમજાણું કાંઈ આમાં ? આહા..હા...! કેવડો છે ? કે, એવડો છે. સામાન્ય દ્રવ્ય હોવા છતાં... સામાન્ય એટલે સામાન્ય ધ્રુવ એમ નહિ. પહેલો 'સામાન્ય' શબ્દ છે. સામાન્ય એટલે ધ્રુવ નહિ. એ સામાન્ય એટલે પરથી ભિન્ન અને પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયથી વ્યાપ્ત છે તેને અહીં સામાન્ય કહે છે. આહા..હા...! એવો એ ભગવાનઆત્મા છે એના નયના વિચારો કહે છે.

આપણે અહીં ૨૪ તો આવી ગઈ છે. 'આત્મદ્રવ્ય...' ભગવાન આત્મદ્રવ્ય 'જ્ઞાનજ્ઞેયદ્વૈતનયે,...' જ્ઞાનસ્વરૂપે છે અને જ્ઞેયનું પણ એમાં જ્ઞાન (થાય છે એવું) દ્વૈત થઈ ગયું. આત્માનું જ્ઞાન અને જ્ઞેયનું જ્ઞાન, એ અપેક્ષાએ તેને (દ્વૈત કહેવામાં આવે છે). સમજાણું કાંઈ ? જ્ઞાનજ્ઞેયદ્વૈત થયું. પહેલું અદ્વૈત કીધું એટલે એક. લાખો મણના ઇંધન લાકડા હોય પણ અગ્નિ સર્વને બાળીને અગ્નિરૂપે એક છે. એમ ભગવાનઆત્મા લોકાલોકને એકસાથે જાણનારું હોવાથી એ જ્ઞાનપણે એક છે. આહા..હા...! એવા એકપણાનું જ્ઞાન કરીને પણ (અંદરમાં જાવાનું છે). એ તો એક ધર્મ છે. એક એટલે ઓલો સામાન્ય એક ત્રિકાળી છે એ નહિ. આહા..હા...! એક પણ એક ધર્મ છે. એક છે એવું લક્ષમાં, જ્ઞાનમાં લઈ અને ચૈતન્ય ભગવાન અંદર પૂર્ણ છે ત્યાં નજર કર. આહા..હા...!

ચૈતન્ય પરમાત્મા, ચૈતન્યપ્રકાશનો પૂંજ પ્રભુ, એવો ભગવાનઆત્મા ત્યાં નજર કર. તને આનંદનો લાભ મળશે, તને શાંતિ મળશે. આહા..હા...! સમજાય છે કાંઈ ? ઉપાય તો પછી કહેશે પણ છતાં આમાં વસ્તુ કહેવામાં પણ એનું ફળ આવી જાય છે. આહા..હા...!

'દ્વૈતનયે,...' પહેલા અદ્વૈત કીધું (હતું). લાખો મણના લાકડાને અગ્નિ બાળે તો અગ્નિ એકરૂપે છે. એમ ભગવાનઆત્મા જ્ઞાન અને જ્ઞેયને એક સમયે જાણતું (એક છે). સ્વને અને પરને (જાણતું) એવું જ્ઞેયાકારરૂપ જ્ઞાન તે બધાને જાણવારૂપ એક છે, એ અદ્વૈત છે. એ અદ્વૈત એટલે સર્વવ્યાપક છે એમ અદ્વૈત નહિ. વેદાંત જે અદ્વૈત કહે છે એ અદ્વૈત નહિ. આ અદ્વૈત તો, આવ્યું છે ને ? 'મોટા ઇંધનસમૂહરૂપે પરિણત અગ્નિની માફક,...' બધા લાખો મણના લાકડાપણે અગ્નિ પરિણમે તો અગ્નિ એકરૂપ છે. એ અપેક્ષાએ અદ્વૈત અને એક છે. પણ તેનું એકનું પણ લક્ષ કરીને અંતરમાં સ્વભાવ જે પૂર્ણ છે તેના ઉપર નજર કર. આવી વાત છે, ભાઈ ! પર્યાયમાં એવી એક યોગ્યતા છે. છતાં તે પર્યાયની પાછળ પાતાળમાં પાતાળમાં પ્રભુ બિરાજે છે. આહા..હા...! આ પાતાળનો તો અંત છે. ભલે મોટો મહાસાગર કહે, ફલાણું કહે તોપણ નરકના પાસડા સુધી ત્યાં પાણી છે. એનો ત્યાં અંત છે. ભગવાનઆત્મા આ એક દ્વૈત કે અદ્વૈતનયનું લક્ષ કરીને, એ પર્યાયમાં લક્ષ કરીને... આહા..હા...! પાતાળ ભગવાન પર્યાયની પાછળ ધ્રુવ પાતાળ પડ્યું છે (ત્યાં નજર કરવાની છે). ઝીણી વાત છે, ભાઈ ! વીતરાગમાર્ગ કોઈ અલૌકિક છે. આહા..હા...! એને જો.

'(જેમ પર-પ્રતિબિંબોના સંગવાળો અરીસો અનેકરૂપ છે તેમ).' અગ્નિનો દાખલો આપ્યો (હતો એમાં) લાખો મણ લાકડાને બાળતી અગ્નિ એકરૂપ છે. એ અદ્વૈત છે. એનું લક્ષ

કરીને પણ ચૈતન્યપ્રકાશનું પૂર છે ત્યાં નજર કર. અને અનેક છે, અરીસામાં જેમ પ્રતિબિંબોની અનેકતા દેખાય છે, છે તો એ એનું, એમ આત્મા અનેક છે. 'પરના પ્રતિબિંબોથી સંપૃક્ત...' (અર્થાત્) સંબંધવાળો. 'દર્પણની માફક, અનેક છે (અર્થાત્ આત્મા જ્ઞાન અને જ્ઞેયના દ્વૈતરૂપ નયે અનેક છે.)' આવી વાતું છે. '(જેમ પર-પ્રતિબિંબોના સંગવાળો અરીસો અનેકરૂપ છે તેમ).' એમ જ્ઞાનસ્વરૂપ ભગવાન. ચાહે તો પરમેશ્વર હો, વિશ્વમાં તો પરમેશ્વર આવ્યા ને ? અનંત સિદ્ધો આવ્યા, અનંત કેવળી આવ્યા, તીર્થંકરો (આવ્યા), એ બધા જ્ઞેયો છે. એ જ્ઞાન-જ્ઞેયના સંગથી પ્રતિબિંબ પડ્યા એ અપેક્ષાએ તેને અનેક કહેવામાં આવે છે. પણ એ અનેકનો પણ એક ધર્મ છે. એ અનેક પણ એક ધર્મ છે. એક ધારી રાખેલો ભાવ છે. એનું લક્ષ કરીને પણ... આ..હા...! ચૈતન્ય ભગવાન જ્ઞાનના પ્રકાશનું પૂર છે ત્યાં જો. આહા..હા...! સમજાય છે કાંઈ ?

જ્યાં પૂર્ણાનંદ સ્વરૂપ પરમાત્મા આવા તો અનેક ધર્મોને ધરનાર હોવા છતાં તેનું લક્ષ છોડીને ત્યાં અંદર જા. એનું અસ્તિત્વ છે એનું લક્ષ કરવું. એ તો ('સમયસાર'ની) ચૌદમી ગાથામાં ટીકામાં આવે છે કે, પર્યાયને અભૂતાર્થ કીધી છે પણ પર્યાય છે એનું લક્ષ કરીને પછી દ્રવ્યનું લક્ષ કર. નથી એમ ઊડાડીને જઈશ તો પર્યાય પોતે એનો આશ્રય કરે છે. ચૌદમી ગાથામાં છે. પર્યાય નથી, નથી, નથી એમ અગિયારમીમાં કહ્યું છે એ તો ગૌણ કરીને નથી કહ્યું છે. પણ છે પર્યાય, એમ લક્ષ કરીને પછી દ્રવ્યમાં અબદ્ધસ્પૃષ્ટમાં જા. આહા..હા...! એમ અહીંયાં કહે છે. એ જ બધી શૈલી અહીં પણ આવી છે.

દ્વૈત – જેમ દર્પણમાં પરના સંગથી એનું (પ્રતિબિંબ) દેખાય, અરીસામાં દ્વૈત દેખાય, અરીસો અને એ સામું પ્રતિબિંબ પડે ઇ. એમ ભગવાન જ્ઞાન-અરીસો એમાં સ્વનું જ્ઞાન અને પરનું જ્ઞાન (થાય) એવું દ્વૈતપણું (છે). એ અપેક્ષાએ, હોં ! આવું છે. એવું હોવા છતાં... એ તો એક ધર્મ થયો પણ એક ધર્મને નય જોવે છે તો પછી તેનું આખું સ્વરૂપ જોવા માટે અંદર જા તો તને સમ્યગ્દર્શન અને સમ્યક્‌જ્ઞાન થશે. આમ છે. અરે..રે...! આવી વાતું હવે સાંભળવી કઠણ પડે એને. માર્ગ એવો છે, પ્રભુ ! આહા..હા...! તું એવડો છો. કેવડો છો ? એવડો છો. એવા અનંત ધર્મમાં વ્યાપક હોવા છતાં, નયથી જો કે પ્રમાણથી જો પણ અંદરમાં જો. આહા..હા...! અંતર આત્મા (એવડો છે). આ..હા...! એ ૨૫ (નય પૂરી) થઈ. (હવે) ૨૬.

'આત્મદ્રવ્ય નિયતિનયે નિયત સ્વભાવે ભાસે છે, જેને ઉષ્ણતા નિયમિત (નિયત) હોય

છે એવા અગ્નિની માફક.' નિયતિનયે એટલે નિશ્ચય થાય તે થાય એમ અહીં (નથી કહેવું). નિયતિનયે એટલે એનો સ્વભાવ જે છે, જેમ અગ્નિનો સ્વભાવ ઉષ્ણ છે એ નિયત છે, એમ ભગવાનનો સ્વભાવ જ્ઞાન, દર્શન, આનંદ છે તે નિયત જ છે. સમજાય છે કાંઈ ? નહિતર નિયત અને અનિયતના અર્થ કેટલાક ઊંધા કરે છે.

'પંચાસ્તિકાયસંગ્રહ'ની ૧૫૫મી ગાથા છે. ચર્ચા થઈ ગયેલી. ૧૫૫ ગાથામાં 'નિયત', 'અનિયત' શબ્દ વાપર્યો છે. એનો અર્થ એ લોકો એમ કરે છે કે, નિયત એટલે નિશ્ચયથી ક્રમબદ્ધ અને અનિયત એટલે અક્રમબદ્ધ. 'પંચાસ્તિકાય' ! એમ ત્યાં છે જ નહિ. ત્યાં નિયત એટલે સ્વભાવ ભાવ અને અનિયત એટલે વિકાર વિભાવ ભાવ. ૧૫૫ (ગાથા) છે. સમજાણું કાંઈ ? છે અહીં 'પંચાસ્તિકાય' ? ૧૫૫. **'जीवो सहावणियदो अणियदगुणपज्जओ'** નિયત અને અનિયત. નિયત એટલે સ્વભાવ ભાવ, અનિયત એટલે વિભાવ ભાવ. એનો અર્થ પાછા આવો કરે, નિયત-અનિયત. નિશ્ચયથી ક્રમબદ્ધ છે અને અક્રમ – અનિયત પણ છે. અક્રમ પણ છે. એમ (અર્થ) નથી, ભાઈ ! તને (ખબર નથી). અહીં તો નિયત, અનિયતના અર્થમાં જ એ કહ્યું છે. 'પરદ્રવ્યમેં ઉપયોગ હોનેપર પરદ્રવ્ય કે ગુણ-પર્યાયમાં રત હે, અપને ગુણ-પર્યાય સે નિશ્ચલ નહીં, યહ પરચારિત્ર કા આચરણવાલા અનિયત હૈ.'

આત્મામાં સ્વભાવરૂપે છે તે નિયત છે અને વિકારરૂપે થવું તે અનિયત છે. વાત એવી થાય છે. ઓ..હો..હો...! આ નિયત, અનિયત એટલે નિશ્ચયથી ક્રમબદ્ધ છે અને અનિયતથી અક્રમબદ્ધ છે એમ નથી. કેટલાક પંડિતો આના એવા અર્થ કરે છે. એ અહીં કહ્યું છે. કારણ કે બધાની ટીકા કરનાર એ છે ને ? આની 'પંચાસ્તિકાય'ની ટીકા 'અમૃતચંદ્રાચાર્ય'ની છે, 'પ્રવચનસાર'ની એની, 'સમયસાર'ની એની (છે). નિયત, અનિયતનો અર્થ જ ત્યાં એ છે. પોતાનો જેવો નિશ્ચય સ્વભાવ છે, જેમ અગ્નિનો ઉષ્ણ સ્વભાવ (છે), એમ ભગવાનનો જ્ઞાન અને આનંદ સ્વભાવ તે નિયત છે. એવો પણ એક અંદર ધર્મ છે. એક ધર્મ, હોં ! આહા..હા...! છે ?

'આત્મદ્રવ્ય નિયતિનયે નિયત સ્વભાવે ભાસે છે,...' જે એનો નિશ્ચય જ્ઞાન, આનંદ, શાંતિ સ્વભાવ છે તે રૂપે ભાસે છે. આહા..હા...! 'જેને ઉષ્ણતા નિયમિત (નિયત) હોય છે એવા અગ્નિની માફક.' એ નિયત સ્વભાવ કીધો. અગ્નિનો ઉષ્ણ નિયત સ્વભાવ છે. એમ ભગવાનઆત્માનો જ્ઞાન, આનંદ, શાંતિ સ્વભાવ છે. એ નિયતનયે અગ્નિ જેમ ઉષ્ણમય છે એમ ભગવાન જ્ઞાન ને આનંદમય છે. આહા..હા...! પણ એ પણ નિયતનયનું લક્ષ કરીને

પણ... આહા..હા...! જ્યાં ચૈતન્યનું... છેલ્લું છે ને ? પાછળ છેલ્લું છે. જુઓ ! 'આ રીતે સ્યાત્કારશ્રીના (સ્યાત્કારરૂપી લક્ષ્મીના) વસવાટને વશ...' પાછળ ૫૦૨ પાને છે. છે ? 'આ રીતે સ્યાત્કારશ્રીના (સ્યાત્કારરૂપી લક્ષ્મીના) વસવાટને વશ વર્તતા નયસમૂહો વડે (જીવો) જુએ તોપણ અને પ્રમાણ વડે જુએ તોપણ સ્પષ્ટ અનંત ધર્મોવાળા નિજ આત્મદ્રવ્યને અંદરમાં શુદ્ધચૈતન્યમાત્ર (જોવે) દેખે છે જ.' આ..હા..હા...! શું ટીકા ! અને તે પણ છેલ્લે તો એમ કહ્યું છે, અમે આ કહીએ છીએ... કાલે વાત કરી હતી, આ અમે કહીએ છીએ તે આજ જ કર. પાછળ બે શબ્દ છે. પાછળ બે (શબ્દ) છે. એક તો આમાં જ છે. આ..હા...!

૫૦૪ પાને કળશ છે ને ? 'પ્રાપ્ત કરીને આજે (જનો) અવ્યાકુળપણે નાચો...' આહા..હા...! એ એક. અને એક આ બાજુ (છે). 'આત્મા આજે અત્યંત અનુભવો, કારણ કે આ લોકમાં બીજું કાંઈ જ નથી,...'એને આજે જ અનુભવો. આ બાજુ છે. વાયદા ન કર, પ્રભુ ! આહા..હા...! જુઓને ! ભાઈ ! આ..હા...! ભગવાનઆત્મા અમે તને કહીએ છીએ, અનંત નયથી વ્યાપ્ત એવડો એ છે છતાં તેનું સામાન્ય જે ધ્રુવ સ્વરૂપ છે ત્યાં તારી નજર જવી જોઈએ. આહા..હા...!

નિયત સ્વભાવ ભાવ છે એ પણ એક ધર્મ છે. ધર્મ એટલે સમ્યગ્દર્શન એમ નહિ. આત્માએ ધારી રાખેલો ધર્મ. આત્માના તે સ્વનું જ્ઞાન અને પરના જ્ઞાનને એકસાથે જાણનારું, તેનો અધિષ્ઠાન – સ્વામી પોતે ભગવાનઆત્મા છે. આહા..હા...! અધિષ્ઠાન ઓલો ઈશ્વર છે એ નહિ. એ આ વાતને સાંભળી પ્રભુ (ત્યાં જા), એમ કહે છે. આ..હા..હા...! ગજબ (વાત છે) ! દિગંબર સંતોની વાણી (આવી છે). આજ કર. આ..હા...! પ્રભુ ! પણ અમારે નવરાશ મળે નહિ, વખત (મળે નહિ). તમે આજ કરવાનું કહો પણ અમે આ બધી ઉપાધિમાં પડ્યા (છીએ). સાંભળને ભાઈ ! તારું સ્વરૂપ ઉપાધિમાં બહારમાં ગયું જ નથી. પર્યાયમાં ભલે રાગ હો, પણ બહારની ઉપાધિ તને વળગી નથી અને તેં ઉપાધિ કરી નથી. આહા..હા...!

પ્રભુ ! તું આવડો છો ને ! અનંત અનંત ધર્મને ધરનારો એવો પ્રભુ તું છો ને ! એવડો છો ને ! એનું લક્ષ કરીને પણ અંતરમાં ચૈતન્યપ્રકાશના નૂરને જો. અરે..રે...! આહા..હા...! આ 'પ્રવચનસાર' (છે). પ્ર (અર્થાત્) વિશેષે વચનો, દિવ્યધ્વનિ. દિવ્યધ્વનિ કહો કે પ્રવચન કહો. આહા..હા...! ભગવાન ત્રિલોકનાથ 'સીમંધર' ભગવાન બિરાજે છે, એની પ્ર-વચન એટલે દિવ્યધ્વનિ તે આ પ્રવચન છે. આહા..હા...!

આ તો પોતાને કરવાની વાત છે, બાપુ ! બીજાને કરાવી દઉં ને સમજાવી દઉં, એ માથાકૂટમાં પડીશ નહિ. કારણ કે અનેક વિચારવાળા માણસો છે, અનેક શ્રદ્ધાવાળા માણસો

(છે). .... 'નિયમસાર'માં આવે છે ને ? તો એક વિચારના બને એમ નહિ બને, પ્રભુ ! તું એમ ધાર કે બધાને આમ કરી દઉં. (એ) નહિ બને. આહા..હા...! તું બીજાને તારવા માગ પણ એના વીતરાગ ભાવ વિના એ નહિ તરે. તું એને સમ્યગ્દર્શનની વાત કર પણ એ એની દૃષ્ટિ નહિ ફેરવે ત્યાં સુધી સમ્યગ્દર્શન નહિ થાય. આવી વાતું છે. આહા..હા...!

શાસ્ત્રજ્ઞાન છે એ પણ પરજ્ઞેય નિષ્ઠ છે. પરજ્ઞેયમાંથી (થયેલું છે), એમાં સ્વજ્ઞાન ન આવ્યું. એ..ઇ...! આવી વાતું, બાપુ ! બહુ આકરું કામ. ધારણામાં અગિયાર અંગ ને નવ પૂર્વ લઈ લીધા છતાં આત્મા (લક્ષમાં) ન લીધો. એ અહીં કહે છે.

નિશ્ચયનયે એનો સ્વભાવ તો જ્ઞાન, દર્શન, આનંદ છે. તેવો સ્વભાવ ભાસે છે. '(આત્મા નિયતિનયે નિયતસ્વભાવવાળો ભાસે છે,...)' ભાઈ ! આ કાંઈ વાર્તા નથી. આ તો ભગવાનની દિવ્યધ્વનિ ઇન્દ્રો અને ગણધરોની વચ્ચે કહેતા હતા. આહા..હા...! એકાવતારી ઇન્દ્ર છે. શકરેન્દ્ર બત્રીસ લાખ (વિમાનનો) સ્વામી એમ કહેવાય છે. સ્વામી તો સ્વ દ્રવ્ય-ગુણ-પર્યાયનો જ છે ઇ. નિર્મળ, હોં ! અહીં તો સ્વ દ્રવ્ય-ગુણ-પર્યાય વિકારનો પણ સ્વામી કહ્યો છે. આહા..હા...! એનામાં છે ને ? દૃષ્ટિની અપેક્ષાએ લઈએ તો તો સ્વદ્રવ્ય શુદ્ધ ગુણ-પર્યાય, શુદ્ધ ગુણ-પર્યાય, તેનો એ સ્વ અને તેનો એ સ્વામી. પણ જ્ઞાનથી જ્યારે લઈએ, દૃષ્ટિની સાથે જ્ઞાનથી લઈએ તો તે વિકારી પર્યાય, અવિકારી પર્યાય કે અવિકારી ગુણો એ બધાનો એ સ્વામી છે. એ વિકાર પરથી થયા નથી, પરમાં થયા નથી, પરને લઈને થયા નથી. આહા..હા...!

એક કોર ('સમયસાર'ની) ૭૫, ૭૬ ગાથામાં એમ કહેવું કે, વિકાર છે. કર્મ વ્યાપક છે અને વિકાર તેનું વ્યાપ્ય છે. એ તો સ્વભાવદૃષ્ટિ થઈ છે. એ સ્વભાવદૃષ્ટિથી વિકારમાં વ્યાપક થઈને વ્યાપે એ હોઈ શકે નહિ. સ્વભાવદૃષ્ટિ થઈ છે તે વ્યાપે, એનો નિર્મળ પર્યાય તે એનું વ્યાપ્ય હોય. આહા..હા...! એમ બતાવવા (એમ કહ્યું કે), એ વિકારી પર્યાય છે તે તારું વ્યાપ્ય નથી, એ કર્મનું વ્યાપ્ય છે. ભાઈ ! આમ કાઢી નાખવા (એમ કહે છે). આહા..હા...!

અહીં કહે છે કે, હવે આવશે. આ તો નિયત કીધું. હવે અનિયત. ૨૭ છે, જુઓ ! આહા..હા...! 'આત્મદ્રવ્ય અનિયતિનયે...' અનિયતનો અર્થ એ નથી કે આગળપાછળ અનિયત થાય એમ અહીં નથી કહેવું. સમજાય છે કાંઈ ? અનિયતનયે એટલે કે તેનામાં સ્વભાવ નથી અને જે કર્મના નિમિત્તમાં પોતાની યોગ્યતાથી જે વિકાર થાય છે એ અનિયતનયે

જાણવા જેવો છે. આહા..હા...! ભારે કામ ભઈ આવું. ભાઈ ! આ સમજ્યા વિના અંદર નહિ જઈ શકે અને ગયા વિના એના ભવના અંત નહિ આવે, ભાઈ ! આહા..હા...ન

ક્યાં કરોડોપતિ માણસ અહીં હોય અને મરીને નરકે અને ઢોરમાં ગાયને કુંખે વાછરડું થાય. અરે..રે...! એ બધા શેના ફળ ? વસ્તુના સ્વરૂપની વિપરીત દૃષ્ટિના એ ફળ છે. વિપરીત દૃષ્ટિમાં અનંતા ભવ કરવાનો ગર્ભ છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

અહીં કહે છે કે, જો તું એમ માન... એ તો કાળ, અકાળ આવે છે ને ? કાળનયે અને અકાળનયે. એનો અર્થ કોઈ એવો કરે છે કે, કાળે પણ મોક્ષ થાય અને અકાળે પણ મોક્ષ થાય. એ ત્યાં (એક ભાઈ) હતા, 'ગજપંથા' ! એ શ્વેતાંબર હતા (પછી) આપણું વાંચીને સાધુપણું છોડી દીધું. પછી વાતું કરતા. પણ મેં કીધું, આને બરાબર બેઠું છે કે વાતું કરે છે આ ? આવ્યા. બિચારા આવ્યા, પગે લાગ્યા. ઘણાને સમજાવતા. ઘણા ભક્તો કરેલા. મને (એમ થયું કે), અહીંયાં આવ્યા છીએ તો જરીક એનું હૃદય લેવું. મેં કીધું, જુઓ ભાઈ ! શાસ્ત્રમાં તો એમ પણ કહ્યું છે, કાળે પણ મોક્ષ કહ્યો છે અને અકાળે (પણ છે), બેય કહ્યો છે. એ જ સમયે, જે સમયે થાય તે સમયે થાય એમ નથી, અકાળે મોક્ષ કહ્યો છે. એનો શું અર્થ ? એ સમજી ગયો કે, આમાં મને ક્યાંક પકડશે. મેં વિચાર્યું નથી, (એટલું) કહ્યું. મને ક્યાંક પકડશે. મેં કીધું, આમાં અકાળે મોક્ષ કહ્યું છે. એમ જ કહો કે, જે સમયે મોક્ષ થવાનો તે જ સમયે થાય પણ અહીં તો અકાળે પણ મોક્ષ કીધો છે. આહા..હા...! પછી બિચારો સમજ્યો કે, મને ક્યાંક (પકડશે). બીજા (મુમુક્ષુઓ) પણ હતા. છે ને પેલા 'મલકાપુર'વાળા ? મેં એ વિચાર્યું નથી, કહે. અકાળેનો અર્થ એમ નથી ત્યાં.

કાળે મોક્ષ થાય તો એ સમયે જ થાય પણ અકાળે એટલે કે સ્વભાવ અને પુરુષાર્થ એમાં ભેગો ભળ્યો છે એ અકાળ કહેવાય છે. આહા..હા...! આ નયો અટપટી બહુ છે. જ્ઞાનપ્રધાન કથન છે ને ? આહા..હા...! સમજાણું કાંઈ ? મોક્ષ તો જે સમયે થવાનો તે સમયે જ (થવાનો) છે પણ અકાળે કેમ કીધું ? કેમકે જે કાળ એ સમયનો છે એની સાથે સ્વભાવ, પુરુષાર્થ, ભવિતવ્યતા, કાળની લબ્ધિ એ બધું પાંચે એક સમયમાં હોય છે. એ ગણીને અકાળે કહેવામાં આવ્યું છે. પણ કાળ બીજો છે, ફેરફાર (થાય છે), એમ નથી. આહા..હા...! આવું સ્વરૂપ (છે).

એ અહીં કહે છે, અનિયતનયે એટલે અક્રમ થાય એમ નહિ. એ તો કીધું ને ૧૫૫ (ગાથા). નિયત, અનિયત એ અહીં નાખ્યું છે. સ્વભાવ છે તે નિયત છે, અગ્નિની ઉષ્ણતાની

માફક. અને વિભાવ છે તે પાણી જેમ ઊનું છે એ અનિયત છે (એટલે કે) કાયમ રહેનારું નથી. અગ્નિ ઉષ્ણ છે એ કાયમ રહેનારી છે, એ નિયત છે. આત્મદ્રવ્ય... આ તો વીતરાગ માર્ગ છે, ભાઈ ! આ કોઈ સાધારણ (વાત નથી). આહા..હા...! શું કહે ? આવી શૈલી શ્વેતાંબરમાં છે જ નહિ. શ્વેતાંબરે તો કલ્પિત શાસ્ત્ર બનાવ્યા. શું કરે ? આહા..હા...! અને જેમાં જન્મ્યો એ માનીને જીંદગી ગાળે. બાપુ ! આ તો વીતરાગમાર્ગ છે. આહા..હા...! ઓછું, અધિક ને વિપરીત રહિત તત્ત્વ છે. કંઈ પણ વિપરીત કહે, ઓછું (કે) અધિક (કહે તો) દૃષ્ટિ વિપરીત છે. આહા..હા...!

અહીં તો કહે છે, અનિયતનયે એટલે શું ? ક્રમબદ્ધ છે એ ફરશે અને અક્રમ થાય એમ નહિ. નિયત અને અનિયત અહીં જે નાખ્યું છે એ ૧૫૫ ગાથાની શૈલી લીધી છે. સમજાણું કાંઈ ? આહા..હા...! 'આત્મદ્રવ્ય અનિયતિનયે...' અનિયતનયે આત્મદ્રવ્ય 'અનિયત સ્વભાવે ભાસે છે,...' ક્રમ અને અક્રમ આપણે પહેલા આવે છે ને ? ('સમયસાર'ની) ૭૩ ગાથામાં ક્રમ, અક્રમ આવે છે. ત્યાં ક્રમ, અક્રમની વ્યાખ્યા બીજી છે. ક્રમે ક્રમે થાય છે (એ) ગતિ એક પછી એક હોય એ ક્રમ છે અને અક્રમ એટલે જોગ, લેશ્યા, કષાય, જ્ઞાન એકસાથે છે એનું નામ અક્રમ છે. અક્રમ એટલે આઘુંપાછું થાય એમ ત્યાં અર્થ નથી. ૭૩માં છે. છે ને બધી ખબર છે, બીજે ઠેકાણે છે. આહા..હા...! ગતિ એક પછી એક છે એ ક્રમ છે અને જોગ, લેશ્યા, કષાય, જ્ઞાન, દર્શન એકસાથે પર્યાય છે. એ અપેક્ષાએ એકસાથે છે તે અક્રમ છે. અક્રમનો અર્થ આઘુંપાછું થાય એવો અર્થ ત્યાં નથી. એમ અહીં એવો અર્થ નથી.

અનિયતનયે એટલે આઘુંપાછું થાય. નિશ્ચયથી બરાબર થાય (અને) અનિયત એટલે આઘુંપાછું થાય એવો અર્થ છે નહિ. એ..ઇ....! આહા..હા...! 'અનિયતિનયે અનિયત સ્વભાવે ભાસે છે,...' ભાષા છે ? ભગવાનઆત્મા પર્યાયમાં અનિયત સ્વભાવે ભાસે છે. જેનો સ્વભાવ નથી એવો વિભાવપણે ભાસે છે. આહા..હા...! એવો પણ એનો એક ધર્મ છે. સમજાય છે ? આહા..હા...! ભગવાન ત્રિલોકનાથની કથનીની ગંભીરતા, સંતોએ આડતિયા થઈને જગતને વાતું કરી.

અરે..રે...! જેને સત્ય સાંભળવા પણ મળે નહિ, પ્રભુ ! એ ક્યાં જશે ? શું થશે ? આહા..હા...! કેટલાક જીવ તો હજી ત્રસપણું પામ્યા નથી. આખો લોક અનંત અનંત નિગોદના જીવથી ભર્યો છે. અસંખ્ય ચોવીસીના સમય જેટલા તો નિગોદના શરીર છે અને એક શરીરમાં

સિદ્ધની સંખ્યા કરતા અનંતગુણા જીવ છે. એમાં એક શરીરને અનંતમે ભાગે મોક્ષને પામે છે. જ્યારે જોઈએ ત્યારે ... આહા..હા...! કેટલાક જીવ તો ત્રસ થયા નથી અને ત્રણ ઇયળ થાય તો 'છ ઢાળા'માં કહ્યું છે કે, નિગોદમાંથી ઇયળ થાય તો ચિંતામણિ રત્ન મળ્યું. એ..ઇ...! 'છ ઢાળા'માં આવે છે. 'ચિંતામણિ દુર્લભ ત્રસ' ઇયળ થાય તોપણ દુર્લભ ચિંતામણિ (જાણે મળ્યો). પ્રભુ ! તું તો મનુષ્ય થયો. મનુષ્ય (એટલે) આ શરીર નહિ, હોં ! પર્યાયની અંદર ઉદયની યોગ્યતા. આ..હા...! એમાં પણ અહીં કહે છે, તને સત્ સાંભળવાનું મળ્યું અને તું પ્રશ્નકાર આત્માના પ્રશ્ન કરનાર થયો, આહા..હા...! તને આત્માને જાણવાની ઝંખના થઈને, પ્રભુ ! અહીં સુધી તું આવ્યો. ભાઈ ! આહા..હા...! સંસારના ભાવ પૂછ્યા નહિ, છ દ્રવ્યના પૂછ્યા નહિ. ભગવાન ! તું અહીં સુધી આવ્યો. આહા..હા...! સંજ્ઞી પંચેન્દ્રિયપણે તને અંદરમાંથી પ્રશ્ન પણ ઉઠ્યો કે, આ કેવડો છે પ્રભુ આત્મા ? કેવડો ? આ શું છે મહાપ્રભુ મહાત્મા ? 'પંચાસ્તિકાય'માં એક જીવ કીધા તે મહાત્મા કીધા છે. બે જીવ ત્રસ અને સ્થાવર, ત્રણ દર્શન, જ્ઞાન એમ દસ સુધી ભેદ લીધા છે.

પ્રભુ ! તું મહાત્મા – મહાઆત્મા ! અનંત અનંત ગુણ ને અનંતી વિકારી, અવિકારી પર્યાયનો ધરનારો પ્રભુ તું છો. પરની સાથે કાંઈ સંબંધ નથી. લોકો એમ કહે છે કે, કર્મને લઈને વિકાર થાય, અહીં ના પાડે છે. એ અનિયત સ્વભાવ એનો ધર્મ છે. આહા..હા...! છે ને ? ભાઈ ! આ ભગવાનની વાણી છે. વીતરાગ ત્રણલોકના નાથ... આ..હા..હા...! આ ભાષા તો સમજાય છે ને બા ? આ ભાષા સમજાય (એવી) છે, બા ! કોઈ દાખલો હોય તો ન સમજાય. 'દિલ્હી'થી આવ્યા છે. બહુ પ્રેમ છે. જરી આપણો દાખલો આવે ત્યારે ભાષા ન સમજાય. આ..હા...! આવી વાત છે.

કહે છે, પ્રભુ ! તારો આવો જે પ્રશ્ન ઉઠ્યો તો હું તને ઉત્તર દઉં છું તો હવે તને અંદર બેસી જવું જોઈએ. એમ કહે છે. આહા..હા...! જુઓ ! આ દિગંબર સંતોની વાણી. ક્યાંય નથી, બીજા બધા ભર્યા છે, ખોટા માર્ગ છે, કલ્પનાના (છે). આહા..હા...! ભાઈ ! આ બધું તમારા સ્થાનકવાસી ને દેરાવાસીના ગોટા છે, અહીં એમ કહે છે. આ તો પરમસત્ય (છે). ત્રણલોકના નાથનો દિવ્યધ્વનિ એને સંતોએ પોતાના ત્રણ કષાયના અભાવની ભૂમિકામાં વીતરાગતા થઈને આ વાત કરી છે. આ..હા...! વીતરાગતામાં હિલોળા ખાય છે. ક્ષણમાં વિકલ્પ આવે, ક્ષણમાં વીતરાગતા આવે, ક્ષણમાં વિકલ્પ આવે, ક્ષણમાં વીતરાગતા (આવે). આહા..હા...! આવી જે દશા, હીંચકો જરી આમ જાય ને જરી આમ જાય, એમ ઘડીમાં

વિકલ્પમાં આવે ને ઘડીમાં નિર્વિકલ્પ થઈ જાય. કહેતા કહેતા નિર્વિકલ્પ થઈ જાય ! આહા..હા...! ભાઈ ! એવા વીતરાગી સંતોની આ વાણી છે. એને સમજવું બહુ ઝીણી વાત છે, ભાઈ ! આહા..હા...! શું વાત કરી છે ?

એક કોર એમ કહે કે, વિકારી કર્મ વ્યાપક અને વિકાર વ્યાપ્ય છે, તું નહિ. આહા..હા...! એ તો સ્વભાવની દૃષ્ટિવંતની અપેક્ષાએ કહ્યું પણ એનું સ્વરૂપ – એનું અસ્તિત્વ જે છે, (એમાં) અનિયત સ્વભાવ તે વિકાર તેના પર્યાયમાં છે. આહા..હા...! મિથ્યા ભ્રાંતિ અને રાગ, દ્વેષ એ પરિણામમાં અનિયત સ્વભાવ છે, તે તારો સ્વભાવ નથી એ અપેક્ષાએ અનિયત સ્વભાવ છે. આહા..હા...! એમ કરીને સ્વભાવ નથી એમ પણ કહ્યું અને વિકારી અનિયત સ્વભાવ તારામાં છે, તારાથી છે (એમ પણ કહ્યું). આહા..હા...! આવા ધર્મને મારી, કચડીમચડી (નાખ્યો).

ભાઈએ 'દસલક્ષણ ધર્મ' (પુસ્તકમાં) એક નાખ્યું છે, શૌચના ધર્મમાં એક નાખ્યું છે કે, અરે..રે...! લોભની સામે શૌચ છે ને ? તો લોભ એ રાગનો ભાવ છે, રાગ છે તેને ધર્મ મનાવે છે, ધર્મનું કારણ મનાવે છે અને જે રાગનો નિષેધ કરીને (ધર્મ) મનાવે છે એની તમે નિંદા કરે છે. એમાં છે, શૌચધર્મમાં છે. બહુ માળાએ સ્પષ્ટ કર્યું છે, સ્પષ્ટ બહુ કર્યું. ક્ષયોપશમની શૈલીથી બહુ સ્પષ્ટ કર્યું, આ..હા...! એમ કે, લોભની સામે શૌચ છે ને ? નિર્લોભતા, સંતોષ. શૌચ છે તે એક લોભના અભાવ તરીકે એમ નહિ. ત્યાં એ શબ્દ વાપર્યો છે, ભાઈ ! લોભાંતર એક શબ્દ વાપર્યો છે. લોભનો અંત આવે ત્યાં સુધીની વાત છે અને પહેલા ક્રોધ, માન, માયા કષાય ટળે છે અને લોભ તો છેલ્લે દસમા (ગુણસ્થાન) સુધી રહે છે. આ..હા..હા...! લોભનો અંત થાય ત્યારે તેને શૌચતા પૂર્ણ પ્રગટ થાય. નીચે શૌચનો અંશ અવિરતી સમ્યક્દૃષ્ટિને પણ (પ્રગટ્યો છે). ભગવાન ત્રિલોકનાથ સ્વભાવનો સાગર જેની દૃષ્ટિમાં આવ્યો છે, એને મિથ્યાત્વ ને અનંતાનુબંધીનો અભાવ થાય પવિત્રતાનો અંશ જે પ્રગટ્યો છે એ ઉત્તમ ક્ષમા છે. આ..હા...! પણ અંશ છે. આ..હા...! કારણ કે દસ ધર્મ છે એ મુનિના છે. ચારિત્રના ભેદ છે. દસ છે એ ચારિત્રના ભેદ છે એટલે મુનિના ધર્મ છે. આહા..હા...! પણ તેના પેટામાં જેણે આ ભગવાન અનિયત અને નિયત સ્વભાવવાળો છે એવું લક્ષ કરીને પણ અંતરમાં ચૈતન્યને જોવે છે અને જાણે છે, એને પણ સમ્યગ્દર્શનનો અંશ જે પ્રગટ્યો છે એમાં ઉત્તમ ક્ષમા અને ઉત્તમ શૌચની દશા પ્રગટી છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...!

સમ્યક્દૃષ્ટિ ચૈતન્યના સ્વભાવની પર્યાયોના બધા પ્રકારો કેમ છે એ જાણતા છતાં તેની દૃષ્ટિ દ્રવ્ય સ્વભાવ ઉપર ગઈ છે તે જેને સમ્યગ્દર્શન, ઉત્તમ ક્ષમાનો અંશ પ્રગટ્યો છે એ લડાઈમાં ઉભો હોય તોપણ તે અંશને કોઈ બાધા નથી. આહા..હા...! જેની દશા જ એ રૂપે થઈ ગઈ છે એને હવે પર તરફની ચપળતા કે ચંચળતા પર્યાયમાં આવે એ વસ્તુમાં છે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? આવી વાતું છે. તમારા વૈષ્ણવમાં તો બધું સમજવા જેવું છે. આહા..હા...! એ મેં કહ્યું હતું, ત્યાં ભાઈ આવ્યા હતા ને ? (એક મુમુક્ષુના શેઠ વૈષ્ણવ છે). પચાસ કરોડ રૂપિયા, 'મુંબઈ'માં છે. બૈરાઓ બધા શ્વેતાંબર જૈન અને છોકરાઓ બધા વૈષ્ણવ. પચાસ કરોડ રૂપિયા ! દર્શન કરવા આવ્યા હતા, નાળિયેર અને હજાર રૂપિયા મૂક્યા હતા. ઇ કહે, કર્તા છે કે નહિ ? મહારાજ ! મેં કીધું, ભાઈ ! 'નરસિંહ મહેતા' શું કહે છે ? એ વૈષ્ણવ છે કે નહિ ? શું કહે છે ? 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહન્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી' ત્યાં 'જ્યાં લગી ઈશ્વરને કર્તા જાણ્યા નહિ' એમ કહ્યું નથી. અને 'ગીતા'માં એમ છે, હું કર્તા નથી. એક શ્લોક એવો છે. હું કોઈનો કર્તા નથી. પણ ઇ ન લીધું અને મને અર્પણ કરો એ વાત લ્યે. જે કંઈ કરો તેનું ફળ ન ઇચ્છો. એ બધું મને અર્પણ કરો. એવું આવે ત્યાં એને વળગે પણ ઓલો ના પાડે કે, હું કોઈનો કર્તા નથી (એને પકડે નહિ). 'નરસિંહ મહેતા'એ આમ કહ્યું છે, 'જ્યાં લગી આતમ તત્ત્વ ચિહન્યો નહિ', 'જ્યાં લગી ઇશ્વરને ન જાણ્યા' એમ કહ્યું નથી. સાંભળતા હતા, બિચારા. અત્યારે ક્યાં એને પડી (છે) ? પચાસ કરોડ, જ્યાંત્યાં સલવાય ગયા હોય. આહા..હા...! આખો દિ' પાપમાં રચ્યાપચ્યા અને ક્યાંક પાંચ-દસ લાખ ખર્ચે તો અંદર આશા એ કે, મને કોઈ ઉદાર ગણે, સારો ગણે. .... આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...!

ભગવાનઆત્મા સ્વયંસિદ્ધ ચીજ છે અને તે પણ આવા નિયત, અનિયત સ્વભાવથી સંપન્ન છે, એ પરને લઈને નથી. આહા..હા...! અનિયત સ્વભાવ કર્મને લઈને નથી. અનિયત એટલે કે પાણી જેમ ઉષ્ણ છે એ કંઈ અગ્નિને લઈને નથી. એ ઉષ્ણ એનો પોતાનો પર્યાયધર્મ (છે). સ્પર્શ ગુણ જે ઠંડો હતો એ પોતે ઉષ્ણપણે પરિણમ્યો છે એ પાણીનો સ્વભાવ અનિયત છે. ઉષ્ણ તે પાણીનો સ્વભાવ અનિયત છે, ઠંડો સ્વભાવ તે નિયત છે. એમ ભગવાનઆત્મા... આહા..હા...! શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ થઈને શુદ્ધપણે થાય તે તો તેનો નિશ્ચયધર્મ નિયત સ્વભાવ છે પણ એટલામાં ન રહી શકે અને વિકારપણે થાય... આહા..હા...! એ પણ એનો એક સ્વભાવ (છે), અનિયત એનો ધર્મ છે. ધર્મ એટલે ? ધારી રાખેલી વાત છે. ધર્મ એટલે

આ સમ્યગ્દર્શન, એમ નહિ. આહા..હા...! છે ?

'આત્મદ્રવ્ય અનિયતિનયે અનિયત સ્વભાવે ભાસે છે,...' આઘાપાછા ભાવે ભાસે છે, એમ નહિ. મોટી ચર્ચા થઈ હતી. સામાવાળાએ શાસ્ત્રમાંથી (કાઢી હતી). જુઓ ! આ ૧૫૫ ગાથામાં નિયત અને અનિયત કીધું છે. એકલું ક્રમબદ્ધ છે એમ નથી કહ્યું. એક મોટો પંડિત છે, અહીંનો વિરોધ કરે. અહીંનો નથી કરતો પ્રભુ ! તું તારો કરે છે. અમે કોણ છીએ એ તો તેં જોયા નથી તો તું વિરોધ શી રીતે કરી શકે ? આહા..હા...! તું કોણ છો ? એને તેં જોયો નથી તો એનો વિરોધ તું કરે છો. આહા..હા...!

અહીં તો કહે છે, 'અનિયતિનયે અનિયત સ્વભાવે ભાસે છે, જેને ઉષ્ણતા નિયતિથી (–નિયમ વડે) નિયમિત નથી એવા પાણીની માફક,...' જોયું ? પાણીનો સ્વભાવ તો શીતળ છે એ તો નિયત છે અને ઉષ્ણ છે તે અનિયત છે. એમ ભગવાનઆત્મામાં શુદ્ધતા તે નિયત છે અને અશુદ્ધતા તે અનિયત છે પણ એ એની પોતાની પર્યાયમાં એ છે. આહા..હા...! હવે આ પણ મોટી તકરાર છે. (એક વિદ્વાન સાથે) ચર્ચા થઈ હતી. (સંવત) ૨૦૧૩ની સાલ. કીધું, વિકાર છે તે સ્વતંત્ર એક સમયની પર્યાયે ષટ્કારકથી પરિણમીને થાય છે, જેને કર્મના કારકની અપેક્ષા નથી. એની તો નથી પણ જેને દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી. એક (આ સાંભળીને) એવું થયું ગયું. ઊંધે ચડી ગયા હતા. ઇ તો મોટા કહેવાય. કરોડોપતિ એને માનનારા. પણ દૃષ્ટિ વિપરીત. હવે એ શી રીતે કહેવું ? આ..હા...! ઇ કહે, નહિ, વિકાર તે કર્મથી જ થાય. તમે બહુ ભૂલ્યા. મારી સામે ન કહ્યું પણ 'કલકત્તા' પત્ર લખ્યો. (એક મુમુક્ષુને) ત્યાં જમવાનું હતું ત્યાં (એક શેઠ) કાગળ લઈને આવ્યા. 'ઇસરી'થી કાગળ આવ્યો છે. શું છે ? કે, આ વિભાવ છે એ શું છે ? કીધું, ત્યાં ઉત્તર દેવાય ગયો છે. શેઠ છે, ચાલીસ કરોડ (રૂપિયા છે), પણ એમાં અમારે શું છે ? કીધું, ત્યાં જવાબ દેવાય ગયો છે. વિકાર સ્વતંત્ર પોતાના ષટ્કારકથી થાય છે. પરકર્મની અપેક્ષા નથી એવું વસ્તુનું સ્વરૂપ છે, એમ ભગવાન ત્રિલોકનાથે કહ્યું છે. આહા..હા...! બહુ થઈ ગયું એને તો. આ તો ભારે ઉંધે પજ્યા (એમ કહ્યું). હેં ! કર્મ વિના વિકાર થાય ? તો સ્વભાવ થઈ જશે. પણ પર્યાયનો એ સ્વભાવ છે. શું કહે છે આ ? એ..ઇ...! આ તમારા મોટા ! એને સંસ્કાર નહિ, આ ચીજ સાંભળી નહોતી. એને પૂર્વના કોઈ સંસ્કાર નહિ, વર્તમાન કોઈ ગુરુ મળ્યા નહિ. દુઃખી થવાનો ભાવ તો ન હોય પણ આ લાઈને મળી ન હોય એટલે (જલ્દી બેસે નહિ).

આ લોભમાં એમ છે ને ? રાગ છે ને ? લોભ છે એ રાગનો ભાગ છે ને ? રાગના બે ભાગ છે – માયા અને લોભ અને દ્વેષના બે ભાગ છે – ક્રોધ અને માન. ખરેખર તો રાગના બે ભાગ લોભ. જે કંઈ રાગનો વિકલ્પ ઉઠે એ છે અનિયત સ્વભાવ એનો, પણ એ ધર્મ નહિ, એ ધર્મનું કારણ નહિ. ત્યાં એ રાગ રાખે છે. અરે...! વ્યવહાર રત્નત્રય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ એ ધર્મનું કારણ નહિ ? અરે... પ્રભુ ! તું રાગને ધર્મનું કારણ કહે છે ? વીતરાગી ધર્મ તે રાગને કારણે થાય ? રાગ એનો પર્યાયમાં અનિયત સ્વભાવ છે પણ એથી રાગનું લક્ષ રાખીને એની (નજર) દ્રવ્યમાં ગઈ છે. સમજાણું કાંઈ ? રાગથી લાભ થાય એમ તે માનતો નથી. અનિયત સ્વભાવવાળો પણ રાગથી મને ધર્મ થાય (એમ માનતો નથી). મેં ધારી રાખેલો મારો ધર્મ છે પણ એનાથી મને સમ્યગ્દર્શન થાય એવી માન્યતા નથી. આહા..હા...! કહો, ભાઈ ! આવું છે, બાપુ ! બહુ મારગડા...આહા..હા...! અરે..રે...! અનંતકાળ ચાલ્યો જાય છે. દિવસના દિવસ મૃત્યુની સમીપે જાય છે, ભાઈ ! દેહની સ્થિતિ પૂરી થવાની એ તો નિશ્ચય છે. આ જેટલા દિવસો જાય છે એ તેની નજીક જાય છે. આ જાણે કે, હું મોટો (થાઉં છું), મા જાણે કે મોટો થાય (છે), ડોસી જાણે કે મોટો થાય છે, ભગવાન જાણે કે મૃત્યુની સમીપે જાય (છે). આહા..હા...!

આજે ભાઈએ વાત ન કરી ? એના કાકાના દીકરાનો દીકરો સોળ વર્ષનો. 'કલકત્તા'માં ઓલામાં ચડવા ગયો તો મરી ગયો. સોળ વર્ષની ઉંમર ! એ તો એ સમયની દેહની પડવાની સ્થિતિ (હતી), બાપુ ! ખરેખર તો આયુષ્યને લઈને આત્મા ત્યાં રહેતો નથી. એની પોતાની લાયકાતથી તેટલો રહે છે, લાયકાત છૂટી ગઈ તો દેહ છૂટી જાય છે. આયુષ્ય તો જડ છે. એને કારણે શરીરમાં રહે છે, એમ નથી. આહા..હા...! એ આત્મદળ દેહમાં રહે છે એમ કહેવું એ નિમિત્તનું કથન છે. ભગવાન તો ભગવાનમાં પોતામાં છે. અનિયત પર્યાય પણ પોતામાં છે અને એમાં પોતે આત્મા છે. આહા..હા...! આમાં કાંઈ ફેરફાર કરે (તો માર્ગ બદલાય જાય). શું કીધું ?

(પહેલા) નિયતમાં અગ્નિનો દાખલો આપ્યો હતો કે, અગ્નિમાં ઉષ્ણતા છે તે તેનો નિયત સ્વભાવ છે. એમ ભગવાનઆત્માનો જ્ઞાન, દર્શન, આનંદ તે એનો સ્વભાવ છે. અહીં અનિયતમાં પાણીનો દાખલો આપ્યો. આહા..હા...! 'અનિયતનયે અનિયત સ્વભાવે ભાસે છે,...' અનિયતનયે અનિયત સ્વભાવે ભાસે છે. વિભાવની પર્યાય છે તેને જોનારી અનિયતનય છે. એ અનિયતનયે અનિયત સ્વભાવે ભાસે છે. આહા..હા...! નય છે ને ? અનિયતનય

છે ને ? તો નયનો વિષય છે ને ? તો કહે છે કે, અનિયત સ્વભાવ એ નયનો વિષય છે. અનિયતયનયનો અનિયત સ્વભાવ તે એનો વિષય છે. આહા..હા...! વાત એવી છે, બાપુ ! આ અલૌકિક વાતું છે, ભાઈ ! આહા..હા...! આ તો ગણધરો અને તીર્થંકરોના ભાવ ભર્યા છે એ આ વસ્તુ છે. એ કંઈ આલીદુઆલીના વાત નથી. આહા..હા...!

કોની પેઠે ? ઉષ્ણતા નિયમિત નથી. ઉષ્ણતા પાણીમાં નિયમિત નથી, કાયમ રહેનારી નથી. છે ? આત્મદ્રવ્ય... છે ને એમાં ? આ તો આઠ વર્ષનો બાળક પણ જ્ઞાન પામીને કેવળ પામે ! આ..હા...! એક વિચાર કાલે એવો આવ્યો હતો.. ઓ..હો..હો...! આઠ વર્ષનો બાળક આઠ વર્ષે સમકિત પામે અને તરત અંતર્મુહૂર્તે મુનિપણું પામે અને અંતર્મુહૂર્તે કેવળ પામે અને અંતર્મુહૂર્તે મોક્ષ ચાલ્યો જાય. નિગોદમાંથી નીકળેલો હોય, પ્રભુ ! આહા..હા...!એકાદ ભવ .. થયો હોય. એ આઠ વર્ષે આત્મદર્શન અંદર પામે છે અને આઠ વર્ષે સમકિત થઈને તરત એકદમ પ્રત્યાખ્યાન, સાધુપણું આવે છે.

પ્રશ્ન :– સંસ્કાર ન હોય તોપણ ?

સમાધાન :– એ અંદરમાં સંસ્કાર પડ્યો છે ને આખો આત્મા ? એ અંતર્મુહૂર્તમાં ધ્યાનમાં જાય છે ત્યાં કેવળ થાય છે અને કેવળી પણ અંતર્મુહૂર્ત રહે છે. અહીં (આ) ભવનું કેવળ, (પછી) સિદ્ધ થઈ જાય. આહા..હા...! પ્રભુ ! તારી કેવડી તાકાત છે જો તો ખરો ! આ..હા...! એવડો આત્મા છે, કહે છે. આહા..હા...!

'જેને ઉષ્ણતા નિયતિથી (–નિયમ વડે) નિયમિત નથી એવા પાણીની માફક. (આત્મા અનિયતિનયે અનિયતસ્વભાવવાળો ભાસે છે...)' વિકાર ભાવવાળો. '(જેમ પાણીને (અગ્નિના નિમિત્તે થતી) ઉષ્ણતા અનિયત...' સ્વભાવે હોય છે. પાણી ઊનું થયું છે પણ એ અનિયત છે, એનો નિશ્ચય સ્વભાવ નથી. પણ થયું છે પોતાથી, અગ્નિથી નહિ. એમ ભગવાનઆત્મામાં વિકાર છે એ પોતાથી છે, કર્મથી નહિ. એનો અનિયત એવો વિભાવ ભાવ એનો સ્વભાવ છે. આહા..હા...! અરે...! આવી વાતું. છે ? '(આત્મા અનિયતિનયે અનિયત સ્વભાવવાળો ભાસે છે, જેમ પાણીને (અગ્નિના નિમિત્તે થતી...)' નિમિત્ત ને ? ઉપાદાન તો પોતાનું છે, પોતાથી થયું છે. '(ઉષ્ણતા અનિયત હોવાથી...)' પાણીની ઉષ્ણતા કાયમી નથી, એ તો વિભાવ છે. '(અનિયત હોવાથી પાણી અનિયતસ્વભાવવાળું ભાસે છે તેમ).' તેમ ભગવાનઆત્મા જ્ઞાન, દર્શન, આનંદ સ્વભાવવાળો હોવા છતાં પર્યાયમાં વિકાર થાય છે તે અનિયત સ્વભાવવાળો ભાસે છે. આહા..હા...! પર્યાયમાં, હોં ! છતાં તેણે અનિયત સ્વભાવનું

જ્ઞાન કરીને પણ.. આ..હા..હા...! છેલ્લું આવી ગયું ને ? ચૈતન્યપ્રકાશ અંદર પૂર્ણ સ્વરૂપ છે ત્યાં જા ! ત્યાં તેને જો ! આહા..હા...! એનું નામ આત્માને અનુભવ્યો અને જાણ્યો કહેવાય. **વિશેષ** કહેશે...

શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !

**स्वभावनयेनानिशिततीक्ष्णकण्टकवत्संस्कारानर्थक्यकारि २८ । अस्वभावनयेनायस्कारनिशित-तीक्ष्णविशिखवत्संस्कारसार्थक्यकारि २९ । कालनयेन निदाघदिवसानुसारि-पच्यमानसहकारफलवत्समयायत्तसिद्धिः ३० । अकालनयेन कृत्रिमोष्मपाच्यमानसहकारफल-वत्समयानायत्तसिद्धिः ३१ ।**

---

આત્મદ્રવ્ય સ્વભાવનયે સંસ્કારને નિરર્થક કરનારું છે (અર્થાત્ આત્માને સ્વભાવનયે સંસ્કાર નિરુપયોગી છે), જેને કોઈથી અણી કાઢવામાં આવતી નથી (પણ જે સ્વભાવથી જ અણીવાળો હોય છે) એવા તીક્ષ્ણ કાંટાની માફક. ૨૮.

આત્મદ્રવ્ય અસ્વભાવનયે સંસ્કારને સાર્થક કરનારું છે (અર્થાત્ આત્માને અસ્વભાવનયે સંસ્કાર ઉપયોગી છે), જેને (સ્વભાવથી અણી હોતી નથી પણસંસ્કાર કરીને) લુહાર વડે અણી કાઢવામાં આવી હોય છે એવા તીક્ષ્ણ તીરની માફક. ૨૯.

આત્મદ્રવ્ય કાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખે છે એવું છે, ઉનાળાના દિવસ અનુસાર પાકતા આમ્રફળની માફક. [ કાળનયે આત્મદ્રવ્યની સિદ્ધિ સમય પર આધાર રાખે છે, ઉનાળાના દિવસ અનુસાર પાકતી કેરીની માફક. ] ૩૦.

આત્મદ્રવ્ય અકાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખતી નથી એવું છે, કૃત્રિમ ગરમીથી પકવવામાં આવતા આમ્રફળની માફક. ૩૧.

---

**ભાદરવા વદ ૨, શનિવાર**
**તા. ૦૮-૦૯-૧૯૭૯**
**નય ૨૭ થી ૩૧, પ્રવચન નં. ૨૬૫**

---

('પ્રવચનસાર', નય અધિકાર) ૨૭મો બોલ ચાલ્યો ને ? કે, આત્મદ્રવ્ય જે છે એ પર્યાયમાં અનિયત સ્વભાવવાળું છે. આ..હા...! એટલે કે વિકાર પર્યાય એનો પોતાનો સ્વભાવ છે. એવું એ સત્‌નું સ્વરૂપ જ છે. ત્રિકાળ સ્વભાવની વાત પછી આવશે પણ આ પણ અનિયત સ્વભાવ એ પણ પર્યાયમાં આવે છે. સમજાણું કાંઈ ? પદાર્થ પોતે દ્રવ્યે અને ગુણે

શુદ્ધ છે અને પર્યાય અનિયત વિકારવાળો ભાવ છે. એવા પદાર્થનું જેને યથાર્થ જ્ઞાન હોય તો એ પદાર્થ એવો છે અને એનું જ્ઞાન હોય એની વાણીમાં એવું યથાર્થ આવે. આ તો ત્યાં લીધું, 'પંચાસ્તિકાય'માં ત્રીજા શ્લોકમાં છે, ભાઈ ! કે, અર્થસમય, જ્ઞાનસમય, શબ્દસમય – (એવા) ત્રણ બોલ છે. ગજબ વાત છે ! દિગંબર સંતોની કથની કોઈ (અલૌકિક છે) ! એક એક ગાથાએ ગજબ કરે છે ! શું કહેવું છે ?

અહીંયાં આત્મદ્રવ્ય નિયતસ્વભાવે છે એ પણ એના એક ધર્મની યોગ્યતા છે. તેમ પર્યાયપણામાં પણ અનિયતપણું છે એ પણ એનો એક સ્વભાવ છે. આહા..હા...! હવે એ રીતે પદાર્થ છે એ અર્થસમય (છે). એનું જ્ઞાન એ રીતે થાય કે, વિકાર મારામાં મારાથી છે, પરથી નહિ. ત્યારે તેનું જ્ઞાન યથાર્થ થાય અને ત્યારે તેની વાણી પણ તેવી જ આવે. આહા..હા...! સમજાય છે કાંઈ આમાં ? અર્થસમય જે આત્મા છે, ત્યાં (–'પંચાસ્તિકાય')માં તો અર્થસમય છએ દ્રવ્ય લીધાં છે, પણ અહીં તો અર્થસમય આપણે આત્મા લેવો છે. આહા..હા...! અર્થ એવો જે ભગવાનઆત્મા. સમય એટલે એના ગુણ અને પર્યાયવાળું તે અર્થસમય. દ્રવ્ય, ગુણ અને પર્યાયવાળું તે અર્થસમય. એ અર્થસમય એવો જે આત્મા છે એમાં એનો વિકાર જે થાય છે એ અર્થસમયની પર્યાયમાં થાય છે, એ અર્થસમયમાં જાય છે. એમ કોઈ કહે કે, વિકાર કર્મથી થાય છે તો અર્થસમયનું સ્વરૂપ એણે જાણ્યું નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! શું શૈલી !

મુમુક્ષુ :– કર્મ બીજો પદાર્થ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અહીં તો આત્મા અર્થસમય લેવો છે. ભાઈ ! મારગડા એવો કોઈ સત્ય છે. આહા..હા...!

સત્ પ્રભુ ! દ્રવ્ય, ગુણે તો છે પણ પર્યાયે પણ સ્વભાવની પર્યાય પણ છે અને વિભાવની પર્યાય પણ છે. એવો જે પદાર્થ છે. આત્મદ્રવ્ય કીધું ને ? ભાઈ ! આત્મદ્રવ્ય અનિયત સ્વભાવવાળું છે. છે ને ? 'આત્મદ્રવ્ય અનિયતિનયે અનિયત સ્વભાવે ભાસે છે,...' ભાષા છે જુઓને શું લીધું ? કે, ભગવાનઆત્મા દ્રવ્ય અને ગુણે શુદ્ધ છે, પર્યાયે પણ કેટલીક શુદ્ધતા છે અને અશુદ્ધતા પણ છે. અહીં સાધકની નયની વાત છે ને ? ભાઈ ! આહા.હા..! નય અને પ્રમાણ સાધકને માટે છે ને આ ? કેવળીને પૂર્ણ થઈ ગયું, ત્યાં નય પણ ક્યાં અને પ્રમાણ (પણ ક્યાં છે) ? આહા..હા...!

પ્રભુ સર્વજ્ઞ પરમાત્મા એમ કહે છે કે, અર્થસમય એવો જે ભગવાનઆત્મા... પરની

સાથે સંબંધ કાંઈ નહિ. એ પોતે જ આત્મા દ્રવ્ય, ગુણ અને પર્યાય અનિયત અને નિયત પર્યાયવાળું જીવદ્રવ્ય છે. એમાં એ રીતે 'અનિયત સ્વભાવે છે,...' એમ કીધું ને ? ભાઈ ! એ વિકારપણાના ભાવે અનિયત સ્વભાવે ભાસે છે. જ્ઞાનમાં તે ભાસે છે. આહા..હા...! હવે એમાંથી કોઈ એમ કહે કે, વિકારી પર્યાય એ કર્મની જ છે, જડની છે તો એ અનિયત સ્વભાવવાળું જે જીવદ્રવ્ય તેને એણે જાણ્યું નથી. આહા..હા...! મૂળમાંથી જ્યાં વાંધા છે એની વાતું કરે છે. સમજાય છે કાંઈ ?

આત્મદ્રવ્ય એમ લીધું છે ને ? આત્મદ્રવ્ય અનિયતનયે, અનિયતનયે (એટલે) વિભાવને જાણનારી નયે, એટલે 'અનિયતિનયે અનિયત સ્વભાવે ભાસે છે,...' વિભાવ છે આત્મદ્રવ્યમાં, પર્યાયમાં એમ ભાસે છે. ત્યારે જે વસ્તુ છે આમ અને તેવું તેને ભાસે છે અને ભાસે છે તેવું તે શબ્દમાં આવે છે. જેને આ રીતે ભાસ્યું નથી તેના શબ્દમાં યથાર્થતા આવતી નથી. આહા..હા...! સમજાણું કાંઈ આમાં ?

અહીં તો એક વિચાર આવ્યો હતો કે, 'હરિશચંદ્ર' સત્યવાદી કહેવાય છે ને ? એ તો લૌકિક બહારની વાત છે. આ હરિ પોતે ભગવાનઆત્મા સત્ય સ્વરૂપ દ્રવ્ય, ગુણ (શુદ્ધ છે અને) પર્યાયમાં વિકૃત છે એ પણ એનું સ્વરૂપ છે, અનિયત સ્વભાવે દ્રવ્ય ભાસે છે. આહા..હા...! અને આ રીતે ભાસ્યા વિના એને વિકારની પર્યાય કર્મને લઈને છે અને પરને લઈને છે, તો અનિયતસ્વભાવે જીવદ્રવ્ય છે તે એને ખ્યાલમાં નથી આવ્યું. વાત સમજાય છે કાંઈ ? અત્યારે આ મોટી પ્રરૂપણા (ચાલે છે). આહા..હા...! (સંવત) ૧૯૭૧થી આ પ્રશ્ન બહાર આવ્યો છે. ત્યારથી પહેલી સ્થાનકવાસીમાં ગડબડ ઊઠી, પછી શ્વેતાંબરમાં ગડબડ ઊઠી, પછી દિગંબરમાં આવ્યા તો એમાં ગડબડ ઊઠી. એ લોકો કહે, વિકાર કર્મથી જ છે. અહીં તો કહે છે કે અનિયતનયે સ્વભાવે દ્રવ્ય ભાસે છે. સમજાય છે કાંઈ આમાં ?

(એક દિગંબરના વિદ્વાન સાથે) મોટી ચર્ચા (થયેલી). (એ કહે), નહિ, એમ નથી. વિકાર કર્મને લઈને થાય છે. કીધું, બિલકુલ નથી. કીધું, 'પંચાસ્તિકાય'ની ૬૨ ગાથા દેખો. 'પંચાસ્તિકાય' ! એ આ ન્યાયથી. 'અમૃતચંદ્રાચાર્યે' જે ન્યાયે 'પંચાસ્તિકાય'માં લખ્યું છે એ વાત કાઢીને પોતે 'અમૃતચંદ્રાચાર્ય' અહીં કહે છે. આહા..હા...! શું વાત છે ? ભાઈ !

કહે છે કે, ભગવાનઆત્મા આત્મદ્રવ્ય નિયતનયે સ્વભાવ ભાસે છે, એ પણ છે. અને અનિયતનયે તેમાં વિભાવપણે, અનિયતપણે ભાસે છે એ પણ છે. આહા..હા...! પરને લઈને (થાય) એ અપેક્ષા અહીં છે નહિ. ભાઈ ! આવું ઝીણું પડે. એ અનિયતનયે નય છે ને ?

નય એક ધર્મને વિષય કરે છે ને ? અનિયતનયે અનિયત ધર્મને વિષય કરે છે. વિકારપણે દશા પરિણમી એ અનિયતનયે જોનારો અનિયત સ્વભાવ મારો છે એમ જોવે છે. અનિયત સ્વભાવ મારામાં મારાથી છે એમ જોવે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? આમાં મોટો ફેર છે. અત્યારે તો ત્રણે સંપ્રદાયમાં ઇ આખા વાંધા (છે) કે, નહિ, વિકાર થાય એ કર્મથી, પરદ્રવ્યથી થાય. પરદ્રવ્ય ને નિમિત્તને સંબંધ (શું) ? એ તો પરવસ્તુ નિમિત્ત છે. આત્માની પર્યાય વિભાવપણે પરિણમે છે એમાં નિમિત્તને તો અડતુંય નથી. બહુ ઝીણી વાત છે પણ યથાર્થ છે. મુદ્દાની વાત છે, પ્રભુ ! આહા..હા...! પરની સાથે સંબંધ નથી.

તારો પોતાનો પર્યાયધર્મ વિભાવ, અનિયતનયે વિભાવપણે ભાસે છે. એ ભાસે છે તે જ્ઞાન થયું અને એમાં છે તે પદાર્થ થયો અને એવી જ એની વાણી આવે. આચાર્યોની ભાષા એમ આવી છે ને ? જુઓને ! 'પંચાસ્તિકાય' ત્રીજી ગાથા – અર્થસમય, જ્ઞાનસમય, શબ્દસમય. હમણાં પંડિત સાથે વાત કરતાં કાઢ્યું હતું. આહા..હા...! ઇ જ આવ્યું લ્યો ! '(૩) કથનના નિમિત્તે જણાયેલા તે પંચાસ્તિકાયનો જ વસ્તુરૂપે સમવાય અર્થાત્ જથ્થો તે અર્થસમય છે,...' વાણી દ્વારા જણાયેલ. વાણી આવી. (તેના દ્વારા) જણાવ્યા તે અર્થસમય છે. 'એટલે કે સર્વ પદાર્થસમૂહ તે અર્થસમય છે. તેમાં, અહીં જ્ઞાનસમયની પ્રસિદ્ધિ અર્થે ...' (અર્થાત્) તે વસ્તુ જેવી છે તેના જ્ઞાનની પ્રસિદ્ધિ અર્થે 'શબ્દસમયના સંબંધથી અર્થસમય કહેવાનો...' આહા..હા...! શબ્દસમયના સંબંધથી અર્થસમય કહેવાનો – ત્રણે આવી ગયા. જેવો પદાર્થ છે તે અર્થસમય છે અને તેને કહેવાની ભાષા તે શબ્દસમય છે, પણ એ કહેવાની ભાષા જ્ઞાનસંબંધને કહેવા માટે છે. એનું વાસ્તવિક જ્ઞાન કરાવવા માટે કહેવાનો શબ્દ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? સાધારણ લાગશે પણ આ મુદ્દાની વાત છે. અત્યારે મોટા પંડિતોને અહીં ફેર (પડે) છે. (એ વિદ્વાન) સાથે ફેર, (એમણે) પછી વિરોધ કર્યો છે કે, અહીંનું સાહિત્ય ડૂબાડી દ્યો. અને એનો હવે બધા આશરો લ્યે છે કે, (આમની) જેવા કહે છે કે, 'સોનગઢ'નું સાહિત્ય ડૂબાડી દેશે. અરે... ભગવાન ! એ વાત હતી નહિ. એને પોતાને એ ભાસતી નહોતી. નહિ કોઈ પૂર્વના સંસ્કાર, નહિ કોઈ વર્તમાન સત્ય ગુરુ મળ્યા તેથી એની મેળાએ કલ્પનાથી વાંચી પદાર્થના અર્થ કર્યા કે, વિકાર જે છે એ પોતાથી નહિ પણ કર્મથી થાય છે.

અહીં કહે છે કે, વિકાર છે તે અર્થસમયનો પોતાનો અનિયત ધર્મ છે. ભાઈ ! વાત સમજાય છે કાંઈ ? ભગવાનની ભક્તિનો રાગ છે એ રાગ પણ આત્મામાં અનિયત સ્વભાવે

ભાસે છે. એ રાગ કર્મને લઈને થયો નથી તેમ તે રાગ ભગવાનના દર્શન કર્યા માટે થયો, એમ (પણ) નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? એની પર્યાયનો જ અનિયત સ્વભાવ અનિયતનયે ભાસે છે. આવી વાતું ક્યાં (હતી) ? ભાઈ ! વેપારીને આવો નિર્ણય કરવાની નવરાશ ન મળે. આખો દિ' ધંધામાં.

શબ્દો જોયા ? જે વસ્તુ છે, અહીં આત્મદ્રવ્ય (લેવું), ત્યાં છએ દ્રવ્યની વાત છે. અહીં આત્મદ્રવ્ય જે છે તે અર્થસમય છે. તેમાં અહીં જ્ઞાનસમયની પ્રસિદ્ધિ અર્થે, તે આત્મામાં જ્ઞાનની પ્રસિદ્ધિ માટે જેવો એ અનિયત સ્વભાવવાળો વિભાવ છે એવો જે અર્થસમય આત્મદ્રવ્ય છે. આત્મદ્રવ્ય આવ્યું ને માથે ? તે આત્મદ્રવ્ય અનિયતનયે વિભાવપણે ભાસે છે. વિભાવ એનામાં છે એવું ભાસે છે. એવા જ્ઞાનસમયની પ્રસિદ્ધિ. એવા વાસ્તવિક તત્ત્વની પ્રસિદ્ધિ માટે 'શબ્દસમયના અર્થસંબંધથી અર્થસમય કહેવાનો...' આ શબ્દથી આચાર્યોએ જે કીધું છે એ આ અર્થસમયને આ રીતે આત્મદ્રવ્ય છે એમ સમજાવવા માટે. આરે..! શું છે આમાં ? મોટો વાંધો આવ્યો હતો. એટલે આમ જ્યાં કીધું ત્યાં તો એને એમ થઈ ગયું કે, આહા..હા...! આ તો મણમાં પાંચશેરીમાં ભૂલ્યા. એવું એને લાગ્યું. આવું ? વિકાર કર્મથી ન થાય ? કીધું, કર્મથી નહિ, લાખ વાર, અનંત વાર કહીએ છીએ કે કર્મથી ન થાય. કીધું, પાઠ જુઓ ! 'પંચાસ્તિકાય' ૬૨ ગાથા. કર્મના કારક વિના વિકાર પોતાના ષટ્કારકથી પરિણમે છે. ષટ્કારકપણે એવો પાઠ છે. એ અનિયત ધર્મ. આહા..હા...! ભાઈ ! એ અનિયતનયે. આ તો મોટો વાંધો હતો ને એટલે ફરીને લીધું. મૂળમાં વાંધો. (દિગંબરના વિદ્વાન સાથે) વાંધા, 'ઇન્દોર'વાળો મોટો પંડિત હતો એની સાથે વાંધા. ઇ અહીં આવીને પછી કબુલ કરી ગયો કે, વાત સાચી. વળી ત્યાં જાય તો (ફરી જાય). આહા..હા...!

એમાં 'कम्मरएण' આવ્યું છે ને ? ભાઈ ! ભગવાનઆત્મા સર્વજ્ઞ સર્વદર્શી સ્વભાવી હોવા છતાં 'कम्मरएण आच्छादन' એવો પાઠ છે. 'कम्मरएण आच्छादन' એનો અર્થ કર્યો કે, જુઓ ! કર્મના રજથી કર્યું. કીધું, એમ અર્થ નથી, જુઓ તો ખરા અંદર ટીકામાં. પોતાના અપરાધથી ઢંકાયેલું છે, એમ કીધું છે, જુઓ ! આહા.હા...! બાપુ ! આ માર્ગ એમ નથી. એ પોતાના અપરાધથી તે ઢંકાયેલો છે. કર્મરજ શબ્દનો એવો અર્થ 'અમૃતચંદ્રાચાર્યે' કર્યો છે. 'સમયસાર' ૧૬૦ (ગાથા). આ તો 'પ્રવચનસાર' છે. એ લોકો જ્યારે આવ્યા હતા ત્યારે એ ગાથા આવી હતી. '**सव्वणाणदरिसी कम्मरएण**' આ ગાથા (ચાલતી) હતી ને વાંધા ઊઠ્યા. '**कम्मरएण णियेणावच्छण्णो**' જુઓ ! કર્મના રજથી ઢંકાયેલો (છે). કીધું, એનો અર્થ

નથી. જુઓ ! ટીકામાં જુઓ ! 'અમૃતચંદ્રાચાર્ય' (શું કહે છે ?)

'જે પોતે જ જ્ઞાન હોવાને લીધે વિશ્વને (–સર્વ પદાર્થોને) સામાન્યવિશેષપણે જાણવાના સ્વભાવવાળું છે એવું જ્ઞાન અર્થાત્ આત્મદ્રવ્ય,...' જોયું ? એવું જ્ઞાન એટલે આત્મદ્રવ્ય. 'અનાદિ કાળથી પોતાના પુરુષાર્થના અપરાધથી...' 'અમૃતચંદ્રાચાર્યે' કર્મરજનો અર્થ એવો કર્યો છે. પણ એ વાત અત્યારે હિન્દુસ્તાનમાં નહોતી. આહા..હા...! આ 'સમયસાર' છે, આપણે તો 'પ્રવચનસાર' ચાલે છે. 'સમયસાર'ની ૧૬૦ ગાથા. 'પોતાના પુરુષાર્થના અપરાધથી પ્રવર્તતા એવા કર્મમળ વડે લેપાયું...' પુરુષાર્થનો જે ઊંધો ભાવ (છે), એનાથી લેપાયું છે. આ..હા..હા...! કર્મ તો પરદ્રવ્ય છે, જડ છે. જડને તો એક દ્રવ્ય અડતું પણ નથી. જડ આને અડતું નથી, આ એને અડતું નથી. આહા..હા...! અને પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયને સ્પર્શે છે એનો અર્થ એ થયો કે વિકારી પર્યાય કે અવિકારી પર્યાય કે અવિકાર ગુણ, દ્રવ્ય તેને તે દ્રવ્ય સ્પર્શે છે. આહા..હા...! આવી વાતું આવી. મૂળ વાત સત્ય આ છે અને સત્યનું તેવું જ જ્ઞાન સત્ય થવું જોઈએ અને તેવું જ જ્ઞાન સત્ય થાય તો તે વાણી સત્ય આવવી જોઈએ.

અત્યારે તો આખી એ પ્રરૂપણા ચાલે છે, બસ ! કર્મને લઈને વિકાર થાય. શ્વેતાંબર તો કહે જ. શ્વેતાંબરના (એક સાધુ) સાથે મોટી ચર્ચા થઈ. (એક ભાઈ) અહીંનું સાંભળીને તૈયાર થયેલા પછી ત્યાં કહ્યું કે, ચર્ચા કરો. તો (સાધુએ કહ્યું) કે, તમને કર્મથી વિકાર થાય એ પહેલું માન્ય છે ? આ કહે કે, ના, અમારે (માન્ય) નથી. એટલે આખો શ્વેતાંબર સંપ્રદાય કર્મથી વિકાર થાય એ માનનારો તદ્દન વિરુદ્ધ દૃષ્ટિવાળો છે. પણ આ તો દિગંબરમાં એવા લાકડાં ગરી ગયા. અને વાણિયા સાંભળનારને કંઈ ખબર ન મળે. માથે કહે ઇ, જય નારાયણ ! પંડિત છે ને ? સાધુ છે ને ? જય નારાયણ !

મુમુક્ષુ :– ....

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઇ તો હવે કહે છે, પહેલા બધા વિરોધ કરે છે. એવું હવે કેટલાક કહે છે. (દિગંબરના વિદ્વાને) તો મોટો વિરોધ કર્યો. 'કલકત્તા' કાગળ (આવ્યો) હતો કે, આ લોકો વિકાર કર્મથી થતો નથી (એમ કહે છે) તો સ્વભાવ થઈ જાય છે. અમને તદ્દન વિરોધ છે. (એક જણને ત્યાં) આહાર કર્યો (હતો). (બીજા એક 'કલકત્તા'ના ભાઈ) છે એને બહુ પ્રેમ છે, ઘણો પ્રેમ. અહીંના ધર્મને માટે, પ્રભાવના માટે ચારે કોર ફરે છે. 'અજમેર'માં શિક્ષણ શિબિર થઈ તો પંદર લાખનું મકાન લીધું હતું. પૈસા ઘણા આપ્યા હતા. એ પંદર લાખનું અત્યારે એક કરોડનું છે. એક કરોડનું ! શિક્ષણ શિબિરવાળાને ત્યાં સુધી કહ્યું કે,

'ટોડરમલ સ્મારક ભવન'માં જેમ સંસ્કાર છે એવા સંસ્કાર જો અહીં કરો તો આ કરોડનું મકાન આપી દઉં. દસ લાખ રૂપિયા બીજા આપું. પણ 'ટોડરમલ'નું જેવું 'જયપુર'માં થયું એવું અહીં કરો. એટલો એને પ્રેમ છે. આવી સત્ય પ્રભાવના કેમ થાય ? એવી એની વાત છે.

અહીં કહે છે, આ..હા..હા...! પોતાના અપરાધથી પ્રવર્તતા. 'कम्मरएण'નો અર્થ એ કર્યો, કર્મમેલ ઇ. ભાવકર્મનો મેલ, તેનાથી લેપાયેલો. આહા..હા...! તે દિ' કહ્યું હતું. પહેલી સાલમાં જ્યારે આવ્યા, સંવત ૨૦૦૧ની સાલ. ૩૪ વર્ષ થયા. અહીંયાં આવ્યા હતા. (બીજા વિદ્વાને) સાંભળ્યું નહોતું એને ખળભળાટ.. ખળભળાટ કરવા માંડ્યા. કીધું, પણ આ ટીકા તો જુઓ તમે ! પાઠનો અર્થ 'અમૃતચંદ્રાચાર્ય' મુનિરાજ પોતે શબ્દના અર્થ જે કરે છે એ તો જુઓ ! પંચ મહાવર્તધારી છે એ સત્ય અર્થ કરે છે. એ સત્ય સ્વરૂપ એવું છે. એવું જેવું જાણ્યું છે અને તેવો તેનો ભાવ વાણીમાં આવે છે. વાત સમજાય છે કાંઈ ? આહા..હા...!

અર્થસમય તેની જ્ઞાનસમયની પ્રસિદ્ધિ અર્થે – તેના જ્ઞાન માટે શબ્દસમયથી કહેવામાં આવે છે. આમ ત્રણે એક થઈ જવું જોઈએ. જેવો એનો વિકારી પર્યાયમાં અનિયત સ્વભાવ છે એવો એ અર્થસમય આત્મદ્રવ્ય છે. આત્મદ્રવ્ય કીધું ને આ ? અને તેવું તેનું જ્ઞાન થવું જોઈએ. તેવું તેનું જ્ઞાન થાય તો યથાર્થ જ્ઞાન છે. કર્મથી વિકાર થાય એમ માને તો યથાર્થ અર્થસમયનું જ્ઞાન નથી અને તેવું જ્ઞાન હોય તો એની ભાષામાં એ જ આવે કે, વિકાર પર્યાય પોતાની યોગ્યતાનો ધર્મ પોતે ધારી રાખ્યો છે. છે આ ? અનંત ધર્મોને ધારી રાખેલો અધિષ્ઠાન પોતે છે. પહેલા આવ્યું હતું ને ? અનંત ધર્મોને ધારી રાખેલો ભગવાનઆત્મા. અનંત ધર્મમાં વિકાર પણ છે. આરે.. આરે...! ભાઈ ! આ તો પરમાત્મા (ફરમાવે છે). આહા..હા...!

ત્યાં તો પંચાસ્તિકાયનું સ્વરૂપ છે ને ? ભાઈ ! પંચાસ્તિકાય છે એ આખો અર્થસમય છે. સમવાય લીધો છે ને ? ત્રીજી ગાથામાં 'સમવાય' શબ્દ લીધો છે. એમાં અર્થસમય આત્મા પણ ભેગો આવી ગયો. હવે આપણે અર્થ કરીએ તો, 'આત્મદ્રવ્ય અનિયતિનયે અનિયત સ્વભાવે ભાસે છે,..' જ્ઞાનમાં વિભાવ છે તે અનિયતનયે તે વસ્તુ એવી ભાસે છે એટલે જ્ઞાન એવું થાય છે. આમ સાધારણ વાત નથી, પણ બાપુ ! મોટી વાત છે આ. શ્વેતાંબરમાં તો '....' આત્મા કર્મનો કર્તા અને આત્મા કર્મનો ભોક્તા, સુખ-દુઃખનો કર્તા અને ભોક્તા. કાંઈ ઠેકાણું ન મળે. ઝીણી વાત છે, ભાઈ !

અહીં કહે છે, 'આત્મદ્રવ્ય...' (તે) અર્થસમય – આત્મસમય 'અનિયતિનયે અનિયત સ્વભાવે ભાસે છે,...' ઇ ભાસે આવ્યું. જેવો એનો સ્વભાવ છે તેવું જ જ્ઞાન ભાસે છે પણ જ્ઞાન(માં) એમ ભાસે કે, વિકાર એનામાં નથી, કર્મને લઈને છે તો અનિયત સ્વભાવ એને ભાસ્યો નથી. એ પદાર્થનો અનિયત પર્યાયધર્મ છે તેની ખબર નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? આ..હા...! આવી વાતમાં શું હશે ? આટલો ફેર છે. એના શબ્દસમયમાં ફેર છે. સમજાણું કાંઈ ? એના શબ્દમાં એ નીકળે છે, કર્મને લઈને વિકાર થાય તો એ શબ્દસમય જૂઠો છે. આહા..હા...! આવી વાતું છે. શું ફેર છે ? બાપુ ! આ..હા...!

આત્માના દ્રવ્ય, ગુણ ને પર્યાયની મર્યાદામાં એ વિકાર છે, એ પરમાં નથી. એની પર્યાયનું આંગણું છે તેમાં વિકાર છે. આ..હા...! એ વિકારનો ધર્મ આત્માએ ધારી રાખ્યો છે. સમજાય છે કાંઈ ? એવું ભાસે છે, એવું જે જ્ઞાન થાય ત્યારે તેના શબ્દસમયમાં એવું જ આવે કે, આત્માનો વિકારી ધર્મ પર્યાય આત્મામાં છે, આત્માથી છે, આત્માએ ધારી રાખ્યો છે, કર્મથી નહિ. એ એની પ્રરૂપણા શબ્દસમયમાં આ આવે. પણ જે શબ્દસમયમાં પ્રરૂપણા ઊંધી આવે કે, વિકાર કર્મને લઈને થાય, આત્માને લઈને નહિ, તો એ એના શબ્દસમય જૂઠા છે, એનું જ્ઞાન પણ જૂઠું છે, પદાર્થ એવો છે નહિ. સમજાણું કાંઈ ? લ્યો ! અડધો કલાક તો આ ચાલ્યું તમારું.

'જેને ઉષ્ણતા નિયતિથી (–નિયમ વડે) નિયમિત નથી એવા પાણીની માફક.' શું કીધું ? 'આત્મા અનિયતિનયે અનિયતસ્વભાવવાળો ભાસે છે, જેમ પાણીને (અગ્નિના નિમિત્તે થતી) ઉષ્ણતા અનિયત હોવાથી...' પાણીની ઉષ્ણતા અનિયત છે. એનું ઠંડાપણું તે નિયત છે, ઉષ્ણપણું એનામાં પોતામાં અનિયતિ છે. એ રીતે આત્મામાં વિકારી પર્યાય અનિયતપણે પોતામાં છે એમ ભાસે છે. આહા..હા...! એ ૨૭ (નય) થઈ. (હવે) ૨૮.

'આત્મદ્રવ્ય...' હવે બીજો ધર્મ. આ પણ એનો ધર્મ છે. ધર્મ એટલે ધારી રાખેલો ભાવ. 'આત્મદ્રવ્ય સ્વભાવનયે...' એનો સ્વભાવ જોઈએ તો 'સંસ્કારને નિરર્થક કરનારું છે...' આહા..હા...! એવો પણ એક એનો ધારી રાખેલો ધર્મ છે. સંસ્કાર એટલે કે સાંભળી સાંભળીને અંદર સંસ્કાર નાખવા, એમ નથી. એનો સ્વભાવ જ એવો છે. સંસ્કાર વાત પછી કહેશે પણ પહેલી આ વાત કહ્યા પછી ઇ નાખશે. આહા..હા...! સ્વભાવ જ એનો એવો છે કે, સાંભળીને સંસ્કાર પડે એવો એનો સ્વભાવ જ નથી. એ આ એક ધર્મ છે. આહા..હા...! એમ કહેવાય છે કે નહિ, સંસ્કાર તો કરો. પણ એ સંસ્કાર કરો એ એક બીજી નય છે.

આ એક નયમાં સંસ્કાર એને કામ કરતા નથી એવી એક નય છે. આરે...! આવી વાતું. પરસ્પર વિરુદ્ધ. એવો પરસ્પર વિરુદ્ધ જ એનો સ્વભાવ છે. પર્યાયનો, હોં !

'આત્મદ્રવ્ય સ્વભાવનયે...' આ સમજાય એવું છે, બાપુ ! દીકરી, દીકરાઓ, માતા, છોકરાઓ પણ આત્મા છે ને પ્રભુ અંદર ! એમ ન સમજવું કે અમે આઠ છોકરા ન સમજી શકીએ, બાયડી છે ને છોકરા છે. ભગવાન ! (તું) આત્મા છો, પ્રભુ ! આત્મદ્રવ્ય છો ! આહા..હા...! એ આત્મદ્રવ્યનો એવો એક સ્વભાવ છે કે 'સંસ્કારને નિરર્થક કરનારું છે...' આહા..હા...! એનો સ્વભાવ જ સીધો પ્રગટ થાય છે ત્યાં સંસ્કાર શું કરે ? કહે છે. '(આત્માને સ્વભાવનયે સંસ્કાર નિરુપયોગી છે),...' આહા..હા...! એમ કહેવાય ને કે, ભઈ ! પૂર્વના કંઈક સંસ્કાર હતા તો એકદમ સમજવામાં આવ્યું. પણ અહીં કહે છે કે, આ એક નયે ઇ વાત સાચી નથી. આહા..હા...!

ઇ બેય નયનો ધર્મ એક સમયમાં છે. કો'કને સ્વભાવ સંસ્કાર છે અને કો'કને સ્વભાવ સંસ્કાર નથી, એમ નહિ. કોઈને સ્વભાવના સંસ્કાર છે અને કોઈને (નથી, એમ નહિ). એક જ જીવમાં બે પ્રકાર છે. આવો ધર્મ ! આહા..હા...! 'આત્મદ્રવ્ય સ્વભાવનયે સંસ્કારને નિરર્થક કરનારું છે (અર્થાત્ આત્માને સ્વભાવનયે સંસ્કાર નિરુપયોગી છે). જેને કોઈથી અણી કાઢવામાં આવતી નથી (પણ જે સ્વભાવથી જ અણીવાળો હોય છે) એવા તીક્ષ્ણ કાંટાની માફક.' તીક્ષ્ણ કાંટો. આ બોરડી કાંટા આવે છે ને ? સીધા અંદરથી આવે. આમ એને અણીની જરૂર પડતી નથી. સાધુ સોય ન રાખે, એ રાખે. બોરડીના ઝીણા કાંટા આવે છે, બહુ ઝીણા. એ કુદરતના બોરના, અહીં બહાર છે. બહુ કઠણ, અણીદાર. એ અણી કરી છે તો અણી થઈ છે એમ નથી. એ તો એનો અણીનો સ્વભાવ જ છે કે જેને બીજી અણી કરવી પડતી નથી. આહા..હા...! સ્વભાવનયે 'કોઈથી અણી કાઢવામાં આવતી નથી (પણ જે સ્વભાવથી જ અણીવાળો હોય છે) એવા તીક્ષ્ણ કાંટાની માફક.' તીક્ષ્ણ કાંટો. બોરડ કાંટો હોય છે. ત્યારે રાખતા. સોય નહોતા રાખતા ત્યારે ઇ રાખતા. હવે તો સોય રાખે છે. પહેલા સંપ્રદાયમાં ઇ રાખતા. બોરડીનો ઝીણો ધોળો અણીવાળો (કાંટો). એ કુદરતી હોય છે. અહીં આપણે બહાર બહુ છે. આ..હા...!

એમ ભગવાનઆત્મા, જેમ તીખો અણીવાલો જેમ કાંટો સ્વતઃ છે એમ એનો સ્વભાવ સ્વતઃ તીખો પ્રગટ થાય એવો છે. એને કોઈ સંસ્કારની જરૂર નથી. આહા..હા...! સાંભળે તો મળે એવો નથી, એમ કહે છે. આહા..હા...! એને બહુ દેશના લબ્ધિ મળે ત્યારે તેને

સ્વભાવની પ્રાપ્તિ થાય એમ છે જ નહિ, એમ કહે છે. આહા..હા...! સહજાત્મસ્વરૂપ ભગવાનઆત્મા જેની નિર્મળ પરિણતિ થવી એ તો એનું સ્વરૂપ જ છે. એને સંસ્કાર ત્યાં નિરર્થક અને નિરુપયોગી થઈ પડે છે. આહા..હા...! સમજાણું કાંઈ આમાં ? આવી વાતું હવે. આ તો સમ્યક્જ્ઞાનની વાતું છે, બાપુ ! આહા..હા...! કેમકે જેવું દ્રવ્ય છે તેવું જ્ઞાન થાય તો તે સમ્યક્જ્ઞાન કહેવાય. એનાથી ઓછું, અધિક, વિપરીત કરે તો એ સમ્યક્જ્ઞાન નથી. જેવું જ્ઞેય દ્રવ્ય છે તેવું જ જ્ઞાન થાય તો તે જ્ઞાનને સમ્યક્ કહેવાય. તો એ જ્ઞાનસમય, શબ્દસમય, અર્થસમય (એક થયા) અને તેવી જ એની પ્રરૂપણામાં શબ્દસમય આવે. આહા..હા...! આવી વાતું છે. માટે વસ્તુ આત્મા દ્રવ્ય, ગુણ ને પર્યાયપણે કઈ રીતે છે તેનું એને યથાર્થ જ્ઞાન કરવું જોઈએ.

દૃષ્ટિનો વિષય દ્રવ્ય છે પણ જ્ઞાનમાં દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણે જ્ઞાનના વિષય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એ વસ્તુમાં જેટલી જે સ્થિતિ છે તેનાથી ઓછું, અધિક ને વિપરીત જ્ઞાન કરે તો જ્ઞાન વિપરીત થાય પણ વસ્તુ વિપરીત નહિ થાય. શું કીધું ઇ ? એનું જ્ઞાન ભલે ઇ વિપરીત કરે પણ વસ્તુમાં વિપરીતતા નહિ. વસ્તુ તો જે છે તે જ તેમાં રહેવાની. આહા..હા...! અને અહીં તો જેવું વસ્તુ સ્વરૂપ છે તેવું જ જ્ઞાનમાં ભાસે છે, એમ કહ્યું ને ? આ..હા...! છે ને ? એ સ્વભાવ એવા તીક્ષ્ણ કાંટાની માફક તેવો જ ભાસે. ઓલામાં ભાસે છે એમ હતું ને ? ત્યાં અનિયત સ્વભાવે ભાસે છે. અનિયત એટલે વિભાવ સ્વભાવ.

અહીં તો 'આત્મદ્રવ્ય સ્વભાવનયે સંસ્કારને નિરર્થક કરનારું છે...' આહા..હા...! અરે...! ઝીણી વાત ભગવાન ! એની કાંઈ ખબરું ન મળે. આત્મા કર્મ કરે ને આત્મા કર્મને ભોગવે, જડને કરે ને જડને ભોગવે. અરે...! ભ્રમણા છે. આહા..હા...! જેવા કર્મ બાંધ્યા એવા ફળ ભોગવવા, બાપા ! એમ કહે. પણ એ વાત જ (ખોટી છે). જડને બાંધતો પણ નથી અને જડને ભોગવતો પણ નથી. એ તો વિકારી પર્યાયને કરે અને વિકારી પર્યાયને તે જ કાળે વેદે. એવો જ તે દ્રવ્યનો પર્યાય અનિત્ય સ્વભાવ છે અને સ્વભાવ તરીકે જોવો તો તેમાં તે સંસ્કાર નાખવા નિષ્ફળ છે. આહા..હા...! સ્વતઃ સહજ પરમાત્મા દ્રવ્ય, ગુણ ને પર્યાયે જ્યાં શુદ્ધપણે પરિણમે છે એના પરિણમનને બહારના સંસ્કાર નિરર્થક જાય છે, એમ કહે છે. 'તીક્ષ્ણ કાંટાની માફક.' હવે એનાથી સામે (બીજી નય). એ એક સમયે બેય છે, હોં ! કો'કને સ્વભાવનયે અને કો'કને સંસ્કારનયે એમ નહિ. આહા..હા...! ઓલામાં પણ એમ કહ્યું, નિયત કો'કનો સ્વભાવ અને અનિયત કો'કનો સ્વભાવ, એમ નહિ. એનોને એનો

નિયત સ્વભાવ અને એનોને એનો અનિયત સ્વભાવ. આવી વાત છે ભારે, ભાઈ !

૨૯. 'આત્મદ્રવ્ય અસ્વભાવનયે સંસ્કારને સાર્થક કરનારું છે...' એવો પણ એક યોગ્યતાનો ધર્મ ગણ્યો છે. આ..હા...! સાંભળતા અંદર જ્ઞાનમાં સંસ્કાર પડે છે કે આ શુદ્ધ છે, પવિત્ર છે, દ્રવ્ય સ્વભાવ પરિપૂર્ણ છે એવા સંસ્કાર પડે છે. એ સંસ્કારનું થવું એવો એક એનો યોગ્યતાનો ધર્મ છે. જે સમયે સ્વભાવ સંસ્કારને નિરર્થક કરનારું છે તે જ સમયે સંસ્કારને સાર્થક કરનારું છે. આ..હા...! આવી વાતું.

પ્રશ્ન :– અમારે શું કરવું ?

સમાધાન :– કરવાનું આ. જેમ છે તેમ પહેલું સમજવું. એને સમજવું અને જેમ છે તેમ એને માનવું અને જેમ છે તેમાં ઠરવું. આહા..હા...! ભારે આકરું કામ, બાપુ ! જગત અત્યારે બહાર પ્રવૃત્તિમાં બહારમાં કૂદી પડ્યું છે. આ..હા..હા...! વ્રત કરો ને અપવાસ કરો ને પૂજા કરો, ભક્તિ કરો કાં ભગવાનનો ચમત્કાર થઈ ગયો છે ને આમાં પાણી ઝર્યું છે ને.. બધી કલ્પનાની વાતું. એ બધી રાગની ક્રિયાઓને બતાવીને આત્મામાં ધર્મ થાય એમ બતાવવું છે. આહા..હા...!

ચૈતન્ય ચમત્કાર જ પોતે એવો છે. જેને પોતાના સ્વભાવથી અંદર પરિણતિ પ્રગટ થાય છે અને તેના પર્યાયમાં એક એવો પણ ધર્મ છે કે દેવ, ગુરુ ને શાસ્ત્ર, દેવ-ગુરુને સાંભળતા સંસ્કાર પડે એવો પણ એક ધર્મ છે. આહા..હા...! સમજાય છે આમાં ? આમાં ધર્મ શું ? બાપુ ! ધર્મ એને કહીએ કે, જે સત્ય વસ્તુ જે રીતે છે તેનું જ્ઞાન કરે, તેની શ્રદ્ધા કરે અને તેમાં ઠરે એનું નામ ધર્મ. ધર્મ કોઈ બહારથી ક્રિયા કરે ને રાગ કરે, ભક્તિ કરે એ ધર્મ નહિ. સમજાણું કાંઈ ? સત્ય ધર્મમાં એવું આવે ને ? બરાબર બોલવું, સત્ય બોલવું. પણ સત્ય બોલવું એ તો બોલવાની ભાષા તો જડ છે અને સત્ય બોલવાનો ભાવ છે એ તો વિકલ્પ છે. એ ધર્મ ક્યાંથી આવ્યો ? સમજાણું કાંઈ ? દસ પ્રકારમાં સત્ય ધર્મ આવે છે ને ? સત્ય એવું જે સ્વરૂપ, ભગવાનઆત્મા, એનું જેવું દ્રવ્ય, ગુણ ને પર્યાયનું સત્ સ્વરૂપ છે તેવું જાણવું, માનવું ને એમાં ઠરવું એનું નામ સત્ય ધર્મ છે. સત્ય બોલવું એ તો પંચ મહાવ્રતની ક્રિયાનો રાગ છે. આહા..હા...! આવી વાતું બહુ આકરી પડે જગતને. આ..હા...!

'અસ્વભાવનયે સંસ્કારને નિરર્થક કરનારું છે (અર્થાત્ આત્માને અસ્વભાવનયે સંસ્કાર ઉપયોગી છે), જેને (સ્વભાવથી અણી હોતી નથી પણ સંસ્કાર કરીને) લુહાર વડે અણી

કાઢવામાં આવી હોય છે...' લોઢાને. 'એવા તીક્ષ્ણ તીરની માફક.' અણી કાઢવામાં આવી (હોય છે) એવા તીક્ષ્ણ તીરની માફક. અને અણી કાઢવામાં આવતી નથી એવા તીક્ષ્ણ કાંટાની માફક સ્વભાવનયે. એવો એક ધર્મ એમાં ગણ્યો છે. આ..હા...! અનેકાંત છે ને એટલે એક સમયમાં આ અનંત ધર્મો છે, હોં ! કોઈને આમ સ્વભાવનયે થાય અને કોઈને સંસ્કારનયે થાય, એમ નથી. અરે...! આવી વાતું. આહા..હા...! ઇ નિમિત્ત છે એમાંથી સંસ્કાર પડ્યા એ નિમિત્તથી નથી પડ્યા. એનો સંસ્કારનો એક ધર્મ છે માટે પડ્યા છે. એમ કહે છે ને ? એનો ધર્મ કહે છે ને ? ભાઈ ! શું કીધું ? નિમિત્તથી પડ્યા છે એ નહિ, એનો પોતાનો એ સ્વભાવ (છે), આવો સ્વભાવ છે. ઝીણી વાત, બાપુ ! આહા..હા...!

સત્યને સત્ય રીતે જ્ઞાન થવા અને તેની શ્રદ્ધા થવી, તેવી એની વાણી થવી એ તો અલૌકિક વાતું છે. આ..હા...! ભગવાન વીતરાગ ત્રણલોકના નાથે આ ફરમાવ્યું અને એનાથી કંઈપણ ફેરાફર થાય તો એનું જ્ઞાન જૂઠું, શ્રદ્ધા જૂઠી અને વાણી જૂઠી (છે). પણ એટલું બધું કોણ તપાસે ? આહા..હા...! કપડું જોવે તો બરાબર જોવે, ક્યાંય ગાંઠ નથી પડીને તાણાવાણામાં ? વણતા વણતા જરી ગાંઠ પડી જાય ને ! સરખું જોવું પડે. એમાં એકેએક તપાસે, માળો ! હવે એમાં ખોટ જાય તો બે, દસ, પચીસ રૂપિયાની, એમાં છે શું ? પણ આ આખી મિથ્યાત્વની ખોટ જાય છે (એ જોતો નથી).

ભગવાન જેવો એના સ્વભાવનયે અને અનિયતનયે તે છે એ રીતે ન જાણતા કાંઈક ગડબડ કરીને બીજી રીતે જાણવું.. આહા..હા...! એ એણે આત્માને લેવા માટે આત્માની સ્થિતિ જાણી જ નથી. આત્માને પ્રાપ્ત કરવા માટે આત્માની સ્થિત શું છે એ તેણે જાણી નથી. સમજાણું કાંઈ ? કહો, ભાઈ ! તમારા રૂપિયામાં ક્યાં આ વાત આવે ? સલવાણા છે બધાય ત્યાં. આહા..હા...! રૂપિયાને આત્મા અડતોય નથી ને ! ફક્ત એનામાં ધર્મી હોય તો રાગનો પરિણામ થાય, અજ્ઞાનીને તો એકલા રાગના પરિણામ જ એના છે અને ધર્મીને તો રાગના પરિણામ અને અરાગી પરિણામ બેય સાથે ઊભા છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

ધર્મી જીવને તો જેટલો દ્રવ્યનો આશ્રય લીધો છે એટલી નિર્મળ પર્યાય છે અને તેમાં જેટલો હજી પરલક્ષી ભાવ છે એટલો અનિર્મળ (ભાવ છે), એવા એના પર્યાયમાં બે ભાગ છે. કેવળીને એક છે, મિથ્યાદૃષ્ટિને એક દુઃખ છે, આને બે (ભાવ) છે. જેટલા અંશ દ્રવ્યનો આશ્રય લીધો તે ધર્મ છે અને તે જ વખતે જેટલો નિમિત્તને લક્ષે જે ભાવ કરે છે, પોતે

પોતાથી કરે છે તેટલું તેને દુઃખ છે. અનિયત સ્વભાવ છે. આહા..હા...! સુખ થવું એ તો નિયત સ્વભાવ છે અને દુઃખ થવું એ અનિયત છે. એ દુઃખ ન જ્ઞાનીને ન જ હોય તો એ દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણતો નથી. આહા..હા...!

(એક મુમુક્ષુ) સાથે આ મોટો વાંધો આવ્યો હતો ને ? 'સહરાનપુર'. ઘણા વખતથી આવતા. વરસોવરસ (આવતા). હા, હા કરે. પણ બધી વાતું ઉપરની બહારની, મૂળ જ્યાં વાત આવી ત્યાં ફરી ગયા.. ફડાક ! જ્ઞાનીને દુઃખ હોય નહિ. ભઠ્ઠી જેવો રાગ એને લાગે એ હોય નહિ (એમ કહેતા હતા). નહિતર કેટલા વખતથી નિવૃત્તિથી સાંભળતા, વાંચતા. અંતે પાછળથી ગોટા ઉઠ્યા. મૂળ વસ્તુને જાણી નહિ એટલે અંદર ગોટો ઊઠ્યો.

અહીં તો કહે છે કે, સ્વભાવનયે એ પણ એક એનો ધર્મ છે અને અસ્વભાવનયે એવો પણ એક એનો પોતાનો ધર્મ છે. પરને લઈને સંસ્કાર પડે એમ નહિ. સંસ્કાર પોતામાં પડે ઇ પોતાનો એક ધર્મ છે. અરે...! અરે...! આવી વાતું. ૨૯ (નય) થઈ.

હવે આ મુખ્ય નય, આમાં વાંધા આવે છે. 'આત્મદ્રવ્ય કાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખે છે...' જે સમયે મુક્તિ થવાની તે કાળનય છે, ઇ કાળલબ્ધિ છે. સમજાણું કાંઈ ? 'કાળનયે જેની મુક્તિ સમય પર આધાર રાખે છે...' એનો સમય આવે ત્યારે જ મુક્તિ થાય એવું છે. 'ઉનાળાના દિવસ અનુસાર પાકતા આમ્રફળની માફક...' આહા..હા...! છે ને ? 'ઉનાળાના દિવસ અનુસાર પાકતા આમ્રફળ...' આમ્રફળ પાકી જાય છે. ત્યાંને ત્યાં પીળા થઈ જાય છે ને ? એમ કાળનયે મુક્તિનો સમય આવે ત્યારે એની મુક્તિ થાય છે. 'ઉનાળાના દિવસ અનુસાર...' દિવસ અનુસાર (એટલે) કાળ અનુસારે 'પાકતા આમ્રફળ...' એટલે કોઈ નિમિત્તથી નહિ. પછી બીજું આવશે. કેરીને પછી ઘાસમાં નાખે છે ને ? ઇ પછી કહેશે.

'આત્મદ્રવ્ય કાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખે છે એવું છે, ઉનાળાના દિવસ અનુસાર પાકતા...' ઉનાળાના દિવસ અનુસાર પાકતા, એ કાળ અનુસાર. તેનો કાળ જ એવો છે કે તે વખતે કેરી પાકે. આહા..હા...! '(કાળનયે આત્મદ્રવ્યની સિદ્ધિ સમય પર આધાર રાખે છે, ઉનાળાના દિવસ અનુસાર પાકતી કેરીની માફક).' લ્યો ! આ..હા...!

હવે કાળનયની સાથે અકાળનય કીધી. 'જેની સિદ્ધિ સમય પર આધાર રાખતી નથી...' તે જ સમયે થાય, તેટલા સમયનો આધાર નથી. ભેગો સ્વભાવ, પુરુષાર્થ આદિ પણ ભેગું છે, એ અકાળનય (છે). સમજાણું કાંઈ ? એ કહ્યું હતું નહિ ? .... 'ગજપંથા' મળ્યા હતા,

અમે જાત્રાએ ગયા ત્યારે મળ્યા હતા. રાત્રે આવ્યા હતા. સવારે જાત્રા કરી ને પછી બપોરે .... સવારમાં આવેલા પણ પછી વાતચીત કંઈ થઈ નહિ અને લોકો પાસે વાતું મોટી કરે. શ્વેતાંબર હતું તે છોડી દીધું. પછી હું મેડી ઉપર ગયો. કીધું, આ શું છે ? થોડી વાતચીત કરીએ, એનું હૃદય શું છે ? બારણું બંધ હતું, અંદર બેઠા હતા. ઉઘાડ્યું, ઉઠ-બેસ કરીને પોતે પગે લાગ્યો. મેં પૂછ્યું પાઠમાં, શાસ્ત્રમાં એમ આવે છે કે, કાળે મોક્ષ થાય અને અકાળે મોક્ષ થાય. કાળે મોક્ષ થાય, એમ પાઠ નથી. એ સમજી ગયો કે આ મને પકડશે. એટલે એણે કીધું, મેં ઇ વિચાર્યું નથી.

કાળ અને અકાળ બેય છે. અકાળનો અર્થ બીજો કાળ એમ નથી. અકાળનો અર્થ કાળ સિવાયના સ્વભાવ, પુરુષાર્થ, ભવિતવ્યાત વગેરે સાથે હોય છે તેને અકાળનય કહેવામાં આવે છે. છે તો તે જ કાળે મુક્તિ પણ તે જ કાળે અકાળ નામ સ્વભાવ અને પુરુષાર્થ ભેગા છે માટે અકાળ કહેવામાં આવે છે. એકલો કાળ જ સાથે છે (એમ નહિ), એની સાથે સ્વભાવ, પુરુષાર્થ ભેગો છે. અરે...! સમજાણું આમાં ? મુક્તિનો સમય છે તે જ સમયે મુક્તિ થશે. અકાળનો અર્થ એવો નથી કે એનો સમય આઘોપાછો થાય. આમાં – 'ભગવતી આરાધના'માં લેખ છે. સમજાણું ? એમાંથી નાખે છે કે, જુઓ ! આમાં આમ છે. અકાળમૃત્યુ છે અને બીજી પણ કાંઈક વાત કરી છે. મગજમાં હતું. એક 'ભગવતી આરાધના' છે. એ એક શબ્દ છે એમાંથી કાઢે છે કે, જુઓ ! આમાં અકાળનયની વાત છે. પુરુષાર્થથી થાય એ સિવાય એનાથી ન થાય, કાળે થાય એવું નથી. એનો જવાબ આપ્યો હતો. ભૂલી ગયા, એનો મોટો પાઠ છે કે, જુઓ ! આ મુક્તિ કાળ પાક્યા વિના પણ થાય છે. એવું એમાં કહ્યું છે. એનો જવાબ પછી (એક વિદ્વાને) આપ્યો છે. 'તત્ત્વજ્ઞાન મિમાંસા'માં. એ તો સાધારણ વાત છે. બધું યાદ રહે નહિ, આ તો ભાવ યાદ રહે.

મુમુક્ષુ :– પાંચ સમવાય તો હોય છે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– પાંચ સમવાય ભેગા કીધાં પણ કાળનયે પણ બરાબર અને અકાળ એટલે બીજા સમવાય એનું નામ અકાળ. બીજા ચારે ભાવ સાથે છે એનું નામ અકાળ. અકાળ એટલે આઘોપાછો કાળ એમ નહિ. 'તત્ત્વાર્થ રાજવાર્તિક'માં કે એમાં છે. આ રીતે જુઓ આમ કરે તો આમ થાય ને આમ કરે તો આમ થાય. એમ શબ્દ છે. એ તો ત્યાં આગળ વસ્તુ બતાવવી છે. કાળફેરે થાય એમ નથી ત્યાં પણ. ભાવ તો જે સમયે છે તે જ સમયે છે. 'જૈનતત્ત્વ મિમાંસા'માં (જવાબ) આપ્યો છે. આનો નહિ, આ સમુચ્ચય ભાવનો

ઉત્તર આપ્યો છે. 'જૈનતત્ત્વ મિમાંસા'માં છે. નવામાં પણ છે અને જૂનામાં પણ છે. આહા..હા...!

'અકાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખતી નથી...' એટલે માણસ એમ માની લે કે, આ જ કાળે થાય એમ નહિ. એમ નથી અહીં (કહેવું), કાળ તો તે જ સમય છે પણ એકલા કાળના સમયનો આધાર એને નથી. 'કૃત્રિમ ગરમીથી પકવવામાં આવતા આમ્રફળ...' આંબાને – કેરીને પકાવે છે ને ? એમ એવી એક યોગ્યતા છે. સમજાણું કાંઈ ? કે, સ્વભાવ અને પુરુષાર્થથી પણ થાય, એકલા કાળથી થાય એમ નહિ. સ્વભાવ અને પુરુષાર્થ પણ હોય એથી એને અકાળનય કહેવામાં આવી. કાળનો ફેરફાર છે એ નહિ. ઇ ધ્યાન રાખજો, હોં ! ભાઈ ! 'જૈનતત્ત્વ મિમાંસા'માં ઉત્તર આપ્યો છે. ઓલાએ કીધું, જુઓ ! આમાં આમ છે. એટલે (આ વિદ્વાને) એનો ઉત્તર આપ્યો છે. વિશેષ કહેવાશે....

શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !

**अकालनयेन कृत्रिमोष्मपाच्यमानसहकारफलवत्समयानायत्तसिद्धिः ३१। पुरुषकारनयेन पुरुषकारोपलब्धमधुकुक्कुटीकपुरुषकारवादिवद्यत्नसाध्यसिद्धिः ३२। दैवनयेन पुरुषकारवादिदत्तमधुकुक्कुटीगर्भलब्धमाणिक्यदैववादिवदयत्नसाध्यसिद्धिः ३३।**

આત્મદ્રવ્ય અકાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખતી નથી એવું છે, કૃત્રિમ ગરમીથી પકવવામાં આવતા આમ્રફળની માફક. ૩૧.

આત્મદ્રવ્ય પુરુષકારનયે જેની સિદ્ધિ યત્નસાધ્ય છે એવું છે, જેને પુરુષકારથી લીંબુનું ઝાડ પ્રાપ્ત થાય છે (-ઊગે છે) એવા પુરુષકારવાદીની માફક. [ પુરુષાર્થનયે આત્માની સિદ્ધિ પ્રયત્નથી થાય છે, જેમ કોઈ પુરુષાર્થવાદી મનુષ્યને પુરુષાર્થથી લીંબુનું ઝાડ પ્રાપ્ત થાય છે તેમ. ] ૩૨.

આત્મદ્રવ્ય દૈવનયે જેની સિદ્ધિ અયત્નસાધ્ય છે (-યત્ન વિના થાય છે) એવું છે, પુરુષકારવાદીએ દીધેલા લીંબુના ઝાડની અંદરથી જેને (યત્ન વિના, દૈવથી) માણેક પ્રાપ્ત થાય છે એવા દૈવવાદીની માફક. ૩૩.

**ભાદરવા વદ ૩, રવિવાર**
**તા. ૦૯-૦૯-૧૯૭૯**
**નય ૩૧ થી ૩૩, પ્રવચન નં. ૨૬૬**

'પ્રવચનસાર' ૩૧મી (નય) થોડી ચાલી છે, ફરીને (લઈએ). આ આત્મા જે છે, આત્મા એમાં અનેક અનંત અનંત ધર્મ નામ ધારી રાખેલા ભાવ છે. એ બહારનું જોવા અનાદિથી મથ્યો. પાંચ ઇન્દ્રિયને જોવા માટે ન્યાને ન્યા, સંસાર રખડપટ્ટી (કરી) પણ અંદરમાં એના ધર્મો શું છે અને એ અખંડ વસ્તુ શું છે એ જોવા (માટે) એણે પ્રયત્ન કર્યો નથી. અનાદિથી રખડતો (આવ્યો છે).

અહીં અકાળનયે (એટલે) આત્મામાં એવી એક યોગ્યતા છે કે તે કાળનયે જ એનો મોક્ષ થાય. જે સમયે એને મોક્ષ થવાનો હોય તે કાળે જ થાય. આહા..હા...! આઘોપાછો

નહિ. અકાળમાં આઘોપાછો આવ્યું ને ? અકાળમાં આઘોપાછો નથી. ફક્ત એ આત્મામાં એક સમયમાં જે કાળે મોક્ષ જવાનું છે તે કાળે તેમાં સ્વભાવ, પુરુષાર્થ, ભવિતવ્યતા, નિમિત્તનો અભાવ આદિ હોય છે એને અહીંયાં અકાળનય કહેવામાં આવે છે. આવું (સમજવાની) કોને પડી છે ? ભાઈ ! આહા.હા...! પાંચ ઇન્દ્રિયથી જોવાનો એનો અનાદિથી પ્રયત્ન છે તો એમાં તો પુદ્ગલ જણાય.

મુમુક્ષુ :– રસમાં ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એમાં પુદ્ગલ જણાય. મનથી જાણવામાં આવે તો અરૂપી પર પણ જાણવામાં આવે, એમ આવે છે. પણ એ પરવસ્તુનું જ્ઞાન એ કંઈ આત્માનું જ્ઞાન નથી. આહા..હા...! આત્મા જે અહીંયાં કહેવા માગે છે, પ્રભુ ! જેને એ પડી છે એને પડી છે. આ..હા...!

આ આત્મામાં અનંત ધર્મો નામ યોગ્યતાના ભાવો છે અને એ શું છે ? એમ શિષ્યનો પ્રશ્ન છે ને ? પ્રભુ ! આ આત્મા કેવો છે ? એવો પ્રશ્ન કર્યો છે. એણે વેપાર કેમ થાય ને પૈસા કેમ મળે ? (એ પ્રશ્ન નથી કર્યો). એવી ધૂળ તો અનંતવાર (મળી). આહા..હા...! અબજોપતિ અનંતવાર થયો છે અને ભિખારી અનંતવાર થયો, એ કંઈ નવી ચીજ નથી. એ તો રખડતા પ્રાણીના રખડવાના ભાવ છે. ભાઈ ! આહા..હા...!

અહીંયાં તો શિષ્યે એવો પ્રશ્ન કર્યો છે, આ..હા...! એવો જે શિષ્ય છે કે એને એમ થયું કે, પ્રભુ ! આ આત્મા કોણ છે આ ? અમે બધું બહારનું જાણ્યું, બધું કર્યું પણ એમાં ક્યાંય આત્મા મળ્યો નહિ. આહા..હા...! અને એને જાણ્યા વિના આત્મજ્ઞાન થાય નહિ અને આત્મજ્ઞાન વિના ધર્મની શરૂઆત થાય નહિ. આહા..હા...! તો એણે એમ પૂછ્યું કે, આ આત્મા (કોણ છે) ? પૂછનારની યોગ્યતા તો દેખો ! એવા શિષ્યને લીધો છે. સામાન્ય રીતે સાંભળવા આવે ને સાંભળે એવાઓને નહિ. આહા..હા...! જેને આ આત્મા કોણ છે ? શું આ બધું જણાય છે ? એમાં જાણનારો છે કોણ ? અને એ કેમ પ્રાપ્ત થાય ? એવા એના બે પ્રશ્ન છે. એમાં પહેલો કેવડો છે એ પ્રશ્નનો ઉત્તર અપાય છે. જેને એવી ઝંખના છે... આહા..હા...! આ તો આખો દિ' રળવું ને ભોગ ને વિષય ને એકલા પાપ ! પછી ભલે કરોડો રૂપિયા પેદા થાય. એ તો પૂર્વના પુણ્યને લઈને છે. એ કંઈ પ્રયત્ન કરે માટે પેદા થાય એમ છે નહિ. આ..હા...! પણ ધમાલ તે ચોવીસ કલાક એમાં (જાય). આહા..હા...!

મુમુક્ષુ :– દરેક કામમાં ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- ધૂળમાંય નથી. પૈસો એ તો ધૂળ છે. ધૂળમાંય કામ આવતો નથી. આત્માના અંતર વેપાર માટે તે બિલકુલ કામ આવતો નથી. બહારના રાગમાં નિમિત્ત તરીકે થાય તો નિમિત્ત છે. આહા..હા...! ઝીણી વાત, ભાઈ ! એણે કોઈ દિ' આત્મા શું છે ? એવી અંદર જિજ્ઞાસા પણ ઉત્પન્ન કરી નથી. આ..હા...! અને એ આત્મા કેમ પમાય ? એનો ઉપાય પછી. ત્યારે તેના ઉત્તરમાં કહ્યું કે, પ્રભુ ! એકવાર સાંભળ !

આત્મા જે છે અનંત ધર્મોમાં (વ્યાપક) સામાન્ય ચૈતન્ય વસ્તુ છે. સામાન્ય એટલે ધ્રુવ એમ નહિ. એ વસ્તુ બીજાથી ભિન્ન છે. એ અનંત ધર્મો નામ યોગ્યતાના ભાવથી ધારેલાનો અધિષ્ઠાન છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! એ માહ્યલા ધર્મો વર્ણવતા વર્ણવતા અહીં સુધી આવ્યું. ૩૦મી કહ્યું ને કાળનયે ? એ કાલે પ્રશ્ન હતો ને ?

'રાજવાર્તિક'માં કાળ અનિયમાત્ એવો પાઠ છે. મોક્ષને માટે કાળનો કોઈ નિયમ નથી. એનો અર્થ એ લોકો એમ કરે છે કે, જુઓ ! ગમે તે આડેઅવળે કાળે મોક્ષ થાય. એમ અર્થ નથી. ત્યાં એવો અર્થ કર્યો છે, કાળ અનિયમાત્ એટલે કાળ તો જે સમયે જે (છે તે જ છે), પણ જે અનંત ભવ્ય છે એમાં દરેક ભવ્યને કાળ આ જ હોય એવું નથી. એનો કાળ ભિન્ન ભિન્ન હોય છે. ત્યાં વ્યક્તિની વાત છે. આહા..હા...! કોઈ ભવ્ય પ્રાણી સંખ્યાત ભવે નિર્જરા કરીને મોક્ષ જાય, કોઈ અસંખ્યાત ભવે, કોઈ અનંત ભવે અને કોઈ પ્રાણી અનંત ભવે પણ મોક્ષ જાય જ નહિ, એવા પ્રાણી જગતમાં પડ્યા છે. આહા..હા...! સમજાણું કાંઈ ? તેનો એનો ઉત્તર એ આપ્યો કે, બધા ભવ્ય જીવો એક જ કાળે મોક્ષ જાય એમ નથી. એનો અર્થ એવો નથી કે, જે કાળે મોક્ષ જાય એ પલટી ગયું છે. એમ નથી. જે સમયે મોક્ષ જવાનો કાળ છે તે જ સમય છે ઇ. પણ દરેક ભવ્યને એક કાળ સરખો નથી એટલું. મોટી વ્યાખ્યા કરી (એક વિદ્વાને) એનો મોટો જવાબ આપ્યો છે. કોને આવી પડી ? રખડતા રામ અનાદિથી ચાર ગતિમાં રખડે છે બિચારો. આહા..હા...!

આજે અહીં (એક બેનને ત્યાં) ગયા હતા. કેટલા દિવસથી બિચારાને આખું શરીર અગ્નિથી બળે, સળગે એટલું અંદર થાય છે. એવી કાલે (એક ભાઈએ) વાત કરી. ત્યારે કાલે ગયો. આખું અગ્નિથી (બળતું હોય એવું લાગે). જેમ (એક બીજા ભાઈને) પગમાં થાય છે. આને શરીરમાં અગ્નિ બળે છે. આહા..હા...! પણ એ તો શરીરમાં છે. આત્મામાં રાગની આગ બળે છે એની એને ખબર નથી. 'રાગ આગ દહે સદા, તાતૈં સમામૃત સેઈયે' આહા..હા...!

ભગવાનઆત્મા પોતાના સ્વરૂપને ભૂલી.. આહા..હા...! એ શુભ-અશુભ ભાવના રાગમાં

ગયો છે એ આગ છે, અગ્નિ છે. અરર..ર...! એમાં આત્મા ઝળહળ કરતાં બળે છે, ભાઈ ! તને ખબર નથી.

મુમુક્ષુ :– પૈસાદારને ..

પૂજ્ય ગુરુદેવશ્રી :– પૈસાદાર એટલે મોટા મુરખા ! મોટા માંગણ કીધું નહોતું ? એ..ઇ...! દરબાર આવ્યા હતા. કહ્યું હતું, દરબાર આવ્યા હતા ને ? કરોડનો તાલુકાત. કરોડની ઊપજ વર્ષની ! 'કૃષ્ણકુમાર' આવ્યા હતા. આપણા માનઃસ્તંભ (પ્રસંગે) આવ્યા હતા. કીધું, એક લાખની પેદાશ મહિને માગે ઇ નાનો માંગણ, પાંચની માગે ઇ મોટો માંગણ, કરોડ માગે ઇ મોટો માંગણ છે. એને કરોડની ઊપજ હતી. ગુજરી ગયા બિચારા, આવતા. બે વાર આવ્યા હતા. કરોડો રૂપિયા જેને મહિને કે વર્ષે જોવે એ મોટો માંગણ, ભિખારી છે. ભગવાન અંદર આનંદના નાથની લક્ષ્મી પડી છે એની તો માંગણી કરતો નથી અને આ ધૂળની માંગણી કર્યા કરે છે. એ..ઇ...! નરમ માણસ, બિચારા સાંભળે. અમારે ક્યાં ન્યા પૈસાવાળા હોય કે રાંક હોય, એની પાસે ક્યાં માખણ ચોપડવું છે ? એની પાસે કંઈ લેવું છે ?

પ્રશ્ન :– અમારે તો પૈસાની જરૂર પડે ને ?

સમાધાન :– કોને જરૂર પડે છે ? રાગની જરૂર પડે છે. રાગ દાહ – અગ્નિ છે. **શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ...** એવો જે ભગવાનઆત્માનો સ્વભાવ, એમાં ચાહે તો રાગ દયા, દાન, વ્રત, ભક્તિનો હો કે હિંસા, જૂઠું, ચોરી, વિષય ભોગનો હો પણ એ અગ્નિ છે. કષાય-અગ્નિ ! 'રાગ આગ દહૈ સદા' પ્રભુ ! માટે સમામૃત સેઈયે. અંદર અમૃતનો સાગર પ્રભુ છે ને ! આહા..હા...! એ અનંત ધર્મનો ધરનાર (છે), એનું લક્ષ કરીને જાવું છે અંદર જ્ઞાયકમાં. આહા..હા...! સમજાય છે કાંઈ ? આહા..હા...!

અહીં કાળનયે તો જે સમયે મોક્ષ થશે તેનું જ્ઞાન કરવું, પછી જ્ઞાન કરીને જવું ક્યાં ? એનું જ્ઞાન. અહીં અત્યારે ઓલું ઇન્દ્રિયનું જ્ઞાન નથી. આહા..હા...! અહીંયાં તો અંદરનો ધર્મ જે આત્મામાં યોગ્યતા છે એનું એક એકનું અંદર જ્ઞાન કરીને.. આહા..હા...! એ પણ તો અંદરની વાત થઈ. બહારને જોવું, ઇન્દ્રિયોથી આ જોવું (એ વાત નથી).

કહે છે, એકવાર પ્રભુ ! સાંભળ તો ખરો, ભાઈ ! આ જન્મ-મરણમાં તું રખડીને મરી ગયો, ભાઈ ! આહા..હા...! દુઃખી છે મોટા. પૈસાવાળા ને અબજોપતિ મોટા દુઃખી (છે). આહા..હા...! મોટા ભિખારા ને દુઃખી છે. પૈસાને કારણે નહિ, તૃષ્ણાને કારણે. આ લાવો, આ લાવો, આ લાવો. આખો દિ' હોળી સળગતી હોય. ભાઈ ! પૈસા કોણ ભેગા કરે ?

પૈસા તો એને કારણે આવવાના હોય તો આવે, ન આવવાના ન હોય તો ન આવે. આહા..હા...! એથી શું પણ એમાં આત્માને લાભ શું ? રાગ કર્યો (એ) રાગનો લાભ. આત્માને નુકસાન છે. આહા..હા...!

મુમુક્ષુ :– શેઠ કહેવાય ..

પૂજ્ય ગુરુદેવશ્રી :– શેઠ કહેવાય, શેઠ મરી જશે હેઠે. એ અમારા (ભાઈને) પૂછ્યું હતું ને ? અમારા ફઈના દીકરા ભાગીદાર હતા ને ? એના નામની દુકાન. બહુ મગજ એવું હતું પણ પુણ્ય એવા હતા (કે) પેદાશ મોટી થાય અને દુકાનમાં માન એનું. મારા મોટાભાઈ એના ભાગીદાર હતા. એના મોટાભાઈ અને હું બે ભાગીદાર હતા. બે દુકાનો (હતી). 'પાલેજ' ! શેઠ, શેઠ કહે (એમ એક ભાઈએ) એકવાર પૂછ્યું. (અમારા ભાઈ) પણ એને શેઠ કહે. તને હજાર વાર શેઠ કહેતા હશે ? ના, ના. પાંચસો વાર. આવો તો જવાબ (આપે), મુર્ખાઈના પાર છે. આમ બે-બે લાખની પેદાશું. ધૂળમાંય નથી. (એક ભાઈએ) પૂછ્યું હતું, હજાર વાર શેઠ કહે ? તો કહે, ના, ના. પાંચસો વાર કહે. કહો, હવે શું કહે ? આ શું જવાબ આપ્યો ? કાંઈ અક્કલ ન મળે વાણિયા થઈને પણ.

અમારા મોટાભાઈના ભાગીદાર હતા. એકવાર એના કુટુંબમાંથી એક મરી ગયો. અમારા કુટુંબમાંથી અને એના મોસાળમાંથી, ત્યાં 'ઉગામડે'. મેં કીધું, આ બિચારો નાની ઉંમરમાં મરી ગયો, ગુજરી ગયો. ત્યારે એણે જવાબ શું આપ્યો ? કે, જીવવાનો લાભ શું છે જીવને ? જીવને લાભ શું ? અરે...! પણ તું શું બોલે છે આ ? મેં કીધું, આ બિચારો નાની ઉંમરમાં મરી ગયો. આ..હા...! તો કહે, એના જીવને લાભ શું ? કહો, માળા ! આ ઉત્તર શું કહે છે ? ભાઈ ! આ બધા વાણિયા.

એ બિચારાએ લખ્યું છે, ઓલાએ કીધું ને ? 'જાપાન'નો એક ઇતિહાસિક છે. મોટો ઇતિહાસનો જાણનાર ! એણે લખ્યું છે કે, મેં જૈનધર્મને વાંચ્યો છે, અન્ય ધર્મનું બધું વાંચ્યું છે. જૈનધર્મ તે અનુભૂતિ તે ધર્મ છે. આત્માને આનંદનો અનુભવ કરવો, રાગ, વિકલ્પ દયા, દાન, વ્રત ને કામ, ક્રોધના રાગથી ભિન્ન પાડી અને ભગવાનઆત્માનો અનુભવ કરવો, જે અનંતકાળથી કર્યો નથી, એને જાણ્યો નથી, એને માન્યો નથી, એમાં ઠર્યો નથી. સમજાણું કાંઈ ? જગતના જ્ઞાનને જાણ્યા, એને માન્યા ને એમાં રાગમાં ટકીને રહ્યો.

અહીં કહે છે કે, એના જે યોગ્યતાના ધર્મો છે એને જાણ. બીજું બધું છોડી દે અને એને જાણ. આહા..હા...! અને એ જાણીને પણ ત્યાં અટકવાનું નથી. જે કાળે મોક્ષ થવાનો

તે જ કાળે થાય. અને અકાળનો અર્થ તે કાળે સ્વભાવ ને પુરુષાર્થ છે, પાંચ સમવાય સાથે છે. પાંચ સમવાય છે ને ? કાળ, સ્વભાવ, પુરુષાર્થ, નિયતિ અને ભવિતવ્યતા. આ..હા...!

મુમુક્ષુ :- નિયતિ ..

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ નિયતિમાં પણ સાથે પરુષાર્થ છે, એકલો નિયત નથી. આ..હા...! નિયત છે ખરું પણ નિયતના કાળમાં અંતર સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ છે અને સ્વભાવ પણ ત્યાં સાથમાં છે અને ભવિતવ્યતા, તે સમયે જે ભાવ થવાનો તે ભવિતવ્યતા પણ છે અને નિયતિ નામ કાળ પણ છે. આવું કોણ સમજે ? આહા..હા...! સમજાણું અહીંયાં કહે છે ઇ ? અકાળે મોક્ષ થાય તો એનો અર્થ એ છે. છે ?

'સમય પર આધાર રાખતી નથી એવું છે, કૃત્રિમ ગરમીથી પકવવામાં આવતા આમ્રફળની માફક.' આ..હા...! એ તો નિમિત્તથી કથન કર્યું. બાકી તો તે જ સમયે થવાનો, એમાં પુરુષાર્થ અને સ્વભાવ છે તેથી તેને પાંચ સમવાયને અકાળ કહેવામાં આવે છે. આહા..હા...! એને પણ જાણીને, એ પણ અકાળે થાય, પાંચ સમવાય હોય ને જાણે ને થાય, એનું લક્ષ કરીને પણ જાવું છે દ્રવ્યને જોવામાં. આહા..હા...! જ્યાં ભગવાન પૂર્ણાનંદનો નાથ, અતીન્દ્રિય આનંદનો સાગર ભર્યો છે. આહા..હા...! એને ક્યાં બિચારાને ખબર છે ?

ઓલા ભાઈએ લીધું છે કે, લોકોને પેટ ભરવું નથી. એણે બીજો કાંઈક શબ્દ વાપર્યો છે. પેટી ભરવી છે, એમ કીધું. પેટ ભરવું નથી, પેટી ભરવી છે. પેટ ભરવું નથી, પેટી ભરવી છે. અને એક ઠેકાણે એવું લીધું છે કે, માળા ! ખાય-પીવે, પૂરું થઈ રહે તોપણ નવરા થાય એટલે નાગરવેલનું પાન લે. પાન ખાય એ ઘાસ છે. પાન એ ઘાસ છે, ઘાસ ખાય. તો નક્કી આ માણસ કોઈ તિર્યંચમાંથી આવ્યો લાગે છે અને કાં તિર્યંચમાં જવાનો છે. એમાં લખ્યું છે. વાંચ્યું છે કે નહિ ? એમાં છે. નાગરવેલનું પાન શું છે ? ઘાસ છે.

આપણે ઓલા શેઠ છે ને ? મોટા ગૃહસ્થ. આખો દિ' મોઢામાં નાગરવેલનું પાન, ચોવીસ કલાક. હમણાં આવ્યા નહોતા ? મોટા ગૃહસ્થ. બે માઈલમાં તો જમીન છે. સરકાર તરફથી કૃષિ પંડિતની ઉપમા છે, દિગંબર જૈન છે, શેઠિયા છે, દીકરો-દીકરી કાંઈ નથી. નાના ભાઈનો દીકરો રાખ્યો છે. પણ પેદાશ તે પેદાશ, ઢગલા.. ઢગલા ! દસ દસ લાખના ઘઉં, દસ લાખના કપાસ, દસ લાખના શીંગ. એ પેદાશના ઢગલા. એકવાર એના મકાનમાં ઉતર્યા હતા. પછી સામે જોયું તો (પૂછ્યું), આ કોની જમીન છે ? એક માઈલ, બે માઈલ બધી એની જમીન છે. માઈલ, બે માઈલમાં જમીન ! મોટો કૃષિ પંડિત, અહીંયાં આવ્યો હતો હમણાં, નહિ ?

એના બૈરાં નહોતા આવ્યા. આમ ઓઘે ઓઘે આવવું એટલું બાકી નિર્ણય કરવાનું કાંઈ ઠેકાણું નહિ. આવી વાતું છે. એને કૃષિ પંડિત (કહે છે). ખાઈ, પીવે મોટો ગૃહસ્થ, ધનાઢ્ય, પૈસાવાળો પાંચ-સાત લાખ, દસ લાખનું ઘરે મંદિર બનાવ્યું છે, પોતે પોતાથી બનાવ્યું છે. પૈસા તો ઘણા પૈસા, કેટલાય હશે, કેટલાય કરોડો હશે, એક કરોડ એમ નહિ. એક જ કર્તા-હર્તા. પોતે જ એકલા. નાનો ભાઈ છે પણ... આહા..હા...! એને ખાઈને પછી નાગરવેલનું પાન (જોઈએ). આણે (પુસ્તકમાં) ખુલાસો કર્યો છે કે, આને પેટ ભરવાનું નથી, પેટ ભરવા પૂરતું નથી, પૈસા ભેગા કરવા પેટી ભરવી છે અને પાન ખાવા (છે). ઢોરની જેમ ઘાસ (ખાય છે).

મુમુક્ષુ :- મોટા માણસને ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- કોને મોટો કહેવો ? મોટા મરીને જાય નરકમાં, એને મોટો કહેવો ? આહા..હા...! ઢોરમાં જાય, બાપા ! ભાઈ ! તને ખબર નથી. ભગવાને 'ગોમટસાર'માં વર્ણવ્યું છે કે, આ જે ગાય, ભેંસ, ઘોડા તિર્યંચ થાય છે, આ મનુષ્ય આમ ઊંચા છે, એ ગાય, ભેંસ, ખીસકોલી આડાં છે. એ આડાં કેમ થયા ? આડોડાઈ બહુ કરી હતી. રાગ અને માન. એકલા માન ને રાગ ને લોભ, માન ને લોભમાં એટલા ખેંચાય ગયા હતા કે આત્માના સ્વભાવથી બહુ આડોડાઈ કરેલી (એટલે) મરીને ઢોરમાં (ગયા), એના શરીર આડાં થઈ ગયા. મનુષ્ય આમ (ઊંચા) છે તો (એના) શરીર આડાં થઈ ગયા છે. આહા..હા...! ભાઈ ! આવી વાતું છે, બાપુ ! આમ અબજોપતિ હોય, અબજોપતિ ! એ મરીને તિર્યંચમાં – ઢોરમાં જાય. ગાય ને ભેંસનો વાછરડો થાય કાં ઢેઢગરોળીની કુંખે જાય. ઢેઢગરોળી આમ આડી હોય છે ને ? ઝીણી વાત છે, ભાઈ ! 'ગોમટસાર'માં ભગવાન એમ કહે છે કે, ઇ તિર્યંચ કેમ થયા ? કે, એણે તિરછા માન અને લોભ બહુ આડોડાઈ કરીને સેવેલા. મરીને આત્મા તો આડોડાઈમાં આવી ગયો પણ એનું શરીર આમ આડું થઈ ગયું. આહા..હા...! ભાઈ ! આવું આકરું છે આ.

મુમુક્ષુ :- તિર્યંચ જ ઝાઝા છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- તિર્યંચ ઘણા છે. પંચેન્દ્રિય તિર્યંચની સંખ્યા એટલી છે કે મોટા મોટા ગૃહસ્થો માંસ, દારૂ ન ખાતા હોય તો (બધા તિર્યંચમાં જાય છે). નહિતર માંસ, દારૂ ખાતા હોય તો મરીને નરકમાં જાય. પણ નરકમાં જવાના ભાવ ન હોય અને તીરછા – આડા પરિણામ કરતા હોય તો ઇ મરીને તિર્યંચમાં જવાના. મોટો ભાગ શાસ્ત્ર વર્ણવે છે.

આહા..હા...! ઓલા 'જાપાન'વાળાએ એમ કીધું કે, વાણિયાને (જૈનધર્મ) હાથ આવ્યો અને વેપાર આડે નવરાશ ન મળે (કે), શું ચીજ છે ઇ ? એને નિર્ણય કરવાનું ટાણું ન મળે, એમ લખ્યું છે. 'જાપાન'નો મોટો ઐતિહાસિક છે. જબ્બર, ૬૭ વર્ષની ઉંમર ! બહુ હજારો (પુસ્તકો) વાંચેલા. પછી એનો લેખ આવ્યો હતો કે, જૈનધર્મનો સાર અનુભૂતિ (છે). આત્મા અંદર અતીન્દ્રિય આનંદનો સાગર, તેની દૃષ્ટિ કરીને અનુભવ કરવો એ જૈનધર્મનું સ્વરૂપ છે પણ આ ધર્મ વાણિયાને મળ્યો, વાણિયા વેપાર આડે નવરા થાતા નથી.

પ્રશ્ન :– એને ત્યાં બેઠા બેઠા ખબર પડી ગઈ ?

સમાધાન :– ખબર ન પડે ? વાણિયા એટલે જેટલા વેપાર કરનારા (ઇ બધા). આખો દિ' હોળી સળગે. નવરાશ કલાક, બે કલાક, ચાર કલાકની (ક્યાં), એક કલાક કો'ક વખત માંડ લ્યે. તે સાંભળવું, પૂજા, ભક્તિ (કરે). એમાં રાગ મંદ હોય તો પુણ્ય થાય, ધર્મ તો કંઈ છે નહિ. આહા..હા...!

અહીં કહે છે, તારે જો આત્મા કેવો છે એમ જો તારે જાણવો હોય કે, કેવો છે ? તો એમાં એક યોગ્યતા એવી છે કે, જે કાળે મોક્ષ થાય તેવો એનો એક યોગ્યતા – ધર્મ છે અને એક ધર્મ એવો છે કે તે જ સમયે સ્વભાવ અને પુરુષાર્થથી પણ (મોક્ષ) થાય તે સમયે તેનો એવો એક ભાવ છે. એને જાણીને અંતરમાં જા ! જ્યાં ભગવાન પૂર્ણાનંદનો પ્રભુ છે અંદર. અરે..રે...! કેમ બેસે ? સમજાણું કાંઈ ? આ કાળ ને સ્વભાવની વાત કરીને, જાણીને જાવું છે ક્યાં એણે ? અને એ જાણવું પણ એને ઇન્દ્રિયથી નહિ જણાય, એમ કહે છે. આહા..હા...! આ (શરીર) તો માટી, ધૂળ છે. એને લક્ષે તો બહારનું જ્ઞાન થાય. આહા..હા...! આ જે ધર્મો છે તેને જાણવા માટે પણ અતીન્દ્રિય જ્ઞાનના લક્ષે તે જણાય. આહા..હા...! અને તે એક ધર્મને જાણી કે બધા અનંતા ધર્મને જાણીને પણ (અંદર જાવું). ધર્મ એટલે એણે ધારી રાખેલા ભાવો. (એને) ધરનારો ભગવાન અધિષ્ઠાન કોણ છે ? આહા..હા...!

પાંચ ઇન્દ્રિયને જાણવામાં એણે આખી જિંદગી, વર્ષ, અનંત ભવ ગાળ્યો પણ આ આત્માઅંદર કોણ છે એ જાણવાનો કોઈ દિ' વખત જ લીધો નથી. નવરાશ જ ન મળે રખડવામાં. ભાઈ ! લોઢાનું કારખાનું, લ્યો ! 'મુંબઈ'માં કારખાનું, અહીં કારખાનું... અ...! હોળી સળગે ! આહા..હા...! આ શેઠ આવ્યા નહોતા ? વ્યાખ્યાનમાં આવ્યા હતા, હમણાં ગુજરી ગયા. ચાલીસ કરોડ ! ચાલીસ કરોડ રૂપિયા ! હમણાં ગુજરી ગયા. બીજો તમારો

મોટો શેઠ નહોતો આવ્યો ? વૈષ્ણવ, ત્યાં 'મુંબઈ' આવ્યો હતો, પચાસ કરોડ ! 'મુંબઈ' દર્શન કરવા આવ્યો હતો. આ તો અહીં આવ્યા હતા. ત્યાં અમે ગયા હતા ત્યાં પણ આવતા. કયું ગામ કીધું ? 'દાલમિયાનગર' ! 'દાલમિયા' ગયા હતા ત્યાં ઇ હતા. 'દાલમિયા' એના સાસરાનું ગામ પણ સાસરાએ આને બધું આપી દીધું. દીકરો નહોતો. ચાલીસ કરોડ રૂપિયા !

આ બીજો પચાસ કરોડવાળો, હમણાં કીધું, 'મુંબઈ' દર્શન કરવા આવ્યો હતો. કહે, અમે વૈષ્ણવ છીએ. ઈશ્વર કર્તા છે ને ? કીધું, ઈશ્વર કર્તા તું કહે છે પણ 'નરસિંહ મહેતા' શું કહે છે ? એ તો એમ કહે છે કે, 'જ્યાં લગી આતમા તત્ત્વ ચીન્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી'. અંતરનો આનંદનો નાથ, એની જેણે અંતર નજરું કરી નથી અને એને જાણ્યો નથી, ત્યાં સુધી દયા, દાન, વ્રત, ભક્તિ બધા મિથ્યા છે. આહા..હા...! સાંભળતા હતા બિચારા, એને ક્યાં પડી છે ? પચાસ કરોડ રૂપિયા. ચારે કોર, દસ લાખ, વીસ લાખ નાખી નાખીને મોટી દુકાનો (કરેલી). 'હોંગકોંગ'માં ને ફલાણે છે ને ઢીકણે છે. મારી નાખ્યા. પચાસ કરોડ ! છે અત્યારે, 'મુંબઈ' આવ્યા હતા. બૈરાઓ બધા શ્વેતાંબર જૈન અને છોકરાઓ બધા વૈષ્ણવ. એવું એક મોટું ઘર છે, 'મુંબઈ'માં છે. આવ્યા હતા, દર્શન કરવા આવ્યા હતા. એક હજાર રૂપિયા મૂક્યા હતા, નાળિયેર મૂક્યું હતું. મહારાજ ! મારે ઘરે પગલાં કરશો ? બધા બૈરા જૈન ખરા ને !

મુમુક્ષુ :– આપ પધારો તો રૂપિયા ઘણા પેદા થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઊંડે, ઊંડે, ઊંડે એવી અમારી આશા લોકો છે ને ! મહારાજના પગલાં થાય તો આપણે આમ થાય. આ તો બિચારા વૈષ્ણવ હતા, પણ છતાં બૈરાઓને પ્રેમ હતો. ગયા હતા. પંદરસો રૂપિયા ને નાળિયેર ત્યાં મૂક્યા હતા અને હજાર અહીં મૂક્યા હતા. કીધું, માર્ગ બાપા ! ધર્મ કોઈ ચીજ જ જુદી છે. આ તારા રૂપિયા-બુપિયા ધૂળમાં (કાંઈ નથી). અને એમાં દસ લાખ ને વીસ લાખ આપી દ્યે માટે ધર્મ થઈ જાય (એમ) ત્રણકાળમાં નથી. એ પૈસા હું આપું છું, એમ ધણીપતે માને એ મહા મૂઢ મિથ્યાદષ્ટિ જડ છે. આહા..હા...! ભેંસનો સ્વામી પાડો હોય એમ લક્ષ્મી જડ છે એનો સ્વામી થાય તો જડ છે. આરે.. આરે...! આકરું કામ. ભાઈ !

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– કોના છે પણ ? ક્યાં હતા એની પાસે ? એની પાસે હતા એ તો એનામાં છે, પૈસો એનામાં છે. અહીં (આત્મામાં) આવ્યો છે ? આત્મા તો પૈસાને અડતોય

નથી, પૈસા આત્માને અડતા નથી. અરે...! પ્રભુ ! આહા..હા...!

અહીંયાં તો કહે છે કે, એ બધું લક્ષમાંથી છોડી દે. અંતરમાં અનંત ગુણનો ધણી પ્રભુ છે, એનું લક્ષ એક એક ગુણ ઉપર કર અને બધાનું કરીને અંદરમાં જો. ચિદાનંદ ભગવાન અતીન્દ્રિય આનંદનો સાગર પડ્યો છે. આહા..હા...! અરે..રે...! ક્યાં નવરાશ આમાં ? એ કહ્યું, ૩૧ (નય પૂરી) થઈ.

હવે, ૩૨. 'આત્મદ્રવ્ય...' દ્રવ્ય લીધું છે ને ? આત્મદ્રવ્ય (એટલે) વસ્તુ. દ્રવ્ય એટલે આ પૈસો – ધૂળ નહિ. આત્મદ્રવ્ય. આહા..હા...! એક ફેરી થયું હતું ને ઓલું ? દ્રવ્યદૃષ્ટિ તે સમ્યક્દૃષ્ટિ. એક 'થાન'વાળો આવ્યો હતો. 'થાન'માં પોટરીવાળો (હતો). ત્યાં 'સ્વાધ્યાય મંદિર'માં લખ્યું હતું, આ ('પરમાગમ મંદિર') તો હમણાં સાડા પાંચ વર્ષ થયા થયું. ત્યાં ઓલા મકાનમાં લખ્યું હતું, દ્રવ્યદૃષ્ટિ તે સમ્યક્દૃષ્ટિ. અહીં કરોડોપતિ માણસ બહુ આવે (એટલે) વાંચીને કહ્યું, દ્રવ્યદૃષ્ટિ એટલે દ્રવ્યવાળા તે સમ્યક્દૃષ્ટિ આ ઇ છે ? અરે..રે...! કાંઈ ખબરું ન મળે. સાઠ-સાઠ વર્ષ ગુજાર્યા હોય. પોટરી, મોટી પોટરી. માટીના વાસણો 'થાન'માં (બનાવે) છે. ઘણા વર્ષ (પહેલાની) વાત છે. અહીં 'સ્વાધ્યાય મંદિર'માં પૂછ્યું હતું. મેં કીધું, દ્રવ્યદૃષ્ટિ (એટલે) અહીં પૈસાની વાત નથી. દ્રવ્ય એટલે આત્મા. આહા..હા...! એને અહીં તો દ્રવ્ય કહેવામાં આવે છે. એ દ્રવ્યની દૃષ્ટિ અંદર કરે એને સમ્યગ્દર્શન થાય, એને જન્મ-મરણના અંતના આરા આવે. બાકી તો મરીને ચાર ગતિમાં રખડશે. આહા..હા...! દયા, દાન, વ્રત, તપ, ભક્તિ આદિના ભાવ એ પણ રાગ છે, એ કંઈ ધર્મ નથી. સમજાણું કાંઈ ?

અહીં કહે છે કે, 'આત્મદ્રવ્ય પુરુષકારનયે...' પુરુષાર્થની દૃષ્ટિએ 'જેની સિદ્ધિ યત્નસાધ્ય છે...' પુરુષાર્થથી જેની મુક્તિ થાય છે. રાગથી ભિન્ન પડી અને અંતર આનંદ સ્વરૂપ ભગવાનઆત્મા, પુરુષાર્થથી તેની દૃષ્ટિ અને અનુભવ થાય છે અને પુરુષાર્થથી તેની મુક્તિ થાય છે. સમજાય છે કાંઈ ? ઇ એક ધર્મ યોગ્યતા છે, આ પણ એક ધર્મ છે, હોં ! ધર્મ શબ્દે તેનો પર્યાયનો ધર્મ છે. ધર્મ એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની વાત અહીં નથી. આત્માએ ધારી રાખેલો ભાવ, એને અહીંયાં ધર્મ કહેવામાં આવે છે. આવી વાતું છે.

મુમુક્ષુ :– કંઈક સહેલો રસ્તો દેખાડી દ્યો ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– સહેલામાં સહેલો જ આ રસ્તો છે. જેની મુક્તિ કરવી છે એ કોણ છે તેને જાણવું, માનવું ને ઠરવું એ એનો ઉપાય છે. આહા..હા...! અહીં તો જ્ઞાનપ્રધાનથી કથન છે ને ! એ બધા ૪૭ નયો લીધા. બાકી અનંત નયો છે. જ્ઞાનના અંશો, ધર્મનો

અંશ છે તેને જાણનારું, એવા અનંતા નયો છે. પણ અહીં એક પુરુષકારનયની વ્યાખ્યા ચાલે છે.

પુરુષાર્થથી.. આ..હા...! 'જેની સિદ્ધિ યત્નસાધ્ય છે...' પુરુષાર્થથી આત્માની પ્રાપ્તિ થાય છે. પૈસા આદિની પ્રાપ્તિ પુરુષાર્થથી થતી નથી. એ તો પૂર્વના પુણ્ય(ને લીધે આવે છે). બુદ્ધિના બારદાન હોય છે ને અબજોપતિ દેખાય છે. બારદાન સમજાણું ? કોથળા, ખાલી કોથળા. વાતું કરનારા ! અને અબજોપતિ હોય છે અને બુદ્ધિના ખાં હોય (એને) મહિને બે હજાર (રૂપિયા) પેદા કરવામાં પરસેવા ઉતરતા હોય. આહા..હા...!

અહીં કહે છે, આત્માનો જે મોક્ષ છે, કાળલબ્ધિ કીધી હતી, કાળે થાય છે છતાં તે યત્નસાધ્ય છે. કાળે થાય ભલે પણ તે કાળે પણ પુરુષાર્થથી થાય છે. સમજાણું કાંઈ ? જે કાળે જે સમય થવાનો તે જ છે પણ તેના પુરુષાર્થથી તે કાળ પાકે છે. આહા..હા...! શું કહે છે આ ? આમાં કરવું શું પણ આમાં અમારે ? ભાઈ ! તું કોણ છો ? એને જાણવાનો પહેલો પ્રયત્ન કર અને એક એક (નયને જાણી), તેનો પ્રયત્ન કરી અંતરમાં જોવાનું છે. ચૈતન્યનો સાગર અંદર ભગવાન છે એની દૃષ્ટિ કરવાની છે ત્યારે તેને આત્મા જાણે અને આત્માનું દર્શન થશે. બહુ કામ આકરું.

હજી એક તો સાંભળવા મળે નહિ, એમાં બિચારા રખડવાના ચાર ગતિમાં, અનાદિથી એવા ભવ કર્યા છે. મોટો અબજોપતિ મરીને ઢોરમાં – તિર્યંચમાં જાય. આહા..હા...! પાછું મનુષ્યપણું અનંત કાળે મળવું મુશ્કેલ થાય. આહા..હા...! એમાં તત્ત્વનો, વાસ્તવિક તત્ત્વ છે તેનો વિરાધક, તત્ત્વજ્ઞાનનો વિરાધક તો નિગોદમાં જાય. લસણ ને ડુંગળી, એક શરીરમાં અનંતા જીવ (છે) ત્યાં એ જાય. આહા.હા...! અરે...! આવું કામ. ક્યાં લોકોને (પડી છે) ? તત્ત્વનો વિરાધક – વિરોધ કરનારો, દયા, દાન ને વ્રતના પરિણામથી ધર્મ માનનારા એ તત્ત્વનો વિરોધ કરનારા છે. કારણ કે એ રાગ છે, રાગથી ધર્મ થતો નથી. એવા જે વિરોધ કરનારા જીવો (છે), સમ્યગ્દર્શનનો નાશ કરીને મિથ્યાત્વને પામતાં નિગોદમાં જાય છે. એ પશુની ગતિ છે. નિગોદની ગતિ પશુની છે. પંચેન્દ્રિય તિર્યંચ છે એ પશુ છે અને એ નિગોદના જીવો... આહા..હા...! લસણ ને બટાટા, લસણ ને ડુંગળી (એની) એક કટકીમાં અસંખ્ય શરીર, એક શરીરમાં અનંતા જીવ (છે) એમ ત્રણલોકના નાથ તીર્થંકરદેવના પોકાર છે. અરે...! કોણ સાંભળે ? આહા..હા...! એ તત્ત્વનો વિરોધ કરનારા મિથ્યાદૃષ્ટિ નિગોદગામી છે. આહા..હા...! અહીં તો ત્યાં સુધી કહ્યું કે, વસ્ત્રનો ટુકડો રાખીને અમે મુનિ છીએ, એમ

માને, મનાવે એ નિગોદમાં જશે. આહા..હા...! નિગોદમ્ ગચ્છઈ પાઠ (છે). 'સૂત્ર પાહુડ' ! બહુ જુદી વાત છે, ભાઈ ! ધર્મની વસ્તુ કોઈ અલૌકિક વાત છે !

બાળપણ ખેલમાં ખોયા, યુવાની સ્ત્રીમાં મોહ્યા, વૃદ્ધાપન દેખકર રોયા. થઈ રહ્યું, જાઓ મરીને...! આહા..હા...! એ ગાતા, અમે 'પાલેજ'માં હતા ને જ્યારે એનું આ આવે ને ! શું કહેવાય ? રોઝા ! દુકાનની બહાર ખાટલા નાખીને સૂતા હોઈએ. ચાર વાગે એનો મુસલમાન ફકીર નીકળે. 'બાળપણ ખેલમેં ખોયા' એ ગાય. આહાર લેવા માટે (નીકળે). રોઝામાં રાત્રે ખાય ને ? આમ બોલતા. ભાન ન મળે કાંઈ, ભાષા (બોલે). આહા..હા...! બાળપણામાં બાળપણે રમતુંમાં ખોયા. કાંઈ ભાન ન મળે. અને યુવાન થયો ત્યાં સ્ત્રીમાં ... ગયો આખો. આહા..હા...! મારી નાખ્યો આત્માને ! યુવાન થયો (પછી), વૃદ્ધપણું (આવ્યું), શરીરની જીર્ણ દશા થઈ. આહા..હા...!

જુઓને ! અત્યારે (એક) બેનને એવું થયું છે. ઘણા વર્ષે હું ત્યાં ગયો. આજે વિચાર થયો. ભાઈએ કહ્યું કે, એના શરીરે ઠીક નથી. બળતરા (થાય છે), આખા શરીરે અગ્નિ બળે છે. (બીજા ભાઈને) તો પગમાં જ છે. તે કાલે 'મુંબઈ' ગયા. આને તો આખા શરીરમાં અગ્નિ બળે છે. અરે...! ભાઈ ! એવા ભવ તો અનંત કર્યા છે, બાપુ ! આ 'જામનગર'ની ભાવસાર છે ને ? (બીજા) બેન ચાકરી કરતી હતી, રોવા માંડ્યા. શું આખો દિ' ત્યાં રહેવું પડે ? બિચારીને (આખા શરીરે) અગ્નિ સળગે, હાથમાં, પગમાં (બધે). હવે ભેગા રહેલા ત્યારે થયું હવે ત્યાંથી એને નીકળવું પડશે. બિચારા રોતા હતા. બહાર નીકળ્યા હતા ને ! આજે રવિવાર હતો, કીધું એને ઘરે જઈએ. (એક ભાઈએ) વાત કરી હતી એટલે (ગયા). આ..હા...! અરે...! આવા મડદા જેવા શરીર, એમાં બળતરાનો પાર ન મળે. ભાઈને નથી ? 'રખિયાલ'વાળા ભાઈ. એવા સડકા મારે, એવા મારે છે. વ્યાખ્યાન આપે છે. 'મુંબઈ'માં હતા ને ક્યાંક, નહિ ? 'દાદર'માં. અહીંથી એવા સબકા મારે, ઘા પડે એવો. એટલામાં જ. હવે એમાં આખા શરીરમાં પડે તો આ..હા...! મડદું છે, બાપા ! આ તો મૃતક ક્લેવર છે. આહા..હા...!

મુમુક્ષુ :– ....

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ કહ્યું ને ? અમૃતનો સાગર મૃતક કલેવરમાં મૂર્છાઈ ગયો. અંતર ભગવાનનું સ્વરૂપ તો અંદર અમૃતસાગર, સુખનો સાગર, અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ પોતે આત્મા છે. એ મૃતક કલેવર – મરેલું મડદું છે આ તો, અત્યારે હોં ! મૃતક

ક્લેવરમાં અમૃતસાગર મૂર્છાઈ ગયો. આહા..હા...! સર્વસ્વ ત્યાં આત્મા અર્પાઈ ગયો. અમે સુખ વેદીએ છીએ. અરે...! મરી જઈશ, બાપા ! અરે...! આત્માને આનંદ સ્વરૂપને તેં હણી નાખ્યો, પ્રભુ ! તેં તારા સ્વરૂપની હિંસા કરી, પ્રભુ ! આહા..હા...! બીજાની હિંસા કરે કે દયા પાળે, એ તો કરી શકતો નથી. આહા..હા...! સ્વરૂપની હિંસા કરી શકે અને સ્વરૂપની દયા પાળી શકે. આહા..હા...! સમ્યગ્દર્શનમાં સ્વરૂપને સ્વીકારે છે તેણે જીવની દયા પાળી, પોતાની (દયા પાળી). આહા..હા...! આવી વાતું છે, ભાઈ ! ઝીણી વાતું બહુ, ભાઈ !

દસ લક્ષણીનું વાંચ્યું ને ? ભાઈ ! દસલક્ષણીનું (પુસ્તક) ભાઈએ બનાવ્યું છે ને ? ૩૪ પંડિતોએ વખાણ કર્યા છે. ભાઈ ! ૩૪ પંડિતો ! ૩૪ મોટા મોટા પંડિતોએ વખાણ કર્યા છે. ઓ..હો..હો...! આ પુસ્તક અદ્વિતીય પુસ્તક ! દસલક્ષણી ધર્મની આવી વ્યાખ્યા કોઈ કરી શક્યું નથી. બહુ વખાણ કર્યા છે. ૩૪ પંડિતનો આંકડો મૂક્યો છે. એ આમાં છે. જુઓ ! છે ને ? જુઓ ! આંકડા છે. જુઓ ! એવા ૩૪ પંડિતોએ પુસ્તકના વખાણ કર્યા છે. ઓ..હો..હો...! (આમની) કથનશૈલી, લેખકશક્તિ, વક્તાશૈલી. આ..હા...! વાતેય સાચી છે. છે ૪૪ વર્ષની ઉંમર પણ ક્ષયોપશમ (ઘણો).

મુમુક્ષુ :- આપનો રંગ લાગ્યો છે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :- એક જણાએ લખ્યું છે. એમાં લખ્યું છે, હોં ! એક જણાએ લખ્યું છે. ક્યાંક છે. આ બધું શ્રી કાનજીસ્વામીને ધર્મ કા વિજ્ઞાન કા ધરાતલ દિયા હૈ. એમાંથી આ બધું કાઢ્યું છે. અહીંનો છે ને ! ધર્મ કા વિજ્ઞાન કા ધરાતલ દિયા હૈ. તળિયું કાઢીને બતાવ્યું છે. આમાં ઇ લખ્યું છે. એમાં એના વખાણ કર્યા છે. આહા..હા...! વસ્તુ જ આવી છે.

પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવ ગણધરો અને ઇન્દ્રોની વચ્ચે પ્રભુ આમ કહેતા હતા. આહા..હા...! એ કહે છે, 'પુરુષકારનયે...' ઓલી કાળલબ્ધિએ થાય, છતાં પુરુષાર્થ ! એ કાળલબ્ધિ વખતે પુરુષાર્થ હોય છે. એ અકાળમાં આવી ગયું ને ? આ..હા...! અંતરમાં સ્વભાવનો પુરુષાર્થ. રાગ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ રાગ છે. હિંસા, જૂઠું, વિષયભોગ વાસનામાં પાપ રાગ છે. એ તો બધું સંસારબંધનું કારણ છે. આહા..હા...! એનાથી ભિન્ન સ્વભાવ ચૈતન્યમૂર્તિ ભગવાન, અનંત ગુણનો પિંડ પ્રભુ, તેના તરફનો પુરુષાર્થ કરીને અંદર જાય છે. આહા..હા...!

'પુરુષકારનયે જેની સિદ્ધિ યત્નસાધ્ય છે...' પુરુષાર્થ સાધ્ય છે 'એવું છે...' એવું

આત્મદ્રવ્ય છે. છે ને ? આ..હા...! આ તો વીતરાગની વાણી છે, ભાઈ ! 'જેને પુરુષકારથી લીંબુનું ઝાડ પ્રાપ્ત થાય છે...' આ લીંબુનું ઝાડ મળે છે ને ? એમાં કોઈ વખતે એ લીંબુમાં એમ કહેશે જુઓ ! '(–ઊગે છે) એવા પુરુષકારવાદીની માફક. (પુરુષાર્થનયે આત્માની સિદ્ધિ પ્રયત્નથી થાય છે. જેમ કોઈ પુરુષાર્થવાદી મનુષ્યને પુરુષાર્થથી લીંબુનું ઝાડ પ્રાપ્ત થાય છે તેમ).' એમાં લીંબુમાંથી રત્ન નીકળે. ઠળિયાને બદલે રત્ન નીકળે. એ છે. એક ભાઈ કહેતા હતા. 'કલકત્તા'માં થયું હતું. 'જામનગર'વાળા વકીલ હતા ને ? એ કહેતા હતા કે, એક જણાને લીંબુમાંથી માણેક નીકળ્યું. ઠળિયાને ઠેકાણે માણેક ! ઇ આ દાખલો આપ્યો છે. આહા..હા...! જેમ લીંબુ લેતા એને મણિ મળ્યું. એમ ભગવાન તરફનો પ્રયત્ન કરતા પરમાત્મપદ મળ્યું. આહા..હા...! સમજાણું કાંઈ ? ઝીણી વાત છે, ભાઈ !

ધર્મ કોઈ ચીજ એવી છે. આ તો પૂજા કરી, ભક્તિ કરી ને કલાક કંઈક સાંભળ્યું તો ધર્મ થઈ ગયો. ધૂળેય (ધર્મ) નથી. આ..હા...! એમાં કાંઈક પૈસા-બૈસા આપતા હોય, કરોડપતિ હોય (તો એ) પાંચ-દસ લાખ (આપતા હોય). પાંચ લાખ હમણા આપ્યા નથી ? (એક જણાએ) પાંચ લાખ આપ્યા. આજે સાંભળ્યું હતું ક્યાંક ? (એક ભાઈ પાસે) પાંચ-છ કરોડ રૂપિયા છે. અમે 'મુંબઈ' એના ઘરે ગયા હતા. 'અરબસ્તાન'માં મોટી દુકાન છે, મોટી પેદાશ છે. એ 'મોરબી'ના હશે, એણે પાંચ લાખ આપેલા. આ બધો ઉધ્ધાર કરો, આ બધું સાફ કરો. એમ સાંભળ્યું છે. રાહત ફાળો ! તમારો રાહત ફાળો કહેવાય. પણ ઇ કંઈ પૈસા દીધા માટે એને ધર્મ થાય છે એ વાતમાં જરીયે માલ નથી. પૈસા મારા છે અને હું આપું છું (એમ માને છે એ) મહા મિથ્યાત્વના પાપને બાંધે છે. આહા..હા...! અને કદાચિત્ રાગની મંદતા કરીને ક્રિયા થઈ હોય તો એ પુણ્ય છે, ધર્મ નહિ. પુણ્યબંધનની બેડી છે. સોનાની પણ બેડી ને લોઢાની પણ બેડી. બેય બેડી (છે). એમ શુભ ભાવ પણ બેડી અને અશુભ ભાવ પણ બેડી છે. આહા..હા...! અરે..રે...! ક્યાં દરકાર છે ?

અહીં એ કહે છે, 'પુરુષકારવાદીની માફક. (પુરુષાર્થનયે આત્માની સિદ્ધિ પ્રયત્નથી થાય છે, જેમ કોઈ પુરુષાર્થવાદી મનુષ્યને પુરુષાર્થથી લીંબુનું ઝાડ પ્રાપ્ત થાય છે તેમ.' (માણેકની વાત) દૈવનયમાં નાખશે. આ તો પુરુષાર્થથી લીંબુનું ઝાડ પ્રાપ્ત થયું.

હવે 'આત્મદ્રવ્ય દૈવનયે...' એમાં નાખશે. દૈવનયે ! 'જેની સિદ્ધિ અયત્નસાધ્ય છે...' અંતરનો પ્રયત્ન કરે છે પણ એ કરું છું એવું જ્યાં નથી, એમ. એનો અર્થ અયત્નસાધ્ય છે. '(–યત્ન વિના થાય છે) એવું છે, પુરુષકારવાદીએ દીધેલા લીંબુના ઝાડની અંદરથી...'

પુરુષાર્થથી જેણે લીંબુનું ઝાડ પ્રાપ્ત કર્યું ઇ લીંબુ આને આપ્યું. 'લીંબુના ઝાડની અંદરથી જેને (યત્ન વિના, દૈવથી) માણેક પ્રાપ્ત થાય છે...' એ લીંબુમાં માણેક થાય છે. પુરુષાર્થ દ્વારા એ લીંબુનું ઝાડ મળ્યું અને ઓલાને બીજાને આપ્યું. એણે કંઈ પુરુષાર્થ કર્યો નહોતો, કહે છે. પણ પુણ્યને કારણે એમાંથી માણેક મળ્યું. લીંબુમાં માણેક ! છે કે નહિ ?

મુમુક્ષુ :– લીંબુમાં માણેક થતું હોય ત્યારે જ આચાર્યે લખ્યું હોય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– છે, વાત કરી હતી ને ? (એક ભાઈએ) વાત કરી હતી. 'કલકત્તા'માં એમ થયું હતું. (ઇ ભાઈ) 'કલકત્તા' પણ જતા. કાઠિયાવાડમાં દિગંબર શાસ્ત્રનો પહેલો અભ્યાસ એને. શરૂઆતથી, ઘણા વખતથી (હતો). 'જામનગર'. એ ઘણીવાર અહીં આવતા, રહેતા હતા. પછી એકવાર વાત કરી હતી કે, હું ત્યાં ગયો હતો તો લીંબુમાંથી એક માણસને માણેક નીકળ્યું. કીધું, શાસ્ત્રમાં પાઠ છે. આહા..હા...!

જેમ અગ્નિના નિંભાડા હોય ને ? અગ્નિના નિંભાડા, એમાં ઉંદર પાકે છે. અગ્નિના ઉંદર ! 'બોટાદ' પાસે 'ખસ'માં થયું છે. કુંભારે નિંભાડો સળગાવ્યો. નળિયાનો કે ઇંટુંનો હશે. એમાં ઉંદર ભાળ્યા, એલા આ શું ? શાસ્ત્ર કહે છે, અગ્નિની યોનિવાળા ઉંદર હોય છે. અગ્નિમાં ઉત્પન્ન થયેલા ઉંદર હોય છે, બહાર નીકળે તો મરી જાય. આવી વાતું છે.

એમ પુરુષાર્થ ન કર્યો હોય અને પુરુષાર્થ કરનારે લીંબુ દીધું હોય, પુરુષાર્થ નહિ કરનારને દૈવની યોગ્યતા હતી તો એને લીંબુ આપ્યું તો એમાંથી માણેક નીકળ્યું. આહા..હા...! આવો પણ આત્મામાં એક 'દૈવનયે જેની સિદ્ધિ અયત્નસાધ્ય છે...' એવી એક યોગ્યતા ગણી. ઝીણી વાત બહુ, ભાઈ ! એક કોર (કહે), યત્નસાધ્ય મોક્ષ છે, તે પણ ધર્મ, એની યોગ્યતા છે. એક કોર (કહે), અયત્નસાધ્ય છે, એ પણ એની યોગ્યતાનો એક ધર્મ છે. ધર્મ એટલે આ સમ્યગ્દર્શન ધર્મ, એ ધર્મ નહિ. આત્માએ ધારી રાખેલો ભાવ. આહા..હા...! હવે આવું (સમજવા) ક્યાં નવરાશ (છે) ?

બેય પરસ્પર વિરુદ્ધ છે પણ એની યોગ્યતાના બેય ધર્મ છે. કાળે મોક્ષ થાય, અકાળે (મોક્ષ થાય) એ પણ બે એક સમયે હોય છે. આ પુરુષાર્થ અને દૈવથી, એ પણ એક સમયમાં હોય છે. કોઈને પુરુષાર્થથી થાય અને કોઈને દૈવથી (થાય), એમ નહિ. શું કીધું ઇ ? એ જ આત્માની પર્યાયમાં પુરુષાર્થથી થાય અને યત્ન વિના થાય એવા બે ધર્મ એક સમયમાં છે. કોઈને પુરુષાર્થથી થાય અને કોઈને અયત્નસાધ્યથી થાય, એમ નહિ. આરે...! કોઈને કાળે મોક્ષ થાય અને કોઈને અકાળે થાય, એમ નહિ. જે સમયે મોક્ષ થવાનો તે

સમયે કાળ (છે) અને તે જ સમયે અકાળનય એની સાથે છે. આરે...! આવી ઝીણી વાતું ! હજી સમજવાના ઠેકાણા નહિ, એની ચીજ શું છે ? એનામાં ભરેલું શું છે ? એને જાણીને પણ તેને પાછું અંદર દ્રવ્યનો સ્વભાવ જોવાનો છે. ચૈતન્ય પ્રકાશની મૂર્તિ પ્રભુ છે. અરે..રે...! એ તો મહા પરમાત્મ સ્વરૂપ છે અંદર. આત્મા અંદર પરમ સ્વરૂપે છે. આ ધર્મનું લક્ષ કરીને પણ જવાનું છે એને અંતરમાં દૃષ્ટિમાં. આહા..હા...! આવું બધું કઠણ પડે એટલે લોકોને બિચારાને ચડાવી દીધા વ્રત કરો ને અપવાસ કરો ને ભક્તિ કરો ને દાન કરો, ધર્મ થઈ જશે. 'ધર્મના ચાર પ્રકાર, દાન, શીયળ, તપ, ભાવના' (એમ કહે). એ દાન ક્યું ? આ પૈસા દેવા, આહાર દેવો આદિ. પણ એ દાન જ નથી. દાન તો આત્મામાં સ્વરૂપની દૃષ્ટિ કરતાં જે નિર્મળતા પ્રગટ થાય તે આત્માને આપે એ દાન છે. સંપ્રદાન નામનો એમાં ગુણ છે. આરે...! આવી વાતું ! ક્યાંય મેળ ખાય નહિ અને મેળવાળી વાત છે. શું કીધું ઇ ?

પોતાના પુરુષાર્થથી ત્યાં મળે છે અને તે જ સમયમાં અયત્નસાધ્ય પણ છે. કો'કને પુરુષાર્થથી મળે અને કો'કને પુરુષાર્થ વિના મળે, એમ નહિ. એક દૈવ – અયત્નસાધ્યની યોગ્યતા પણ એનામાં ગણી. આહા..હા...! કાળલબ્ધિ પાકવાનું ટાણું એને આવી ગયું અને અંદરમાં આમ ગયો ત્યાં વસ્તુ મળી ગઈ, એમ કહે છે. પછી ટકે કે ન ટકે, એ જુદી વસ્તુ છે. સમજાણું કાંઈ ? આહા..હા...! એ યત્નસાધ્ય કીધું. અંદર આવવાનો કાળ એનો પાકી ગયો ને ! એટલે જ્યાં અંદર આમ ગયો ત્યાં વસ્તુ પ્રાપ્ત થઈ. સમજાણું કાંઈ ? એવો પણ એની યોગ્યતાનો એક ધર્મ (છે). અનંત ધર્મમાંનો આ પણ એક યોગ્યતાનો ધર્મ છે. કોઈ જીવને પુરુષાર્થથી થાય અને કોઈને અયત્નસાધ્યથી થાય, એમ નહિ. એમ કોઈને કાળનયે થાય અને કોઈને અકાળનયે થાય, એમ નહિ. એનામાં યોગ્યતાના આવા ધર્મ ગણવામાં આવ્યા છે. વિશેષ કહેશે...

શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !

**ईश्वरनयेन धात्रीहटावलेह्यमानपान्थवालकवत्पारतन्त्र्यभोक्तृ ३४। अनीश्वरनयेन स्वच्छन्ददारितकुरङ्गकण्ठीरववत्स्वातन्त्र्यभोक्तृ ३५। गुणिनयेनोपाध्यायविनीयमान-कुमारकवद्गुणग्राहि ३६। अगुणिनयेनोपाध्यायविनीयमानकुमारकाध्यक्षवत् केवलमेव साक्षि ३७। कर्तृनयेन रञ्जकवद्रागादिपरिणामकर्तृ ३८। अकर्तृनयेन स्वकर्मप्रवृत्तरञ्जकाध्यक्षवत्केवलमेव साक्षि ३९।**

---

આત્મદ્રવ્ય ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે, ધાવની દુકાને ધવડાવવામાં આવતા મુસાફરના બાળકની માફક. ૩૪.

આત્મદ્રવ્ય અનીશ્વરનયે સ્વતંત્રતા ભોગવનાર છે, હરણને સ્વચ્છંદે (સ્વતંત્રપણે, પોતાની મરજી અનુસાર) ફાડી ખાતા સિંહની માફક. ૩૫

આત્મદ્રવ્ય ગુણીનયે ગુણગ્રાહી છે, શિક્ષક વડે જેને કેળવણી આપવામાં આવે છે એવા કુમારની માફક. ૩૬.

આત્મદ્રવ્ય અગુણીનયે કેવળ સાક્ષી જ છે (–ગુણગ્રાહી નથી), શિક્ષક વડે જેને કેળવણી આપવામાં આવે છે એવો જે કુમાર તેને જોનાર પુરુષની (–પ્રેક્ષકની) માફક. ૩૭.

આત્મદ્રવ્ય કર્તૃનયે રંગરેજની માફક, રાગાદિપરિણામનું કરનાર છે (અર્થાત્ આત્મા કર્તાનયે રાગાદિ પરિણામોનો કર્તા છે, જેમ રંગારો રંગકામનો કરનાર છે તેમ). ૩૮.

આત્મદ્રવ્ય અકર્તૃનયે કેવળ સાક્ષી જ છે (–કર્તા નથી), પોતાના કાર્યમાં પ્રવૃત્ત રંગરેજને જોનાર પુરુષની (-પ્રેક્ષકની) માફક. ૩૯.

**ભાદરવા વદ ૪, સોમવાર**
**તા. ૧૦-૦૯-૧૯૭૯**
**નય ૩૪ થી ૩૯, પ્રવચન નં. ૨૬૭**

'પ્રવચનસાર', નય અધિકાર. ૩૩ નય ચાલી છે. (હવે) ૩૪. પ્રશ્ન એનો એમ હતો કે, આ આત્મા કેવડો છે ? એમાં આ પ્રશ્નનો ઉત્તર, આ નયોનો જે વિષય છે એ બધો એનામાં છે, એવડો એ આત્મા છે. અનંત નયમાં વ્યાપેલું એવું દ્રવ્ય (છે) અથવા અનંત નયમાં વ્યાપેલો શ્રુતજ્ઞાન, એ શ્રુતજ્ઞાન પ્રમાણથી તે વિષય થાય એવડો એ આત્મા છે. આહા..હા...! ૩૪.

'આત્મદ્રવ્ય ઈશ્વરનયે...' ઇશ્વર એટલે સ્વતંત્રતાને કારણે. છે તો સ્વતંત્ર પણ પોતાની શક્તિની નિમિત્તને આધીન થાય છે. સમજાણું કાંઈ ? 'ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે,...' કર્મના નિમિત્તમાં પોતે જોડાય છે એ ઈશ્વરનયે સ્વતંત્રપણે પરાધીન થાય છે. એને કોઈ પરાધીન કરતું નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? રાગ જે થાય છે એ નિમિત્તને આધીન થાય છે એવો એક એનામાં ધર્મ છે.

'ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે,...' પોતાની શક્તિના ધર્મથી તે નિમિત્તાધીન (થઈ પરતંત્રતા) ભોગવનાર છે. સ્વતંત્ર (છે), કર્મ એને ભોગાવતું નથી. આહા..હા...! સમજાય છે કાંઈ એમાં ? આહા..હા...! આવો પણ એનામાં — પર્યાયમાં એક ધર્મ – યોગ્યતા છે. આ..હા...! બળવાનપણે આવ્યું હતું ને ? ઘણે ઠેકાણે નથી આવતું ? કર્મના બળવાનપણે, એનો અર્થ નિમિત્તને આધીન પોતે થાય છે એવી પોતાની સ્વતંત્ર એક શક્તિ છે, યોગ્યતા છે. કર્મને કારણે એમાં બળવાનપણું નથી. પોતાનું જ બળવાનપણું નિમિત્તને આધીન થઈને રાગને કરે, ભોગવે એવો એનો એક સ્વભાવ છે. આહા..હા...!

જ્યાં શક્તિનું વર્ણન આવ્યું ત્યાં તો એમ કહ્યું કે, શક્તિ અને દ્રવ્ય. શક્તિ એટલે

ગુણો અને દ્રવ્ય. એની જ્યાં વ્યાખ્યા ચાલતી હોય ત્યારે એમ કહે કે, એનામાં વિકૃતપણાનું પરિણમન છે, વિકારના ષટ્કારકનું પરિણમન છે પણ તે વિકારથી રહિત તેનો સ્વભાવ છે. એ ગુણ અને દ્રવ્યની વાત કરી. આહા..હા...! શું કહેવું છે ? કે, ષટ્કારક જે આત્માના ગુણો – કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ, એ ષટ્કારક ગુણ જે છે એ વિકારપણે પરિણમે છે છતાં એનો ગુણ એવો છે કે વિકારથી રહિતપણે થવું એ એનો ગુણ છે. દૃષ્ટિ અને શક્તિની અપેક્ષાએ આમ છે. સમજાય છે કાંઈ આમાં ?

અહીંયાં જ્ઞાનપ્રધાન કથન છે તેથી કહે છે કે, વિકારપણે પરિણમવું, એ નિમિત્તાધીન થવું એ સ્વતંત્રપણે પોતે (થાય એવી) ઈશ્વર(નયે) યોગ્યતા છે. ત્યાં પણ ષટ્કારકે વિકારપણે પરિણમે છતાં એવો ભાવ નામનો ગુણ છે કે એનાથી રહિત થવું તે એનો ગુણ છે. એ દૃષ્ટિ અને શક્તિ ને દ્રવ્યના વર્ણનની અપેક્ષાએ વર્ણન છે. ઝીણી વાત છે, ભાઈ ! અને અહીંયાં તો એની પર્યાયમાં જે રાગ, દ્વેષ, વાસના થાય એ નિમિત્તાધીન પોતે સ્વતંત્રપણે કરે છે. અહીં સ્વતંત્ર છે ઇ પરતંત્ર થાય છે એમ કહે છે, પણ ઇ પરતંત્ર થાય છે પોતે એવો પોતાનો પર્યાયનો એક ધર્મ છે. પરતંત્ર કોઈ કરે છે એમ નથી. કર્મનો ઉદય આવ્યો એટલે એને વિકાર કરવો પડે એમ એનામાં કોઈ પર્યાયનો ધર્મ નથી. ગુણનો ધર્મ તો વિકારપણે થવું એ છે જ નહિ. આહા..હા...! પણ પર્યાયનો ધર્મ પણ એવો નથી કે જે કર્મના નિમિત્તે થાય, એને કારણે થાય. પોતાની શક્તિથી પોતે નિમિત્તાધીન થઈને પરતંત્રતાને ભોગવનાર છે. આવું સ્વરૂપ છે.

'ધાવની દુકાને ધવડાવવામાં આવતા...' ધાવમાતાની દુકાન હોય છે ને ? માતાને દૂધ ન આવતું હોય તો આવી માતા હોય છે ત્યાં બાળકને ધવડાવે. મોટા શહેરમાં દુકાન હોય છે. 'ધાવની દુકાને ધવડાવવામાં આવતા મુસાફરના બાળકની માફક.' મુસાફર રસ્તામાં નીકળ્યો અને એને બાળક હતું, એને દૂધ પાવું હતું તો ધાવમાતાની પાસે મૂકે. એ પરાધીનપણએ ત્યાં ભોગવે. એમ આત્મા એની યોગ્યતાનો એવો એક ધર્મ છે કે નિમિત્તાધીન થઈને પરાધીનતા ભોગવે એવો એક એનો ધર્મ છે. આહા..હા...! નિમિત્ત એને કરાવે એવો કોઈ એનામાં ધર્મ નથી. આહા..હા...! સમજાય છે ? પણ નિમિત્તને આધીન થવાની એની પર્યાયમાં એવો એક ધર્મ છે. આ ઈશ્વરધર્મ. એમ જાણીને પણ, મારી પર્યાયમાં વિકાર થાય છે એ નિમિત્તાધીન હું થાઉં છું માટે થાય છે, એવું જ્ઞાનમાં (લઈને), એનો આ ધર્મ – યોગ્યતા (એમ) લક્ષ કરીને પણ જ્ઞાયક ભાવ પૂર્ણ ચૈતન્યપ્રકાશની મૂર્તિ છે, ત્યાં તેની દૃષ્ટિ કરવી. આ..હા...!

એકલા એક ધર્મ ઉપર લક્ષ રાખીને ત્યાંને ત્યાં ઊભા રહેવું એમ નહિ, એમ કહે છે. છે એનામાં યોગ્યતા ઇ. આહા..હા...! કર્મને લઈને નહિ, પોતાની યોગ્યતાને લઈને નિમિત્તાધીન થાય છે. આ..હા...! અત્યારે આમાં મોટા વાંધા છે ને ! કર્મને લઈને વિકાર થાય, કર્મને લઈને વિકાર થાય. એ રીતે પરાધીન છે. (પરંતુ) એમ નથી. નિમિત્તને આધીન પોતે થાય છે એવો એનો એક ધર્મ છે, એ પરતંત્રતા છે. આવો ફેર છે. સમજાણું કાંઈ ?

સંપ્રદાન નામનો આત્મામાં ગુણ છે ને ? એ જ્યારે પર્યાયપણે વિકારપણે પરિણમે છે ત્યારે તે વિકાર પોતે કરે છે અને પોતે લ્યે છે. આહા..હા...! વિકાર કરનાર પાત્ર પણ પોતે અને વિકાર દેનારો પોતે. આહા..હા...! બહુ અલૌકિક વાતું છે, ભાઈ ! એનો એનો સ્વતંત્ર ધર્મ છે. એને અહીં પરતંત્ર તરીકે એનો ધર્મ છે એમ કીધું. પરને આધીન થવાની પરતંત્રતા એનો પોતાનો ધર્મ છે. આહા..હા...! ધાયમાતાનું કીધું ને ? બાળકની પેઠે.

હવે એનાથી ઉલ્ટું. 'આત્મદ્રવ્ય અનીશ્વરનયે સ્વતંત્રતા ભોગવનાર છે,...' એમાં પરાધીન થઈને ભોગવવું એ પણ એક એનો ધર્મ છે અને સ્વતંત્ર ષટ્કારકપણે પરિણમે છે, પોતે ભોગવે છે એ પણ એક એનો ધર્મ છે. આવી ઝીણી વાતું છે. એને જોવાનું એના પર્યાયની યોગ્યતા અને એને જોવાનું દ્રવ્યની સામર્થ્યતા. શું કહ્યું એ ? પર્યાયમાં તેની યોગ્યતા શું છે એ જોવાનું અને જોઈને જોવાનું અંદર દ્રવ્ય સામર્થ્યવાળો ભગવાન પૂર્ણ પ્રકાશમય છે, તેને જોવાનું એ તેનું કાર્ય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? પરને જોવાનું તો એનામાં કાંઈ છે જ નહિ. આ પરને જાણ છે ને ? પણ એ (પોતાને) સ્વપણે જાણે ત્યારે પરને જાણે એ યથાર્થ કહેવામાં આવે. એકલું પરને જાણે એ વાસ્તવિક છે જ નહિ. આ તો પોતે પરતંત્ર થવાનો એનો સ્વભાવ છે એ પોતામાં છે તેને જાણે. આહા..હા...! સમજાણું કાંઈ ? આ..હા...!

'બાહુબલી' અને 'ભરત', (બેય) સમકિતી. ભાઈને મારવાનો વિકલ્પ આવ્યો. સમકિતી છે, જ્ઞાની છે, એ ભવે તો મોક્ષ જવા લાયક છે. બેય, બેય હોં ! પણ નિમિત્તને આધીન થવાની, વિકારને આધીન થવાની યોગ્યતા છે એટલે વિકાર થયો છે. આહા..હા...!

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– મારતા નથી, રાગ આવે છે. તેથી એવી ક્રિયા થવાની હોય તો થાય છે. આહા..હા...! થયું છે ને પણ ? જુઓને ! ચક્ર માર્યું. ચરમશરીરી છે, એ ભવમાં મોક્ષ જનાર છે છતાં આને એવો ખ્યાલ નથી ? કે, આ ચક્રથી એને મારું. એ ચારિત્રનો

રાગનો પરાધીન દોષ પોતે સ્વતંત્ર કરે છે અને તે પરતંત્રપણે કરે એવો પણ ધર્મ (છે) અને સ્વતંત્રપણે કરે એવો એક એનો ધર્મ છે. એક સમયમાં બે છે. આહા..હા...! એ રાગ સ્વતંત્રપણે કરે છે.

ષટ્કારક જે ગુણો છે એની પરિણતિ જે થાય છે એ સ્વતંત્રપણે પોતે પરિણતિ કરે છે. એક કોર એમ કહ્યું કે, એ રાગ તે પરને આધીન થઈને કરે એવો પણ એક ધર્મ છે અને તે જ સમયે સ્વતંત્રપણે રાગ કરે, પરને આધીન નહિ, એવો પણ એનો એક ધર્મ છે. અરે...! આવી વાતું હવે. અને તે પણ એ ધર્મને જોઈને... આહા..હા...! એ ઇન્દ્રિયથી તો દેખાય નહિ. એના જ્ઞાનમાં પર્યાયમાં એનું લક્ષ કરીને, જોઈને આ હું સ્વતંત્રપણે રાગ કરું છું અને પરને આધીન થવું એ પણ મારી યોગ્યતા છે, મારો ધર્મ છે. આહા..હા...! આવી વિરુદ્ધ વાતું. પરસ્પર વિરુદ્ધ. એક કોર કહે કે, એ જ રાગને પરતંત્રપણએ ભોગવે એવી યોગ્યતા છે. એ રાગને સ્વતંત્ર કરે, ભોગવે એવી પણ એક એની યોગ્યતા છે. આવી વાતું છે. મૂળ તત્ત્વ એવું ઝીણું છે. આ..હા...! અને એનું અસ્તિત્વ જોઈને, તેની પર્યાયમાં એવી યોગ્યતા છે એવું જાણીને ત્યાં એણે રોકાવાનું નથી. આ..હા...! જેની પર્યાય છે તેના દ્રવ્યને ત્યાં જોવાનું છે. અરે...! આવું છે, ભાઈ !

ઓલું તો દયા પાળો, આ કરો, દાન કરો (એ સહેલું હતું). આહા..હા...! ત્યાગધર્મમાં આવે છે ને ? ત્યાગધર્મમાં. 'પદ્મનંદી'માં હમણાં આવ્યું હતું. બીજાને પુસ્તક આવે. પણ ઇ પરદ્રવ્ય ક્યાં કોણ આપી શકે છે ? એ તો વ્યવહારના કથન છે. ત્યાગધર્મ તો રાગનો ત્યાગ અને સ્વરૂપમાં સ્થિરતા (કરે) એનું નામ ત્યાગધર્મ છે. આહા..હા...! પરનો ત્યાગ છે જ નહિ. પરનું ગ્રહણ ક્યાં કર્યું છે તે ત્યાગ કરે ? પણ ખરેખર તો રાગનો ત્યાગ અને સ્વરૂપમાં સ્થિરતા (થાય) એ રાગનો ત્યાગ કરે છે એ પણ એક કથનમાત્ર છે. એ આવે છે ને ? ભાઈ ! આહા..હા...! પરના ત્યાગની તો વાત જ ક્યાં છે ? ભાઈ ! પરવસ્તુ ગ્રહણ ક્યાં કરી છે ? બાયડી, છોકરા, કુટુંબ, પૈસા, મકાન એ તો પર છે. એને ગ્રહણ ક્યાં કર્યા છે (તો) એને છોડવા હોય ? આહા..હા...! એના પ્રત્યે કરેલો જે રાગ છે એ રાગ છોડવો છે. એ રાગ છોડવો છે એ પણ એક નિમિત્તકથન છે, વ્યવહાર કથન છે. આહા..હા...!

એ જ્ઞાયક ભાવ ભગવાનઆત્મા જ્ઞાયક ભાવને જાણતાં જ્યાં અંદર ઠરે છે ત્યારે રાગ ઉત્પન્ન થતો નથી. એ રાગનો ત્યાગ કર્યો એ નામ કથનમાત્ર છે. પરના ત્યાગનું તો કથન

પણ નથી. આહા..હા...! લોકો તો પરનો જ્યાં ત્યાગ કરે, બાયડી, છોકરા, દુકાન (છોડે તો) ઓ..હો..હો...! ત્યાગી થઈ ગયો. લોકોની દૃષ્ટિ જ (બહાર છે). આ..હા...! સમજાણું કાંઈ ? પરનો ત્યાગ એ કંઈ ત્યાગ નથી. એનો તો ત્યાગ અનાદિથી છે. આહા..હા...! મિથ્યાદૃષ્ટિને એનો ત્યાગ અનાદિથી છે. આહા..હા...! એમાં રાગનો ત્યાગ, એના પ્રત્યેનો જે રાગ છે એનો ત્યાગ, એ પણ આત્માના સ્વભાવની દૃષ્ટિના જોરે રાગનો ત્યાગ એ પણ નિમિત્તનું કથન છે. આ..હા...! બાકી રાગનું થવું એ નિમિત્તાધીન એ પણ ધર્મ, યોગ્યતા છે અને રાગ સ્વતંત્રપણે કરે છે એવી પણ તેના પર્યાયમાં યોગ્યતા છે. બેય યોગ્યતા એક સમયમાં છે. આહા..હા...! કોઈ રાગ પરતંત્રપણે કરે અને કોઈ રાગ સ્વતંત્રપણે કરે, એમ નહિ. શું કીધું સમજાણું આમાં કાંઈ ? બહુ માર્ગ (ઝીણો), બાપુ ! એ રાગ પોતે પરતંત્રપણે કરે એવી પણ યોગ્યતા (છે) અને તે જ કાળે સ્વતંત્રપણે કરે એવી પણ યોગ્યતા (છે). આહા..હા...! સમજાય છે કાંઈ ?

એ મોટો પ્રશ્ન ઉઠ્યો હતો ને ? વિકાર થાય છે એ કર્મને લઈને થાય છે. મોટો પ્રશ્ન (ઉઠ્યો હતો). મેં કીધું, બિલકુલ નહિ. આ તો (સંવત) ૨૦૧૩ની સાલ(ની વાત છે). બાવીસ વર્ષ (થયા). આ..હા...! પર્યાયમાં એની પોતાની યોગ્યતા નિમિત્તાધીન થવી એવી પણ છે અને સ્વતંત્રપણે કરે એવી પણ એક એની યોગ્યતા છે. ધર્મની પર્યાય સ્વતંત્રપણે કરે કે રાગની પર્યાય સ્વતંત્રપણે કરે... આહા..હા...! એવો એનો એક અનીશ્વર ધર્મ છે. આવું શું (હશે) ? માર્ગ, બાપા ! બહુ એવી (ઝીણી) વાત છે. થોડે ફેરે મોટો ફેર પડી જાય છે. આહા..હા...!

(અનીશ્વરનયે) 'સ્વતંત્રતા ભોગવનાર છે, હરણને સ્વચ્છંદે (સ્વતંત્રપણે પોતાની મરજી અનુસાર)...' જોયું ? મરજી અનુસાર સિંહ. મરજી અનુસાર થાપ મારીને કટકા કરે. હરણને કેમ ઠીક પડે એમ (થાપ નથી મારતો). માથું ફોડે, થપાટ મારે, કટકા કરે. હરણને સ્વછંદપણે મારનાર સિંહની પેઠે. એમ ભગવાનઆત્મા સ્વતંત્રપણે, રાગને પોતાની યોગ્યતાથી સ્વતંત્રપણે કરે છે અને રાગને ટાળે છે એ પણ સ્વતંત્રપણે ટાળે છે. કર્મનું નિમિત્તપણું ઘટ્યું માટે રાગ (ટળ્યો) એમ નથી. અહીં તો અનીશ્વરનયે રાગનો કણ સ્વતંત્રપણે કરે એટલું સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ ? પરતંત્રપણે કરે છે એવો પણ ધર્મ (છે) અને સ્વતંત્રપણે કરે છે એવો પણ ધર્મ (છે), એમ સિદ્ધ કરવું છે. એક સમયમાં બે (ધર્મ). એવા અનંત ધર્મો એક સમયમાં છે. અરે..રે...! ૩૫ (નય પૂરી) થઈ. (હવે ૩૬).

'આત્મદ્રવ્ય ગુણીનયે ગુણગ્રાહી છે, શિક્ષક વડે જેને કેળવણી આપવામાં આવે છે...' છોકરાઓને શિક્ષક વડે કેળવણી આપવામાં આવે છે 'એવા કુમારની માફક.' રાજકુમાર હોય છે ને ? મોટા રાજકુમાર ! પચાસ-પચાસ લાખ, કરોડની ઊપજવાળા રાજકુમાર હોય ઇ શિક્ષક પાસે શીખે ને ? શિક્ષક સાધારણ હોય અને આ મોટા રાજકુમાર હોય. 'રાજકોટ'માં છે ને ? રાજકુમારની કૉલેજ. બધા રાજકુમાર હોય. પંદર-પંદર, સત્તર-સત્તર, અઢાર વર્ષના, તેર વર્ષના, ચૌદ વર્ષના રાજકુમાર હોય છે ને ? તો કહે છે કે, (એવા) કુમારની માફક ગુણગ્રાહી (છે). શિક્ષક જેમ શીખવે છે. આત્મા પરમાં ગુણ શું છે તેને જાણે છે, ગ્રાહી છે, ગુણગ્રાહી છે. આહા..હા...! જેવો તેનામાં – સામામાં ગુણ હોય છે તેને ગ્રહણ કરે છે એટલે જાણે છે. શિક્ષક જેમ પોતે કુમારને શીખવે છે તેમ કુમાર શીખે છે. રાજકુમારો મોટી અબજોની ઊપજવાળા. 'ભાવનગર' દરબાર કે 'જામનગર' દરબાર (હોય) પણ એના રાજકુમાર હોય એ ભણે તો ખરાને પહેલા ? તો શિક્ષક જેવું શીખવે છે તેમ ઇ ભણે છે. શિક્ષક પાસે જેમ ગ્રહણ કરે છે એમ આત્મામાં એવો એક ધર્મ અને યોગ્યતા છે કે જેનામાં જેટલો ગુણ હોય તેને જાણે અને ગ્રહે છે. સમજાણું કાંઈ ? જેનામાં જેટલી લાયકાતનો ગુણ હોય તેને તે જાણે છે, ગ્રહે છે. એ વ્યવહાર થયો, પણ એવો એનો એક ધર્મ છે.

'આત્મદ્રવ્ય અગુણીનયે કેવળ સાક્ષી જ છે...' એનેને એને, હોં ! ગ્રહવાનું નથી, સાક્ષી છે. જે છે તેને જાણે છે (કે), અહીં છે, બસ ! એટલું. સાક્ષી તરીકે જાણે છે. આહા..હા...! શું કહે છે આ ? 'અગુણીનયે કેવળ સાક્ષી...' ભાષા જોઈ ? એકલો સાક્ષી એમ નથી કીધું. જાણે છે કે છે. એ પણ પોતાની પર્યાયમાં જાણતા એને જાણે છે એમ સાક્ષી તરીકે જાણે. કોઈનો ગુણ ગ્રહણ કરવો એવી એનામાં યોગ્યતા નથી. એવો એક ધર્મ છે. નયનો વિષય બહુ અલૌકિક છે ! કારણ કે અનંત ધર્મમાં વ્યાપક પદાર્થ છે. અનંત ધર્મો – આ બધામાં વ્યાપક આત્મા છે. એ કર્મને લઈને વ્યાપક છે એમ નહિ. આ..હા...!

'અગુણીનયે કેવળ સાક્ષી જ છે...' એમ શબ્દ છે ને ? આહા..હા...! **'केवलमेव साक्षि'** એમ છે ને સંસ્કૃતમાં ? ૩૬. **'कुमारकवद्गुणग्राहि'** **'पाध्यायविनीयमान- कुमारकवद्गुणग्राहि'** એમ. **'गुणिनयेनोपाध्यायविनीयमान'** **'अगुणिनयेनोपाध्यायविनीयमानकुमारकाध्यक्षवत् केवलमेव साक्षि'** ઇ છે ને ? આહા..હા...! ૩૭(માં) 'एव' શબ્દ પડ્યો છે ને ? **'केवलमेव'**. આહા..હા...! ઘડીકમાં કહે કે, ગુણગ્રાહી છે અને વળી કહે કે સાક્ષી છે. એવી પણ એની યોગ્યતાનો ધર્મ છે, ભાઈ ! આ..હા...! પરસ્પર વિરુદ્ધ એવા બે ધર્મો એમાં પોતામાં છે. પરને લઈને

નહિ, પરમાં નહિ. આહા..હા...! એવા ધર્મમાં વ્યાપેલું એ દ્રવ્ય છે. એવા ધર્મમાં વ્યાપેલું, પ્રસરેલું દ્રવ્ય છે અને તે આત્મદ્રવ્ય એમાં પ્રસરેલું છે છતાં તેનું લક્ષ કરીને આત્મદ્રવ્યની નજર કરવાની છે. અંતર્મુખ દૃષ્ટિ કરવાની છે. પર્યાયના બહિર્મુખ ધર્મોને જાણતા છતાં પણ પર્યાયમાં છે ને એ તો ? છતાં અંદરમાં રાગની યોગ્યતા-બોગ્યતા કાંઈ (નથી). અંદર તો કર્તા, કર્મ શુદ્ધ પડ્યા છે.

પર્યાયમાં આવો એક ગુણગ્રાહી હોવા છતાં 'સાક્ષી જ છે (–ગુણગ્રાહી નથી),...' એક કોર કહે કે, ગુણગ્રાહી છે અને એક કોર કહે ગુણગ્રાહી નથી. એવો એક નયનો એનામાં વિષય છે. નય છે ને ? નય છે તે એક એક ધર્મને જાણનાર છે, તો એ નય છે એમાં એક ધર્મ આવો છે અને બીજો એક ધર્મ પણ આવો છે. અરે...! આવું છે. કહો, ભાઈ ! આવું ઝીણું છે આ. દોષપણે પરિણમે કે ગુણપણે પરિણમે એ સ્વતંત્ર પોતે અને પરતંત્ર પોતે. આહા..હા...! સમજાણું કાંઈ ? કર્મને લઈને દોષપણે પરિણમે છે એમ નથી. તેમ સાક્ષી છે માટે તે વિરુદ્ધ છે એમ નથી. સાક્ષી છે. પરના ગુણ હોય, ચાહે તો અરિહંતના, પંચ પરમેષ્ઠીના (હોય), સાક્ષી(પણે) જાણે અને એક નયે તેના જેટલા ગુણો છે, જેવી રીતે છે તેને ગ્રહે છે. શિક્ષક જેમ કુમારને શીખવે તેમ કુમાર શીખે. એમ નહિ કે, અમે કરોડની ઊપજવાળા રાજકુમાર છીએ અને આ શિક્ષક તો બસો-ત્રણસોના પગારવાળો (છે). એ તો અત્યારે (આટલા છે), પહેલા તો પચીસ-ત્રીસ પગાર હતા. આ..હા...! કુમાર જેમ શિક્ષક પાસે શીખે છે તેમ આત્મામાં બીજાના જે કંઈ ગુણની, પર્યાયની યોગ્યતા હોય તેને ગ્રહે છે, લક્ષમાં લ્યે છે અને એક નયે લક્ષમાં લેતો નથી, સાક્ષી છે. અરે...! આવી વાતું છે.

આ 'અમૃતચંદ્રાચાર્ય' પોતે ટીકા કર્યા પછી નયનું પરિશિષ્ટ કરે છે. બધી ટીકાઓ કરી, ૨૭૫ (ગાથાઓની), પછી પોતે સ્પષ્ટતા માટે પરિશિષ્ટ બનાવ્યું છે. કોઈ એકાંત ન લઈ જાય, એવો અનેકાંત એનો ધર્મ છે, રાગપણે થવું અને રાગપણે ન થવું એ બેય એનો ધર્મ છે. રાગ પરને આધીન થવું એ પણ ધર્મ છે અને રાગ સ્વાધીનપણે કરે એવો પણ એક ધર્મ છે. આહા..હા...!

હવે કર્તૃત્વનયે. 'આત્મદ્રવ્ય કર્તૃનયે,...' વળી એક બાજુ કહે કે, આત્મા રાગનો કર્તા છે જ નહિ. સમજાણું કાંઈ ? જ્યાં દૃષ્ટિનો વિષય ચાલે કે એના શક્તિનું વર્ણન ચાલે, તો શક્તિ કહો કે ગુણ કહો અને ગુણી કહો કે દ્રવ્ય કહો, એમાં તો રાગનું કર્તાપણું – (રાગને) કરી શકે એવો એનામાં ગુણ છે જ નહિ. ગુણ નથી પણ પર્યાયમાં એવો એક

ધર્મ છે કે જે રાગનું પરિણમન કરે છે તે કર્તૃત્વ એનો પોતાનો ધર્મ છે. ધર્મ એટલે રાગ એ ધર્મ છે. એવી એક યોગ્યતાનો એણે ધર્મ રાખી રાખ્યો છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની અત્યારે અહીં વાત નથી. સમજાણું કાંઈ ? અરે...! આવી વાતું છે. સંતો(ને) જંગલમાં રહીને કરુણાનો વિકલ્પ આવ્યો છે. આહા..હા...! છે તો વિકલ્પ, પુણ્યબંધનું કારણ (છે). આ..હા...!

બીજાને સમજાવવું એ પણ વિકલ્પ છે ને ? પણ કહે છે કે, એ વિકલ્પ સ્વતંત્રપણે આવ્યો છે અને નિમિત્તાધીન થઈને આવ્યો છે એ અપેક્ષાએ પરતંત્રપણે છે, એમ બેય વાત છે. આહા..હા...! ધર્મીને પણ આ પ્રમાણે હોય છે છતાં તેની દૃષ્ટિમાં વિષય એ નથી. વિષય છે એ તો ત્રિકાળ જ્ઞાયક ભાવ ચિદાનંદ પ્રભુ ધ્રુવના ધ્યાનના ધ્યેયમાં જેનું ધ્રુવ ધ્યાન છે. સમજાણું કાંઈ ? બહુ આકરી વાત છે, ભાઈ ! અનંત કાળમાં એણે એ વાસ્તવિક તત્ત્વની સ્થિતિ (જાણી નથી). દ્રવ્ય, ગુણની અને પર્યાયની. પર્યાયની વાસ્તવિક સ્થિતિ શું છે એ વર્ણવે છે. રાગપણે થવું, પરિણમવું એવો કર્તૃત્વ નામનો યોગ્યતાનો એવો ધર્મ છે. આ..હા...! એ રાગ કરે, પરિણમે છે એ રાગ નામનો અંદરમાં એક યોગ્યતાનો ધર્મ છે. પરને લઈને નહિ. આહા..હા...!

એક કોર કહેવું કે, ભગવાનઆત્મા રાગનો કર્તા માને તો મિથ્યાદૃષ્ટિ છે. કેમકે તેનો કોઈ ગુણ નથી કે રાગ કરે. એ ગુણ અને દ્રવ્યને જ્યાં જણાવવું છે ત્યાં રાગનો કર્તા (નથી). દયા, દાનના રાગનો પણ કર્તા આત્મા નથી. આહા..હા...! વળી અહીં કહે છે કે, એ રાગપણે પરિણમે છે તે તેનો પર્યાયનો ધર્મ છે. આહા..હા...! એના જ્ઞાનમાં લક્ષમાં લ્યે છે કે, આ છે. રાગનું પરિણમન મારામાં છે એટલો મારામાં કર્તા નામનો, કર્તૃત્વ નામનો ધર્મ છે. આહા..હા...! આવી વાતું ! એક વાર (કહે) કર્તા નથી અને બીજી વાર (કહે કર્તા છે). (એક ભાઈ) એમ કહેતા, બુદ્ધિ સાધારણ (ઇ) કહે, સવારે કાંઈક આવે, બપોરે કાંઈક (આવે), આમાં અમારે શું સમજવું ? એમ કહેતા. એનો છોકરો અત્યારે કરોડપતિ થઈ ગયો. આવ્યો હતો ને ? હમણાં કાંઈક નબળો પડી ગયો છે. બહારમાં દેખાતો નથી. પૈસાવાળાને ઘણી જવાબદારી હોય ને ! સરકારની ને ફલાણાની ને...! આહા..હા...!

અહીં કહે છે, 'કર્તૃનયે,...' કર્તૃત્વ નામનો એક ધર્મ છે તે નયે. આહા..હા...! પર્યાયમાં રાગ થાય છે, દ્વેષ થાય છે, વિષયવાસના થાય છે... આહા..હા...! એ કર્તૃત્વનયે 'રંગરેજની માફક, રાગાદિપરિણામનું કરનાર છે...' આહા..હા...! હવે અત્યાર સુધી દૃષ્ટિના વિષયમાં ઓલું સાંભળ્યું હોય કે, રાગનો કર્તા આત્મા માનવો તે મિથ્યાત્વ છે. એ તો દ્રવ્ય અને

ગુણની દૃષ્ટિની વાત છે. અહીં તો તેની પર્યાયમાં જે રાગનું પરિણમન છે... આહા..હા...! પર્યાયમાં, દ્રવ્ય-ગુણમાં તો ક્યાં છે ? પર્યાયમાં જે રાગનું – અશુભનું કે શુભનું (પરિણમન છે), આહા..હા...! રાગ થાય છે એ કર્તૃત્વનયે એનો પોતાનો ધર્મ છે. પોતે તે રાગપણે પરિણમવું, વિષય વાસનાપણે પરિણમવું એવી પણ એની પર્યાયનો યોગ્યતાનો ધર્મ છે. ધર્મ એટલે આ સમ્યગ્દર્શન, જ્ઞાન એમ નહિ. આત્માએ ધારી રાખેલો ભાવ તેને અહીં ધર્મ કહેવામાં આવે છે. પર્યાયમાં ધારી રાખેલો ભાવ. એની પર્યાય છે કે નહિ ? આહા..હા...! આવી ઝીણી વાતું. ઓલું તો સીધું હતું. વ્રત કરો, તપ કરો, દાન કરો. દાન દેવામાં પણ પૈસાવાળાને માખણ ચોપડે કે, આમાં ખર્ચો તો તમને લાભ થશે, તમને આમ થશે. પૈસા તો પર છે, એમાં દઈ શકે છે કે લઈ શકે છે એ છે જ ક્યાં ? પૈસા બીજાને દ્યે છે કે લ્યે છે એ પરદ્રવ્યને લઈને દેવાનું આત્મામાં છે જ નહિ. એનામાં એ વખતે જે રાગ થાય તેના કર્તાપણે પોતે છે ત્યારે એ કર્તૃનયનું જ્ઞાન સાચું (કહેવાય). દ્રવ્યનું જ્ઞાન કરે તો તે કર્તૃનયનું જ્ઞાન સાચું. શું કહ્યું ઇ ?

રંગરેજ જેમ.. છે ને ? '(જેમ રંગારો રંગકામનો કરનાર છે)...' રંગનારો કપડાનો રંગ કરે છે ને ? રંગ.. રંગ કપડાનો ! એક ફેરી ગયા હતા ત્યારે જોયું હતું. અમારે આ છે ને ? મોટું કારખાનું, પહેલા ત્રણ ભાઈઓ હતા ત્યારે મોટું (હતું). અમે પગલા કરવા ગયા હતા. અત્યારે તો એ વિરુદ્ધ થઈ ગયા. ગામમાં જઈએ તો આવે નહિ. પણ તે દિ' અમે પહેલાવહેલા ગયેલા ત્યારે આમ ઊંચુંનીચું કરતા હતા. ઘણા રંગરેજવાળા રાખેલા. એ રંગરેજ જેમ રંગ ચડાવે છે, '(રંગારો રંગકામનો કરનાર છે)...' એમ આત્મા રાગના રંગનો કરનાર છે. આહા..હા...! એવી પણ એક એનામાં યોગ્યતાની લાયકાતનો ધર્મ છે. આહા..હા...! આવી વાતું ! નિવૃત્તિમાં રહેલા સંતો વીતરાગભાવે રહેલા આવી (વાત) જગતને (કરે છે). વિકલ્પ આવ્યો છે ને આ વાત કરી નાખી છે. છતાં કહે છે કે, એ ક્રિયાનો કર્તા હું નથી અને વિકલ્પનો કર્તા હું નથી, હું તો જ્ઞાતા છું. વળી અહીં કહે છે કે, વિકલ્પનું પરિણમન છે તેનો કર્તા જીવ છે, એમ અહીંયાં કહ્યું છે.

જ્ઞાન કરે છે, દરેક પર્યાયની જેટલી યોગ્યતા (છે) તેનું તે જ્ઞાન કરે છે અને દૃષ્ટિ છે એ તો આખા ત્રિકાળી દ્રવ્ય અનંત ગુણનો પિંડ છે તેને સ્વીકારે છે. એ દૃષ્ટિની સાથે થયેલું જે જ્ઞાન એ અંશે અંશે પર્યાયમાં જેટલો રાગ છે, જેટલી ધર્મની પર્યાય છે એને બરાબર જાણે છે. આહા..હા...! દ્રવ્યદૃષ્ટિમાં પર્યાયનું લક્ષ જ નથી. સમજાણું કાંઈ ? અને દ્રવ્યદૃષ્ટિ

સાથે જે જ્ઞાન થયું એમાં દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેનું જ્ઞાન છે. આહા..હા...! આવી વાતું હવે. કહો, આ કર્તૃનયે તો આમ આવ્યું. ઓલા કહે કે, નહિ. વિકાર છે તે કર્મથી થાય છે. અહીં કહે છે કે, કર્તૃનયે વિકાર જીવની પર્યાયમાં સ્વતંત્ર થાય છે. આ શાસ્ત્ર નહિ વાંચેલા હોય ? પણ દૃષ્ટિ પહેલેથી 'ગોમટસાર'ની હોય ને ! જ્ઞાનાવરણીય (કર્મ) જ્ઞાનને આવરે, દર્શનમોહનીય સમકિતને આવરે, અંતરાયકર્મ આત્માના દાન, લાભની પર્યાયને આવરે. એ તો નિમિત્તના કથન છે. આહા..હા...!

જેમ રંગરેજ છે, એમ ભગવાનઆત્મા જેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે એવા જીવને પણ પર્યાયમાં રાગનું કરવાપણું કર્તૃનયે દેખાય છે. સમજાણું કાંઈ ? આહા..હા...! આવું ક્યાં હતું ? એ..ઇ...! ભાઈ ! (એમની) વખતે આવું કાંઈ હતું નહિ. બધા ગાણું ગાતા, એવું કાંઈક એક ગાયન ગાતા. બધું લૌકિક, બધી બહારની વાતું. આ..હા...! આ મહાસિદ્ધાંત છે. તારામાં જે રાગનો પર્યાય થાય તેને તું બીજાના કર્તૃત્વમાં નાખી દ્યે તો એ તારી પર્યાયનું પરિણમન થવું તે તારો ધર્મ છે એને તેં જાણ્યો નથી. થાય, જ્ઞાનીને રાગ આવે, રાગનું પરિણમન હોય પણ તે પરિણમન મારાથી થયું છે, બીજાથી નહિ. કર્મથી નહિ, તેમ સંયોગો એવા હતા તો અમારે આ રાગ કરવો પડ્યો, સ્ત્રીનો સંગ થયો માટે અમને રાગ થયો એમ નથી, એમ કહે છે. આહા..હા...! સારા છોકરા પાક્યા, પૈસા વધારે પેદા થવા માંડ્યા એટલે મને એને લઈને રાગ થયો એમ નથી, એમ કહે છે. તારી પર્યાયમાં જ રાગનું પરિણમન તું સ્વતંત્રપણે કરે છો. અરે..રે...! આવી વાતું, કહો ! વાણિયાને નવરાશ ન મળે અને બહારના ત્યાગમાં પડ્યા. પોતે ત્યાગ કરી શકે નહિ અને (બીજો) ત્યાગ કરે એટલે ઓ..હો..હો...! (થઈ જાય) પણ ત્યાં હજી મિથ્યાત્વ ને રાગનો ત્યાગ નથી ત્યાં ત્યાગ ક્યાં છે ? આહા..હા...! ધર્મત્યાગ છે, એ તો 'નિયમસાર'માં આવે છે ને ? આ..હા...!

ભાઈએ બહુ સારું લખ્યું છે. ઓ..હો..હો...! આવો વિસ્તાર અને ક્ષયોપશમવાળો માણસ. એક એકનું વર્ણન કર્યું છે. વાંચ્યું છે આખું ? ભાઈ ! મેં પણ કોઈ દિ' જોયું નહોતું. બધું 'આત્મધર્મ'માં આવતું પણ કોણ જોવે ? આ બધું ભેગું આવ્યું. ઓ..હો..હો...! શું તેની ત્યાગધર્મની વ્યાખ્યા ! શું તેની સંયમની વ્યાખ્યા ! ગજબ કરે છે ! એની કહેવાની પદ્ધતિ, લેખકની અને વક્તાની કોઈ જુદી જાત છે. આ..હા...! નહિતર છે તો નાની ઉંમર, ૪૪ વર્ષ પણ ગજબ ! દાન અને ત્યાગમાં શું ફેર છે ? એનો એણે મોટો વિસ્તાર કર્યો છે. આ..હા...! દાનમાં તો ત્રણ જણા જોઈએ – દેનાર, લેનાર અને વસ્તુ. ત્યાગમાં તો પ્રભુ

પોતે છે, અંદરમાં જાય છે ત્યારે રાગનો ત્યાગ થઈ જાય છે. એ ત્યાગધર્મ છે. દાન એ ધર્મ નથી, એ પુણ્ય છે. એમાં ત્રણ જણા હોય છે. લેનાર, દેનાર અને દેનારની વસ્તુ. આહા..હા...! ચાહે તો ત્રણલોકના નાથ તીર્થંકરને પણ છદ્મસ્થપણામાં જે આહાર આપે તો આહાર થયો, દેનાર થયો અને લેનાર થયા. ત્રણ (થયા). 'શ્રેયાંસકુમાર'નો દાખલો આપ્યો છે. 'ઋષભ' ભગવાને આહાર લીધો ને ? 'શ્રેયાંસકુમાર' રાજકુમાર. બેય ચરમશરીરી. દાનની (પ્રવૃત્તિ) ત્યાંથી ચાલી એમ આવે છે. એ દાન એ વ્યવહાર ધર્મ, પુણ્ય છે. એ ભગવાનને આહાર દેવો એ પણ પુણ્ય છે, ધર્મ નથી. ત્યાગધર્મ – આહારનો ત્યાગ કર્યો માટે ધર્મ નથી. આહા..હા...! અહીંયાં તો અંદરમાં આહારના રાગનો ત્યાગ અને અંતરમાં રમણતા (થવી) તેનું નામ ત્યાગધર્મ છે.

એ અહીં કહે છે કે, કર્તૃત્વમાં રાગનો રંગ આવ્યો. આહા..હા...! દાન દેવામાં કે લેવામાં મુનિને પણ વિકલ્પ, રાગ આવ્યો. એ રાગનું કર્તૃત્વ એનું પોતાનું છે. સમજાય છે કાંઈ ? કર્મને લઈને આવ્યો, કર્મનો ઉદય ત્યાં એવો આવ્યો કે એને રાગ કરવો (પડ્યો) એમ નથી, એમ કહે છે. એ વખતે એવો જ ઉદય આવ્યો કે દેવા-લેવાનો વિકલ્પ આવે, એમ નથી. આહા..હા...!

'કર્તૃનયે, રંગરેજની માફક, રાગાદિપરિણામનું કરનાર છે...' રાગાદિ (એટલે) પુણ્ય, પાપ, દયા, દાન, વ્રતાદિના પરિણામ, એનું કરનાર પરિણમન આત્માનું છે. છે ભલે એ પુણ્ય પણ એનું પરિણમન જીવનું છે. અરે...! અશુભ રાગ આવે. આહા..હા...! અશુભ રાગનું કર્તૃત્વ પણ પોતાનું છે. સમજાય છે કાંઈ ? દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયની વાત ચાલતી હોય ત્યાં તો રાગનો કર્તા માને તે મિથ્યાદૃષ્ટિ (છે એમ કહે). એ તો દ્રવ્ય-ગુણની અપેક્ષાએ વાત છે. અહીં હવે પર્યાયની અપેક્ષાની વાત છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આવી વાતું (છે). ભાઈ ! આ રંગ જુદી જાતનો છે. આ નવો રંગ છે. આ..હા...! ભક્તિનો રાગ આવે, એ રાગનું કર્તૃત્વ સ્વતંત્ર જીવનું છે. એ ભગવાનને દેખ્યા માટે શુભ રાગ આવ્યો એમ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ ? એ વખતે પર્યાયમાં કર્તૃનયે રાગરૂપે પરિણમવું તેવો તેનો પોતાનો સ્વભાવ છે, ધર્મ છે. આહા..હા..! અને તે પણ તે કર્તૃનયે જોઈને ત્યાં ઊભા નથી રહેવાનું. એનું જ્ઞાન કરીને ભગવાન જ્ઞાયક સ્વભાવ અંતરમાં (છે) ત્યાં ચૈતન્યના પ્રકાશનું પુર વહે છે ત્યાં એણે નજર કરવાની છે. આવી વાતું છે. આ (સમજવા) નવરો ક્યાં થાય ? હજી તો એનો વાસ્તવિક જે પર્યાયધર્મ છે એને જાણવાની લાયકાત ન મળે. આહા..હા...!

અને દ્રવ્ય સ્વભાવ જે છે એની ઉપર નજર કરવાની છે. આને જાણીને પાછી નજર તો ત્યાં કરવાની છે. આહા..હા...!

આમાં તો મોટો વાંધો હતો ને ! કીધું નહિ ? રાગ-દ્વેષ થાય છે એ કર્મને લઈને થાય છે. કીધું, કર્મના ષટ્કારક છે એનું અહીં કાંઈ કારણ છે જ નહિ. આત્મામાં જે રાગાદિ થાય છે (એમાં) કર્મના કારણો છે જ નહિ. મોટા વાંધા ઉઠ્યા. સંપ્રદાયમાં આ ચીજ નહોતી એટલે બિચારા શું કરે ? એને પણ હિત કરવાનો ભાવ તો હોય છે પણ એ વાત(ના) સંસ્કાર નહિ અને વર્તમાન એ જાતની કોઈ યોગ્યતા બતાવનાર નહિ. એટલે શું થાય ? આ..હા...!

અહીં તો 'અમૃતચંદ્રાચાર્ય' ચોખ્ખો પોકાર કરે છે. 'કુંદકુંદાચાર્ય' અને ભગવાનને આમ કહેવું છે તેનું પરિશિષ્ટ આ કહેવાય છે. દિગંબર સંત છે, ત્રણ કષાયનો અભાવ છે, વીતરાગપણે પરિણમી રહ્યા છે, આનંદમાં ઝુલે છે. એ મુનિ ! આ..હા...!

ભાઈએ તો બહુ લખ્યું છે. ત્યાગધર્મમાં એટલું લખ્યું છે કે, બીજાને દુઃખ થાય એ માટે મારું કહેવું નથી પણ વસ્તુની સ્થિતિ આ છે તેને હું કહીને વિરમું છું. આ..હા...! બહુ સરસ વાત ! વાંચતા એને મૂકવાનું મન ન થાય એવો વિષય છે. એવી ઢબથી વાત કરી છે. ઓ..હો..હો...! આટલી ઉંમર ! એ પણ દસ-બાર વર્ષ પછી હશે ને ? આ તો ૪૪ થયા, પહેલેથી તો નહિ થાય. પેંથીએ પેંથીએ જેમ વાળ જુદો પાડીને જેમ તેલ પુરે એમ પેંથીએ પેંથીએ વાત પુરી છે. આહા..હા...! દસલક્ષણી પર્વ ! આ તો બધાને (એક મુમુક્ષુ) તરફથી જાશે ને ! હિન્દી અને ગુજરાતી બેય. 'આત્મધર્મ'માં આવી ગયું છે. આ એક સાથે આખો સંગ્રહ છે. આ..હા...! વાંચે અને વિચારે એને ખબર પડે. એમને એમ વાંચી જાય (તો ખબર ન પડે). આ..હા...! ત્યાં તો એણે ત્યાગ અને દાનની વ્યાખ્યા કરી છે.

એક વાત એમાં રહી ગઈ છે. નિશ્ચય પણ એક દાન સંપ્રદાન છે એ વાત ત્યાં નથી. નિશ્ચય દાન. આત્મામાં એક સંપ્રદાન નામનો ગુણ છે કે જેને લઈને નિર્મળ પરિણતિ કરે અને નિર્મળ પરિણતિ પોતે રાખે એ દાન પોતે પોતાને આપે છે. એ આવ્યું નથી, બીજામાં નાખશે. આમાં ન આવ્યું. સમજાય છે કાંઈ ? આ..હા...! પરને દેવા-લેવાનો તો વિકલ્પ છે. ચાહે તો તીર્થંકરને આહાર-પાણી આપે તોપણ એ શુભ રાગ, પુણ્ય છે, કોઈ ધર્મ નથી. આ..હા...!

અહીંયાં તો આત્મામાં સંપ્રદાન નામનો એક ધર્મ છે, ગુણ.. ગુણ (છે) કે જે ગુણનું પરિણમન થતાં નિર્મળ પરિણતિ પોતે કરે અને પોતે લ્યે. પાત્ર પોતે અને દાતા પોતે એમ બેય (દેનાર-લેનાર) પોતે. આહા..હા...! શું કહ્યું સમજાણું કાંઈ ? એનામાં – ભગવાનઆત્મામાં એ સંપ્રદાન નામનો એક ગુણ છે કે એ ગુણને ધરનારા દ્રવ્યની જ્યાં દૃષ્ટિ કરે છે ત્યારે એને નિર્મળ પરિણતિ લેનાર પોતે અને નિર્મળ પરિણતિ દેનાર પોતે. નિર્મળ, હોં ! ત્યાં વિકારની વાત નથી. સમજાણું કાંઈ ? આહા..હા...!

અહીંયાં તો પર્યાય ધર્મમાં જેટલી યોગ્યતા એ પણ અહીં બતાવવી છે. એકાંત કોઈ કાઢી નાખે કે નહિ, નહિ. વિકાર છે (એ) કર્મને લઈને છે, કર્મને લઈને છે. એની પોતાની યોગ્યતા નથી. એ માટે કહે છે કે, નહિ, કર્મને લઈને બિલકુલ નથી. જ્ઞાનીને પણ રાગ આવે છે એ કર્મનું બળવાનપણું છે માટે આવે છે એમ નથી. આહા..હા...! એ પર્યાયમાં રાગમાં રંગાવું (એનો ધર્મ છે).

એક બીજી વાત લીધી, ઓલી રાગ રંજિતપણે કીધું છે ને ? એ જુદી વસ્તુ છે. એકલું રાગના રંગપણે ચડી જવું એ જુદી વાત છે અને રાગપણે પરિણમવાની પર્યાયની યોગ્યતા છે એ બીજી વાત છે. એકલું રાગના રંગપણે ચડી જવું તો તો મિથ્યાત્વ છે પણ રાગ એના ક્ષણિક પર્યાયમાં હોય છે એને જાણવું એમાં મિથ્યાત્વ નથી. રંજિતપણું આવ્યું હતું ને ?

જ્ઞાની રંજિત પરિણામપણે પરને ભોગવતો નથી. અજ્ઞાની રંગમાં રંગાઈ ગયેલો થઈને ભોગવે છે. ત્યાં એ જુદી વસ્તુ છે. રાગનો રસ કરીને ભોગવે છે એ તો મિથ્યાદૃષ્ટિ (છે). અહીં રાગપણે થવું, પરિણમવું એ એનો કર્તૃત્વ ધર્મ છે તેટલું તેને લક્ષ કરાવે છે. એમાં એકાકાર થવું એમ વસ્તુ અહીં નથી. ગુણ ને દ્રવ્યમાં એકાકાર થવું, પણ પર્યાયમાં રાગનો રંગ ચડેલો છે. ધર્મીને પણ શુભ-અશુભ રાગનો પરિણામ આવે તે તેનું કર્તૃત્વ છે. આહા..હા...! રાગનું કર્તૃત્વ, દ્વેષનું કર્તૃત્વ.

'બાહુબલીજી'ને ચક્ર ચડાવ્યું એ તો દ્વેષ (હતો). 'ભરત' સમકિતી હતા. ચક્ર આમ હાથમાં લઈને આમ કર્યું. ત્યાં પેલા ચરમશરીરી (હતા એટલે) હાથમાં આવી ગયું. આ તારું ધાધરીયું ચક્ર ! એમ કરીને 'બાહુબલી'એ (કહ્યું). આહા..હા...! અરે..રે...! આ સંસાર ! (બધું) છોડીને મુનિ થઈ ગયા. નહિતર રાજકુમાર હતા. અરે..રે...! આવી સ્થિતિ – દશા ! છતાં ત્યાં એ રાગનું પરિણમવું એ તો એનો ધર્મ છે. આહા..હા...!

'સીતાજી' ! ધર્મ પરીક્ષા આપો નહિતર અંતેપુરમાં નહિ લઈ જઈએ. 'રાવણ'ને ઘરે રહ્યા, લોકો શું કહે ? મને હજી રાજનો રાગ છે. રાજમાં વિરોધ થાય કે આ 'રાવણ'ને ઘરે રહી, એને શું હશે આ ? (માટે) એકવાર પરીક્ષા આપો. આ..હા...! એવા 'રામચંદ્રજી' ધર્મી જીવ સમકિતી છે એને પણ આ જાતનો રાગનો એક અંશ આવ્યો. એને એ જાણે છે કે, મારું રાગનું પરિણમન મારે કારણે છે. સમજાણું કાંઈ ? 'સીતાજી' પણ જાણે છે. જ્યાં પરીક્ષા પુરી થઈ... અગ્નિને ઠેકાણે પાણી. ઇ કંઈ આ બ્રહ્મચર્યને કારણે નથી પણ ચરણાનુયોગની સ્થિતિ એમ હોઈ શકે. એ છે તો પૂર્વના પુણ્યને લઈને ત્યાં પાણી થયું પણ આ બ્રહ્મચર્યને કારણે ત્યાં સળગ્યા નથી એવો બ્રહ્મચર્યનો પ્રતાપ (છે), એમ ચરણાનુયોગની વિધિમાં આવે. એ પરીક્ષા દઈને જ્યાં હેઠે ઉતરે છે, 'રામચંદ્રજી' કહે છે, ચાલો અંતેપુરમાં. (તો 'સીતાજી' કહે છે), બસ થઈ ગયું. પતિવ્રતા સતિ 'સીતા', એ પરીક્ષામાં પાસ થયા. બસ થઈ ગયું. સંસારની સ્થિતિ જોઈ લીધી. ધર્મી, હું પણ ધર્મી છું એવી તો મને ખબર છે છતાં રાજના રંગમાં ચડેલા રાગે એમાં તમારે રહેવું છે એટલે આ મારી પરીક્ષા કરી. આહા..હા...! ચાલી નીકળે છે. સાધ્વી પાસે જાય છે. 'સીતાજી' આમ.. આ..હા..હા...! એ જાતનો જે રાગ હતો એ છૂટી ગયો અને પછી દીક્ષાનો રાગ, વિકલ્પ આવે છે. પણ વિકલ્પપણે પરિણમે છે એ પોતે. કર્તૃત્વનય છે. આહા..હા...! સમજાણું ?

'કર્તૃનયે રંગરેજની માફક,...' એ તો દૃષ્ટાંત છે ને ? 'રાગાદિપરિણામનું...' રાગાદિ એટલે દ્વેષ, વિષય વાસના, બધો રાગાદિ, દ્વેષાદિ, હરખ, શોક આદિના પરિણામ હોય છે. એનું પરિણામનું 'કરનાર છે (અર્થાત્ આત્મા કર્તાનયે રાગાદિ પરિણામોનો કર્તા છે,...)' રાગાદિ પર્યાયની દશાનો કર્તા છે. આહા..હા...! '(જેમ રંગારો રંગકામનો કરનાર છે તેમ).' એક બાજુ કહે કે, રાગનો કર્તા માને તો મિથ્યાદૃષ્ટિ છે. એ દૃષ્ટિની અપેક્ષાએ (વાત છે). જ્ઞાનની અપેક્ષાએ પર્યાયના અંશે અંશે જેટલો દોષ છે એનો કર્તા હું, રંગાયેલો છું. એ મારું પરિણમન છે. આહા..હા...! એ કર્તાનયે (થયું).

એ જ પર્યાયને કાળે અકર્તૃનય પણ છે, કહે છે. 'આત્મદ્રવ્ય...' આત્મદ્રવ્ય કીધું ને ? આત્મદ્રવ્ય – વસ્તુ. આહા..હા...! 'અકર્તૃનયે કેવળ સાક્ષી જ છે...' રાગનો સાક્ષી છે. રાગનું કર્તૃત્વપણાનું પરિણમન છે અને રાગનો સાક્ષી છે એવો પણ એક પ્રકારનો ધર્મ છે. આહા..હા...! રાગપણે પરિણમન થવું એવો પણ એક કર્તૃત્વ ધર્મ છે અને રાગ થયો તેનું સાક્ષી રહેવું – અકર્તાપણું એ પણ એનો ધર્મ છે. ધર્મ (એટલે) સમજાય છે ? ભાવ. એવો એક પર્યાયનો

ભાવ છે. એ ભાવને ધારી રાખેલો ભગવાન છે, અધિષ્ઠાતા આત્મા છે. એ પર્યાયની ધારી રાખી છે. એ પર્યાયને કર્મે ધારી છે, એમ નથી. આહા..હા...!

'(–કર્તા નથી), પોતાના કાર્યમાં પ્રવૃત્ત રંગરેજને જોનાર...' રંગારો કરતો હોય અને બીજો જોવે એમ રાગ થાય તેને જોનાર છે. આ..હા..હા..હા...! રંગરેજને આમ કપડું રંગતો બીજો જોવે એમ રાગ થયો એને પોતે જોવે છે. આહા..હા...! એવો પણ એનામાં એક કર્તૃત્વની સામે અકર્તૃત્વ ધર્મ એક સમયમાં બેય સાથે છે. પણ છતાં તે અકર્તૃત્વનયના ધર્મને જોઈને કે કર્તૃત્વ નામના ધર્મને જોઈને એની દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર જવી જોઈએ. જેની પર્યાય છે તે દ્રવ્ય (ઉપર) જાવું જોઈએ. વિશેષ કહેશે...

શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !

**भोक्तृनयेन हिताहितान्नभोक्तृव्याधितवत् सुखदु:खादिभोक्तृ ४०। अभोक्तृनयेन हिताहितान्नभोक्तृव्याधिताध्यक्षधन्वन्तरिचरवत् केवलमेव साक्षि ४१। क्रियानयेन स्थाणुभिन्नमुर्धजातदृष्टिलब्धनिधानान्धवदनुष्ठानप्राधान्यसाध्यसिद्धिः ४२।**

આત્મદ્રવ્ય ભોક્તૃનયે સુખદુઃખાદિનું ભોગવનાર છે, હિતકારી, અહિતકારી અન્નને ખાનાર રોગીની માફક. [ આત્મા ભોક્તાનયે સુખદુઃખાદિને ભોગવે છે, જેમ હિતકારી કે અહિતકારી અન્નને ખાનાર રોગી સુખ કે દુઃખને ભોગવે છે તેમ. ]. ૪૦.

આત્મદ્રવ્ય અભોક્તૃનયે કેવળ સાક્ષી જ છે, હિતકારી–અહિતકારી અને અન્નને ખાનાર રોગીને જોનાર વૈદ્યની માફક. [ આત્મા અભોક્તાનયે કેવળ સાક્ષી જ છે–ભોક્તા નથી, જેમ સુખદુઃખને ભોગવનાર રોગીને જોનાર જે વૈદ્ય તે તો કેવળ સાક્ષી જ છે તેમ. ] ૪૧.

આત્મદ્રવ્ય ક્રિયાનયે અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે, થાંભલા વડે માથું ભેદાતાં દૃષ્ટિ ઉત્પન્ન થઈને જેને નિધાન મળે છે એવા અંધની માફક. [ ક્રિયાનયે આત્મા અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ થાય એવો છે, જેમ કોઈ અંધ પુરુષને પત્થરના થાંભલા સાથે માથું ફોડવાથી માથામાંના લોહીનો વિકાર દૂર થવાને લીધે આંખો ખૂલી જાય અને નિધાન પ્રાપ્ત થાય તેમ. ] ૪૨.

**ભાદરવા વદ ૬, મંગળવાર**
**તા. ૧૧-૦૯-૧૯૭૯**
**નય ૪૦ થી ૪૨, પ્રવચન નં. ૨૬૮**

‘પ્રવચનસાર’ ૩૯ નય થઈ. **શિષ્ય**નો એ પ્રશ્ન હતો. આપે પહેલા ઘણું તો કહ્યું હતું પણ એમાં **વિશેષ** સમજવા માટે પ્રશ્ન (છે) કે, આ આત્મા અંદર કેવો છે ? અને એ ચીજ કોણ છે ? કેવડો છે ? અને તેને પ્રાપ્ત કરવાની વિધિ – રીત **શું** છે ? એવું પૂછ્યું છે છતાં જવાબ આમાં જ આવી જાય છે. નયનો જે એક એક ધર્મ છે... ધર્મ એટલે આત્માએ ધારેલો ભાવ, એને જાણવા છતાં અંતર દ્રવ્ય ચૈતન્યપ્રકાશ**મૂર્તિ** છે, દ્રવ્ય ચૈતન્યપ્રકાશ છે

તેને જાણવો એટલે એનો ઉપાય પણ આવી ગયો છે. વિસ્તારથી ઉપાય પછી કહેશે. સમજાણું કાંઈ ? આવી વાતું (છે).

આત્મા જે છે એમાં અનંતા ધર્મો છે. ગુણ, પર્યાય આદિ અનંત ધર્મ (છે). ધર્મ નામ ધારી રાખેલા ભાવ. એનો એ અધિષ્ઠાન આત્મા ભગવાન છે. એ બધા ધર્મોનો આધાર આત્મા છે. એમાં એક એક નય જે એક એક ધર્મને જાણનારી છે તેને જાણીને પણ અંતર દ્રવ્યમાં, દ્રવ્ય ચૈતન્યમૂર્તિ પ્રકાશ છે તેમ તેમાં જાણવું એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન છે. આહા..હા...!

હવે, આપણે અહીં ભોક્તાનય આવી છે. આત્મદ્રવ્ય કેવું છે ? કે, 'ભોક્તૃનયે,...' આ..હા...! ખરેખર તો રાગ અને રાગનું કર્તૃત્વ અને ભોક્તૃત્વ, આત્મામાં અંતર એકત્વબુદ્ધિ થતાં આત્માની શાંતિ અને આનંદ ને કર્તૃત્વ ને ભોક્તૃત્વ રહેશે, પણ જ્યારે પર્યાયમાં નબળાઈને લઈને રાગનું થવું અને રાગનું ભોગવવું એવો એનો એક ધર્મ પર્યાયમાં ગણ્યો છે. ક્યારે ? કે, જે રાગ દયા, દાન કે કામ, ક્રોધના પરિણામ, એનો દ્રવ્ય સ્વભાવ કર્તા નથી અને તેનો ભોક્તા પણ નથી. એવી દૃષ્ટિ થઈ ત્યારે તેની સાથે રહેલું જે જ્ઞાન એ જ્ઞાન જાણે છે કે મારામાં રાગનું પરિણમન છે તેટલું કર્તૃત્વ હું જાણું છું. આહા..હા...! તેમ રાગનું સુખ-દુઃખનું ભોગવવું.. છે ને ? સુખ, દુઃખ એટલે આ કલ્પનાના સુખો. ઇન્દ્રિયોના દુઃખ અને સુખ. આહા..હા...! ઇન્દ્રિયો તરફના વલણવાળો જે ભાવ અનિષ્ટ સંયોગમાં દુઃખ ભાવ, ઇષ્ટ સંયોગમાં સુખ કલ્પનાનો ભાવ, એવી જે ભોક્તાની પર્યાય છે... આ..હા...! એ સુખ-દુઃખનો ભોગવનાર છે. સમજાણું ?

એ વાતનો (એક મુમુક્ષુને) વાંધો હતો ને ? કે, સુખ-દુઃખને આત્મા ભોગવતો જ નથી. આ 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' વાંચીને એનું એકાંત થઈ ગયેલું. એમાં એમ આવ્યું કે, શુભ ભાવ એક ભઠ્ઠી છે. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં આવે છે. શુભ ભાવ ભઠ્ઠી ? જ્ઞાનીને પણ શુભ ભાવ(માં) ભઠ્ઠીનું વેદન હોય છે. આ..હા...! ભઠ્ઠીનું ભોગવવાપણું દૃષ્ટિની અપેક્ષાએ છે નહિ પણ જ્ઞાનમાં જે પર્યાયમાં જરી રાગનું ભોક્તાપણું છે તેનું તે નયથી જ્ઞાન કરે છે. આ..હા...! આવી વાતું ! અને પહેલાં રાગની એકતા તૂટ્યા વિના સ્વભાવની એકતા થાય નહિ. એટલે સમ્યગ્દર્શન થાય નહિ. આહા..હા...! અને સમ્યગ્દર્શન થયા છતાં તેનો જે જ્ઞાન ભાગ છે એ જ્ઞાન તો તેને જેટલું હર્ષ-શોકનું વેદન થાય તેટલો ધર્મ, મેં મારો ધારી રાખેલો ધર્મ છે (તેમ જાણે છે). આવી ઝીણી વાતું છે.

મુમુક્ષુ :- એકવાર કીધું કે મારો નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :- મારો નથી એટલે સ્વભાવની અપેક્ષાએ મારો નથી પણ પર્યાયમાં મારામાં છે. આહા..હા...! ભગવાનઆત્મા ચિદાનંદઘન પ્રભુ, એના અનંતા ગુણો છે એ તો પવિત્ર છે. એ પવિત્ર છે એ રાગને કરે ને ભોગવે એ એનો કોઈ ગુણ નથી. એ અપેક્ષાએ તો તેનું રાગનું કરવાપણું, દયા, દાન, વ્રતના રાગનું કરવાપણું અને ભોગવવાપણું એના સ્વભાવમાં નથી પણ પર્યાયને જોતાં... ઝીણી વાત (છે), ભાઈ ! એની પર્યાયને જોતાં રાગનું પરિણમન અને રાગનું સુખ-દુઃખનું ભોગવવું એવો પર્યાયમાં એક (ધર્મ) છે, એવો એક ધર્મ એનામાં છે. ધર્મ એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ નહિ. ધારી રાખેલો એક ભાવ છે. ઓ..હો...! માર્ગ તે માર્ગ !

એક કોર એમ કહે કે, કર્તૃત્વ, ભોક્તૃત્વ આત્મામાં છે નહિ. આવે છે ને ૧૦૨ ગાથા ? જે કરે તે ભોગવે. અજ્ઞાની જે સમયે કરે તે સમયે ભોગવે. જ્ઞાનીને કરવું, ભોગવવું છે નહિ. આહા..હા...! છતાં એ તો દ્રવ્ય અને દ્રવ્યના ગુણોની અપેક્ષાથી વાત કરી. પણ પર્યાયમાં હજી જે રાગનું પરિણમવું જ્ઞાનીને થાય છે અને તે રાગમાં સુખ-દુઃખની કલ્પનાનું પરિણમન પણ છે. આ..હા...! સુખબુદ્ધિ નથી. એને આ રાગમાં સુખબુદ્ધિ નથી. સુખબુદ્ધિ જો રાગમાં હોય તો તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામમાં પણ ધર્મીને સુખબુદ્ધિ હોતી નથી. સુખબુદ્ધિ ન હોવા છતાં પર્યાયમાં રાગ ને સુખ-દુઃખનું વેદન છે. આહા..હા...! આ સ્યાદ્વાદ ! છેલ્લું એમ કહ્યું ને ? ભાઈ ! સ્યાદ્વાદથી વસ્તુને ઓળખવી. છેલ્લું કહ્યું છે ને ? પાછળમાં (આવે છે).

'આ રીતે સ્યાત્કારશ્રીના (સ્યાત્કારરૂપી લક્ષ્મીના) વસવાટને વશ...' એમ છે. પાછળ ૫૦૨ પાને છે. અર્થ છે ને અર્થ ? 'આ રીતે સ્યાત્કારશ્રીના (સ્યાત્કારરૂપી લક્ષ્મીના) વસવાટને વશ વર્તતા...' છે ને ? અપેક્ષાથી કથન છે. સ્યાદ્વાદનું કથન છે. સમ્યગ્દર્શન જ જ્યાં નથી ત્યાં સ્યાદ્વાદ ને નય ને શ્રુતપ્રમાણ હોઈ શકે નહિ. આહા..હા...! આકરી વાતું, ભાઈ ! છે ને ? સ્યાત્કારશ્રીના એટલે સ્યાત્કારરૂપી લક્ષ્મીના 'વસવટાને વશ વર્તતા નયસમૂહો વડે (જીવો) જુઓ...' (એટલે કે) ભગવાનને – પોતાને. 'તોપણ અને પ્રમાણ વડે જુએ તોપણ સ્પષ્ટ અનંત ધર્મોવાળા નિજ આત્મદ્રવ્યને...' અનંત ધર્મોવાળા નિજ આત્મદ્રવ્યને 'અંદરમાં શુદ્ધચૈતન્યમાત્ર દેખે છે જ.' આ..હા..હા...! ઝીણી વાત, ભાઈ ! મૂળ વાત એવી છે. આહા..હા...!

મિથ્યાત્વ છે એ એક અભ્યંતર મહાપરિગ્રહ છે. અભ્યંતરના ભેદ લીધા છે ને ? મિથ્યાત્વ, સોળ કષાય, નવ નોકષાય. પચીસ (લીધા છે). મિથ્યાત્વ એ કષાય ભાવ છે. એ અંતર – અભ્યંતર પરિગ્રહ છે. એ પરિગ્રહ જેણે પકડ્યો છે એણે બાહ્યના પરિગ્રહ છોડ્યા હોય તોપણ છોડ્યા નથી. આહા..હા...! જેણે મિથ્યાત્વ ભાવ પરિગ્રહપણે પકડ્યો છે એ અભ્યંતર પરિગ્રહવાળો છે. આ..હા...! અત્યારે તો એ સ્થિતિ ઊભી થઈ છે ને ! સાધુ તો સાધુ નામ ધરાવનારા તો મંદિરમાં રહે પણ ગૃહસ્થ છે એ પડિમાધારી આદિ નામ ધરાવીને એ પણ ધર્મશાળામાં રહે. એ બધું વિકૃત રૂપ થઈ ગયું છે. આહા..હા...! એ..ઇ...! આહા..હા...! મૂળ વસ્તુની સ્થિતિની ખબર નથી એટલે આ બાહ્યથી જ્યાં કાંઈક છોડ્યું એટલે અમે રાગનો ત્યાગ કર્યો ને આ પરનો ત્યાગ કર્યો પણ અંતરમાં જે રાગની એકતાબુદ્ધિ છે – મિથ્યાત્વ, એ પરિગ્રહના ત્યાગ વિના, અભ્યંતર ત્યાગ વિના બાહ્યનો ત્યાગ એને હોઈ શકે જ નહિ. આહા..હા...!

મુમુક્ષુ :– બહારનો ત્યાગ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એટલે ત્યાં એમ જરી હોય છે ને ? બહારથી છૂટે એમ કહેવાય. એ તો નિમિત્ત છે. અભ્યંતર પરિગ્રહનું બાહ્ય તો નિમિત્ત છે. નિમિત્ત છે એ કંઈ અભ્યંતરને વિકારને કરતું નથી. આહા..હા...! પણ એ પરિગ્રહનો બાહ્ય ત્યાગ એને હોઈ શકે કે જેને અભ્યંતર મિથ્યાત્વનો ત્યાગ થયો છે તેને. આહા..હા...! પણ જેને હજી રાગની એકતાબુદ્ધિનો મિથ્યાત્વ ભાવ તો અંદર છે... આહા..હા...! તો મહાપરિગ્રહ તો અંદર પડ્યો છે. આહા..હા...! એ બાહ્યના ત્યાગ (કરીને બધું) છોડીને બેસે એ તો બધું કૃત્રિમ છે. ઝીણી વાત છે, ભાઈ ! તારા હિતનો માર્ગ પ્રભુ ! કોઈ અલૌકિક છે !

મુમુક્ષુ :– પ્રભુ અલૌકિક છે તો માર્ગ પણ અલૌકિક જ હોય ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– એવો જ હોય ને ! આહા..હા...!

અહીંયાં 'ભોક્તૃનયે સુખદુઃખાદિ...' રતિ, અરતિ આદિનું વેદન થાય. છતાં તેને એકત્વબુદ્ધિ ન હોય. આહા..હા...! સમજાણું કાંઈ ? નયથી ધર્મને જોતાં કે પ્રમાણથી જોતાં દ્રવ્ય ચૈતન્યપ્રકાશમય ભગવાન છે એને જોનારને મિથ્યાત્વ હોય નહિ. એટલે કે રાગ મારો છે અને આ ક્રિયાકાંડનો રાગ કરું તો મને લાભ થશે એ મિથ્યાત્વ ભાવ જ્ઞાનીને હોય નહિ. આહા..હા...! ભારે આકરું કામ ! બાપુ ! આ તો તારા માર્ગની રીત શું છે એની વાત છે. આ..હા...!

અહીં કહે છે કે, સુખ-દુઃખના સંયોગો ભલે ઓછા હોય. સમજાણું કાંઈ ? પણ સુખ-દુઃખની કલ્પનામાં જે વેદન થાય છે એ એનો એક પોતાની યોગ્યતાનો ધર્મ છે. સમજાણું કાંઈ ? ચક્રવર્તીનું રાજ હોય છતાં જેને અભ્યંતર રાગની અને સુખ-દુઃખની વેદન દશા છે તે તેનો ધર્મ છે. ઓલી ચીજ નહિ. સમજાણું કાંઈ ? આહા..હા...!

'આત્મદ્રવ્ય...' વેદનની નયથી – અપેક્ષાથી જોઈએ તો ભોક્તા (છે). સુખ-દુઃખ આદિ એટલે ? એમાં રતિ, વિષય વાસનાનો એ ભોગવનાર છે. આહા..હા...! એ વાસના મારી છે એવી તો દૃષ્ટિ ત્યાં નથી. પણ વાસનાનું વેદન છે એવો એક ધર્મ છે. એ કર્મને લઈને વેદન છે એવો નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? આ..હા...! આવી વાતું બહુ ઝીણી છે. શું થાય ? મૂળ આખા તત્ત્વની મૂળ તત્ત્વની દૃષ્ટિ વિના અત્યારે મોટો પ્રચાર થઈ ગયો છે. આ..હા...!

અહીં તો કહે છે કે, ભગવાન આત્મદ્રવ્ય એક નયે ભોક્તૃત્વનયે સુખ-દુઃખ, રતિ, અરતિ... આહા..હા...! હાસ્ય આદિના વેદનનો ભોગવનાર છે, કહે છે. આહા..હા...! એ હાસ્યને પોતાની ચીજ માનતો નથી. રાગનું ભોગવવાપણું એ મારું સ્વરૂપ છે એમ માનતો નથી પણ પર્યાયમાં છે તેમ એ જાણે છે. મારા દ્રવ્ય, ગુણ સ્વભાવમાં એ નથી પણ પર્યાયમાં એ રાગ, રતિ, અરતિ આદિનું વેદન (છે). આહા..હા...! સુખમાં રતિ અને દુઃખમાં અરતિ – શોક.

'હિતકારી-અહિતકારી અન્નને ખાનાર...' આ તો દૃષ્ટાંત છે ને ! પોતાને ઠીક પડે એવું હિતકારી અનાજ ખાય, દાળ, ભાત, રોટલી (ખાય) કે અહિતકારી ખાય (અર્થાત્) ઝેર પીવે કે મરવા માટે પ્રતિકૂળ ખાય અથવા એવી દવા હોય. કમળા ઉપર એવી એક દવા આવે છે ને ? કમળો થાય છે ને ? કમળો. (એમાં) પીળું દેખે. એ કમળામાં એવી એક દવા છે કે વિષ્ટા ગંધાય એવી દવા આવે છે. જેવી કૂતરાની વિષ્ટા નહિ પણ માણસની વિષ્ટા ગંધાયને એવી એ દવા ગંધ બહુ મારે. એવી દવા પણ લ્યે. આ તો દૃષ્ટાંત છે ને !

'હિતકારી-અહિતકારી અન્નને ખાનાર રોગીની માફક.' આ..હા...! હિતકારી અન્ન ખાય કે અહિતકારી અન્ન ઝેર કે પોતાને ઠીક ન હોય એવા, ઘણી તીખી શરદી હોય છતાં પેંડા ને સાકર ખાય એ અહિતકારી છે. આહા..હા...! એ 'હિતકારી-અહિતકારી અન્નને ખાનાર રોગીની માફક. (આત્મા ભોક્તાનયે સુખદુઃખાદિને ભોગવે છે, જેમ હિતકારી કે અહિતકારી અન્નને ખાનાર રોગી સુખ કે દુઃખને ભોગવે છે તેમ.' અહિતકારી ખાય ત્યારે

એને દુઃખ થાય છે ને ? આહા..હા...! એ દુઃખને જેમ રોગી ભોગવે છે અને હિતકારી ખાય ત્યારે ઠીક છે, રાજી થાય એવી (રીતે) ભોગવે છે. એમ આત્મામાં એ સુખ અને દુઃખનું વેદન થવું, ભોગવવું એવો એક ધર્મ છે. આહા..હા...! જ્ઞાની ધર્મીને પણ પર્યાયમાં સુખ-દુઃખનું વેદન છે એમ જાણે છે. સમજાય છે ? આહા..હા...! ઝીણું બહુ, ભાઈ ! આ વાત સમજવી કઠણ હજી તો. આહા..હા...! અંદર બેસવી અને પરિણમવી એ તો કોઈ અલૌકિક વાત છે ! આહા..હા...! લોકો બાહ્યમાં ક્રિયાકાંડમાં મનાવીને બેઠા છે ને એને આ વાત અંદરની ન રુચે. આ..હા...! છે ને ? '(સુખ-દુઃખને ભોગવે છે તેમ).'

હવે એનાથી વિરુદ્ધ પાછું. આહા..હા...! જે સમયે સુખ-દુઃખને વેદે છે એવો ભોક્તા ધર્મ છે, તે જ સમયે એક અભોક્તા ધર્મ છે. આહા..હા...! ઝીણી વાત, ભાઈ ! આહા..હા...! 'આત્મદ્રવ્ય અભોક્તૃનયે...' એક કોર ભોક્તા છે અને એક કોર તે જ સમયે અભોક્તા છે. આહા..હા...! રાગનો અને સુખ-દુઃખનો ભોક્તા નથી એવો પણ એક ધર્મ એમાં છે. અરે..રે...! આ એની મેળાએ વાંચે તો કાંઈ બેસે એવું નથી. આહા..હા...! 'વાંચે પણ નહિ કરે વિચાર' આવે છે, અમારે 'દલપતરામ'માં આવતું. પોણોસો વર્ષ પહેલાં 'દલપતરામ' હતા ને મોટા (કવિ) ? ક.દ.ડા. કવિ દલપતરામ ડાહ્યાભાઈ. અમારા વખતમાં એ પરીક્ષક હતો. પોણોસો વર્ષ પહેલાની વાત છે. એ કહે, 'વાંચે પણ નહિ કરે વિચાર, એ સમજે નહિ સઘળો સાર' એમ કહેતા. વાંચે પણ એનો વિચાર અને આ શું કહેવા માગે છે એવા ભાવને સમજે નહિ તો એ તો બધું વાંચેલું થોથાં છે. આહા..હા...!

'આત્મદ્રવ્ય અભોક્તૃનયે કેવળ સાક્ષી જ છે,...' એ સુખ-દુઃખનો જાણનાર જ છે. આ..હા..હા...! સુખ-દુઃખની કલ્પનાનો જાણનાર-દેખનાર સાક્ષી છે. જે સમયે સુખઃદુઃખનું વેદન (ભોગવે છે) તે જ સમયે સાક્ષી પણ એક ધર્મ છે. આહા..હા...! આવો સ્યાદ્‌વાદ માર્ગ ! આ..હા...! એકાંત તાણી જાય કે, સમકિતીને સુખ-દુઃખનું વેદન નથી અને દુઃખને, સુખને વેદે તો તીવ્ર કષાયવાળો છે, એ વાત એકાંત છે. આહા..હા...! (એક મુમુક્ષુમાં) એ થયું હતું ને ? એ કહે કે, આ ('સોગાનીજી') ભઠ્ઠી કહે છે. જ્ઞાનીને શું રાગ ભઠ્ઠી હોય ? એમ કહેતા. છેલ્લે એકાંત થઈ ગયું હતું. બહુ આવે નહિ, બાર મહિને સાત-આઠ દિ' રહે અને વાતું બધી બહારની. એને તો એવું એકાંત થઈ ગયેલું. દશેરા પછી આવતા. ઇ સાચી વાત, સાત-આઠ દિ' રહે.

અહીં તો કહે છે કે, ભોક્તાનય પણ એક ધર્મ છે અને તેની સાથે અભોક્તા –

સાક્ષીરૂપ રહેવું એ પણ એનો એક ધર્મ છે. આહા..હા...! જે સમયે સુખ-દુઃખને વેદે છે તે જ સમયે તેનો સાક્ષી પણ છે. એવો એનામાં એક સમયમાં આવા બે ધર્મ છે. વિરોધી બે ધર્મ છે. ધર્મ નામ આત્માએ ધારી રાખેલા બે ભાવ. આહા..હા...! અરે...! આવી વાતું ! શું કીધું ?

પ્રશ્ન :- આ ધર્મો નૈમિત્તિક તો નથી ?

સમાધાન :- નહિ, નહિ. પોતાની યોગ્યતા જ છે. અહીં તો આત્મધર્મ એ જ ભાવવાળો છે એમ કહેવું છે ને ? નૈમિત્તિક પણ વેદન કોનું છે ? નૈમિત્તિકનું વેદન નિમિત્તને લક્ષે ભલે થાય પણ નિમિત્તથી થાય નહિ. મોટો ફેર (છે). એ હરખ-શોકનું વેદન નિમિત્ત ભલે હો, પણ નિમિત્તથી તે સુખ-દુઃખનું વેદન નથી. સુખનું વેદન એના અશુદ્ધ ઉપાદાનમાં પોતાથી છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એ કર્મનો એવો ઉદય આવ્યો એટલે એને સુખ-દુઃખ ભોગવવું પડ્યું, એમ નથી. આહા..હા...!

'સોગાની'માં એક આવે છે. એનો નોકર હતો તે ઘણું ખાય ગયો હતો પછી એને રોકાવું પડ્યું. નોકર હતો એ ઘણું ખાય ગયો એટલે એને જરી રોકાવું પડ્યું. એ જાતનો રાગ બાકી હતો. આહા..હા...! છે ? એમ કે, નહિતર મને અહીં 'સોનગઢ' આવવાનો ભાવ હતો. પણ આ રીતે એવો એક નોકર આવ્યો, એ બધું ખાનગીમાં ઉપાડી ગયો. આહા..હા...! એટલે એ જાતનો રાગ (આવ્યો). 'સોગાની' સમકિતી હતા. એ..ઇ...! છતાં તે જાતના સુખ-દુઃખની કલ્પના આવતી હતી અને તેને વેદતા હતા. આહા..હા...! અને વેદવા કાળે પણ તેના સાક્ષીપણે પણ રહેતા હતા. આહા..હા...! આવી વાત છે.

'શ્રીમદ્' કેટલીક વાર એમ કહે છે કે, અરે...! માંડ માંડ ગળકા ખાતાં ખાતાં પાર ઊતરીએ છીએ. 'શ્રીમદ્'માં એ આવે છે. રાગ અને અંદર હરખ-શોકનું વેદન આવી જાય છે. ગળકા ખાતાં ખાતાં અંદર જઈએ છીએ. આહા..હા...! 'શ્રીમદ્'ની સ્થિતિ બહુ ઊંચી હતી. પાછળથી તો ઘણી નિર્મળતા ! સત્ શાસ્ત્રોના નામ આપ્યા (એમાં) એકલા દિગંબર શાસ્ત્રોના નામ આપ્યા છે. એક-બે એ તો ગ્રંથના આપ્યા છે. શ્વેતાંબરના કોઈ શાસ્ત્રનું નામ આપ્યું નથી. પહેલાં બેય ભેગું હતું. કેવળી છદ્મસ્થનો વિનય કરે ને પંદર ભેદે સિદ્ધ થાય એ બધી શ્વેતાંબરની વાત છે, વસ્તુની સ્થિતિ નથી. પહેલા એ હતું, પાછળથી ગયું. શું કહ્યું સમજાણું આમાં ? આ..હા...! કેવળજ્ઞાની વિનય કરે એ વાત તત્ત્વ નથી. સર્વજ્ઞ કોનો વિનય કરે ? ગુરુનો વિનય શ્વેતાંબરમાં નવમા અધ્યાયમાં 'દશ વૈકાલિક'માં આવે

છે. 'દશ વૈકાલિક' એનું બનાવેલું છે એમાં '...' અનંત જ્ઞાન પામેલો જ્ઞાની શિષ્ય, ગુરુનો વિનય કરે. કેવળીને વિનય હોય નહિ. આહા..હા...! એ શ્વેતાંબરની કલ્પનાની વાત એને તે વખતે લક્ષમાં રહી ગયેલી. એટલે 'આત્મસિદ્ધિ'માં નાખ્યું છે ને ? 'ગુરુ રહ્યાં છદ્મસ્થ પણ વિનય કરે ભગવાન'. એ વાત સત્ય નથી.

અહીં તો દિગંબર ધર્મ એમ કહેતા નથી કે, પંદર ભેદે સિદ્ધ થાય. એ તો નગ્નપણું, વસ્ત્ર રહિત હોય અને અંતરમાં રાગ રહિત હોય તે જ મુક્તિને પામે. ઓલામાં તો એમ કહે કે, વસ્ત્ર હોય. આવે છે ને ? 'મરુદેવી' હાથીના હોદે ભગવાન 'ઋષભદેવ'ના દર્શન કરવા ગયા (અને) હાથીના હોદે કેવળજ્ઞાન થઈ ગયું. એક તો સ્ત્રી અને હાથીના હોદે કેવળ થયું, બેય ખોટી – જૂઠી વાત છે.

મુમુક્ષુ :– ભગવાનની માતાને થાય એમાં શું વાંધો છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભગવાનની મા ક્યાં હતી ? એ તો આત્મા (છે). આત્માને મા કેવી ને બાપ કેવા ને દીકરા કેવા ? હાથીના હોદે કેવળજ્ઞાન (પામ્યા). સ્ત્રીપણું, લૂગડાંપણું અને હાથીના હોદે. એવું શ્વેતાંબરમાં આવે છે. બિલકુલ જૂઠી વાત છે. સત્યથી વિરુદ્ધ છે. આવી વાતું છે, બાપા ! આકરું પડે, શું થાય ? માર્ગ જે હોય એમ આવે ને ? ભાઈ !

અહીં કહે છે, આત્મદ્રવ્યે જે ક્ષણે હરખ-શોકને ભોગવે છે તે પણ એક ધર્મ નામ ધારી રાખેલો ભાવ કહેવામાં આવે (છે) અને તે જ ક્ષણે તેનો સાક્ષી છે એવો પણ એક ધર્મ ભાવ ધારી રાખેલો આત્મા છે. આહા..હા...! એ બેય ધર્મને લક્ષમાં લઈને પણ ચૈતન્યમૂર્તિ દ્રવ્ય ચૈતન્ય જે આત્મદ્રવ્ય છે, ચૈતન્યપ્રકાશમય છે. ચૈતન્યના પ્રકાશની મૂર્તિ, ત્યાં એણે નજર કરવાની છે. આહા..હા...! 'આત્મદ્રવ્ય...' છે ને છેલ્લું ? હમણાં કહ્યું હતું.

'અનંત ધર્મોવાળા નિજ આત્મદ્રવ્યને અંદરમાં શુદ્ધચૈતન્યમાત્ર દેખે છે જ.' શુદ્ધ ચૈતન્યમાત્ર ! દ્રવ્યને – આત્મદ્રવ્યને શુદ્ધ ચૈતન્યમાત્ર દેખે છે. અહીં કહે છે કે, આત્મદ્રવ્ય ભોક્તા અને અભોક્તાનય વાળો છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એની પર્યાયમાં સુખ-દુઃખનું વેદન અને સુખ-દુઃખનો સાક્ષી, બેય છે. છતાં એનું જ્ઞાન કરીને આત્મદ્રવ્ય અંદરમાં શુદ્ધ ચૈતન્યમાત્ર દેખે. આહા..હા...! એવા અનંત ધર્મોવાળા નિજ આત્મદ્રવ્ય ભગવાન, એને 'અંદરમાં શુદ્ધચૈતન્યમાત્ર દેખે છે જ.' આહા..હા...! આવી વાતું છે. સાધારણ માણસને તો આ શું કહે છે એ બેસવું કઠણ (પડે).

પર્યાયમાં આવા બે પ્રકારના ભાવ ધારેલો ભગવાન અધિષ્ઠાન આત્મા છે છતાં તે

ભાવ ઉપરથી લક્ષ છોડીને અંદરમાં શુદ્ધ આત્મદ્રવ્ય ચૈતન્યમાત્રનો પુંજ છે પ્રભુ, ત્યાં તેને દેખે છે જ. એમ આવ્યું છે ને ? ‘દેખે છે જ.’ આહા..હા...! એવા પર્યાયમાં આવા ધર્મો હોવા છતાં તેને અંતર ચૈતન્યદ્રવ્ય – આત્મદ્રવ્યને ચૈતન્યમાત્ર પ્રકાશમય દેખે છે. આહા..હા...! તેમાં અંદર આ બધા પ્રકારો નથી. આહા..હા...! અરે...! પર્યાયમાં છે પણ દ્રવ્ય સ્વભાવ જે ચૈતન્ય છે, પૂર્ણાનંદનો નાથ અંદરમાં ચૈતન્યપ્રકાશમૂર્તિ આત્મદ્રવ્ય તેને અંદર જોતાં તે દેખે જ છે. એનું નામ સમ્યક્જ્ઞાન અને સમ્યગ્દર્શન છે. આહા..હા...! આવી વાતું છે.

‘હિતકારી-અહિતકારી અન્નને ખાનાર...’ છે ને ? ‘રોગીને જોનાર વૈદ્યની માફક.’ ઓલો ખાનાર રોગી છે, રોગી ખાતો હોય તેને જોનારો વૈદ્ય છે તેની પેઠે. શું કીધું ઇ ? હરખ-શોકને વેદે છે એવો પણ એક ધર્મ છે અને હરખ-શોકને જાણનાર છે, જેમ રોગી બહારના રોગને, હરખ-શોકને વેદે છે અને વૈદ્ય તો જાણે છે. તેમ આત્મા પણ તે હરખ-શોકનું વેદન (છે) તેને જાણે છે. આરે...! જાણે પણ છે અને વેદે પણ છે. આવી વાત છે. કારણ કે એના જ્ઞાનમાંથી એ નય નથી એમ (થઈ) જાય તો એને અનંત ધર્મને ધારનારું દ્રવ્ય છે એ લક્ષમાં રહેતું નથી. આહા..હા...! આવી વાતું છે.

‘કેવળ સાક્ષી જ છે,...’ ભાષા પાછી જોઈ ? છે ? ‘આત્મદ્રવ્ય અભોક્તૃતનયે કેવળ સાક્ષી જ છે,...’ એકલો સાક્ષી છે, એમ ન લીધું. કેવળ સાક્ષી છે. હરખ-શોક છે તેને જાણનાર રહે છે, બસ ! આ..હા...! જાણનાર પણ રહે છે અને વેદના પણ થાય છે. આવી વાતું છે, ભાઈ ! સમ્યગ્દર્શન કોઈ અલૌકિક ચીજ છે ! અને સમ્યગ્દર્શન સાથે સમ્યક્જ્ઞાન થાય એ પણ કોઈ અલૌકિક વાત છે ! અનંતકાળમાં કોઈ દિ’ એક સેકંડ પણ કર્યું નથી. એવું સમ્યક્જ્ઞાન કોઈ અલૌકિક ચીજ છે ! આહા..હા...!

એ અહીંયાં કહે છે કે, અંદર અભોક્તાનયે સુખ-દુઃખને વેદે તેવો એક ધર્મ છે છતાં વૈદ્ય જેમ રોગીને જાણે જ છે તેમ આત્મા તે સુખ-દુઃખને કેવળ સાક્ષીપણે જાણનાર જ રહે છે. સમજાણું કાંઈ ? એને જાણનાર રહે છે એવો પણ એક એનો ધર્મ સ્વતઃ છે અને ભોગવે છે એવો ધર્મ પણ સ્વતઃ છે, પરથી નહિ. આવી વાતું છે. અરે..રે...! ક્યાં એને પાપ આડે ફુરસદ ન મળે. આખો દિ’ પાપ.. પાપ.. આ રળવું ને આ ખાધું ને આ પીધું. એમાં પાંચ-પચાસ લાખ ભેગા થાય એટલે જુઓ પછી.. સલવાય ગયો એમાં ! સલવાય ગયા ? એમાં કોઈ બે-પાંચ કરોડ, દસ કરોડ થાય.. એ ચીજ તો પર છે. આવી છે એ પર તરીકે આવી છે પણ આ મારી છે એવી મમતા તે મિથ્યાત્વ છે.

પ્રશ્ન :– બધાને કેમ ન આવી ?

સમાધાન :– કોની પાસે આવે છે ? એ તો જે ક્ષેત્રે જવાની હોય એ જાય છે. એના પુણ્યનો ઉદય નિમિત્ત છે તો સંયોગ ત્યાં આવે છે પણ સંયોગ છે એ સંયોગી ભાવ ક્યાં કરાવે છે ? એ મારા છે, એવી સંયોગી ચીજ કરાવે છે ? તો તો સંયોગ ચક્રવર્તીનો હોય એને વધારે મમતા હોય અને જેને થોડો સંયોગ હોય એને થોડી મમતા હોય, એમ નથી. ઇન્દ્રના ઇન્દ્રાસનો, કરોડો અપ્સરાઓ છે, છતાં તેને અસ્થિરતાની મમતા થોડી છે અને નિર્ધન દ્રવ્યલિંગી સાધુ થાય, એક વસ્ત્રનો ટુકડો પણ ન હોય પણ રાગને પોતાનો માનીને રાગ તે ધર્મ છે, પુણ્ય તે ધર્મ છે એમ માનનારને અનંતો મિથ્યાત્વનો પરિગ્રહ પડ્યો છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આમ જુઓ તો તો પૈસા નારકીને નથી, તિર્યંચમાં પૈસા છે ? એને વળી એમ કે પૈસા-બૈસા હોય તો સાધન મળે વળી સારું. આ કૂતરાને પૈસા ક્યાં છે ? આ વાંદરાને, ગરોળીને, ખીસકોલીને છે પૈસા ? તો એ પૈસાનો ત્યાગી છે ? પૈસા નથી માટે પૈસાનો ત્યાગી છે ? પૈસા મારા છે, એવો જે મિથ્યાત્વ તેનો ત્યાગ નથી માટે ત્યાગી નથી. આ..હા...! સમજાણું કાંઈ ? દેવને ક્યાં પૈસા છે ? દેવમાં પૈસા નથી. બીજા દાગીના બધું હોય છે. એમ નારકીના પૈસા નથી. પૈસા તો આ એક મનુષ્યમાં જ બધો વ્યવહાર કરવાની રીત છે. આમ દાગીના રાખે, હાથી, ઘોડા હોય ને ? માણસ એની શોભા દાગીના રાખે એટલે એ માને કે આ મને શણગાર્યો, હું શોભાઉં છું. એવી મમતા રાખે. કોઈ પૈસા આપે છે ને ? હાથીના મોઢામાં પૈસા મૂકે. આ કેટલાક લોકો હોય છે એ સૂંઢમાં (પૈસા) મૂકે. પણ એ તરત ઓલાને આપી દ્યે, ઓલો મહાવત લઈ લ્યે. ત્યાગી કહેવાય ને ? કોઈ ચાર આના, આઠ આના મૂકે. હાથીને ગણપતિનું રૂપ માને ને ? એવા અજ્ઞાનીઓ હાથીના મુખમાં રૂપિયો, બે રૂપિયા મૂકે. એ ભેગું કરીને (સૂંઢ) ઊંચી કરીને મહાવતને આપી દ્યે. મહાવત પણ તરત લઈ લ્યે. એને પૈસા મારા છે, એવું ક્યાં છે ? અંદરમાં મમતા છે, પૈસાની તો ખબર પણ નથી. પણ અંદરમાં પર ચીજ છે તે મારી છે એવો મિથ્યાત્વનો પરિગ્રહ એને પડ્યો છે. ભલે એ પૈસો રાખતો નથી. આહા..હા...!

મુમુક્ષુ :– બેંકવાળા રાખે છે પણ એના માનતા નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ માને છે. મમતા એને (છે). એમાંથી આમ પેદા થાય એ મારા એમ માને છે. સારું વ્યાજ આવે. દેવું પડે આઠ આના અને લ્યે બાર આના. અત્યારે વધારે હશે. કોઈ પાંચ લાખ મૂકવા આવ્યો હોય તો આપે છ આના અને આપે એના

બાર આના લ્યે. આ તો પહેલા, હોં ! અત્યારે તો (વધી ગયા). આ તો પહેલાંનું સાંભળેલું. આ..હા...! એ મમતાવાળા મોટા છે. આહા..હા...!

અહીં તો કહે છે, ઓ..હો..હો...! શું ગજબ વાત છે ને ! ભોક્તાનો ધર્મ પણ તેનો અને અભોક્તા – સાક્ષી રહેવાનો પણ ધર્મ એનો. જુઓ ! કથંચિત્ સ્યાદ્‌વાદરૂપ માર્ગ ! આ..હા...! એ અનેકાંત માર્ગ તે જૈનધર્મ છે. અનેક અંત નામ ધર્મ જેનામાં છે. આહા..હા...! આ ધારી રાખેલો ધર્મ કહેવાય ને ? અનેક અંત એટલે ધર્મ. ભોગવવાનો ધર્મ અને અભોગવવાનો ધર્મ એવો અનેકાંત છે. આહા..હા...! આત્મા શરીરને ભોગવતો નથી. સ્ત્રીનું શરીર છે એને તો શરીર અડતુંય નથી, આત્મા તો એને અડે જ નહિ. આ..હા..હા...! સમજાય છે ? અજ્ઞાનીની દૃષ્ટિ ત્યાં જાય છે એટલે હું જાણે શરીરના માંસ ને હાડકાને વેદું છું, એની સાથે હું રમું છું, એમ અજ્ઞાની મમતાથી માને છે. આહા..હા...! એ વેદે છે દુઃખને, વિકારને, રમે છે વિકાર સાથે છતાં માને છે કે, આ સ્ત્રી સાથે હું રમું છું. બહુ દૃષ્ટિ ફેર. જેને એ અડતોય નથી, અડી શકતોય નથી. આત્મા શરીરને, કર્મને અડી શકતો નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? અરે...! આવી વાતું છે. કહો, ભાઈ ! આહા..હા...!

આ હાથ છે એ આ શરીરને અડતોય નથી. છતાં આમ થાય છે. અડ્યો નથી. એને થવાને કાળે પોતાને કારણે આમ ખાડો પડ્યો. આહા..હા...! આત્મા શરીરને ભોગવે એ નથી. આ તો રાગ-દ્વેષને ભોગવે એ વાત છે. સમજાણું કાંઈ ? દાળ, ભાતને ભોગવે કે મોસંબીને પીવે કે રસગુલ્લા ખાય એ તો બિલકુલ જૂઠી વાત છે. ફક્ત એના પરિણામમાં મિથ્યાદૃષ્ટિ એમ માને છે કે, હું આને ભોગવું છું. એ વિકારનો ભાવ મિથ્યાત્વ (છે), મિથ્યાત્વને વેદે છે. આહા..હા...! જ્ઞાનીને પરને ભોગવું છું, એ બુદ્ધિ છે નહિ. તેમ ભોગવવાનો ભાવ તે સુખરૂપ છે એમ માનતા નથી. તેને આવા દુઃખના પરિણામ આવે એને જાણે અને વેદે. આહા..હા...! આવો માર્ગ (છે), ભાઈ !

આત્મા અભોક્તાનયે 'કેવળ સાક્ષી જ છે,...' જુઓ ! ત્યાં એકાંત કર્યું. આહા..હા...! 'કેવળ સાક્ષી જ છે...' આ..હા...! એ હરખ-શોકના પરિણામ થયા તે વેદે છે, તે જાણે છે અને વેદન મારું છું, મારામાં છે એમ જાણે છે. અને પછી એમ જાણે છે કે, એ વેદનનો હું જાણનાર છું. તે જ સમયે હું વેદનનો જાણનાર છું, એવો ધર્મ છે. અરે..રે...! પરના વેદનની અહીં વાત નથી. અહીં તો અંદરમાં હરખ-શોકનું જે વેદન (થાય છે) એની વાત છે. આહા..હા...! મકાનને ભોગવી શકે કે દસ લાખ, બે-પાંચ કરોડનું મોટું મકાન કરે, બારી,

બારણા, ફર્નીચર.. આ શું કહેવાય પાથરવાના ? મખમલના પથરણા, આમ ફર્નીચર પાંચ-દસ-પચીસ લાખના (કરે) એને ભોગવી શકતો નથી. આહા..હા...! એ અજ્ઞાની એને ભોગવી શકતો નથી. આ..હા...! જ્ઞાની તો એને ભોગવતો નથી પણ અજ્ઞાની પણ એને ભોગવી શકતો નથી.

મુમુક્ષુ :– એને જોઈને મજા તો આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ મજા એને જોઈને નથી આવતી, મજા ઉત્પન્ન કરે છે. એ ચીજ તો નિમિત્ત છે. આહા..હા...! એક ફેરી કહ્યું હતું ને ? આપણા (એક મુમુક્ષુ) છે ને ? 'મુંબઈ'માં છે ને ? પાંચ-છ કરોડ રૂપિયા. ત્યાં આહાર કરવા ગયા હતા. શું કહેવાય તમારા એ ? બ્લોક ! ઘણા હતા. એમાં મખમલ પાથરેલા. આહાર કરવા ગયેલા. અહીં કો'ક વખતે આવે છે. હમણાં એવું સાંભળ્યું, 'મોરબી'ના હશે કે ગમે તે, પણ 'મોરબી'માં આવું તોફાન થયું તો પાંચ લાખ આપ્યા. પણ એ પૈસા કોણ લ્યે ? અને પૈસા આપે કોણ ? એમાં એણે રાગનો મંદ ભાવ કર્યો હોય તો એ શુભ ભાવ છે. અને તે પૈસા મેં દીધા માટે ત્યાં સરખી વ્યક્તિએ પાછું ધ્યાન રાખવું એ બધા આવે છે એ પ્રમાણે વપરાય છે કે નહિ ? આહા..હા...! એ તો બધી પરિગ્રહની પકડ છે. આ..હા...! જેનો ત્યાગ કર્યો પછી એનું શું થાય છે એને જોવાનું ક્યાં રહ્યું ? પણ એ ત્યાગ કર્યો જ નથી. આહા..હા...!

અહીં તો '(અભોક્તાનયે કેવળ સાક્ષી જ છે, ભોક્તા નથી, જેમ સુખદુ:ખને ભોગવનાર રોગીને જોનાર જે વૈદ્ય તે તો કેવળ સાક્ષી જ છે તેમ).' આહા..હા...! તેમ આત્મા ભગવાન સુખ-દુ:ખની પર્યાયને વેદે અને કેવળ સાક્ષી પણ રહે. આવી વાતું છે. જગતથી જુદી જાત છે. અત્યારે સંપ્રદાયમાં તો મોટા ગોટા ઉઠ્યા છે. હવે ૪૨.

'આત્મદ્રવ્ય ક્રિયાનયે...' જુઓ ! આવ્યું. આમાં વાંધા ઉઠ્યા. 'ક્રિયાનયે અધિષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે,...' એવી એક યોગ્યતા ગણી. રાગની ક્રિયાથી, દયા, દાન, વ્રતાદિના ભાવથી એવી એક યોગ્યતા ગણી. એક ધર્મ, હોં ! પણ એ એક ધર્મની સાથે બીજો પણ ધર્મ – જ્ઞાનનયનો ધર્મ સાથે જ છે. આહા..હા...! કો'કને ક્રિયાનયે મુક્તિ થાય અને કો'કને જ્ઞાનનયે થાય એમ નહિ. આહા..હા...! ઝીણી વાત છે. અહીંયાં તો રાગની દશા ઘણી મંદ કરી નાખી એવી એક યોગ્યતા ગણી કે રાગની ક્રિયાથી તેને મુક્તિ થઈ. એવો એક ધર્મ નામ અંતરની યોગ્યતા કહેવામાં આવી, જાણવામાં આવી. પણ તે જ સમયે તેને જ જ્ઞાનનયે તેની મુક્તિ છે એવો પણ તે સમયે તેનો એક ધર્મ છે. આ તો નયવિશેષની

વ્યાખ્યા છે. આહા..હા...! ક્રિયાનયે એટલે એમ માની લે કે, ક્રિયાનયે અમારી મુક્તિ થશે (તો) એ તો મિથ્યાત્વ છે. આહા..હા...! રાગથી મને મુક્તિ થશે. આમાં કહ્યું છે ને ?

'ક્રિયાનયે અનુષ્ઠાનની પ્રધાનતાથી...' રાગના મંદતાના આચરણની મુખ્યતાથી 'સિદ્ધિ સધાય એવું છે,...' એવો એક પર્યાયમાં યોગ્યતાનો એક ધર્મ ધારી રાખેલો કહેવામાં આવે છે. પણ તે જ જીવને જ્ઞાનનય પણ એની સાથે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? 'થાંભલા વડે માથું ભેદાતાં દૃષ્ટિ ઉત્પન્ન થઈને જેને નિધાન મળે છે...' થાંભલામાં અંદર નિધાન ભર્યું હોય (અને) માથું ફૂટે. અંદર આંખ (ખરાબ) થઈ ગઈ અને થાંભલામાં હીરા ભર્યા હતા, ફટ મળ્યા ! 'થાંભલા વડે માથું ભેદાતા દૃષ્ટિ ઉત્પન્ન થઈ...' જોયું ? આંખ ખુલી.

'જેને નિધાન મળે છે એવા અંધની માફક.' આંધળાની માફક. આંધળો હોય, થાંભલા સાથે માથું (ભટકાયું તો) આંખે દેખ્યું અને હીરા દેખ્યા, નિધાન દેખ્યું. એમ રાગની મંદતાના અનુષ્ઠાનથી પણ એક યોગ્યતા એવી ગણવામાં આવી. આહા..હા...! આમાં (લોકોને) બધી મુંઝવણ છે.

મુમુક્ષુ :- સાક્ષી પણ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- સાક્ષી છે છતાં રાગની ક્રિયાથી થાય એવો પણ એનો ધર્મ છે. એનામાં પર્યાયનો એક ધર્મ - યોગ્યતા ગણી. અને તે જ (સમયે) જ્ઞાનનયે થાય એવી એનામાં યોગ્યતા છે. કોઈને ક્રિયાનયથી મુક્તિ થાય ને કોઈને જ્ઞાનનયથી (થાય), એમ નથી. આહા..હા...! અનંત ધર્મો જે આત્મામાં છે, પર્યાયમાં (છે), એ માહેલો આ એક ધર્મની યોગ્યતા ગણવામાં આવી છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

વ્યવહાર સાધનથી મુક્તિ થાય એવી એક કથનશૈલી છે. તો એવો એનામાં એક પર્યાયમાં, કથન વાચક છે તો વાચ્ય ગણવામાં આવ્યું છે. શું કહ્યું ઇ ? શાસ્ત્રમાં એવું છે. 'જયસેનાચાર્ય'માં તો બહુ (આવે), વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે. ત્યાં લોકો પકડે. પણ એ તો ત્યાં વ્યવહાર સાધન કહ્યું એ તો યોગ્યતાનો એક ધર્મ ગણ્યો, એક ધર્મ. એવા તો અનંત ધર્મ પર્યાયમાં છે. આહા..હા...! એક જ ધર્મને પકડે તો એકાંત છે એ તો. આ..હા...! આવી વાતું છે.

'ક્રિયાનયે અનુષ્ઠાનની પ્રધાનતાથી...' એમ કીધું ને ? એની મુખ્યતા ગણવામાં આવી. ભાષામાં કહ્યું તો વાચ્યમાં એનો એક ધર્મ ગણવામાં આવ્યો છે. આહા..હા...! વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય એવું આવે. એનો અર્થ કે એવી એક યોગ્યતા ગણવામાં આવી. પણ

તે સમયે જ જ્ઞાન છે તે જાણે છે કે વ્યવહારથી મુક્તિ નથી, જ્ઞાનથી મુક્તિ છે. આહા..હા...! આવી વાતું છે. છે ?

'(ક્રિયાનયે આત્મા અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ થાય એવો છે,...)' આ..હા..હા...! '(જેમ કોઈ અંધ પુરુષને પત્થરના થાંભલા સાથે માથું ફોડવાથી માથામાંના લોહીનો વિકાર દૂર થવાને લીધે આખોં ખૂલી જાય અને નિધાન પ્રાપ્ત થાય તેમ).' આમ જુએ તો નિધાન જોયું ! આ..હા...! શ્વેતાંબરમાં આવે છે ને ઓલા... શું કહેવાય ઇ ? 'વસ્તુપાળ, તેજપાળ.' કરોડોપતિ જાત્રા કરવા નીકળે. પૈસા ઘણા, કરોડો રૂપિયા (એટલે) પોતાનું એક મોટું ... ત્યાં દાટવા જાય છે. દાટવા જાય છે ત્યાં કરોડો રૂપિયા નીકળ્યા. હીરાની ખાણ નીકળી. દાટવા જાય ત્યાં નીકળી. બૈરાઓ પછી કહે છે, તમારે તો પગે પગે નિધાન છે શું કરવા અહીં દાટો છો ? એ વાત શ્વેતાંબરમાં આવે છે. આવે છે ને ? એ તો પૂર્વનો યોગ હોય તો દેખાય, એથી શું થયું ?

એમ અહીંયાં રાગની મંદતાથી કંઈક લાભ છે એવો જે ધર્મ કહેવામાં આવ્યો, એથી તેનાથી મુક્તિ થાય એ તો વ્યવહાર ધર્મની અપેક્ષાથી કથન છે. ઓ..હો...! આને પકડે, જુઓ ! આમાં ક્રિયાનયે મુક્તિ કીધી છે. જેમ આંધળાને માથું ફોડતા નિધાન દેખાય એમ કોઈને રાગની મંદતાના ભાવમાં એનો આત્મા અંદર જાણવામાં આવે. આહા..હા...! નિધાન જાણવામાં આવે.

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં એક જગ્યાએ છે કે, બહુ રાગની મંદતામાં ... કરે તો એને એનું પુણ્ય બંધાય જાય અને એને લઈને બહારનો સંયોગ એને સારો મળે તો એ ધર્મ પણ પામી જાય. એમ લીધું છે. એ વખતે તો એ દૃષ્ટિ ફેરવે ત્યારે ધર્મ પામે. નિમિત્ત સારા મળ્યા માટે ધર્મ પામે, એમ નથી. બહુ ઝીણી વાતું, બાપુ ! આહા..હા...! માર્ગ પરમાત્માનો, અનેકાંત માર્ગ અલૌકિક છે ! અપૂર્વ અને ઝીણો છે. આહા..હા...! આમાં અટકીને વાતું કરે, દેખો ! આમાં ક્રિયાનયથી મુક્તિ કીધી છે. બાપુ ! એ તો એક એની યોગ્યતા કહેવામાં આવી છે. પણ તેની સાથે જ્ઞાન આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે એવું જ્ઞાન છે, તેનાથી મુક્તિ થાય એ સાથે જ છે. સમજાણું કાંઈ ? શું થાય ? લખાણમાં શૈલીનો આશય શું છે એને ન સમજે અને એક જ પકડે તો એક ધર્મને પકડ્યો તો એકાંત થઈ ગયું એ તો. સાથે જ્ઞાતા-દૃષ્ટા થાય તે જ્ઞાતા-દૃષ્ટાની પરિણતિ તે મુક્તિનું કારણ છે. દ્રવ્યને આશ્રયે જે વીતરાગતા પ્રગટે એ વીતરાગતા તે મુક્તિનું – ધર્મનું કારણ, ધર્મ છે. શુદ્ધઉપયોગ તે ધર્મ અને શુદ્ધઉપયોગ

તે મોક્ષનું કારણ છે. આહા..હા...! 'પ્રવચનસાર'માં છેલ્લે નથી આવ્યું ? **શુદ્ધમ્. શુદ્ધ**ને જ્ઞાન હોય, **શુદ્ધ**ને સમકિત હોય, **શુદ્ધ**ને ચારિત્ર હોય, **શુદ્ધ**ને મોક્ષ હોય, લ્યો ! અહીં આ કહે. છેલ્લી ગાથા છે. આ 'પ્રવચનસાર'ની છેલ્લી ગાથા. છે ને છેલ્લી ? ૨૭૪.

રે ! **શુદ્ધ**ને શ્રામણ્ય ભાખ્યું, જ્ઞાન દર્શન **શુદ્ધ**ને,

છે **શુદ્ધ**ને **નિર્વાણ, શુદ્ધ** જ **સિદ્ધ**, પ્રણમું તેહને. ૨૭૪.

ઠીક ! ૨૭૪ ગાથા, ૪૮૯ પાનું. છેલ્લું.. છેલ્લું. છે ? મૂળ ગાથા. **'सुद्धस्स य सामण्णं'** એ **શુદ્ધ**ઉપયોગીને ચારિત્ર હોય. આ..હા...! **'भणियं'** ભગવાને એમ કહ્યું છે. **'भणियं'** છે ને ? **'सुद्धस्स दंसणं णाणं।'** **શુદ્ધ**ને સમકિત ને જ્ઞાન હોય. **'सुद्धस्स य णिव्वाणं** તેને મુક્તિ હોય છે. **'सिद्धो णमो तस्स।** આવા **શુદ્ધ**પણે જે છે તેનાથી **સિદ્ધ** થાય તેવાને નમસ્કાર કરું છું.

અહીં તો વ્યવહાર એક ધર્મ છે એવું ગણવામાં આવ્યું છે, **વિશેષ** કહેશે...

શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !

**ज्ञाननयेन चणकमुष्टिक्रीतचिन्तामणिगृहकोणवाणिजवद्विवेकप्राधान्यसाध्यसिद्धिः ४३। व्यवहारनयेन बन्धकमोचकपरमाण्वन्तरसंयुज्यमानवियुज्यमानपरमाणुवद्बन्धमोक्षयोर्द्वैतानुवर्ति ४४। निश्चयनयेन केवलबध्यमानमुच्यमानबन्धमोक्षोचितस्निग्धरूक्षत्वगुणपरिणतपरमाणुवद्ब-न्धमोक्षयोरद्वैतानुवर्ति ४५।**

આત્મદ્રવ્ય જ્ઞાનનયે વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે, ચણાની મુઠ્ઠી દઈને ચિંતામણિ ખરીદનાર એવો જે ઘરના ખૂણામાં રહેલો વેપારી તેની માફક. [ જ્ઞાનનયે આત્માને વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ થાય છે, જેમ ઘરના ખૂણામાં બેઠેલો વેપારી ચણાની મુઠ્ઠી દઈને ચિંતામણિ ખરીદી લે તેમ. ] ૪૩.

આત્મદ્રવ્ય વ્યવહારનયે બંધ અને મોક્ષને વિષે દ્વૈતને અનુસરનારું છે, બંધક (બંધ કરનાર) અને મોચક (મુક્ત કરનાર) એવા અન્ય પરમાણુ સાથે સંયુક્ત થતા અને તેનાથી વિયુક્ત થતા એવા પરમાણુની માફક. [ વ્યવહારનયે આત્મા બંધ અને મોક્ષમાં (પુદ્‌ગલ સાથે) દ્વૈતને પામે છે, જેમ પરમાણુના બંધને વિષે તે પરમાણુ અન્ય પરમાણુ સાથે સંયોગ પામવારૂપ દ્વૈતને પામે છે અને પરમાણુના મોક્ષને વિષે તે પરમાણુ અન્ય પરમાણુથી છૂટો થવારૂપ દ્વૈતને પામે છે તેમ. ] ૪૪.

આત્મદ્રવ્ય નિશ્ચયનયે બંધ અને મોક્ષને વિષે અદ્વૈતને અનુસરનારું છે, એકલો બંધાતો અને મુકતો એવો જે બંધમોક્ષોચિત સ્નિગ્ધત્વરૂક્ષત્વગુણે પરિણત પરમાણુ તેની માફક. [ નિશ્ચયનયે આત્મા એકલો જ બદ્ધ અને મુક્ત થાય છે, જેમ બંધ અને મોક્ષને ઉચિત એવા સ્નિગ્ધત્વગુણે કે રૂક્ષત્વગુણે પરિણમતો પરમાણુ એકલો જ બદ્ધ અને મુક્ત થાય છે તેમ. ] ૪૫..

## ભાદરવા વદ ૭, બુધવાર
## તા. ૧૨-૦૯-૧૯૭૯
## નય ૪૩ થી ૪૫, પ્રવચન નં. ૨૯૯

'પ્રવચનસાર' ૪૨ નય કીધી. ક્રિયાનય છે તે એક ધર્મ ગણવામાં આવ્યો. રાગની મંદતાથી અભાવ થઈને થાય, છતાં એ ક્રિયાનયને એક નયનો ધર્મ ગણ્યો. પણ ક્રિયાથી મુક્તિ થાય એમ નહિ. એની સાથે જ્ઞાનનય છે. આહા..હા...! એ આ ૪૩ આવે છે ને ?

'આત્મદ્રવ્ય...' વસ્તુ જે ભગવાન આત્મદ્રવ્ય એ 'જ્ઞાનનયે...' આ જ્ઞાનનય એટલે શું ? ઇન્દ્રિયનું જ્ઞાન નહિ. પાંચ ઇન્દ્રિયથી થયેલું જ્ઞાન એ જ્ઞાન નહિ. અંતરમાં આત્મજ્ઞાન તે જ્ઞાન કહેવામાં આવ્યું છે. આત્મજ્ઞાનનો એક નય – એક અંશ પ્રમાણમાં આવે છે. કારણ કે ભેગા ક્રિયાનય, અસ્તિ, નાસ્તિ આદિ ઘણા નય છે ને ? અનંત ધર્મને ધરનારો આત્મા છે એ માહેલો આ એક જ્ઞાનનય છે. ક્રિયાનયની સાથે જ એક જ્ઞાનનય છે. આહા..હા...! જે આત્મા પાંચ ઇન્દ્રિયના વિષય તરફથી લક્ષ છોડી...

**'जो इंदिये जिणित्ता'** કહ્યું છે ને ? **('સમયસાર')** ૩૧ ગાથા. એક જ સ્પર્શને જીતવો એમ નહિ. સ્પર્શમાં પણ ઠંડી, ઊની–ગરમ, ભારે, હળવું એવા આઠ સ્પર્શ છે ને ? એ આઠ સ્પર્શ એ સ્પર્શ ઇન્દ્રિયનો વિષય છે. આ..હા...! તેનાથી થતું જે જ્ઞાન એ જ્ઞાન નહિ. આહા..હા...! તેમ ચાર ઇન્દ્રિયથી જે બાહ્ય... આ..હા...! આંખ છે એ આંખ પરને આમ જાણે છે. આંખ આંખને જાણતી નથી. સમજાય છે કાંઈ ? આ સ્પર્શ ઇન્દ્રિય છે એ સ્પર્શ વિષયને જાણે છે. સ્પર્શ પોતે શું એને જાણતું નથી. આ..હા...! એમ પાંચે ઇન્દ્રિયનું જીતવું, એમ ૩૧માં કહ્યું છે ને ? પાંચે ઇન્દ્રિય, એના તરફનું જે વલણ છે, અરે...! પાંચ ઇન્દ્રિયથી થતું જ્ઞાન, સાંભળીને, વાંચીને, જોઈને (થતું જ્ઞાન), એ જ્ઞાન પણ જ્ઞાનનય નહિ. ઝીણી વાત છે, ભાઈ !

અંતર સ્વરૂપ ભગવાનઆત્મા જ્ઞાયક ભાવ સ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ તેને જ્ઞાનનો

નય અંદરમાં લક્ષ કરીને એ જ્ઞાન સમ્યક્ પ્રગટ થાય તેને એક જ્ઞાનનય કહેવામાં આવી છે. ઝીણી વાત છે, બાપુ ! અરે..રે...! આવા કાળમાં આ કહેવાના પ્રસંગ ! આમાં ક્યાં રોકાય જાય ? કહે છે કે, પાંચ ઇન્દ્રિયના વિષયના જ્ઞાનમાં રોકાય જાય તો એને જ્ઞાનનય નહિ પ્રગટે. આ..હા...!

ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ, તેની સન્મુખ થઈને, તેને સ્પર્શીને જ્ઞાન થાય છે તે જ્ઞાનનય એક ધર્મ છે, એક યોગ્યતા – ધર્મ છે. આહા..હા...! પાંચ ઇન્દ્રિયથી જાણ્યું, વાંચ્યું, સાંભળ્યું એ જ્ઞાન નહિ. આ..હા...! જ્ઞાનનય એટલે જ્ઞાનસ્વરૂપી ભગવાન છે, એનું જ્ઞાન થવું તે જ્ઞાનનય છે. આ..હા...! આવી વાત હવે ક્યાં છે ? લોકોને નવરાશ ન મળે.

પ્રશ્ન :– ધારણાનું જ્ઞાન તે જ્ઞાન છે ?

સમાધાન :– ધારણા એ પાંચ ઇન્દ્રિયથી જે ધાર્યું તે જ્ઞાન નહિ. જે મનથી ધારણા થઈ છે એ પણ જ્ઞાન નહિ. કારણ કે મન છે એ વિકલ્પસ્વરૂપ છે, ભગવાન છે એ નિર્વિકલ્પ સ્વરૂપ છે. આ..હા...! એ આવે છે ને ? ભાઈ ! 'સમયસાર' ૯૬ ગાથા. ઇન્દ્રિય અને મન. મનનો વિષય પણ પર તરફ જાય છે, વિકલ્પ છે. આહા..હા...! ભલે એ અરૂપીને જાણે. ઇન્દ્રિયો છે તે રૂપીને જાણે અને મન છે તે રૂપી, અરૂપી બેયને જાણે. પણ છતાં તે પર તરફનું વલણ છે. આહા..હા...! ગજબ વાતું છે, પ્રભુ ! એ ('સમયસાર') ૯૬ (ગાથામાં) આવે છે. મૃતક્ કલેવરનું જે છે ને ? એમાં એ આવે છે. અમૃતનો સાગર ભગવાન ! મૃતક કલેવર આ શરીર મડદું છે આ તો, પરમાણુમાં ચૈતન્ય ક્યાં છે ? આહા..હા...! એ મૃતક કલેવરમાં મૂર્છાણો. એક એક વિષયમાં મૂર્છાણો એ પાંચે ઇન્દ્રિયના વિષયમાં મૂર્છાણો.

ભાઈએ તો એ ખુલાસો કર્યો છે કે, સ્પર્શ ઇન્દ્રિય તો આખા શરીર પ્રમાણે અખંડ છે અને ચાર ઇન્દ્રિય ખંડ ખંડ (છે). આ સ્પર્શ તો બધે આખા શરીરમાં છે. એ અખંડ સ્પર્શ ઇન્દ્રિયને એના વિષય તરફના ભાવને અખંડ તરીકે છે એને જીતવો ત્યારે અખંડ આત્મા જ્ઞાયક છે એની દૃષ્ટિ થાય. ભાઈ ! આવી વાતું ! તારી પ્રભુતાનો પાર નથી, નાથ ! આહા..હા...! પણ એની પ્રભુતાની એને ખબર નથી. આહા..હા...! કહે છે કે, આ શરીરે આખે સ્પર્શ છે. ભલે આ ઇન્દ્રિય છે પણ ત્યાં પણ સ્પર્શ તો છે ને ? એ સ્પર્શ ઇન્દ્રિય તરફથી જે વિષય પર તરફ થાય એ જ્ઞાનનય (છે). એને જીતવી એટલે કે એના તરફનું લક્ષ છોડવું. પાંચે ઇન્દ્રિય તરફનો વિષય અને ઇન્દ્રિય... આહા..હા...! એનું લક્ષ છોડીને અનીન્દ્રિય અખંડ પ્રભુ, એનું જ્ઞાન કરવું. જાણનારને જો, જાણનાર ઇન્દ્રિય દ્વારા પરને જોવે

એ તો પરાધીનતા છે. આહા..હા...! જાણનાર ભગવાનઆત્મા, એને જાણનારને અનીન્દ્રિય દ્વારા જો ! ઇન્દ્રિય દ્વારા નહિ. આહા..હા...! એણે અનીન્દ્રિય જે આત્માને જોયો, જાણ્યો અને જે જ્ઞાન થયું એ જ્ઞાનનય છે. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! ચાલતા પ્રવાહથી આખી વાત જુદી છે. આહા..હા...!

'આત્મદ્રવ્ય...' વસ્તુ તો દ્રવ્ય, એને 'જ્ઞાનનયે...' સમ્યક્જ્ઞાનને એક પ્રકારથી 'વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે,...' એ તો વિવેક છે. રાગથી ભિન્ન પડી સ્વભાવનું જ્ઞાન તે વિવેક છે, ભેદજ્ઞાન છે. આહા..હા...! ભાઈ ! આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથનું પ્રવચન છે, ભાઈ ! એ દિવ્યધ્વનિ છે, બાપુ ! એ ભગવાનના ન્યાયને સમજવા. બહુ ધીરાનું કામ છે આ તો. કહે છે કે, 'જ્ઞાનનયે વિવેકની પ્રધાનતાથી...' મુખ્યતાથી. ઓલામાં હતું 'ક્રિયાનયે અનુષ્ઠાનની પ્રધાનતાથી...' પ્રધાનતા, હોં ! આહા..હા...!

આખા સ્પર્શ ઇન્દ્રિયથી લક્ષ છોડે ત્યારે અખંડમાંથી લક્ષ છોડ્યું એટલે પાંચે ઇન્દ્રિય તરફથી લક્ષ છૂટી ગયું. સમજાય છે કાંઈ ? અને જ્યારે પાંચે ઇન્દ્રિય તરફનું અખંડ જે સ્પર્શ છે તેનું લક્ષ છૂટ્યું એટલે અખંડ જે જ્ઞાયક ભાવ છે તેનું લક્ષ થયું, તેનું જ્ઞાન થયું. અરે..રે...! આવી વાતું છે. આમાં ક્યાં નવરાશ છે ? આવો માર્ગ છે, ભાઈ ! પ્રભુને પરમાત્માને આમ કહેવું છે. વાડાબંધી માનીને બેસી ગયા. ભાઈ ! મહિના, દોઢ મહિનાથી અહીં આવ્યા છે. આવો માર્ગ છે, બાપા ! આવું નથી, પ્રભુ ! શું કરીએ ? બીજાઓ આવા નથી એમ કહેવું લાજત છે. શું થાય ? સમજાય છે કાંઈ ?

આવી જે ચૈતન્ય સ્વભાવની મૂર્તિ ! છેલ્લે છે ને ? આત્મદ્રવ્ય ચૈતન્યમાત્ર. આહા...હા...! એની (ઉપર) જ્યાં અંતર દૃષ્ટિ જાય છે, એનું લક્ષ જ્યાં જાય છે ત્યાં જે જ્ઞાન થાય છે તે જ્ઞાનની પ્રધાનતાથી જીવની મુક્તિ થાય છે એમ કહે છે. આહા..હા...! આમાં પંડિતાઈ કામ ન આવે. પંડિત તો એને કહ્યું છે ને ? ભાઈ ! આવે છે ને ? કે, સમ્યક્દૃષ્ટિ તે પંડિત છે. 'અષ્ટપાહુડ'માં આવે છે. આહા..હા...!

મુમુક્ષુ :- ....

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ તો ગાથા છે. 'વિદ્વજન ભૂતાર્થ તજી વ્યવહારમાં વર્તન કરે' આ..હા...! 'કુંદકુંદાચાર્ય'ના વખતમાં (આમ કહે છે). આહા..હા...! પ્રભુ એમ કહે છે. 'કુંદકુંદાચાર્ય' એટલે ભગવાનની ત્રીજી પેઢી. 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો' આહા..હા...! જૈન ધર્મોસ્તુ મંગલં. એ 'કુંદકુંદાચાર્ય'નો પોકાર છે, અરે..રે...!

વિદ્વાનો શાસ્ત્રોમાંથી વ્યવહારનો વિષય કાઢીને એમાં વર્તે છે પણ અંદર નિશ્ચયને છોડી દ્યે છે. સમજાણું કાંઈ ? વ્યવહારનો વિષય જે આવે કે, દયા પાળવી ને વ્રત કરવા ને ભક્તિ કરવી ને પૂજા કરવી, પડિમા લેવી એ બધો વ્યવહાર છે. એ વ્યવહારનો વિષય છે તેમાં પંડિતો વર્તે છે અને નિશ્ચયને છોડી દ્યે છે. પણ નિશ્ચય આશ્રિત મુનિવરને મુક્તિ થાય છે. વ્યવહાર આશ્રિતવાળાની મુક્તિ થતી નથી. આ..હા...! છતાં અહીં ક્રિયાનયનો એક ધર્મ ગણ્યો પણ એકલો એક ધર્મ નથી. એની સાથે જ્ઞાનનયનો ધર્મ સાથે પડ્યો છે. આહા..હા...! જે જ્ઞાયક સ્વરૂપ ભગવાન, એને જોઈને અંદરમાં જોઈને જાણ્યો તો એ 'જ્ઞાનનયે વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે,...' એ વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ થઈ શકે છે. આહા..હા...!

પ્રશ્ન :- જ્ઞાનનયની પ્રધાનતા કીધી તો બીજા નય ?

સમાધાન :- બીજા છે ને અંદર ક્રિયા આદિ છે. એ તો ક્રિયામાં પણ પ્રધાનતા કીધી, એ બીજા છે. આહા..હા...! અનંત ધર્મમાં વ્યાપક, વ્યાપનારો એવો અધિષ્ઠાતા ભગવાન છે. એમાં એક-બેમાં વ્યાપનારો એમ નથી. આહા..હા...! એમાંથી એકાંત એક જ નયને માને તો એ મિથ્યાત્વ છે. આહા..હા...!

અહીંયાં તો ઇન્દ્રિયના વિષયને તો ભગવાનની વાણી અને ભગવાનને પણ ઇન્દ્રિય કહી દીધી. કેમકે આ બાજુનું વલણ છે, ઇન્દ્રિય, ભાવેન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય એ બધું ઇન્દ્રિયમાં જાય છે. આહા..હા...! એ ઇન્દ્રિયને લક્ષમાંથી છોડી એટલે કે ભગવાન ને ભગવાનની વાણીને પણ લક્ષમાંથી છોડી. આ..હા...!

'જ્ઞાનનયે વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે, ચણાની મુઠ્ઠી દઈને ચિંતામણિ ખરીદનાર એવો જે ઘરના ખૂણામાં રહેલો વેપારી તેની માફક.' આહા..હા...! જેને ચિંતામણિની કિંમત નથી. સમજાણું ? એ પથરો જાણીને વેપારી પાસે ગયો. વેપાર ઘરમાં હતો. 'ભરૂચ'માં એક વેપારી છે તો (એને) ઘરમાં જ બધો વેપાર છે, દુકાન નહિ. અમે માલ લેવા ગયા ત્યારે ગયા છીએ. વૃદ્ધ માણસ હતો. આ તો ઘણા વર્ષ પહેલાની વાત છે. ઘરની દુકાન, ઘરમાં જ ઘરની દુકાન. ત્યાં માલ રાખે. જેને જોયતું હોય એ લેવા આવે. 'ભરૂચ'ને છેડે છે. આ તો પોણોસો વર્ષ પહેલાની વાત છે. કહે છે કે, જેને ચિંતામણિની કિંમત નથી એ ચિંતામણિ લઈને મુઠ્ઠી ચણા આપે એમાં રાજી રાજી થઈ જાય.

મુમુક્ષુ :- એને પથરો માન્યો હતો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એને કાંઈ ખબર નથી. કીધું ને, એક જણાને ચિંતામણિ રતન મળેલું. એને એમ કે, આનો પ્રકાશ થશે એટલે દીવો કરવો મટે. રોટલી, દાળ, ભાત (એના) પ્રકાશમાં થાય. એમાં એક વેપારી એના ઘરે આવી ચડ્યો. આમ જ્યાં જોવે છે (એને કહે છે), ભાઈ ! આ શું છે તારે ઘરે ? (આ કહે છે), એના પ્રકાશમાં દાળ, ભાત, રોટલી કરીએ છીએ. ગ્યાસતેલ બાળવું મટે. અરે...! ભાઈ ! આ તો ચિંતામણિ રતન છે. અમારી સેંકડો વખારો સોનાની પાટોથી ભરી છે. એ લે અને આ અમને દે. ઓલો તો (જોઈ રહ્યો) ! અરે..રે...! જ્યાં હું હતો ત્યાં આવા મણિ રતન તો લાખો પડ્યા હતા. મેં તો એક પથરા તરીકે પ્રકાશ (મળશે) એમ જાણીને લીધું. આહા..હા...!

એમ ભગવાનઆત્મામાં તો અનંત ચૈતન્ય રતન અંદર ભર્યા છે. આહા..હા...! એમાં એક નય એણે લઈ લીધી. રાગની મંદતાથી થાય, એ એક નય પકડી લીધી. પણ જ્ઞાનનયથી થાય એ એણે સાથે રાખી નહિ. ભગવાને એને બતાવ્યું કે, ભાઈ ! એમ નથી. આહા..હા...! એ સિવાય અહીંયાં 'જામનગર'માં (એક ભાઈ) હતા ને ? એને 'અરબસ્તાન'નો ધંધો-વેપાર હતો. એ દરિયામાં જ્યારે જાય ત્યારે ત્યાંના ખલાસીઓ... શું કહેવાય ? અમર.. અમર. મગરમચ્છના (મોઢામાંથી) ફીણ નીકળે. ફીણ એવા હોય, અમર હોય. એની એક એક તોલાની એંસી-એંસી, સાઠ રૂપિયાની કિંમત હોય. તે દિ'ની વાત છે, હોં ! અત્યારે તો મોંઘું (થઈ ગયું). એ ખલાસી લોકો ચાર-ચાર મણનું લાવે. અને એક ખજૂરનું વાડ્યું આપે. એક ખજૂરનું વાડ્યું ચાર મણ. તે દિ' તો એક મણ અઢી રૂપિયાનું હતું. અઢી રૂપિયાનું મણ ખજૂર ! ચાર પૈસે શેર. એ દસ રૂપિયાનું મણ આપે ત્યારે ઓલો એક મણ અમર આપે. જેની એક એક તોલાની સાઠ રૂપિયાની કિંમત. ચાર મણ આપે. એ ભાઈ કહેતા હતા, ગુજરી ગયા. એમાંથી પૈસા ભેગા થયા. એને કિંમત ન મળે કે આ શું છે ? એટલે ખજૂરની એક વાડ્યું આપે ત્યાં તો ઓલા રાજી રાજી થાય. ખલાસીઓ.. દરિયાના હોય ને ? શું કહેવાય ઇ ? ખલાસી. વહાણના ખારવા, ખારવા. વહાણના ખારવા. નામેય ભૂલી જવાય છે.

એમ અહીં કહે છે કે, આત્મા રાગથી ભિન્ન પડી પોતાના જ્ઞાનની દશા સંભાળે એનાથી તેની મુક્તિ થઈ જાય છે, પરમાત્મા થઈ જાય છે. મુઠ્ઠી ચણા આપીને રતન લીધું. એક ક્ષણમાં જ્ઞાન કરી અને કેવળજ્ઞાન લીધું. આ..હા..હા...! 'ભરત' ચક્રવર્તી, લ્યો ને ! અરીસા ભુવનમાં ગયા ત્યાં અંદર એકદમ વૈરાગ્ય થયો. આહા..હા...! અંતરમાં સ્થિર થઈને જોવા ગયા ત્યાં મુનિપણું આવ્યું. નવ કોટિએ વસ્ત્ર આદિ છોડી દીધા. લોકો કહે છે કે, 'ભરત'ને

વસ્ત્ર હતા મુનિપણું આવ્યું. એ ખોટી વાત છે. એણે અરીસા ભુવનમાં નવ કોટિએ ત્યાગ કર્યો હતો. ત્યારે એને નગ્ન દશા હતી, ત્યારે એને અંદર ક્ષણમાં મુનિપણું પ્રગટ્યું અને એ જ ક્ષણમાં એકદમ લીન થતાં... આ..હા..હા...! કેવળજ્ઞાન પ્રગટ્યું. અરીસા ભુવનમાં અરીસા હોય. આખા મકાન પ્રમાણે અરીસા હોય. નાનો અરીસો હોય આમ જોવું પડે. આ તો આખા મકાનમાં અરીસા એટલે આખા માણસ દેખાય. એને અરીસા ભુવન કહે છે અને એ તો ચક્રવર્તીનું ભુવન એટલે અબજોની કિંમતનું હોય. એમાં ગયા અને સમકિતી તો હતા, આત્મજ્ઞાન તો હતું એમાં જઈને અંદર જ્યાં ઠરે છે, નવ કોટિએ ત્યાગ કરીને અંદર મુનિપણું આવ્યું. અરીસા ભુવનમાં ! વસ્ત્ર છે ને મુનિપણું આવ્યું એમ નહિ હોઈ શકે. કેટલાક એમ કહે છે કે, જુઓ ! અરીસા ભુવનમાં વસ્ત્ર સહિત (હતા). અમારી દીક્ષા વખતે લોકો ગાતા હતા. સીત્તેરની વાત છે. દીક્ષા વખતે ગાતા. 'ભરત'ને વસ્ત્ર સહિત મુનિપણું આવ્યું ને આમ થયું. બધી ખોટી વાતું.

અંદરમાં જ્યાં ઠરે છે, ત્રણ કષાયનો અભાવ (છે) ત્યારે એને પહેલેથી વસ્ત્ર છૂટી જાય છે. ... પણ આપ્યો નથી. અંદરમાં આનંદનો નાથ જ્યાં જાગે છે ત્યારે એને વસ્ત્રનો કટકોય હોતો નથી અને સ્થિરતા થઈ જાય છે. મુનિપણાની વાત છે. અને મુનિપણું પ્રગટ્યું એવું અંતર્મૂહુર્તમાં ઠરે છે (ને કેવળજ્ઞાન થાય છે). આ બહારના દયા, દાન, વ્રત, તપ, અપવાસ કાંઈ ક્રિયા કરી નથી. પણ જ્ઞાનનયની પ્રધાનતાથી એકદમ કેવળજ્ઞાન થઈને મુક્તિ થઈ. આહા..હા...! ઝળહળ જ્યોતિ ચૈતન્યપ્રકાશના પુર, ચૈતન્યના પ્રકાશના પ્રવાહ જ્યાં વહેતા હતા ત્યાં દૃષ્ટિ પડીને સ્થિર થયો... આ..હા..હા...! ક્ષણમાં જેણે કેવળજ્ઞાન લીધા. આહા..હા...! સમજાણું કાંઈ ? એ જ્ઞાનનયની પ્રધાનતાની વાત છે. સાથે બીજા નયો છે એવો ખ્યાલ છે. સમજાણું કાંઈ ? આવી વાતું છે.

એ જ્ઞાન એટલે ? આ શાસ્ત્રનું જ્ઞાન ને ધારી રાખ્યું એ જ્ઞાન નહિ. વાંચીને, સાંભળીને (જે જ્ઞાન) થયું છે એ તો ઇન્દ્રિયજ્ઞાન છે. આહા..હા...! એ જ્ઞાન નહિ. અંતર જ્ઞાયક સ્વભાવ (ઉપર) દૃષ્ટિ પડતાં જે સમ્યક્જ્ઞાનનો અંકુરો ફૂટે એ જ્ઞાનનય છે. એક નય તે જ્ઞાનને જોવે છે અને તેનાથી અંતર્મૂહુર્તમાં મુક્ત પણ થાય. કોઈને વિશેષ કાલ લાગે પણ એ જ્ઞાનનયની મુખ્યતાથી કેવળજ્ઞાન પમાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? અરે...! આવી વાતું છે.

'ચણાની મુઠ્ઠી દઈને ચિંતામણિ...' ચણો અને ચિંતામણિ. બેય 'ચ' છે. ચણાની મુઠ્ઠી દઈને ચિંતામણિ લીધું. ઓલા (વેપારીએ) ચિંતામણિ રતન હતું તે સોનામહોરની વખાર આપીને

લીધું. ઓલાની કિંમત અબજો.. અબજો ! આહા..હા...! જેને એની ખબરું નથી... આહા..હા...! રાગની આ ક્રિયા કરીએ તો આપણને સમકિત થશે અને એનાથી આત્માને (મુક્તિ થશે). એ મિથ્યાત્વ ભાવ છે. એક યોગ્યતા ગણીને એની સાથે આ બીજી યોગ્યતા જ્ઞાનની ગણી છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

'ઘરના ખૂણામાં રહેલો વેપારી...' પાછું જોયું ? વેપારી દુકાને બેઠેલો પણ નહિ. ઘરના ખૂણામાં બેઠો (હતો) અને ઓલો લઈને આવ્યો. ભાઈ ! મને કાંઈક આપો ને ! શું છે આ ? લે ભાઈ ! મુઠ્ઠી ચણા આપ્યા અને ચિંતામણિ લીધો. આહા..હા...! ભાઈ ! આ આત્માની કાંતિ ... છે, એમ કહે છે. જેની કાંતિને જોતા પર્યાયમાં જે કાંતિ પ્રગટી એ પર્યાયથી જ્ઞાનનયથી તેની મુક્તિ થાય છે. આહા..હા...!

એક જણનો કાગળ આવ્યો છે. 'બનારસ'થી કાગળ આવ્યો છે. મને આમ થયું છે, મને આમ થયું છે. ચૈતન્ય આવો જણાય છે. ચૈતન્યપ્રકાશ ! પછી કાંઈક લખ્યું છે. તમે જણાવો મને કે, મારામાં શું ફેરફાર છે કે શું છે ? ઇ તો કોઈ પ્રકાશ જણાય જાય એ તો આંખ મીચે અને પ્રકાશ લાગે એ તો જડનો પ્રકાશ છે. આહા..હા...! ચૈતન્યના પ્રકાશ અંદર નજરમાં આ આવો છે, એમ નજરમાં ન દેખાય. આમ પ્રત્યક્ષ અરૂપીને ભાળે એ રીતે નથી પણ અરૂપી તરફનું લક્ષ જ્યાં ગયું ત્યાં જ્ઞાન થયું એને અહીંયાં જ્ઞાનનય કહેવામાં આવે છે. આહા..હા...!

'ચિંતામણિ ખરીદનાર એવો જે ઘરના ખૂણામાં રહેલો વેપારી તેની માફક. (જ્ઞાનનયે આત્માને વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ થાય છે, જેમ ઘરના ખૂણામાં બેઠેલો વેપારી ચણાની મુઠ્ઠી દઈને ચિંતામણિ ખરીદી લે તેમ).' આહા..હા...! (એક ભાઈ) કહેતા હતા. ચાર ચાર મણ અમર લઈને આવે અને અમે ખજૂરની વાડ્યું આપીએ. ખજૂરની વાડ્યું દસ રૂપિયાનું અને ઓલું ચાર મણના એક રૂપિયાના સાઠ .. એવા ચાર મણ લે. એને કિંમત નહિને ! મગરમચ્છ હોય ને ? બહુ ગરમી હોય પછી એમાં ફૂ.. ફૂ.. કરે તો (મોઢામાંથી) અમર નીકળે. અમર કહે છે ને ? આ..હા...! આ એક નય છે. અનંત નયમાં વ્યાપક એવો ભગવાન એમાં એક આ નય છે.

હવે 'આત્મદ્રવ્ય વ્યવહારનયે બંધ અને મોક્ષને વિષે દ્વૈતને અનુસરનારું છે,...' આહા..હા...! શું કહે છે ? રાગનું બંધન છે અને રાગનો અભાવ તે મોક્ષ છે. એવા દ્વૈતને અનુસરનારું છે. (દ્વૈતપણાનો અર્થ મૂળ ગ્રંથમાં નીચે ફૂટનોટમાં આપેલ છે). દ્વૈત = બેપણું.

'(વ્યવહારનયે આત્માના બંધને વિષે કર્મ સાથેના સંયોગની અપેક્ષા આવતી હોવાથી...' કર્મ સાથે સંયોગની અપેક્ષા આવે ને ? દ્વૈતપણું. દ્વૈત છે. '(અને આત્માના મોક્ષને વિષે કર્મના વિયોગની અપેક્ષા આવતી હોવાથી ત્યાં પણ દ્વૈત છે).' આહા..હા...! કર્મનું નિમિત્તપણું છે એ બંધમાં નિમિત્ત છે અને નિમિત્તનો અભાવ તે મોક્ષ, પણ એમાં નિમિત્તની અપેક્ષા આવી. એટલે બંધ-મોક્ષમાં દ્વૈતપણું આવ્યું. એકલો નહિ, પરના નિમિત્તપણાનું દ્વૈતપણું આવ્યું. આ..હા...!

'વ્યવહારનયે બંધ ને મોક્ષને વિષે દ્વૈતને અનુસરનારું છે, બંધક (બંધ કરનાર) અને મોચક (મુક્ત કરનાર) એવા અન્ય પરમાણુ સાથે સંયુક્ત થતા અને તેનાથી વિયુક્ત થતા એવા પરમાણુની માફક.' શું કહ્યું ઇ ? એક પરમાણુ છે ને એનો બીજા પરમાણુ સાથે સંયોગ થાય. આમાં ચાર ગુણ હોય અને બીજો છ ગુણ હોય તો સંયોગ થાય. એ અપેક્ષાએ દ્વૈત થઈ ગયું અને એનો વિયોગ થાય તોપણ દ્વૈત થઈ ગયું. પરની અપેક્ષા આવીને ? એમ ભગવાનઆત્મા કર્મના નિમિત્તના લક્ષમાં છે તેથી બંધ છે. અને એનો અભાવ થયો તોપણ નિમિત્તનો અભાવ થયો એ પણ એક અપેક્ષા દ્વૈતની આવી. એ દ્વૈતને અનુસરનારું છે. આહા..હા...! વ્યવહારનય દ્વૈતને અનુસરનારી છે. આરે... આરે... આવી વાતું ! એવો એક ધર્મ છે. છે ?

'આત્મદ્રવ્ય વ્યવહારનયે બંધ અને મોક્ષને વિષે દ્વૈતને અનુસરનારું છે, બંધક (બંધ કરનાર) અને મોચક (મુક્ત કરનાર) એવા અન્ય પરમાણુ સાથે સંયુક્ત થતા..' એક પરમાણુ બીજા પરમાણુ સાથે સંબંધ પામે એ બંધ અને અભાવ થાય તે મોક્ષ. એ પરમાણુનો જેમ સંયોગ થાય અને વિયોગ થાય, સંયોગ થયો અને એનો અભાવ થયો, દ્વૈતપણું આવ્યું. (કેમકે) નિમિત્તની અપેક્ષા આવી ને ? આહા..હા...! આવું છે. વાણિયાને ક્યાં (નવરાશ મળે છે) ? ભાઈ ! આહા..હા...! પંડિતને અને વેપારી તો એને કહીએ, જેને આત્માનો વેપાર કરતા આવડે એને વેપારી કહે. બાકી તો પાપના વેપારી (છે). આહા..હા...!

મુમુક્ષુ :– વેપારી રૂપિયા આપે તો ધરમ ચાલે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધૂળમાંય ચાલતું નથી એનાથી. કોણે કીધું ? ઇ તો આજે (મુમુક્ષુઓ) આવ્યા હતા. દોઢ લાખની જમીન લીધી. આ ઓલો ગઢ છે ને ? શું કહેવાય ? મોટી વંડી છે ને ? એમાં નામ રાખે. મેં કીધું, નામ જ નથી ને ! નામ કોના ? આત્માનું આત્મા નામ, એ આત્મામાં ક્યાં છે ? આહા..હા...! આ તો શરીરના નામ (છે), બીજાથી ભિન્ન

પાડવા ઓળખાવ્યું. આમાં ક્યાંય નામ લખ્યું છે ? આહા..હા...!

અહીં તો પરમાત્મા એમ કહે છે કે, તારામાં જે રાગનો સંબંધ છે અને એનો અભાવ થાય એટલું દ્વૈતપણું છે એવો એક વ્યવહારનયનો વિષય – ધર્મ છે. ધર્મ એટલે યોગ્યતા. આહા..હા...! આવું જ્ઞાન ન મળે અને એકલી ક્રિયાકાંડમાં જોડાય ગયા. સમ્યગ્દર્શન ન મળે. એ તો રખડવાના રસ્તા છે. આહા..હા...! અરે...! અહીં તો પરમાત્મા પોતે પરમસ્વરૂપે દ્વૈતપણે જેને વ્યવહારનયથી (જોવે છે). વ્યવહારનય એટલે બેપણું થયું એ વ્યવહાર થયો. બગજે બે, એકડે એક. બેનું જોડાણ થયું તે વ્યવહાર થઈ ગયો, કહે છે. કર્મનું નિમિત્તનું જોડાણ અને એનો અભાવ એ ભેદ થઈ ગયો, વ્યવહાર થઈ ગયો. આહા..હા...!

'(વ્યવહારનયે આત્મા બંધ અને મોક્ષમાં (પુદ્ગલ સાથે) દ્વૈતને પામે છે, જેમ પરમાણુના બંધને વિષે તે પરમાણુ અન્ય પરમાણુ સાથે સંયોગ પામવારૂપ દ્વૈતને પામે છે અને પરમાણુના મોક્ષને વિષે તે પરમાણુ અન્ય પરમાણુથી છૂટો થવારૂપ દ્વૈતને પામે છે તેમ).' ભગવાનઆત્મા કર્મના નિમિત્તના સંયોગમાં આવે છે અને તેનો વિયોગ થાય છે એવું દ્વૈતપણું છે. એ વ્યવહારનયે તે દ્વૈતપણાનો એક ધર્મ છે. આહા..હા...! આત્માની પર્યાયમાં (આવો ધર્મ છે). આહા..હા...! આવી વાત ! સ્યાદ્વાદ અનેકાંત તત્ત્વ છે. આહા..હા...! અનેકાંત સમજે ? અનેક અંત એટલે ધર્મ. અનંત અનંત ધર્મો એમાં છે તેથી એને અનેકાંત કહે છે. આહા..હા...! એવું જે ભગવાનઆત્માનું સ્વરૂપ નિમિત્તના સંયોગમાં આવે, નિમિત્તના અભાવમાં વિયોગમાં આવે. આહા..હા...!

અહીં તો કર્મના નિમિત્તની અપેક્ષાએ (વાત) છે, હોં ! નહિતર તો ખરેખર તો ધ્રુવ ચીજ જે છે એને જે પર્યાય પ્રગટ થાય છે એ સંયોગ છે અને એ પર્યાયનો નાશ થાય છે તે વિયોગ છે. એવું દ્વૈતપણું એનામાં છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! એ નિમિત્તને લક્ષે પર્યાય થાય છે ને અને એના અભાવમાં પણ પર્યાય છે ને ? એ દ્વૈતપણું આવ્યું. બે અપેક્ષા આવી ગઈ ને ? એકલો આત્મા અંદર ન રહ્યો. પરની અપેક્ષાએ જેમ પરમાણુ બીજા પરમાણુ સાથે સંયોગને પામે અને તેના વિયોગને પામે એવું દ્વૈતપણું જેમ પરમાણુમાં છે એમ ભગવાનઆત્મામાં... આવી વાતું ક્યાં (છે) ? એવો એક ધર્મ – યોગ્યતા છે કે, નિમિત્તના સંબંધમાં અને નિમિત્તના અભાવરૂપ સંબંધ, એ દ્વૈતપણું થયું. એકલો આત્માનો આશ્રય ન રહ્યો. ત્યાં બે અપેક્ષા થઈ ગઈ. આહા..હા...! અરે..રે...! આવું સમજવા માટે વખત ગાળવો. એને ઠેકાણે લોકો ક્યાંના ક્યાંય (પડ્યા છે). આવું મનુષ્યનું જીવન (ચાલ્યું

જાય છે). જીવને ઉદ્ધારના રસ્તે લઈ જવો જોઈએ. એને ઠેકાણે એકલા બંધને રસ્તે લઈ જઈ અનાદિથી રખડે છે. આ..હા...!

એક તો (એક વિદ્વાને) એવું લખ્યું છે કે, સ્પર્શ વિનાનો કોઈ દિ' જીવ રહ્યો નથી. એકેન્દ્રિય થાય તો સ્પર્શેન્દ્રિય તો છે. અનાદિથી સ્પર્શ ઇન્દ્રિય વિનાનો રહ્યો નથી. બીજી ચાર ઇન્દ્રિયો તો આવે ને જાય, એમેય થાય. આહા..હા...! એ આવે અને વળી મિથ્યાત્વપણું છે (એટલે) જઈને નિગોદમાં પણ જાય. પણ સ્પર્શ ઇન્દ્રિય છે એનાથી રહિત કોઈ દિ' થયો નથી અને સ્પર્શ ઇન્દ્રિયથી રહિત થાય તે સિદ્ધ થઈ જાય. આહા..હા...! સમજાણું કાંઈ ? પાંચે ઇન્દ્રિયના સંબંધથી, લક્ષથી, જ્ઞાનથી છૂટે... આહા..હા...! એનો મોક્ષ થાય. પાંચ ઇન્દ્રિયના વિષયના જ્ઞાનમાં અટકે તો એને બંધ થાય. આહા..હા...!

અહીં તો નિમિત્તની અપેક્ષા લઈને બંધ કહ્યો છે અને એના અભાવની અપેક્ષાએ મોક્ષ કહ્યો છે. સમજાણું કાંઈ ? આહા..હા...! ગજબ વાતું કરી છે ને ! પહેલી ક્રિયાનય અને જ્ઞાનનય બેય સાથે લીધા. હવે વ્યવહાર અને નિશ્ચય બે સાથે લેશે. એકલો દ્વૈતનયનો એક જ ધર્મ છે, એમ નહિ. આહા..હા...! એમ વ્યવહારનયે ન કહ્યું કે, વ્યવહારનયે વિકાર કરે છે અને વિકારનો અભાવ કરે. ફક્ત સંબંધ કરે છે અને એનો અભાવ, એટલું. વ્યવહારનય એટલે કે રાગ કરતાં કરતાં થાય એ તો ક્રિયાનયમાં કીધું. (એવી) એક યોગ્યતા (કીધી).

અહીંયાં કોઈ એમ લઈ જાય કે વ્યવહારનયે પણ મુક્તિ થાય છે, (તો) એમ નથી અહીં વાત નથી. અહીં તો અખંડાનંદનો આશ્રય થઈ અને નિશ્ચય થયું છે તેને હજી નિમિત્તની અપેક્ષાથી બંધ અને નિમિત્તના અભાવથી મોક્ષ (છે), એવી અપેક્ષાથી વ્યવહારનય કહેવામાં આવી. બેપણું થયું એ જ વ્યવહાર થઈ ગયો. આહા..હા...! આવી વાતું છે. ઝીણી બહુ, બાપુ ! પ્રભુ ! તું ઝીણો છો ને ! વિકલ્પાતીત છે ને ! પાંચ ઇન્દ્રિયના વિષયથી તો રહિત છે પણ મનનો વિકલ્પ છે એનાથી પણ રહિત છે. આહા..હા...! એવા રહિતને વ્યવહારનય હોય છે એમ કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એ સમકિતીને આવી વ્યવહારનય હોય છે, એમ કહે છે. એની વાત છે ને અહીં. નિશ્ચયનય પણ સમકિતીને અને વ્યવહારનય પણ સમકિતીને. આહા..હા...! અનંત ધર્મને ધરનાર આત્મદ્રવ્ય (છે) એવી એક નયથી જોવે તો તે ચૈતન્યપ્રકાશની મૂર્તિ છે અને આખા અનંત નયોના પ્રમાણથી જોવે તો એ ચૈતન્યપ્રકાશ મૂર્તિ અંદર છે. આહા..હા...! આવી વાતું. લોકોને સમ્યક્જ્ઞાનનો શું પ્રકાર છે ? એના તરફના વલણ છૂટી ગયા. બહારના વલણ રહ્યા, બસ ! આહા..હા...! અરે..રે...! શું થાય ? ભાઈ !

વ્યવહારનયનો એવો અર્થ નથી કે, વ્યવહાર કરતાં કરતાં થાય. એ અહીં નથી. અહીં તો દ્વૈતપણું ઉભું થાય છે એવો એક વ્યવહારનયનો ધર્મ છે. આહા..હા...! એક ભગવાન, નિમિત્તના સમીપમાંથી બંધ છે, એના અભાવથી મુક્તિ (છે). એટલું દ્વૈતપણું એનામાં એક એવો ધર્મ ગણવામાં આવ્યો. એથી વ્યવહારનયે મુક્તિ થાય એમ અહીં નથી (કહેવું). આહા..હા...! વ્યવહારનયે એટલે એક સ્વરૂપે ભગવાન છે એને નિમિત્તના સમીપમાં સંયોગમાં આવ્યો અને વિયોગ (થયો) એટલી દ્વૈતતા છે. એ દ્વૈતને અહીંયાં વ્યવહારનય કહેવામાં આવ્યો. આહા..હા...! અરે...! વીતરાગ જિનશાસન (બીજે) ક્યાંય છે નહિ. સર્વજ્ઞ વીતરાગ સિવાય આ વાત ક્યાંય છે નહિ. એકાંત.. એકાંત લોકો માની બેઠા.

આ તો અનેકાંત છે. એમાં અનંત અનંત ધર્મો છે. અંત એટલે ધર્મ. આ પણ એક વ્યવહારનયનો દ્વૈત એનો એક ધર્મ છે. અને એકલો એ ધર્મ નથી, એની સાથે પાછો નિશ્ચયનો પણ ધર્મ છે. આહા..હા...! જેમ ક્રિયાનયનો એક ધર્મ છે, એવો જ્ઞાનનયનો પણ સાથે એક ધર્મ છે. આહા..હા...! એમ વ્યવહારનયનો દ્વૈત યોગ્યતાનો ધર્મ છે એમ નિશ્ચયનયનો અદ્વૈતપણાનો પણ એક એનામાં ધર્મ છે. આવું બધું ક્યાં (સમજે) ? નયનો વિષય બહુ અલૌકિક છે ! આહા..હા...!

૪૫. 'આત્મદ્રવ્ય નિશ્ચયનયે બંધ અને મોક્ષને વિષે અદ્વૈતને અનુસરનારું છે, એકલો બંધાતો અને મુકાતો એવો જે બંધમોક્ષોચિત...' અદ્વૈતને અનુસરનારું છે (એમ કહ્યું), જોયું ? 'નિશ્ચનયે બંધ અને મોક્ષને વિષે...' એકને અનુસરનારું – આત્માને અનુસરનારું છે. નિમિત્તના સંબંધ અને અસંબંધને છોડીને. આહા..હા...! શું કહે છે ? 'બંધ અને મોક્ષને વિષે અદ્વૈતને અનુસરનારું...' બંધની પર્યાયમાં પણ એકલો છે, પરની અપેક્ષા નથી. મોક્ષની પર્યાયમાં પણ એકલો છે, પરની અપેક્ષા નથી. આવી વાતું છે. વીતરાગમાર્ગ છે, બાપુ ! એ અનંતકાળમાં જૈન દિગંબર સાધુ અનંતવાર થયો. પંચ મહાવ્રત લીધા, હજારો રાણી છોડી. આહા..હા...! પણ સમ્યગ્દર્શન શું છે તેનું જ્ઞાન કર્યું નહિ. એ જ્ઞાન વિના એકલા થોથા કર્યા. આ..હા...! જગતને આકરું પડે, ભાઈ ! બાયડી છોડી, દુકાન છોડી એટલે જાણે અમે કેટલુંય છોડ્યું ! આ..હા...!

ઓલો એક કહે છે ને કે, બધું છોડ્યું એમાં બધા તરફની આકુળતા હતી તે છૂટી ગઈ. એક શરીર રહ્યું, એમ કહે છે. અરે...! છોડ્યું છે ક્યાં ? એ તો છૂટેલા જ પડ્યા છે. પરવસ્તુ છોડી છે એ છોડવું છે ક્યાં ? ઇ તો છૂટી પડી જ છે. એને કે દિ' ગ્રહી

હતી તે છોડે ? આહા..હા...! અંદરમાં રાગ અને વિકાર પરિણામને જે ગ્રહ્યો છે તેને છોડવો એ પણ એક વ્યવહારનયનું કથન છે. આહા..હા...! આકરી વાત. રાગનો નાશ કરનાર છે.. આહા..હા...! એ પણ એક નામ કથન છે. ભગવાનમાં રાગ કે દિ' થઈ ગયો હતો તે રાગ છોડે ? આવી વાતું છે.

ચૈતન્ય ભગવાન બંધ અને મોક્ષને વિષે અદ્વૈતને અનુસરનારો છે. એટલે એકલો પોતે બંધની પર્યાય અને મોક્ષને વિષે પરના સંબંધ વિના વર્તે છે. સમજાણું કાંઈ ? ઓલામાં પરનો સંબંધ લઈને દ્વૈત કહ્યું. અને (અહીંયાં) બંધમાં — રાગમાં પણ એકલો વર્તે છે અને મોક્ષમાં એકલો વર્તે છે. આહા..હા...! શું કહ્યું સમજાણું આમાં ? રાગના બંધમાં (હતો અને) પરનો અભાવ થયો માટે મોક્ષમાં વર્તે (છે), એમ પણ નહિ. આહા..હા...! આટલું બધું યાદ રાખવું. આ..હા...!

'નિશ્ચયનયે...' સ્વઆશ્રિતનું નામ નિશ્ચય, ઓલામાં પરઆશ્રિતનું નામ વ્યવહાર. નિમિત્તની અપેક્ષા પરઆશ્રિત આવી એટલે દ્વૈત કહ્યો. હવે આમાં સ્વઆશ્રિત છે, પર નહિ. ભલે રાગમાં વર્તે તોપણ સ્વઆશ્રિત છે અને મોક્ષમાં વર્તે તોપણ સ્વઆશ્રિત છે. એમાં પરની અપેક્ષા નથી. ઘડીકમાં આ અને ઘડીકમાં આ. પ્રભુ ! તારી યોગ્યતા જ એ પ્રકારની છે, ભાઈ ! આ..હા...! તારામાં એ જાતનો ધર્મ નામ ધારી રાખેલો ભાવ છે. એ ધર્મમાં વ્યાપેલો તું છો. આહા..હા...! પણ તેને જોઈને પણ જાવું છે અંદરમાં. બંધ અને મોક્ષના દ્વૈતમાં વર્તે છે તોપણ એવું જ્ઞાન કરીને જાવું છે અંદરમાં. ચૈતન્યના પ્રકાશની મૂર્તિ ભગવાન છે ત્યાં એણે નજર કરવાની છે. અને અદ્વૈતને અનુસરનારું છે એને પણ જોવાનું આ એક. રાગમાં પણ હું વર્તું છું, મોક્ષમાં પણ હું છું. એને પરની અપેક્ષા નથી. એવો ધર્મ ગણીને પણ એણે દ્રવ્યમાં ચૈતન્યમાત્રમાં જાવાનું છે. આ..હા...! આવું સાંભળ્યું ન હોય એને બિચારાને એવું લાગે. ઓલા તો આ કરો, આ કરો, આ કરો, વ્રત લઈ લ્યો, પડિમા લઈ લ્યો. મિથ્યાદૃષ્ટિને વ્રત ને તપ કેવા ? એ તો બાળવ્રત ને બાળતપ છે. આ..હા...! જ્યાં ભગવાન પોતે કોણ છે અને કેવો છે એનું સ્વરૂપ જ જાણ્યું નથી. જાણનારને જાણ્યો નથી (અને) તેં બધી માથાકૂટ કરી. આહા..હા...!

એ જાણનારો દ્વૈતની અપેક્ષાએ વ્યવહારનય પણ કહેવાય અને જાણનારો એકલો બંધમાં અને મોક્ષમાં વર્તે છે, પરની કોઈ અપેક્ષા નથી. રાગની એકતામાં, બંધમાં એકતાસ્વરૂપ નથી પણ રાગ થાય છે તેમાં પોતે એકલો વર્તે છે અને રાગના અભાવમાં મોક્ષમાં એકલો

જ વર્તે છે. એ અદ્વૈત અનુસરે છે. એમાં પરની અપેક્ષા આવતી નથી. આવી ઝીણી વાતું. આહા..હા...! આવું મંથન કરવા બેસે તો એને કંઈ લાભ થાય. આ તો બહારની કાડકૂટમાં રોકાય ગયા. અરે...!

'નિશ્ચયનયે બંધ અને મોક્ષને વિષે...' એટલે પર્યાયમાં રાગ અને (તેનો) અભાવ, (એ) બેયને વિષે 'અદ્વૈતને અનુસરનારું છે,...' પોતે જ અનુસરનાર છે. પરની જેમાં અપેક્ષા નથી. આહા..હા...! આવો માર્ગ, હવે એને જાણે નહિ અને પાધરા પડિમા લઈને બેઠા, પડિમા છે. ધૂળેય નથી. (એ તો) સમ્યગ્દર્શન પછી (હોય).

મુમુક્ષુ :– અમને સમકિત તો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધૂળમાંય નથી. સમકિત કોને કહેવાય એની ખબરું નથી. આ..હા...!

સમ્યગ્દર્શન પછી અંતરમાં આત્માના અનુભવને વેદીને પછી વિશેષ અંદર આનંદ અને શાંતિ પ્રગટે, ચોથા ગુણસ્થાનથી પણ વિશેષ આનંદ પ્રગટે એને પડિમાના વિકલ્પ આવે. એને વ્યવહાર કહે છે. આહા..હા...! પણ આ તો સમ્યગ્દર્શનની ખબર નથી, આત્માનો અનુભવ નથી અને આ પડિમા છે. એ તો બાળવ્રત છે. અજ્ઞાનવ્રત (છે). આવે છે ને 'સમયસાર'માં ? બાળવ્રત અને બાળતપ છે. અજ્ઞાનીના તપ (છે). રખડી મરવાના છે, કહે છે. આહા..હા...! આકરું કામ.

આણે તો વળી એવું મૂક્યું છે, અમુક પડિમા લઈને આખો બોજો સમાજ ઉપર નાખ્યો. હવે તમે અમને નભાવો. ઓલું ઘરમાં રહીને હોય તે જુદી વાત છે. પોતે રળવાનું કરે. પડિમાધારી કાંઈ (બધું) છોડીને ધર્મશાળામાં બેસે એવું નથી. આ તો બે-ચાર પડિમા લઈને નામ ધરાવી ને ધર્મશાળામાં પડાવ નાખે એટલે લોકો એને આહાર આપવો જોઈએ, નભાવવો જોઈએ. સમાજ ઉપર બોજો નાખ્યો. આહા..હા...! આકરું કામ, ભાઈ ! આ તો ત્યાં સુધી લઈ લ્યે છે કે, આ બ્રહ્મચર્ય લે છે એ એકલું ખાનગી લ્યે એમ નહિ. પંચ કલ્યાણક હોય, દસ હજાર (માણસ) ભેગા થયા હોય તો એમાં લઈએ. તારે તો ઉપાધિ કરવી છે કે શું કરવું છે ? બીજા જાણે કે મેં બ્રહ્મચર્ય લીધું છે. એ તો સ્પર્શ ઇન્દ્રિયનો અમુક વિષય. બધા વિષયો ત્યાં છોડ્યા નથી. પાંચે ઇન્દ્રિયના તો છોડ્યા નથી પણ સ્પર્શ ઇન્દ્રિયનો એક પ્રકારનો – મૈથૂનનો એક પ્રકારનો (છોડ્યો). બીજો સ્પર્શ, રસ, ગંધ, ઠંડા, ઊના, ગરમ આદિ તો છોડ્યા નથી. આહા..હા...! વાત એ કે, બ્રહ્મચારી તરીકે કહેવાય અને દુનિયામાં (ગણાય). મંદિરમાં બેસાય, ધર્મશાળામાં બેસાય. ટાણું આવે ત્યારે લોકો એને કહે. ત્યાગી

ભેગા બેસે એટલે બીજા ત્યાગીને કહે તો એને પણ કહેવું પડે એ માટે બિચારા બેસે. અર..ર..ર...! મારી નાખ્યા જગતને ! સમજાણું કાંઈ ? આહા..હા...! મરી જાય અજ્ઞાનપણે. (એમાં) શું છે ? ભાઈ !

અહીં તો એકલો ભગવાન એક એવો એનામાં ધર્મ ગણ્યો કે, રાગમાં બંધનમાં છે (એની સાથે) એકત્વ નહિ, એકત્વ નહિ પણ રાગની પર્યાય છે તેમાં વર્તે છે એ પણ એકલો અને એનો અભાવ કરે છે એકલો, (એમાં) પરની અપેક્ષા નહિ. એવો એક એનામાં નિશ્ચયધર્મ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? પણ તે ધર્મને પણ લક્ષમાં લઈને ત્યાં બંધમાં હું સ્વતંત્ર વર્તું છું, મોક્ષમાં (એકલો વર્તું છું), એટલું લક્ષમાં લઈને પછી દ્રવ્ય ઉપર જાવું છે. આહા..હા...!

આઠ વર્ષના બાળકો, ચક્રવર્તીના પુત્રો પણ ચાલી નીકળે. એની – ભગવાનઆત્માની મહિમા સાંભળી જંગલમાં ચાલી નીકળે. એક મોરપીંછી અને એક કમંડળ. નગ્ન દશા. અંતરના આનંદમાં ઘોલનમાં વિશેષ જવા માટે (ચાલી નીકળે). ચક્રવર્તીના નહિ બધા ? 'રવિષેણ' ને ? કેવા ? ગિલ્લીદંડે રમતા હતા. ૧૦૮. 'રવિકીર્તિ', 'રવિષેણ' નહિ. ૧૦૮. રતનનો દડો અને શું કહેવાય એને ? રમતા હતા. એમાં 'જયકુમાર' એના લશ્કરના સ્વામી હતા. 'જયકુમારે' ભગવાન પાસે દીક્ષા લીધી. આહા..હા...! ૯૬ કરોડ પાયદળનો સાહેબો, નાયક ! મારો નાયક તો આત્મા છે, હું એનો નાયક છું. એકદમ ઉતરીને દીક્ષા લીધી. છોકરાઓ રમતા હતા. નાની ઉંમરના, પંદર-વીસ વર્ષના જુવાન ગેંડી-દડે રમતા હતા. કોણ છે ? 'જયકુમારે' દીક્ષા લીધી. હેં ! આ..હા..હા...! એની માએ ધ્યાન રાખવા સાથે માણસ મોકલેલો. હવે એણે કરવું શું ? એટલે એને કહે, ચાલો આપણે આમ જઈએ. આમ જઈએ. એમ કરીને માણસને (લઈ ગયા). અંદરનો વિચાર થયો કે, અમારે તો ભગવાન પાસે મુનિપણું લઈ લેવું છે. આહા..હા...! ૯૬ કરોડ પાયદળનો સેનાપતિ, એ દીક્ષા (લઈને) અંતર આનંદના નાથને જગાડીને ઠરવા ગયો છે. આ..હા...! અમે પણ અંતર આનંદના નાથને જગાડીને ઠરવા જાઈએ. આ..હા..હા...! એ પંદર-પંદર, વીસ-વીસ વર્ષના બાળકો ! ચક્રવર્તીના દીકરા ! આહા..હા...! જેને રુચિ અનુયાયી વીર્ય (પ્રગટ્યું છે).

મુમુક્ષુ :– મોટા છોકરાના દીકરા ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– મોટો હતો કે દિ' ? એ તો માન્યું છે. આ..હા...! મોટો તો અંદર પરમાત્મા ભગવાન છે. આહા..હા...! એની પર્યાય એની પ્રજા છે. આ પ્રજાની તો બધી વાતું છે. આહા..હા...! ૧૦૮ હોં ! ભગવાન પાસે ગયા ત્યાં દીક્ષા (લઈ લીધી). એની માએ

માણસ મોકલ્યો હતો (એ કહે), હું માતાને **શું** કહીશ ? **દીક્ષિત** થઈ ગયા (કહેજે). **અંતરમાં** આનંદમાં **વિશેષ** ઊતરી ગયા. એ દીક્ષા હોં ! નગ્ન (થઈ જાય એ **નહિ**). આહા..હા...!

એ **નિશ્ચયથી** પોતાને અનુસર્યા છે. એ બંધમાં અને મોક્ષમાં પોતે અનુસરે એવો એક ધર્મ ગણી અને અંદરમાં ઊતર્યા છે. એવો પણ એક ધર્મ ગણવામાં આવ્યો છે. **વિશેષ** કહે**શે**...

શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !

अशुद्धनयेन घटशरावविशिष्टमृण्मात्रवत्सोपाधिस्वभावम् ४६ । शुद्धनयेन केवलमृण्मात्रवन्निरुपाधिस्वभावम् ४७ । तदुक्तम्-`जावदिया वयणवहा तावदिया चेव होंति णयवादा । जावदिया णयवादा तावदिया चेव होंति परसमया ।।' `परसमयाणं वयणं मिच्छं खलु होदि सव्वहा वयणा । जइणाणं पुण वयणं सम्मं खु कहंचि वयणादो ।।' एवमनया दिशा प्रत्येकमनन्तधर्मव्यापकानन्तनयैर्निरूप्यमाणमुदन्वदन्तरालमिलद्धवलनीलगाङ्गयामुनोदक -भारवदनन्तधर्माणां परस्परमतद्भावमात्रेणा-शक्यविवेचनत्वादमेचकस्वभावैकधर्मव्यापकैक- धर्मित्वाद्यथोदितैकान्तात्मात्मद्रव्यम् । युगपदन-न्तधर्मव्यापकानन्तनयव्याप्येकश्रुतज्ञानलक्षणप्रमाणेन निरूप्यमाणं तु समस्ततरङ्गिणी-पयःपूरसमवायात्मकैकमकराकरवदनन्तधर्माणां वस्तुत्वेनाशक्यविवेचनत्वान्मेचकस्वभावानन्तधर्मव्याप्येकधर्मित्वात् यथोदितानेकान्तात्मात्मद्रव्यम् ।

---

આત્મદ્રવ્ય અશુદ્ધનયે, ઘટ અને રામપાત્રથી વિશિષ્ટ માટીમાત્રની માફક, સોપાધિસ્વભાવવાળું છે. ૪૬.

આત્મદ્રવ્ય શુદ્ધનયે, કેવળ માટીમાત્રની માફક, નિરુપાધિસ્વભાવવાળું છે. ૪૭.

તેથી કહ્યું છે કે –

जावदिया वयणवहा तावदिया चेव होंति णयवादा ।
जावदिया णयवादा तावदिया चेव होंति परसमया ।।
परसमयाणं वयणं मिच्छं खलु होदि सव्वहा वयणा ।
जइणाणं पुण वयणं सम्मं खु कहंचि वयणादो ।।

[ અર્થ :– જેટલા વચનપંથ છે તેટલા ખરેખર નયવાદ છે; અને જેટલા નયવાદ છે તેટલા જ પરસમય (પર મત) છે.

પરસમયોનું (મિથ્યામતીઓનું) વચન સર્વથા (અર્થાત્ અપેક્ષા વિના) કહેવામાં આવતું હોવાથી ખરેખર મિથ્યા છે; અને જૈનોનું વચન કથંચિત્ (અર્થાત્ અપેક્ષા સહિત) કહેવામાં આવતું હોવાથી ખરેખર સમ્યક્ છે. ]

**ભાદરવા વદ ૮, ગુરુવાર**
**તા. ૧૩-૦૯-૧૯૭૯**
**નય ૪૬ થી ૪૭, પ્રવચન નં. ૨૭૦**

'પ્રવચનસાર', નય અધિકાર. ૪૫ થઈ ગઈ. શિષ્યનો એ પ્રશ્ન હતો કે, આ આત્મા કેવડો છે ? અને કઈ રીતે પમાય ? એ કઈ રીતે પમાય એ પછી કહેશે, પણ આમાં એ આવી તો જાય છે. ત્યારે કહે છે કે, આત્મામાં અનંત ધર્મ વ્યાપક છે. ધર્મ એટલે વિકારી પર્યાય, અવિકારી પર્યાય, અવિકારી ગુણ એ બધા ધર્મો છે. ધર્મ એટલે આત્માએ ધારી રાખેલા ભાવ. આહા..હા...! જેને અંદરથી એ ગરજ છે એને આ ઉત્તર દેવામાં આવે છે. આ..હા...! આત્મા પ્રભુ ! છે કેવો ? આ તે કેવડો છે આ ? શું છે આ અંદર ? બીજું કંઈ પૂછ્યું નથી. છ દ્રવ્ય શું છે ? અરિહંત શું કહેવાય ? એ પૂછ્યું નથી. આહા..હા...!

પ્રભુ ! આ દેહમાં આત્મા (છે કેવો) ? કારણ કે એનું સાધન થયે ધર્મ થાય. હવે ઇ છે કોણ ? અને છે કેવડો ? આ..હા...! તો કહે છે, સામાન્ય જે આત્મા છે એ અનંત અનંત ધર્મોમાં વ્યાપક (થઈને) વ્યાપીને રહેલો, એનો અધિષ્ઠાન આત્મા છે. આવી વાત છે. ૪૫ સુધી આવી ગઈ છે.

હવે, આત્મદ્રવ્ય એવું છે અંદર કે, 'અશુદ્ધનયે, ઘટ અને રામપાત્ર...' ઘડો અને રામપાત્ર. શંકોરુ કહે છે, આ રામપાત્ર. એક ડોશી મરતી હતી. એને કોઈ દિ' 'રામ' (બોલવું) ગોઠતું નહોતું. એટલે મરવા ટાણે એના દીકરાએ જરી શંકોરું બતાવ્યું (અને પૂછ્યું), બા ! આ શું છે ? કે, શંકોરુ. રામપાત્ર બોલે તો તો 'રામ' (આવી જાય). આહા..હા...! અરે..રે...! શું કરે છે, જીવ ? 'રામ'નું નામ આવે તો એને ઠીક ન પડે, કહો !

મુમુક્ષુ :– સિદ્ધનું નામ આવે તો...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ હતું નહિ, એ તો 'રામ' એટલે ભગવાનનું નામ આવે તો

એમ. ક્યાં કોને પડી છે અંદર ? વર્તમાન ખાવું, પીવું, વિષયભોગ ને રળવું ને પછી મરવું. જાય ચાર ગતિમાં રખડવા. આ..હા...!

અહીં તો કહે છે, પ્રભુ ! આ આત્મા કેવડો છે ? કે, આ એક નયે... અમે દ્રવ્યનયે, પર્યાયનયે (કહેતા કહેતા અહીં સુધી આવ્યા). દ્વૈતનયે અને છેલ્લું અદ્વૈત આવ્યું. એટલે કે આત્મા પોતાનો બંધભાવ છે તેને પોતે જ અનુસરે, એને પરની અપેક્ષા નથી. અને આત્માને મોક્ષ થાય એ પોતે પોતાને અનુસરે. એમાં ... અભાવની અપેક્ષા દ્વૈતમાં નથી. આવી વાતું છે. આહા..હા...!

મુમુક્ષુ :– આખી દુનિયાથી આપ જુદો પાડી દ્યો છો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ ભગવાન જુદું કહે છે ને જુદું છે. આ..હા...!

કર્મથી અને શરીરથી તો છે જ નહિ. આહા..હા...! એમાં શરીરની ક્રિયાથી આત્મા છે જ નહિ. આહા..હા...! જેમ કર્મ છે અને તેનો ઉદય છે તેથી આત્મા છે જ નહિ અને આ બાયડી, છોકરા ને કુટુંબ છે તેથી આત્મા છે એમ છે જ નહિ.

પ્રશ્ન :– બાયડી, છોકરા ક્યાં આવ્યા ?

સમાધાન :– બાયડી, છોકરા એનામાં આવ્યા. અહીં ક્યાં આવ્યા છે ? (દીકરો દીકરામાં) રહી ગયો, અહીં આવી ગયો ? એ..ઇ...!

અહીંયાં તો એની પર્યાયમાં જેટલી યોગ્યતા અને ગુણની યોગ્યતા (છે) તેનો ધરનારો તે ભગવાનઆત્મા છે. આહા..હા...! એ શરીરને ધરનારો છે કે સ્ત્રી, પુરુષને આધાર છે એ આત્મા નહિ. આહા..હા...! કુટુંબનું પ્રતિપાલન કરે ને એનો હાથ ઝાલ્યો છે માટે એનું પોષણ કરે, કહે છે ઇ આત્મા નહિ, ઇ આત્મા એવો છે જ નહિ, એમ કહે છે. આહા..હા...!

'અશુદ્ધનયે, ઘટ અને રામપાત્રથી વિશિષ્ટ માટીમાત્રની માફક...' એકરૂપ જે માટી છે એમાં ઘડો અને રામપાત્રના પર્યાયો, ભેદ પડે એ પણ અશુદ્ધનયે છે, કહે છે. આહા..હા...! શું કહ્યું ઇ ? દ્રવ્ય જે છે ભગવાનઆત્મા, એનો આ એક ધર્મ છે ખરો પણ એ કેવો ધર્મ છે ? કે, પર્યાયમાં જેમ માટીનો ઘડો અને રામપાત્ર થાય છે એમ આત્મામાં પર્યાયભેદ પડે છે... આહા..હા...! એ અશુદ્ધનયથી પડે છે.

રાગ થાય છે એ તો વળી રાગનો ધર્મ પોતે ધારે એ જુદી વસ્તુ છે. આ તો અંતરમાં દ્રવ્ય જે વસ્તુ છે એમાં જે પર્યાયનો ભેદ (પડે), પર્યાય.. પર્યાય, એ ('સમયસાર'ની) સોળમી ગાથામાં આવ્યું છે ને ? મેચક. આત્મામાં દર્શન, જ્ઞાન ને ચારિત્રના ભેદ પડે, જેમ માટીમાં

ઘડો અને રામપાત્રના ભેદ પડે એ અશુદ્ધ છે. આહા..હા...! એમ ભગવાનઆત્મામાં પર્યાયના ભેદ પડે કે, આ દર્શન છે ને આ જ્ઞાન છે ને ચારિત્ર છે એવા પર્યાયભેદ (પડે) એને અહીંયાં અશુદ્ધનય કીધો છે. આહા..હા...! એનામાં વિકારનો પર્યાય છે એ તો એક પહેલા ગયું. એનામાં વિકાર પર્યાય છે એવો એક નય છે. સમજાય છે કાંઈ ? અને વિકાર નથી એવો પણ એક નય છે. આહા..હા...! ભારે આકરું કામ, ભાઈ ! જગતને ક્યાં પડી છે અને ક્યાં માર્ગ રહી ગયો ! આહા..હા...!

આત્મા કેવડો છો ? એમ જો તું પૂછતો હોય તો કહું છું કે, જે આત્મા સામાન્ય વસ્તુ છે, વસ્તુ એટલે, સામાન્ય એટલે પરથી ભિન્ન, એ અનંત ધર્મમાં (વ્યાપક છે). ધર્મ એટલે એણે ધારી રાખેલા ભાવમાં વ્યાપક છે. એમાં એક આ ભાવ પણ છે કે, એકરૂપ વસ્તુ જે દ્રવ્ય છે એના જે પર્યાયના ભેદ પડે છે... આહા..હા...! રાગના અને વિકારના એ તો પહેલું કાઢી નાખ્યું, એમાં છે એમ પહેલાં કીધું. સમજાણું કાંઈ ? આ..હા...!

મુમુક્ષુ :– સમજાતું નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હળવે હળવે કહેવાય છે. પહેલું રાગનું આવી ગયું છે ને ? 'આત્મદ્રવ્ય ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે,...' છે ને ૩૪માં ? રાગ ભોગવે છે એ પરતંત્રતા (છે), પોતે પરતંત્રતાનો એનો એક સ્વભાવ છે. રાગ નિમિત્તને આધીન પરતંત્રપણે ભોગવવું એ પણ એનો એક પર્યાયનો ધર્મ છે. છે ૩૪ ? કેમ ? કર્તૃનયે પણ આવ્યું હતું ? રાગને કરવું, પરિણમવું એવી એક કર્તૃત્વનયનો ધર્મ એણે ધારી રાખ્યો છે, પરને લઈને નહિ. ઝીણી વાત છે, ભાઈ ! આહા..હા...! એમ રાગ જે દયા, દાન, વ્રતનો પરિણામ આવે એને કર્તૃત્વપણે (અર્થાત્) પરિણમે છે માટે કર્તા નામનો એક નય છે. તેમ તેને – રાગને ભોગવે છે એ પણ એક ભોક્તા નામનો નય છે.

અહીં તો હવે એ રાગને કાઢી નાખીને જે દ્રવ્ય એકરૂપ છે... આહા..હા...! એમાં જે પર્યાયના ત્રણ ભેદ પડે, દર્શન ને જ્ઞાન ને ચારિત્ર ને એવા પર્યાયના ભેદ, કહે છે કે, એ પણ એક અશુદ્ધતા છે. આહા..હા...! સોળમી ગાથામાં કીધું છે ને ? ભાઈ ! કે, સમ્યક્ વસ્તુ જે ત્રિકાળ છે, એમાં સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, સમ્યક્ હોં ! એવા ભેદ છે તે મેચક છે, મલિન છે. એને મલિનને વ્યવહારનય કહેવાનો આશય છે. આહા..હા...! રીતે છે, કહે છે. આહા..હા...! અરે..રે...! નિશ્ચયનું ભાન થયું, જ્ઞાયક સ્વરૂપ છે, છતાં એને રાગનો ભાવ આવે તેને વ્યવહાર કહે પણ એ રાગનો વ્યવહાર કહે એ રાગની પર્યાય

પોતામાં થઈ છે એવી એક એની યોગ્યતા છે. એનાથી નિશ્ચય થાય એ પ્રશ્ન અહીં છે નહિ. સમજાણું કાંઈ ? આહા..હા...! પણ એ રાગ જે દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ આવે એ રાગ છે, એ રાગ પણ પોતાની પર્યાયમાં થવાને લાયક છે. આહા..હા...! એ કર્મને લઈને નહિ, પરને લઈને નહિ. ભાઈ ! મારગડા પ્રભુના બહુ જુદા, બાપુ ! આહા.હા...!

સર્વજ્ઞ ત્રિલોકનાથે આ કહ્યું છે. પરમેશ્વર સર્વજ્ઞ પરમાત્માને પૂછ્યું કહો કે, મુનિઓને પૂછ્યું કહો, એનો આ જવાબ આવ્યો છે. પ્રભુ ! તું એક દ્રવ્યરૂપ વસ્તુ – પદાર્થ છો ને ! પૈસો દ્રવ્ય નહિ, હોં ! દ્રવ્ય એટલે વસ્તુ ત્રિકાળી, જે દ્રવે.. દ્રવે. પાણીમાંથી જેમ તરંગ ઊઠે, દ્રવે, એમ વસ્તુ ત્રિકાળ છે એ પર્યાયરૂપે દ્રવે. તે ભેદ છે તે અશુદ્ધ છે, કહે છે. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! અત્યારે તો ગડબડ મોટી ચાલી છે. એની સામે આ જરી કઠણ પડે, બાપુ ! તારા હિતની વાતું છે, ભાઈ ! આહા..હા...!

તારો જે દ્રવ્યસ્વભાવ વસ્તુ છે, એકરૂપ ત્રિકાળ છે, એમાં જે પર્યાયના ભેદ થાય.. આહા..હા...! રાગ થાય એ તો એક ધર્મ ગણ્યો, એ (તો) ઠીક, પણ દ્રવ્યમાં પર્યાય દર્શન ને જ્ઞાન ને ચારિત્ર, સમ્યક્ શુદ્ધ ચૈતન્ય, હોં ! નિશ્ચય મોક્ષમાર્ગ, એ નિશ્ચય મોક્ષમાર્ગ છે ઇ પર્યાય છે, એને અહીંયાં અશુદ્ધ કીધું છે. ભેદ પડ્યો ને ! સમજાય છે કાંઈ ? પ્રભુ ! તારી બલિહારી (છે), બાપા ! તારી ચીજ શું છે અંદર ? અરે...! એને સાંભળવા મળે નહિ એ કે દિ' કરે અંદર ? આહા..હા...!

કહે છે કે, એ આત્મા જે વસ્તુ – પદાર્થ છે એ અનંત અનંત ધર્મોમાં વ્યાપક એવું જે દ્રવ્ય તે અનંત ધર્મોનું અધિષ્ઠાન – આધાર છે. આહા..હા...! હવે અહીં એ કહે છે, દયા, દાન ને વ્રતનો વિકલ્પ જે ઊઠે એ તો અશુદ્ધ છે, એ તો એક કોર રાખો, કહે છે, પણ અંદરમાં દર્શન, જ્ઞાન ને ચારિત્રના ભેદ પડે.. આ..હા...! એવો એક એનામાં ધર્મ છે પણ એ અશુદ્ધ છે. ઝીણી વાત છે, ભગવાન ! આ..હા...! આ તો ત્રણલોકના નાથ જિનેશ્વરદેવની દિવ્યધ્વનિ છે, પ્રભુ ! લોકોને અભ્યાસ ન મળે.

મુમુક્ષુ :– આ અશુદ્ધતા ટળે નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ શુદ્ધતા છે પણ પર્યાય ભેદ છે ને ? ટળે નહિ એ પ્રશ્ન નથી અત્યારે. એ પર્યાયદૃષ્ટિથી પર્યાયભેદ છે એવો એક એનામાં ધર્મ છે તે અશુદ્ધ છે. એને દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર દેવાની છે. આવું જાણીને પણ પર્યાયનો દર્શન, જ્ઞાન, ચારિત્ર, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ, એ નિશ્ચય, હોં ! વ્યવહાર નહિ. રાગ તે અધર્મ છે, મોક્ષમાર્ગ

નથી, પણ નિશ્ચય જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે એ પર્યાય છે અને પર્યાય છે માટે તેને દ્રવ્યની અપેક્ષાએ અશુદ્ધ કહેવામાં આવી છે. આહા..હા...! અને તેને જોઈને પણ અંતર દ્રવ્ય ચૈતન્યમાત્ર છે ત્યાં એણે દૃષ્ટિ દેવાની છે, પ્રભુ ! શું થાય ? પ્રભુ ! આહા..હા...! સમજાણું કાંઈ ?

દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય છે ને ? સમ્યક્, શુદ્ધ.. શુદ્ધ, હોં ! શુદ્ધ પર્યાય એ પણ દ્રવ્યનો ભેદ થયો ને ? એ અપેક્ષાએ એને અશુદ્ધ કીધું છે. કલંક કીધું છે, મેચક કીધું છે, વ્યવહારનયનો વિષય કીધો છે. આહા..હા...! અરે...! રાગ જે દયા, દાનનો છે એ તો વ્યવહાર છે, એની પર્યાયમાં ભલે એક ધર્મ છે પણ આ તો નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદ પર્યાયમાં પડે, પ્રભુ ! એને અહીં અશુદ્ધ કીધો છે. કેમકે તેનું લક્ષ એને છોડાવવું છે. આહા..હા...! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે મોક્ષનો માર્ગ, નિર્વિકલ્પ વીતરાગ પર્યાય.. આ..હા..હા...! એ વીતરાગી પર્યાય પણ વીતરાગ સ્વરૂપ એકરૂપ દ્રવ્ય છે એનો ભેદ પડ્યો, આહા.હા...! માટે તને વ્યવહારનયનો વિષય ગણી અને તેને અશુદ્ધ કહેવામાં આવ્યું છે. અરે...! ઝીણી વાત છે, ભગવાન ! અત્યારે ક્યાં સંપ્રદાયમાં તો બાપુ ! શું થાય ? ભાઈ ! એમ કહેવામાં તો લોકોને એવું થઈ જાય કે, બસ ! બધા ખોટા ? અરે...! પ્રભુ ! એમ રહેવા દે, ભાઈ ! આ તો સત્યની વાતું કરીએ છીએ, પ્રભુ ! આહા..હા...! બીજાને જે ભૂલમાં હોય છે એની ભૂલ ટાળવાને માટે આ વાત છે. એની ભૂલ બહાર પાડવી ને એની નિંદા (કરવી), એ વાત અહીં નથી, પ્રભુ ! આહા..હા...! બહુ આકરી નય આવી છે.

પર્યાયમાં ભેદ પડે છે એવો પણ એક ધર્મ છે અને એ ધર્મને ધારી રાખેલું દ્રવ્ય તે દ્રવ્ય છે પણ એ ભેદ છે તેનું લક્ષ છોડી, છે એનું જ્ઞાન કરવું, પર્યાય ભેદ છે એવું જ્ઞાન કરવું, જ્ઞાન કરીને પછી અંતર દ્રવ્ય ભગવાન ચિદાનંદ પ્રભુ બિરાજે છે (ત્યાં જાવું). આહા..હા...! પર્યાયના પાતાળમાં ભગવાન બિરાજે છે. પર્યાય ઉપરનું તળ છે. સમજાય છે કાંઈ ? પ્રભુ ! પર્યાય છે એ ઉપરનું તળ છે અને પર્યાયની અંદરમાં — પાતાળમાં ભગવાન દ્રવ્ય સ્વભાવ પડ્યો છે. એને અશુદ્ધનયનું જ્ઞાન કરીને પણ એને અંતર ચૈતન્યમૂર્તિ ભગવાનને જોવાનો છે. આહા..હા...! ભાઈ ! આવું સાંભળ્યું પણ ન હોય. પૈસા... પૈસા... પૈસા.. હેરાન થઈને મરી ગયા. 'નાઈરાબી'(ના) મોટા પૈસાવાળા છે. સીત્તેર લાખ ! વાતું કરે, કો'ક વાતું કરે ઇ સાંભળીએ, આપણે ક્યાં ન્યા ગણવા ગયા હતા ? બે ભાઈઓ છે ? કેટલા ભાઈઓ

છે ? ચાર ભાઈઓ. તમારાથી નાના હશે. આહા..હા...! અરે..રે...! એ પૈસા શું ?

અહીં તો શરીર પણ આત્માએ ધારી રાખ્યું નથી ને ! પૈસા ધારી રાખ્યા નથી ને ! આહા..હા...! ધારી રાખ્યા હોય તો એની પર્યાયમાં રાગ અને ભેદની પર્યાય ધારી રાખી છે. આહા..હા...! ભાઈ ! આવું ક્યાંય સાંભળ્યું છે ? તમે ભક્તિ-ભક્તિ કરતા હતા ને ? ભગવાનની ભક્તિ કરો, ભગવાનની ભક્તિ કરો.. થઈ ગયું પૂરું ! પણ ભક્તિ કરો એ તો વિકલ્પ રાગ છે, એ રાગ છે તે આત્માની પર્યાયમાં થાય પણ એ રાગથી ધર્મ થાય છે એમ નથી. અરે..રે...! એ રાગ છે તેનું જ્ઞાન કરી અને દ્રવ્ય સ્વભાવમાં નજર કરવાથી તેને સમ્યગ્દર્શન થાય. અરે..રે...! આવું આ છે, ભાઈ ! અરે...! વખત ક્યાં ? નિવૃત્તિ ન મળે ને આવા માર્ગ નીકળ્યા. આ..હા...! થોડું-ઘણું જ્યાં વાંચ્યું ને વાંચ્યું તો જાણે જ્ઞાન થઈ ગયું ! આ..હા...! એવું તો અગિયાર અંગનું જ્ઞાન અનંત વાર કર્યું. એ કંઈ જ્ઞાન નથી. આહા..હા...! એ અગિયાર અંગનું જ્ઞાન છે એ પર્યાયમાં છે હો, એવી પર્યાયનો ભેદ છે, હો પણ તેનો એક ધર્મ છે એમ ધારીને દૃષ્ટિ દ્રવ્ય ઉપર કરવાની છે. જ્યાં અનંત ધર્મનો નાયક અધિષ્ઠાતા પ્રભુ બિરાજે છે. આહા..હા...! અરે..રે...! આવી વાતું ! એમાં શરીરની જુવાની ફાટેલી હોય, સ્ત્રી પણ જુવાન સરખી મળે, પૈસા કાંઈક ઠીક હોય, મકાન કાંઈક બે-પાંચ-દસ લાખના મકાન મળ્યા હોય (તો) પ્યાલા ઊંધા પડી જાય !

મુમુક્ષુ :– બે-પાંચ-દસ લાખની અત્યારે શું કીંમત છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– અત્યારે તો વધારે પૈસા (થઈ ગયા), આ તો પહેલાની અપેક્ષાએ (વાત છે). અમારે દસાશ્રીમાળીના મોટો શેઠ કહેવાય તે દિ' તો દસ લાખ એટલે ઓ..હો..હો...! અત્યારે ત્રીસ ગુણા ગણો. સમજાય છે ? આ..હા...! તે દિ'ના એક લાખ અને અત્યારના ત્રીસ લાખ, બે સરખા. અમારું ચોમાસુ ત્યાં 'દામનગર' રહેતું. ચોમાસા કરેલા, ઘણા કરેલા. (સંવત) '૭૩ ને '૭૬ ને '૮૩ના ચોમાસા. 'હીરાજી મહારાજ'નું 'બોટાદ' સંપ્રદાયનું ક્ષેત્ર કહેવાતું. પણ બધા હેરાન હેરાન થઈને મરી ગયા, ચાલ્યા ગયા. આ..હા...! તત્ત્વની દૃષ્ટિની ખબર નહિ. 'સમયસાર'ની વાત મેં એકવાર '૭૮માં કરી હતી પણ ત્યારે તો અમે મુહપત્તીમાં હતા. શેઠ ! આ 'સમયસાર' શરીરથી રહિત થવાનું શાસ્ત્ર છે. હા પાડી હતી. તે દિ' તો આમાં હતા. પછી તો લાગ્યું કે, માર્ગ આ નથી. આ સંપ્રદાયમાં હું આવ્યો છું એ ભાઈને કહ્યું, માર્ગ નથી. હું તો છોડી દેવાનો છું. મોટાભાઈ હતા ને ! અમારી ઉપર પ્રેમ હતો ને ! દુકાનમાં અમે (ભેગા હતા). બહુ સરળ હતા, નરમ બહુ હતા. દુકાન મોટી

ચાલતી. કીધું, ભાઈ ! હું આમાં નહિ રહી શકું. આ માર્ગ નથી. મને તો માર્ગ કોઈ બીજો (દેખાય છે). એમ કહ્યું, મહારાજ ! આપની પ્રસિદ્ધિ ઘણી છે તો હળવે હળવે છોડજો. ભાઈ ! મોટાભાઈએ એમ કહ્યું. એ 'વીંછીયા'માં, 'વીંછીયા' નવું મકાન છે ને ? એને કઠોડો છે ને ? કઠોડો છે ત્યાં ભાઈને લઈ જઈને કીધું, ભાઈ ! હું આમાં નહિ રહી શકું, આ માર્ગ નથી. હું આ છોડી દેવાનો છું. આ સાધુપણું આવું ન હોય. ભાઈ ! ભાઈને જરી લાગ્યું ઓલું, મોટી દીક્ષા હતી.

મુમુક્ષુ :– લોકોને ઘણો ફાયદો થયો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– દીક્ષા પાછી મોટી, ધામધૂમ, હાથીને હોદે ! તે દિ' (સંવત) ૧૯૭૦ની સાલ. બે હજાર માણસ અને હાથી. કમાન બારણેથી તોડવી પડી, એવડો મોટો હાથી ! અને ગામમાં હો.. હા...! 'કાનજીભાઈ' દીક્ષા લ્યે છે. રૂપાળું શરીર ! તે દિ' તો ૨૩ વર્ષ (થયા હતા). ગામના વહીવટદારો અને ન્યાયાધીશો જોવા આવે, 'કાનજીભાઈ'એ દીક્ષા લીધી, દીક્ષા લીધી. શી રીતે પાળશે ? આવું સુંદર શરીર છે ને ! તે દિ' ૨૩ વર્ષની ઉંમર હતી, અત્યારે ૯૧ થયા. જોવા આવે, મોટો ઉતારો છે ને ત્યાં ? ત્યાં હાથીનો વરઘોડો નીકળે. ન્યાયાધીશો ને વકીલો બધા જોવા બહાર આવ્યા હતા. કેવો વરઘોડો છે ! પછી ત્યાં ઉતારામાં દીક્ષા લીધેલી. આ..હા...! અરે...! પણ એ કંઈ વસ્તુ હતી ? તે વખતે ગાતા, ભરતેશ્વર આવા વસ્ત્ર સહિત હતા ને મુનિપણું થયું. એવું કાંઈક ગાયન આવે છે. તે દિ' ક્યાં ખબર હતી કે આ શું છે ? દીક્ષા માટે હાથી ઉપર જ્યાં બેઠા.. બે હજાર માણસ તો નવું આવેલું, ભાઈ તરફથી જમણ હતું, 'ખુશાલભાઈ' તરફથી બધાનું જમણ હતું. ઉપર નિસરણીમાં કપડું – ધોતીયું ફાટ્યું. ધોતીયા ઊંચા પહેરતા ને ! ઇ ફાટ્યું, શું થયું આ ? પછી ખબર પડી કે આ ધોતીયું મુનિપણામાં ન હોય. નિસરણીમાં ફાટ્યું પછી ખબર પડી કે, ઓ..હો...! સમજાણું ? માર્ગ જુદા, બાપા !

અહીં કહે છે કે, પ્રભુ ! એકવાર સાંભળ ! રાગ છે એ તો ધર્મ નથી પણ આત્મા જે વસ્તુ છે એ ત્રણ પ્રકારે – દર્શન, જ્ઞાન, ચારિત્રપણે પરિણમે છે એ અશુદ્ધ છે, એ મલિન છે, એ મેલ છે, વ્યવહારનયનો વિષય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આવી વાત છે ક્યાં ? શ્વેતાંબરમાં તો ક્યાંય હતી જ નહિ. ભાઈ ! આ દિગંબરમાં અત્યારે ક્યાં ઠેકાણા છે ? ક્રિયાઓ કરે ને આ કરે ને આ કરે. સમ્યગ્દર્શન શું ? (એની ખબર નહિ).

એક (સાધુ) કહે છે, અત્યારે શુભભાવ છે, ધર્મ કહેતા હો તો અત્યારે નથી. અમે

બધા શુભભાવવાળા હતા, શુભભાવવાળા છીએ એમ કહે છે. આહા..હા..! અર..ર...! અને સાંભળનારા પાછા એને મુનિ માને ! કહે છે કે, અમે તો શુભભાવવાળા છીએ, શુભ છે, અમારી પાસે શુદ્ધતા છે નહિ. આ..હા...! શુભભાવ તો રાગ છે, રાગ તો ઝેર છે. આહા..હા...!

અહીં તો કહે છે કે, એ તો ઠીક, એક બાજુ વાત રાખો, પણ દ્રવ્ય એક વસ્તુ અખંડાનંદ પ્રભુ, એની સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની જે નિર્મળ પર્યાય થાય પણ પર્યાય છે ને ? ભેદ થયો ને ? માટે તેને અશુદ્ધનયે તેને કહીએ છીએ. આહા..હા...! ભારે કામ, ભાઈ ! સમજાય છે કાંઈ ? આ તો હિતના પંથની વાત છે, પ્રભુ ! અરે...! ચોરાશીના અવતારમાં રખડી રખડીને મરી ગયો છે. નરક ને નિગોદના દુઃખો.. આહા..હા...! ભૂલી ગયો પણ માળો ! એ નિગોદના દુઃખ, એ નરકના દુઃખ. સાતમી નરકે ૩૩ સાગરે અનંત વાર ગયો. જેના ક્ષણની વેદના કરોડો ભવ ને કરોડો જીભથી ન કહી શકાય એવી વેદના ! પણ ભૂલી ગયો માળો ! વર્તમાન આ કંઈક ઠીક ધૂળ, બાયડી, છોકરા મળ્યા.. થઈ રહ્યું.. ભૂલી ગયો. અને જન્મતાવેંત જ આંખ ઉઘાડી ન શકે, પહેલી આંખ ન ઉઘાડે, ઉં..વા.. ઉં..વા.. કરે. મોઢું ફાડે પહેલું. સમજાણું કાંઈ ? બાળક જ્યારે જન્મે ત્યારે પહેલી આંખ ન ઉઘાડે. અંદર સવા નવ મહિનાથી બંધ હતો તો બહાર આવે એટલે ઉં..વા.. ઉં.. કરે. પછી એની માને જોતા પહેલા આ દીકરી છે કે દીકરો, જોવા પહેલા ઉં..વા.. કરે. અરે...! એ ત્યાં ને હું અહીં. આહા..હા...! અવ્યક્તપણે પણ ત્યાં આવો પ્રકાર છે. આ..હા...! એ પણ ખબર નથી કે, જન્મતી વખતે શું થયું ?

અહીં કહે છે, પ્રભુ ! તું તારી પર્યાયપણે, દ્રવ્ય છે ને ? એ પર્યાયપણે, ભેદપણે 'ઘટ અને રામપાત્રથી વિશિષ્ટ માટી...' ખાસ જે માટી, એના 'માત્રની માફક, સોપાધિસ્વભાવવાળું છે.' માટીમાં ઘડો ને રામપાત્રની ઉપાધિ થઈ, થઈ રહ્યું, લ્યો ! પર્યાયની અપેક્ષાએ કીધું. એમ ભગવાનઆત્મા અનંત આનંદનો સાગર નાથ, એની સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રની નિશ્ચય સાચી મોક્ષમાર્ગની પર્યાય, હોં ! પણ એકરૂપ જે દ્રવ્ય છે તેમાં ભેદ પડ્યો એ ઉપાધિ છે, કહે છે. એ..ઇ...! ભાઈ ! આવું સાંભળ્યું નથી, બાપા ! પ્રભુ ! એ સંતોની વાણી ! આ..હા...! દિગંબર મુનિઓની વાણી ક્યાંય ન મળે. ભાઈ ! વસ્તુ જે છે એ પરથી તો નથી પણ ભેદવાળી પર્યાયભેદ પડે એ ઉપાધિ છે, કહે છે. આહા..હા...!

પ્રશ્ન :– આ પૈસા-ટકા ઇ શેમાં જાય ?

સમાધાન :– પૈસા-ટકાની વાત જ ક્યાં છે ? ઇ તો પહેલું કીધું. પૈસા-ટકાને તો આત્માએ

ધાર્યા નથી, રાખ્યા નથી, શરીરને ધાર્યું નથી, રાખ્યું નથી, કર્મને ધાર્યું ને રાખ્યું નથી. આહા..હા...! ફક્ત એમાં જે રાગ થાય છે તે પર્યાયમાં થાય છે તેને એણે રાખ્યો છે. આહા..હા...! પર્યાયમાં, હોં ! દ્રવ્યમાં નહિ. આ..હા...! ભારે વાત, હોં ! લોકોને આકરું લાગે. હજી આ તો સમ્યગ્દર્શન પામવાની પહેલી કળા(ની વાત છે). આહા..હા...!

કહે છે, (ભેદ પડ્યા) તે તો ઉપાધિ (છે). વિશિષ્ટ નામ ખાસ 'માટીમાત્રની માફક,...' ત્રણ ભેદ પડ્યા એ અશુદ્ધનયે સઉપાધિકસ્વભાવ (છે). એવો એક આત્મામાં પર્યાયના ભેદવાળો ધર્મ, એમાં આત્મા વ્યાપ્યો છે એમ કહેવામાં આવે છે. છતાં તેને જોઈને તેની દૃષ્ટિ તો દ્રવ્ય સ્વભાવ ઉપર જવી જોઈએ. દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય ભેદરૂપ છે. આહા..હા...! જુઓ ! એક જીવ જ એવો લીધો. આહા..હા...! છતાં તેનું જ્ઞાન લક્ષમાં લઈને આ એક ધર્મ – યોગ્યતા મારામાં છે, પર્યાયમાં છે. પણ એમ જોઈને દ્રવ્ય જે ચૈતન્ય ભગવાન, જ્ઞાયક સ્વરૂપ પરમાત્મા પોતે ત્યાં એણે નજર કરવાની છે. આહા..હા...! એ આત્મદ્રવ્ય ચૈતન્યમાત્ર સ્વભાવ જેનો છે. આહા..હા...! આવી વાતું માણસને આકરી પડે પછી 'સોનગઢ'ને નામે (કહે), 'સોનગઢ'વાળા નિશ્ચયાભાસી છે, એ વ્યવહારને માનતા નથી. બેય નયનો વિષય છે એ જાણવા લાયક છે. આદરવા લાયક ત્રિકાળ વસ્તુ એક જ છે. આહા..હા...! વ્યવહારનય નથી એમ નહિ. વ્યવહારનયનો વિષય પણ નથી એમ નહિ પણ તે આદરણીય નથી. આહા..હા...! આવું ઝીણું પડે. આ બહુ ઝીણી વાત છે. ક્રિયાથી કીધું, જ્ઞાનથી કીધું, દ્વૈતથી કીધું, અદ્વૈતથી કીધું, કર્તા-ભોક્તાથી કીધું, અકર્તા-અભોક્તાથી કીધું, ઈશ્વરનયથી કીધું, અનિશ્વરનયથી કીધું. આ તો બીજી વાત છે. આ..હા...! છેલ્લી બે છે ને ? પછી તો એવી અનંત નયો છે. આહા..હા...!

'માટીમાત્રની માફક...' માટીને જેમ આ ઘટ ને રામપાત્ર ઉપાધિ છે... આહા..હા...! શું કીધું ? માટી જે એકરૂ છે એમાં ઘટ કે રામપાત્ર જે થાય એ ઉપાધિ છે. આહા..હા...! એમ ભગવાનઆત્મામાં કહે છે કે, આત્માની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા (થઈ), આત્મા જાણ્યો, આત્મા માન્યો, આત્મામાં રમ્યો, એ ત્રણે તો ઉપાધિના ભેદ છે. લ્યો ! એક નય ૩૫ મિનિટ તો ચાલી. પ્રભુ ! આ માર્ગ બહુ જુદી જાતનો (છે), ભાઈ ! અને તે પણ એક નયનો એક ધર્મ ગણવામાં આવ્યો છે. એવા તો અનંત ધર્મને ધરનારું દ્રવ્ય (છે). સમજાણું કાંઈ ? આ એક ધર્મ આવો ગણ્યો છે. ધર્મ એટલે આત્મામાં પર્યાયનો આવો ધર્મ ધારી રાખેલો છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ધર્મ છે, ઇ ઠીક પણ એ ધર્મ એકરૂપ ધર્મને આત્માએ

ધારી રાખ્યો, રાગ છે એ પણ એક ધર્મ, ધર્મ એટલે છે એને ધારી રાખ્યો છે, એમ આ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ તો નિર્મળ ધર્મ છે. ધર્મીનો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ધર્મ છે. એ ધર્મ પણ એક નયનો વિષય છે. એક અશુદ્ધનયનો વિષય છે. આહા..હા..! ગજબ વાત કરી છે ને !

'અમૃતચંદ્રાચાર્ય' હજાર વર્ષ પહેલા દિગંબર સંત (થયા) એણે આ નયો કાઢી છે. આહા..હા...! ન્યા ક્યાંય સાંભળવાનું મળે એવું નથી. ત્યારે અહીંયાં રોકાણા છે ને ! એવી વાતું (છે), બાપા ! આ..હા...! અરે...! પ્રભુ ! તારા હિતની વાત છે ને ! પ્રભુ ! આહા..હા...! એમ ન લાગવું જોઈએ કે, અરે...! અમારી માનેલી બધી વાત ખોટી કરે છે. એમ ન થાઓ, પ્રભુ ! એ ખોટી છે એને ખોટી જાણવી અને સાચું શું છે તેને આદરવું. આહા..હા...! એ ૪૬ (નય પૂરી) થઈ.

હવે, ૪૭. છેલ્લી. છે તો અનંત નયો પણ કેટલી કહે ? એમાં ખુબી એવી છે કે, શક્તિઓ પણ ૪૭ વર્ણવી છે, નય પણ ૪૭ વર્ણવી છે, ઉપાદાન-નિમિત્તના દોહા પણ ૪૭ છે અને ચાર કર્મની પ્રકૃતિ પણ ૪૭ છે. જ્ઞાનાવરણીય, દર્શનવરણીય, મોહનીય અને અંતરાય – ચાર. શું પણ મેળ છે ને ! ચાર ઘાતિ કર્મ છે ને ? એની પ્રકૃતિ ૪૭ છે, ઉપાદાન-નિમિત્તના દોહરા ૪૭ છે, 'સમયસાર'માં શક્તિ વર્ણવી એ ૪૭ છે, આ નય વર્ણવી એ ૪૭ છે. આહા..હા...! એનું જ્ઞાન કરીને દ્રવ્યમાં જાય એને ૪૭ પ્રકૃતિનો નાશ થઈને કેવળજ્ઞાન થાશે, એમ કહે છે. આહા..હા...! પહેલું તો અંદરમાં જાય તો એને સમ્યગદર્શન થશે પછી આગળ વધતાં વધતાં એમાં રમે (તો) કેવળજ્ઞાન થશે. આહા..હા...! એ ક્રિયા કરતાં કરતાં એમ નહિ, એ પર્યાયના ભેદ જાણતાં જાણતાં નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? આ..હા...!

૪૭. 'આત્મદ્રવ્ય શુદ્ધનયે, કેવળ માટીમાત્રની માફક,...' એકલી માટી છે જેમાં ભેદ નહિ. આ..હા...! (એવા) 'નિરુપાધિસ્વભાવવાળું છે.' પર્યાયના ભેદરૂપી ઉપાધિ વિનાનું દ્રવ્ય છે. આહા..હા...! હવે અહીં તો હજી દયા, દાન, વ્રત, ભક્તિને ધર્મ માનીને... આહા..હા..! મિથ્યાત્વમાં રોકાણા છે. આ..હા..હા...! શું થાય ? વાંચી વાંચીને પણ એવું એમાંથી કાઢે. આ માલ છે એ અંદરથી કાઢે નહિ. બહુ વાંચે, બહુ ભણે તો કાઢે પાછો ઇ કે, વ્યવહારથી થાય, આમ તો થાય, સાધક કહેવાય ને ઢીકણું કહેવાય. સમજાણું કાંઈ ?

અહીં તો વસ્તુ જે અખંડ અભેદ એક વસ્તુ છે, દ્રવ્ય વસ્તુ છે, એમાં પર્યાયનું દ્રવવું,

પરિણમવું થાય, સમ્યગ્દર્શન, જ્ઞાન (થાય તો કહે છે), ભાઈ ! એ તો ભેદ પડ્યા ને ! અભેદમાં એ ઉપાધિ છે. આહા..હા...! એવો એક ધર્મ છે પણ તેનું લક્ષ કરીને ત્યાં ઊભા રહેવાનું નથી. જેણે અનંત ધર્મોને ધારી રાખ્યો (છે) એવો અધિષ્ઠાતા ભગવાન દ્રવ્ય, ત્યાં એણે નજર કરવાની છે. આ..હા...! કહો, સમજાણું કાંઈ ? આજનો વિષય આકરો છે. પણ મારગ તો આ છે, ભગવાન છે. અનંત તીર્થંકરોનો પોકાર છે, અનંત કેવળીઓનું આ 'પ્રવચનસાર' છે. અનંત કેવળીઓની દિવ્યધ્વનિમાંથી નીકળેલું 'પ્રવચનસાર' છે, સંતોએ અંદર આડતિયા થઈને જગતને વાત કરી છે. આહા..હા...! અરે..રે...!

એક સમયે બેય છે, હોં ! દર્શન, જ્ઞાન, ચારિત્ર જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે, નિર્મળ હોં ! મોક્ષમાર્ગ ! એ પર્યાય છે માટે ઉપાધિ છે એવો પણ એક ધર્મ છે અને એક શુદ્ધનયે તે જ સમયે પાછું, બીજે સમયે એમ નહિ. આહા..હા...! 'આત્મદ્રવ્ય શુદ્ધનયે, કેવળ માટીમાત્રની માફક,...' કેવળ માટી, એમ કેવળ દ્રવ્ય સ્વભાવ. આહા..હા...! એકલો પર્યાયના ભેદ વિનાનો દ્રવ્ય સ્વભાવ એ 'નિરુપાધિસ્વભાવવાળું છે.' જેના પર્યાયના ભેદ વિનાનો નિરુપાધિ સ્વભાવવાળો છે. જે સમયે ઉપાધિવાળો સ્વભાવ છે, તે જ સમયે નિરુપાધિ સ્વભાવ છે. આવું વીતરાગનું તત્ત્વ (છે), ભાઈ ! સમજાય છે કાંઈ ? જે સમયે પર્યાયના ભેદ સમ્યગ્દર્શન, જ્ઞાન, નિશ્ચય, હોં ! સાચું. એ પણ વ્યવહારનો ભેદ અશુદ્ધનયનો વિષય છે, એક એ જાતની યોગ્યતાનો ધારી રાખેલો ધર્મ છે. એ જ સમયે એક શુદ્ધનયનો ધર્મ એ એકરૂપ દ્રવ્ય છું, એમાં પર્યાયના ભેદ નથી એવો જે શુદ્ધનય, એકલી માટી, એના ભેદ નહિ, ઘડો કે રામપાત્ર (એવા ભેદ નહિ), એમ ભગવાનઆત્મા એકરૂપે સ્વભાવ છે, જ્ઞાતા-દૃષ્ટા ત્રિકાળ, એમાં ભેદ નથી. આહા..હા...! એવો કેવળ માટી(ની માફક). કેવળ – એકલી માટી. ઘડો ને રામપાત્ર ને બીજા ઘણા થાય ને, શું કહેવાય ? આ રોટલી કરવાની તાવડી માટીની થાય છે ને ? હવે લોઢાની (થાય છે), પહેલા તો એકલું માટીનું આવતું હતું ને ! માટીના ઘડા ને દાળ, ભાત, શાક કરવાના માટીના હાંડલા. હવે તો તપેલા થઈ ગયા. તે દિ' તો બે પૈસે હાંડલું મળતું. અત્યારે તો વધી ગયું.

અહીંયાં તો કહે છે કે, એ હાંડલું છે એ માટીમાં ઉપાધિ છે (કેમકે) ભેદ પડ્યો. અને એકલી માટી તે નિરુપાધિ છે. એમ ભગવાન એકલો પર્યાયના ભેદ વિનાનો... આહા..હા..! અખંડાનંદ સચ્ચિદાનંદ પ્રભુ, આ.હા...! સત્ સાહેબો એકલો પ્રભુ, એ નયે તે નિરુપાધિ છે. આહા..હા...! ઝીણું પડે, ભાઈ ! પણ ભાષા તો સાદી છે. શું થાય ? જે માર્ગ હોય

એમ આવે કે કંઈ બીજો આવે ? એને ન સમજાય ને ન માન્યું હોય માટે બીજું આવે એવું કાંઈ છે ? આ..હા...! વીતરાગમાર્ગની આ અનેકાંતની શૈલી ગુપ્ત થઈ ગઈ. એકાંતમાર્ગ માનીને બેસી ગયા. આહા..હા...!

શુદ્ધનયથી કેવળ માટીમાત્રની માફક, નિરુપાધિ સ્વભાવ છે. જે ભૂતાર્થને અગિયારમી ગાથામાં શુદ્ધનય કીધી. **'ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ'** પણ એ તો શુદ્ધનય આખી વસ્તુને કીધી અને અહીં તો દ્રવ્યના એક સ્વભાવના ધર્મને શુદ્ધનય કીધી છે. એવો એક ધર્મ ગણ્યો છે. શું કીધું ઇ ? જુઓ ! અગિયારમી ગાથા છે ને 'સમયસાર'ની ? એ જૈનદર્શનનો પ્રાણ છે, વસ્તુસ્વભાવનો પ્રાણ છે. એમાં વ્યવહારને અભૂતાર્થ કીધો છે. નથી એમ નહિ, પણ નિશ્ચય દૃષ્ટિ કરાવવા પર્યાયમાત્રને નથી એમ કહીને ગૌણ કરીને નથી કીધી છે. પર્યાય નથી તો તો નિશ્ચયાભાસ થઈ જશે. આહા..હા...! એ તો અહીં કીધું, પર્યાય છે, રાગ છે, ભેદ છે. આહા..હા...! એમ આ એક નય છે, આ એક ધર્મ છે. આ ધર્મ આખા દ્રવ્યને સ્વીકારે છે માટે તે પૂર્ણ ધર્મ છે એમ નહિ. એક શુદ્ધનયે દ્રવ્યમાત્રને જોવે છે એથી એને એક જાતનો ધર્મ ગણવામાં આવ્યો છે. શું કીધું ઇ ?

('સમયસાર'ની) ચૌદમી ગાથામાં આવ્યું છે ને ? ભાઈ ! શુદ્ધનય કહો, અનુભૂતિ કહો કે આત્મા કહો. ત્યાં એ જુદી ચીજ છે. ત્યાં આખો આત્મા એકરૂપે છે તેને કીધો. અને (આ) તો એક નયનો એક ભાગ છે. જેમ ઉપાધિવાળું છે, ભેદવાળું છે એવો પણ એક ધર્મ છે. એમ એક શુદ્ધનય ત્રિકાળી વસ્તુ છે એવો એક ધર્મ છે. અરે..રે...! ભાઈ ! આવું છે, બાપા ! ભારે અઘરી વાત છે. કોઈ દિ' સાંભળ્યું ન હોય એને એવું લાગે કે, આ તે શું કહે છે ? ભગવાન ! એ તારા ઘરની વાતું (છે), પ્રભુ ! આ..હા..! એને કંટાળો ન આવવો જોઈએ, પ્રભુ ! સાંભળીને આવા બધા ભાંગા શું ? (એમ) કંટાળો ન આવવો જોઈએ. પ્રભુ ! એનું જ્ઞાન કરી અને અંતરમાં જવાને માટે પ્રયત્ન કરવો. આહા..હા...!

કેવળ માટી એટલે એકલી માટી, બસ ! એમાં ભેદ નહિ. એમ એકલો ભગવાનઆત્મા. જેમાં પર્યાયના ભેદ નહિ, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદ નહિ. આહા..હા...! સોળમી ગાથામાં તો એમ કહ્યું છે કે, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર નિશ્ચય છે. આનંદનો અનુભવ છે. સમ્યગ્દર્શનમાં આનંદનો અનુભવ છે. એ અનુભવની પર્યાયને પણ મેચક કીધી છે. મેલી ને મેલ ને વ્યવહાર છે, એમ કહ્યું છે. આહા..હા...! 'સમયસાર'ની સોળમી ગાથા છે ને ? એના કળશો છે ને કળશો, ખબર છે ને ! આહા..હા...! એ નિરુપાધિ સ્વભાવવાળું,

એ પણ એક ધર્મ ગણ્યો. આખો વિષય છે એમ નહિ. કારણ કે ઓલા પર્યાયના પાછા ધર્મ છે ને બધા ! આહા..હા...! ભગવાન ! તું તો પરમાત્મા છો ! પ્રભુ ! આ..હા..હા...! શું સંતોની વાણી !

એક જ વાંચે, બરાબર સમજે તો તો ન્યાલ થઈ જાય એવું છે. લાંબા લાંબા વાંચે ને કરણાનુયોગનું આમ છે, ફલાણાનું આમ છે, કરણાનુયોગમાં કર્મને લઈને થાય એમ કીધું છે. એ બધી નિમિત્તની વાતું છે. જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય. એ બિલુકલ ખોટી વાત છે, એમ અહીં કહે છે. જ્ઞાનાવરણીય તો જડ કર્મ પર છે. પર કર્મને લઈને આત્માની પર્યાય રોકાય ? એ તો નિમિત્તના કથન છે. આ..હા...! જ્ઞાનની હિણી દશા પોતાથી થઈ છે, કર્મને લઈને નહિ. આહા..હા...! એવી હિણી દશાનો યોગ્યતાનો ધર્મ તેણે ધારી રાખ્યો છે. આહા..હા....! મોટી તકરાર.

અહીં તો કહે છે, ઓ..હો..હો...! કેવળ માટી, એકલી માટી, જેમાં પર્યાયનો ભેદ નહિ. ઘટ ને રામપાત્રનો (ભેદ નહિ). એમ ભગવાનઆત્મા શુદ્ધનયથી એકલું દ્રવ્ય છે. પણ એકલું દ્રવ્ય છે એટલો એક ધર્મ એનો નથી, એવા તો અનંત ધર્મ (છે). પર્યાયના ધર્મ ભેગા છે ને ! આહા..હા...! દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદરૂપી ધર્મ, રાગરૂપી એક ધર્મ, જ્ઞાનનયનો એક ધર્મ, ક્રિયાનયનો એક ધર્મ, વ્યવહારનયનો એક ધર્મ, નિશ્ચયનયનો એક ધર્મ. આહા..હા...! એવા બધા ધર્મોમાં એક આ નય પણ ધર્મ ગણ્યો છે. ધર્મ એટલે ધારી રાખેલો ભાવ. આહા..હા...! અને તેનું લક્ષ કરીને એક ધર્મ છે એને પછી લક્ષમાંથી છોડી દઈને આખો આત્મા જે પૂર્ણાનંદનો નાથ છે ત્યાં એણે દૃષ્ટિ કરવાની છે. આહા..હા...! આવું છે. લ્યો, ૪૭ થઈ. બે થઈ. પચાસ મિનિટમાં બે (નય) પૂરી થઈ.

સંતોને ગંભીર કહેવું છે, ભાઈ ! આહા..હા...! અનંત અનંત કાળ થયા પ્રભુ તને. નવમી ગ્રૈવેયક ગયો. 'મુનિવ્રત ધાર ગ્રૈવેયક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' એ પંચ મહાવ્રત એવા પાળ્યા કે નિરતિચાર (પાળ્યા). એને માટે (બનાવેલું) ભોજન કે પાણીનું એક બિંદુ પણ લે નહિ. આહા..હા...! અત્યારે તો સાધુ માટે આખા ચોકા બને છે. અને ક્ષુલ્લક અગિયારમી પડિમાવાળા માટે તો .. આહાર થાય. અત્યારે તો વ્યવહારના પણ ઠેકાણા નથી. આહા..હા...! અરે... પ્રભુ ! શું થાય ? આ તો વસ્તુની સ્થિતિ છે. સંતો જાહેર કરે છે એ જાહેર થાય છે.

'તેથી કહ્યું છે કે,...' આ નિરુપાધિ સ્વભાવ કીધો (એ) દ્રવ્ય – વસ્તુ. ભેદ નહિ.

પણ ઇ એક જ ધર્મ અહીં ગણવામાં આવ્યો છે. અનંત ધર્મમાં વ્યાપક કીધું છે ને ? નહિતર ખરેખર તો શુદ્ધનય છે એ ત્રિકાળી ભૂતાર્થને કીધો. એ ત્રિકાળ ભૂતાર્થ જે છે આત્મદ્રવ્ય, એક પર્યાયના આવા શુદ્ધનયના નિરુપાધિ સ્વભાવવાળું છે. ત્રિકાળી ભૂતાર્થ ભગવાન જે ધ્રુવ છે તેને અમે શુદ્ધનય કહીએ છીએ. અગિયારમી ગાથામાં એમ આવે છે. આહા..હા...! ત્યાં આગળ એ પર્યાયના ધર્મો નહિ, એકલો દ્રવ્ય સ્વભાવ તે દૃષ્ટિમાં લેવાની વાત છે. અહીં તો પર્યાયના ધર્મ અને આ એક ધર્મ, બધા ગણીને અંદર દ્રવ્યમાં – ચૈતન્યમાત્રમાં જવાની નજર છે. શું કહ્યું સમજાણું કાંઈ ? આહા..હા...!

આ તો પોતાને માટે છે, બાપુ ! આહા..હા...! અરે...! ચોરાશીના અવતારમાં દુઃખી.. દુઃખી... દુઃખી છે. આહા..હા...! આ રીતે કહ્યું છે કે,

**जावदिया वयणवहा तावदिया चेव होंति णयवादा।**
**जावदिया णयवादा तावदिया चेव होंति परसमया।।**
**परसमयाणं वयणं मिच्छं खलु होदि सव्वहा वयणा।**
**जइणाणं पुण वयणं सम्मं खु कहंचि वयणादो।।**

'અર્થ :– જેટલા વચનપંથ છે...' કહેવાની વાણીમાં. વ્યવહાર કથનમાત્ર છે એમ આવ્યું હતું ને ? ભાઈ ! પહેલા પાંચમા શ્લોકમાં કથનમાત્ર છે, કેટલાક વચનમાત્ર છે. 'જેટલા વચનપંથ છે...' (મૂળ ગ્રંથમાં નીચે ફૂટનોટ છે). 'જેટલા વચનના પ્રકારો છે તેટલા નયો છે. અપેક્ષા સહિત નય તે સમ્યક્ નય છે અને અપેક્ષા રહિત નય તે મિથ્યા નય છે; તેથી જેટલા સમ્યક્ નયો છે તેટલા જ મિથ્યા નયો છે.' આહા..હા...! એક જ નયને માને અને બીજી નય છે, એમ ન માને. વ્યવહારનય નથી ? છે. એનાથી ધર્મ થાય નહિ. પણ વ્યવહારનયનો વિષય નથી ? આહા..હા...! આ આકરું કામ છે.

વ્યવહારનય છે તો નય છે તે વિષયી છે. તો વિષયીનો વિષય હોય તો જ નય થાય કે નહિ ? આહા..હા...! આત્મામાં દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ (થાય છે) એ વ્યવહારનયનો વિષય છે પણ એનાથી નિશ્ચય થાય છે એમ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? અરે...! આવી વાતું હવે. ... વાતું. ઓલું તો વ્રત પાળો, પડિમા ધારણ કરો, મુનિપણું લઈ લ્યો, લૂગડાં છોડી દ્યો સહેલુંસટ હતું. અરે.. બાપુ ! એમાં તેં શું કર્યું ? ભાઈ ! જે વસ્તુ છે એને તો તેં જાણી નથી. એનું તો જ્ઞાન નથી, દર્શન નથી તો ઠરવું ક્યાંથી ? જેને જાણ્યો નથી, માન્યો નથી તો એમાં ઠરવું ક્યાંથી આવ્યું ? આહા..હા...!

આવો જે ભગવાનઆત્મા એને અનંત વચનોથી કહેવામાં આવે છે. 'જેટલા વચનપંથ છે તેટલા ખરેખર નયવાદ છે;...' એટલા નયના પ્રકાર છે. 'અને જેટલા નયવાદ છે તેટલા જ પરસમય (પર મત) છે.' એક જ નયને માનવી એ પરસમય છે. પણ અનંત નયોને એકસાથે જાણવી એ અનેકાંત ધર્મ છે. આહા..હા...! અનેકાંત એટલે ? પર્યાયમાં પણ છે, ભેદો છે, રાગ છે, દ્રવ્યમાં નથી એવા બધા પ્રકારના નયોને માનવા. માનીને અંતર દૃષ્ટિમાં જાવું. અને એક જ નયને માને અને બીજી નયને ન માને. વ્યવહારનય છે જ નહિ, પર્યાયને અભૂતાર્થ કીધી, વ્યવહાર તે અભૂતાર્થ છે, પર્યાય તે જૂઠી છે એમ કીધી, પણ એને જૂઠી જ માની લ્યે. પર્યાય તો નથી તો દ્રવ્ય દૃષ્ટિમાં આવતું નથી. પર્યાયમાં દૃષ્ટિમાં દ્રવ્ય આવે છે. દ્રવ્યની દૃષ્ટિ દ્રવ્યમાંથી નથી આવતી. પર્યાયમાં દૃષ્ટિમાં દ્રવ્ય આવે છે. શું કીધું ઇ ?

જ્ઞાનની પર્યાય છે તેમાં દ્રવ્ય જણાય. દ્રવ્યમાં દ્રવ્ય જણાય નહિ. આહા..હા...! જ્ઞાનની પર્યાય છે એમાં જ્ઞેય આખું દ્રવ્ય તે જણાય. એમ શ્રદ્ધાની પર્યાય છે તેમાં આખા દ્રવ્યની શ્રદ્ધા, આવું દ્રવ્ય છે એમ પ્રતીતમાં આવે. એ પર્યાયમાં દ્રવ્ય આવતું નથી પણ દ્રવ્યની જેટલી તાકાત છે તેની શ્રદ્ધા આવી જાય છે. આહા..હા...! આમ જો પર્યાયને નથી જ એમ માને તો તો એકાંત મિથ્યાત્વ થઈ જાય. વેદાંતી જેમ કહે છે, વેદાંત એમ કહે છે, પર્યાય નથી. વસ્તુ છે. વસ્તુ અને વસ્તુનો અનુભવ (એમ) બે નહિ, એમ એ કહે છે. મિથ્યાત્વ છે. વેદાંત મિથ્યાદૃષ્ટિએ કાઢ્યું છે.

અહીં તો કહે છે કે, જેટલા વચનના કથન છે એટલા નયો છે અને જે નયો છે એમાં જો એકાંત માને તો મિથ્યાત્વ છે. એ બધા નયો છે. એક નયની સાથે બીજા નયો પણ છે એમ જાણવું એ સમ્યક્ છે. આહા..હા...! છે ? 'પરસમયોનું (મિથ્યામતીઓનું) વચન સર્વથા (અર્થાત્ અપેક્ષા વિના) કહેવામાં આવતું હોવાથી ખરેખર મિથ્યા છે;...' આ..હા..હા...! જૈન સિવાય, પરમાત્મા સિવાય એ અન્યોએ કહ્યું છે એ બધું એકાંત છે. વેદાંતે દ્રવ્યને જ માન્યું, બૌદ્ધે પર્યાયને જ એકાંતે માની. એ બધું એકાંત છે, મિથ્યાત્વ છે. આહા..હા...! અરે...! આવી વાત (છે).

'જૈનોનું વચન કથંચિત્ (અર્થાત્ અપેક્ષા સહિત) કહેવામાં આવતું હોવાથી...' અપેક્ષા સહિત છે તેથી તે 'ખરેખર સમ્યક્ છે.' વિશેષ કહેશે...

શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !

એ રીતે આ (ઉપરોક્ત) સૂચન પ્રમાણે (અર્થાત્ ૪૭ નયોમાં સમજાવ્યું તે વિધિથી) એક એક ધર્મમાં એક એક નય (વ્યાપે) એમ અનંત ધર્મોમાં વ્યાપક અનંત નયો વડે નિરૂપણ કરવામાં આવે તો, સમુદ્રની અંદર મળતા શ્વેત–નીલ ગંગા–યમુનાના જળસમૂહની માફક, અનંત ધર્મોને પરસ્પર અતદ્ભાવમાત્ર વડે જુદા પાડવા અશક્ય હોવાથી, આત્મદ્રવ્ય અમેચકસ્વભાવવાળું, એક ધર્મમાં વ્યાપનારું, એક ધર્મી હોવાને લીધે યથોક્ત એકાંતાત્મક (એકધર્મસ્વરૂપ) છે. પરંતુ યુગપદ્ અનંત ધર્મોમાં વ્યાપક એવા અનંત નયોમાં વ્યાપનારા એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ વડે નિરૂપણ કરવામાં આવે તો, બધી નદીઓના જળસમૂહના સમવાયાત્મક (સમુદાયસ્વરૂપ) એક સમુદ્રની માફક, અનંત ધર્મોને વસ્તુપણે જુદા પાડવા અશક્ય હોવાથી આત્મદ્રવ્ય મેચકસ્વભાવવાળું, અનંત ધર્મોમાં વ્યાપનારું, એક ધર્મી હોવાને લીધે યથોક્ત અનેકાન્તાત્મક (અનેકધર્મસ્વરૂપ) છે. [ જેમ એક વખતે એક નદીના જળને જાણનારા જ્ઞાનાંશ વડે જોવામાં આવે તો સમુદ્ર એક નદીના જળસ્વરૂપ જણાય છે, તેમ એક વખતે એક ધર્મને જાણનારા એક નયથી જોવામાં આવે તો આત્મા એક ધર્મસ્વરૂપ જણાય છે; પરંતુ જેમ એકીસાથે સર્વ નદીઓનાં જળને જાણનારા જ્ઞાન વડે જોવામાં આવે તો સમુદ્ર સર્વ નદીઓનાં જળસ્વરૂપ જણાય છે, તેમ એકીસાથે સર્વ ધર્મોને જાણનારા પ્રમાણ વડે જોવામાં આવે તો આત્મા અનેક ધર્મસ્વરૂપ જણાય છે. આ રીતે એક નયથી જોતાં આત્મા એકાંતાત્મક છે અને પ્રમાણથી જોતાં અનેકાંતાત્મક છે. ]

**ભાદરવા વદ ૯, શુક્રવાર**
**તા. ૧૪-૦૯-૧૯૭૯**
**શ્લોક–૧૯, પ્રવચન નં. ૨૭૧**

'પ્રવચનસાર' છેલ્લું આ આવે છે ને ? (શ્લોક) આવ્યો ને ? 'એ રીતે...' ત્યાં આવ્યું ને ? શું કહે છે ? શિષ્યનો એમ પ્રશ્ન હતો કે, પ્રભુ આ આત્મા કેવડો, કેવો છે ? કે, જેને જાણ્યે આત્માને ધર્મ થાય. એ આત્મા અંદર જે વસ્તુ છે, સર્વજ્ઞ પરમેશ્વરે જે જોઈ છે એ વસ્તુ કેવી છે ? કેવડી છે ? તો કહ્યું કે, એમાં એક એક રાગ થાય છે, સમ્યગ્દર્શન થાય છે આદિ એવા અનંત અનંત નયોથી જાણવા લાયક અનંત ધર્મો નામ ભાવ છે. અરે...! આવી વાતું છે. વ્યવહાર રાગ થાય છે એ પણ એક એનામાં ભાવ, ધારેલો ભાવ

છે. આ..હા...! એમ સ્વપણે છે અને પરપણે નથી એવો પણ એનામાં એક ભાવ છે. એવી ઝીણી વાત છે, પ્રભુ ! અનંતકાળમાં એણે આત્મા શું ચીજ છે ? એનો આશ્રય લીધો નથી. બહારની ક્રિયાકાંડમાં પ્રવૃત્તિમાં પડીને જાણનારને જાણ્યો નથી, બાકી બધી વાતું કરી. આહા..હા...!

એટલે કહે છે કે, આત્મામાં સ્વપણે છે, પરપણે નથી, રાગ છે, રાગનો કર્તા છે, રાગનો ભોક્તા છે તેમ રાગનો અકર્તા અને અભોક્તા છે એવા એનામાં ભાવો ભરેલા છે પણ એ ભાવનો સ્વામી – આધાર એ વસ્તુ છે. આહા..હા...! આવી ઝીણી વાતું છે. એ ચૈતન્ય જે દ્રવ્ય સ્વભાવ, ચૈતન્યમાત્ર સ્વરૂપ, એને આવા અનંત ધર્મોને એક નયથી જાણીને કે અનંત ધર્મોને એકસાથે જાણીને.. આહા..હા...! પણ અંદર ચૈતન્યદ્રવ્ય જે છે... ઝીણી વાત, ભાઈ ! તેના સન્મુખ થઈને તેનો આશ્રય કર. આહા..હા...! એને જાણ્યા વિના સમ્યક્જ્ઞાન અને સમ્યગ્દર્શન થશે નહિ અને એને જાણ્યે જે જ્ઞાન ને દર્શન થયું એમાં પછી રમણતા થવી એનું નામ ચારિત્ર છે. ચારિત્ર કોઈ આ ક્રિયાકાંડ ને શરીર ને એ ચારિત્ર નહિ. આહા..હા...! એ અહીં નયનો અધિકાર પૂરો કરે છે.

'એ રીતે આ (ઉપરોક્ત) સૂચન પ્રમાણે...' ૪૭ નયોમાં સમજાવ્યું. ૪૭ લીધી ને ? દ્રવ્ય, પર્યાય એમ. જીવત્વશક્તિ તો ગુણમાં જાય છે. આહા..હા...! આત્મામાં દ્રવ્યનયે એકરૂપ છે, પર્યાયનયે અનેક છે. એવા એવા ૪૭ નયોનું વર્ણન કર્યું. એ સિવાય અનંત નયોથી અનંત ધર્મ જાણવાને લાયક છે. આહા..હા...! જો સુખી થવું હોય તો. બાકી તો તું જે પક્ષમાં અનાદિથી પડ્યો છો... આહા..હા...! એ અનાદિથી રાગ અને પુણ્ય-પાપના વિકારના પક્ષમાં ને લક્ષમાં તો અનાદિથી છો. હવે એનો પક્ષ છોડવો હોય તો એનામાં છે એમ પર્યાયમાં જાણવું. આ..હા...! છતાં તેનાથી ધર્મ થાય એમ નહિ. એ ક્રિયાનો રાગ છે, એ પર્યાયમાં છે એવું જ્ઞાન (કરવું) અને એ રાગ કોનાથી થયો એના સામું એણે જોવાનું નથી પણ એ રાગ છે એ કોને આધારે છે ? એને જોવાનું છે. આહા..હા...! આવી વાતું છે. સમજાય છે કાંઈ ? ઝીણી વાત છે, ભાઈ ! વીતરાગનો ધર્મ કોઈ અલૌકિક છે. લોકોએ સાધારણ કરી નાખ્યું એવું એનું સ્વરૂપ નથી. આહા..હા...!

એ ૪૭ નયો, 'એક એક ધર્મમાં એક એક નય (વ્યાપે)...' છે. છે ? શું કહ્યું ઇ ? આત્મા એક દ્રવ્ય છે એ નય પણ એક ધર્મ એટલે ભાવ (છે). એક પર્યાય છે એવો એક ભાવ (છે). સ્વપણે છે એવો એક ભાવ, પરપણે નથી એવો એક ભાવ, એવા એવા અનંતા

ભાવોને અનંત નયથી જાણવા. અરે...! ૪૭ તો નામ આપ્યા. એમાં 'એક એક ધર્મમાં એક એક નય (વ્યાપે)...' છે. છે ? એ શું કહ્યું ? એક એક પર્યાય જે રાગ છે કે સ્વપણે છે પરપણે નથી, એવો જે એનો ભાવ એ એક એક ધર્મમાં એટલે ભાવમાં એક એક નય જાણે છે. એક એક નય વ્યાપે છે. અરે..રે...! આહા..હા...! આવી શૈલી.

'એમ અનંત ધર્મોમાં વ્યાપક...' અનંત જે ભાવો અંદર છે એને જાણનારી અનંત નયો તે 'અનંત ધર્મોમાં વ્યાપક અનંત નયો વડે નિરૂપણ કરવામાં આવે...' એટલે કથન કરવામાં આવે એમ નહિ પણ એમ જાણવામાં આવે, એમ. આ..હા...! 'તો, સમુદ્રની અંદર મળતા શ્વેત-નીલ ગંગા-યમુનાના જળસમૂહની માફક,...' (મૂળ ગ્રંથમાં નીચે ફૂટનોટ છે). 'ગંગાનું પાણી શ્વેત હોય છે અને જમનાનું પાણી નીલ (વાદળી) હોય છે.' બે નદીના પાણી લીધા. શ્વેત અને નીલ 'ગંગા-યમુનાના જળસમૂહની માફક, અનંત ધર્મોને...' આત્મામાં જે અનંત પ્રકારના નયનો વિષય જે ધર્મ – ભાવ છે તે 'અનંત ધર્મોને પરસ્પર અતદ્ભાવમાત્ર વડે...' એનો અતદ્ભાવ છે (એટલે કે) એકમાં બીજાનો અભાવ છે. 'અતદ્ભાવ વડે જુદા પાડવા અશક્ય હોવાથી,...' પણ જુદા પાડવા અશક્ય છે. જ્યાં જ્ઞાન છે, ત્યાં દર્શન છે, ત્યાં આનંદ છે, ત્યાં પર્યાયમાં રાગ છે. આહા..હા...! બહુ મારગ જુદો, ભાઈ ! આ તો જન્મ-મરણના અંતને લાવવાની વાતું છે, બાપુ ! આહા..હા...! તારા સુખના પંથને કેમ પ્રગટ કરવો એની વાતું છે, પ્રભુ ! આહા..હા...!

એ અનંત ધર્મોમાં અનંત નયો વ્યાપે છે એથી 'અનંત ધર્મોને પરસ્પર અતદ્ભાવ વડે જુદા પાડવા...' છે તો અતદ્ભાવ, એક ભાવ બીજા ભાવપણે નથી પણ 'જુદા પાડવા અશક્ય હોવાથી,...' અનંત ગુણનો નાથ પ્રભુ ! એનો એક ગુણ જુદો પાડવો અશક્ય છે. (એમ) 'હોવાથી, આત્મદ્રવ્ય...' ભગવાન આત્મદ્રવ્ય 'અમેચકસ્વભાવવાળું,..' અભેદ છે. નીચે અર્થ છે. અભેદ છે, વિવિધતા રહિત છે, એક છે. એવું 'આત્મદ્રવ્ય, અમેચકસ્વભાવવાળું, એક...' હોવા છતાં 'એક ધર્મમાં વ્યાપનારું, એક ધર્મી હોવાને લીધે...' એક ધર્મને જોનારી નયથી તે આત્મદ્રવ્ય અભેદ હોવા છતાં એક નયથી એક ધર્મમાં વ્યાપે છે. કઈ ભાષા ? ઓલું તો વ્રત કરો ને અપવાસ કરો ને ભક્તિ કરો ને પૂજા કરો ને જાત્રા કરો, સહેલુંસટ હતું, રખડવાનું ! એ બધું રખડવાનું, હોં ! ભાઈ ! મારગડા નાથ ! તારા સુખના પંથ કોઈ અલૌકિક છે. આ..હા...! તને કઠણ પડે પણ માર્ગ તો આ છે. આહા..હા...!

જે અનંત ગુણો છે એને જુદા પાડવા અશક્ય હોવાથી છે અભેદ, છતાં એક નયના

એક ધર્મને જોતાં તે એક નયથી આખી ચીજને જોવી. એક ધર્મને જોઈને, ધર્મ એટલે ભાવ, (એને જોઈને) વસ્તુને જોવી. પર્યાયમાં એ રાગાદિ ધર્મ પ્રગટ્યો છે તે કેના નિમિત્તથી પ્રગટ્યો એનામાં ન જોતા એ રાગ જેની પર્યાયમાં છે એનો આધાર જે દ્રવ્ય છે તે આત્મદ્રવ્યને ચૈતન્યમાત્ર જોવું. આવું સ્વરૂપ છે, ભાઈ ! ભગવાન છે, ભાઈ ! બધા આત્માઓ ભગવાન છે. સમજાણું કાંઈ ? આહા..હા...! અંદર કોઈ હીણા, ઓછા નથી, પૂર્ણાનંદના નાથ છે. આહા..હા...! એક કીડીનો આત્મા પણ પૂર્ણાનંદનો નાથ છે. એની પર્યાયમાં ફેર છે, વસ્તુ તો છે એ પૂર્ણ છે. આહા..હા...! અરૂપી છે તે એના અરૂપીના જ્ઞાનના નયથી જાણવા લાયક છે. રાગ છે, એનામાં એ વ્યવહાર છે ખરો પણ એ વ્યવહારથી અંદર નિશ્ચયમાં જવાય, એમ નથી. એનું જ્ઞાન કરીને અંદર ચૈતન્યમૂર્તિ દ્રવ્ય છે તેની દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન અને સમ્યક્‌જ્ઞાન થાય છે, એ સુખની દશા પ્રગટે છે. આહા..હા...! અજાણ્યા માણસને તો (એમ લાગે કે), શું હશે આ તે ? જૈનધર્મનું આવું સ્વરૂપ હશે ? બાપુ ! ફેરફાર થઈ ગયો. નય સાંભળ્યો ન હોય, નયનો વિષય અનંત ધર્મ શું છે (એ) સાંભળ્યા ન હોય. ધર્મ એટલે આ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ધર્મ નહિ. અહીં તો અંદરમાં પર્યાયમાં ને ગુણમાં જે ધારી રાખેલા ભાવો તે ધર્મ. આહા..હા...! અહીં તો દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેને ભેગા લેવા છે ને ? સમજાય છે કાંઈ ?

પર્યાયમાં દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ હોવા છતાં તે એક જાતનો એક ધર્મ છે. ધર્મ એટલે ભાવ. સમ્યગ્દર્શન એ ધર્મ નહિ. એ ભાવ, એવા અનંતા ભાવોને ધરનારું ચૈતન્યદ્રવ્ય છે. આ..હા...! પરમાત્મા અને દિગંબર સંતોના પોકાર છે, પ્રભુ ! તારે સુખને પંથે જાવું હોય તો પ્રભુ ! તું રાગની ક્રિયામાં રોકાયને તું દુઃખને પંથે દોરાય ગયો, ભાઈ ! આ..હા...! સમજાય છે કાંઈ ? આહા..હા...! પ્રભુ ! તેં રાગની ક્રિયા દયા, દાન, વ્રત, ભક્તિ એ તો રાગ અને દુઃખની ક્રિયા છે. એ તો દુઃખરૂપ છે. એની પર્યાયમાં છે ખરું પણ એ દુઃખરૂપ છે. એનું જ્ઞાન કરીને પણ, જાણીને પણ જવાનું છે અંદરમાં, જ્યાં ચૈતન્ય અંતરાત્મા ભગવાન પૂર્ણાનંદનો નાથ બિરાજે છે. આહા..હા...! ભગવંત ! તારી વાત તને ભગવંત કેમ પ્રગટ થાય તેની વાત છે, પ્રભુ ! આહા..હા...! આમાં કોઈનો અનાદર કરવો કે એ વાત નથી. આ..હા...! આહા..હા...!

કહે છે કે, એ અનંત ધર્મો અમેચક (અર્થાત્) અભેદ હોવા છતાં 'એક ધર્મમાં વ્યાપનારું,...' એક નયથી જોતાં એ સ્થિતિ છે, પરથી નથી, પર્યાયમાં રાગ છે, પર્યાયમાં

રાગનો કર્તા છે, પર્યાયમાં રાગનો ભોક્તા છે, પર્યાયમાં રાગનો અકર્તા છે, પર્યાયમાં રાગનો અભોક્તા (છે). આહા..હા...! અરે..રે...! ભગવાન સંતોની વાણી આવી છે. સંત મુનિ દિગંબર સંત છે, પરમેશ્વર છે ! આહા..હા...! વીતરાગી મુનિ, જેની બાહ્ય દિગંબર દશા હોય છે. અંતરમાં કોઈ મહાવ્રતનો વિકલ્પ હોય એ એક અંશે – નયે જાણવા લાયક છે, પછી જવાનું છે અંતર દ્રવ્યના સ્વભાવમાં. આહા..હા...! ત્યાં રોકાય જાય તો તો અનાદિથી મિથ્યાદૃષ્ટિ રોકાણો છે. આહા..હા...!

'એક ધર્મમાં વ્યાપનારું, એક ધર્મી...' એક જ રાગમાં વ્યાપનારું તો રાગના ધર્મવાળો એ આત્મા એમ કહેવાય. ધર્મ એટલે ભાવ. પોતાના અસ્તિ સ્વભાવથી છે એવા એક ભાવથી જોઈએ તો એક નયસ્વરૂપ છે, પણ એક નયથી જોતાં પણ જોવાનું છે ત્રિકાળ(ને). આવી વાતું છે. આહા..હા...! ૩૮ ગાથામાં કહ્યું છે ને ? ભાઈ ! આ અમે કહીએ છીએ એ રીતે બધા જીવો સમજો અને અનુભવ કરીને આનંદને પામો.

ભાઈએ (એક વિદ્વાને) 'દસલક્ષણ ધર્મ'માં એમ કહ્યું છે. દરેકમાં એ કરીને હે જીવો ! તમે આ રીતે પરમાનંદને પામીને સુખી થાઓ. હવે એ કહીને વિરમું છું, એમ કહે છે. આ..હા...! માળાની ભાષા ! દરેકને ! બધા જીવો, બધા ભગવાન છે એને અંદરમાં ઓળખી આનંદને પામો. ૩૮ ગાથામાં પણ કહ્યું છે, એ લીધું છે. જીવનો છેલ્લો અધિકાર છે ને ? આહા..હા...! 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય' ! અમે જે આ કહીએ છીએ, પ્રભુ ! અંતર્મુખ થઈને એની દૃષ્ટિ કરતાં જે સમ્યગ્દર્શન થાય, અંતર્મુખ ભગવાનનું જ્ઞાન થાય, અંતર્મુખમાં ઠરે એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રને પામી મોક્ષને પામો, બધા પરમાનંદને પામો, સુખી થાઓ ! આહા..હા...! ૩૮ની જે શૈલી છે એ શૈલી એણે લીધી. આ કહીને હવે વિરમું છું. બધા આત્માઓ અતીન્દ્રિય આનંદના સાગર પ્રભુ છો, અતીન્દ્રિય આનંદનો દરિયો — સમુદ્ર છો, પ્રભુ ! તેમાં જા. બહારને જોવામાં તું રોકાય ગયો. આહા..હા...! તારા ભાવો છે તેને જોવાય રોકાણો નહિ. બહારને જોવામાં રોકાય ગયો. આહા..હા...! એનામાં જે અસ્તિપણે, સ્વપણે છે, પરપણે નથી એવા જે અનંત ભાવો (છે) તેને એક એકને જાણીને.. છે ?

'એક ધર્મી હોવાને લીધે યથોક્ત એકાંતાત્મક (એકધર્મસ્વરૂપ) છે...' એ અપેક્ષાએ ભગવાન એકસ્વરૂપે, એક ધર્મસ્વરૂપ છે. આ..હા...! એક નયથી જોઈએ તો એ ધર્મી એક ધર્મસ્વરૂપ છે. આ..હા...! આવી વાતું હવે. ઓલું તો પડિમા લ્યો, મહાવ્રત લ્યો, અણુવ્રત લ્યો. ભગવાન ! ક્યાં અણુવ્રત ને મહાવ્રત હતા ? હજી સમ્યગ્દર્શન જ નથી ત્યાં (વ્રત

આવ્યા ક્યાંથી ?) ભાઈ ! તારા હિતના પંથની રીત તો આ છે. તને એમ લાગે કે, અરે..રે...! અમે આટલા આટલા ક્લેશ કરીએ, પરિષહ સહન કરીએ, કષ્ટ કરીએ અને એ ધર્મ નહિ ? અરે... ભાઈ ! પ્રભુ ! એ તારું સ્વરૂપ જ નથી. રાગ એ પર્યાયમાં એક અંશનો એક ભાવ છે. એનો ત્રિકાળ સ્વભાવ એ નથી. આહા..હા...!

એથી કહે છે, 'યથોક્ત એકાંતાત્મક (એકધર્મસ્વરૂપ) છે...' અનંત ધર્મ અભેદ હોવા છતાં એક ધર્મથી જોઈએ તો તે એક ધર્મસ્વરૂપ છે. એક ધર્મસ્વરૂપ છે એટલે એક ધર્મને જોઈને પછી જોવું અનંત. આહા..હા...! આ તો પ્રશસ્ત શુભ રાગ. અત્યારે એ જ કહે છે ને કે, અત્યારે શુભરાગ છે. આ..હા...! આહા..હા...! શુભ કહે છે ને ? અત્યારે તો શુભરાગ જ છે, કહે છે. અરે..રે...! પ્રભુ.. પ્રભુ ! શું કરે છે ? ભાઈ ! એક જ રાગ એવા એક જ ભાવસ્વરૂપ આત્મા છે ? આહા..હા...! પ્રભુ ! તારે ક્યાં જાવું છે ? એ દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો રાગ છે એ એક ધર્મ એટલે એક યોગ્યતા ગણવામાં (આવી). ધર્મસ્વરૂપ નથી, છે તો એ અધર્મ. આહા..હા...! પણ એ એક નયનો વિષય જાણીને આખું તત્ત્વ એક ધર્મસ્વરૂપે આમ જાણવું. આહા..હા...! આવું સ્વરૂપ છે, ભાઈ ! નવા માણસને તો એવું લાગે કે, આ શું છે આ તે ? પ્રભુ ! મારગડા જુદા, ભાઈ ! તેં સાંભળ્યા નથી, પ્રભુ ! આહા..હા...! તારા ઘરને તેં જોયું નથી, જાણ્યું નથી પણ સાંભળ્યું પણ નથી. આહા..હા...!

એવો જે '(એકધર્મસ્વરૂપ) છે પરંતુ યુગપદ્ અનંત ધર્મોમાં વ્યાપક...' એકસાથે અનંત ધર્મોમાં રહેલો, વ્યાપેલો 'એવા અનંત નયોમાં વ્યાપનારા એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ વડે...' ભાવશ્રુતજ્ઞાન, હોં ! આ શબ્દો નહિ. આ શબ્દોથી જે જ્ઞાન (થાય) એ જ્ઞાન નથી. આહા..હા...! આ શબ્દનું વાંચી વાંચીને જ્ઞાન થાય એ જ્ઞાન નથી. અરે..રે...! જે જ્ઞાન અંતર જ્ઞાયક સ્વરૂપમાં, ભગવાનમાં પૂર્ણાનંદનો નાથ ભર્યો છે તેને આશ્રયે જે શ્રુતજ્ઞાન થાય અને તે શ્રુતજ્ઞાનની સાથે આનંદની દશા થાય તેને જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા...! અહીં તો રાગની ક્રિયાથી ધર્મ નથી, તેમ એકલા સાંભળીને વાંચ્યું છે એ પણ ધર્મ નથી. આહા..હા...! ઝીણી વાત, ભાઈ !

'અનંતકાળથી આથડ્યો વિના ભાન ભગવાન, સેવ્યા નહિ ગુરુ સંતને...' સેવા એટલે કંઈ પગ દાબવા એમ નથી. આહા..હા...! એ શું કહે છે ? એના ભાવને પકડવો એ એની સેવા છે. 'સેવ્યા નહિ ગુરુ સંતને મૂક્યા નહિ અભિમાન' પોતાનું અભિમાન – અમે જાણીએ

છીએ, અમને ખબર છે, અમે ધર્મમાં છીએ. અરે... પ્રભુ ! એવા અભિમાન તો અનંતકાળથી કર્યા છે, નાથ ! અગિયાર અંગના ભણતર અનંત વાર કર્યા. નિરતિચાર ને નિર્દોષ પંચ મહાવ્રત અનંતવાર પાળ્યા. અરે...! દેવ-ગુરુ ને શાસ્ત્રની શ્રદ્ધા પણ અનંત વાર કરી. આહા..હા...! પણ આત્મા અંતર આનંદનો નાથ સાગર પ્રભુ છે, એની સત્તાનું અસ્તિત્વ છે તેનો સ્વીકાર નહિ એટલે કે એનો આશ્રય નહિ. ભાઈ ! આવું છે, ભગવાન ! ભગવાન ! આ તારી વાત છે, બાપા ! ઓ..હો..હો...! ગજબ કરે છે ને !

ભાઈએ 'દસલક્ષણ ધર્મ'માં વર્ણન બહુ કર્યું છે. એમાં એક ક્રોધનું વર્ણન કર્યું છે. આ..હા...! તું ક્રોધ કર તો બીજાને પણ જ્યારે ક્રોધ આવે તો થપ્પડ મારે. એ કાયાની વિકૃતતા (થઈ) અને તું ક્રોધથી ગાળ દ્યે અને એ ગાળ દ્યે તો વચનની વિકૃતતા અને તું એનું અપમાન કરે અને એને મનમાં ક્ષોભ થાય એ મનની માનસિક વ્યાધિ (છે). એવો ખુલાસો કર્યો છે. એકવાર અમારે (એક મુમુક્ષુ) કહેતા, એ સૂતા સૂતા વાંચે છે. એક કોર બેનનું પુસ્તક અને એક કોર આ, બસ ! બે જ વસ્તુ. (એમના) શરીરને ઠીક નથી ને ! છ મહિનાથી પડ્યા છે. મેં કીધું, ભાઈ ! આ વાંચો, ભાઈ ! આ 'દસલક્ષણધર્મ'નું વાંચો. પછી આપ્યું. પછી એ બિચારા બોલ્યા, હોં ! આ તમે મને આપ્યું ને ! મેં કીધું, મેં તો આપ્યું નથી. એક બેનનું વચનામૃત પુસ્તક અને એક આ, બસ છે, કહે. છ મહિનાથી પાટે સૂતા છે બિચારા. જંગલ અમારે (એક ભાઈ છે) એ જાગ્યો છે એ બધું (કરે છે), બીજું કોઈ કરી શકે નહિ. વિષ્ટા લૂવે, પાણીએ ધોવે, સાફ કરે. આહા..હા...! 'રાજકોટ'વાળા (એક મુમુક્ષુ) છે ને ? બહુ કામ કરે છે. પણ એ આજે બોલ્યા, હોં ! કોઈએ આપ્યું ને વાંચ્યું.. આ..હા...! આ વાત ! બેનનું પુસ્તક અને એક આ, બસ છે, બે બસ છે. આનો ક્ષયોપશમ છે, બેનનો તો અનુભવ છે. પણ છતાં શૈલી એવી છે કે, વાંચનારને અંદર (બેસી જાય).

ક્રોધ ન કરવો એમ વાત ચાલે છે પણ ખરેખર તો અસ્તિથી ક્ષમા કરવી જોઈએ એમ હોવું જોઈએ. ક્રોધ ન કરવો, માન ન કરવું, અજ્ઞાન ન કરવું એમ નથી આવતું, જ્ઞાન કરવું એમ આવે છે. એમ આમાં ક્રોધ ન કરવો એમ આવ્યું છે કારણ કે બાળકને જેમ એની ભાષાથી સમજાવવું છે એ રીતે શ્રોતાને એની ભાષાથી સમજાવે છે. વક્તાના ભાવ અંદર બીજા છે પણ એની ભાષા પ્રમાણે સમજાવે છે. જેમ કે કોઈ છોકરો રોતો હોય કે એવું હોય તો એને એનો બાપ કહે, બાને બોલાવ ! બા પાસે જા ! ઓલો છોકરો સમજે

છે કે, ઇ બા કંઈ મારા બાપની બા માટે નથી કહેતા, મારી બા માટે કહે છે. માળાએ પણ એવું સ્પષ્ટ કર્યું છે. સાદી ભાષામાં એટલી ગંભીરતાથી... આ..હા...! શ્રોતાને કારણે આવી ભાષા કરી છે કે, ક્રોધ ન કરવો. આ..હા...! નાસ્તિથી વાત કરી છે. એ લોકો એ ભાષામાં સમજે માટે. આહા..હા...! પણ વાસ્તવિક તો ભગવાન પૂર્ણ અસ્તિત્વ છે પૂર્ણાનંદનો નાથ મહાસત્તા પ્રભુની છે, એનો આશ્રય કરવાની વાત તો પહેલી હોવી જોઈએ અને એનો આશ્રય કરે ત્યારે એને સમ્યગ્દર્શન થાય બાકી રાગની મંદતા ને તીવ્રતા કરે, (એવી તો) અનંતવાર કરી, એનાથી કાંઈ થાય નહિ. કષાયની મંદતા એવી કરી કે, નવમી ગ્રૈવેયક (ગયો). દિગંબર જૈન સાધુ (થયો), પંચ મહાવ્રત ને નવ નવ કોટિએ બાહ્યનો ત્યાગ (કર્યો પણ) અંતરની દૃષ્ટિ મિથ્યાત્વ. આહા..હા...! અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયો. પ્રભુ ! એમાં તારું કાંઈ સર્યું નહિ. ચામડું ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે એવી દશા નવમી ગ્રૈવેયક જનારની હતી પણ તે દશા પરલક્ષવાળી હતી. અંતર ભગવાન આનંદનો નાથ તેનો આશ્રય નહોતો. તેથી એમાં કહ્યું ને ? આહા..હા...! 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઊપજાયો પણ આતમજ્ઞાન...' એ ચિદાનંદ ભગવાનનો આશ્રય ન લીધો. બહારની રાગની રમતુંમાં રમ્યો. આ..હા...! એ તો સંસાર છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

અહીંયાં એ કહે છે, પ્રભુ ! તું એકવાર તને, તારા ભાવોને જાણીને દ્રવ્યને જો ! આહા..હા...! સમજાણું કાંઈ ? બીજાને જાણીને તું ભાવને જો, એમ ન કીધું. દેવ-ગુરુને જાણીને તું અંદરમાં જો, એમ ન કીધું, ભાઈ ! દેવ-ગુરુને જાણીને અંદરમાં જો, એમ ન કીધું. પણ દેવ-ગુરુની શ્રદ્ધાનો જે રાગ છે, દેવ-ગુરુની શ્રદ્ધા છે એ તો રાગ છે, એ કાંઈ સમકિત નથી. આહા..હા...! એ રાગને જોઈને પણ હવે અંદરમાં જા. આહા..હા...! એ આત્માના આશ્રય વિના પ્રભુ ! તને કંઈ કલ્યાણ નથી. ગમે એટલી ક્રિયા કર ને કષાય મંદ કર, બાળ બ્રહ્મચારી થા, તો એથી શું થયું ? સ્વનો આશ્રય લીધો નથી એને બ્રહ્મચર્ય છે જ ક્યાં ? બ્રહ્મ નામ ભગવાનઆત્મા, એમાં જે ચરવું, એનો આશ્રય લઈને રમવું એનું નામ બ્રહ્મચર્ય છે. આ શરીરથી નવ કોટિએ બ્રહ્મચર્યા પાળ્યું માટે બ્રહ્મચારી (છે), એમ નથી. આહા..હા...! શું છે આવું બધું ? આ..હા...! ભાઈ ! અજાણ્યાને એવું લાગે, એક તો ભાષા (સમજાય નહિ), હિન્દીવાળાને ગુજરાતી (ભાષા સમજવી અને) એમાં ભાવ આવા. કઠણ પડે, પ્રભુ ! આ..હા...!

અહીંયાં કહે છે, 'અનંત ધર્મોમાં વ્યાપક એવા અનંત નયોમાં વ્યાપનારા એક

શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ વડે...' આહા..હા...! જોયું ? એ શ્રુતજ્ઞાનસ્વરૂપ સામાને એમ કહે છે કે, તારો જે આત્મા છે એ પૂર્ણ સ્વરૂપ આનંદ છે, એમાં એને આશ્રયે પ્રગટેલું ભાવશ્રુતજ્ઞાન છે, એ ભાવશ્રુતજ્ઞાન વડે એને જો. આ..હા...! જેને આશ્રયે પ્રગટ્યો છે તેને જો. આહા..હા...! એ શાસ્ત્ર સાંભળીને કે સૂત્રથી જણાય એવો નથી. અંદર ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ, આનંદનું દળ છે, અતીન્દ્રિય આનંદનું દળ છે, પિંડો છે મોટો પ્રભુ ! આહા..હા...! એનો આશ્રય લઈને જે જ્ઞાન થયું તેને અહીંયાં ભાવશ્રુતજ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા...! અને ભગવાને પણ અરિહંત ત્રિલોકના નાથે શ્રુતજ્ઞાનથી પ્રરૂપણા કરી છે, એવું 'ધવલ'માં (આવે) છે. કેવળજ્ઞાનથી શી રીતે કહેવું ? આહા..હા...! શું કીધું ? ભાઈ !

'ધવલ'માં પાઠ છે કે, ભગવાન ત્રણલોકના નાથે શ્રુતજ્ઞાન દ્વારા પ્રરૂપણા કરી. એવો 'ધવલ'માં પાઠ છે. કેમ ? કે, સાંભળનારને તે નિમિત્ત થઈને શ્રુત થાય છે તેથી અહીં શ્રુત દ્વારા કહ્યું છે એમ આવે છે. કેવળજ્ઞાનથી શું કહેવું ? નય અને પ્રમાણથી જણાય એવું છે, એ તો શ્રુતજ્ઞાનથી જણાવ્યું. અરે...! પરમાત્માને શ્રુતજ્ઞાન નથી છતાં 'ધવલ'માં ભગવાનનો પાઠ એવો છે. ત્રણલોકના નાથને કેવળજ્ઞાન થયું, સ્વને આશ્રયે પૂર્ણાનંદની પ્રાપ્તિ થઈ એમણે શ્રુતજ્ઞાન દ્વારા જગતને ઉપદેશ કર્યો. કેવળજ્ઞાન દ્વારા ઉપદેશ કર્યો એમ પાઠ નથી. આહા..હા...! કેમ એમ કહ્યું ? કારણ કે સાંભળનારને શ્રુતજ્ઞાન પ્રગટે છે. એથી એની વાણી, ભગવાનની વાણી શ્રુતજ્ઞાનસ્વરૂપે કહેવામાં આવી. આ..હા...! નહિતર તો (એ છે) તો ૐ ધ્વનિ પણ એ શ્રુતજ્ઞાનસ્વરૂપ છે. સમજાણું કાંઈ ?

'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશ ભવિક જીવ સંશય નિવારે.' ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમાત્મા(ને) ૐ ધ્વનિ દ્વારા ઉપદેશ નીકળ્યો. એને કાંઈ આવી વાણી ન હોય. કારણ કે વીતરાગ એકસ્વરૂપે પ્રભુ થઈ ગયા એટલે એની વાણી એકાક્ષરી હોય. એકસ્વરૂપે થઈ ગયાની વાણી એકાક્ષરી ૐ ધ્વનિ હોય. આખા શરીરમાંથી નીકળે. હોઠ હલે નહિ, કંઠ હલે નહિ ને ૐ ધ્વનિ નીકળે. આ..હા..હા...! વાતે વાતે ફેર. એ 'ૐ કાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે' જુઓ ! ત્યાં શ્રુતજ્ઞાન થયું છે. એને – સાંભળનારને સ્વના આશ્રયે શ્રુતજ્ઞાન પ્રગટે છે, હોં ! કાનથી નહિ, એને અંદરથી દ્રવ્યના આશ્રયે શ્રુતજ્ઞાન પ્રગટે છે અને બાર અંગની રચના ગણધરો, સંતો કરે છે. એ આગમની રચના સાંભળી 'ભવિક જીવ સંશય નિવારે' આ..હા...! ભવ્ય જીવ લાયક પ્રાણી છે તે મિથ્યાત્વને ટાળે છે, એમ કહે છે. 'સંશય નિવારે' એ નાસ્તિથી વાત કરી. કેમકે અનાદિનો

મિથ્યાત્વમાં છે ને એ ? ઓલી ચીજ છે એની ખબર નથી એટલે મિથ્યાત્વને નિવારે એમ ત્યાંથી વાત કરી. આહા..હા...! બહુ વાતું (આકરી), ભાઈ ! જૈનધર્મ કોઈ અલૌકિક ચીજ છે. એને લૌકિક જેવો કરી નાખ્યો. આહા..હા...! આ વ્રત પાળો ને અપવાસ કરો ને ભક્તિ કરો ને મંદિર બનાવો ને દસ લાખના દાન આપો. એ તો બધી રાગની ક્રિયાઓ છે અને દેવા આદિની ક્રિયા તો જડની છે. એમાં પ્રભુ આત્મા ક્યાં આવ્યો ? એમાં આત્માનો આશ્રય ક્યાં આવ્યો ? આહા..હા...! અને આત્માના આશ્રય વિના સમ્યગ્દર્શન, જ્ઞાન પ્રગટતા નથી. પર્યાયને આશ્રયે, ભેદને આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી. આહા..હા...! અરે...! આવી વાતું (છે). ભાઈ ! બીજાને એવું લાગે કે, આવી વાતું કરીને બીજાને ખોટા ધારે છે ? બાપુ ! એના સુખને માટે વાત છે, ભાઈ ! આ..હા...! એના આત્માના હિતની વાત છે, પ્રભુ ! એ અનાદિથી હેરાન થઈ ગયો છે, દુઃખી છે. આ..હા..હા...! એ આત્માનું કલ્યાણ કેમ થાય એવા ઇરાદાથી સંતોની વાણી છે. સમજાણું કાંઈ ?

એ અહીં કહ્યું કે, 'અનંત ધર્મોમાં વ્યાપક એવા અનંત નયોમાં વ્યાપનારા...' અનંત નયોમાં વ્યાપનારું શું ? 'એક શ્રુતજ્ઞાનસ્વરૂપ...' આહા..હા...! શ્રુતજ્ઞાન જે ભાવ છે તેમાં અનંત નયો છે. શ્રુતજ્ઞાન છે તે અવયવી છે અને નય છે તે તેનો અવયવ છે. અરે..રે...! આવી વાતું હવે. શરીર એક અવયવી છે, એના હાથ-પગ એ અવયવ છે. એમ શ્રુતજ્ઞાન તે અવયવી છે, એના નય છે તે એક અવયવ છે. એ અનંત નયોમાં વ્યાપક શ્રુતજ્ઞાન. આહા..હા...! અરે..રે...! એ શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ ભાવશ્રુતજ્ઞાન, હોં ! દ્રવ્યશ્રુત નહિ. આહા..હા...! ઓલો પૂછે છે અને જવાબ આ આપે છે. આહા..હા...!

ભાઈ ! તું કેવડો છો ? એણે પૂછ્યું છે કે, હું કોણ છું ? એટલે પછી ભાઈએ અર્થ કર્યો છે, કેવડો છે ? આત્મા કેવડો છે ? કેવડોને હિન્દીમાં શું કહે છે ? કૈસા હૈ ? આહા..હા...! તો કહે છે, આત્મા ઐસા હૈ. અનંત ધર્મોમાં વ્યાપનારો એવો આત્મા છે. એ ધર્મ એટલે શું ? સમ્યગ્દર્શનની અહીં વાત નથી. એનામાં એ જાતના ધારેલા ભાવો (છે) તે ભાવને ધર્મ કહેવામાં આવ્યો છે. રાગને ધાર્યો છે પણ એ રાગરૂપી એક ધર્મ છે. ધર્મ એટલે ભાવ છે. આહા..હા...! ભાઈ ! અરે.. પ્રભુ ! તારા મારગડા જુદા, ભાઈ ! આહા..હા...! અરે..રે...!

ભગવાન તો એમ કહે, આહા..હા...! 'પદ્મનંદિ'માં એક લેખ આવે છે. 'પદ્મનંદિ આચાર્ય' દિગંબર સંત મહામુનિ, જેને એક ભવમાં કેવળજ્ઞાન થવાની લાયકાતવાળા લગભગ છે. 'પદ્મનંદિ પંચવિંશતિ'(ના રચનાર) 'પદ્મનંદિ' મુનિ છે. એણે બ્રહ્મચર્યની વ્યાખ્યા કરી, એવી

કરી, બ્રહ્મચર્યની વ્યાખ્યા કરતાં... કરતાં... કરતાં... પ્રભુ ! તેં શરીરની બ્રહ્મચર્ય પાળ્યું એ બ્રહ્મચર્ય નહિ. મનના વિકલ્પથી બ્રહ્મચર્ય પાળ્યું એ બ્રહ્મચર્ય નહિ. બ્રહ્મ નામ આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ, એમાં ચર્યા નામ રમવું એનું નામ બ્રહ્મચારી છે. આહા..હા...! ખૂબ વ્યાખ્યા કરી. છેલ્લો (અધિકાર) છે. 'પદ્મનંદિ પંચવિંશતિ' કહેવાય છે (પણ) છે છવ્વીસ અધિકાર. બધા જોયા છે ને, હજારો ગ્રંથ – શાસ્ત્રો જોયા છે. 'સમયસાર' તો (સંવત) ૧૯૭૮થી જોઈએ છીએ. કેટલા વર્ષ થયા ? ૫૭.

પછી આચાર્ય મહારાજ કહે છે, પ્રભુ ! હે જુવાનો ! શરીરમાં તમને સુંદરતા લાગે, સ્ત્રી સુંદર લાગે અને એમાં આ મારી વાત સાંભળતા તને ન ગોઠે, પ્રભુ ! માફ કરજે. આહા..હા...! ભાઈ ! મુનિઓ આનંદના નાથ સાગર (એમ કહે છે), અમે તને સત્ય વાત કહીએ છીએ અને એ વાત (સાંભળતા) તને (એમ થાય કે), આવું તે શું ? નિશ્ચય... નિશ્ચય.. નિશ્ચય.. નિશ્ચય કરીને શું કરે છે ? ભાઈ ! તને તને ન રુચે તો માફ કરજે, પ્રભુ ! મારી પાસે શું આશા રાખીશ ? આહા..હા...! ગજબ કરે છે ને ! અમે તો મુનિ છીએ, અમે તો મોક્ષમાર્ગને બતાવનારા મોક્ષમાર્ગી છીએ, મોક્ષમાર્ગ બતાવનારા છીએ. તું બીજી શું આશા અમારી પાસે રાખીશ ? ભાઈ !

મુમુક્ષુ :– જેની દુકાને જે માલ વેંચાતો હોય એ જ માલ મળે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કંદોઈની દુકાને કાંઈ અફીણ મળે ? અફીણવાળો એમ કહે કે, અહીં કેમ અફીણ રાખ્યું નથી ? બાપુ ! અમારી દુકાને તો આ છે. તમે દુકાન માંડીને બેઠાને અમારે અફીણ જોઈએ તો તમારે રાખવા નથી. ભાઈ ! અમારી પાસે આ નથી, અમારી પાસે તો આ પકવાન છે. ભાઈ ! આહા..હા...! એમ દિગંબર સંતો ત્રણ કષાયનો અભાવ કરીને અનુભવની દશામાં ઝુલે છે. અતીન્દ્રિય પ્રચુર આનંદના સ્વામી, અતીન્દ્રિય પ્રચુર આનંદના અનુભવી, એને સંત કહીએ. એ બીજાની પાસે આવી વાત કરતાં (એમ કહે છે કે), ભાઈ ! તમને આ નહિ સમજાય, નહિ ગોઠે (તો) પ્રભુ ! મારી પાસે આશા ન રાખશો, માફ કરજો. ભાઈ ! આહા..હા...! ભાઈ ! મારગ તો આ છે. બીજી રીતે શી રીતે તું માનીશ ? ભાઈ ! આહા..હા...!

અહીં કહે છે, 'એક શ્રુતજ્ઞાનસ્વરૂપ...' સમજ્યા ને ? 'અનંત નયોમાં વ્યાપનારા એક શ્રુતજ્ઞાનસ્વરૂપ...' ભાવશ્રુત. એ 'પ્રમાણ વડે નિરૂપણ કરવામાં આવે...' એટલે જાણવામાં આવે. 'નિરૂપણ' શબ્દ લીધો છે. (એ શ્રુતપ્રમાણ વડે) જાણવામાં આવે તો 'બધી નદીઓના

જળસમૂહના સમવાયાત્મક (સમુદાયસ્વરૂપ) એક સમુદ્રની માફક,...' દરિયો આખો હોય (એમાં) બધી નદી પડી હોય પણ સમુદ્ર તો એક છે ને ? (પહેલાં) બે નદી લીધી હતી એ નહિ, આ તો બધી નદી લીધી, ભાઈ ! આહા..હા...! ઓલામાં તો બે જ લીધી હતી. આ તો બધી નદીઓ. ગંગા ને યમુના ને જેટલી બધી નદીઓ (હોય તે બધી લીધી). આહા..હા...! એકલો દરિયો આખો ઉછળે છે, કહે છે. આહા..હા...!

શ્રુતજ્ઞાન વડે અંદર જોતા... આહા..હા...! એ આ આંખ વડે ન જોવાય, આ ઇન્દ્રિયો વડે ન જોવાય. આહા..હા...! ઇન્દ્રિય તો ઇન્દ્રિયને જાણતી નથી. આંખ આંખ કેવી છે એ જાણે છે ? એ તો આમ (બહાર) જોવે છે. તો ઇન્દ્રિયથી જણાય એવો નથી. આહા..હા...! આવી વાતું હવે. પછી ઓલા કહે છે ને, 'સોનગઢવાળા' નિશ્ચયની વાતું કરીને નિશ્ચયાભાસી છે. વ્યવહારથી લાભ થાય એવો અનેકાંત તો માનતા નથી. અરે...! પ્રભુ ! સાંભળને ભાઈ ! વ્યવહાર છે ખરો પણ એનાથી નિશ્ચય ધર્મ થાય એ વાત ત્રણકાળમાં સાચી નથી. આહા..હા...! એને આશ્રયે ધર્મ થાય નહિ પણ ત્રિલોકના નાથ ભગવાનઆત્મા, અનંત ધર્મનો સમુદાય એવી જે વસ્તુ અને અનંત નયનો સમૂહ એવું જે શ્રુતજ્ઞાન એ વડે આત્માને અંદર જોવો. આહા..હા...! ગજબ વાત કરી છે ! દિગંબર મુનિઓએ તો કેવળજ્ઞાનને ખડું રાખ્યું છે ! આ..હા...! વાત એવી છે, ભાઈ ! આહા..હા...!

શ્રુતજ્ઞાન વડે આખા અનંત ધર્મોના એક સમુદ્રની જેમ બધી નદીઓનો એક સમુદ્ર (છે), એમ અનંત ધર્મોનો એક. 'અનંત ધર્મોને વસ્તુપણે જુદા પાડવા અશક્ય...' છે. જે અનંત ભાવ છે તેને જુદાં પાડવા અશક્ય છે. (આમ) 'હોવાથી આત્મદ્રવ્ય મેચકસ્વભાવવાળું,...' છે. તેથી તે ભેદ સ્વભાવવાળું છે. જુદા જુદા છે. છતાં 'અનંત ધર્મોમાં વ્યાપનારું, એક ધર્મી હોવાને લીધે...' આ..હા..હા...! ભેદવાળો હોવા છતાં અનંત ધર્મોમાં, અનંત ભાવોમાં વ્યાપનારું એક ધર્મી – એક જ વસ્તુ હોવાથી 'યથોક્ત અનેકાન્તાત્મક (અનેકધર્મસ્વરૂપ) છે.' એ અનેકસ્વરૂપ છે. (પહેલાં એમ આવ્યું કે), એક ધર્મને જોતા દ્રવ્યને જોવો તો આત્મા એક ધર્મસ્વરૂપ છે. આ આખા બધાને જોતા તે અનેકાત્મક સ્વરૂપ છે. શું કહે છે આ ? વાણિયાને વખત ન મળે. આહા..હા...! ભગવાન ! તારો અંતર માર્ગ કોઈ જુદી જાત છે, પ્રભુ ! આહા..હા...!

સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માનો (આ પોકાર છે). ત્યાં ભગવાન 'કુંદકુંદાચાર્ય' ગયા હતા. આહા..હા...! સંવત ૪૯માં 'કુંદકુંદાચાર્ય' ભગવાન પાસે ગયા હતા. ભગવાન બિરાજે છે.

પાંચસો ધનુષનો દેહ છે. આઠ દિ' રહ્યા હતા, ભગવાનની વાણી આઠ દિ' સાંભળી. કેટલાક પ્રશ્નો શ્રુતકેવળી પાસેના કરીને નિર્ણય કર્યા, હતા તો સમકિતી મુનિ પણ વિશેષ નિર્મળતા થઈ અને અહીં આવ્યા ને આ શાસ્ત્ર બનાવ્યા. સમજાય છે કાંઈ ? ઝીણી વાત છે, ભાઈ ! આહા..હા...! શ્વેતાંબર શાસ્ત્રો છે એ તો એક સાધુએ કલ્પિત બનાવ્યા (છે). એ કંઈ વીતરાગની વાણી નથી. અર..ર...! આકરું લાગે, પ્રભુ ! શું થાય ? મારગ તો આ છે, પ્રભુ !

કહે છે કે, અંતરના જે અનંત ધર્મો – ભાવ છે, તેમાં વ્યાપનારું જે દ્રવ્ય અને અનંત નયોમાં વ્યાપનારું જે ભાવશ્રુત... આહા..હા...! અનંત ભાવમાં વ્યાપનારું જે દ્રવ્ય અને અનંત નયોમાં વ્યાપનારું જે શ્રુતજ્ઞાન. એ શ્રુતજ્ઞાનથી અંદર જોવો તો અભેદ ભાવ છે. ચૈતન્યમાત્ર તેને દેખવામાં આવશે, કહે છે. અરે..રે...! આવી વાતું છે. ત્યારે તેને સમ્યગ્દર્શન થશે. આહા..હા...! સમ્યક્ નામ જેવડું દ્રવ્ય છે, એની જેટલી તાકાત છે, એ અનંત સ્વભાવથી ભરેલો ભગવાન છે એને યથાર્થ શ્રુતજ્ઞાન વડે અંદર જો તો જોયેલાની પ્રતીત કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. જાણ્યા વિનાની પ્રતીતિ કોની ? આહા..હા...! વિશ્વાસ કરો, પણ કોનો વિશ્વાસ ? જાણી કે ચીજ આ છે તો એનો વિશ્વાસ થાય. આહા..હા...! ઓ..હો...!

'એક સમુદ્રની માફક, અનંત ધર્મોને વસ્તુપણે જુદા પાડવા અશક્ય હોવાથી આત્મદ્રવ્ય મેચકસ્વભાવવાળું,...' છે છતાં 'અનંત ધર્મોમાં વ્યાપનારું, એક ધર્મી હોવાને લીધે...' એ અનંત ધર્મો (છે) પણ વસ્તુ એક છે. 'યથોક્ત અનેકાન્તાત્મક...' છે. આહા..હા..! એને શ્રુતજ્ઞાન દ્વારા... આહા..હા...! એક એક ધર્મને એક નય દ્વારા જોતા પણ જવાનું તો અંદરમાં છે અને શ્રુતજ્ઞાન વડે – પ્રમાણ વડે જોવે તોપણ અંદરમાં જવાનું છે. આહા..હા...! પ્રમાણમાં તો વર્તમાન પર્યાયનું પણ જ્ઞાન આવ્યું પણ પ્રમાણમાં એ આવ્યું છતાં પ્રમાણ દ્રવ્યમાં ઢળે છે ત્યારે તેને રાગનું અને પર્યાયનું યથાર્થ જ્ઞાન થાય છે. શું કહ્યું ઇ ?

શ્રુતજ્ઞાન જે છે, ભાવશ્રુતજ્ઞાન, એનાથી દ્રવ્ય સ્વરૂપ જે ભગવાન પૂર્ણાનંદનો નાથ પરમાત્મા છે એ ભગવાનસ્વરૂપ છે, એની નજરું પડતાં તેને પ્રમાણજ્ઞાન કહે છે. પ્રમાણમાં દ્રવ્યનો સ્વભાવ છે તેનું જ્ઞાન થયું અને પર્યાયમાં જેટલા ભાવો છે તેનું પણ જ્ઞાન થયું. પણ ઓલા દ્રવ્યનું જ્ઞાન થયું ત્યારે પર્યાયનું જ્ઞાન યથાર્થ થયું. આહા..હા...! સમજાણું કાંઈ ? આકરી વાત, ભાષા જરી આવી (છે). એવો માર્ગ છે, ભાઈ !

કહે છે કે, અનંત સ્વભાવો એના પર્યાયના, ગુણના, દ્રવ્યના ભાવો અનંત અનંત છે એ અનંત ધર્મમાં વ્યાપક એક દ્રવ્ય છે. એમ એક એક ધર્મને જોનારો એક જ્ઞાનનો અંશ

એ એક એક ધર્મને જોઈને પણ અનંત ધર્મવાળું તત્ત્વ છે તેને જોવાનું છે અને અનંત નયોથી વ્યાપ્ત એવું જે ભાવશ્રુતજ્ઞાન એ ભાવશ્રુતજ્ઞાન વડે પણ અંદર જોવાનું છે. પ્રમાણમાં પર્યાયનું જ્ઞાન થાય છે પણ અંદર જોતા એને દ્રવ્યનું જ્ઞાન યથાર્થ થાય ત્યારે પર્યાયનું જ્ઞાન યથાર્થ થાય છે. આહા..હા...! ગજબ વાત કરી છે ને ! સંતો દિગંબર મુનિઓએ તો કાળા કેર કરી નાખ્યા છે ! સંસારના ભૂકા ઊડાવી દીધા ! આહા..હા...!

મુમુક્ષુ :– આમ તો દિગંબર મુનિઓ દેખાતા નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ દિગંબર મુનિનો પોકાર છે. અત્યારે તો શું કહીએ ? પ્રભુ ! અરે...! અત્યારે તો મુનિ નામ ધરાવીને આવી વાત કરે છે કે, અત્યારે તો શુભજોગ જ હોય, શુભ ઉપયોગ જ હોય. ક્રિયા કરે ને આ, એ ક્રિયા પણ દયા, દાન ને વ્રતની સાધારણ (ક્રિયા). અત્યારે શુભજોગ જ હોય, આવો શુદ્ધ ધર્મ ને શુદ્ધની પ્રતીતિ ને એવું અત્યારે હોય જ નહિ, એમ કહે છે. આહા..હા...! અરે..રે...! છાપામાં આવ્યું છે. (ઇ કહે), બધા સાધુઓ શુભભાવવાળા જ છે. એથી આગળ શુદ્ધની શ્રદ્ધા, જ્ઞાન(વાળા કોઈ નથી) અને શુભભાવ જ ધર્મ છે અત્યારે તો. અર..ર...ર...! શુભભાવ એક ભાવનો એક નયનો અંશ છે તેને જાણનારું છે. આ..હા...! છતાં તેને જોઈને પણ પછી અંદરમાં જાવાનું છે એ વાત તો રહી ગઈ. આ..હા...! શું થાય ?

'ઋષભદેવ' ભગવાનના વખતમાં ચાર હજાર સાધુઓએ સાથે દીક્ષા લીધી. ભગવાન તો ચાર જ્ઞાનના ધણી ! છ મહિના સુધી આહાર ન મળ્યો તોપણ આનંદમાં લહેર છે. ચાર હજાર મિત્રો હતા એટલે (દીક્ષા લઈ લીધેલી પણ) સહનશક્તિ ન મળે. સમ્યગ્દર્શન નહિ. એટલે પછી જુદા જુદા વેશ પહેરવા માંડ્યા. આ..હા...! ઉપરથી દેવનો પ્રહાર આવ્યો, જુઓ ! આ વેશમાં રહીને બીજી રીતે તમારે માટે ખાવાનું આદિ બને તો છોડી દ્યો વેશ ! એ વખતે તો કાળ એવો (હતો તો) વિપરીત કરનારાઓને દેવોએ રોક્યા. અત્યારે કોણ રોકે ? પ્રભુ ! ચોર કોટવાળને દંડે એવું છે. એ..! 'સોનગઢ'ની વાતું એકાંત છે... એકાંત છે. એમ પોકાર કરે છે ને ? બાપુ ! ભાઈ ! એ પોકાર કર, બાપા ! ભાઈ ! તને ખબર નથી. આહા..હા...! આ તો ભગવાનની વાત છે. આહા..હા...!

ત્રિલોકના નાથ જિનેશ્વરદેવ પાસે ગયા હતા ત્યાંથી અંતરથી જ્ઞાન તો હતું પણ વિશેષ નિર્મળ થયું એટલે ભગવાન 'કુંદકુંદાચાર્ય'.. આ..હા..હા...! 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો' ત્રીજે નંબરે આવ્યા, ગણધર પછી એ આવ્યા. 'જૈન ધર્મોસ્તુ

મંગલં' આ..હા..હા...! એ 'કુંદકુંદાચાર્ય'ની આ વાણી છે. એની ટીકા કરનારે પણ એનું સ્પષ્ટ કર્યું છે. ભાઈ ! તને આકરું લાગે તો વારંવાર એનો વિચાર કરવો. આહા..હા...! સમજાણું કાંઈ ? પ્રભુ ! તારા હિતના પંથની વાત છે ને ! તું સુખી કેમ થા ? અને આનંદનો સ્વભાવ તને પૂર્ણ કેમ પ્રગટે ? એની આ વાત છે, પ્રભુ ! આ..હા..હા...! તને ન સમજાય માટે તને એમ ન લાગવું જોઈએ કે, આ વસ્તુ આવી કેવી છે ? આ શું છે ? સમજવા માટે પ્રયત્ન કરવો. આ..હા..હા...!

કૌંસમાં છે ને ? '(જેમ એક વખતે એક નદીના જળને જાણનારા...)' એક વખતે એક નદીના જળને જાણનારા '(જ્ઞાનાંશ વડે જોવામાં આવે તો સમુદ્ર એક નદીના જળસ્વરૂપ જણાય છે,...)' એક ધર્મથી આખો દરિયો જણાય. '(તેમ એક વખતે એક ધર્મને જાણનારા...)' સ્વથી છે, પરથી નથી એવો કોઈપણ એક ધર્મ. '(એક નયથી જોવામાં આવે તો આત્મા એક ધર્મસ્વરૂપ જણાય છે;...' એક ધર્મસ્વરૂપ પણ છે. આહા..હા...! ધર્મ એટલે આ સમ્યગ્દર્શન નહિ. એનામાં પર્યાયમાં રાગાદિ, અસ્તિત્વ આદિ, વસ્તુત્વ આદિ સ્વભાવ જે છે એને અહીં ધર્મ નામ ભાવ કહેવામાં આવ્યા છે. છે ?

'(પરંતુ જેમ એકીસાથે સર્વ નદીઓનાં જળને જાણનારા જ્ઞાન વડે જોવામાં આવે તો સમુદ્ર સર્વ નદીઓના જળસ્વરૂપ જણાય છે, તેમ એકીસાથે સર્વ ધર્મોને જાણનારા પ્રમાણ વડે જોવામાં આવે...)' પહેલા નયથી જોવાનું (કહ્યું) હતું. એક નદીના પાણીથી જોતાં પણ આખો સમુદ્ર જોવાણો. હવે આખી બધી નદીઓના પાણીથી આખા સમુદ્રને જોવામાં આવે છે. આહા..હા...! '(એકીસાથે સર્વ ધર્મોને જાણનારા પ્રમાણ વડે જોવામાં આવે તો આત્મા અનેક ધર્મસ્વરૂપ જણાય છે).' ભારે, 'અમૃતચંદ્રાચાર્ય' ટીકા કરનારે પણ ગજબ કામ કર્યા છે ! આહા..હા...! ઓલા પેંથીએ પેંથીએ જેમ તેલ પૂરેને ! એમ નથી કહેતા ? પેંથીએ પેંથીએમાં તો વળી બે-પાંચ વાળ ભેગા હોય. આ તો એક એક વાળે (તેલ નાખ્યું છે). પેંથીએ એટલે એમાં બે-પાંચ-દસ વાળ ભેગા હોય, આ તો એક એક વાળે ! આહા..હા...!

'(પ્રમાણ વડે જોવામાં આવે તો આત્મા અનેક ધર્મસ્વરૂપ જણાય છે. આ રીતે એક નયથી જોતાં આત્મા એકાંતાત્મક છે...)' એક ધર્મથી જોતા એકસ્વરૂપે છે (અને) '(પ્રમાણથી જોતાં અનેકાંતાત્મક છે).' આહા..હા...! સમજાય છે કાંઈ ? ભાષા તો સાદી છે પણ ભાવ તો જે હોય એ આવે. એમાં ગમે તેટલી હળવી ભાષા કરે પણ ભાવ તો હોય એ આવે ને ? આ..હા...!

'(હવે એ જ આશયને કાવ્ય દ્વારા કહીને 'આત્મા કેવો છે' એ **વિષે**નું કથન પૂરું કરવામાં આવે છે :)' છે ? કેવો છે એ પૂછ્યું હતું. અનંત ધર્મમાં વ્યાપક છે એવું બતાવ્યું એ કથન પૂરું થાય છે. એ **વિશેષ** આવશે...

શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !

स्यात्कारश्रीवासवश्यैर्नयौघैः
पश्यन्तीत्थं चेत् प्रमाणेन चापि।
पश्यन्त्येव प्रस्फुटानन्तधर्म-
स्वात्मद्रव्यं शुद्धचिन्मात्रमन्तः ।।१९।।

इत्यभिहितमात्मद्रव्यमिदानीमेतदवाप्तिप्रकारोऽभिधीयते-अस्य तावदात्मनो नित्यमेवानादिपौद्गलिककर्मनिमित्तमोहभावनानुभावघूर्णितात्मवृत्तितया तोयाकरस्येवात्मन्येव क्षुभ्यतः क्रमप्रवृत्ताभिरनन्ताभिर्ज्ञप्तिव्यक्तिभिः परिवर्तमानस्य ज्ञप्तिव्यक्तिनिमित्ततया ज्ञेयभूतासु बहिरर्थव्यक्तिषु प्रवृत्तमैत्रीकस्य शिथिलितात्मविवेकतयात्यन्तबहिर्मुखस्य पुनः पौद्गलिककर्मनिर्मापकरागद्वेषद्वैत-मनुवर्तमानस्य दूरत एवात्मावाप्तिः। अथ सदा त्वयमेव प्रचण्डकर्मकाण्डोच्चण्डीकृता-खण्डज्ञानकाण्डत्वेनानादिपौद्गलिककर्मनिर्मितस्य मोहस्य वध्यघातकविभागज्ञानपूर्वकविभागकरणात् केवलात्मभावानुभावनिश्चलीकृतवृत्तितया तोयाकर इवात्मन्येवातिनिष्प्रकम्पस्तिष्ठन् युगपदेव व्याप्यानन्ता ज्ञप्तिव्यक्तीरवकाशाभावान्न जातु विवर्तते, तदास्य ज्ञप्तिव्यक्तिनिमित्ततया ज्ञेयभूतासु बहिरर्थव्यक्तिषु न नाम मैत्री प्रवर्तते; ततः सुप्रतिष्ठितात्मविवेकतयात्यन्तमन्तर्मुखीभूतः पौद्गलिककर्मनि-र्मापकरागद्वेषद्वैतानुवृत्तिदूरीभूतो दूरत एवाननुभूतपूर्वमपूर्वज्ञानानन्दस्वभावं भगवन्तमात्मानमवाप्नोति। अवाप्नोत्वेव ज्ञानानन्दात्मानं जगदपि परमात्मानमिति।

[ હવે એ જ આશયને કાવ્ય દ્વારા કહીને 'આત્મા કેવો છે' એ વિષેનું કથન પૂરું કરવામાં આવે છે : ]

[ અર્થ :– ] આ રીતે સ્યાત્કારશ્રીના (સ્યાત્કારરૂપી લક્ષ્મીના) વસવાટને વશ વર્તતા નયસમૂહો વડે (જીવો) જુએ તોપણ અને પ્રમાણ વડે જુએ તોપણ સ્પષ્ટ અનંત ધર્મોવાળા નિજ આત્મદ્રવ્યને અંદરમાં શુદ્ધચૈતન્યમાત્ર દેખે છે જ.

એ રીતે આત્મદ્રવ્ય કહેવામાં આવ્યુ. હવે તેની પ્રાપ્તિનો પ્રકાર (રીત) કહેવામાં આવે છે :

પ્રથમ તો, અનાદિ પૌદ્ગલિક કર્મ જેનું નિમિત્ત છે એવી મોહભાવનાના (મોહના અનુભવના) પ્રભાવ વડે આત્મપરિણતિ સદાય ઘૂમરી ખાતી હોવાથી આ આત્મા સમુદ્રની માફક પોતામાં જ ક્ષુબ્ધ થતો થકો ક્રમે પ્રવર્તતી અનંત જ્ઞપ્તિવ્યક્તિઓ વડે પરિવર્તન પામે છે, તેથી જ્ઞપ્તિવ્યક્તિઓનાં

નિમિત્તરૂપ હોવાથી જે જ્ઞેયભૂત છે એવી બાહ્યપદાર્થવ્યક્તિઓ પ્રત્યે તેને મૈત્રી પ્રવર્તે છે, તેથી આત્મવિવેક શિથિલ થયો હોવાને લીધે અત્યંત બહિર્મુખ એવો તે ફરીને પૌદ્ગલિક કર્મને રચનારા રાગદ્વેષદ્વૈતરૂપે પરિણમે છે અને તેથી તેને આત્મપ્રાપ્તિ દૂર જ છે. પરંતુ હવે જ્યારે આ જ આત્મા પ્રચંડ કર્મકાંડ વડે અખંડ જ્ઞાનકાંડને પ્રચંડ કરવાથી અનાદિ–પૌદ્ગલિક–કર્મરચિત મોહને વધ્યઘાતકના વિભાગજ્ઞાનપૂર્વક વિભક્ત (જુદો) કરવાને લીધે (પોતે) કેવળ આત્મભાવનાના (આત્માના અનુભવના) પ્રભાવ વડે પરિણતિ નિશ્ચળ કરી હોવાથી સમુદ્રની માફક પોતામાં જ અતિ નિષ્કંપ રહેતો થકો અકીસાથે જ અનંત જ્ઞપ્તિવ્યક્તિઓમાં વ્યાપીને અવકાશના અભાવને લીધે બિલકુલ વિવર્તન (પરિવર્તન) પામતો નથી, ત્યારે જ્ઞપ્તિવ્યક્તિઓનાં નિમિત્તરૂપ હોવાથી જે જ્ઞેયભૂત છે એવી બાહ્યપદાર્થવ્યક્તિઓ પ્રત્યે તેને ખરેખર મૈત્રી પ્રવર્તતી નથી અને તેથી આત્મવિવેક સુપ્રતિષ્ઠિત (સુસ્થિત) થયો હોવાને લીધે અત્યંત અંતર્મુખ થયેલો એવો આ આત્મા પૌદ્ગલિક કર્મને રચનારા રાગદ્વેષદ્વૈતરૂપ પરિણતિથી દૂર થયો થકો પૂર્વે નહિ અનુભવેલા અપૂર્વ જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન આત્માને અત્યંતપણે જ પ્રાપ્ત કરે છે. જગત પણ જ્ઞાનાનંદાત્મક પરમાત્માને પ્રાપ્ત કરો જ.

**ભાદરવા વદ ૧૦, શનિવાર**
**તા. ૧૫-૦૯-૧૯૭૯**
**શ્લોક–૧૯, પ્રવચન નં. ૨૭૨**

'પ્રવચનસાર' ૧૯ કળશ છે. છે ને ?

**स्यात्कारश्रीवासवश्यैर्नयौघैः**
**पश्यन्तीत्थं चेत् प्रमाणेन चापि।**
**पश्यन्त्येव प्रस्फुटानन्तधर्म-**
**स्वात्मद्रव्यं शुद्धचिन्मात्रमन्तः ।।१९।।**

'આ રીતે સ્યાત્કારશ્રીના (સ્યાત્કારરૂપી લક્ષ્મીના) વસવાટ...' એટલે કે કથંચિત્ રાગ પણ છે, કથંચિત્ ગુણ પણ ત્રિકાળ છે, સ્વપણે પણ છે, પરપણે નથી એવા સ્યાત્કાર એટલે અપેક્ષાએ જે જ્ઞાન છે તેને સ્યાત્કારરૂપી લક્ષ્મી (અર્થાત્) ભગવાનનો માર્ગ આ રીતે અનેકાંત છે. એકાંત શુદ્ધ જ છે, એકાંત અશુદ્ધ જ છે, એકાંત સ્વપણે જ છે, એકાંત પરપણે નથી

એમ એકાંત નથી. સ્વપણે છે, પરપણે નથી, રાગપણે પણ છે અને શુદ્ધ સ્વભાવપણે પણ છે. આહા..હા...! નયનો વિષય જરી સૂક્ષ્મ છે.

સ્યાત્ એટલે અપેક્ષાથી કહેવું. '(સ્યાત્કારરૂપી લક્ષ્મીના) વસવાટને વશ વર્તતા નયસમૂહો વડે...' એ પર્યાયમાં રાગ છે, સ્વપણે અસ્તિ, પરપણે નાસ્તિ, રાગનો કર્તા છે, રાગનો અકર્તા છે, રાગનો ભોક્તા છે, રાગનો અભોક્તા છે. એવી જે નયની લક્ષ્મી.. આહા..હા...! તેના વડે, એને 'વર્તતા નયસમૂહો વડે (જીવો) જુએ...' આહા..હા...! 'તોપણ અને પ્રમાણ વડે જુએ તોપણ...' નયસમૂહ વડે જોવે, એક એક નયથી જોવે કે નયસમૂહ વડે જોવે કે પ્રમાણ વડે જોવે. દ્રવ્ય અને પર્યાય બેયને જાણનારું શ્રુતપ્રમાણ તે વડે જોવે... આહા..હા...! તો 'સ્પષ્ટ અનંત ધર્મોવાળા...' પ્રગટ અનંત ભાવને ધરનારા ધર્મોવાળું 'નિજ આત્મદ્રવ્ય...' પોતાનું આત્મદ્રવ્ય સ્વરૂપ ત્રિકાળી. આહા..હા...! બહુ ઝીણું.

એક કોર રાગનો કર્તા પણ જાણવો અને એક કોર રાગનો અકર્તા પણ જાણવો. એવો નય છે. એક કોર રાગનો ભોક્તા પણ જાણવો. ઓલા આવવાના છે ને ? 'સરદારશહેર'વાળા. આજે ન આવ્યા, તાર આવ્યો છે, મંગળવારે આવશે. એક કોર રાગને ભોક્તા પણ જાણવો. આહા..હા...! અને એક કોર રાગને અભોક્તા પણ જાણવો એ નય છે. જ્ઞાનાંશ વડે એક એક નયને જાણતા, એક એક ધર્મને જાણતા આખી ચીજ ભગવાન નિજ આત્મદ્રવ્ય તેને જોવે, અંતર્મુખ દૃષ્ટિ કરે કે પ્રમાણ વડે જોવે અને અંતર્મુખ દૃષ્ટિ કરે તો નિજ આત્મદ્રવ્ય. ભગવાનનું આત્મદ્રવ્ય એમ નહિ. નિજ આત્મદ્રવ્ય. બહુ ઝીણી વાતું, ભાઈ ! આહા..હા...!

જેમાં અનંત અનંત પુરુષાર્થ છે. આહા..હા...! અંતર્મુખ વળવું, ગમે તેટલા નયોના પ્રકાર કહ્યા, એને જાણીને પણ અંતર્મુખ જોવું. આહા..હા...! પ્રમાણ વડે પણ અંતર્મુખ વળવું અને નય વડે પણ અંતર્મુખ વળવું. આહા..હા...! એવો બહુ ઝીણો વિષય. એવું નિજ આત્મદ્રવ્ય, એને 'અંદરમાં શુદ્ધચૈતન્યમાત્ર દેખે છે જ.' આ..હા..હા...! અંતર પ્રભુ અનેક નય – ધર્મ ધારનાર એવો ભગવાન, અનંત નયોના ધર્મમાં વ્યાપેલો ભગવાન, એને નયથી જોવે તોપણ અંદર જોવાનું છે. આ..હા...! નયથી જોઈને પણ અંદર જોવાનું છે અને પ્રમાણથી જોવે તોપણ અંદરમાં જોવાનું છે. આહા..હા...! પ્રમાણ એટલે કે દ્રવ્ય અને પર્યાય બેયને જાણે. એવા વડે પણ જોવાનું તો અંદર છે. આ..હા...! ઝીણો વિષય છે, ભાઈ !

પરદ્રવ્ય તેને નુકસાન કરનાર નથી. એ હમણાં કહેશે. એ પોતાની જ્ઞપ્તિશક્તિની વ્યક્તતામાં એ તો નિમિત્ત છે. પરદ્રવ્ય આત્માને નુકસાન કરનાર નથી. આહા..હા...! તેમ

પરદ્રવ્ય આત્માને લાભકર્તા નથી. આહા..હા...!

મુમુક્ષુ :- બજારમાં ભાવ ઘટી જાય તો નુકસાન તો થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ભાવ કોનો ઘટે ? ભાવ કોને કહેવો ? જે ચીજ છે એનું ભાવ સ્વરૂપ તો એનામાં છે. એક ફેરી કહ્યું હતું. એક ફેરી પ્રશ્ન કર્યો હતો ને ? સોનાનો ભાવ શું છે ? તો કોઈ કહે કે, પાંચસો રૂપિયાનો તોલો ને ઢીંકણું. એ સોનાનો ભાવ કહેવાય ? સોનાનો ભાવ તો ચીકાશ, પીળાશ, વજન એ એનો ભાવ છે. આ તો લોકોએ કલ્પેલો ભાવ છે. પચીસ રૂપિયાનો તોલો હતો. બાર રૂપિયાનો ગદિયાણું હતો અમારા વખતમાં. બાર રૂપિયાનો અડધો તોલો. ચોવીસ રૂપિયાનો તોલો. અત્યારે કેટલો થઈ ગયો ? ચૌદસો રૂપિયા તોલાના ! એ વખતે ચોવીસ રૂપિયા હતા. ભાવ એનો વધ્યો કે કલ્પેલો ભાવ છે એ વધ્યો ? એ તો કલ્પેલો ભાવ છે. એનો સોનાનો ભાવ છે પીળાશ, ચીકાશ, વજન તો કાયમ છે. એમાં કાંઈ વધઘટ છે નહિ. આહા..હા...!

મુમુક્ષુ :- આપની દુકાન જ જુદી જાતની છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- વસ્તુસ્થિતિ આવી છે. આહા..હા...!

એમ આત્માનો ભાવ એ શું ? આત્માનો ભાવ તો જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ આદિ એ આત્માનો ભાવ છે. એનો ભાવ ઘટેવધે છે ? એ ઘટેવધે એમ માન્યતા જે છે કે, રાગથી મારી દશા ઘટી ગઈ અને વીતરાગતાથી મારી દશા વધે, એમ છે નહિ. વસ્તુ એમ નથી. એ અંતરમાં દૃષ્ટિ કરે ત્યારે શાંતિની વૃદ્ધિ થાય અને બહારની દૃષ્ટિ રાખે તો મિથ્યાદૃષ્ટિ અંશમાં મિથ્યાદૃષ્ટિ થઈ જાય. આહા..હા...! આ એનો (ભાવ) છે.

પર્યાયમાં રાગ છે એ પણ એનો ભાવ છે અને દ્રવ્યમાં ત્રિકાળી સ્વભાવ છે એ પણ એનો એક ભાવ છે. ઓલો પર્યાય ભાવ છે, આ શક્તિ – ગુણ ભાવ છે. આહા..હા...! ઝીણી વાતું બહુ, ભાઈ ! આહા..હા...! સમ્યગ્દર્શન એટલે શું ? આ..હા..હા...! જેમાં એક એક ધર્મને જાણનારી એક એક નય તે નયના સમૂહ વડે જોવો તો અંદરમાં દ્રવ્ય ચૈતન્યમાત્ર દેખે જ છે. એને સમકિત અને એને સમ્યક્જ્ઞાન કહીએ. આહા..હા...! બાકી ભણી ગયો અગિયાર અંગ ને શાસ્ત્ર ભણ્યો માટે જ્ઞાની છે એમ છે નહિ. આ..હા...! બહુ ઝીણું, બાપુ ! આહા..હા...! સમજાણું કાંઈ ?

અહીં કહે છે કે, અમે જે ૪૭ નય કીધી એમ અનંત નયો છે. એના ગુણો અને પર્યાયના સ્વભાવની અનંતતા છે. એ અનંત નયો એક એક ધર્મને જોવે તોપણ જોઈને

અંતરમાં ચૈતન્યદ્રવ્ય ઉપર જાવાનું છે. આહા..હા...! જ્યાં દ્રવ્ય ચૈતન્ય ત્રિકાળી 'નિજ આત્મદ્રવ્યને અંદરમાં...' અંદરમાં, પર્યાયમાં નહિ, દ્રવ્યમાં. આહા..હા...! અરે...! આવી વાતું છે. મારગ આ છે. આહા..હા...! શું થાય પણ હવે ? અત્યારે માર્ગ વિંખાય ગયો. હવે એને આ રીતે કહેવું કઠણ પડે. વસ્તુની સ્થિતિ આવી છે, ભાઈ ! આહા..હા...!

પરને લઈને વિકાર થયો છે, એમ નથી. અને પરને લઈને આત્મામાં શાંતિ મળે, એમ નથી. સ્વને લઈને રાગ થાય છે અને સ્વને લઈને લાભ થાય છે. આહા..હા...! એ લાભ સ્વને લઈને ક્યારે થાય ? કે, જે આ ૪૭ નયો છે તેને એક એક નયને એક એક ધર્મને જાણતા... આહા..હા...! આ તો એકલો જ્ઞાનનો વિષય છે, પ્રભુ ! આહા..હા...! આમાં ક્રિયાકાંડનો રાગ છે, વ્યવહારનો રાગ છે પણ એ એક નયનો વિષય છે, એ એક ભાવ છે. એવા અનંતા ભાવો આત્માએ ધારી રાખેલા છે. એથી રાગને લઈને અંતરમાં જઈ શકે, એમ નહિ. તેમ રાગને લઈને નિશ્ચય થાય, એમ નહિ. પણ રાગ છે તેનું જ્ઞાન કરી, લક્ષમાં લઈ અને અંતરમાં જાય ત્યારે તેને અંદરમાં નિજ આત્મદ્રવ્ય 'ચૈતન્યમાત્ર દેખે છે જ.' આહા..હા...! અરે..રે...! આવી વાતું. પહેલા એની શ્રદ્ધામાં તો સુધારો કરે. આહા..હા...! કે રાગથી મને લાભ થશે, પર્યાયબુદ્ધિથી મને ધર્મ થશે એવી જે બુદ્ધિ છે એ મિથ્યાત્વ છે. આહા..હા...! એને હજી શ્રદ્ધાથી સુધારે તો ખરો કે, માર્ગ તો આ છે. આહા..હા...! એ સ્યાત્કાર ઘણી ગજબ વાત !

'અમૃતચંદ્રાચાર્ય' હજાર વર્ષ પહેલા (થયા) પણ કેવળીના વિરહ ભૂલાવે એવી વાતું કરી છે. દિગંબર સંત, આમ ઝુલતા, ચાલતા સિદ્ધ હતા. અહીં ભરતક્ષેત્રમાં હતા. આહા..હા...! એ આનંદમાં ઝુલતા (હતા). અતીન્દ્રિય આનંદમાં, પ્રચુર અતીન્દ્રિય આનંદના વેદનમાં ઝુલતા હતા. આ..હા...! એ એમ કહે છે, પ્રભુ ! એકવાર સાંભળ ! ભગવંત ! તું પણ ભગવાન છો, પ્રભુ છો, આત્મા છો ! મારા સાધર્મી તરીકે પ્રભુ તું ભગવાન છો ! આ..હા..હા...! તું વસ્તુ છો, પ્રભુ ! એનું સન્માન કરવું, સત્ - માન કરવું. સત્ સ્વરૂપ જે પ્રભુ છે એનું માન કરવું, બહુમાન કરવું. અંતર દૃષ્ટિ લઈ (જઈને) તેનું બહુમાન કરવું. એ આત્માનું સન્માન છે. આહા..હા...! અને રાગમાં રોકાયને આત્માનો અનાદર કરવો એ આત્માનું અસન્માન છે, અસત્માન છે. આહા..હા...!

પહેલું પરદ્રવ્ય પ્રત્યે મમતા છે તે હું નહિ, એમ કરવું અને પછી પરદ્રવ્ય પ્રત્યેની જે મમતા છે તે હેય છે એમ જાણી ઉપાદેય તરફ વળવું, એમ કહે છે. આહા..હા...! પરદ્રવ્ય

પ્રત્યેની મમતા છે તો એ પરદ્રવ્ય હું નથી, એમ પહેલું (નક્કી) કરવું પછી પરદ્રવ્ય પ્રત્યે જે રાગાદિ થાય છે, એ રાગ ઉપાદેય નથી, જાણવા લાયક છે. નયથી જાણવા લાયક છે. આહા..હા...! વ્યવહાર જાણેલો પ્રયોજનવાન (છે). ભાઈ ! ગજબ કરી છે ને ! જ્યાં ત્યાં કોઈપણ (વાત) જોવો, દિગંબર શાસ્ત્ર કોઈપણ જોવો પણ પૂર્વાપર વિરોધ રહિત વાતું છે, બાપુ ! આહા..હા...!

અગિયારમી ગાથામાં એમ કહ્યું, **'ववहारोऽभूदत्थो'** પ્રભુ ! જે પર્યાયો છે એ બધી જૂઠી છે. એટલે ? છે નહિ, એમ નહિ. પણ તેને ગૌણ કરી અને જૂઠી કહીને **'भूदत्थो देसिदो दु सुद्धणओ'** ભૂતાર્થ જે સત્યાર્થ પ્રભુ ત્રિકાળ છે તે શુદ્ધનય છે, તે વસ્તુ છે. આહા..હા...! પર્યાય નથી, એમ નહિ. તો તો વેદાંત થઈ જશે પણ પર્યાયને ગૌણ કરીને અભૂતાર્થ કીધી છે. બિલકુલ પર્યાય નથી જ તો તો સિદ્ધ પણ પર્યાય છે, કેવળજ્ઞાન પણ પર્યાય છે, નિશ્ચય મોક્ષમાર્ગ છે એ પણ પર્યાય છે. પણ પર્યાયનું લક્ષ છોડાવી અને દ્રવ્ય ત્રિકાળીનું (લક્ષ કરાવ્યું છે). એનું (-પર્યાયનું) જ્ઞાન કરવાનું છે, છે એમ, પણ એટલું જ છે એમ લક્ષ ન કરતાં આખું છે. આહા..હા...!

સત્ મહાપ્રભુ એના ઉપર દૃષ્ટિ કરતાં 'નિજ આત્મદ્રવ્યને અંદરમાં...' - અંતરાત્માને અંતરમાં 'શુદ્ધચૈતન્યમાત્ર...' શુદ્ધ ચૈતન્યમાત્ર એટલે ચૈતન્યની સાથે અનંતા ગુણો છે પણ ચૈતન્યમાત્રની મુખ્યતા કરી. શુદ્ધ ગુણસ્વભાવ માત્ર દેખે જ છે. આહા..હા...! આવી વાતું આકરી પડે, શું થાય ? અરે...! ભાઈ ! સમ્યગ્દર્શનને પામવાની આ રીત છે. એ સિવાય સમ્યગ્દર્શન કદાપિ ત્રણકાળ ત્રણલોકમાં થતું નથી. છતાં અહીં કહેશે, રાગની મંદતા હોય છે અને તેનાથી છૂટીને નિશ્ચયમાં (જાય છે). છતાં તેનાથી થાય એમ પણ કથન આવે છે. આહા..હા...! પણ એનાથી થાય એટલે ક્યારે ? કે, રાગ છે તેને જાણીને એનાથી છૂટીને અંદરમાં જાય. આહા..હા...! જ્યાં પ્રભુ પૂર્ણ બિરાજે છે, ભૂતાર્થ છે, સત્યાર્થ છે, પૂર્ણ સત્ સાહેબ (છે). ઓલા 'કબીર' સાહેબ, સાહેબ કરે છે ને ? એ નહિ. આહા..હા...! ઇ સાહેબ સાહેબ કરે છે એ સિદ્ધ છે એના કરતા પણ આગળના સાહેબ છે, એમ કહે છે. એ એકાંત છે. અહીં તો સત્ સાહેબ અહીં રહે છે. આ..હા...!

ભૂતાર્થ કહો કે સત્યાર્થ (કહો). અગિયારમી ગાથા જૈનદર્શનનો પ્રાણ છે. અગિયારમી ગાથા જૈનદર્શન, વિશ્વદર્શનનો પ્રાણ છે. વિશ્વદર્શન એટલે બધા દર્શનો એમ નહિ. વિશ્વદર્શન એટલે જૈન સ્વરૂપ છે એ વિશ્વને જોનારું છે. સમસ્ત પદાર્થને, અનંત ગુણ, દ્રવ્યને જોનારું

એવું જે વિશ્વદર્શન, જૈનદર્શન તે જૈનદર્શનની પર્યાય છે એવું જાણતા છતાં દ્રવ્ય સ્વભાવ તરફ ઢળવાનું છે. અરે...! આવી વાતું છે. સમજાણું કાંઈ ? આહા..હા...! આ તો માર્ગ એકાંત આવો થઈ જાય છે ને, એમ કહે. પ્રભુ ! પણ માર્ગ આમ જ છે. એ હજી અંદર કહેશે કે, કર્મકાંડથી નિશ્ચય જ્ઞાનકાંડ પ્રાપ્ત થાય. એમ પછી આવશે. એ તો નિમિત્તનું કથન છે. આહા..હા...! વ્યવહાર હોય છે એટલું સિદ્ધ કરવા એ વાત કરી પણ વ્યવહારથી થાય છે એ તો વ્યવહારનયનું કથન છે. આહા..હા...! અરે...! શું થાય ? 'સમ્યક્જ્ઞાન દીપિકા'માં આનો અર્થ કર્યો નથી. આ એક બોલ કાઢી નાખ્યો છે. એમ કે, કોઈ એકાંત ન લઈ જાય એટલી વાત. આ તો એક જ્ઞાન કરાવવા વાત કરી છે. આ..હા...!

અહીં કહે છે કે, એની પર્યાયમાં રાગની મંદતા હો, એને જાણીને અને આત્મા અસ્તિ છે, પરથી નાસ્તિ છે એમ જાણીને એ એક એક નયનો વિષય થયો. ભગવાન તો અનંત નયના સમૂહથી એકરૂપ વસ્તુ અંદર છે. આહા..હા...! હવે આવો ઉપદેશ. સમજાય છે કાંઈ ? સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ ત્રિલોકનાથ આ કહેતા હતા તે સંતો જગતને કહે છે. આહા..હા...! એ માર્ગ વીતરાગ પરમાત્માનો છે. એવો વીતરાગ પરમાત્મા પ્રભુ તું છો ! એનું સ્વરૂપ જ વીતરાગ પરમાત્મા પરમેશ્વર સ્વરૂપ છે. ૩૮ ગાથામાં આવ્યું છે ને ? પોતાના પરમેશ્વરને ભૂલી ગયો છે. જેમ દાતણ કરતાં દાંતનું સોનું હોય એ નડે (એટલે) આમ કાઢીને મૂકે. આમ આમ ઘસવું હોય (એટલે કાઢીને મૂકે), ભૂલી ગયો પાછું કે ક્યાં મૂકી છે ? એમ ભગવાનઆત્મા અનંત અનંત ગુણનો પિંડ પ્રભુ તેને ભૂલી ગયો છે. પોતાના પરમેશ્વરને ભૂલી ગયો છે. પર પરમેશ્વરને તેં જાણ્યા અને આદર્યા. દેવ-ગુરુ-શાસ્ત્ર સવારમાં આવ્યું હતું ને ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા તો અભવી પણ નવમી ગ્રૈવેયક ગયો ત્યારે કરી હતી. 'ટોડરમલ'ના 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે. એ તો રાગ છે. ભગવાનઆત્મા નિજ પરમાત્મદ્રવ્ય તેની અંતર્મુખ થઈને પ્રતીતિ કદી કરી જ નથી. આહા..હા...! એ શું કીધું ?

અપેક્ષાથી 'વસવાટને વશ વર્તતા નયસમૂહો વડે (જીવો) જુએ...' એને નયસમૂહથી જોવે. આહા..હા...! એ વાતું કાંઈ વાતું નથી, બાપુ ! આહા..હા...! અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ (છે), નયસમૂહથી જોઈને પણ અંદરમાં જો, પ્રમાણથી ભલે દ્રવ્ય અને પર્યાયનું જ્ઞાન કર, એ જ્ઞાન હો, પણ જ્ઞાન હોઈને જેમાં પર્યાયનો નિષેધ થઈને દ્રવ્યની દૃષ્ટિ થાય છે. 'નયચક્ર'માં આવે છે ને ? ભાઈ ! નિશ્ચય પૂજ્ય છે અને પ્રમાણ પૂજ્ય નથી. પ્રમાણમાં તો દ્રવ્ય અને પર્યાય બે ભળે છે તેથી તે એ પૂજ્ય નથી, એમ કીધું છે. પૂજ્ય તો નિશ્ચય

જે ત્રિકાળી જ્ઞાયકભાવનો આશ્રય (લ્યે તે) નિશ્ચયનય પૂજ્ય છે. કેમકે તેમાં પર્યાયનો નિષેધ વર્તે છે. આહા..હા...! પર્યાય એટલે વ્યવહાર. વ્યવહારનો નિષેધ વર્તે છે તે નિશ્ચયનય પૂજ્ય છે. વ્યવહાર અને નિશ્ચયનું જ્ઞાન છે એ પ્રમાણ છે. પ્રમાણ પૂજ્ય નથી કેમકે એમાં વ્યવહારનો નિષેધ થતો નથી. આહા..હા...!

મુમુક્ષુ :– બેને ....

પૂજ્ય ગુરુદેવશ્રી :– બેને જાણે છે, એ તો આવી ગયું. જાણે છે એટલું. જાણે છે પણ એનો નિષેધ થતો નથી. આહા..હા...! આવો માર્ગ હવે. વાણિયાને નવરાશ ન મળે. ભાઈ ! ઓલા ભૂકામાં આખો દિ' રોકાય. પ્લાસ્ટિકનો ભૂકો, શું કહેવાય ઇ ? અમારે આ 'પાલેજ' દુકાનવાળા આખો દિ' ધંધા.. ધંધા.. ધંધા... એ... મોટી દુકાનો ! મોટી ગુણીઓ ભરી હોય. (બીજા મુસલમાનની હતી) એવી મોટી દુકાન ! પૈસાવાળા ખરા ને ! વળી મોટો વેપાર ચાલે છે. આ..હા...! 'ઉપલેટા' દુકાન હતી. 'પાલેજ'માં દુકાન હતી. હમણા એક મુસલમાન આવ્યા હતા. (ઇ કહે), 'ઉપલેટા'નો છું. કીધું, તારું નામ 'હાસમ' ? તો કહે, હા. કીધું, અમારી 'પાલેજ'માં દુકાન હતી. મોટી દુકાન ! પછી નીકળી ગયો, અત્યારે તો નથી. ગવર્નરની દુકાન હતી. 'વડોદરા'ના વ્હોરા હતા. આ લોટિયા વ્હોરા કહેને ? એની મોટી દુકાન હતી. તે દિ' કંઠ મીઠો બહુ હતો એટલે સારું ગાયન બોલાવે. આવો, આવો ! 'કાનજીભાઈ' બોલો, બોલો ગાયન બોલો. મુસલમાન પણ સાંભળતા હતા. કારણ કે દુકાન હતી ને ! એ જાણે કે, આ પિતાજીની દુકાન છે. પિતાજી ગુજરી ગયા, હવે પોતે (બેસે છે). દુકાનમાં બોલાવે, ગાયન બોલો. કંઠ બહુ હતો ને તે દિ' ! આ તો ૯૧ થયા. આહા..હા...! એ દુકાનનો એક આવ્યો હતો. એવી આ લોકોની મોટી દુકાન છે. પણ એને ધંધા આડે નવરાશ ન મળે.

આ વસ્તુ, પ્રભુ ! આ વેપાર જેને માંડવો છે એને એનામાં પર્યાય એટલે અવસ્થામાં રાગાદિ હો, શુદ્ધતાનો અંશ પણ હો, સ્વપણે અસ્તિ, પરપણે નાસ્તિ એવો પણ એનામાં ધર્મ હો.. આહા..હા...! પણ તેને લક્ષમાં લઈને અંદરમાં જા. નિજ આત્મદ્રવ્યને જો. આ..હા..હા...! ભગવાન.. ભગવાન શું થાય ? ઇન્દ્રોની સમક્ષ પરમાત્મા આમ કહેતા હતા. ઇન્દ્રો એકાવતારી, હોં ! પહેલા દેવલોકનો ઇન્દ્ર છે ને ? એકભવતારી. એક ભવે મોક્ષ જનાર છે, મનુષ્ય થઈને મોક્ષ જનાર છે. ક્ષાયિક સમકિતી છે. એની ઇન્દ્રાણી પણ એક ભવે મોક્ષ જનારી છે. સુધર્મ દેવલોકમાં ૩૨ લાખ વિમાનનો સ્વામી ! એક એક વિમાનમાં

ઘણાંમાં અસંખ્ય દેવો ! પણ છતાં એ સમકિતી છે. કોઈ ચીજ મારી છે એમ એ માનતો નથી. રાગનો વિકલ્પ પણ મારો છે એમ એ માનતો નથી. આહા..હા...! છતાં ૩૨ લાખ વિમાન અને કરોડો અપ્સરાઓ મારી ચીજ નથી. હું જે છું તે ત્રિકાળી આત્મા, આત્મદ્રવ્ય છું. આહા..હા...! એને ઇન્દ્રના સમક્ષમાં ભગવાન મહાવિદેહમાં ત્રણલોકના નાથ બિરાજે છે એની સમક્ષમાં પરમાત્મા આમ પ્રવચનમાં કહેતા હતા. એ આ 'પ્રવચનસાર' છે. પ્ર એટલે વિશેષે, વચનો (એટલે) દિવ્યધ્વનિ. દિવ્યધ્વનિ – ૐ ધ્વનિ. 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશ ભવિક જીવ સંશય નિવારે' મિથ્યાત્વને ટાળે. આગમનું સાંભળવું એનો આશય તો આ છે. આ..હા...!

અહીં કહે છે કે, અનંત ધર્મો (ભાહેના) ૪૭ કહ્યા, એના એક એક ધર્મને જોવો તોપણ અંદરમાં જવાનું છે. જેનો આધાર, અધિષ્ઠાતા ભગવાન છે. આ..હા...! 'આત્મદ્રવ્યને અંદરમાં શુદ્ધચૈતન્યમાત્ર દેખે છે જ.' આહા..હા...! છે ? શુદ્ધચિદ્નો અર્થ અંતઃ '**पश्यन्त्येव प्रस्फुटानन्तधम**' છે ને ? '**एव**' છે ને ? ત્રીજું પદ છે, '**पश्यन्त्येव**' પ્રભુ ! તું પ્રયત્ન તો કર. આહા..હા...! અંદરમાં જોવાને '**पश्यन्त्येव**'. આહા..હા...! નયોના જ્ઞાનમાં ન રોકાતા અંદર ચૈતન્ય ભગવાનને '**पश्यन्त्येव**' દેખે જ છે. ભાષા એમ છે ને ? '**पश्यन्त्येव**' દેખે છે જ. આહા..હા...! જુઓ ! આ સંતોની વાણી. આ..હા..હા...! જગતને ઊંચા કરી નાખે એવું છે. ઊભો થા, ઊભો થા, જ્યાં છે ત્યાં. ન સૂઈ રહે. આહા..હા...!

'એ રીતે આત્મદ્રવ્ય કહેવામાં આવ્યું...' શિષ્યનો પ્રશ્ન હતો ને કે, આત્મા કેવડો છે ? (તો કહ્યું), એ આવડો છે. અનંત ધર્મોનો અધિષ્ઠાન, અનંત ધર્મોને જાણીને પણ અંદરમાં જવું એવડો એ છે. આહા..હા...! એ એક પ્રશ્નનો ઉત્તર થયો. 'હવે તેની પ્રાપ્તિનો પ્રકાર (રીત) કહેવામાં આવે છે :' એમાં આવી તો ગયું છે પણ એને વિશેષ સ્પષ્ટ (કરે છે). આવા આત્મદ્રવ્યને કેમ પમાય ? કઈ રીતે પમાય ? કઈ રીતે પ્રાપ્ત થાય ? એનો ઉપાય કહે છે. આહા..હા...! છે ?

'પ્રથમ તો,..' આચાર્ય મહારાજ દિગંબર સંત 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર મુનિ કહે છે કે, પ્રભુ ! એકવાર સાંભળ ! એનો શું ઉપાય છે એ હું તને કહું છું. આહા..હા...! 'પ્રથમ તો, અનાદિ પૌદ્ગલિક કર્મ જેનું નિમિત્ત છે એવી મોહભાવનાના (મોહના અનુભવના) પ્રભાવ વડે...' આહા..હા...! પૌદ્ગલિક કર્મ તો જેનું નિમિત્ત છે એવી મોહભાવના એટલે મોહનો અનુભવ – મિથ્યાત્વનો અનુભવ. આહા..હા...! મોહ એટલે મિથ્યાત્વ. આહા..હા...! એના

અનુભવ વડે, ‘(મોહના અનુભવના) પ્રભાવ વડે આત્મપરિણતિ સદાય ઘૂમરી ખાતી હોવાથી...’ આ..હા..હા...! આત્માની પર્યાય સદાય ઘૂમરી – ચક્કર ખાય છે, ઠરતી નથી. મિથ્યાત્વને લઈને ચક્કર ખાય છે. આહા..હા...! આત્મપરિણતિ મિથ્યાત્વના પ્રભાવને લઈને સદાય ઘૂમરી ખાતી હોવાથી. આહા..હા...! જેમ આ શું કહેવાય ? ભમરડો ! ભૂલી જવાય છે. આ ભમરડો એવો જોરથી નાખે કે હલતો ન હોય એમ દેખાય પણ ચક્કર ખાય છે. ભમરડો, ભમરડો ! શું કહેવાય ? ગરિયો... ગરિયો ! ગુજરાતી ભાષા. ગરિયો કહેતા. એ વખતે એ બધું રમ્યા છીએ. ગરિયો એવા જોરથી આમ કરેને કે જાણે હલતો નથી. ઘૂમરી ખૂબ ખાતો હોય પણ સ્થિર લાગે. એ હળવે હળવે હળવે થઈને પછી ડોલાયમાન લાગે. એમ આ મિથ્યાત્વને લઈને એવી ઘૂમરી ખાય, જાણે ચકરાવામાં એકાકાર પડી ગયો છે. આહા..હા...!

ભગવાનઆત્મા પૂર્ણાનંદના નાથનો આશ્રય લીધા વિના... આહા..હા...! ચાહે તો એ ક્રિયાકાંડી હોય, દયા, દાન, વ્રતનો પાળનાર (હોય) પણ એ મિથ્યાદૃષ્ટિ છે. કારણ કે એનાથી ધર્મ માને છે. આહા..હા...! એ મિથ્યાદૃષ્ટિ ‘પૌદ્‌ગલિક કર્મ જેનું નિમિત્ત છે...’ નિમિત્ત છે. ઉપાદાન તો તારું પોતાનું છે. એનાથી થાય છે એમ નહિ. એ તો ફક્ત નિમિત્ત છે. ‘એવી મોહભાવના (મોહના અનુભવના)...’ મોહ એટલે મિથ્યાત્વ, એની ભાવના એટલે અનુભવ. એટલે ‘પ્રભાવ વડે...’ અનુભવના પ્રભાવ વડે. આહા..હા...! સ્થિર થવું (એને) ઠેકાણે પર્યાયમાં ભમરી ખાતા મિથ્યાત્વને લઈને ભમરી (ખાય છે). રાગ-દ્વેષ, પુણ્ય-પાપ ચક્કરમાં ચડી ગયો છે, કહે છે. આહા..હા...! શુભભાવમાં આવે એટલે એને લાગે કાંઈક શાંતિ થઈ પણ એ ચક્કરમાં પડ્યો (છે), તને સ્થિર લાગે છે. આ..હા...! એ ચકરાવો છે. આહા..હા...!

‘આત્મપરિણતિ...’ છે ? આત્માની દશા મોહકર્મ જેનું નિમિત્ત છે અને મોહભાવનો પ્રભાવ કર્યો છે એટલે મિથ્યાત્વનો અનુભવ જેને છે... આહા..હા...! એના ‘પ્રભાવ વડે...’ આત્મ અવસ્થા સદાય ઘૂમરી ખાય છે. આહા..હા...! એક ક્ષણ પણ સ્થિર નથી. પુણ્ય ને પાપ, પુણ્ય ને પાપ, પુણ્ય ને પાપ. પુણ્યના – શુભભાવના પણ અસંખ્ય પ્રકાર, અશુભના અસંખ્ય પ્રકાર. એ ચકરાવામાં ઘૂમરી ખાય છે. આહા..હા...! ‘ઘૂમરી ખાતી હોવાથી આ આત્મા સમુદ્રની માફક પોતામાંજ ક્ષુબ્ધ થતો થકો...’ એ ક્ષુબ્ધ થાય છે પોતાની પર્યાયમાં, કર્મમાં અને પરમાં નહિ. આ..હા...! બહુ સૂક્ષ્મ વાતું, પ્રભુ ! માર્ગ કોઈ ઝીણો છે, ભાઈ ! આહા..હા...!

‘આ આત્મા સમુદ્રની માફક પોતામાં જ ક્ષુબ્ધ થતો થકો ક્રમે પ્રવર્તતી અનંત

જ્ઞપ્તિવ્યક્તિઓ...' **શું** કહે છે ? જ્ઞાનની ક્ષયોપશમની અનેક પ્રકારની પ્રગટ દશાઓ ક્રમે પ્રવર્તતી. જ્ઞાનની વ્યક્તતા – પ્રગટતા ક્રમે ક્રમે વર્તતી. 'અનંત જ્ઞપ્તિવ્યક્તિઓ વડે પરિવર્તન પામે છે...' એ રાગ ને દ્વેષને જાણનારી જ્ઞપ્તિક્રિયા ભિન્ન ભિન્ન ભિન્ન ભિન્ન જ્ઞપ્તિપણે અંદર ચકરાવા મારે છે. આહા..હા...! ભગવાનઆત્મા દળ છે એના ઉપર આ પરિણતિ ચકરાવો મારે છે. આવી વાત હવે. 'પોતામાં ક્ષુબ્ધ થતો થકો ક્રમે પ્રવર્તતી અનંત જ્ઞપ્તિવ્યક્તિઓ...' જાણવાની પર્યાયની પ્રગટતા. ચાહે તો અગિયાર અંગનું જ્ઞાન કર્યું હોય, નવ પૂર્વનું લબ્ધ જ્ઞાન થાય એ પ્રગટ જ્ઞપ્તિની વ્યક્તિમાં ત્યાંને ત્યાં ઘૂમરી ખાય છે. આહા..હા...! **શું** કહ્યું ?

આ આત્મા સમુદ્રની માફક. સમુદ્રમાં ક્ષોભ થાય છે ને ? આમ તરંગો (થાય છે). એમ ક્ષુબ્ધ થયો થકો 'ક્રમે પ્રવર્તતી અનંત જ્ઞપ્તિવ્યક્તિઓ વડે...' પોતામાં 'પરિવર્તન પામે છે,...' એ જ્ઞાનની પર્યાયની વ્યક્તતા અને પ્રગટતામાં ક્રમે ક્રમે ફેરફાર કર્યા કરે છે, એમાં થયા કરે છે. આહા..હા...! પર્યાયબુદ્ધિ છે ને ! અહીં તો જ્ઞપ્તિ (અર્થાત્) જાણવાની પ્રગટ દશાઓ એને અહીંયાં જ્ઞપ્તિક્રિયા કીધી. અહીંયાં તો રાગની (ક્રિયા પણ) નથી લીધી. **શું** કહ્યું ? ભાઈ ! જે આત્મા જ્ઞાનાનંદ સહજાત્મસ્વરૂપ પ્રભુ, એની જ્ઞાનની વ્યક્ત દશા જે ક્રમે પ્રવર્તતી અનેક જ્ઞપ્તિ ક્રિયા, જાણવાની ક્રિયા. આહા..હા...! રાગની ક્રિયા તો ભિન્ન રહી ગઈ. રાગને જાણતી જ્ઞાનની વ્યક્ત પર્યાયો (તેની વાત છે). આહા..હા...! અરે...! સંતોએ કરુણા કરીને જગતને ઉદ્ધારનો રસ્તો બતાવ્યો. આહા..હા...! કેવી શૈલી છે ! આ..હા..હા...! પ્રભુ ! એ સૂક્ષ્મ પડે પણ તારા હિતની વાત છે. આહા..હા...! અરે..રે...!

અનંતકાળથી જાણવાની ક્રિયાની વ્યક્તતાની પર્યાયમાં અનંત વ્યક્તિ – જ્ઞપ્તિક્રિયાઓ (થઈ). આહા..હા...! અનંત અનંત જ્ઞાનની ભિન્ન ભિન્ન પર્યાયની પ્રગટતા, એ વડે પરિવર્તન પામે છે. ચકરાવો ખાય છે. એકને જાણે, બીજાને જાણે, ત્રીજાના જાણે, ચોથાને જાણે પણ જાણનારને જાણવા ગયો નહિ. આહા..હા...! જ્ઞાનસ્વરૂપી ભગવાન ત્રિકાળ, એની પર્યાયમાં જ્ઞપ્તિ એટલે જાણવાની ક્રિયાઓ. 'ક્રમે પ્રવર્તતી અનંત જ્ઞપ્તિવ્યક્તિઓ વડે પરિવર્તન પામે છે...' અનંત અનંત પદાર્થને જાણવાની જ્ઞપ્તિની અનંતી ક્રિયાઓ. આહા..હા...!

'તેથી જ્ઞપ્તિવ્યક્તિઓનાં નિમિત્તરૂપ...' **શું** કહે છે હવે ? એ જાણવાની પ્રગટતા જે છે, જ્ઞપ્તિ એટલે જાણવાની (ક્રિયા). (મૂળ ગ્રંથમાં નીચે ફૂટનોટ છે). (વ્યક્તિઓ એટલે) પ્રગટતાઓ, પર્યાયો, વિશેષો. '(બાહ્યપદાર્થવિશેષો જ્ઞપ્તિવિશેષોનાં નિમિત્ત હોવાથી જ્ઞેયભૂત

છે).' શું કીધું ? જાણવાની ક્રિયાઓની પ્રગટતા, તેમાં નિમિત્તભૂત હોવાથી જે જ્ઞેયભૂત છે. કોણ ? બાહ્ય પદાર્થ. એવી બાહ્ય પદાર્થ – વ્યક્તિઓ. ચાહે તો દેવ હોય, ગુરુ હો કે શાસ્ત્ર હો પણ એ બધા બાહ્ય પદાર્થો (છે). આહા..હા...! જ્ઞાનની પર્યાયમાં ક્રમે ક્રમે જાણવાની ક્રિયા પ્રગટ થતી, વ્યક્તતા, તેમાં બાહ્ય પદાર્થ નિમિત્ત છે. થઈ છે પોતાથી પણ બાહ્ય પદાર્થ વ્યક્તિઓ 'પ્રત્યે તેને મૈત્રી પ્રવર્તે છે,...' કારણ કે એનું લક્ષ જ આત્મા ઉપર નથી. એનું – જાણવાની ક્રિયાનું લક્ષ પર ઉપર છે. ઝીણી વાત છે, પ્રભુ ! આવો માર્ગ આ. અરે..રે...! જાણવાની અનાદિની જ્ઞપ્તિ એટલે જાણવાની વ્યક્તતાઓ અનંત અનંત છે, કહે છે. આહા..હા...! પોતાના નિજ સિવાય અનંત પદાર્થ છે ને ? આહા..હા...! એ અનંત પદાર્થને નિમિત્તરૂપે થઈને જ્ઞપ્તિક્રિયાઓ પોતામાં ભિન્ન ભિન્નપણે પ્રગટ દશાઓ જ્ઞાનની વર્તે છે. આહા..હા...!

'તેથી જ્ઞપ્તિવ્યક્તિઓનાં નિમિત્તરૂપ હોવાથી જે જ્ઞેયભૂત છે...' એ તો જ્ઞેયભૂત છે. અરિહંત, દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ-પરિવાર, આત્મા સિવાયના પાંચ દ્રવ્ય, અરે...! આત્મા સિવાયના બધા છ દ્રવ્ય. આહા..હા...! છે કે નહિ એમાં ? ઘરની કલ્પનાની વાત છે આ ? છે તો ઘરની. આહા..હા...! પ્રભુ ! તું ક્યાં ગોથા ખાય છે ? કહે છે. જે જાણવાની પ્રગટ દશામાં બાહ્ય પદાર્થ નિમિત્તભૂત છે તેમાં તેને મૈત્રી વર્તે છે. કારણ કે એનાથી મને જ્ઞાન થયું, એનાથી મને જ્ઞાન થયું (એમ લાગે છે) એટલે એને બાહ્યમાં પ્રેમ વર્ત છે. આહા..હા...! ત્રણલોકનો નાથ એમ કહે છે કે, મારા પ્રત્યે તને જ્ઞપ્તિક્રિયામાં પ્રેમ વર્તે છે એમાં હું તો નિમિત્ત છું. આહા..હા...!

'મોક્ષ પાહુડ'માં ૧૬મી ગાથામાં કહ્યું છે ને ? ભગવાન એમ કહે છે કે, **'परदव्वादो दुग्गई'** પ્રભુ ! હું તો તારાથી પરદ્રવ્ય છું, મારા ઉપર તારું લક્ષ જશે (તો) તને દુર્ગતિ થશે, રાગ થશે, ચૈતન્યની ગતિ નહિ થાય. આહા..હા...! આવી વાણી વીતરાગ કહે. માનના લોભીઓ (એમ કહે), અમને તમે માનો (તો) તમને લાભ થશે. અહીં તો ત્રણલોકનો નાથ વીતરાગ પોકાર કરે છે. 'કુંદકુંદાચાર્ય' ! 'મોક્ષ પાહુડ'માં સોળમી ગાથા છે. **'परदव्वादो दुग्गई'** જ્ઞપ્તિક્રિયાઓ પ્રગટ વ્યક્તતા, તેમાં નિમિત્તભૂત બાહ્ય પદાર્થ, એમાં તેને પ્રેમ વર્તે છે તે રાગ છે અને રાગમાં એકતાબુદ્ધિ છે તે મિથ્યાત્વ ભાવ છે. આહા..હા...! ભારે કામ. કહો, ભાઈ ! આમાં નવરા ક્યારે થાય ? બહારથી આખો નવરો થઈને અંદરમાં જાય ત્યારે (આ થાય એવું છે).

અહીં તો કહે છે, જ્ઞાનની અનેક પ્રગટ દશાઓ, તેમાં નિમિત્તભૂત બાહ્ય પદાર્થો, તેથી તેને બાહ્ય પદાર્થમાં મૈત્રી વર્તે છે. અહીં ભગવાનઆત્મામાં મૈત્રી વર્તવી જોઈએ. આહા..હા...! જ્ઞાનાનંદ સહજાત્મ નિજદ્રવ્ય, તેમાં પ્રેમ થવો જોઈએ, વાત્સલ્ય ત્યાં થવું જોઈએ. આહા..હા...! એને ઠેકાણે અજ્ઞાની અનાદિથી જાણવાની પર્યાયમાં અનેક ક્રિયાઓ વર્તતી, તેમાં નિમિત્તભૂત બાહ્ય પદાર્થ છે. તેથી તેમાં તેને મૈત્રી વર્તે છે. આહા..હા...! છે ?

'બાહ્યપદાર્થવ્યક્તિઓ પ્રત્યે તેને મૈત્રી પ્રવર્તે છે,...' દેવ, ઇષ્ટ દેવ છે, પંચ પરમેષ્ઠી – પરમ પરમઇષ્ટ છે ને ? પણ કહે છે કે, જો ઇષ્ટ તને વર્તતું હોય... એ ભલે પરમેષ્ઠી છે પણ તારી જ્ઞાનની પર્યાયમાં જો પરમેષ્ઠી પ્રત્યે પ્રેમ વર્તતો હોય.. આહા..હા...! તો તને તેના પ્રત્યે મૈત્રી છે. તારા આત્માની મૈત્રી તેં છોડી દીધી છે. આહા..હા...! માણસને આકરું બહુ પડે. અગિયાર અગિયાર અંગના જ્ઞાન કરે તોપણ જ્ઞપ્તિવ્યક્તિ પર તરફના પ્રેમવાળી છે. આહા..હા...! એ જ્ઞપ્તિક્રિયામાં પરપદાર્થ નિમિત્ત છે તેથી તેમાં તેને પરનો પ્રેમ વર્તે છે. આહા..હા...! જાણે કે આ ભગવાનને મેં દેખ્યા માટે મને જ્ઞાન થયું. શાસ્ત્ર વાંચ્યા માટે મને જ્ઞાન થયું. આહા..હા...! ગુરુને મેં સાંભળ્યા માટે મને જ્ઞાન થયું. આવી વાતું ! ઝીણી વાત બહુ, ભાઈ !

મુમુક્ષુ :– ગુરુ વિના જ્ઞાન ન હોય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ વાતું નિમિત્તથી કથન (છે). આત્મદ્રવ્ય વિના જ્ઞાન નહિ. એ આત્મા ગુરુ (છે). 'સમાધિ શતક'માં આવે છે ને ? 'સમાધિ શતક' પુસ્તક છે ને ? 'ઇષ્ટોપદેશ' આદિ જે 'પૂજ્યપાદસ્વામી'એ (રચેલા છે). આત્મા આત્માનો ગુરુ છે, પ્રભુ ! આહા..હા...! આત્મા આત્માનો દેવ છે અને આત્માનો ધર્મ અંદરમાં છે. આહા..હા...! આવું છે. પહેલું તો હજી આવું સાંભળવા મળે નહિ અને બીજા સાંભળીને સાંભળીને કાન ફૂટ્યા હોય. આ..હા..! આવે છે ને ? 'કથા સાંભળી ફૂટ્યા કાન, તોય ન આવ્યું...' આવે છે. 'સાંભળી સાંભળીને ફૂટ્યા કાન, તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન' અન્યમતમાં આવે છે.

કહે છે, અહીં પર્યાયબુદ્ધિમાં પર્યાયમાં જ્ઞાનની પર્યાયની વ્યક્તતા જે ક્ષયોપશમ (છે) એની અનેક પ્રકારની પ્રગટતા છે, અહીં તો કહે (છે), અનંત પ્રકારની છે. આહા..હા...! ક્રમે ક્રમે (છે). તે જ્ઞપ્તિક્રિયામાં નિમિત્ત તો બાહ્ય પદાર્થ છે. તેથી તેની દૃષ્ટિમાં બાહ્ય પદાર્થ પ્રત્યે પ્રેમ વર્તે છે. આહા..હા...! નયનો અધિકાર અલૌકિક રીતે વર્ણવ્યો છે ! 'અમૃતચંદ્રાચાર્ય' 'પ્રવચનસાર'ની ૨૭૫ ગાથાની ટીકા કરીને આ પરિશિષ્ટ કર્યું. આહા..હા...! માથે કળશ

ચડાવ્યો. આહા..હા...! ભાઈ ! પ્રભુ ! તું ક્યાં છો ? પ્રભુ ! તું ક્યાં છો ? તારી જાણવાની તારી પર્યાયમાં તું છો એટલો ? અને જાણવાની અનંતી વ્યક્તતામાં તો પરદ્રવ્ય નિમિત્ત છે તેમાં તારો પ્રેમ છે, પ્રભુ ! તું ક્યાં ગયો ? ખોવાઈ ગયો. આહા..હા...! ગજબ વાતું છે, પ્રભુ ! દિગંબર ધર્મ કોઈ પક્ષ નથી, કોઈ વાડો નથી, વસ્તુનું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! શું કહે છે ? ગજબ વાત છે, પ્રભુ !

તારી પર્યાય પર બુદ્ધિ છે અને પર્યાયમાં પરના અવલંબનવાળી અનેક પ્રકારની જ્ઞાનની પ્રગટતાઓ છે. આ..હા...! અને તેથી તેમાં પરનું નિમિત્ત છે, એથી તારી દૃષ્ટિ ત્યાં છે, તેથી તને નિમિત્તમાં પ્રેમ છે, તેનો મૈત્રીભાવ તને વર્તે છે. આહા..હા...! આ મારા ગુરુ ને આ મારા દેવ ને આ મારા શાસ્ત્ર. ગજબ કરે છે આ તે ! સમજાણું કાંઈ ? મારો દેવ અંદર ભગવાન છે અને ગુરુ મારો ભગવાન અંદર છે. આહા..હા...! એને ન જોતાં, ન માનતા, એની જાણવાની ક્રિયામાં પરિવર્તન પામતી દશા, તેમાં ભિન્ન ભિન્ન નિમિત્તો હોય છે તે નિમિત્તમાં તેની મૈત્રી વર્તે છે, એ ત્યાં રોકાય ગયો છે, કહે છે. આહા..હા...! આવું સાંભળવું કઠણ પડે. પહેલું તો શું કહે છે એ સમજવું કઠણ પડે, સમ્યગ્દર્શન તો વળી પછી(ની વાત છે). આ..હા...! ભાઈ ! એ તારા મારગડા કોઈ જુદા છે, પ્રભુ !

ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ ! સત્ ચિદાનંદ – ત્રિકાળ સત્ જ્ઞાન અને આનંદનો કંદ પ્રભુ, એનું લક્ષ અને આશ્રય છોડીને એણે પર્યાયમાં જ્ઞાનની વ્યક્તતા વર્તે (છે) તેમાં વર્ત્યો અને તેમાં બાહ્ય પદાર્થ નિમિત્ત હોવાથી બાહ્યમાં તને મૈત્રી વર્તે છે. અહીંથી મૈત્રી છૂટી ગઈ. આહા..હા...! 'દ્વેષ અરોચક ભાવ' ભગવાન પૂર્ણાનંદનો નાથ ધ્રુવ છે (એ) તને રુચે નહિ તો 'આનંદઘનજી' કહે છે કે, તને પ્રભુ પ્રત્યે – આત્મા પ્રત્યે દ્વેષ છે. આહા..હા...! અને પર પ્રત્યે તને રાગ છે. અહીં (આત્મા પ્રત્યે) દ્વેષ છે, અહીં (પરમાં) રાગ છે. આ..હા...! ઝીણી વાતું ઘણી, ભાઈ ! શું થાય ? માર્ગની રીત તો આ છે. કઠણ પડે, ન સાંભળવા મળી હોય માટે કાંઈક બીજું લાગે પણ છે તો આ. એને આવું કરીને છૂટકો થશે, બાપા ! બાકી બહારના લોકોને રંજન કરવા ને રાગની ક્રિયા કરીને જાણે અમે ધર્મી છીએ (એમ માનવું હોય તો) માનો.. માનો. આહા..હા...!

'જ્ઞેયભૂત છે એવી...' કોણ ? જાણવાની જ્ઞપ્તિક્રિયા છે તેમાં જ્ઞેયભૂત જે પરપદાર્થ નિમિત્તરૂપ હોવાથી સામી ચીજ જ્ઞેયભૂત છે. 'એવી બાહ્યપદાર્થવ્યક્તિ...' બાહ્ય પદાર્થ પ્રગટપણે. છે ને ? બાહ્યપદાર્થ એના પ્રત્યે 'તેને મૈત્રી પ્રવર્તે છે,...' આહા..હા...! 'તેથી આત્મવિવેક

શિથિલ થયો હોવાને લીધે...' આહા..હા...! આત્માનો વિવેક શિથિલ વિપરીત થઈ ગયો છે. શિથિલનો અર્થ વિપરીત છે. આહા..હા...! 'શ્રીમદ્'માં એક વાક્ય આવે છે ને ? શ્વેતાંબરની મોળાશને લઈને રસ ઠંડાતો ગયો, દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય કંઈક સમજી શકાય છે. 'શ્રીમદ્' કહે છે. દિગંબર સંતોના વચનો સાંભળીને રહસ્ય કાંઈક સમજી શકાય છે પણ શ્વેતાંબરના વચનોની શિથિલતાને લઈને રસ ઠંડાતો ગયો. શિથિલતાનો અર્થ વિપરીત થઈ ગયો. ગજબ વાત, ભાઈ ! આહા..હા...! ઝીણી વાત, બાપુ ! શું થાય ? આહા..હા...! કહો ! આ બધા શ્વેતાંબરના શેઠિયાઓ (છે).

ભગવાન તો એમ કહે છે, આ..હા..હા...! કે, બાહ્ય પદાર્થ પ્રત્યે (તને મૈત્રી વર્તે છે). જ્ઞાનસ્વભાવ તો ત્રિકાળ છે. પર્યાયમાં ભિન્ન ભિન્ન જાતની પ્રગટ દશાઓ થાય છે તેમાં નિમિત્ત બાહ્ય પદાર્થ છે તેથી તને ત્યાં મૈત્રી વર્તે છે અને આત્મવિવેક શિથિલ થઈ ગયો, વિપરીત થઈ ગયો. આત્માનો વિવેક જે આત્મા પર્યાયથી ભિન્ન છે, નિમિત્તથી ભિન્ન છે ત્યાં જવું જોઈએ, એ વિવેક વિપરીત થઈ ગયો. શિથિલ શબ્દે વિપરીત થઈ ગયો. આહા..હા...! સમજાણું કાંઈ ? આવું સાંભળીને કેટલાકને એવું લાગે કે, આ બધું 'સોનગઢ'નું તો એકાંત છે. પ્રભુ ! સાંભળને ભાઈ ! આ 'સોનગઢ'નું નથી. આ તો સંતોએ કહેલું તત્ત્વ છે. અહીંથી કહેવામાં આવ્યું માટે 'સોનગઢ'નું થઈ ગયું ? અરે...! લોકોને એમ કહીને નિંદામાં ચડી જાય છે. આ..હા...! પ્રભુ ! એમ ન કર, ભાઈ ! આ તો પરમાત્મા ત્રણલોકના નાથની વાણી છે આ. આહા..હા...! પ્રભુ ! તું ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ છો ને ! તેનો તને વિવેક ન રહ્યો અને જ્ઞાનસ્વરૂપમાંથી જે પર્યાયની વ્યક્તતા થઈ, નિમિત્તને વશ (થઈ) તેમાં નિમિત્ત પરપદાર્થ છે, તેમાં તારો પ્રેમ ને મૈત્રી વર્તે છે એથી આત્મવિવેક શિથિલ થઈ ગયો. આત્માને પર્યાયથી ભિન્ન પાડીને જાણવો તે વિવેક વિપરીત થઈ ગયો. આ..હા...! ભેદજ્ઞાન વિપરીત થઈ ગયું, અભેદ થઈ ગયું, કહે છે. આહા..હા...! અહીં તો કાંઈક થોડુંઘણું જાણપણું આવે, બે-પાંચ-દસ હજાર શ્લોક (આવડે) તો જાણે અમે થઈ ગયા જ્ઞાની ને થઈ ગયા જ્ઞાન ! અરે...! ભગવાન ! એમાં પાંચ-પાંચ દસ હજાર શ્લોક (કંઠસ્થ હોય). સંપ્રદાયમાં છ હજાર શ્લોક કંઠસ્થ હતા. સંપ્રદાયમાં, હોં ! પણ એ તો ધારણામાં, એ વસ્તુ ક્યાં (છે) ? આહા..હા...! અને એ જાણ્યું એટલે જાણે ઓ..હો..હો...! અમે જાણે કેટલુંય જાણ્યું ને કેટલુંય ધાર્યું !

મુમુક્ષુ :– માન તો મળેને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– માન કોના કહેવા ? બાપા ! દુનિયા માન આપે એ માન શું

ગરણે મૂકાય એવું છે ? આહા..હા...! 'લહી ભવ્યતા મોટું માન, કહ્યો અભવ્ય ત્રિભુવન અપમાન' ત્રણલોકનો નાથ તીર્થંકર એમ કહે કે, આ પ્રાણી ભવ્ય અને લાયક છે, હવે એને માન કોનું જોઈએ છે ? સમજાય છે કાંઈ ? ઇ શ્વેતાંબરમાં એક 'આનંદઘનજી' થઈ ગયા છે એણે આમ કહ્યું છે. 'લહી ભવ્યતા મોટું માન' જેને ત્રણલોકના નાથે કહ્યું છે કે, આ જીવ ભવ્ય અને લાયક ને મોક્ષને માટે લાયક છે. આહા..હા...! અરે...! પણ એ સાંભળ્યું છે કે દિ' એણે ? કહે છે કે, એના સિવાય તારે માન કોનું જોવે છે ? ત્રિભુવનના નાથે એમ કહ્યું કે, આ નાલાયક છે તો હવે તારે અપમાન જોવે છે કોનું ? આહા...હા...! સમજાણું કાંઈ ? ત્રિભુવનના નાથે કહ્યું એટલે કે એની વાણીમાં જે આવ્યું એનાથી તારું તત્ત્વ વિરુદ્ધ આવ્યું અને તને કહ્યું કે તારામાં વિરોધ છે, એ અપમાન છે. આ..હા...! દુનિયા ભલે માન આપે પણ ત્રણલોકના નાથની વાણીનું એને ત્યાં અપમાન છે. આહા..હા...!

(અહીંયાં કહે છે), 'અત્યંત બહિર્મુખ એવો તે ફરીને પૌદ્‌ગલિક કર્મને રચનારા રાગદ્વેષદ્વૈતરૂપે પરિણમે છે...' લ્યો ! જ્ઞાનની પ્રગટ વ્યક્તતા – દશાઓમાં બાહ્ય પદાર્થ નિમિત્ત છે, તેમાં મૈત્રી વર્તે છે તેથી તે ફરીને મિથ્યાત્વને, રાગ-દ્વેષને રચીને... આહા..હા...! 'રાગદ્વેષદ્વૈતરૂપે પરિણમે છે તેથી તેને આત્મપ્રાપ્તિ દૂર જ છે.' એને આત્માની પ્રાપ્તિ તો દૂર છે, પ્રભુ ! આહા..હા...! વિશેષ કહેશે...

શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !

## ભાદરવા વદ ૧૧, રવિવાર
## તા. ૧૬-૦૯-૧૯૭૯
## શ્લોક–૧૯, પ્રવચન નં. ૨૭૩

'પ્રવચનસાર' 'તેથી તેને આત્મપ્રાપ્તિ દૂર જ છે.' ત્યાં સુધી આવ્યું છે. શું કહ્યું ઇ ? કે, આ ભગવાનઆત્મા કાયમ જ્ઞાનસ્વભાવી હોવા છતાં તેની પર્યાયમાં – અવસ્થામાં જ્ઞાનની જ્ઞપ્તિક્રિયા – જાણવાનો પ્રકાર અનેક પ્રકારે છે એમાં એને પ્રેમ છે અથવા એ જ્ઞપ્તિક્રિયાના નિમિત્તો બાહ્ય પદાર્થ છે તેથી તેને બાહ્ય પદાર્થમાં પ્રેમ વર્તે છે. આહા..હા...!

ભાઈએ તો આમાં એક એવું નાખ્યું છે કે, પૈસો છે એમાં કોઈ રૂપ, રસ નથી છતાં તેમાં લોભનો આરોપ કર્યો છે. સ્ત્રી, બીજી ચીજો, મકાન આદિમાં તો અમુક ચીજ દેખવામાં છે, પૈસામાં કોઈ રૂપ, રસ નથી (કે) તેથી (તેને) દેખીને તેનો લોભ થાય. આ..હા...! એ ઉઠાવગીર લોક પૈસાને માટે ઉઠાવે છે. આહા..હા...! અને એણે તો ત્યાં સુધી કહ્યું છે કે, અહીં જ્ઞપ્તિક્રિયા છે એમાં જે લોભ આવે તો પશુ તો આહાર પૂરતું પેટ ભરીને પછી બેસી રહે, સંતોષ થાય, બેસીને વાગોળે અને આ પૈસાના લોભીઓ પેટ ભરતાં પછી તેને પેટી ભરવી છે. આહા..હા...! એવું લખ્યું છે. ઢોર તો પેટ પૂરતું થઈ જાય પછી ઝાડ નીચે બેસીને ઓગાળે, પછી જ્યાં-ત્યાં ખાવાના વલખાં ન નાખે. નહિતર તો આહારસંજ્ઞા એને મુખ્ય છે. ખરું ? અને મનુષ્યને મૈથૂનસંજ્ઞા મુખ્ય છે. આ..હા...! દેવને લોભસંજ્ઞા મુખ્ય છે, નારકીને ભયસંજ્ઞા છે. આહાર, ભય, ભોગ.. ચાર આવે છે ને ? આહા..હા...!

કહે છે કે, ભગવાનઆત્મા, એની જ્ઞાનની પર્યાયમાં અનેક પ્રકારની જ્ઞપ્તિ જાણવાની ક્રિયાઓ પ્રવર્તે અને તે પ્રવર્તવામાં નિમિત્તો બાહ્ય પદાર્થ છે. એને આશ્રયે તે રાગ અને દ્વેષ કરે છે. વસ્તુ આશ્રયે (કરે છે), વસ્તુથી નહિ પણ એનો આશ્રય (કરીને રાગ-દ્વેષ કરે છે). આવે છે ને ? વસ્તુ .. વસ્તુના આશ્રયે અધ્યવસાય થાય પણ વસ્તુથી અધ્યવસાય

ન થાય. એને આશ્રય થાય પણ વસ્તુ બંધનું કારણ નથી. આહા..હા...! એને બાહ્ય પદાર્થનો પ્રેમ કર્યો છે. જાણવાની ક્રિયામાં અંદર જાણવો જોઈએ ભગવાનઆત્મા, જે પૂર્ણ સંપદાથી ભરેલો ભગવાન, આ દેહમાં પ્રભુ પૂર્ણ આનંદ, જ્ઞાન, શાંતિની લક્ષ્મીથી ભરેલો છે, પ્રભુ ! એને અંદર જોવો જોઈએ, એને ન જોતાં અનાદિથી જ્ઞાનમાં વિકાસની પર્યાય જે ક્ષયોપશમની થઈ તેમાં બાહ્ય પદાર્થ નિમિત્ત હોવાથી તેને બાહ્યમાં પ્રેમ વર્તે છે. આહા..હા...! તેથી.. આ..હા...! આત્મવિવેક શિથિલ થયો છે. આત્માનું ભેદજ્ઞાન કરવું એ વિપરીત થઈ ગયું છે. આહા..હા...! અરે...! પશુ જુઓ બિચારા ! અહીંથી પાછા મરીને ક્યાં જશે ? કાંઈ ખબરું છે ? ઢોર મરીને ક્યાંય (ચાલ્યા જાય). આહા..હા...! એને આ મનુષ્યપણું મળ્યું હોય એ પણ એના જેવી દશા કરે તો ફેર શું છે ? આ..હા...!

ભગવાનઆત્મા જ્ઞાનની પર્યાયમાં, જ્ઞપ્તિ – જાણવાની ક્રિયાના પરિણમનમાં બાહ્ય પદાર્થનો પ્રેમ હોવાથી તેની તેને મૈત્રી વર્તે છે. આહા..હા...! જેની મૈત્રી જ્ઞાનની પર્યાયમાં દ્રવ્ય સાથે મૈત્રી વર્તવી જોઈએ, જેની પર્યાય છે તેમાં તેની મૈત્રી વર્તવી જોઈએ. આહા..હા...! એને ઠેકાણે જેની પર્યાય છે તેને બાહ્ય પદાર્થમાં મૈત્રી વર્તે છે. આહા..હા...! જુઓ તો ! જે જાણવાની પર્યાય છે, એની મૈત્રી તો દ્રવ્ય સાથે મેળ ખાય એવી છે. આહા..હા...! જ્ઞાયક ભાવમાં તેની પ્રીતિ અને રુચિ.. 'નિર્જરા અધિકાર'માં આવે છે ને ? રુચિ, સંતોષ, કલ્યાણ. આહા..હા...! બહુ વિષય આકરો, બાપુ !

કહે છે કે, એની વર્તમાન જે જ્ઞાનદશા છે એ અજ્ઞાનીને તે દશામાં આત્મા તરફ વળવું નથી ગોઠતું. આહા..હા...! તે દશામાં જ્ઞાનની પર્યાયમાં પરપદાર્થ એમાં નિમિત્ત છે તેથી તેનો પ્રેમ વર્તે છે તેથી તેને રાગ અને દ્વેષમાં પ્રવૃત્તિ થાય છે. આહા..હા...! આ..હા..હા...!

મુમુક્ષુ :– નિમિત્ત હોય ત્યાં પ્રેમ થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– નિમિત્તમાં પ્રેમ થાય, એ તો પ્રેમ કરે છે, નિમિત્ત તો જ્ઞેય છે. પણ જાણવાની પર્યાયમાં અંતર જ્ઞાનાનંદ સ્વભાવ છે તેની તરફ એનું વલણ નથી એથી તે જાણવાની ક્રિયામાં બાહ્ય પદાર્થ નિમિત્ત હોવાથી તેમાં તેને મૈત્રી વર્તે છે. આહા..હા...! અને સ્વભાવ પ્રત્યે તેને અરુચિ વર્તે છે. એટલે કે સ્વભાવ પ્રત્યે એને ક્રોધ વર્તે છે. ઝીણી વાત છે, પ્રભુ !

ભગવાન પૂર્ણાનંદનો નાથ, અતીન્દ્રિય આનંદનો સાગર, તેની જેને રુચિ નથી, અરુચિ છે અને આ બાહ્ય પદાર્થની રુચિ અને પ્રેમ છે તેને આત્મા પ્રત્યે દ્વેષ છે. આ..હા...! 'દ્વેષ

અરોચક ભાવ' ભગવાન પૂર્ણાનંદનો નાથ રુચે નહિ અને વર્તમાન જ્ઞાનની પર્યાય ને રાગ ને નિમિત્ત રુચે. ઝીણી વાત છે, ભાઈ !

ભગવાન જિનેશ્વરદેવ ત્રિલોકનાથ પરમાત્માની વાણી આ છે. 'પ્રવચનસાર' છે ને ? ભગવાન ત્રણલોકના નાથ 'સીમંધરસ્વામી' ભગવાન બિરાજે છે. મહાવિદેહમાં પ્રભુ છે ત્યાં 'કુંદકુંદાચાર્ય' ગયા હતા. મુનિ ભાવલિંગી સંત હતા છતાં ત્યાં ગયા હતા. આહા..હા...! આઠ દિ' સાંભળ્યું, સાક્ષાત્ ત્રણલોકના નાથની વાણી અને કોઈ શંકા રહી (તો ત્યાં) શ્રુતકેવળી સંતો હતા, ત્યાં નગ્ન દિગંબર મુનિ બિરાજે છે. ત્યાં એ ધર્મ છે. આહા..હા...! એની પાસે – શ્રુતકેવળીઓ પાસે સમાધાન કર્યું અને આવીને આ શાસ્ત્ર રચ્યા. આહા..હા...! એ એમ કહે છે અને એની ટીકા કરનાર 'અમૃતચંદ્રાચાર્ય' એના પેટ ખોલીને વાતું કરે છે. આહા..હા...!

ભાઈ ! પ્રભુને એમ કહેવું છે, તું એક મહાપ્રભુ છો. અંદર અનંત આનંદ ને જ્ઞાનની સંપદાથી પ્રભુ ભરેલો તું છો, પ્રભુ છો. એ તારી પર્યાયને તેમાં ન વાળતાં એ પર્યાયને બાહ્ય પદાર્થ તરફ એનું નિમિત્ત છે એથી તને બાહ્ય પદાર્થમાં પ્રેમ વર્તે છે. આહા..હા...! ચાહે તો સ્ત્રી, કુટુંબ-પરિવાર હો કે ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર હો. એ..ઇ...! સુખના પંથ પ્રભુ જુદી જાત છે. આહા..હા...! એ સમ્યગ્દર્શનનો પંથ કોઈ અલૌકિક છે !

એ અહીં કહે છે કે, જેને 'આત્મવિવેક શિથિલ થયો હોવાને લીધે અત્યંત બહિર્મુખ એવો...' બહિર્મુખ દૃષ્ટિ થઈ ગઈ. આ સ્ત્રી ને આ કુટુંબ ને આ દેવ ને આ ગુરુ ને આ શાસ્ત્ર, એ બધી બહિર્મુખ દૃષ્ટિ છે. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ !

પરમાત્મા જિનેશ્વરદેવ વીતરાગ ણમો અરિહંતાણં આવે છે ને ? એ ણમો અરિહંતાણંમાં ભગવાન બિરાજે છે. 'મહાવીર' આદિ તો ણમો સિદ્ધાણં, એ તો સિદ્ધ થઈ ગયા. એને શરીર નથી. અત્યારે (એ) અરિહંત નથી. જેને વાણી અને શરીર હોય તે અરિહંત. ચાર ઘાતિ (કર્મ) નાશ થયા હોય ચાર કર્મ બાકી છે. આહા..હા...! એ પરમાત્માનો સમાગમ થયો, અંતર અનુભવ અને દૃષ્ટિ તો હતી પણ વિશેષ નિર્મળતા થઈ (તો) અહીંયાં આવીને ભગવાન આમ ફરમાવે છે એમ જગતને જાહેર કરે છે. આ સામાયિક કરે છે ત્યારે આજ્ઞા નથી લેતા ? ભગવાનની આજ્ઞા લ્યે, સ્થાનકવાસીમાં બહુ લ્યે. કારણ કે એને મૂર્તિ (નથી). એ ભગવાન બિરાજે છે, પ્રભુ મહાવિદેહમાં મનુષ્યદેહે મોજૂદ છે. પાંચસો ધનુષનો દેહ છે. ક્રોડ પૂર્વનું આયુષ્ય છે. એ પૂર્વમાં છપ્પન લાખ કરોડ અને સીત્તેર લાખ કરોડ અને છપ્પન હજાર કરોડ વર્ષ જાય. 'મુનિસુવ્રત' ભગવાન અહીં હતા ત્યારથી ભગવાન ત્યાં છે. એ

હજી બિરાજે છે. આવતી ચોવીસીના અહીં તેરમા તીર્થંકર થશે ત્યારે પ્રભુ મોક્ષ જશે. અરિહંત પદે છે એ દેહ છૂટીને સિદ્ધ થશે. આહા..હા...! અબજો વર્ષ સુધી એની દિવ્યધ્વનિ (છૂટશે). સમવસરણમાં હાથી, ઘોડા, નાગ, કાગ, વાઘ, સિંહ, ઇન્દ્રો અને નરેન્દ્રો આવીને સાંભળે છે. આ..હા...! એ આ વાણી છે. સમજાય છે કાંઈ ?

કહે છે, પ્રભુ ! તારી પ્રભુતાનો પાર નથી, નાથ ! અંદરમાં અતીન્દ્રિય આનંદસાગરથી ભરેલો (છે) એને જોવા, જાણવાની તને નિવૃત્તિ ન મળે અને આ પરને જોવા, જાણવામાં તું રોકાય ગયો, પ્રભુ ! આહા..હા...! એથી તને... છે ? 'તેથી આત્મવિવેક શિથિલ થયો...' શિથિલ શબ્દે વિપરીત થયો. આહા..હા...! બાહ્ય પદાર્થ અને તેના પ્રત્યે થતો રાગ તેનાથી ભિન્ન પડવું જોઈએ. આહા..હા...! લોકોને આકરી વાતું બહુ લાગે. સાધારણ સમાજ અને આવી વાતું લાગે. આ તો અપૂર્વ વાતું છે, પ્રભુ ! આ..હા...! તારા સંસારનાં, જન્મ-મરણના અંત કેમ આવે એની વાતું છે. આમ જુઓ તો જુઓને, લીલોતરીના પાંદડે પાંદડે અસંખ્ય જીવ. આ..હા...! આવો આખો લીમડો ભર્યો છે. હવે એ બિચારા કે દિ' ઇયળ થાય, કે દિ' કીડી થાય ? એ માણસ કે દિ' થાય ? અને એને વીતરાગની વાણી સાંભળીને ક્યારે જોગ (મળે) ? આહા..હા...!

વીતરાગ કહે છે કે, ભાઈ ! તને આ સાંભળવાનો જોગ મળ્યો અને તું બાહ્ય પ્રવૃત્તિના પ્રેમમાં પડ્યો રહ્યો તો ભગવાન તને નહિ મળે. એ કહે છે, જુઓ ! 'અત્યંત બહિર્મુખ એવો તે ફરીને પૌદ્‌ગલિક કર્મને રચનારા રાગદ્વેષદ્વૈતરૂપે પરિણમે છે...' રાગ અને દ્વેષરૂપે ભગવાન એકલો એકરૂપ છે એને છોડીને રાગ ને પુણ્ય ને દયા, દાન ને કામ, ક્રોધના ભાવરૂપે પરિણમે છે. છે ? 'અને તેથી તેને આત્મપ્રાપ્તિ દૂર જ છે.' આહા..હા...! જે બાદશાહના દર્શન થવા જોઈએ, આત્મા બાદશાહ પરમાત્મા હરિસ્વરૂપ છે. આ..હા..હા...! એના દર્શન થવા જોઈએ એને ઠેકાણે કહે છે, તું દૂર જ રહ્યો. આહા..હા...! બહારમાં જ ભટક્યા કર્યો, પ્રભુ ! આહા..હા...! આવી કરુણાથી સંતો જગતને (જાહેર કરે છે). દિગંબર મુનિઓ ગજબ છે ! આ..હા..હા...! એ ભગવાન તો તને દૂર જ છે, કહે છે. આહા..હા...! આત્માની પ્રાપ્તિ તો દૂર થઈ ગઈ. પ્રભુ ! તું રાગ-દ્વેષની પ્રાપ્તિમાં પડ્યો. આહા..હા...! એકપણું પ્રાપ્ત થવું જોઈએ એને ઠેકાણે રાગ-દ્વેષનું દ્વૈતપણું પ્રાપ્ત થયું. આહા..હા...! ચાહે તો એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ કરે પણ એ રાગ છે અને રાગમાં વર્તે છે તે દ્વૈતમાં વર્તે છે. કારણ કે એને ક્ષણમાં રાગ ને ક્ષણમાં દ્વેષ (થાય છે). આહા..હા...! એવા રાગ-દ્વેષપણે

પરિણમે છે. પરિણમે છે, હોં ! પર્યાયમાં. 'તેથી તેને આત્મપ્રાપ્તિ દૂર જ છે.' દૂર જ છે. આહા..હા...!

'પરંતુ...' હવે સવળું લ્યે છે. 'હવે જ્યારે આ જ આત્મા પ્રચંડ કર્મકાંડ વડે...' એમાં એક ધર્મ ગણ્યો હતો ને ? ક્રિયાથી (થાય એવો) એક ધર્મ ગણ્યો હતો ને ? ધર્મ એટલે યોગ્યતા. એ યોગ્યતા અહીં લીધી છે. એનું જ્ઞાન કરે છે પણ એના વડે થાય છે એમ કહેવામાં આવ્યું. વ્યવહારનયનું આ છેલ્લું (છે), કરણાનુયોગનું પરિશિષ્ટ છે. 'સમ્યક્‌જ્ઞાન દીપિકા'એ આ કાઢી નાખ્યું છે. કારણ કે લોકો ઊંધો અર્થ ન લઈ જાય. આ..હા...! 'પ્રચંડ કર્મકાંડ વડે...' એટલે ? ઘણી જ રાગની મંદતા.. મંદતા... મંદતા... મંદતા... એટલી મંદતા. એનું લક્ષ છોડીને એને ઠેકાણે (એમ કહ્યું કે), વ્યવહાર વડે. સમજાણું કાંઈ ? આ..હા...! આમ તો એવા ક્રિયાકાંડ કરીને નવમી ગ્રૈવેયકે ગયો. એટલી ક્રિયા હતી કે ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે. એ કંઈ ચીજ નથી. અંતરનો અનંતાનુબંધીનો ભાવ ટળે ત્યારે કે દ્રવ્યનો આશ્રય લ્યે ત્યારે (મુક્ત થાય). આ..હા...! બહારની પ્રવૃત્તિનો આશ્રય લ્યે ત્યાં સુધી તો એ મિથ્યાત્વ છે. આહા..હા...! શું કહ્યું ઇ ? છતાં એમ કહ્યું કે, રાગની મંદતા એટલી બધી થઈ કે એકદમ છોડીને અંદર જાય છે. ભાષા તો આવી છે – પ્રચંડ, પ્ર-ચંડ. ઘણી જ રાગની મંદતા. એટલી મંદતા કે એને એમ પણ લાગી જાય કે આ તે કોઈ શાંતિ છે. સમજાણું કાંઈ ? પણ એટલી કષાયની મંદતા હોય તેવા કર્મકાંડના નામ કાર્યથી, પરિણતિથી 'અખંડ જ્ઞાનકાંડને...' આ..હા...!

ભગવાન જે અખંડ જ્ઞાનસ્વરૂપ છે, પ્રભુ ! એ કર્મકાંડ છે એ તો ખંડ ખંડ છે પણ એના વડે, એવું નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું છે. કારણ કે વાત આવી ગઈ ને ? ક્રિયાનય વડે (એવી) એક યોગ્યતા એમાં ગણી છે પણ તે જ સમયે જ્ઞાનનયે યોગ્યતા (પણ) ગણી છે. તે જ સમયે નિશ્ચયથી મોક્ષ થાય એ પણ ગણ્યું છે, તે જ સમયે વ્યવહારથી મોક્ષ થાય એવી પણ યોગ્યતા (ગણી છે) પણ સમય તો તે જ છે. આહા..હા...! શું થાય ? એવી એક યોગ્યતા ગણીને એ વડે કહેવામાં આવ્યું છે.

'જ્ઞાનકાંડને...' એટલે જ્ઞાનસ્વરૂપી ભગવાન. જ્ઞાનકાંડ એટલે એની પરિણતિ. આહા..હા...! સ્વભાવ પૂર્ણાનંદના નાથ ઉપર દૃષ્ટિ પડતાં (તેની પરિણતિ થાય). ક્રમબદ્ધનું બહુ આવ્યું છે. 'મુંબઈ'માં પૂછ્યું હતું એ બધો લેખ આવ્યો છે. એમ કે, ક્રમે ક્રમે પર્યાય થાય તો પછી અમારે કરવાનું શું રહ્યું ? થાશે ત્યારે થાશે. ભાઈ ! તને ખબર નથી. ક્રમબદ્ધની

પર્યાયનું મહારહસ્ય છે, જૈનદર્શનનું એમાં રહસ્ય છે. આહા..હા...! જૈનદર્શન જે અકર્તાવાદી છે એ અકર્તાની પરાકાષ્ઠાનું એમાં સ્વરૂપ છે. સમજાય છે કાંઈ ? જે સમયે જે પર્યાય થવાની તે ક્રમબદ્ધમાં થવાની જ. એને ઇન્દ્ર, નરેન્દ્ર પણ ફેરવી શકે નહિ. આહા..હા...! ત્યારે કહે કે, એમાં થાય ત્યારે હવે અમારે કરવાનું શું ? બાપુ ! જે સમયે થાય તે સમયે થાય એનો નિર્ણય ક્રમબદ્ધની પર્યાયને આશ્રયે ન થાય. સમજાણું કાંઈ ? એનો નિર્ણય દ્રવ્યની પર્યાય છે એટલે દ્રવ્યનો – જ્ઞાયકનો નિર્ણય કરે ત્યારે તેને ક્રમબદ્ધનો સાચો નિર્ણય થાય. આ..હા...! આવી વાતું છે. અહીં તો એનું આમ કરીએ ને આમ કરીએ ને આમ કરીએ. શું કરે છે ? પ્રભુ ! સાંભળ તો ખરો, ભાઈ !

એ જ્ઞાનકાંડ જાણનાર સ્વભાવ ભગવાન, આહા..હા...! નિમિત્તને જાણે, રાગને જાણે, અરે...! જાણવાની નિર્મળ પર્યાય થઈ એ બીજી પર્યાયને જાણે. આહા..હા...! એવા આત્માનું જ્ઞાનકાંડ એટલે સ્વભાવની એકતાની દૃષ્ટિ. જ્ઞાનકાંડ એટલે આત્માની ક્રિયા. જ્ઞાનસ્વભાવની એકાગ્રતાની ક્રિયા. આ..હા...! જે ઓલી રાગ-દ્વેષની એકતાની ક્રિયા હતી એ સંસાર હતો. એનાથી એકતાની વાત તોડી નાખી નથી, એકતા હતી ત્યાં. અહીંયાં રાગ-દ્વેષના વિકલ્પ છે તે ક્રમબદ્ધ થાય છે એવો નિર્ણય કરવા જતાં એ જ્ઞાયક ઉપર દૃષ્ટિ જાય છે. આ..હા...! આવું કેમ બેસે ?

આ તો ઘણા વર્ષથી કહીએ છીએ પણ આ વખતે હિન્દી 'આત્મધર્મ'માં આવ્યું છે, બધું નાખ્યું છે. એ પુસ્તક છપાવાના. જેમ આ દસલક્ષણનું પુસ્તક છપાવ્યું છે ને ? એમ ક્રમબદ્ધનું એક પુસ્તક છપાવાના છે. આ..હા...! હલાવી નાખે એવું છે. આ..હા...! અમે આમ કરીએ ને અમે આમ કરીએ, આમ કરીએ... કોનું કરે ? પ્રભુ ! સાંભળ તો ખરો ! જડની અને પરની ક્રિયા તેને કાળે થાય તેમાં તું કર શું ? ક્રમબદ્ધમાં શરીરને આમ હાલવું-ચાલવું છે એ તો એના ક્રમબદ્ધમાં થવાની એ ક્રિયા એને લઈને છે. આ..હા...! ભાષાની પર્યાય પણ ક્રમબદ્ધમાં જે કાળે જે ભાષા થવાની તે થાય છે. એમાં તું કર શું એનું ? આ..હા..હા...! એ તો ભાષા ને શરીર તો ભિન્ન છે માટે એની ક્રિયા તો આત્માથી ભિન્ન છે પણ આત્મામાં થતી રાગની ક્રિયા કે જ્ઞાનની ક્રમબદ્ધ (ક્રિયા)... આહા..હા...! એમાંથી દૃષ્ટિ છોડી અને જ્ઞાયક ભાવનો નિર્ણય કરે ત્યારે જ્ઞાનકાંડ પ્રગટ થાય. ત્યારે જ્ઞાનની નિર્મળ ક્રિયા – સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય. આહા..હા...! કહો, ભાઈ ! આવું છે, બાપુ ! અરે..રે...! વખત જાય છે. ટાણા જાય છે, ભાઈ ! આહા..હા...! દેહની સ્થિતિ પૂરી થવાને

તો સમય જાય છેને બધા ? જે મુદત છે તેમાં ફેરફાર થવાનો નથી. જેટલા દિવસો, મહીના જાય એ બધું મૃત્યુ સમીપે, દેહની છૂટવાની સમીપે જાય છે. અરે...!

એમાં ભગવાનઆત્મા પરની રુચિ છોડી, પરનો આશ્રય છોડી અને સ્વનો આશ્રય કરે ત્યારે તેને સમ્યગ્દર્શન જ્ઞાનકાંડ પ્રગટ થાય. એ જ્ઞાનની ક્રિયાઓ, જ્ઞાનની પરિણતિ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્યારે પ્રગટ થાય. આહા..હા...! બીજાને એવું લાગે કે, આ તો બધું અમારી વાતું માનીએ છીએ (એ) બધી ઉથાપી નાખે છે. બાપુ ! તારી વાત જે છે એ કેવી છે એને જણાવે છે. સમજાય છે કાંઈ ? આ..હા...! ભગવંત તારો અનાદર નથી કરતા પણ તારો આદર કરવા માટે જે અનાદરથી ચીજ છે એ ખોટી છે અને અંદરમાં આદર કરવો જોઈએ એ વાત સાચી છે, એ સમજાવવા એને કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? બહુ દયા ને વ્રત ને ભક્તિ ને અપવાસ કરે ને જાત્રાઓ કરે ને ભક્તિ કરે (એ કોઈ માર્ગ નથી). 'જ્ઞાનમાર્ગ રહ્યો દૂર' આવ્યું છે ને ? 'ગામ ધૂમે ધમાધમ ચલી' ભગવાન ચિદાનંદ પ્રભુનો માર્ગ અંદર એક કોર રહી ગયો. આહા..હા...! આટલા અપવાસ કર્યા ને આ બાળ બ્રહ્મચારી થઈ ને છોડીયું બાળ બ્રહ્મચારી થઈ ને એના વરઘોડા કાઢો. શું છે ? પ્રભુ ! આહા..હા...!

અંદરમાં પરથી (અને) રાગની ક્રિયાથી પણ ભિન્ન પડી.. આહા..હા...! અને ભગવાન આનંદનો નાથ, તેને જગાડે. આ..હા...! જે રાગમાં સૂતો છે તે રાગમાંથી જાગૃત થઈને એને છોડે (અને) આત્મામાં જાય. આહા..હા...! વસ્તુ છે ભગવાન પૂર્ણાનંદનો નાથ આત્મા, (જે) પરમાત્માને – અરિહંત પરમાત્માને અતીન્દ્રિય આનંદ પ્રગટે છે તે આવ્યો ક્યાંથી ? ક્યાંય બહારથી આવે છે ? આ..હા..હા...! આ 'મોરબી'માં જુઓને ! મોટું શું કહેવાય ઇ ? તળાવ, તળાવ કહેવાય ને ? ડેમ. માટીનો પાળો એવો ઢીલો હતો, તોડીને, ફોડીને નીકળ્યો. કેટલા હજાર, પંદર, વીસ, પચીસ હજાર માણસ મરી ગયા. એ (પાણીનો) પ્રવાહ એટલો બધો આવ્યો... એક મિનિટે એક ફૂટ, બે મિનિટે બે ફૂટ (પાણી આવ્યા). ઓલા જાણે કે હમણાં નીકળશું... નીકળશું ત્યાં તો આઠ ફૂટ માથા ઉપર (પાણી) આવ્યું. કેટલાય મરી ગયા.

અહીં કહે છે, પાણીનો પ્રવાહ જેમ એકસાથે પાળ તૂટી, એમ અનંત આનંદનો નાથ એની રાગની એકતા તૂટી, અંદરથી પાળ તૂટી. આહા..હા...! એને આનંદની ધારા ને જ્ઞાનની ધારા અંદર વર્તે એણે જીવનું જીવન પ્રગટ કર્યું. સમજાણું કાંઈ ? આવી વાતું છે. 'મોરબી'ની વાતું બહુ આવે છે. પરદેશમાં વાત ગઈ છે, કોઈ આને મદદ કરો, મદદ કરો. આ..હા...!

પણ એ તળાવ એવું ફાટ્યું, એટલું પાણી હતું. કેટલાક કહે છે કે, પહેલા કોઈએ કહેલું. રાજકુમાર ગુજરી ગયો પછી કહ્યું કે, આ તળાવ ફાટશે, રૈયતનું નુકસાન થશે. પાણી... પાણી... પાણી...! ફાટ્યું ત્યાં આવ્યું ધારાવાહી. આપણા દિગંબર મંદિરમાં આટલા આટલા ગારા ! પાણી એટલું, ગારો – કાદવ. કારણ પાળી તૂટી.

આ તો આત્મા રાગની એકતા તોડીને જ્યારે જ્ઞાનકાંડમાં ગયો છે. આહા..હા...! ત્યાં અંદર સમ્યક્ જ્ઞાનધારા પ્રગટે છે. આ..હા..હા....! એના પ્રવાહને પછી કોઈ રોકી શકે નહિ. આહા..હા...! એવો જે આત્મા આનંદનો નાથ પ્રભુ ! જ્ઞાન ને અનંત જ્ઞાન ને અનંત શાંતિથી ભરેલો ભગવાન... આહા..હા...! એમાં એકતા થતાં, રાગની એકતા તૂટતાં જ્ઞાનકાંડ પ્રગટ થાય છે, જ્ઞાનનો પ્રવાહ પ્રગટ થાય છે, શુદ્ધતાની પરિણતિનો પ્રવાહ પ્રગટ થાય છે. આ..હા..હા...! આનું નામ ધર્મ ! બાકી બધી વાતું છે. આહા..હા...!

અરે..રે...! કેટલાક જીવો તો બિચારા હજી ત્રસેય થયા નથી. એટલા જીવોની સંખ્યા પ્રભુ કહે છે, નિગોદમાં એટલા પડ્યા છે કે હજી કોઈ દિ' ઇયળ પણ થયા નથી એટલા અનંતા જીવ છે. અરે..રે...! એને કે દિ' ઊગરવાના આરા (આવે) ? અરે...! પ્રભુ ! તને વખત મળ્યો ને ! આ..હા...! મનુષ્યપણું મળ્યું, પાંચ ઇન્દ્રિય (મળી), આર્યકુળમાં અવતાર (થયા)... આહા..હા...! અને તે પણ અહીં સુધી આવી વીતરાગની વાણી મળે ત્યાં સુધી આવ્યો હવે પ્રભુ ! ત્યારે કરવાનું તો આ છે. આહા..હા...! સ્વભાવનો સાગર ભગવાન છે ત્યાં આગળ જવાનું છે. જે રાગમાં રોકાયને પરને જાણવામાં રોકાય ગયો છો, અરે...! અરિહંતને જાણવા રોકાય ગયો એ પણ રાગ છે. આહા..હા...! તેથી કહ્યું ને ત્યાં ? **'जो जाणदि अरहंतं'** જાણીને પણ અંદરમાં જા હવે. આહા..હા...! 'પ્રવચનસાર' ૮૦ ગાથા. સંતોએ તો ઘણી કરુણા કરી છે. પેંથીએ પેંથીએ તેલ નાખ્યું છે. આ..હા..હા...!

કહે છે કે, આત્મા 'જ્ઞાનકાંડને પ્રચંડ કરવાથી...' જોયું ? ઓલું ખંડ ખંડ હતું. અને આ અખંડ જ્ઞાનકાંડ. પૂર્ણાનંદનો નાથ પ્રભુ અખંડ એકસ્વરૂપે છે, ત્રિકાળ નિરાવરણ છે, અખંડ એક પ્રત્યક્ષપ્રતિભાસમય છે, અવિશ્વર છે, શુદ્ધ પારિણામિક પરમભાવલક્ષણ પરમાત્મદ્રવ્ય નિજ પરમાત્મદ્રવ્ય છે. આહા..હા...! તે હું છું. એમ અંતરમાં દૃષ્ટિ થતાં જ્ઞાન શુદ્ધ ચૈતન્યની પર્યાય પ્રવાહ વહે છે. આહા..હા...! એ આનંદના ઝરણા વહે છે. જેમ પર્વતમાંથી પાણી ઝરે એમ ત્રણલોકનો નાથ પરમાત્મા પોતે છે એની દૃષ્ટિ જ્યાં થઈ... આ..હા..હા...! એની પર્યાયમાં આનંદ ઝરે. એ જ્ઞાનકાંડ કહેવામાં આવે છે. આરે...! આવી વાતું હવે.

આ..હા..હા...!

ભગવાન ચૈતન્યમૂર્તિ ! એ પહેલા પણ કહ્યું હતું ને ? ‘અનંત ધર્મોવાળા નિજ આત્મદ્રવ્યને અંદરમાં શુદ્ધચૈતન્યમાત્ર દેખે છે જ.’ આવ્યું હતું ને ? આહા..હા...! એમ અહીં પણ કહે છે. ‘અખંડ જ્ઞાનકાંડને પ્રચંડ કરવાથી...’ પાછો પ્રચંડ ! આ..હા..હા...! એ વીર્યના વલણને અંતરમાં વાળીને જે પુણ્ય ને પાપમાં વીર્ય રોકાય ગયું છે એ વીર્ય તો નપુંસક છે. આહા..હા...! એ વીર્યને જેનું વીર્ય છે ત્યાં તેને વાળ અને પરની એકતાની વાડ તોડી નાખ. જે જોડી છે તેને તોડ અને તોડી છે તેને જોડ. અરે...! આવી વાતું હવે. જુવાન શરીર હોય, રૂપાળા શરીર હોય એમાં મકાનના પાંચ, પચીસ લાખ રૂપિયા હોય, એમાં મજા કરતો હોય. અરે...! ભાઈ ! તું દુઃખી છો, ભાઈ ! એ દુઃખની તને ખબર નથી. આહા..હા...! એ દુઃખના ભાવમાં ગળકા ખાય ગયો છો, ભાઈ ! તને આનંદના નાથની ખબરું ન મળે અને અમે સુખી છીએ એમ માને છે. અમે પૈસેટકે સુખી છીએ. ધૂળેય નથી, સાંભળને ! ભિખારી છો. તારી લક્ષ્મી પડી છે એને જોતો નથી અને દૂરની લક્ષ્મીને લેવા માગે છો. રાંકો, ભિખારી છો. ભાઈ ! આવી વાતું છે આ. આહા..હા...!

અહીં કર્મકાંડની વ્યાખ્યા કરી છે એની આ (વાત) ચાલે છે. ભગવાન પૂર્ણાનંદનો નાથ... આહા..હા...! એના તરફ જ્યાં દૃષ્ટિ કરે છે ત્યારે આત્માના જ્ઞાનક્રિયા, શ્રદ્ધાક્રિયા, શાંતિક્રિયા પ્રગટ થાય છે. નિર્વિકલ્પ આનંદ પ્રગટ થાય છે. આ..હા..હા...! જે આનંદની અનંતકાળમાં કદી ગંધ લીધી નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? ધર્મ પામવાની આ રીત છે. આ..હા...! અરે..રે...!

‘અખંડ જ્ઞાનકાંડને પ્રચંડ કરવાથી અનાદિ પૌદ્‌ગલિક કર્મરચિત મોહ...’ (એટલે કે) મિથ્યાત્વ ‘વધ્યઘાતકના વિભાગજ્ઞાનપૂર્વક...’ આત્મા હણાવા યોગ્ય અને ઘાતક (છે). શું કહે છે ? રાગનો વિકલ્પ જે શુભ રાગ છે, એની એકત્વબુદ્ધિ એ પણ મિથ્યાત્વ ભાવ છે. મિથ્યાત્વ ભાવ હણનાર છે અને આત્માની પર્યાય હણાવા લાયક છે. પર્યાય, હોં ! દ્રવ્ય તો છે ઇ છે. ભગવાન જે પૂર્ણાનંદનો નાથ અંદર સચ્ચિદાનંદ પ્રભુ, એની પર્યાયમાં મિથ્યાત્વ જે છે, રાગની એકતા (છે), રાગની એકતા, રાગ મારો ને મને દયા, દાનની ક્રિયાથી ધર્મ થશે, એવો જે મિથ્યાત્વભાવ એ ઘાતક છે અને આત્માની પર્યાય વધ્ય નામ હણાવા લાયક છે. આહા..હા...! ભાઈ ! આવું સ્વરૂપ છે. હવે આમાં ક્યાં... ? કરોડ-બે કરોડ રૂપિયા મળ્યા એટલે થઈ ગયા જાણે... આ..હા..હા...! અમે મોટા થયા. જગતમાં અમને

માન મળશે. માનના ભૂખ્યા. માન મળશે, એમ કહે, સન્માન મળશે. પણ એ સન્માન ક્યાં આવ્યું ? ત્યાં ક્યાં સત્‌નું માન છે ? સન્માન તો અસત્‌નું સન્માન છે. આહા..હા...!

અહીં તો પરમાત્મા પૂર્ણ સ્વરૂપે બિરાજમાન (છે) તેની જ્યાં એકતા કરી, જ્ઞાનકાંડ પ્રગટ કર્યો... આ..હા..હા...! રાગની જે ક્રિયાકાંડ હતી તેને છોડી. એનાથી એમ નિમિત્તથી કથન છે. આહા..હા...! ઝીણી વાતું બહુ, ભાઈ ! સાધારણ માણસને એવું લાગે આ તો નિશ્ચય... નિશ્ચય... નિશ્ચયના પોકાર છે. બાપા ! નિશ્ચય એટલે સાચું, વ્યવહાર એટલે આરોપિત કથન. આહા..હા...! કીધું નહિ ? પૈસામાં કંઈ રૂપ, રસ નથી છતાં એનો લોભ એ તો આરોપિત લોભ છે. સ્ત્રીનું શરીર અને બીજાના રૂપાળા મકાન દેખીને એમાં પ્રેમ થાય એ તો વસ્તુમાં નિમિત્ત છે, આમાં તો એ નિમિત્તપણું પણ નથી, પૈસામાં રૂપ-રસ (કંઈ નથી). શું કહેવાય તમારે આ ? નોટું. અરે...! રોકડા રૂપિયા હતા તેમાં ક્યાં રૂપ, રસ હતો ? પણ ભાળીને અંદર લોભ કરીને રોકાય ગયો. આ તો અરૂપી અગંધ, અવર્ણ, અરસે (બિરાજમાન) પરમાત્મા અંદર છે, વસ્તુ છે. આ..હા...! એમાં રૂપ (એટલે) સ્વરૂપ ને આનંદરસ પડ્યો છે. રૂપ ને રસ આત્મામાં છે. આહા..હા...! પૈસામાં કોઈ રૂપ, રસ નથી કે (એને) દેખીને પ્રેમ થાય. એ તો લોભ ઊભો કરે છે. ભાઈ ! આવી વાતું છે. ભાઈ ! આહા..હા...!

અંતરમાં તો રૂપ અને રસ ભર્યાં છે, ભાઈ ! રૂપ એટલે સ્વરૂપ. અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનનું રૂપ – સ્વરૂપ પડ્યું છે અને રસ એટલે અતીન્દ્રિય આનંદનો રસ અંદર પડ્યો છે. અરે...! જેમાં રૂપ અને રસ નથી તેમાં તું લલચાય ગયો ! જેમાં રૂપ અને રસ ભર્યા છે તેમાં તને લલચાવું ન થયું. પ્રભુ ! તેં શું કર્યું ? આહા..હા...! આ..હા..હા...! ગજબ વાત કરે છે ! શું કહે છે ?

'કર્મરચિત મોહ...' મિથ્યાત્વ. રાગની એકતાની બુદ્ધિ તે મિથ્યાત્વ (છે). એવા મોહને રચતા 'વધ્યઘાતકનો વિભાગ...' કર્યો. આત્મા જે પર્યાયમાં હણાવા લાયક છે, મિથ્યાત્વ ઘાતક છે. એના 'વિભાગજ્ઞાનપૂર્વક વિભક્ત (જુદો)...' કર્યો. એને જુદો પાડ્યો. જે મિથ્યાત્વ ઘાતક છે. ભલે એ ઘણી ક્રિયાકાંડ પંચ મહાવ્રતની ઊંચી કરે પણ એ રાગ છે, ઘાતક છે. કેમકે રાગની એકતા તે મિથ્યાત્વ છે. આહા..હા...! ગજબ વાતું ! લોકોને આકરી લાગે, ભાઈ ! પ્રભુ ! તારા પંથ કોઈ નિરાળા છે. અરે..રે...! અત્યારે તો ફેરફાર એટલો થઈ ગયો, બહારના દેખાવ કરવા ને અંદરમાં કાંઈ ન મળે. અને છ ખંડના રાજમાં પડ્યો પણ જેણે જ્ઞાનકાંડ પ્રગટ કર્યો છે. આ..હા..હા...! જેણે અંશે ઉત્તમક્ષમા, ઉત્તમસરળતા પ્રગટ કરી

છે. આહા..હા...!

અહીં કહે છે, એવો જે આત્મા, જ્ઞાનસ્વરૂપી આખો આત્મા, એનો કાંડ એટલે ક્રિયા, આત્માની નિર્મળ ક્રિયા પ્રગટ કરી છે. આહા..હા...! 'વિભાગજ્ઞાનપૂર્વક...' એટલે ભેદ પાડવાપૂર્વક. 'વિભક્ત (જુદો) કરવાને લીધે...' આહા..હા...! એ રાગની એકતાબુદ્ધિ જે મિથ્યાત્વ ભાવ, એ દુઃખના પંથે હતો તેને હવે ધર્મ (પ્રગટ કરીને) સુખના પંથે લાવ્યો. એનું ભેદજ્ઞાન કર્યું. આહા..હા...! અરે...! આવી વાતું. વાણિયાને વખત ન મળે. કલાક માંડ સાંભળે. 'ભાવનગર'ની વાત સાંભળી કે, એંસી માણસ આવે. ત્રીસ આદમી ને ત્રીસ બાયું. કેટલા એંસી ઘર છે ને ? તમારા ભાઈને પૂછ્યું હતું. એટલા માણસ થાય. પર્યુષણમાં આવે. શું થાય ? સાંભળવાનો વખત ન લ્યે. (શ્રોતા :– સો મેમ્બર છે). આવે છે ત્રીસ ભાઈઓ, ત્રીસ બહેનો. આમ ઘર એંસી છે. આ તો ભાઈ મારી સાથે બેઠા હતા એમાં એને પૂછ્યું કે, માણસ કેટલા આવે છે ? ત્રીસ આદમી, ત્રીસ બાયું. સ્થાનકવાસીમાં તો સાધુ ન હોય તો એટલુંય જાતું નથી, આ તો આપણે દરરોજ આવે. પણ એંસી ઘર (એટલે) ચારસો માણસ હશે. નહિ ? ચારસો. એમાં ત્રીસ આદમી, બાયું. એક કલાક સાંભળવાનો પણ વખત ન મળે. ભાઈ ! તમે જાઓ છો કે નહિ ? અરે...!

આવી વાતું પરમાત્મા સંતોની. દિગંબર મુનિઓ એટલે સાક્ષાત્ વીતરાગ ! આહા..હા...! જેને અંદર અતીન્દ્રિય આનંદના ઉછાળા મારે છે. જેની જ્ઞાનકાંડની દશા અંદર ઉછાળા મારે છે. આ..હા...! અતીન્દ્રિય આનંદની ભરતી આવે છે. દરિયાના પાણીની જે ભરતી આવે.. ભરતી સમજે ? બાઢ. એમ આત્માની પર્યાયમાં જે સાચા સંત હોય છે, એને અતીન્દ્રિય (આનંદની) પર્યાયની બાઢ આવે છે. આહા..હા...! એને અહીંયાં જ્ઞાનકાંડ કહેવામાં આવે છે. આહા..હા...!

એ 'વધ્યઘાતકના...' ભાષા જોઈ ? રાગ જે દયા, દાન શુભભાવ છે એ મારો છે એવો મિથ્યાત્વ ભાવ, એ મિથ્યાત્વ ભાવ ઘાતક છે અને આત્માની શાંતિનો પર્યાયમાં ઘાત થાય છે. દ્રવ્યમાં નહિ. દ્રવ્ય તો ત્રિકાળ નિરાવરણ છે. ભાઈ ! શાંતિની વાત આવી. આહા..હા...! વધ્ય કીધું ને ? વર્તમાન પર્યાયની શાંતિનો ઘાત થાય છે અને રાગની એકતાબુદ્ધિમાં મિથ્યાત્વ છે તે ઘાતક છે એનો એણે વિભાગ કર્યો. પર ઉપર જે દૃષ્ટિ હતી એ છોડીને સ્વ ઉપર દૃષ્ટિ કરી, ભેદજ્ઞાન કર્યું આ..હા..હા...! ચાહે તો દયા, દાનનો રાગ હોય પણ એનાથી ભગવાનને અંદર ભિન્ન પાડ્યો. આનું નામ ધાર્મિક ક્રિયા છે. અરે..રે...!

આવી કઈ જાતની ? આહા..હા...! ઓલા તો ભગવાન પાસે ભક્તિ (કરે), બે-ચાર કલાક બેસે અને સ્તુતિ કર્યા કરે, ભક્તિ કરે. બાપુ ! એ બધી ક્રિયા તો જડની છે. તારો ભાવ રાગ મંદ હોય તો શુભ હોય પણ એ કોઈ ધર્મ નથી. અરે..રે....! આવી વાતું. તો પછી આવું છે તો કોઈ ભગવાનના દર્શન નહિ કરે. પણ બાપુ ! એને રાગ આવશે. જે રાગથી ભિન્ન પડ્યો છે એવો ભાવ જાણ્યો, છતાં જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી એવો શુભરાગ આવશે. એને જાણશે કે આ હેય છે. પણ આવ્યા વિના રહેશે નહિ. આહા..હા...! આવી અટપટી વાતું. એક કોર કહેવું કે, રાગ હેય છે અને એક કોર કહેવું કે, ધર્મીને પણ રાગ આવે.

મુમુક્ષુ :– ભાવ ન આવે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– આવે. નહિ તો વીતરાગ થઈ જાય. આહા..હા...! છતાં ધર્મી એ રાગને દુઃખ માને છે અને જેટલો જ્ઞાનકાંડ પ્રગટ્યો તેટલું સુખ માને છે. આહા..હા...! સુખ-દુઃખની આ વ્યાખ્યા. અહીં તો પૈસાવાળો હોય એ સુખી અને નિર્ધન હોય એ દુઃખી. એ બધી વ્યાખ્યા જ જૂઠી છે. આહા..હા...!

મુમુક્ષુ :– પૈસાવાળા

પૂજ્ય ગુરુદેવશ્રી :– અત્યારે પૈસાવાળા તો બિચારા હેરાન (થાય) છે. અને કાયદા એવા થયા છે, હોં ! લાખ રળે તો સરકારને ચોરાશી હજાર દેવા પડે. એટલે કેટલાય ભાગલા પાડે. બાયડીના નામના, છોકરાના નામના, છોકરાની વહુના નામના. વાણિયા ખરા ને ! ભાઈ ! આ તમારી બધી પોલ ખૂલે છે. આઠ-દસ ભાગ પાડે. દસ, વીસ, પચાસ લાખ હોય એમાંથી ભાગ પાડી નાખે. પાંચ, પાંચ રહે એટલે ઓલાને થોડું દેવું પડે. શું કહેવાય તમારે એ ? ઇન્કમ ટેક્સ. આ..હા...!

અહીં તો પ્રભુ કહે છે, જેને આ રાગની એકતાબુદ્ધિ છે એ મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વ ઘાતક છે, પ્રભુ ! તારી પર્યાય હણાય છે. એથી તેનો જેણે વિભાગ કર્યો. આહા..હા...! જેણે ભાગ પાડી દીધો – રાગ ભિન્ન છે, મારી ચીજ ભિન્ન છે. આ..હા..હા...! 'વિભક્ત (જુદો) કરવાને લીધે (પોતે) કેવળ આત્મભાવનાના (આત્માના અનુભવના) પ્રભાવ વડે...' જોયું ? કેવળ આત્મભાવ. શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે આત્મભાવ. નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ આત્મભાવના. આહા..હા...! કેવળ ! આ..હા..હા...! આત્મભાવના – આત્માને અનુભવવો. ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ ! અરે...! એની મીઠાશ આગળ જગતના ઇન્દ્રના,

ઇન્દ્રાણીના કરોડોના સુખ સડેલા કૂતરા જેવા લાગે. આહા..હા...! બાપુ ! તારા આનંદના સ્વાદ આગળ એવો એ સ્વાદ જ્યાં આવે છે ત્યારે કહે છે કે, 'આત્મભાવનાના (આત્માના અનુભવના) પ્રભાવ વડે પરિણતિ નિશ્ચળ કરી હોવાથી...' આહા..હા...! સ્વરૂપ તરફના વલણના ઢાળમાં પર્યાયને ઢાળી હોવાથી. આહા..હા...!

'સમુદ્રના માફક પોતામાં જ અતિ નિષ્કંપ રહેતો થકો...' સમુદ્ર જેમ આમ સ્થિર રહે છે એમ પોતે ભગવાનઆત્મા નિષ્કંપ પોતામાં રહે છે. રાગની કંપનામાં જાતો નથી. આ..હા...! અરે.. અરે...! આવી વાતું. પછી 'સોનગઢ'વાળાનું બિચારા એમ કહેને ? કહે. અમે આટલો આટલો વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિ, તપસ્યા કરીએ, અગિયાર અગિયાર પડિમાઓ લઈએ. (એક મુમુક્ષુએ એમ કહ્યું), વીસ પડિમા હોય તો વીસ લ્યે. એવી ક્યાં વસ્તુ છે ? અરે...! ભગવાન ! પડિમા ક્યાંથી આવી તને ? હજી સમ્યગ્દર્શન ન મળે એને પડિમા ક્યાંથી આવી ? આહા..હા...! ક્યાં અત્યારે ખબરું છે ?

એક જણો કહેતો, અહીંનું સાંભળ્યું પછી કોઈએ એને પડિમા આપી. તો કહે, પડિમા તમે આપી પણ મારી પાસે આવી નથી. ભાઈ ! એક અહીં આવતા. ગુજરી ગયા બિચારા. પડિમા લીધી હતી પણ રાત્રે બીડી પીવે. કંઈ ઠેકાણા ન મળે. અહીં આવતા. એના ગામમાં ગયા હતા. કયું ગામ છે ? 'કુરાવલી'. એક ફેરી અહીં સ્વાધ્યાય મંદિરમાં આવ્યા તો મને ગંધાય. અહીં નાક ચોખ્ખું, આ આવ્યો ને ગંધાય છે શું ? ત્યાં પોકળ નીકળ્યું. સાત પડિમાધારી રાત્રે બીડી પીવે ! એક જણો 'રાજકોટ'માં કહેતો હતો. આઠ પડિમાવાળો આવ્યો હતો. પછી કહે, આઠ પડિમાવાળા સુધી કોઈ ભાવ પૂછતું નથી માટે અગિયાર લેવી પડશે. એટલે અમને માને. ત્યાગી તરીકે આહારનો આદર કરે. આહા..હા...! કયું ગામ આ ? 'ઉદેપુર' ! 'ઉદેપુર'માં વ્યાખ્યાન ચાલતા (ત્યારે) બધા ત્યાગી માથે બેસે. બધા આહારનું આમંત્રણ આપે. એકલો અહીં બેસી જાય તો આદર આપે નહિ. અરે..રે...! રોટલા ખાતર પણ એની કેટલી દીનતા ! કહે છે કે, તને કાંઈ ખબર નથી, બાપુ ! વસ્તુ શું છે ? આહા..હા...!

ભગવાનઆત્મા રાગથી ભિન્ન પડીને જ્યાં આત્મભાવના પ્રગટ થઈ. ઓલી રાગની ભાવના હતી એ મિથ્યાત્વ હતું. આવો રાગ કરું, આવો રાગ કરું, રાગનો કર્તા થાય તે મિથ્યાત્વ છે. આહા..હા...! કારણ કે ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે. શુદ્ધ પવિત્ર અનંત ગુણનો પિંડ છે એને રાગનું કર્તાપણું માનવું એ મિથ્યાત્વ છે. આહા..હા...! એ વિભાગ પાડીને 'સમુદ્રની માફક પોતામાં જ અતિ નિષ્કંપ રહેતો થકો એકીસાથે જ અનંત જ્ઞપ્તિવ્યક્તિઓમાં

વ્યાપીને...' એક સમયમાં જેટલી જાણવાની (જ્ઞપ્તિ છે) એ બધીમાં વ્યાપે છે. એમાં ક્રમે ક્રમે ખંડ ખંડ એમ નથી, એમ કહે છે. પૂર્ણની વાત છે. નીચે પણ એટલે અંશે અખંડ વ્યાપે છે.

જાણવાની અનંત પ્રગટતાઓ તેમાં 'વ્યાપીને અવકાશના અભાવને લીધે...' પછી અવકાશ ક્યાં રહ્યો ? અંદરમાં જ્યાં એકાગ્ર થાય છે... આહા..હા...! 'બિલકુલ વિવર્તન (પરિવર્તન) પામતો નથી, ત્યારે જ્ઞપ્તિવ્યક્તિઓનાં નિમિત્તરૂપ હોવાથી જે જ્ઞેયભૂત છે એવી બાહ્યપદાર્થવ્યક્તિઓ પ્રત્યે તેને ખરેખર મૈત્રી પ્રવર્તતી નથી...' આ..હા..હા...! જ્ઞાનની પર્યાયમાં ભગવાન જાણવામાં આવ્યા ત્યારે રાગ થયો. ભગવાન, હોં ! અરિહંત જાણવામાં રાગ થયો. એ ભેદજ્ઞાન કરવાથી એ રાગના અવકાશના અભાવને લીધે બિલકુલ પરિવર્તન પામતો નથી. આહા..હા...! અને તેથી જ્ઞેયભૂત એવા બાહ્ય પદાર્થ. બાહ્ય પદાર્થ (એટલે) ભગવાન અરિહંત ને દેવ-ગુરુ-શાસ્ત્રજ્ઞ પણ બાહ્ય પદાર્થ છે. અંતર પદાર્થ તો ભગવાન અહીં અંદર છે. અરે..રે...! આકરું કામ બહુ. ભગવાનો પોતે એમ કહે. ભગવાન એમ કહે કે, અમારી સામું જોતાં પ્રભુ ! તને રાગ થશે. તારા દ્રવ્યનો આશ્રય મૂકીને અમારી સામું જોઈશ તો રાગ થશે. એ રાગ છે તે દુર્ગતિ છે, ચૈતન્યની ગતિ નહિ. આહા..હા...! આવું આકરું કામ. એક કોર ભક્તિમાં એવું આવે કે, હે પ્રભુ ! તમારી ભક્તિથી મને કલ્યાણ થાશે. એ તો બધા નિમિત્તના કથન (છે). આહા..હા...!

'જ્ઞેયભૂત છે એવી બાહ્યપદાર્થવ્યક્તિઓ પ્રત્યે તેને ખરેખર મૈત્રી પ્રવર્તતી નથી અને તેથી આત્મવિવેક સુપ્રતિષ્ઠિત (સુસ્થિત) થયો હોવાને લીધે...' પોતામાં સ્થિર થયો હોવાથી 'અંતર્મુખ થયેલો...' બાહ્ય પદાર્થમાં પ્રેમ હોવાથી ઓલો બહિર્મુખ હતો, અહીં અંતર્મુખ થયો. અરે..રે...! આવું છે. 'અત્યંત અંતર્મુખ થયેલો...' પાછું એમ (કહ્યું છે). જ્ઞાયક સ્વભાવ ભગવાન પૂર્ણાનંદના નાથમાં જેની પરિણતિ ઢળી ગઈ છે. આહા..હા...! 'એવો આ આત્મા પૌદ્ગલિક કર્મને રચનારા રાગદ્વેષદ્વૈતરૂપ પરિણતિથી દૂર થયો થકો...' એને રાગ ને દ્વેષની પરિણતિ રહેતી નથી. આહા..હા...!

'પૂર્વે નહિ અનુભવેલા અપૂર્વ જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન આત્માને...' દેખો ! પૂર્વે નહિ અનુભવેલા અપૂર્વ જ્ઞાનાનંદસ્વભાવી ભગવાનઆત્મા ! દયા, દાનના વિકલ્પ, રાગ એ જીવનો સ્વભાવ નથી, એ તો વિભાવ છે. આહા..હા...! જ્ઞાનાનંદસ્વભાવી ભગવાનઆત્મા ! ભગવાનઆત્મા લખ્યું (છે), જુઓ ! 'અમૃતચંદ્રાચાર્ય' ! આ..હા..હા...! આ તો બાપુ !

વીતરાગના ઘરની વાતો બહુ ઝીણી, ભાઈ ! લોકોએ તો બહારમાં બધું ખતવી નાખ્યું છે. આહા..હા...! રાગની ક્રિયા ખૂબ કરે ને અગિયાર પડિમા ને આ ને તે... જાણે કે હું ત્યાગી થઈ ગયો. અરે..રે...! પ્રભુ ! તેં શું કર્યું ? હજી મિથ્યાત્વનો ત્યાગ કર્યો નથી ત્યાં બહારનો ત્યાગી ક્યાંથી થયો ? બહારનો ત્યાગી તો અનાદિથી છે. કેમકે તારી પર્યાયમાં એ પરપદાર્થ તો નથી. શું કીધું ઇ ? તારી પર્યાયમાં કર્મ, શરીર, વસ્તુ તો નથી. પછી નથી તેનો ત્યાગ શું ? તારી પર્યાયમાં તો રાગ ને દ્વેષ ને વિકાર છે. આહા..હા...! સમજાણું કાંઈ ? ભગવાનઆત્માની પર્યાયમાં શરીર, કર્મ, પરપદાર્થ તો છે જ નહિ, એ તો ભિન્ન છે. તારી પર્યાયમાં રાગ-દ્વેષ છે એ તારામાં છે. એનાથી ભિન્ન પાડવું છે.

'અપૂર્વ જ્ઞાનાનંદસ્વભાવી ભગવાનઆત્માને અત્યંતપણે જ પ્રાપ્ત કરે છે.' અત્યંતપણે પ્રાપ્ત કરે છે. 'જગત પણ જ્ઞાનાનંદાત્મક પરમાત્માને પ્રાપ્ત કરો જ.' આહા..હા...! જોયું છેલ્લું ? પ્રભુ ! તમે બધા એ પ્રમાણે પ્રાપ્ત કરો. વિશેષ કહેશે...

શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !

भवति चात्र श्लोकः-

आनन्दामृतपूरनिर्भरवहत्कैवल्यकल्लोलिनी-
निर्मग्नं जगदीक्षणक्षममहासंवेदनश्रीमुखम्।
स्यात्काराङ्कजिनेशशासनवशादासादयन्तूल्लसत्।
स्वं तत्त्वं वृतजात्यरत्नकिरणप्रस्पष्टमिष्टं जनाः।।२०।।

व्याख्येयं किल विश्वमात्मसहितं व्याख्या तु गुम्फो गिरां
व्याख्यातामृतचन्द्रसूरिरिति मा मोहाज्जनो वल्गतु।
वल्गत्वद्य विशुद्धबोधकलया स्याद्वादविद्याबलात्
लब्ध्वैकं सकलात्मशाश्वतमिदं स्वं तत्त्वमव्याकुलः।।२१।।

इति गदितमनीचैस्तत्त्वमुच्चावचं यत्
चिति तदपि किलाभूत्कल्पमग्नौ हुतस्य।
अनुभवतु तदुच्चैश्चिच्चिदेवाद्य यस्माद्
अपरमिह न किञ्चित्तत्त्वमेकं परं चित्।।२२।।

समाप्तेयं तत्त्वदीपिका टीका।

---

અહીં શ્લોક પણ છે :–

[ અર્થ :– ] આનંદામૃતના પૂરથી ભરચક વહેતી કૈવલ્યસરિતામાં (મુક્તિરૂપી સરિતામાં) જે ડૂબેલું છે, જગતને જોવાને સમર્થ એવી મહાસંવેદનરૂપી શ્રી (મહાજ્ઞાનરૂપી લક્ષ્મી) જેમાં મુખ્ય છે. ઉત્તમ રત્નના કિરણ જેવું જે સ્પષ્ટ છે અને જે ઇષ્ટ છે એવા ઉલ્લસતા (પ્રકાશમાન, આનંદમય) સ્વતત્ત્વને જનો સ્યાત્કારલક્ષણ જિનેશશાસનના વશે પામો (–'સ્યાત્કાર' જેનું ચિહ્ન છે એવા જિનભગવાનના શાસનનો આશ્રય કરીને પામો.).

[ હવે, 'અમૃતચંદ્રસૂરી આ ટીકાના રચનાર છે' એમ માનવું યોગ્ય નથી એવા અર્થના કાવ્ય દ્વારા યથાર્થ વસ્તુસ્વરૂપને દર્શાવી સ્વતત્ત્વપ્રાપ્તિની પ્રેરણા કરવામાં આવે છે : ]

[ અર્થ :– ] (ખરેખર પુદ્‌ગલો જ સ્વયં શબ્દરૂપે પરિણમે છે, આત્મા તેમને પરિણમાવી શકતો નથી, તેમ જ ખરેખર સર્વ પદાર્થો જ સ્વયં જ્ઞેયપણે–પ્રમેયપણે પરિણમે છે, શબ્દો તેમને જ્ઞેય

બનાવી–સમજાવી શકતા નથી માટે) 'આત્મા સહિત વિશ્વ તે વ્યાખ્યેય (સમજાવવાયોગ્ય) છે, વાણીની ગૂંથણી તે વ્યાખ્યા (સમજૂતી) છે અને અમૃતચંદ્રસૂરિ તે વ્યાખ્યાતા (વ્યાખ્યા કરનાર, સમજાવનાર) છે' એમ મોહથી જનો ન નાચો (–ન ફુલાઓ). (પરંતુ) સ્યાદ્‌વાદવિદ્યાના બળથી વિશુદ્ધ જ્ઞાનની કળા વડે આ એક આખા શાશ્વત સ્વ તત્ત્વને પ્રાપ્ત કરીને આજે (જનો) અવ્યાકુળપણે નાચો (–પરમાનંદપરિણામે પરિણમો).

[ હવે કાવ્ય દ્વારા ચૈતન્યનો મહિમા ગાઈને, તે જ એક અનુભવવાયોગ્ય છે એમ પ્રેરણા કરીને, આ પરમ પવિત્ર પરમાગમની પૂર્ણાહુતિ કરવામાં આવે છે : ]

[ અર્થ :– ] આ રીતે (આ પરમાગમમાં) અમંદપણે (જોરથી, બળવાનપણે, મોટે અવાજે) જે થોડુંઘણું તત્ત્વ કહેવામાં આવ્યું, તે બધું ચૈતન્યને વિષે ખરેખર અગ્નિમાં હોમાયેલી વસ્તુ સમાન (સ્વાહા) થઈ ગયું. (અગ્નિને વિષે હોમવામાં આવતા ઘીને અગ્નિ ખાઈ જાય છે, જાણે કે કાંઈ હોમાયું જ ન હોય ! તેવી રીતે અનંત માહાત્મ્યવંત ચૈતન્યનું ગમે તેટલું વર્ણન કરવામાં આવે તોપણ જાણે કે એ સમસ્ત વર્ણનને અનંત મહિમાવંત ચૈતન્ય ખાઈ જાય છે; ચૈતન્યના અનંત મહિમા પાસે બધું વર્ણન જાણે કે વર્ણન જ ન થયું હોય એમ તુચ્છતાને પામે છે.) તે ચૈતન્યને જ ચૈતન્ય આજે પ્રબળપણે–ઉગ્રપણે અનુભવો (અર્થાત્ તે ચિત્સ્વરૂપ આત્માને જ આત્મા આજે અત્યંત અનુભવો) કારણ કે આ લોકમાં બીજું કાંઈ જ (ઉત્તમ) નથી, ચૈતન્ય જ એક પરમ (ઉત્તમ) તત્ત્વ છે.

આમ (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી પ્રવચનસાર શાસ્ત્રની શ્રીમદ્‌અમૃતચંદ્રાચાર્યદેવ-વિરચિત) તત્ત્વદીપિકા નામની ટીકાનો શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ કૃત ગુજરાતી અનુવાદ સમાપ્ત થયો.

## ભાદરવા વદ ૧૨, સોમવાર
## તા. ૧૭-૦૯-૧૯૭૯
## શ્લોક–૨૦ થી ૨૨, પ્રવચન નં. ૨૭૪

'પ્રવચનસાર' છેલ્લા ત્રણ શ્લોક છે. વીસમો છે ને ?

**आनन्दामृतपूरनिर्भरवहत्कैवल्यकल्लोलिनी-**
**निर्मग्नं जगदीक्षणक्षममहासंवेदनश्रीमुखम् ।**
**स्यात्काराङ्कजिनेशशासनवशादासादयन्तूल्लसत् ।**
**स्वं तत्त्वं वृतजात्यरत्नकिरणप्रस्पष्टमिष्टं जनाः ।।२०।।**

આ છેલ્લા શ્લોકો છે ને ? હે જનો ! એમ કહે છે ને ? 'આનંદામૃતના પૂરથી ભરચક વહેતી કૈવલ્યસરિતા...' આ..હા...! અંતર ભગવાનઆત્મા આનંદ, અતીન્દ્રિય આનંદનું પૂર, 'ભરચક વહેતી કૈવલ્યસરિતા...' મુક્તિરૂપી સરિતા. અંદર મુક્તસ્વરૂપ છે. આ..હા...! આનંદામૃત – આનંદરૂપી અમૃતના પૂરથી. આ..હા...! આવો આત્મા ક્યાં...? એને શોધ્યા વિના એ મળે એવો નથી. એ ભગવાન અંદર આનંદના અમૃતના પૂરથી ભરચક (ભરેલો છે). આ..હા...! એ વહેતી કૈવલ્યસરિતા. મુક્તરૂપી પ્રવાહ છે ઇ. આહા..હા...!

એ મુક્તિરૂપી સરિતામાં જે ડૂબેલું છે. પૂર્ણાનંદનો નાથ મુક્ત સ્વરૂપમાં પોતે રહ્યું છે. આ..હા...! એને રાગનો અને બંધનો સંબંધ છે નહિ એવી એ વસ્તુ છે. આ..હા...! વસ્તુ છે એ તો ત્રિકાળ નિરાવરણ છે. આ..હા...! અખંડ છે, એક છે. એ આનંદના અમૃતનું પૂર છે એ તો ! આ..હા..હા...! આનંદના અમૃતનું પૂર વહે છે. આ..હા...! ભરચક ભરચક ભરેલી છે. ભરેલો આખું તત્ત્વ છે અંદર. આહા..હા...! અરે...! કૈવલ્યસરિતા (અર્થાત્) મુક્તિરૂપી નદી. મુક્તરૂપી નદી, અંદર પ્રવાહ (વહે છે). મુક્તસ્વરૂપ ભગવાનઆત્મા, એમાં દ્રવ્ય ડૂબેલું છે, એમાં દ્રવ્ય રહેલું છે. આહા..હા...!

'જગતને જોવાને સમર્થ એવી મહાસંવેદનરૂપી શ્રી (મહાજ્ઞાનરૂપી લક્ષ્મી) જેમાં મુખ્ય છે...' શું કીધું ? 'જગતને જોવાને...' જાણનાર. જાણવું.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન... એ જ્ઞાન જેની અંતર લક્ષ્મી (છે). એ બધા ગુણોમાં જેની મુખ્યતા એ છે. આહા..હા...! આ 'પ્રવચનસાર'ને પૂરું કરે છે અને આ એને માથે કળશ ચડાવીને બતાવે છે. એ 'જગતને જોવાને સમર્થ એવી મહાસંવેદનરૂપી...' લક્ષ્મી. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન. બધા અનંત ગુણોમાં મુખ્ય જે મહાજ્ઞાન, જાણક સ્વભાવ જે જગતને જોવાને સમર્થ (છે). જગત શબ્દે લોકાલોક. આહા..હા...! એવું જે જાણવાના સામર્થ્યવાળું આ તત્ત્વ ભગવાન. અરે... અરે...! આવી વાતું.

આ ભગવાનઆત્મા કહે છે કે, આનંદના અમૃતના પૂરથી ભરચક નદી વહે છે અંદર. આ..હા...! ઝીણી વાત, ભાઈ ! આ તો મૂળ વાત છે. આહા..હા...! અંદર આનંદના અમૃતના પૂરથી ભરચક કૈવલ્યસરિતા. પૂર્ણ પૂર્ણ સ્વભાવવાળી નદી, મુક્તસ્વરૂપ નદી, પ્રવાહ છે અંદર. એમાં દ્રવ્ય છે. આહા..હા...! બહુ ઝીણી વાત, ભાઈ ! ભગવાનની દિવ્યધ્વનિ, એનો છેલ્લો આ સાર છે. આનંદના અમૃતથી ભરેલું પૂર અંદર વહે છે. જેમ પાણીનું પૂર આમ હોય એમ આ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... પૂર વહે છે. આહા..હા...! એવો જે ભગવાનઆત્મા, એ 'જગતને જોવાને સમર્થ એવી મહાસંવેદનરૂપી...' લક્ષ્મી (એટલે) જ્ઞાન. એ તો સારા લોકાલોકને જાણનારું જ્ઞાન છે. કોઈનું કરનારું, કોઈને માનનારું, કોઈને મદદ કરનારું એવું એ તત્ત્વ નથી. આ..હા..હા...! જગત શબ્દે સારા લોકાલોક. આહા..હા...! એને મહાસંવેદન જ્ઞાનસ્વભાવ ભગવાન, એને તો જાણવાને... છે ?

'મુખ્ય છે,...' જ્ઞાન જેમાં મુખ્ય છે. ભગવાન આનંદના પૂરમાં, આનંદના અમૃતના પૂરમાં જ્ઞાન જેમાં મુખ્ય છે કે જગતને – લોકાલોકને જાણવાની તાકાતવાળું છે. આહા..હા...! કોઈપણ પોતા સિવાય (પર) ચીજ (છે) તેને કંઈ કરનારું નથી, મદદ કરનારું નથી, દેનારું નથી, લેનારું નથી. આ..હા...! એ પોતાનો જ્ઞાનસ્વભાવ એવો છે કે સારા લોકાલોકને જાણનારું જ્ઞાન, અનંત ગુણમાં એ મુખ્ય છે. આહા..હા...! જાણનારો કોઈનું કરે એવો છે નહિ, કહે છે. આહા..હા...! બીજાની દયા પાળે કે બીજાની હિંસા કરે કે સત્ય બોલે. આહા..હા...! એ આત્માનું સ્વરૂપ જ નથી. આહા..હા...! એ તો સારા જગતને (જાણનારું છે). રાગ, શરીર, કર્મ, વાણી, મન અને લોકાલોક, ભગવાનઆત્માનો સ્વભાવ એકલું જાણવું-દેખવું જેના ગુણોમાં મુખ્યતા છે. આહા..હા...! એ જાણનાર-દેખનાર શું કરે ? આ..હા...! એ રાગને કરે ? વ્યવહાર, દયા, દાનના રાગને કરે ? આહા..હા...! એને જાણે. આહા..હા...! આ એવી શૈલી (છે).

આ તો કહે, વ્રત પાળો, દયા પાળો, દયા, દાનની ક્રિયા કરો. અહીં તો કહે છે કે, ભગવાન ! એ વિકલ્પ છે એને જાણનારું જ્ઞાનતત્ત્વ છે. એને કરનારું જ્ઞાનતત્ત્વ નથી. આહા..હા...! બહુ ઝીણું, બાપુ ! આ..હા...!

પ્રભુ ! તારો પંથ કોઈ અલૌકિક છે. અહીં તો ભગવાન શાસન કહેશે, જૈનશાસન. જિનશાસન કંઈ બહાર રહેતું નથી. આ..હા...! જે કોઈ આત્માને આવો દેખે તે જૈનશાસનને દેખે. એ પંદરમી ગાથામાં આવે છે ને ? જે કોઈ પ્રભુ આત્માને અબદ્ધસ્પૃષ્ટ – રાગના સંયોગ વિનાનો.. આહા..હા...! એવો જે પૂર્ણાનંદનો નાથ, કહેશે હમણાં, ચૈતન્યરતન ભગવાન, એને જે અંતરમાં દેખે છે એ પરને દેખે છે એવો એનો સ્વભાવ છે. એ અંતરને દેખે છે એણે જૈનશાસનને દેખ્યું. આહા..હા...! ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ જિનશાસન જે કહે છે તે જિનશાસન આ. આહા..હા...! પૂર્ણાનંદના નાથને અંદરમાં જ્ઞાનની મુખ્યતાવાળો, જે જગતને જાણનારું તત્ત્વ છે. આહા..હા...!

'ઉત્તમ રત્નના કિરણ જેવું...' છે. ઉત્તમ રત્નના કિરણ જેમ ચમકે. આ..હા..હા...! બહુ ઝીણી વાતું, બાપુ ! આહા..હા...! એ મહા ઉત્તમ રત્નની જેમ ચમક ઉઠે એમ ભગવાન ઉત્તમ રત્નની ચમકવાળો અંદર છે. જ્ઞાન, આનંદ, શાંતિની ચમક ઉઠે. આહા..હા...! આવી વાતું હવે. ઘરમાં ગુંથાયેલા માણસો એને આ સમજવું, બાપુ ! એ બધી અંદર નિવૃત્તિ લેવી પડશે. અંદર, હોં ! બહારની નિવૃત્તિ તો છે જ. એ તો કહ્યું નહિ ? એની પર્યાયમાં કર્મ, શરીર, સ્ત્રી, કુટુંબ-પરિવાર જેનો એ ત્યાગ કહે છે એ તો એની પર્યાયમાં છે નહિ. આહા..હા...!

એવો જે આત્મા, જેનો જ્ઞાયક સ્વભાવ ચૈતન્યરત્ન, દિવ્ય રત્ન ! એ 'ઉત્તમ રત્નના કિરણ જેવું સ્પષ્ટ છે...' આ..હા..હા...! આનંદ અને જ્ઞાન સ્વભાવથી ભરેલું રત્ન, ઉત્તમ રત્ન, હોં ! સાધારણ રત્ન નહિ. આહા..હા...! ચૈતન્ય હીરલો ભગવાન ! અરે..રે...! એ સ્પષ્ટ છે, પ્રત્યક્ષ છે. એમ કહે છે. આ..હા..હા...! એને કોઈ રાગની મળે તો આત્મા જણાય, એવો એ છે જ નહિ. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ જે રાગ છે, એને તે જાણનારું છે. તેના આશ્રયે સ્પષ્ટ નથી. આત્માનું પ્રત્યક્ષ થવું એવો એનો સ્વભાવ છે. આહા..હા...! ૪૭ શક્તિમાં આવ્યું છે ને ? 'સમયસાર'માં ૪૭ શક્તિ લીધી છે. એમાં એક પ્રકાશ નામની બારમી શક્તિ છે. એ પ્રકાશશક્તિનો ગુણ છે, સ્વસંવેદન અનુભવ કરે. એ પોતે પોતાને પ્રત્યક્ષ કરે એનું નામ સ્વસંવેદન શક્તિ છે. અરે..રે...! આવું ઝીણું તત્ત્વ હવે.

કહે છે, એ તો સ્પષ્ટ છે. પ્રત્યક્ષ રત્ન, ચૈતન્યરત્ન પ્રત્યક્ષ છે. એના પ્રત્યક્ષ થવા

માટે કોઈ રાગની અપેક્ષા, નિમિત્તની અપેક્ષા છે જ નહિ. આહા..હા...! એવો સ્પષ્ટ પ્રભુ ચૈતન્યજ્યોતિ છે. પ્રત્યક્ષ ચૈતન્યરત્ન ! આ..હા..હા...! અનંત અનંત અનંત ગુણ ને શક્તિઓનો સાગર... આ..હા...! એવું ચૈતન્યરત્ન, જે સ્પષ્ટ છે 'અને જે ઇષ્ટ છે...' આહા..હા...! 'ઇષ્ટ છે એવા ઉલ્લસતા...' શું ઇષ્ટ છે ? જ્ઞાન અને આનંદ. જેને ઇષ્ટ છે એવું ઉલ્લસતું જ્ઞાન અને આનંદ. 'સ્વતત્ત્વને જનો...' આ..હા..હા...! જ્ઞાન અને આનંદ જેમાં ઉલ્લસિત (છે).

'(પ્રકાશમાન, આનંદમય)...' આત્મા પ્રભુ. આ..હા...! એવો જે સ્વતત્ત્વ આત્મા. પરતત્ત્વ ભગવાન છે એને અહીં કંઈ જોવો નથી, કહે છે. અરે..રે...! આવી વાતું હવે. લોકોને ફૂરસદ ન મળે, અંદરની નિવૃત્તિ ન મળે. આ..હા..હા...! હવે એને આવું કહેવું. પણ આનું કોઈ બીજું સાધન હશે કે નહિ ? અરે...! પ્રભુ ! ઇ સાધન જ આ છે. આહા..હા...! એ ચૈતન્યરત્નાકર પ્રભુ ! સ્પષ્ટ અને ઇષ્ટ (છે). જેમાં જ્ઞાન અને આનંદ ઇષ્ટ છે, એથી ભરેલો ભગવાન છે. એવા સ્વતત્ત્વને. શું કીધું ?

'સ્પષ્ટ છે અને જે ઇષ્ટ છે...' સ્પષ્ટ છે અને જે ઇષ્ટ છે એવું રત્નના કિરણ જેવું. 'એવા ઉલ્લસતા (પ્રકાશમાન, આનંદમય) સ્વતત્ત્વને...' આ..હા..હા...! એવા જ્ઞાન ને આનંદથી ભરેલો ભગવાન આ ઉલ્લસતું ઉછળે છે જેની પર્યાયમાં. આ..હા...! આવો ભગવાન છે. આ નિશ્ચય.. નિશ્ચય લોકો (રાડ નાખે છે). વ્યવહાર સાધન છે કે નહિ કાંઈ ? વ્રત પાળવા, ભક્તિ કરવી. અરે... પ્રભુ ! સાંભળને ભાઈ ! એ રાગ છે ઇ સાધન હોય ? રાગ છે એ તો અધર્મ છે. આ..હા...! ભાઈ ! આકરી વાત છે.

અહીંયાં કહે છે, પરમાત્મા અંદર રાગ વિનાનો ચૈતન્યથી ભરેલો, આનંદના અમૃતના ઉછાળા મારતો (મોજૂદ છે). આહા..હા...! સમુદ્રમાં જેમ કાંઠે ભરતી – બાઢ આવે એમ ભગવાનની પર્યાયમાં આનંદ અને જ્ઞાનની બાઢ આવે એવો ભગવાન છે, કહે છે. એ સ્પષ્ટ અને ઇષ્ટ થાય એવો એ આત્મા છે. અરે..રે...! આવી વાત હવે. બાકી તો અગિયાર અંગના જાણપણા અનંતવાર કર્યા અને મહાવ્રત ને અઠ્યાવીસ મૂળગુણની ક્રિયાઓ પણ અનંતવાર કરી. એ તો બધી ક્રિયાઓ રાગ ને પરનું જ્ઞાન છે, એ ઇન્દ્રિયજ્ઞાન, એ કંઈ આત્મજ્ઞાન નહિ. આ..હા...!

આત્મજ્ઞાન ને ? રાગનું, નિમિત્તનું કે પર્યાયનું જ્ઞાન એમ ન કહ્યું. આત્મરત્ન ભગવાન ચૈતન્યનું (જ્ઞાન). આ..હા...! આનંદનું દળ, અનંત અનંત આનંદ અને શાંતિનું પ્રકાશમાન

ઉલ્લસિત તત્ત્વ. છે ને ? 'ઉલ્લસતા (પ્રકાશમાન, આનંદમય) સ્વતત્ત્વને જનો...' આ..હા..હા...! 'અમૃતચંદ્રાચાર્ય' પોકાર કરે છે. તીર્થંકરોનો, દિવ્યધ્વનિનો એ પોકાર છે, હે જનો ! આ..હા..હા...! હે જીવો ! આ..હા..હા...! 'સ્યાત્કારલક્ષણ...' કથંચિત્ કહેવાવાળું એવું છે. રાગ પણ પર્યાયમાં છે, દ્રવ્યમાં-ગુણમાં નથી, અશુદ્ધતા છે, શુદ્ધ ત્રિકાળમાં નથી, એવું અપેક્ષાએ કથન કરનારું છે. આહા..હા...! વીતરાગનું શાસન એવું છે. અરે...! કોને પડી (છે) ? અરે..! ક્યાં જાવું અહીંથી ? આ..હા...! બધું વીંખાઈ જશે. એની પર્યાયમાં તો આ (પર) દ્રવ્ય નથી. એની પર્યાયમાં તો રાગ ને દ્વેષ ભર્યો છે. એ કંઈ ભગવાન નથી, આત્મા નથી. આહા..હા...!

આત્મા તો ચૈતન્યરત્ન સ્પષ્ટ, પ્રત્યક્ષ અને ઇષ્ટ એવા જ્ઞાન અને આનંદનું ઉલ્લસિત તત્ત્વ છે. આહા..હા...! એવું 'સ્વતત્ત્વ...' છે ? સ્વ નામ પોતાનો ભગવાનઆત્મા. આ..હા..હા...! આવું સ્વતત્ત્વ, જે આનંદામૃતના પૂરથી ભરચક વહેતી નદી, મુક્તિરૂપી (સરિતામાં) આખું દ્રવ્ય પડ્યું છે. 'જગતને જોવાને સમર્થ એવી મહાસંવેદનરૂપી શ્રી (મહાજ્ઞાનરૂપી લક્ષ્મી) જેમાં મુખ્ય છે, ઉત્તમ રત્નના કિરણ જેવું જે સ્પષ્ટ છે અને જે ઇષ્ટ છે એવા ઉલ્લસતા (પ્રકાશમાન, આનંદમય) સ્વતત્ત્વને...' આ..હા..હા..હા...! હે જનો ! અરે...! ભગવાન આચાર્ય પોકાર કરે છે. આહા..હા...! કરુણાનો વિકલ્પ છે ને ! (એટલે કહે છે), હે જીવો ! આવી ચીજ પડી છે ત્યાં જાવને, પ્રભુ ! આ..હા...! આ બહારના રખડપટ્ટીના વિકલ્પમાં કેમ રોકાણો છો ? ભાઈ ! આહા..હા...!

હે જનો ! એમ કહ્યું ને ? છે ને ? વીસમા શ્લોકનો **'जनाः'** છેલ્લો શબ્દ છે. **'जनाः** હે જનો ! આહા..હા...! હે જીવો ! આવું અમૃતનું પૂર અંદર વહે છે ત્યાં જાને ! અપેક્ષાએ બધું કથન છે. એકાંત દ્રવ્ય શુદ્ધ જ છે અને પર્યાયમાં અશુદ્ધતા નથી, એમ નથી. આહા..હા...! ૪૭ નય કીધી છે ને બધી ? પર્યાયમાં અશુદ્ધતા છે. આહા..હા...! દ્રવ્ય-ગુણ શુદ્ધ છે, એવું જે કથંચિત્ જૈનશાસનનું કથન છે એને સમજીને... આહા..હા...! 'સ્વતત્ત્વને જનો સ્યાત્કારલક્ષણ જિનેશશાસનના વશે...' જિનેશ – જિનેશ્વર પરમત્માના શાસનના વશે. એવું બીજે ક્યાંય છે નહિ. આહા..હા...! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા, એમણે કહેલા શાસનને વશ થઈ 'પામો...' પામો. આહા..હા...! આમાં સંખ્યા બાંધી નથી. આહા..હા...! હે જનો ! આહા..હા...!

પંચમકાળ છે માટે ન પમાય એમ અહીંયાં લીધું નથી. પંચમકાળના તો મુનિ કહે છે. પોતે મુનિ પંચમકાળના છે. આહા..હા...! એ પંચમકાળના નથી, એ પંચમકાળમાં હતા.

એ પંચમકાળના નથી. અરે...! 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંત, જેની વીતરાગ દશા ઉલ્લસી ગઈ છે. આહા..હા...! એવા મુનિ, એવા 'અમૃતચંદ્રાચાર્ય' (કહે છે), હે જીવો ! તમે આને પામો. આહા..હા...! સ્યાત્કાર જેનું ચિહ્ન નામ લક્ષણ છે એવા ભગવાનના શાસનનો આશ્રય કરી (અર્થાત્) ભગવાને કહેલા તેવા આત્માનો આશ્રય કરી. આહા..હા...! બાકી તો બધી વાતું ગમે તે કરો. વસ્તુ તો અંદર ત્રિલોકનો નાથ (છે), એનો આશ્રય કરો. તેથી તને તેની પ્રાપ્તિ થશે. આહા..હા...! આવી વાતું આકરી પડે. શું થાય ? ભાઈ ! આવો પાંચમો આરો, સાધારણ પ્રાણી, આજીવિકા માટે ધંધામાં રોકાય ગયેલા અને બહારની પ્રરૂપણા પણ અત્યારે એટલી બધી ફરી ગઈ છે કે, આ કરો, આ કરો, વ્રત કરો, અપવાસ કરો, તપ કરો, ત્યાગ કરો. આવી પ્રરૂપણા ! અર..ર..ર...! એ મિથ્યાત્વની પ્રરૂપણા છે. એમાં આ ભગવાનની પ્રરૂપણા છે. આહા..હા...!

પ્રભુ ! તું ચૈતન્યરત્નાકર ભગવાન પરમેશ્વર અંદર છોને ! એને હે જીવો ! પંચમકાળ છે માટે નહિ મળે ને પંચમકાળ છે માટે શુભજોગ જ રહેશે એમ અહીં કહ્યું નથી. આહા..હા...! અત્યારે તો શુભજોગ જ હોય. તો શુભજોગ તો રાગ છે, ઝેર છે, દુઃખ છે, મિથ્યાત્વ છે. એ શુભજોગને પોતાનો ધર્મ માનવો તે મિથ્યાત્વ છે. આહા..હા...! શું થાય ? પ્રભુ ! વસ્તુ ઘટી ગઈ અને લોકોને રંજન કરવાના રસ્તા હાથમાં લઈ લીધા. લોકો રંજન થાય. આમ દસ-દસ હજાર, વીસ-વીસ હજાર માણસ ભેગા થાય. હો..હા.. હો..હા.. અરે...! બાપુ ! જગતને રંજન (કરાવે છે). પ્રભુ ! તું પરને રંજન કરવા રોકાય ગયો પણ તને અંદર રાજી કરને ! એટલે કે તું સુખી થવાના પંથે અંદર જા ને ! બાકી બધી પ્રરૂપણા હો, ન હો એની સાથે સંબંધ નથી. આહા..હા...! એ હમણાં કહેશે.

એવું 'સ્યાત્કાર જેનું ચિહ્ન છે એવા જિનભગવાનના શાસનનો આશ્રય કરીને પામો).' આહા..હા...! આ 'અમૃતચંદ્રાચાર્ય' તો હજાર વર્ષ પહેલા થયા છે. 'કુંદકુંદાચાર્ય' તો હજી બે હજાર વર્ષ પહેલા (થયા). આ તો હજાર વર્ષ પહેલા (થયા). પંચમ આરાના જનોને પોકારે છે. આહા..હા...! ભગવાન ! તું છતી ચીજ છે ને ! સ્વતત્ત્વ છે, એમ કીધું ને ? સ્વતત્ત્વ છે ને આખું ? જ્ઞાનાનંદ આદિના સરિતાના સ્વભાવથી ભરેલો ભગવાન (છે). આહા..હા...! આઠ વર્ષનો બાળક પણ તે પામી શકે, પ્રભુ ! એને કોઈ ઉંમરની જરૂર નથી. આહા..હા...! આચાર્ય મહારાજનો ઉપદેશ અને પોકાર છે. હે જનો ! તમે આને પામો, બાકી બધી વાતું છે. આહા..હા...! ઓ..હો..હો...! શું કરુણાનો અવાજ છે !! પ્રભુ ! તને

શરણભૂત તો એ આત્મા જ છે. આ..હા...! ઇષ્ટપણું તો આનંદ અને જ્ઞાનાદિ ગુણોનું ઇષ્ટપણું છે. વિકારના ભાવનું તો અનિષ્ટપણું છે. આહા..હા...!

**'जनाः'** જીવો પામો ! એને એમ નથી કહ્યું કે, તું અભવિ હોઈશ તો ? અરે.. પણ સાંભળ તો ખરો. સાંભળવા આવ્યો તું અભવિ નહિ. ઇ વાત અહીં છે જ નહિ. સમજાણું કાંઈ ? આહા..હા...! અહીંયાં તો ભવ્ય લાયક પ્રાણી જ છો તું, પ્રભુ ! આહા..હા...! 'જિનશાસનના વશે પામો...' જનો પામો. આહા..હા...! પ્રભુની કરુણા તો જુઓ ! વિકલ્પ છે, ટીકા કરવાનો વિકલ્પ છે, એ વિકલ્પના એ કર્તા નથી, જાણનાર-દેખનાર છે. હમણાં કહેશે. આહા..હા...! ટીકા જે લખાય છે એ કંઈ પર્યાયથી લખાતી નથી, જૈનની પર્યાયથી, એ તો એની પોતાની ક્રિયા, પર્યાયથી લખાય છે. આહા..હા...! એ લખાય છે એ ટીકાની ક્રિયાને, જ્ઞાનસ્વરૂપ બધાને જાણનારું તત્ત્વ છે. લખનારું એ નહિ. આહા..હા...! આવી વાતું હવે. લખવાના જે હાથ છે કે... શું કહેવાય ? કલમ છે, એ તો પર્યાયમાં છે જ નહિ. તારી પર્યાયમાં એ કલમ અને હાથ છે જ નહિ. હવે તું શું કરીશ ? આહા..હા...!

'(હવે 'અમૃતચંદ્રસૂરિ આ ટીકાના રચનાર છે' એમ માનવું યોગ્ય નથી...' આ..હા..હા...! આ ટીકા છે એ મેં કરી છે, એમ માનીશ નહિ, પ્રભુ ! એ તો વાણીની પર્યાય છે. આહા..હા...! એ મારી પર્યાયમાં વાણી નથી કે જેથી હું વાણીને રચું. બહુ આકરું કામ, ભાઈ ! હજી વાત કાને પડવી મુશ્કેલ, સમજવી તો બાપુ ! (બહુ દુર્લભ છે). આ..હા...! એમને એમ ભ્રમમાં એણે અનંતકાળ ગાળ્યો છે. અમે કાંઈક સમજીએ છીએ અને અમે કાંઈક કરીએ છીએ. એમાંને એમાં ભ્રમણામાં અનંતકાળ સલવાય ગયો છે. આહા..હા...!

અહીં કહે છે, આ ટીકાના રચનારા અમે છીએ એમ માનવું યોગ્ય નથી. 'એવા અર્થના કાવ્યા દ્વારા યથાર્થ વસ્તુસ્વરૂપને દર્શાવી સ્વતત્ત્વપ્રાપ્તિની પ્રેરણા...' યથાર્થ વસ્તુસ્વરૂપ જેમ છે તેમ બતાવીને. એમ નહિ કે, ટીકા મેં રચી નથી માટે વસ્તુનું સ્વરૂપ એમ નથી, વસ્તુનું સ્વરૂપ જ એવું છે. ટીકાની રચના આત્મા કરી શકે નહિ. આહા..હા...! ૨૧ (શ્લોક).

**व्याख्येयं किल विश्वमात्मसहितं व्याख्या तु गुम्फो गिरां**
**व्याख्यातामृतचन्द्रसूरिरिति मा मोहाज्जनो वल्गतु।**
**वल्गत्वद्य विशुद्धबोधकलया स्याद्वादविद्याबलात्**
**लब्ध्वैकं सकलात्मशाश्वतमिदं स्वं तत्त्वमव्याकुलः ।।२१।।**

'(ખરેખર પુદ્ગલો જ સ્વયં શબ્દરૂપે પરિણમે છે,...)' આ..હા..હા...! ગજબ કરી છે !

અરે...! હું બોલનાર નહિ, હું ટીકા કરનાર નહિ. આહા..હા...! અહીં તો જરી બોલતા આવડ્યું, સભાને રંજન કરતા આવડ્યું (એટલે) જાણે, આ..હા..હા...! પણ બોલવાની ભાષા જડની છે, પ્રભુ ! આ..હા..હા...! બહુ કામ (આકરું). '(પુદ્ગલો જ સ્વયં...)' પુદ્ગલો જ '(સ્વયં શબ્દરૂપે પરિણમે છે,...)' હું નિમિત્ત છું માટે પરિણમે છે, એમ નહિ. આહા..હા...! જ અને સ્વયં. આ ટીકાની જે પર્યાય થઈ છે એ શબ્દે સ્વયં પોતે જ કરી છે, મેં નહિ. અરે..રે...! આહા..હા...! પણ એની પર્યાયમાં જે શબ્દો નથી એ શબ્દને રચે શી રીતે ? પર્યાયને રચી શકે, પણ પર્યાયમાં જે નથી તેને રચે શી રીતે ? આહા..હા...! આવી વાતું છે.

'(આત્મા તેમને પરિણમાવી શકતો નથી,...)' આ ટીકા કરી છે એને હું કરી શકતો નથી. અરે..રે...! આવી વાતું છે. '(તેમ જ ખરેખર સર્વ પદાર્થ જ સ્વયં જ્ઞેયપણે–પ્રમેયપણે પરિણમે છે,...)' શું કહે છે ? શબ્દો તો પુદ્ગલથી થયા છે અને સામા સમજે છે એ શબ્દોથી નહિ. આહા..હા...! આ અવલદોમની વાતું છે, બાપુ ! વીતરાગ ત્રણલોકના નાથની ગર્જના કોઈ જુદી જાતની છે ! આ..હા...! પામરના તો કાળજાં ગરી જાય એવું છે. આ.હા...! શું આવું હોય ? આવું હોય ? અરે... પ્રભુ ! સાંભળને ! અહીં તો કહે છે, એ ટીકાના થયા એ શબ્દો સ્વયં પરિણમે છે. ઇ જડની પર્યાય થઈ છે, જડે સ્વયં તે પરમાણુની પર્યાય પરિણમી છે, મેં ટીકા કરી જ નથી. આહા..હા...!

'(આત્મા તેમને પરિણમાવી શકતો નથી, તેમ જ ખરેખર સર્વ પદાર્થો જ સ્વયં જ્ઞેયપણે–પ્રમેયપણે પરિણમે છે,...)' શું કહે છે ? શબ્દોથી સામાને જ્ઞાન થયું, એમ નથી. એનું જ્ઞાન તેના કારણે એનાથી થયું છે. શબ્દો કાને પડ્યા માટે એને જ્ઞાન થયું (એમ નથી). આહા..હા...! ગજબ વાત છે, પ્રભુ ! એક તો ટીકાની રચના મારી નથી અને એ શબ્દો જેને સાંભળવા મળ્યા માટે તેને જ્ઞાનની પર્યાય થઈ, એમ નથી કહે છે. આહા..હા...! તે ક્ષણ તે જીવની તે જ્ઞાનની પર્યાયની સ્વતઃ પોતાથી થઈ છે, શબ્દથી નહિ. મારી ટીકાથી તને જ્ઞાન થાય, એમ નહિ, એમ કહે છે.

મુમુક્ષુ :– એની ટીકા ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– મારી ટીકા એટલે નિમિત્ત છે ને ? આ ટીકા મારી નથી, એ તો શબ્દની છે અને શબ્દે થયેલી ટીકા છે, ભાઈ ! આ..હા...! છતાં પહેલા આવે છે, પહેલા શ્લોકમાં (આવે છે કે), આ ટીકાથી જ મારી નિર્મળ પરિણતિ પ્રગટ થાઓ. આ..હા...! એનો અર્થ કે, મારું તો લક્ષ જ્ઞાયક ઉપર છે અને આ ટીકા થાય છે એના કાળમાં મારું જોર

અંદરમાં છે તો ત્યાંથી શુદ્ધિ વધી જાઓ. ટીકાને કારણે નહિ પણ પોતાના અંદરમાં મારું ઘોલન (છે), જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક... ઉપર ઘોલન છે એથી ટીકાના કાળમાં મારી શુદ્ધિ વધી જાઓ. કાળમાં, ટીકા વડે નહિ પણ ટીકાના કાળમાં. આહા..હા...! પાઠ તો એવો છે, હોં ! 'टीका एव'. આ..હા...! પ્રભુ ! તારામાં ક્યાં ખામી છે કે તને શબ્દને લઈને જ્ઞાન થાય ? આ..હા...!

એ તો આવ્યું નહોતું ? તે દિ' પંડિતજીએ ગાયું હતું. 'પ્રભુ મેરે તું સબ વાતે પૂરા, પ્રભુ મેરે તું સબ વાતે પૂરા, પર કી આશ કહાં પ્રતીમ, કઈ વાતે તું અધૂરા ? પ્રભુ મેરે તું સાબ વાતે પૂરા' આ..હા...! પ્રભુ ! તું સબ વાતે પૂરો (છો). હવે પરની આશા રાખીને તને જ્ઞાન અને આનંદ થાય એ ક્યાંથી કાઢ્યું તેં ? આહા..હા...! ટીકા કરે છે અને ટીકાથી તને જ્ઞાન થાય એની ના  પાડે છે. ટીકા હું કરતો નથી અને ટીકાથી તને જ્ઞાન થાય, એમ નથી. તારા સ્વભાવમાં જ્ઞાનની પર્યાય પ્રગટ થવાનો કાળ છે. એ શબ્દ તો નિમિત્ત પડ્યા. એનાથી તને એ જ્ઞાનની પર્યાય થઈ નથી. આહા..હા...! ... કરી છે ને ? વીતરાગી મુનિ છે એને ક્યાં જગતની પડી છે ? જગત માને કે ન માને, જગત આ વાતને કબૂલે કે ન કબૂલે એની કાંઈ પડી નથી. આહા..હા...! વસ્તુની સ્થિતિ હતી એવી પ્રસિદ્ધ કરી નાખી. આવી વાતું ક્યાં છે ? આ તો ક્ષણે ને પળે મેં કર્યું, મેં કર્યું... મેં આવું વાંચ્યું ને એમાંથી મને જ્ઞાન થયું, એમાંથી મને જ્ઞાન થયું. આહા..હા...!

અહીં કહે છે કે, હે જીવો ! '(ખરેકર સર્વ પદાર્થો જ સ્વયં જ્ઞેયપણે–પ્રમેયપણે પરિણમે છે, શબ્દો તેમને જ્ઞેય બનાવી – સમજાવી શકતા નથી)...' આહા..હા...! એ તો એની પર્યાયનો કાળ છે એથી તેને જાણવાની પર્યાય એનાથી થાય. શબ્દથી તેને જ્ઞાન થાય છે એમ નથી. ઓ..હો..હો...! ગજબ કામ કર્યા છે ને ! પ્રભુ ! મારા સ્વરૂપની પર્યાયમાં ભાષા નથી, મારી પર્યાયમાં ભાષા નથી તો ભાષા શી રીતે કરું ? અને તેની પર્યાયમાં જે સાંભળે છે એનામાં આ ભાષા નથી. આહા..હા...! ભાઈ ! આવું કોઈ દિ' ક્યાંય સાંભળ્યું નથી. ભાગ્યશાળી બાપા ! આ વસ્તુ, ભાઈ ! કાને પડી. અરે...! આ તો ત્રણલોકના નાથ વીતરાગ અને સંતોની વાણી છે, ભાઈ ! આ કાંઈ આલીદુઆલીની વાત નથી. ભલે આ સાધારણ કાળ છે પણ આ વસ્તુ કાંઈ સાધારણ નથી. આ..હા...! ઓ..હો..હો...! એ તો ભાઈએ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહ્યું નહિ ? સબ અવસર આ ગયા હૈ, પ્રભુ ! આ..હા...! હવે તારે અંદરમાં જવાની વાત છે, બાકી બધા અવસર આવી ગયા છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહ્યું છે.

આહા..હા...! આવી વાતું. જગતને તો કંઈક શરીરના અભિમાન ને વાણીના અભિમાન. જે એનું નથી તેના અભિમાન ! હું રૂપાળો છું ને હું પાતળો છું ને હું જાડો છું, મારી મીઠી વાણી છે, મારો કંઠ બહુ મીઠો છે, કંઠ બહુ મીઠો છે ! કંઠ જ તારો નથી ત્યાં વળી મીઠો ક્યાંથી લાવ્યો ? બહુ કામ (આકરા), ભાઈ ! સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું એ કોઈ અલૌકિક ચીજ છે. આ..હા...! પછી અંદર શાંતિની વૃદ્ધિ થાય અને પછી પડિમા આદિના વિકલ્પો આવે એ વ્યવહાર છે પણ અંદર અનુભવનું ભાન થયા પછીની વાત છે. આહા..હા...!

'આત્મા સહિત વિશ્વ તે વ્યાખ્યેય છે...' આત્મા સહિત વિશ્વ તે સમજાવવા યોગ્ય છે. 'વાણીની ગૂંથણી તે વ્યાખ્યા (સમજૂતી) છે અને અમૃતચંદ્રસૂરિ તે વ્યાખ્યાતા (વ્યાખ્યા કરનાર, સમજાવનાર) છે' એમ મોહથી જનો ન નાચો...' આ..હા...! આવી ટીકા 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા અત્યારે ભરતક્ષેત્રમાં બીજે ક્યાંય છે નહિ. એવી ટીકા ! છતાં કહે છે કે, એ તો શબ્દની પર્યાય (છે), પ્રભુ ! મેં કરી નથી. આહા..હા...! ઓ..હો..હો...! અને એ શબ્દો છે તારું જે જ્ઞાન છે એમાં શબ્દ તે જ્ઞેયરૂપે જણાય. તારું જ્ઞાન છે તેનાથી તે જ્ઞાન છે, શબ્દથી નહિ. આહા..હા...! અરે..રે...! અનંતકાળથી અભિમાન મૂક્યા નહિ. 'અનંતકાળથી આથડ્યો વિના ભાન ભગવાન, મૂક્યા નહિ અભિમાન' આવે છે ને ઇ ? 'સેવ્યા નહિ ગુરુ સંતને' એનો અર્થ ગુરુએ કહ્યું એ માન્યું નહિ. આહા..હા...! તારે સ્વચ્છંદે માનીને અનંતકાળ ગાળ્યો પ્રભુ તેં.

એ ચોથી ગાથામાં પણ કહ્યું છે ને ? 'શ્રુત પરિચિત અનુભૂત' એ રાગની ને રાગની ક્રિયાની વાત તેં અનંતવાર સાંભળી પણ રાગથી ભિન્ન ભગવાનની વાત તેં સાંભળી નથી, પ્રભુ ! આહા..હા...! 'શ્રુત પરિચિત અનુભૂતા' દયા, દાન, વ્રતાદિનો (વિકલ્પ) એ તો રાગ છે, લોભ છે. એનું કરવું એ વાત તો પ્રભુ ! તેં અનંતવાર સાંભળી છે. ત્યાં તો એમ કહે છે કે, સર્વ જીવે સાંભળી છે. નિગોદના જીવે પણ સાંભળી છે, એમ કહે છે. કારણ કે એ જાનતી રાગની એકતાબુદ્ધિ છે ને ત્યાં ? આહા..હા...! એ રાગની વાત સાંભળી છે, રાગનો પરિચય કર્યો છે, રાગનો અનુભવ કર્યો છે. આહા..હા...! પણ રાગથી ભિન્ન ભગવાન પૂર્ણાનંદનો નાથ, એ વાત પ્રભુ ! તેં સાંભળી નથી. આહા..હા...! ભારે કામ આકરું !

આ દિગંબર સંતોની કથની છે. એમ કહેવું એ પણ નિમિત્તથી છે. આહા..હા...! અહીં તો થોડું લખતા આવડે, વાંચતા આવડે ત્યાં જાણે હું બહાર પાડું, લોકો મને ગણે. અંદર દૃષ્ટિમાં ફેરફાર છે. સમજાણું કાંઈ ? આહા..હા...! આ કહે છે કે, તમે ગાંડા – પાગલ

ન થશો. એ શબ્દને મેં રચ્યા અને શબ્દથી તને જ્ઞાન થયું એમ પાગલ ન થશો. છે ને ? મોહથી ન નાચો. આહા..હા...!

'આત્માસહિત વિશ્વ તે વ્યાખ્યેય (સમજાવવાયોગ્ય) છે,...' છએ દ્રવ્ય, એમ. 'વાણીની ગૂંથણી તે વ્યાખ્યા (સમજૂતી) છે અને અમૃતચંદ્રસૂરિ તે વ્યાખ્યાતા (વ્યાખ્યા કરનાર, સમજાવનાર) છે' એમ મોહથી જનો ન નાચો...' મોહથી '(–ન ફૂલાઓ),...' આ..હા..હા...! તારો નાથ અંદર જ્ઞાયક ભાવથી ભરેલો (છે), એની પર્યાય તને તારાથી થાય છે. આ..હા...! શબ્દથી નહિ.

પ્રશ્ન :– તો પછી વિશ્વવ્યાખ્યા કેમ હોય ?

સમાધાન :– કોણે કીધી ? વિશ્વવ્યાખ્યા ભાષામાં થાય છે. જુઓને શું કહ્યું ? પોતે આત્મા અને બધું. છે ને ? 'આત્મા સહિત વિશ્વ...' એમ કીધું ને ? બધું. આત્મા અને વિશ્વ એટલે બધું. એમ. આત્મા અને આખું વિશ્વ, બધું. આહા..હા...! તે વ્યાખ્યેય સમજાવવા યોગ્ય છે, એમ નથી. અરે..રે...! ભાષાનું કર્તા થવું એ તો પુદ્ગલની પર્યાયનો કર્તા, એ તો મિથ્યાત્વ છે. અરે...! અંદર સમજાવવાનો વિકલ્પ ઉઠે છે એનો એ કર્તા – માલિક થાય તો એ મિથ્યાત્વ છે. આહા..હા...! અરે..રે...! સમજાય છે કાંઈ ? આવી વાત છે. દુનિયાના પ્રવાહથી જુદી વાત છે, ભાઈ ! દુનિયાનો પ્રવાહ તો જોયો છે ને ! હિન્દુસ્તાન દસ-દસ હજાર માઈલ ત્રણ વાર જોયું છે. આ વાત ક્યાંય નથી. ત્રણલોકના નાથે કહેલી વાત (છે). આહા..હા...! લોકો ક્યાંક ક્યાંક પોતે પોતાને સ્વચ્છંદે સમજીને માનીને બેઠા છે કે, આપણે કાંઈક સમજીએ છીએ અને આપણે કાંઈક કરીએ છીએ. આહા..હા...!

આ કહે છે, મોહથી જનો ન ફૂલાઓ. પહેલા કીધું કે, જનો ! આ વસ્તુને પામો, તમારાથી પામો. આહા..હા...! (મોહથી) ન નાચો. 'સ્યાદ્વાદવિદ્યાના બળથી વિશુદ્ધ જ્ઞાનની કળા વડે...' અપેક્ષાથી જાણો. રાગની પર્યાય છે છતાં તેનો જાણનાર છે. આહા..હા...! રાગનો કર્તા પોતે છે છતાં કર્તા (કહ્યો) એ તો જ્ઞાનની અપેક્ષાએ કર્તા કહેવાય છે. સમજાણું ?

ઓલી ૧૮૯ ગાથા છે ને ? ૧૮૯ ગાથા. ઇ આના પછી લેશું. ૧૮૯-૧૯૦ ગાથા બહુ સારી છે. આ લોકો આવવાના છે ને ! 'સરદારશહેર'વાળા. પંદરેક જણા છે, કેટલે છેટેથી આવે છે. ૧૮૯ લગભગ છે. નિશ્ચય-વ્યવહાર. રાગનો કર્તા જીવ શુદ્ધનયથી છે. આહા..હા...! પરનો કર્તા કહેવું એ વ્યવહારનયથી છે. ગજબ વાત આવશે ! વીતરાગનો માર્ગ, બાપા ! ક્યાંય છે નહિ. જૈનધર્મ સિવાય આ વાત ક્યાંય છે જ નહિ. વેદાંત આદિ

બધાએ ગડબડી કરી નાખી. નિશ્ચયાભાસ છે. સમજાય છે કાંઈ ? કોઈ ઈશ્વરકર્તા માનીને, કોઈ વ્યાપક આત્માને (માનીને), લોકાલોકમાં એકલો વ્યાપક માનીને, કોઈ પર્યાય માને નહિ, કોઈએ પર્યાય માન્યું, દ્રવ્ય માન્યું નહિ. બૌદ્ધ છે એ પર્યાયને માને, દ્રવ્યને ન માને. વેદાંત દ્રવ્ય માને, પર્યાય ન માને. પણ દ્રવ્ય માન્યું શેમાં તેં ? દ્રવ્યમાં દ્રવ્ય મનાય ? આહા..હા...! એકાંત ક્યાં થાય છે એ લોકોને ખબર નથી. આહા..હા...!

કહે છે, 'સ્યાદ્‌વાદવિદ્યાના બળથી વિશુદ્ધ જ્ઞાનની કળા વડે...' વિશુદ્ધ સમ્યક્‌જ્ઞાનની કળા વડે. આહા..હા...! 'આ એક આખા શાશ્વત સ્વ તત્ત્વને...' આ એક આખું શાશ્વત તત્ત્વ જે પ્રભુ, એને 'પ્રાપ્ત કરીને...' આ..હા..હા...! 'અમૃતચંદ્રાચાર્ય' મુનિરાજ (કહે છે), પ્રભુ ! તું આજે અંદર જાને ! પ્રભુ ! તને વખત મળ્યો છે ને ! આ બિચારા પશુ, પાંદડામાં અસંખ્ય જીવો.. આ..હા...! પ્યાજ, લસણ એક કટકીમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંતા જીવ. અરે...! પ્રભુ ! કે દિ' નીકળે ? ભાઈ ! ભાઈ ! તું વિચાર કર, તને અવસર મોંઘો મળ્યો છે, ભાઈ ! આ જુઓ તો કીડી, કાગડા, કંથવા બિચારા મરી પાછા ત્યાંને ત્યાં ઊપજે. આ મનુષ્યપણું અને આ વાણી ક્યાં મળે ?

અહીં કહે છે કે, હે જનો ! વિશુદ્ધ જ્ઞાનના બળ વડે. રાગના બળ વડે, એમ નહિ. આહા..હા...! 'સ્યાદ્‌વાદવિદ્યાના બળથી વિશુદ્ધ જ્ઞાનની કળા વડે આ એક આખા શાશ્વત સ્વ તત્ત્વને...' શાશ્વત સ્વતત્ત્વની વાત છે ને અહીં તો ? (એને) 'પ્રાપ્ત કરીને આજે...' આ..હા..હા...! દિગંબર મુનિઓની વાણી તો જુઓ ! પ્રભુ ! પણ અમે સાધારણ માણસ ! અરે...! તું સાધારણ નથી, પ્રભુ ! અસાધારણ શક્તિનો ધરનારો (છો). આહા..હા...! વાણી જુઓ વાણી ! પંચમઆરાના મુનિઓ પંચમઆરાના શ્રોતાને કહે છે. આહા..હા...! એમ નહિ (કે), તમે શુભભાવમાં રહો, શુભભાવ કરો. આહા..હા...! અને અત્યારે શુભભાવથી આગળ નહિ જવાય, એમ નથી કહેતા. આહા..હા...! શું થાય ? આખો પ્રવાહ તૂટી ગયો ને, પ્રભુ ! ઓ..હો...!

(એક સાધુ છે એણે) પત્રમાં નાખ્યું, અત્યારે શુભજોગ જ હોય. અર..ર..ર...! પ્રભુ.. પ્રભુ ! તેં શું કર્યું ? ભાઈ ! આ તો કહે છે કે, તું પામ. પંચમઆરાનો જીવ છે, શુભ-અશુભ છે, એમ નથી. અત્યારના બધા સાધુ (જે) થયા એ બધાને શુભજોગ હતો. આહા..હા..! છાપામાં આવ્યું છે. છતાં માણસો વિચારતા નથી કે, આ શું કહે છે ને આ શું માને છે ? અરે...! પ્રભુ ! આ સંતો શું કહે છે ?

'એક આખા શાશ્વત સ્વ તત્ત્વને પ્રાપ્ત કરીને આજે (જનો) અવ્યાકુળપણે નાચો (-પરમાનંદપરિણામો પરિણમો).' આ..હા..હા...! થઈ શકવા યોગ્ય છે માટે થઈ શકે છે, એમ કીધું. અરે..રે...! આવી મોટી શરતું ! પ્રભુ ! તું પૂર્ણાનંદનો નાથ ભર્યો છે. એ આનંદ અને જ્ઞાન પ્રભુ ! તારામાં ભરેલું ઉલ્લસે છે ને ! આજે જનો તેને પામો અને પ્રાપ્ત કરીને આનંદમાં નાચો. એને પ્રાપ્ત કરીને અતીન્દ્રિય આનંદનું પરિણમન કરો. આહા..હા...! ગજબ કર્યો છે ! આ..હા...! એમ નથી કહ્યું કે, આ બેનું, દીકરી આવી છે ને ફલાણું છે. અરે...! ભગવાન તમે પૂર્ણ આત્મા છો ને ! પ્રભુ ! આ..હા..હા...! જનોમાં વ્યાખ્યા એટલી નથી કરે, ફલાણા આદમી જ (હોય). જીવો ! તમે સાંભળનારા પ્રાણીઓ ! આ કહે છે કે, વાણી દ્વારા આવ્યું છે અને તારા જ્ઞાનથી તને જણાય છે એવા તત્ત્વને તું પામ. ભાઈ ! આહા..હા...! સંતોની વાણી ગજબ છે ! આ તો આ કરો ને આ કરો ને વ્રત કરો ને દસ અપવાસ કરો ને ચોવિયાર કરો ને નકોડા કરો. કરી કરીને મરી ગયો. પર તરફના લક્ષવાળી બધી રાગની ક્રિયા (છે) અને એમાં માને કે, અમે કાંઈક ધર્મ કરીએ (છીએ). મિથ્યાત્વને પોશે છે, અનંત સંસારને વધારે છે. આહા..હા...! આકરું કામ. '(-પરમાનંદપરિણામે પરિણમો).'

'હવે કાવ્ય દ્વારા ચૈતન્યનો મહિમા ગાઈને, તે જ એક અનુભવવાયોગ્ય છે એમ પ્રેરણા કરીને, આ પરમ પવિત્ર પરમાગમની પૂર્ણાહુતિ કરવામાં આવે છે :)'

**इति गदितमनीचैस्तत्त्वमुच्चावचं यत्**
**चिति तदपि किलाभूत्कल्पमग्नौ हुतस्य।**
**अनुभवतु तदुच्चैश्चिच्चिदेवाद्य यस्माद्**
**अपरमिह न किञ्चित्तत्त्वमेकं परं चित्।।२२।।**

'આ રીતે (આ પરમાગમમાં) અમંદપણે (જોરથી, બળવાનપણે,...)' ભાષા છે ? જોરથી કીધું છે એટલે બહુવાર જે સત્ય હતું તેને પોકાર્યું છે. આહા..હા...! અમંદપણે પાઠ છે ને ? આમ હશે ને ? એમ નથી. આમ છે, એમ અમંદપણે પ્રભુએ પોકાર કર્યો છે. શ્લોક તો જુઓ ! '(જોરથી, બળવાનપણે, મોટે અવાજે)...' મોટે અવાજે નામ ઘણું કહ્યું, એમ. એક કોર પોતે ના પાડે છે અમે કર્તા નથી, પણ કહે છે. આહા..હા...! મોટા (અવાજે) જોરથી આ તત્ત્વને પ્રસિદ્ધ કર્યું છે. આહા..હા...! ગુપ્ત રાખ્યું નથી, ખાનગી રાખ્યું નથી કે, આ નહિ સમજાય માટે આને બીજું કહેવું. આ તો અમે અગુપ્તપણે વાત કરી.


'થોડુંઘણું તત્ત્વ કહેવામાં આવ્યું...' અરે...! આટલું આટલું કહ્યું તોપણ કહે છે કે, થોડુંઘણું

તત્ત્વ કહેવામાં આવ્યું, ‘તે બધું ચૈતન્યને **વિષે** ખરેખર અગ્નિમાં હોમાયેલી વસ્તુ સમાન (સ્વાહા) થઈ ગયું,...’ અગ્નિમાં જેમ નાખે ને સ્વાહા થઈ જાય એમ આ બધું કથન ભગવાનઆત્મામાં સ્વાહા (થઈ ગયું). આહા..હા...! ઓ..હો..હો...! ‘(અગ્નિને **વિષે** હોમવામાં આવતા ઘીને અગ્નિ ખાઈ જાય છે, જાણે કે કાંઈ હોમાયું જ ન હોય ! તેવી રીતે અનંત માહાત્મ્યવંત ચૈતન્યનું ગમે તેટલું વર્ણન કરવામાં આવે તોપણ જાણે કે એ સમસ્ત વર્ણનને અનંત મહિમાવંત ચૈતન્ય ખાઈ જાય છે; ચૈતન્યના અનંત મહિમા પાસે બધું વર્ણન જાણે કે વર્ણન જ...)’ થયું નથી. એની શું વાતું ? બાપુ ! એ પૂર્ણાનંદના નાથને ગમે તે રીતે અમે વર્ણવ્યો પણ એ વર્ણન બધું ખાય ગયું. એના માહાત્મ્યની શું વાતું કરવી ? ભાઈ ‘(વર્ણન જાણે કે વર્ણન જ ન થયું હોય એમ તુચ્છતાને પામે છે).’ કહેવું એ તો સાધારણ થઈ ગયું, કહે છે. આટલું કહ્યું (તોપણ) કાંઈ ન મળે.

‘જે ચૈતન્યને જ ચૈતન્ય આજે...’ જુઓ આવ્યું ! ‘ચૈતન્યને જ ચૈતન્ય આજે પ્રબળપણે–ઉગ્રપણે અનુભવો...’ આ..હા..હા...! ‘(અર્થાત્ તે ચિત્સ્વરૂપ આત્માને જ આત્મા આજે...)’ આત્માને જ આત્મા આજે ‘(અત્યંત અનુભવો) કારણ કે આ લોકમાં બીજું કાંઈ જ (ઉત્તમ) નથી,...’ કરવાનું તે આ છે અને બીજી કોઈ ચીજ છે નહિ. ‘ચૈતન્ય જ એક પરમ (ઉત્તમ) તત્ત્વ છે.’ લ્યો, પૂરું કર્યું ઇ.

આમ (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી પ્રવચનસાર શાસ્ત્રની શ્રીમદ્‌અમૃતચંદ્રાચાર્યદેવ-વિરચિત) તત્ત્વદીપિકા નામની ટીકાનો શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ કૃત ગુજરાતી અનુવાદ સમાપ્ત થયો).

શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !



વીતરાગ સત સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

ભાવનગર